ગાંધીજીની દિનવારી



ગાંધીજીની દિનવારી

[સુધારા–વધારા સાથેની સંવર્ધિત નવી આવૃત્તિ]

: સંગ્રાહક :

શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલ

નિયામક,
માહિતી ખાતું,
ગુજરાત સરકાર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦

પ્રકાશક :
નિયામક,
માહિતી ખાતું, ગુજરાત રાજ્ય,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦

પ્રથમ આવૃત્તિ, માર્ચ, ૧૯૭૦, પ્રત–૧૧૦૦

સુધારા–વધારા સાથેની સંવર્ધિત નવી આવૃત્તિ, ૧૯૯૦, પ્રત–૧૫૦૦

કિંમત રૂ. Rs 70/00

Rs 70/00

મુદ્રક :
વ્યવસ્થાપક,
સરકારી ફોટો લીથો પ્રેસ,
દૂધેશ્વર રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૪

તા. ૧-૭-૯૦

પ્રારંભે........

ગુજરાતના અને ભારત દેશના પનોતા પુત્ર અને સૌના "બાપુ" એવા મહાત્મા ગાંધીજીની જન્મ શતાબ્દી સને ૧૯૬૯માં ગુજરાતમાં, ભારતમાં અને પરદેશમાં ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસથી ઉજવાઈ તે પ્રસંગે "ગુજરાત રાજ્ય મહાત્મા ગાંધી જન્મ શતાબ્દી સમિતિ"ના ઉપક્રમે સ્વ. શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલનું "ગાંધીજીની દિનવારી" પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.


આજે હવે લગભગ બે દાયકા પછી તેની સંવર્ધિત આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે, તે આનંદની વાત છે.

જીવન ઘડતરના મૂલ્યોની દૃષ્ટિએ મહાત્મા ગાંધીના આદર્શ અને આચરણનું મૂલ્ય આજે છે તેટલું ક્યારેય ન હતું. ખરેખર તો આ મૂલ્ય સનાતન છે. આ દૃષ્ટિએ કોઇપણ કક્ષાના માનવીને "દિનવારી"માંથી ઘણું ઘણું જાણવાનું, સમજવાનું અને જીવનમાં ઉતારવાનું મળશે. સાથોસાથ, અભ્યાસીઓ અને સંશોધકો માટે આ એક અભ્યાસગ્રંથ બની રહેશે.

શૈક્ષણિક સંસ્થાઓમાં આઝાદીની ચળવળની ગાથા નવી પેઢીને પ્રેરણારૂપ નીવડે તે રીતે રજૂ કરવા પર વડાપ્રધાનશ્રીએ ભાર મૂક્યો છે ત્યારે અને ઊગતી પેઢીના ઘડતરમાં આ વાતનું મહત્ત્વ શિક્ષણશાસ્ત્રીઓએ સ્વીકાર્યું છે ત્યારે ભારત દેશની આઝાદી કાજે જીવનભર ભેખ લેનાર મહાત્મા ગાંધીના રોજબરોજના કાર્યોની ઝીણી નોંધ સૌ કોઈ માટે પ્રેરણારૂપ નીવડશે તે વિષે મારા મનમાં શંકા નથી.

"ગાંધીજીની દિનવારી"ને અદ્યતન બનાવીને સંવર્ધિત કરી આપવા બદલ સ્વ. શ્રી ચંદુભાઈ દલાલના પુત્ર શ્રી કશ્યપભાઈ દલાલના સહકારની સહર્ષ નોંધ લઈએ છીએ.

સૌ કોઇ માટે આ સંવર્ધિત પુસ્તક અત્યંત ઉપયોગી બની રહેશે એવી અપેક્ષા.



તા. ૧-૭-૯૦ — **ચીમનભાઈ પટેલ**
સરદાર ભવન, — મુખ્ય મંત્રી,
ગાંધીનગર. — ગુજરાત રાજ્ય.

પુરોવચન

૧

ગાંધીજીની દિનવારીનું પુરોવચન લખવા એના રચનાર મારા મિત્ર શ્રી ચંદુભાઈએ મને કહ્યું તેથી મારે મન કંઈક અભિમાન જેવું થાય છે. એક તો ગાંધીજી સાથે સંબદ્ધ હોય એવી કોઈ બાબત સાથે જોડાવાનો પ્રસંગ મળે એટલે જાણે કે ગૌરવ થયું એમ લાગે. બીજું, મારા એક મિત્રે આવો આવશ્યક ઉપયોગીતાવાળો અજોડ ગ્રંથ તૈયાર કર્યો એનું મમત્વ. પરંતુ લાગણીના સંદર્ભ બાજુ ઉપર રાખી જે ગ્રંથ રચવામાં આટલા અથાગ શ્રમ, જાગતી ચીવટ અને સુક્ષ્મ સંશોધનબુદ્ધિ વપરાયાં છે તેનું પુરોવચન કરવાનું નિમંત્રણ તેના કર્તા તરફથી મળે એથી કરવા યોગ્ય કાંઈ કરવાનો સંતોષ થાય.

૨

કોઈપણ કાર્ય કે ઘટના થઈ ગયા પછી એનું નિશ્ચિત જ્ઞાન મેળવવા, એ ક્યારે થઈ અને ક્યાં થઈ એ પ્રથમ જાણવું પડે. દેશ અને કાલના ચોકઠામાં એ મુકાય ત્યારે એને ઘાટ કે આકાર મળે. પછી પુછાય કે એ કોણે કર્યું? કુદરતે કર્યું હોય તો તે ભૌતિક વિજ્ઞાનનો વિષય થાય; માનવે કર્યું હોય તો તે ઇતિહાસ અને જીવનચરિતનો વિષય થાય. ક્યારે, ક્યાં અને કોણેના ઉત્તરો મળ્યા પછી જ કાર્ય કે ઘટનાનું સ્વરૂપ પણ સ્પષ્ટ થાય. આ ન્યાયે પ્રાચીન ભૂતકાળનાં જીવનચરિતો આલેખવા હોય કે ઈતિહાસ તારવવા હોય તો ઈતિહાસ-સંશોધકને એમાં પણ તે તે ઘટનાના કે કાર્યના સૌ પ્રથમ કાલ અને સ્થલ નક્કી કરવાં પડે. માટે જ કાલગણના અને સ્થલજ્ઞાન ઈતિહાસની બે આંખો કહેવાઈ છે. પરંતુ આ ઘણું દુઃસાધ્ય કાર્ય છે. પ્રાચીન કાલના ઈતિહાસ-સંશોધકને-ખાસ કરીને ભારતના ઈતિહાસ-સંશોધકને-માથું દુખાવે એવો જો કોઈ કોયડો હોય તો એ આ, ઘટનાના સમયનિર્ણયનો છે.

પણ વર્તમાન કે નજીકના ભૂતકાળ માટે તો આવો કોયડો ન હોય, એમાં શું ક્યારે અને ક્યાં 'બન્યું' એ જાણીતું જ હોય; આવી માન્યતા-

સાધારણ રીતે હોય છે. પણ જ્યારે નજીકના ભૂતકાળની ઘટનાઓને આલેખવા કોઈ બેસે ત્યારે તેને સમજાય છે કે જે જાણીતા તરીકે ગણાય છે તે ફક્ત જાણીતું દેખાય જ છે. હકિકતમાં એનો નિર્ણય કરવામાં પ્રાચીન ઈતિહાસના સંશોધકનું માથું દુઃખે એટલું જ, કદાચ વધારે, નજીકના ઇતિહાસ-સંશોધકનું માથું દુઃખી જાય. છતાં ક્યાં અને ક્યારેનો નિર્ણય કર્યા વિના વર્તમાન જેવા લાગતા પુરુષનું પણ જીવનચરિત કે ઘટનાનો વૃતાન્ત લખી શકાય નહિ; અને લખાય તો સંદિગ્ધ જ રહે, નિરુપયોગી થાય.

૩

ગાંધીજીનું જીવનદર્શન એમનાં કાર્યોમાં મૂર્ત થયેલું હતું. એ મહાન કર્મવીર હતા. એમનો દિવસ તે તે કાર્યોથી ભરેલો રહેતો. પરંતુ એઓને એક સ્થળે બેસી તે તે કામ કરવાનું થોડું સાંપડતું. એમના કાર્યક્રમો એમને ગામડે-ગામડે-નગરે-નગરે ભારતભરમાં ફેરવતા સિલોન-બર્મા સહિત.

આવા કર્મયોગીનું જીવનદર્શન કરવું હોય તો તે એમનાં કાર્યોમાં જોવું પડે. આ કાર્યોને સંકલિત રીતે જાણવાં હોય-સમજવાં હોય-તો એના દેશકાલનો તખ્તો ઝીણવટથી મનોગોચર કરવો જોઈએ.

આવો તખ્તો શ્રી ચંદુભાઈએ આ દિનવારીમાં રજૂ કર્યો છે.

આ તખ્તો ઘડી આપવામાં શ્રી. ચંદુભાઈને ઈતિહાસ-સંશોધકનું કાર્ય કરવું પ્રાપ્ત થયું છે. પરંતુ પ્રાચીન યુગના કોઈ સંશોધકને સ્થલ-કાલને નિર્ણીત કરવા જે બૌદ્ધિક અને શારીરિક પણ શ્રમ કરવો પડે તેની તુલનાએ આ કાર્યમાં લીધેલો શ્રમ ઉતરતો નથી.

આ દિનવારીમાં એમણે લીધેલો શ્રમ અને યોજેલી પદ્ધતિનો કંઈક ખ્યાલ એમણે ૧૯૬૩માં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં રજૂ કરેલા નિબંધથી જણાય છે. 'ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી પરવારી હિંદુસ્તાન તા. ૯-૧-૧૯૧૫ના રોજ આવ્યા અને તા. ૩૦-૧-૧૯૪૮ ના રોજ ગોળીબારથી એમનું મોત નિપજાવવામાં આવ્યું. સમયનો આ ગાળો ૧૨,૦૭૫ દિવસોનો છે. આ દિવસોમાં એ, કયે દિવસે ક્યાં હતા અને એમણે શું જાહેર પ્રવૃત્તિ કરી હતી એને લગતી રોજેરોજની માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કેટલાક વખતથી હું કરી રહ્યો છું. (પૃ. ૪૫૧ હેવાલ ગુજ. સા.

પરિ. ૨૨મું સંમેલન)' એમ તેઓએ તેમાં જણાવ્યું હતું. આ પ્રયત્નનો પરિપાક આ દિનવારીમાં દેખાય છે. એની પ્રસ્તાવનામાં પોતે કહે છે તે પ્રમાણે એમાં, ૧૧,૭૩૯ દિવસોએ (ગાંધીજી) કયે ગામ અગર કયાં હતા એની ચોક્કસ માહિતી મેળવી શકયો છું, ૧૨૪ દિવસો માટે સાધાર અનુમાનથી નિર્ણય કર્યો છે. ૨૧૨ દિવસો માટે અટકળો કરી છે. ચોક્કસ માહિતી, સાધાર અનુમાન અને અટકળ વચ્ચેનો આ ભેદ કરવામાં ભલભલા ઇતિહાસ સંશોધકો પણ ગાફેલ થયા છે. એ બાબતમાં સાવધ રહેવામાં શ્રી ચંદુભાઇએ પ્રમાણશાસ્ત્રીય બુદ્ધિની સૂઝ બતાવી છે.

૪

એમણે દિનવારી માટે માહિતી મેળવવામાં દશ સાધનો વાપર્યા છે તેની નોંધ ઉપર જણાવેલા નિબંધમાં આપી છે. જેમકે (૧) છાપાંઓ–દૈનિકો તથા સામાયિકો અને વાર્ષિકો; (૨) ગાંધીજીનો પત્રવ્યવહાર–છપાયેલો અને અણ-છપાયેલો; (૩) માનપત્રો, સ્થળ ઉપરની તકતીઓ વગેરે; (૪) એમની પોતાની જીવનકથા, આત્મકથા તથા ડાયરીઓ; (૫) એમની સાથે સંપર્કમાં આવેલી વ્યક્તિઓની જીવનકથાઓ અને આત્મકથાઓ; (૬) એ વખતની મુંબઈ સરકારના પોલીસ ખાતાના–છૂપી પોલીસ સુધ્ધાંના–તથા બીજા અધિકારીઓના અહેવાલો; (૭) કેટલીક રાજ્ય સરકારોએ પોતાની પાસેની માહિતીઓ ઉપરથી તૈયાર કરેલા પુસ્તકો; (૮) કેટલાક અહેવાલો, પ્રવાસવર્ણનો, લડતોના ઇતિહાસ, સાથીઓના સંસ્મરણો, રોજનીશીઓ વગેરે; (૯) મહાદેવભાઈની પ્રસિધ્ધ અને અપ્રસિધ્ધ ડાયરીઓ; (૧૦) સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે પોતે ચલાવેલા પત્રવ્યવહારો (પૃ. ૪૫૬ : એજન).

સાધારણ રીતે એમ મનાય કે ગાંધીજી જેવી ચીવટવાળી અને યંત્રને આદર ન આપતા છતાં યાંત્રિક નિયતિથી કાર્યક્રમો પાર પાડનાર વ્યક્તિએ વિસ્મરણ, શરતચૂક કે બીજી ગફલતોના દોષોથી ભૂલ ન કરી હોય. વળી એમની સાથે કામ પાડનાર માણસ કમમાં કમ એમના પૂરતા તો ચોક્કસ હોય, પણ શ્રી ચંદુભાઈએ એક એડિટરની ઝીણવટથી આવા દોષોથી થયેલી જે અનેક ભૂલો પકડી પાડી છે અને પ્રમાણશાસ્ત્રીય બુધ્ધિથી જે સુધારી પણ આપી છે તેની નોંધ જોઇએ ત્યારે આપણે જરા ચમકી જઈએ. આવા બાવીશ દાખલા એમણે ટાંકયા છે. આની પ્રસ્તાવનારૂપે પોતે કહે છે : 'આના કરતાંય મૂંઝવણ-ભરી સ્થિતિ તો જ્યારે, એમણે લખેલાં સ્થળ અને તારીખ-તિથિ બેસે નહિ

ત્યારે અનુભવાઈ છે. સાબરમતી આશ્રમનો અગર વર્ધા-સેવાગ્રામ આશ્રમનો નોટપેપર વાપર્યો હોય, પત્ર લખ્યો હોય કોઈ બીજા જ સ્થળથી, પત્રમાં એ સ્થળ લખ્યું ન હોય અને નોટપેપર ઉપર છાપેલું છેકયું ન હોય એવું પણ કેટલીક વખત બન્યું છે.

'વળી તારીખ-તિથિ લખવામાં મોટા માણસો ભૂલ ન કરે એમ માનવાનું કાંઈ કારણ નથી. એવું પણ માલૂમ પડયું છે કે મહિનો બદલાયો હોય છતાં આગલો મહિનો લખ્યો હોય; વર્ષ બદલાઇ ગયું હોય છતાં આગલું વર્ષ લખ્યું હોય. મહિના અગર વર્ષની શરૂઆતમાં આમ બને એ સમજી શકાય, પણ ભરમહિને અને ભરવર્ષે પણ આમ બને ત્યારે આ ખરેખર ભૂલ છે કે આપણી જ (સંગ્રાહકનીજ) કાંઇ ભૂલ થાય છે એ નક્કી કરતાં પહેલાં સંગ્રાહકે ઠીકઠીક ચકાસણી કરવી પડે છે. થોડાક નમૂના અહીં આપું તો અસ્થાને નહિ ગણાય :

૧. શ્રી જમનાલાલ બજાજને લખેલા એક પત્રમાં સ્થળ અને તિથિ અનુક્રમે રાંચી અને ભાદરવા સુદ ૯ લખ્યા છે. પણ આ દિવસે ગાંધીજી અમદાવાદમાં હતા. રાંચી નહોતા. પહેલા આસો સુદ ૯ ના રોજ રાંચી હતા. આમ તિથિ લખવામાં એક મહિનાની ભૂલ થઈ છે.

૨. શ્રી ભગવાનભાઇને લખેલા એક પત્રમાં સ્થળ અને તિથિ અનુક્રમે રાંચી અને ભાદરવા વદ ૩ લખ્યાં છે. પણ આ દિવસે ગાંધીજી અમદાવાદમાં હતા-રાંચી નહોતા. પહેલાં આસો વદ ૩ ના રોજ રાંચી હતા. આમ તિથિ લખવામાં એક મહિનાની ભૂલ થઇ છે.

૩. પંજાબમાં તથા ગુજરાતમાં થયેલા રમખાણની તપાસ કરવા માટે સરકારે નીમેલી હંટર કમિટી અમદાવાદ આવી ત્યારે ગાંધીજીએ તા. ૫-૧-૨૦ના રોજ પોતાનું નિવેદન એમને મોકલ્યું અને એમની સમક્ષ તા.૯-૧-૨૦ ના રોજ જુબાની આપી. આ નિવેદન સાથે મોકલાવેલા પત્રના મુસદ્દામાં એમણે તા. ૫-૪-૨૦ લખી!

૪. વસુમતીબહેનને લખેલા એક પત્રમાં તિથિ જેઠ સુદ ૫ લખી. આના ઉપર ટપાલની છાપ તા. ૧૧-૬-૨૫ ની છે. આ તારીખના હિસાબે તિથિ જેઠ વદ ૫ બેસે છે. આમ વદને બદલે સુદ લખાયું.

૫. સુંદરમ્‌ને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે બારડોલી અને ૩-૨-૨૧ લખ્યાં છે. આ પત્રમાં સત્યાગ્રહની લડત બારડોલીથી ઉપડવાની વાત છે. પણ આ વખતે લડત ઉપડવાની વાત જ નહોતી. લડત ઉપડવાની વાત તા. ૩-૨-૨૨ના રોજ હતી. વળી તા. ૩-૨-૨૧ના રોજ ગાંધીજી કલકત્તા હતા અને તા. ૩-૨-૨૨ના રોજ બારડોલી હતા. આ જોતાં તારીખ લખવામાં એક વર્ષની ભૂલ થઈ છે.

૬. અંધેરીથી એક નિવેદન ગાંધીજીએ મોકલ્યું અને એમાં તા. ૧૭-૩-૨૫ લખી. આ દિવસે ગાંધીજી ત્રાવણકોરમાં હતા. ઉપરાંત આ નિવેદન 'યંગ ઇન્ડિયા'ના તા. ૨૦-૩-૨૪ના અંકમાં છપાયું છે. એટલે ખરી તા. ૧૭-૩-૨૪ હોઈ શકે. આમ આમાં એક વર્ષની ભૂલ થઈ છે.

૭. શ્રી ઍન્ડ્રુઝને લખેલા એક પત્રમાં તા. ૨૫-૧૦-૨૫ લખી છે. પત્ર ઉપરની ટપાલ છાપમાં દિલ્હી અને તા. ૨૫-૧૦-૨૪ છે. આ દિવસે ગાંધીજી દિલ્હી હતા. વળી તા. ૨૫-૧૦-૨૫ના રોજ એ કચ્છમાં હતા. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૮. શ્રી છગનલાલ જોષીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે મસૂરી અને તા. ૧૭-૧૦-૨૮ જણાવ્યાં છે. પણ આ તારીખે ગાંધીજી સાબરમતી હતા. વળી આમાં ૪-૧૨-૨૯ના રોજ સાબરમતી આશ્રમમાં નિર્ધારેલા એક લગ્નમાં પોતે હાજર રહી શકશે એમ જણાવ્યું છે. તા. ૧૭-૧૦-૨૯ના દિવસે ગાંધીજી મસૂરી હતા. એટલે ખરી તા. ૧૭-૧૦-૨૯ ગણાય. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૯. અમદાવાદમાં રહેતા શ્રી રમણિકલાલ મોદી ઉપર લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે અલાહાબાદ અને ૧૮-૧૧-૨૮ લખ્યાં તથા લખ્યું "હવે તો આપણે એક અઠવાડિયામાં મળીશું." પણ આ તારીખે ગાંધીજી અમદાવાદ જ હતા. વળી તા. ૧૮-૧૧-૨૯ના રોજ એ અલાહાબાદ હતા અને તા. ૨૫-૧૧-૨૯ના રોજ અમદાવાદ આવ્યા હતા. એટલે આ પત્રની તા. ૧૮-૧૧-૨૯ જ બેસે છે, આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૧૦. આશ્રમમાં રહેતા શ્રી છગનલાલ જોષીને રસ્તામાંથી લખેલા એક પત્રમાં તા. ૨-૧-૨૯ લખી છે. આ પત્રની ટપાલછાપ પરથી જણાય છે કે

એ પત્ર સાબરમતી તા. ૪-૨-૨૯ ના રોજ આવ્યો હતો. વળી તા. ૨-૧-૨૯ના રોજ ગાંધીજી કલકત્તા હતા અને તા. ૨-૨-૨૯ના રોજ રસ્તામાં હતા—સિંધ જતા હતા. ઉપરાંત પત્રના લખાણમાં ગાંધીજીના પૌત્ર રસિકની માંદગીનો નિર્દેશ છે. રસિક દિલ્હીમાં તા. ૮-૨-૨૯ના રોજ ગુજર્યો. આ બધું જોતાં પત્રની તા. ૨-૨-૨૯ બેસે છે. આમ એક માસની ભૂલ છે.

૧૧. શ્રી બનારસીદાસ ચતુર્વેદીને લખેલા એક પત્રમાં સ્થળ યરવડા મંદિર (ગાંધીજી જેલને "મંદિર" કહેતા) અને તા. ૪-૧-૩૦ છે. પણ આ દિવસે ગાંધીજી સાબરમતી હતા. વળી આ પત્ર ચતુર્વેદીના તા. ૨૪-૧૨-૩૦ ના પત્રના જવાબરૂપે છે. એટલે આ પત્રની ખરી તા. ૪-૧-૩૧ હશે આ દિવસે ગાંધીજી યરોડા જેલમાં હતા. આમ એક વર્ષની ભૂલ છે.

૧૨. બહેન અમ્તુસ્સલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે બોટાબાદ અને ૧૦-૭-૩૦ છે. પણ આ દિવસે ગાંધીજી જેલમાં હતા. તા. ૧૦-૭-૩૯ના રોજ એ એબોટાબાદ હતા. એટલે ખરી તા. ૧૦-૭-૩૯ હોવી જોઈએ. પત્રમાં ત્રીસનું મીંડું બરાબર વાળેલું છે.

૧૩. બહેન મહાલક્ષ્મીને લખેલા એક પત્રમાં તારીખ ૧૨-૧-૩૧ લખી છે અને પત્રમાંના લખાણ પરથી લાગે છે કે એ જેલમાંથી લખાયો હશે. તા. ૧૨-૧-૩૧ ના રોજ ગાંધીજી જેલમાં હતા, પણ પત્રમાં લખ્યું છે "બહાર ફુરસદ ન મળી, હવે અહીંથી લખવાનું થશે જ. છોકરાંઓને મેં મુંબઈ જોયાં હતાં. . " ગાંધીજી વિલાયતથી આવ્યા પછી તા. ૨૮-૧૨-૩૧ થી તા. ૪-૧-૩૨ સુધી છૂટા હતા અને મુંબઈમાં હતા. આ બધું ધ્યાનમાં લેતાં ખરી તા. ૧૨-૧-૩૨ બેસે છે. ગાંધીજીની આ દિવસની ડાયરી પરથી પણ જણાય છે કે આ બહેનને આ દિવસે પત્ર લખ્યો હતો.

૧૪ શ્રીમતી રેહાના તૈયબજીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે યરવડા મંદિર અને ૮-૩-૩૧ છે પણ આ દિવસે એ દિલ્હી હતા. વળી ટપાલની છાપમાં સાલ ૧૯૩૨ છે. તા. ૮-૩-૩૨ ના રોજ ગાંધીજી જેલમાં હતા. એટલે ખરી તા. ૮-૩-૩૨ હતી. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૧૫. બહેન વનમાળાને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે યરવડા મંદિર અને ૩૧-૩-૩૧ છે. પણ આ દિવસે ગાંધીજી કરાંચી હતા. વળી તા. ૩૧-૩-૩૨ના રોજ એ જેલમાં હતા. એટલે ખરી તા. ૩૧-૩-૩૨ હતી. આમ એક વર્ષની ભૂલ છે.

૧૬. પુત્ર દેવદાસને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેગાંવ અને ૧૨-૧૧-૩૨ છે. પણ આ દિવસે ગાંધીજી જેલમાં હતા. આ પત્રમાં હરિલાલના "છેલ્લા પરાક્રમ, વિશે ઉલ્લેખ છે. આ છેલ્લું પરાક્રમ, મુસલમાન થયેલા હરિલાલે હિંદુધર્મ ફરી સ્વીકાર્યો તે હશે. આ બનાવ તા. ૧૪-૧૧-૩૬ પહેલાં બન્યો હતો. વળી પત્રમાં દેવદાસના અને એમનાં પત્ની તથા બાળકોના ખુશી ખબર પૂછ્યા છે. દેવદાસનાં લગ્ન તા. ૧૬-૬-૩૩ના રોજ થયાં હતાં, એમને ત્યાં પુત્રી તા. ૨૪-૪-૩૪ના અરસામાં અવતરી હતી અને પુત્ર તા. ૧૩-૮-૩૫ના અરસામાં અવતર્યો હતો. એટલે આ પત્ર આ તારીખ પછી જ લખાયો હશે. વળી તા. ૧૪-૧૧-૩૬ ના રોજ એ સેગાંવ હતા. બધું વિચારતાં તા. ૧૨-૧૧-૩૬ ખરી તારીખ લાગે છે. આમ ચાર વર્ષની ભૂલ થઈ છે.

૧૭. શ્રીમતી પ્રભાવતીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે મુંબઈ અને ૨૫-૬-૩૬ છે, પણ આ તારીખે ગાંધીજી સેવાગ્રામ હતા. પત્રમાં લખ્યું છે "બા માંદી છે...સરહદ જવાનું નક્કી નથી" વગેરે. આ વિગતો તા. ૨૫-૬-૩૯ સાથે બંધ બેસે છે. વળી સરહદ જવા મુંબઈથી તા. ૫-૭-૩૯ના રોજ નીકળ્યા હતા. આ બધું વિચારતાં આ પત્રની તા. ૨૫-૬-૩૯ હશે. આમ ત્રણ વર્ષની ભૂલ થઈ છે.

૧૮. પુત્ર મણિલાલ ગાંધી અને એમનાં પત્ની સુશીલાને એક પત્ર લખ્યો છે એમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૧૯-૧-૪૦ છે. સ્થળ બરાબર લાગે છે પણ તારીખ બેસતી નથી. પત્રમાં લખ્યું છે 'સુશીલાના પ્રસવના સમાચાર મને નાનાભાઈએ દિલ્હી આપ્યા હતા. ઈલાના કાનમાં મારા આશિર્વાદ ફૂંકજે..મેરીબહેનને મળતો રહેજે... તારો તા. ૮મી જુલાઈનો કાગળ આજે મળ્યો એટલે અગિયાર દિવસમાં આવ્યો...' સુશીલાને તા. ૨૨-૫-૪૦ના રોજ સાતમો મહિનો જતો હતો એવી માહિતી બીજા એક પત્ર ઉપરથી મળે છે. એટલે ગાંધીજીના આ પત્રની

તારીખમાં મહિનો જુલાઈ જ હોઈ શકે. મેરીબહેન (મેરી બાર) આ અરસામાં દક્ષિણ આફ્રિકા જવાનાં હતાં એવું બીજા એક પત્ર ઉપરથી જણાય છે. એટલે પણ પત્રની તારીખનો મહિનો જુલાઈ હોઈ શકે. મણિલાલનો પત્ર ૮મી જુલાઈનો છે અને અગિયાર દિવસ બાદ મળ્યો છે એટલે પણ ગાંધીજીએ લખેલા પત્રની તા ૧૯મી જુલાઈ જ હોઈ શકે. આ દિવસે પણ ગાંધીજી સેવાગ્રામ હતા. આ બધું વિચારતાં પત્રની તા. ૧૯–૭–૪૦ હશે. આમ છ માસથી ભૂલ થઇ છે.

૧૯. શ્રીમતી પ્રભાવતીને લખેલા પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૧૨–૧ ૪૧ છે. સ્થળ બરાબર છે પણ તારીખમાં સાલ બેસતી નથી. ટપાલછાપમાં જ તારીખનું વર્ષ ૧૯૪૨ છે. વળી પત્રમાં લખ્યું છે. "હું ૨૧મીએ બનારસ પહોંચીશ અને ૨૨મીએ ત્યાંથી પાછો ફરીશ." આ વિગતો ૧૯૪૨માં બેસે છે. ૧૯૪૨માં તો આ દિવસોમાં એ સેવા-ગ્રામ હતા. એટલે ખરી સાલ ૧૯૪૨ છે. આમ એક વર્ષની ભૂલ થઇ છે.

૨૦. શ્રી હૉરેસ ઍલેક્ઝાંડરને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૨૨–૪–૪૧ છે. આમાં સ્થળ બરાબર છે, પણ તારીખનું વર્ષ બેસતું નથી. પત્રમાં એ મતલબનું લખ્યું છે કે "ક્રિપ્સ આવ્યા અને ગયા. એ ન જ આવ્યા હોત તો કેવું સારું થાત ? એકેય પક્ષને એમની દરખાસ્તથી સંતોષ થયો નથી." ક્રિપ્સ અને એમનું મિશન હિંદુસ્તાન તા. ૨૨–૩–૪૨ના રોજ આવ્યા, એમને મળવા ગાંધીજી દિલ્હી ગયા અને એમને તા. ૨૭–૩–૪૨ના રોજ મળ્યા. નિષ્ફળતા મેળવી ક્રિપ્સે તા. ૧૩–૪–૪૨ના રોજ હિંદ છોડયું. ત્યાર પછી આ પત્ર લખાયો હોવો જોઇએ. એ હિસાબે આની તારીખનું વર્ષ ૧૯૪૨ જ હોઈ શકે. એટલે ખરી તા. ૨૨–૪–૪૨ છે. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૨૧. શ્રીમતી અમૃતકુંવરને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને તા. ૧–૯–૪૨ છે. પણ આ તારીખે ગાંધીજી જેલમાં હતા. આ બહેનને લખેલા પત્રોનો સંગ્રહ છપાયો છે એમાં આની તા. ૧–૮–૪૨ છાપવામાં આવી છે, અને આ જ બેસે છે. આમ એક માસની ભૂલ થઈ છે.

૨૨ શ્રીમતી અમ્તુસ્સલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે ન્યુ દિલ્હી અને તા. ૧૬-૪-૪૬ છે. આ પત્રમાં લખ્યું છે "હું અહીં કાલે આવ્યો." પણ ગાંધીજી ન્યુ દિલ્હીમાં તા. ૧-૪-૪૬ થી તા. ૩૦-૪-૪૬ અને તા. ૧૫-૫-૪૬ થી ૨૭-૫-૪૬ સુધી હતા. એટલે આ પત્રની તા. ૧૬-૫-૪૬ હોવી જોઇએ. આમ એક માસની ભૂલ થઈ છે. (પૃ. ૪૬૦-૪ એજન)

તારીખો સિવાયની બીજી બાબતોમાં તેમણે છ દાખલા આપ્યા છે :

૧. સિલોન જવા માટે ગાંધીજી મુંબઈ બંદરેથી તા. ૭-૧૧-'૨૭ના રોજ નીકળ્યા, અને તા. ૧૨-૧૧-'૨૭ના રોજ કોલંબો પહોંચ્યા. દરમિયાન તા. ૧૧-૧૧-૨૭ના રોજ એન્ડ્રુઝને લખેલા એક પત્રમાં એમણે લખાવ્યું (Dictate કરાવ્યું)-'I have been having a glorious voyage to Bombay from Colombo !' અર્થાત્ from Bombay to Colombo જોઇએ.

૨. ૧૯-૧૦-૩૩ના રોજ ઠક્કરબાપાને લખાવેલા એક પત્રમાં લખનારે સાચી તારીખ લખી પણ સહી કરતી વખતે ગાંધીજીએ પોતે જ લખ્યું, "વર્ધા ૨૦-૧૧-૩૩" પણ આ તારીખે એ વર્ધા નહોતા જ. આમ તારીખ લખવામાં ભૂલ થઈ છે.

૩. શ્રીમતી અમ્તુસ્સલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૨૮-૮-૪૬ છે. પણ આ દિવસે એ દિલ્હી હતા. એટલે આમાં સ્થળ લખવામાં ભૂલ થઇ છે.

૪. તા. ૨૦-૯-૩૪ના રોજ અમૃતકુંવરને લખેલા એક પત્રમાં સંબોધનના સ્થળે "Dear Sir" લખ્યું ! આ બહેનને લખેલા કાગળોમાં ગાંધીજી અનેક પ્રકારના સંબોધન કરતા—Rebel, Hysterical Idiot, Teacher of slang, Untouchable, Deceiver વગેરે; પણ કોઇ વખતે "જાતિ" બદલી નહોતી. એટલે એમ લાગે છે કે ભૂલમા જ "Sir" લખાઈ ગયું હશે. આ પત્ર છપાયો ત્યારે એમાં સુધારી "Dear Sister" રાખવામાં આવ્યું છે.

૫. એ જ વ્યક્તિને તા. ૧૪–૭–૩૭ના રોજ લખેલા પત્રમાં એક બહેનના વિવાહ વિશે લખ્યું "..Will be an ideal husband for him." આમાં "him" ને બદલે "her" જોઇએ. લખવામાં ભૂલ થઇ હશે. પત્રો છપાયા તેમાં સુધારી લઇ "her" છાપવામાં આવ્યું છે.

૬. તા. ૧૧–૮–૩૮ના રોજ મહાદેવભાઇને, નીચે મુજબનો એક તાર શ્રી જયરામદાસ દોલતરામને મોકલવા સૂચના આપી.

> Jairamdas
> Prem Bhavan H'bad (Deccan)
> Girdhari gives bad report your health, you must leave Sind. G. D. will suggest Nainital

આમાં સરનામામાં Hyderabad (Sind) લખવાના બદલે Hyderabad (Deccan) લખાઈ ગયું છે.

ઉપર આપેલા બધા તો કેવળ નમૂના છે. બીજાઓમાં પણ આવી ભૂલો થઈ છે અને નજરે ન ચઢી હોય એવું પણ બન્યું હશે.'
(એજન પૃ. ૪૬૫—૬)

આવી ભૂલો કેમ થઇ હશે એ વિશે પોતાનું ચિંતન પણ ટૂંકામાં શ્રી ચંદુભાઇ આપે છે.

> 'આવી ભૂલો કેમ થઇ હશે? એ તો કેવળ કલમ દોષ હશે? કે બેદરકારી હશે? કે જે તે સમયે ગાંધીજીના મગજ ઉપર બોજો હશે? કે શું હશે? એ શોધવું ઈતિહાસકારનો અને મનોવિજ્ઞાનશાસ્ત્રીનો વિષય છે. અહીં તો મેં ફક્ત વિષય જ પૂરો પાડયો છે.'

ગાંધીજીની જાતેજ થયેલી સરતચૂકોની આ નોંધ વિગતે ટાંકી છે તે ઈતિહાસ સંશોધકને સાવધ કરવા માટે છે. ઈતિહાસ સંશોધનમાં ખતોનું પ્રમાણદષ્ટિએ મૂલ્યાંકન કરવામાં આવે તેમાં વ્યક્તિના પોતાના હાથે લખેલા ખતને સૌથી વધારે વિશ્વસનીય ગણવામાં આવે છે. અહીં આપણે જોઇએ છીએ કે ગાંધીજી જેવી ચીવટવાળી વ્યક્તિને હાથે પણ કેવી સરતચૂકો થઈ ગઈ છે! ઈતિહાસ સંશોધનમાં કશું જ પરીક્ષણ અને સમર્થન વિના પ્રમાણભૂત ન ગણાય એ નિયમ સર્વોપરિ છે—પ્રાચીન ઈતિહાસ માટે કે અદ્યતન ઈતિહાસ માટે.

આવું પરીક્ષણ અને સમર્થન શ્રી ચંદુભાઇએ આ દિનવારી તૈયાર કરવામાં કર્યું છે એ નોંધપાત્ર છે.

ઈતિહાસમાં અને જીવનચરિતમાં સ્થલકાલનો તખ્તો ચોક્કસપણે નિર્ધારવો એ કેટલું દુર્ઘટ છે એ ઇતિહાસ સંશોધનના ખેતમજૂર તરીકે હું કાંઈક જાણુતો હોવાથી શ્રી ચંદુભાઈના આ પ્રયત્નને જોઈ એમની પ્રમાણ-શાસ્ત્રીય શક્તિઓ વિશે સહજ આદરભાવ થઈ જાય છે, અને એડિટરકલાનો એને લાભ મળ્યો, ઇતિહાસ સંશોધનને ન મળ્યો એનો કંઈક ઊણુપભાવ પણુ રહી જાય છે.

આ ગ્રંથ ગાંધીજીના જીવન વિશે સંશોધન કરી લખનાર માટે અવશ્ય ચીજ છે એ કહેવાની જરૂર ન હોય. અંગ્રેજીમાં આનો અનુવાદ પ્રકટ થવાનો છે એમ સાંભળ્યું છે. આ જ ગ્રંથને દેવનગરીમાં છાપી અથવા હિંદીમાં મૂકી આખા ભારતમાં ગાંધી સંશોધકોને સુલભ કરી શકાય[1] !

આ દિનવારી તૈયાર કરવા માટે ગાંધી-અભ્યાસકો તરફથી હું સાભાર ધન્યવાદ આપું છું. ગુજરાત સરકારે એ પ્રકટ કર્યું તે માટે તેમને પણ.

૧૧, ભારતી નિવાસ સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.
તા. ૧૬—૨—૧૯૭૦

રસિકલાલ છો. પરીખ

---

૧. હવે અંગ્રેજીમાં આ ગ્રંથનો અનુવાદ પ્રગટ થઈ ચૂક્યો છે.

સંગ્રાહકની પ્રસ્તાવના

ગાંધી સ્મારક સંગ્રહાલય (હરિજન આશ્રમ, સાબરમતી) માંના ગાંધી પત્ર-સાહિત્યના સંપાદનનું કામ કરતાં કરતાં એક એ વિચાર આવ્યો કે ગાંધીજી દરરોજ ક્યાં હતા અને એમણે શું જાહેર પ્રવૃત્તિ કરી હતી એની માહિતી, તારીખવાર અનુક્રમે જો મળી શકે તો એમની પ્રવૃત્તિઓનો સિલસિલાબંધ ખ્યાલ આવે.

પહેલેથી ખ્યાલ તો હતો જ કે કામ ઘણું મોટું છે અને કઠણ પણ છે. વળી એમની પ્રવૃત્તિઓ અનેકવિધ હતી એવું સામાન્યપણે જાણતો હતો. છતાં એના વિસ્તારનો જે ખ્યાલ મને હતો તે કેટલો અધૂરો અને ઉપરછલ્લો હતો તે, આ કામ હાથમાં ધરતાં જ આવી ગયો; અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ કામ પૂરું કરવામાં રહેલા અંતરાયોનો ખ્યાલ પણ આવતો ગયો. છતાં, જે કોઈ તારીખની માહિતી મને મળતી ગઇ તે હું નોંધતો ગયો, જેની ન મળી તે ખાલી રાખતો ગયો અને તેના દિવસોની માહિતી મેળવવા પ્રયત્ન કરતો ગયો.

ગાંધી પત્ર-સાહિત્યના સંપાદન કાર્યમાંથી મળેલો અનુભવ, મને આ કામ માથે લેવામાં અને પૂરું કરવામાં ખૂબ મદદકર્તા થઇ પડયો છે એની નોંધ લેતાં મને આનંદ થાય છે.

શરૂઆતમાંજ માલૂમ પડયું કે ગાંધીજી દક્ષિણ આફ્રિકાનું કામ પતાવીને હંમેશાને માટે હિંદ આવ્યા તે પહેલાંના સમયની માહિતી મેળવવી ખૂબ મુશ્કેલ છે. એ સમયે એવાં છાપાં નહોતાં કે જેમાંથી સંપૂર્ણ માહિતી મળે. રૂબરૂ માહિતી મળે તે પણ વાર્તા રૂપે મળે-ચોક્કસ તારીખવાર ન મળે. દક્ષિણ આફ્રિકામાં રહ્યા તે વખતની થોડીક વધુ માહિતી મળે એવું સાહિત્ય છે, પણ ત્યાંયે એ, એમની જાહેર પ્રવૃત્તિઓ પૂરતી જ મળે-દરરોજની પ્રવૃત્તિ અગર નિવાસ વિશે ન મળે. ટૂંકમાં એ વિશેનું સાહિત્ય બહુ ઓછું છે. વળી એ સમયની માહિતી, હિંદુસ્તાનના રાજકીય અને બીજા જાહેર જીવનમાંની ગાંધીજીની પ્રવૃત્તિઓ જાણવા-સમજવા માટે ખાસ જરૂરની પણ નથી. એટલે આ પુસ્તકમાં જે માહિતી આપી છે તે, એ, દક્ષિણ આફ્રિકા છોડીને કાયમ માટે હિંદુસ્તાન આવ્યા ત્યારથી શરૂ થાય છે.[1]

---

૧. ગાંધીજીની જન્મ તારીખ (૨-૧૦-૧૮૬૯)થી આ પુસ્તક શરૂ થાય છે ત્યાં સુધીની (૯-૧-૧૯૧૫ સુધીની) દિનવારી પણ હવે પ્રગટ થઈ ચૂકી છે.

એ, હિંદુસ્તાનમાં મુંબઈ બંદરના કિનારે તા. ૯-૧-૧૯૧૫ના રોજ ઊતર્યા. ત્યારથી શરૂ કરીને એમનું ખૂન થયું ત્યાર સુધી, એટલે તા. ૩૦-૧-૧૯૪૮ સુધી એ, દરરોજ કયે ગામ ગયા હતા અગર ક્યાં હતા અને એમણે શી જાહેર પ્રવૃત્તિ કરી હતી તેની તારીખવાર નોંધ આ પુસ્તકમાં આપી છે. આ બંને તારીખો સમાવતા સમયનો ગાળો ૧૨,૦૭૫ દિવસોનો છે. આમાંથી ૧૧,૭૩૯ દિવસો એ કયે ગામ અગર ક્યાં હતા તેની ચોક્કસ માહિતી હું મેળવી શક્યો છું, બાકીના દિવસોમાંથી ૧૨૪ દિવસો એ ક્યાં હતા તેની માહિતી સાધાર અનુમાન છે, અને ૨૧૨ દિવસો એ ક્યાં હતા તેની માહિતી કેવળ અટકળ છે.[1]

સાધાર અનુમાન એટલે એવું અનુમાન કે જેના માટે કાંઈક આધાર છે એમ કહી શકાય. જેમ કે તારીખ ત્રીજીએ અને પાંચમીએ એ અમદાવાદ હતા એની ખાતરી હોય તો ચોથીએ પણ ત્યાં હશે એવું અનુમાન બાંધી શકાય. પણ આને મેં તદ્દન નિશ્ચિત માન્યું નથી કારણ કે ચોથીએ પણ એ બહારગામ નહોતા ગયા એમ ખાતરીથી કહેવું મુશ્કેલ છે. એવા પણ દિવસો છે કે જ્યારે ત્રીજીએ અમદાવાદ હોય, રાત્રે નીકળી મુંબઈ ગયા હોય, ત્યાં ચોથીએ પહોંચ્યા હોય એ જ રાત્રે ત્યાંથી નીકળી પાંચમીએ અમદાવાદ પાછા આવ્યા હોય. ત્રીજી અને પાંચમી વિશે નિશ્ચિત માહિતી હોય, પણ ચોથી માટે એવી ન હોય તો સાધારણ રીતે એમ માની શકાય કે એ દિવસે એ અમદાવાદ હશે. છતાં ઉપર જણાવ્યું તેમ એમ ન પણ હોય. એટલે ચોથાનું સ્થળ નિશ્ચિત માનવું મુનાસિબ માન્યું નથી. આવાં ગામોનાં નામ કાટખૂણિયા કૌંસમાં મૂક્યાં છે.

જેને વિશે આટલો પણ આધાર મળી શક્યો નથી તેને વિશે મેં અટકળ બાંધી છે ખરી, પણ તે નિરાધાર છે. આ, કેવળ અટકળના દિવસો, શરૂઆતના વર્ષોમાં—ખાસ કરીને ૧૯૧૬માં—વધુ છે. આનું મુખ્ય કારણ એ છે કે એ વર્ષમાં એ, આશ્રમમાં ઠરીને ઠામ બેઠા હતા, એમના દક્ષિણ આફ્રિકાથી થયેલા આગમનની વાત જૂની થઈ ગઈ હતી, એમાં કાંઈ નવીનતા રહી નહોતી, અને હિંદમાં એ વર્ષ દરમિયાન એમણે કોઈ જાહેર પ્રવૃત્તિ ઉપાડી નહોતી. આવાં ગામોનાં નામ મેં અર્ધ ચંદ્રાકાર કૌંસમાં મૂક્યાં છે.

---

૧. આ નવી આવૃત્તિમાં દિવસોની સંખ્યામાં વધઘટ થઈ છે.

આ કૌંસ કરણુ દિનવારી પૂરતું જ છે. સૂચિ-સ્થળવારમાં આવો ભેદ રાખ્યો નથી.

આ સિવાયની તારીખોના સ્થળની જે માહિતી છે તે સાધાર છે; તેમજ પ્રવૃત્તિઓની બધી જ માહિતી સાધાર છે.

માહિતી, ગાંધીજીએ લખેલા કાગળો પરથી અગર છાપાંના હેવાલો અને અનેક માણસોનાં જીવનચરિત્રો પરથી તારવી છે; અગર આ આધારો પરથી એમ ચોક્કસ ખાતરી થઈ શકે છે કે એ અમુક સ્થળે હતા તો તે માહિતી આધારભૂત માની છે. દા. ત. ગાંધીજીએ લખ્યું હોય કે 'હું આ મહિનાની આખર સુધી તો અહિં જ છું' તો, બીજી કોઈ વિરુદ્ધ માહિતી ન હોય તો જે તે મહિનાની આખર સુધી એ ત્યાં જ હતા એમ માન્યુ છે. એમના પ્રવાસક્રમો ઘણા વખત અગાઉથી નક્કી થતા અને કાંઈ અસાધારણ પ્રસંગ ન બને તો એ એને ચીવટપૂર્વક પાળતા. આવા અસાધારણ પ્રસંગો કાં તો એમની અચાનક આવી પડેલી માંદગી હોય, કોઈ રાજ્યની સરકારે એમના રાજ્યમાં પ્રવેશ કરવા અગર એમાંથી પસાર થવા છેલ્લી ઘડીએ પ્રતિબંધ મૂક્યો હોય, વાહન ખોટકાઈ ગયું હોય, રેલગાડી ચૂકી જવાઈ હોય અગર એવું બીજુ કાંઈ બન્યું હોય. પણ આમ બન્યું હોય ત્યારે છાપાંવાળા તુરત એ માહિતી આપે. એટલે એમ માન્યું છે કે આવું કાંઈ બન્યું ન હોય તો નિશ્ચિત પ્રવાસ એમણે પૂરો કર્યો જ હશે.

પુસ્તકમાંની માહિતી નીચે પ્રમાણેના વિભાગોમાં ગોઠવી છે :

૧ દિનવારી.
૨ સૂચિ – સ્થળવાર.
૩ સૂચિ – પ્રકીર્ણ.
૪ સૂચિ – કારાવાસની.
૫ સૂચિ – ઉપવાસની.
૬ સૂચિ – આધારની.
૭ પરિશિષ્ટ ૧-પાકિસ્તાનમાં તથા હવે બાંગ્લા દેશમાં સમાવેલા પ્રદેશો.
૮ પરિશિષ્ટ ૧-ગામના નામોમાં થયેલા ફેરફારો.

દિનવારી

ઉપર જણાવ્યું તેમ આમાં, ગાંધીજી દરરોજ ક્યાં હતાં અને રોજરોજ એમણે શી જાહેર (પ્રવૃત્તિ) કરી હતી તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

એ હિંદુસ્તાન તા. ૯–૧–૧૫ના રોજ આવ્યા, તા. ૨૫–૫–૧૫ના રોજ અમદાવાદમાં કોચરબમાં આશ્રમ સ્થાપ્યો, અને ૧૯૧૭ના સપ્ટેમ્બર–ઑક્ટોબર માસમાં આશ્રમ ખસેડીને સાબરમતી લઈ ગયા; તા. ૧–૮–૩૩ના રોજ એ આશ્રમ હંમેશને માટે તજ્યો અને પાછળથી વર્ધા અને પછી સેગાંવ (જેનું પાછળથી સેવાગ્રામ નામ રાખવામાં આવ્યું તે) આશ્રમમાં રહેવા ગયા. આ આખા સમય દરમિયાન એ આશ્રમમાં જ નહોતા રહ્યા પણ ઘણા દિવસો પ્રવાસમાં ગાળ્યા હતા. હિંદુસ્તાન આવ્યા પછીના ૧૨,૦૭૫ દિવસોમાંથી ૨,૧૫૧ દિવસો એમણે અમદાવાદમાં (મુખ્યત્વે કોચરબ અને સાબરમતી આશ્રમોમાં) ગાળ્યા હતા. ૨,૫૮૮ દિવસો વર્ધામાં (મુખ્યત્વે વર્ધા અને સેવાગ્રામ આશ્રમોમાં) ગાળ્યા હતાં, ૨,૧૧૯ દિવસો જેલમાં ગાળ્યા હતા અને બાકીના દિવસો એ પ્રવાસમાં હતા.[1] એમનો પ્રવાસ મુખ્યત્વે હિંદમાં જ હતો જો કે એ બર્મા અને સિલોન પણ ગયા હતા અને બીજી ગોળમેજી પરિષદ અંગે વિલાયત અને યુરોપનો પ્રવાસ પણ ખેડયો હતો.

પ્રવાસોમાં એમણે અનેક પ્રકારના વાહનો વાપર્યાં હતા. પોતાના પગ તો હતા જ—અને પગપાળા લાંબા પ્રવાસો પણ ખેડયા હતા. જેમાં દાંડીકૂચ અને નોઆખલીના પ્રવાસો મુખ્ય છે. પગ ઉપરાંત આગગાડી, મોટરગાડી, ઘોડાગાડી, બળદગાડી, બળદગાડું, સાયકલ, (હિંદમાં એક જ વખત), હોડી, આગબોટ, ઘોડો, હાથી, ઊંટ વગેરે વાહનો વાપર્યાં હતાં. નછૂટકે કોઈ-કોઈ વખત હાથ-રિક્ષા અને પાલખી વાપર્યાની પણ નોંધ મળે છે. એ ઍરોપ્લેનમાં બેઠા હોય એવી માહિતી મળી નથી

એ જ્યાં જાય ત્યાં સામાન્ય રીતે સ્વાગત હોય, સભા હોય, માનપત્ર હોય, ભાષણ હોય; અને અનેક માણસો મળવા આવે. પણ આવી માહિતી દરેક દિવસ માટે નોંધવામાં આવી નથી, કારણ કે એ તદ્દન સામાન્ય બાબતો હતી. છતાં શરૂઆતના આવા સમારંભોમાંથી કેટલાકની નોંધ લીધી છે. તેમ જ એમને મળવા આવનારમાં મહત્ત્વની વ્યક્તિઓ હોય તો

---

૧. આ નવી આવૃત્તિમાં દિવસોની સંખ્યામાં વધઘટ થઇ છે.

એમની નોંધ લીધી છે તેમ જ એમણે જે મહત્ત્વની પ્રવૃત્તિઓ કરી હોય—દા. ત. ઉદ્‌ઘાટન, કોનશીલારોપણ, છબી અગર બાવલાનું અનાવરણ વગેરે પ્રકારની વિધિઓ—તે બધાની નોંધ લીધી છે. મહત્ત્વની મંત્રણાઓની પણ નોંધ લીધી છે.

સાથે સાથે સમકાલીન બનાવોની અગર મહત્ત્વના પ્રસંગોની નોંધ પાદટીપરૂપે આપી છે. પાદટીપોમાં એ સિવાયની પણ કેટલીક બાબતો છે. જ્યારે કોઈ બનાવ વિશેની માહિતી ચોક્કસ ન હોય, એની તારીખ ચોક્કસ ન હોય, કોઈ બનાવ સમજવા માટે આગળ-પાછળની તારીખો જોવાની જરૂર હોય-એવું બધું હોય ત્યારે યોગ્ય નોંધ પાદટીપમાં આપવામાં આવી છે.

કેટલીક વખતે એમ માલુમ પડ્યું છે કે અમુક એક પ્રસંગ અંગે જુદા જુદા આધારોમાં જુદી જુદી તારીખો હોય. આવે વખતે મેં જે તે લેખકોને પૂછ્યું છે. કેટલાકના જવાબ આવ્યા, કેટલાકના ન આવ્યા. (જેમણે જવાબ આપ્યા તેમની નોંધ પાદટીપમાં લીધી છે.) આમાં જ્યારે મારી નોંધ વિશે મને ખાતરી હોય ત્યારે બીજાઓની માહિતી અંગે 'આ બંધબેસતું નથી' એ મતલબની નોંધ મેં પાદટીપમાં મૂકી છે. અને જ્યારે ખાતરી ન હોય ત્યારે 'બાજા આધારમાં આમ છે' એટલી જ નોંધ મૂકી છે.

હું પોતે ચોક્કસ ન હોઉં ત્યારે પણ 'એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે' એ પ્રકારની નોંધ મેં પાદટીપમાં મૂકી છે.

સૂચિ-સ્થળવાર

ગાંધીજીએ શહેર ઉપરાંત ગામોએ ફર્યા હતા. એ બધાં ગામોના આ સૂચિમાં, ગામવાર એટલે કે સ્થળવાર ખતવણી છે. આમાં અમુક ગામો એ કયા કયા દિવસે હતા તે જણાવેલું છે—બીજી કોઈ માહિતી નથી. એટલે અમુક બનાવ, જેની સાથે ગાંધીજી સંકળાયેલા હોય તે બનાવ, અમુક ગામે ક્યારે બન્યો તે માહિતી જોઈતી હોય તો તે ગામ સામે જે તારીખો આપી હોય તે તારીખોની દિનવારી જોવી જોઈએ.

એવું બનતું કે અમુક ગામે એ એક કરતાં વધુ દિવસો રહે; અને એવું પણ બનતું કે અમુક દિવસે એક કરતાં વધુ ગામે એ ગયા હોય. એવું

પણ બનતું કે કેટલીક વખતે એ રસ્તામાં જ હોય, આ સૂચિમાં મેં રીત એ રાખી છે કે આખા દિવસમાં એ જે કોઈ ગામે થોડો વખત પણ રોકાયા હોય તે ગામ સામે તે તારીખ આપવી પણ જ્યારે એ સતત રસ્તામાં જ હોય-ચોવીસ કલાકથી પણ વધુ સમય-ત્યારે એ દિવસે 'રસ્તામાં' હતા એમ ગણ્યું છે. દા. ત. તારીખ ચોથીએ સવારે કરાંચીથી નીકળ્યા હોય અને વચ્ચે રોકાયા વિના છઠ્ઠીએ કલકત્તા પહોંચ્યા હોય તો ચોથી કરાંચીમાં ગણી છે, છઠ્ઠી કલકત્તામાં ગણી છે અને પાંચમી 'રસ્તામાં' ગણી છે. પણ ચોથીએ સવારે અમદાવાદથી નીકળ્યા હોય અને પાંચમીએ સવારે દિલ્હી પહોંચ્યા હોય તો ચોથી અમદાવાદમાં ગણી છે, પાંચમી દિલ્હીમાં ગણી છે અને 'રસ્તામાં' કોઈ તારીખ ગણી નથી. ટૂંકમાં જે દિવસે થોડો સમય પણ એ અમુક ગામે ન હોય તે દિવસ જ 'રસ્તામાં' ગણ્યો છે.

આ સૂચિમાં દરેક ગામની સામે પ્રાંત, અને જિલ્લાના નામ કૌંસમાં આપ્યા છે. ગામોમાં ત્રીસ ઉપરાંત નામ એવાં છે કે જે નામના બે ગામો છે, અને ચાર-પાંચ નામ એવા છે કે જે નામના ત્રણ ગામો છે, એટલે, તેમ જ સ્થળનો ખ્યાલ આવે એ માટે પ્રાંત ઉપરાંત જિલ્લાનું પણ નામ આપવું મુનાસબ માન્યું છે. એકાદ-બે ગામો એવા છે કે જેમના પ્રાંત અને જિલ્લો એક જ છે; ત્યાં તાલુકાનું નામ પણ આપવામાં આવ્યું છે.

નામો અને સીમા-કોઈકોઈ અપવાદ સિવાય-સ્વરાજ મળ્યું તે પહેલાં જે હતા તે રાખ્યાં છે. આ દિનવારી, ગાંધીજીના ખૂન પહેલાંના છેલ્લા ૧૬૯ દિવસો બાદ કરતાં, સ્વરાજ મળ્યું તે પહેલાંના સમયની છે; અને આ ૧૬૯ દિવસોમાં પણ નામોમાં કાંઈ ફેરફાર થયો નથી-સિવાય કે પાકિસ્તાન નામનું નવું રાજ્ય બન્યું. એટલે ગામ, પ્રાંત અને જિલ્લાના નામ અને સીમા તે વખતે જે હતાં તે જ રાખ્યાં છે.[1] પ્રાંત અને જિલ્લા, મુખ્યત્વે નકશા, પ્રવાસનોંધો, રેલ્વે ગાઈડો, પ્રવાસપુસ્તકો અને ગેઝેટીયરોના આધારે નક્કી કર્યા છે. કોઈ કોઈ વખતે પોસ્ટલ ગાઈડનો પણ ઉપયોગ કર્યો છે.

અને એક નોંધ લેવી જરૂરતું છે. ગાંધીજી તદ્દન નાના ગામડામાં પણ

---

૧ જે પ્રાંતો અને જિલ્લા પાકિસ્તાનમાં (અને હવે બાંગ્લા દેશમાં) ગયા તેના નામોની યાદી પરિશિષ્ટ ૧ માં આપી છે.

કર્યાં હતા—એવાં નાનાં કે હજી આજે પણ ત્યાં પોસ્ટ ઑફિસ પણ નથી. છતાં કેટલાંક ગામોમાં સ્વરાજ્ય મળ્યા પછી પોસ્ટ ઑફિસો ખૂલી છે એટલે જે ગામડાંના જિલ્લાની માહિતી મને બીજેથી ન મળી તેની આ માહિતી માટે મેં પોસ્ટલ ગાઇડનો આધાર લીધો છે. એવું બનવા સંભવ છે કે પોસ્ટલ સર્કલ અને રાજકીય જિલ્લો એક ન પણ હોય. પણ એવું ક્વચિત્ બન્યું હશે.

બીજું, સ્વરાજ્ય મળ્યા પછી કેટલાક ગામો અને જિલ્લાના નામો બદલી નાખવામાં આવ્યાં છે. દક્ષિણ હિંદમાં આવું વિશેષ પ્રમાણમા બન્યું છે. આવા નામોની યાદી પરિશિષ્ટ ૨ માં આપી છે.

સંશોધનના વિદ્યાર્થીને આવા ફેરફારોના કારણે મુશ્કેલી ઊભી થાય છે. નામ બદલવું કે ન બદલવું એ જે તે સત્તાના અભિપ્રાયની છે; અને બદલવું યોગ્ય પણ હોય. એટલે બદલવું હોય તો ભલે બદલે; પણ સાથેસાથે ટપાલ ખાતા તરફથી અમુકઅમુક સમયના અંતરે જો એક સરખામણી-સૂચિ, કે જેમાં જૂનું નામ અને એની સામે નવું નામ બતાવવામાં આવ્યું હોય તેવી સૂચિ-બહાર પાડવામાં આવે તો સંશોધન-કાર્યમાં મદદરૂપ થઈ પડે એમ લાગવાથી આ પ્રકારની સૂચના મેં સરકારના ટપાલ ખાતાને કરી હતી. પણ એમણે જવાબ આપ્યો 'એ કામ અમારું નથી'. 'કોનું છે?' એ પૂછતા જવાબ આવ્યો કે 'તમે સંશોધન કરો છો તો એ પણ તમે જ શોધી લો'. એટલે પછી આ કામ હિંદી સરકારના માહિતી અને પ્રસારણ ખાતાનું હશે એમ સમજી મેં એમને તા. ૧૫-૯-૬૯ના રોજ લખ્યું. હજી સુધી (તા ૧૧-૩-૭૦ સુધી) મને એનો જવાબ મળ્યો નથી.

આ સૂચિ અંગે બીજી એક બાબત જે નોંધવાની છે તે એ છે કે જો કે, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત, સ્વરાજ્ય મળ્યાં પહેલાં સ્વતંત્ર પ્રાંતો નહોતા છતાં, એ અલગઅલગ પ્રાંતો હતા એમ ગણીને માહિતી આપી છે. આમાં, કચ્છ તો અલગ દેશી રાજ્ય હતું જ, અને સૌરાષ્ટ્ર અનેક દેશી રાજ્યોનો બનેલો એક અલગ ભાગ હતો એમ કહી શકાય. એટલે એમને અલગઅલગ રાખ્યાં છે. ગુજરાતને અલગ ગણવાનું ખાસ કારણ એ છે કે ગાંધીજીની શરૂઆતની પ્રવૃત્તિઓ સાથે ગુજરાતનાં જ ઘણાં ગામો સંકળાયેલાં છે. દાંડી-કૂચ પણ ગુજરાતમાંજ થઈ હતી; અને હું પોતે ગુજરાતનો. એટલે એની આ સૂચિ પૂરતો અલગ પ્રાંત ગણવામાં આવ્યો છે.

સૂચિ-પ્રકીર્ણ

સામાન્યપણે કોઈ પણ પુસ્તકમાં હોય છે તેવી જ આ સૂચિ છે એમ કહી શકાય. એને પ્રકીર્ણ એટલા માટે કહી છે કે એમાં ગામોના નામ નથી; —નથી, કારણ કે એની અલગ સૂચિ છે. કુલ સૂચિમાંથી જે, સ્થળવાર સૂચિમાં આવી ગયું તે સિવાયનું બધું આ સૂચિમાં છે. એટલે આમાં, ગાંધીજી જે માણસોના સંપર્કમાં આવ્યા તેમનાં નામ છે. એ માણસ જો સરકારી અધિકારી હોય અને એ અધિકારની રૂએ એને મળવાનું થયું હોય તો જે તે સરકારના સદર નીચે—એ માણસના અંગત નામના સદર નીચે નહિ—તારીખ આપી છે. આમાં કેટલાક અપવાદ છે. વાઇસરૉયને લગતી માહિતી 'હિંદી સરકાર'માં નથી આપી પણ અલગ આપી છે. વળી, ઝીણા, પાકિસ્તાનના ગવર્નર જનરલ થયા ત્યાર પછી પણ એમના વિશેની માહિતી 'ઝીણા'માં જ આપવામાં આવી છે.

પણ જો એ માણસને અંગત રીતે મળવાનું થયું હોય તો એના પોતાના નામના સદર નીચે તારીખ આપી છે. વળી જે તે માણસના મૃત્યુ બાદ પણ એના નામ સામે તારીખો આપી હોય એવું બન્યું છે. એની સ્મૃતિ કાયમ રાખવા માટે કોઈ પ્રસંગ યોજવામાં આવ્યો હોય, એના બાવલા અગર છબીની અનાવરણ વિધિ કરવામાં આવી હોય, એના સ્મારક માટે ફાળો ઉઘરાવવામાં આવ્યો હોય તો એ બધાની માહિતી પણ એ માણસના નામ સામે આપવામાં આવી છે.

વધુમાં ગાંધીજી જે જે સ્થળે (એટલે કે મકાનમાં, મંદિરમાં, આશ્રમમાં, વગેરેમાં) રહ્યા હોય તેની માહિતી છે. અહીં એ જણાવવું જોઈએ કે અમુક એક સ્થળે એ જેટલા દિવસો રહ્યા હોય તે બધા જ દિવસો એ સ્થળના સદર સામે નોંધ્યા નથી; ફક્ત એ સ્થળે એ જે દિવસે આવ્યા તે દિવસની જ નોંધ છે. એ દિવસ પછી એ ગામેથી નીકળ્યા ત્યાં સુધી એ એ જ સ્થળે રહ્યા હશે એમ માની શકાય. કોઈક કોઈક વખતે એક જ ગામમાં સ્થળ બદલ્યું હોય એવું પણ બન્યું છે; અને ત્યારે એ બીજા સ્થળ નીચે માહિતી આપેલી છે.

ઉપરાંત આ સૂચિમાં, ગાંધીજીની જાહેર પ્રવૃત્તિઓનો ઉલ્લેખ છે. તથા એ જે જે મહત્ત્વની સંસ્થાઓની મહત્ત્વની બેઠકોમાં હાજર હતા તે તે સંસ્થાઓના સદર સામે તારીખો આપવામાં આવી છે.

આ ઉપરાંત, એમણે કરેલા અખતરા અને નિવેદનો. અને એમના જીવનમાં બનેલા કેટલાક મહત્ત્વના બનાવો જેમ કે સાપ, નાગ, વેશ્યાઓ, ગાનારીઓ, દેવદાસીઓ વગેરે વિશે સદરવાર તારીખો નોંધી છે. જે પ્રસંગને લગતી માહિતી જોઈતી હોય તે પ્રસંગના સદર સામે આપેલી તારીખની દિનવારી જોવાથી એ મળી શકે એ દૃષ્ટિ, આ સુચિ બનાવવામાં રાખી છે.

આ સૂચિમાં અગિયારસો ઉપરાંત સદરો છે.

સૂચિ–કારાવાસની

આ એક ટૂંકી સૂચિ છે. એમાં, ગાંધીજી કઈ તારીખથી કઈ તારીખ સુધી કયે સ્થળે સરકારના કબજે હતા એની માહિતી આપેલી છે. સરકારે લગભગ હંમેશ એમને કોઈ ને કોઈ જેલમાં જ રાખ્યા હતા; પણ એક વખતે રેલવે ગાડીના ડબામાં પણ રાખ્યા હતા.

કારાવાસના સમયમાં ધરપકડની તેમજ છૂટકારાની, બંને તારીખોનો સમાવેશ કર્યો છે.

સૂચિ–ઉપવાસની

આ પણ એક ટૂંકી સૂચિ છે. ગાંધીજીએ જેલની અંદર તેમજ બહાર અનેક વખતે જુદા જુદા સમયના, જુદા જુદા કારણોસર ઉપવાસ કર્યા હતા. કેટલીક વખતે વિરોધ પક્ષના હૃદયપલટા માટે કર્યા હતા; કેટલીક વખતે પોતાના જીવની શાંતિ માટે કર્યા હતા, અને કેટલીક વખતે કોઈના પાપના પ્રાયશ્ચિતરૂપે કર્યા હતા. ધણાખરા ઉપવાસોમાં સમય–મર્યાદા હતી પણ એક વખત તો આમરણાંત પણ હતા.

એમના ધણાખરા ઉપવાસ જાણીતા છે; પણ કેટલાક એવા છે કે જેને વિશે બહુ ઓછાને ખબર છે. મારા વાચનમાંથી ઉપવાસો વિશે જે માહિતી મળી તે આ સુચિમાં આપવામાં આવી છે. છતાં એ સંપૂર્ણ છે એવો દાવો હું કરી શકું નહિ.

આ સૂચિમાં ઉપવાસનો સમય અને એ કરવાનાં કારણો દર્શાવવામાં આવ્યાં છે. આમાં, શરૂઆતનો દિવસ, ઉપવાસના સમયમાં ગણ્યો છે પણ જે દિવસે ઉપવાસ છોડયો તે દિવસ ઉપવાસમાં ગણ્યો નથી.

સૂચિ-આધારની

જે માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે તે અનેક સાધનોમાંથી એકઠી કરેલી છે. આમાં મુખ્યત્વે ગાંધી સ્મારક સંગ્રહાલય (હરિજન આશ્રમ, સાબરમતી)માં જે ગાંધી પત્ર-સાહિત્ય સંગ્રહ છે તે છે. આ સંગ્રહમાં ગાંધીજીએ લખેલા પત્રોની સ્થળપ્રતો, એમના ઉપર આવેલા અસલ પત્રો, છાપાંની કાપલીઓ, કેટલીક નોંધો, માનપત્રો વગેરે આવી જાય છે. આ ઉપરાંત કેટલાક માણસો પાસે રહેલા ગાંધીજીના પત્રો, એ લોકો પાસેની નોંધો વગેરે જોવા-વાંચવાનો પણ લાભ મને મળ્યો છે. ઉપરાંત, જૂના મુંબઈ રાજ્યના પોલીસ ખાતાની નોંધોની નકલો હાલના મહારાષ્ટ્ર સરકારની પરવાનગીથી જોવા-વાંચવાનું બની શકયું છે કોઈ કોઈ સ્થળે મૂકેલી તકતીઓમાંથી પણ માહિતી મળી છે. જરૂર પડયે જે તે વ્યકિતને પૂછીને પણ માહિતી મેળવી છે

ઉપરાંત અનેક સામાયિકો અને દૈનિક છાપાંઓમાંથી અને બસો ગેર્યાસી ઉપરાંત પુસ્તકોમાંથી માહિતી તારવી છે.

દિનવારી તૈયાર કરવામાં મેં શી રીત વાપરી છે અને કેવા પ્રકારનાં સાધનો ઉપર આધાર રાખ્યો છે તેની વિગતવાર માહિતી, સને ૧૯૬૩ના અંતમાં વિલેપારલે (મુંબઈ) માં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ પુરાતત્વ વિભાગ માટે 'ગાંધીજીની દિનવારી' નામના મેં તૈયાર કરેલા નિબંધમાં આપી છે. આ નિબંધ એ પરિષદના હેવાલના પાના ૪૫૧ થી ૪૬૭ ઉપર તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (બરોડા)ના મુખપત્ર 'સ્વાધ્યાય'ના સને ૧૯૬૪ના મે માસના અંતમાં છપાયો છે.

આ બધું સાહિત્ય ગુજરાતી, અંગ્રેજી, હિંદી. અને મરાઠી ભાષામાં છપાયેલું છે.

આ સૂચિમાં આ બધાંનાં નામ આપવામાં આવ્યાં છે. પુસ્તકોની યાદીમાં

અનુક્રમ નંબર આપવામાં આવ્યો છે. દિનવારીની પાદટીપોમાં જે આધાર નંબરો આપવામાં આવ્યા છે તે નંબરો, આ સૂચિમાં આપેલા નંબરવાળા પુસ્તકના છે એમ સમજવાનું છે. પુસ્તકની સામે લેખકનું અને એ ન હોય તો પ્રકાશકનું નામ અને આવૃત્તિની સાલ નોંધ્યાં છે.

હું ગુજરાતનો—અમદાવાદનો—વતની છું અને તેથી ગુજરાત પૂરતી દિનવારી અને પાદટીપો કંઈક વધુ વિગતવાર હોવાનો સંભવ છે. આનું કારણ એ નથી કે બીજાં સ્થળો વિશે મારો આદર ઓછો છે. ખરી વાત એ છે કે ગુજરાત પૂરતી માહિતી મેળવવી મારા માટે પ્રમાણમાં વધુ સહેલું હતું. જો આ પુસ્તકનો હિંદની બીજી ભાષાઓમાં અનુવાદ થાય તો એ કરનાર, જે તે પ્રાંત વિશે વધુ માહિતી આપે એ મને જરૂર ગમે.

આ પુસ્તક એક સંગ્રહ છે; એમાં કશું નવું—મૌલિક નથી; એ ઈતિહાસ નથી; એ કોઈ અભ્યાસપૂર્ણ ગ્રંથ નથી કે નથી કોઈ મનનપૂર્ણ ગ્રંથ. એ કેવળ દિનવારી છે, સિલસિલાબંધ નોંધ છે. એ એક માહિતી કોશ છે. સંશોધન કરનાર વિદ્યાર્થીને જોઈતું સહેલાઈથી મળી શકે તે મુજબનો રસ્તો બતાવનાર માર્ગદર્શક છે. આમાં અભિપ્રાય આપ્યા નથી—હશે તો ક્વચિત્ જ હશે—પણ અભિપ્રાય બાંધવા માટેની સામગ્રી છે. વાચક એ વાંચીને પોતાના અનુમાનો તારવે.

પુસ્તકમાં આપવામાં આવેલી માહિતીની સચ્ચાઈ ચકાસી જોવા માટે મેં શક્તિ અનુસાર પ્રયત્ન કર્યો છે છતાં એ સોએ સો ટકા સાચી છે એવી નિર્મળ ખાતરી હું આપી શકું નહિ. એક તો, બધી જ માહિતી વિશે મારી જાત માહિતી નથી.—હું ધારું છું કોઇને હોઈ શકે નહિ. બીજું, જે છાપાં, સામાયિકો, પુસ્તકો વગેરે ઉપર મે આધાર રાખ્યા છે તેમાં જ ભૂલો, છાપકામની અગર બીજી રહી ગઈ હોય એવો સંભવ છે. કેટલીક તો મારી નજરે પણ ચઢી છે. જ્યારે મને એવું લાગ્યું ત્યારે સાચું શું એ શોધવા મેં પ્રયત્નો કર્યા છે. કેટલીક ભૂલો જડી પણ છે. પણ કેટલાંકમાં મને સફળતા નથી મળી ત્યારે મેં પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે.

વળી દિનવારી સંપૂર્ણ હોવાનો મારો દાવો નથી. સંભવ છે, જે તે દિવસે બીજા પ્રસંગો પણ બન્યા હોય અને એ; આમાં સમાવાયા ન હોય.

અને અમુક એકદિવસે નોંધેલા બનાવોનો અનુક્રમ પણ જળવાયો ન હોય એમ બન્યું હશે.

અગાઉ જણાવ્યું છે કે ગામનાં, પ્રાંતના અને જિલ્લાના નામો સ્વરાજ્ય મળ્યું તે પહેલાંનાં છે. તેવી જ રીતે અંતર, ચલણી નાણું અને વજન પણ સ્વરાજ્ય મળ્યું તે પહેલાં જે હતાં તે મુજબ આપ્યાં છે. એટલે કે અંતર માઈલ અને ફૂટમાં છે; ચલણી નાણું રૂપિયા આના અને પાઈમાં છે અને વજન મણ અને શેરમાં છે.

પુસ્તકમાં કેટલાંક ટૂંકાક્ષરી નામો અને સંજ્ઞાઓનો ઉપયોગ કરેલો છે. એની નોંધ શરૂઆતમાં આપી છે.

પુસ્તક તૈયાર કરવામાં મેં મારા ચાલુ કામ ઉપરાંતનો ફાજલ સમય વાપર્યો છે; અને એમાં આશરે નવ વર્ષ ગયાં છે માહિતી એકઠી કરવા માટે મુંબઈ, પૂના, મદ્રાસ, કલકત્તા, પટણા વગેરે સ્થળોએ જઈને રહ્યો છું અને ત્યાંની લાઈબ્રેરીઓની દિવસોના દિવસો સુધી મુલાકાત લીધી છે.

સાચી તારીખો અને નિર્ભેળ હકીકતો કોઈપણ એક દેશના સાચા ઇતિહાસ માટે અને કોઈપણ એક માણસના સાચા જીવનચરિત્ર માટે અનિવાર્ય છે એટલે અવી જે કાંઈ માહિતી આજે પ્રાપ્ત હોય તે એકઠી થાય અને સચવાઈ રહે તે જરૂરતું છે; નહિ તો માણસની માફક, માહિતી પણ ભવિષ્યમાં ખોવાઈ જવાનો ડર છે; અને પરિણામે સંશોધન કરનારના માર્ગમાં વિઘ્નો ઊભા થવાનો ડર રહે છે. આ પુસ્તક તૈયાર કરવ માં મૂળભૂત હેતુ આ જ રહેલો છે અને જો થોડે, પણ બર આવશે તો એની પાછળ ગાળેલો સમય અને મહેનત લેખે લાગ્યાં એમ હું માનીશ.

પુસ્તક છાપવા માટે પ્રિન્ટર્સને મળેલો સમય બહુ જ ટૂંકો હતો એમણે ઘણી ઝડપ રાખી એ પૂરૂ કર્યું છે. પ્રુફો મેં પણ એટલી જ ઝડપે તપાસ્યા છે. બધે તબક્કે બને એટલી કાળજી રાખી છે છતાં ભુલો રહી ગઈ છે. જે ભૂલો મહત્ત્વની લાગી (હ્રસ્વ, દીર્ઘ અને વિરામ ચિહ્નોની ભૂલોને મહત્વની ગણી નથી) તે સમાવતુ એક શુદ્ધિ-વૃદ્ધિ પત્રકમાં શરૂમાં આપ્યું છે. ભૂલો માટે વાચક ક્ષમા કરે એવી પ્રાર્થના છે અને એમને વિનતી છે કે આ પત્રકમાં જણાવેલી ભૂલો સિવાય જે કાંઈ ભૂલો એમની નજરે પડે તેની મને ખબર આપે.

અગાઉ જણાવ્યા પ્રમાણે માહિતી અનેક પ્રકારના સાહિત્યમાંથી એકઠી કરેલી છે. અત્રે હું ગાંધી સ્મારક સંગ્રહાલય (હરિજન આશ્રમ, સાબરમતી) તથા એશિયાટિક લાયબ્રેરી, મુંબઈ, નાગરી પ્રચારિણી સભા, બનારસનો ખાસ આભાર માનું છું. એ ઉપરાંત હાલની મહારાષ્ટ્ર સરકારનો અને બધા પત્રોના તંત્રીઓનો, પુસ્તકોના લેખકોનો, અમદાવાદ, મુંબઈ, મદ્રાસ, કલકત્તા. પટણા વગેરે સ્થળોની લાયબ્રેરીઓના સંચાલકોનો આભાર માનું છું. એ સૌના સહકાર અને મદદ વિના, જે માહિતી હું એકઠી કરી શકયો છુ તે હું ન કરી શકયો હોત એમ કહેતાં મને લેશમાત્ર સંકોચ થતો નથી.

અને છેવટે, ગુજરાત રાજ્ય મહાત્મા ગાંધી જન્મ-શતાબ્દી ઉજવણી સમિતિએ આ પુસ્તક સ્વીકાર્યું અને તેને છપવા પ્રબંધ કર્યો તે માટે તેમનો આભાર માનું છું.

૧૩, ભારતી નિવાસ સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.
તા. ૨૧-૩-૭૦

ચંદુલાલ ભગુભાઈ દલાલ

સંવર્ધિત આવૃત્તિના પ્રકાશન વેળાએ

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિના પુનર્મુદ્રણ માટે ગુજરાત સરકાર વિચારી રહી છે તેવું જાણ્યું ત્યારે અમે ગુજરાત સરકારને વિનંતી કરી કે પ્રથમ આવૃત્તિના પ્રકાશન પછી સંગ્રાહક ૧૦ વર્ષ દરમ્યાન અનેક સુધારા-વધારા શોધી શકયા છે માટે સંવર્ધિત આવૃત્તિ પ્રકાશિત કરવી વધુ યોગ્ય લેખાશે. અમારી વિનંતી ગુજરાત સરકારે માન્ય રાખી તે બદલ અમે ગુજરાત સરકારના ઋણી છીએ.

અનેક સુધારા-વધારાઓ સાથેની આ સંવર્ધિત આવૃત્તિના પ્રકાશન વેળાએ અમે સહૂ દલાલ પરિવાર આનંદ અનુભવીયે છીએ.

ગુજરાત સરકારના માહિતી ખાતાએ તા. ૨જી ઑકટોબર ૧૯૮૪ના રોજ આ પુસ્તક બહાર પાડવાનું નક્કી કર્યું હતું. તે પછી મોડું મોડું લગભગ ૫ વર્ષે પણ પુસ્તક બહાર પડી રહ્યું છે તેનો આનંદ છે.

— શારદાબેન ચંદુલાલ દલાલ અને પરિવાર

અનુક્રમણિકા

	બે બોલ.	૩
	પ્રારંભ	૫
	પુરોવચન.	૭
	પ્રસ્તાવના.	૧૮
	સંવર્ધિત આવૃત્તિના પ્રકાશન વેળાએ	૩૦
	ટૂંકાક્ષરી અને સંજ્ઞાની સમજૂતી.	૩૨
૧	દિનવારી.	૧
૨	સૂચિ—સ્થળવાર.	૫૮૧
૩	સૂચિ—પ્રકીર્ણ.	૬૭૫
૪	સૂચિ—કારાવાસની.	૭૪૪
૫	સૂચિ—ઉપવાસની.	૭૪૫
૬	સૂચિ—આધારની.	૭૪૮
૭	પરિશિષ્ટ ૧-પાકિસ્તાનમાં અને હવે બાંગ્લા દેશમાં સમાવેલા પ્રદેશો.	૭૬૩
૮	પરિશિષ્ટ ૨—ગામનાં નામોમાં થયેલા ફેરફારો.	૭૬૪
	શુદ્ધિપત્રક.	૭૬૫

ટૂંકાક્ષરી અને સંજ્ઞાનો સમજૂતી

દિનવારીમાં

૧. ઑ. ઈ. કૉં. ક. = ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી.

૨. Y. M. C. A. = યંગ મૅન્સ ક્રિશ્ચન ઍસોસિયેશન.

૩. A. P. = ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઈન્ડિયા.

૪ ● સૂચવે છે કે હવે આ જ સ્થળની બીજી માહિતી શરૂ થાય છે.

૫. ⇕ સૂચવે છે કે હવે આ જ તારીખે ગયેલા બીજા ગામનું નામ શરૂ થાય છે. પરંતુ જ્યાં એક જ તારીખમાં ઘણાંબધાં નામો હોય ત્યાં આવું ચિહ્ન મૂક્યું નથી પણ, પાદટીપમાં નોંધ મૂકી છે.

સૂચિ-સ્થળવારમાં

૧. સં. પ્રાં. = સંયુક્ત પ્રાંત.

૨. મ. પ્રાં. = મધ્ય પ્રાંત.

૩. વા. સ. પ્રાં. = વાયવ્ય સરહદ પ્રાંત.

૪. ● સૂચવે છે કે હવે વર્ષ બદલાય છે.

સૂચિ-પ્રકીર્ણ

૧. ઑ. ઇ. કૉ. ક. = ઑલ ઇંન્ડિયા કૉંગ્રેસ કમિટી.

૨. ● સૂચવે છે કે હવે વર્ષ બદલાય છે.

શુદ્ધિપત્રક

પાના નંબર	તારીખ	ફુટ નોટ નંબર	લીટી	છપાયું છે	છપાવું જોઈએ
૧		૧	૬	બાં.	બં.
૨			૧૧	૯	આ આંકડો ભૂલથી છપાયો છે.
૫૦		૨		આધાર	આધાર
૫૨		૧	૨	૨૬૧	૨૬૮
૭૮	૨૮		નીચેથી ૪	હરકિશન લાલ	હરકિશન લાલ,
૮૯	૨		૨	◯	આ નિશાન ભૂલથી છપાયું છે.
૮૯		૨	૩	બાંધવા	બાંધવા
૧૧૫		૧	૧	આધાર	આધાર
૧૧૯	૮		૪	ધસારા	ધસારા
૧૨૧		૧(૨)	૨	કાનાટનાં	કૉનોટનાં
૧૨૨	૨૩		૧	૦	●
૧૪૨		૫	૧	લાર્ડ	લૉર્ડ
૧૫૨	૨૦ થી ૩૦૫			ચરોડ	ચરોડા
૨૯૪		૬(૧)	૧	સમાધાનીમાં	સમાધાનમાં
૩૧૪	૧૧		૧	બેન્ગલોર	બોગનોર
૩૭૮	૨૦		૧	નેલીસેન ગુપ્તા	નેલી સેનગુપ્તા
૩૯૬	૩૧		૧	નાંગચી	નૉગચી

સૂચિ સ્થળવાર

પાના નંબર	ગામનું નામ	છપાયું છે	છપાવું જોઇએ
૫૮૧	અકાલગઢ	૧૯ ૯	૧૯૧૯
૬૧૨	જોગમાઈ	૧૮	૮
૬૧૨	ઝરીયા	૧૨	૧૨ થી
૬૧૩	ડુમરાવ	૧	૧૧
૬૩૨	ફુટનોટ–પેરીન્તાનમ્ નામનું ગામ છે તે આ જ હશે.		
૬૪૨	ભંડારા	૧૭	૧૦

૯. મુંબઈ : આગબોટમાંથી ઊતર્યા સવારે ૭–૩૦ વાગ્યે.[૧] ● ઠેરઠેર સત્કાર ● શેઠ નરોત્તમ મોરારજી ગોકળદાસના બંગલે ગોખલેને મળવા ગયા. ● શ્રી નિવાસ શાસ્ત્રીને પણ ત્યાં જ મળ્યા ● ઉતારો સાંતાક્રુઝમાં રેવાશંકર ઝવેરીને ત્યાં. ● 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

૧૦ મુંબઈ : બજારગેટ સ્ટ્રીટમાં કુટુંબીજનોની મુલાકાત.[૨] ● કોટના રહીશો તરફથી સત્કાર, સ્થળ પ્રભુદાસ જીવણજી કોઠારીની વાડી. ● મોઢ કોમ તરફથી સત્કાર, સ્થળ કોટમાં જીવણદાસ પીતાંબરદાસનો બંગલો. ● મોઢ બોર્ડિંગની મુલાકાત. ● મૂળજી આશારામની નાટક કંપનીના 'બુદ્ધદેવ'ના ચાલુ ખેલે મૂળજીભાઈ થિયેટરમાં લઈ ગયા અને હારતોરા કર્યા. ● નેશનલ યુનિયન તરફથી માનપત્ર, સ્થળ હીરાબાગ, લોકમાન્ય ટિળક હાજર હતા. ● રાત્રે સાંતાક્રુઝમાં માનપત્ર.

૧૧ મુંબઈ : રાત્રે ઘાટકોપરમાં માનપત્ર, સોનાની બેડીની ભેટ, પ્રમુખ શેઠ વસનજી ખીમજી.

૧૨ મુંબઈ : સવારે વરસોવા ગયા, દાદાભાઈ નવરોજીને મળવા. ● બપોરે ડૉક્ટર દાજી બરજોરજીને મળવા ગયા.[૩] ● સાંજે મિ. પિટીટની પાર્ટીમાં, ભારે ભપકો અને દાહમાહ; ગાંધીજી અત્યન્ત સાદા વેશમાં, પ્રમુખ, સર ફિરોજશાહ મહેતા.[૪]

---

૧. (૧) આ પ્રસંગ અંગે 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના સને ૧૯૫૮ના વાર્ષિક પાના ૫૦ ઉપર સાલ ૧૯૧૬ જણાવી છે; આધાર નં. ૮૩ની પ્રસ્તાવનાના પાના ૧૧ ઉપર ૧૯૧૫નો અંત ભાગ જણાવ્યો છે; આધાર નં. ૫૯ના પાના ૭ ઉપર સાલ ૧૯૧૪ જણાવી છે અને આધાર નં. ૮૧ના પાના ૧૬ ઉપર ૧૯૧૬ લખી છે. પણ આ બધી ભૂલો છે. આધાર નં. ૨૩૪ના પાના ૭૪ ઉપર ફેબ્રુ. ભૂલ છે. હ. બાં. ૨૭–૬–૪૮ પા. ૧૫૮/૧ વાલજીભાઈનો લેખમાં વિ. ૮ છે; ભૂલ છે.

(૨) ઊતરતી વખતે અને પછી કાઠિયાવાડી પોષાક પહેર્યો—અંગરખું, ધોતિયું, બૅસ, ફેંટો.

૨. અહીં સ્વામી આનંદનો પ્રથમ પરિચય થયો.

૩. તા. ૧૩–૧–૧૮૯૭ના રોજ ડર્બન શહેરમાં ગોરાઓના હુમલાથી ઘવાયેલા ગાંધીજીની સારવાર આ ડૉક્ટરે કરી હતી.

૪. (૧) ગાંધીજીએ પોતે લખેલી ડાયરીમાં આ પ્રસંગની તા. ૧૩ જણાવી છે, પણ એ બંધબેસતી નથી.

(૨) અબ્બાસ તૈયબજીએ ગાંધીજીને પહેલી વખત જોયા.

૧૯૧૫-જાન્યુઆરી

૧૩ મુંબઈ : સાંજે નૅશનલ યુનિયન તરફથી માધવબાગમાં રાખેલી સભામાં સત્કાર; લોકમાન્ય ટિળક હાજર હતા.

૧૪ મુંબઈ : ગવર્નર લૉર્ડ વિલિંગ્ડનની મુલાકાત. ● સાંજે ગુર્જર સભા તરફથી મેળાવડો, સ્થળ મંગળદાસની વાડી, પ્રમુખ મિ. ઝીણા. ● સાંજે સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની મુલાકાત, શ્રી દેવધરે સત્કાર કર્યો, સમારંભ સાડાસાત વાગ્યે પૂરો થયો. અહીં અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા)ની પહેલી મુલાકાત થઈ. ● રાત્રે મોઢ જ્ઞાતિ તરફથી ભુલેશ્વર ગુલાલવાડીમાં માનપત્ર.

૧૫ મુંબઈ[૧] : આજે જ મુંબઈ આવેલા ગોખલેને મળવા ગયા.[૨] ● રાત્રે નીકળ્યા.

૧૬ મહેમદાવાદ : ૯ ગાડી આવે ત્યારે નડિયાદ હિંદુ અનાથાશ્રમના મંત્રીએ આશ્રમ અંગે માહિતી આપી.[૩] ⇕ અમદાવાદ : સવારે સ્ટેશને સ્વાગત, ડૉ. હરિપ્રસાદ દેસાઈ સાથે પ્રથમ મેળાપ. ⇕ વઢવાણ : સાંજે પહોંચ્યા. ⇕ વાંકાનેર : રાત ગાળી.

---

૧. સાંજે કસ્તૂરબાને સ્ત્રીઓ તરફથી માનપત્ર, સ્થળ માધવબાગ, પ્રમુખ લેડી ફિરોજશાહ મહેતા.

૨. આધાર નં. ૧૨૯ના ભાગ-૧ના પાના ૧૯૫ ઉપર જણાવવામાં આવ્યું છે કે ગવર્નરને મળ્યા પછી 'Gandhiji left for Poona to see Gokhale. He spent some time at the Servants of India Society where he was given a party with fruits and nuts by Gokhale on January 18th.'

આ બંધબેસતું નથી. એ વખતે લખાયેલા એક પત્ર પરથી જણાય છે કે ગાંધીજી ગવર્નરને તા. ૧૪મીએ મળ્યા હતા. વળી એ તા. ૭-૨-૧૫ પહેલાં પૂના ગયા જ નહોતા. તા. ૧૪-૧-૧૫ના રોજ એ સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટીની મુંબઈની શાખાએ ગયા હતા. ગોખલે તા. ૧૫-૧-૧૫ના રોજ મુંબઈ આવ્યા હતા અને એ દિવસે ગાંધીજી એમને મળ્યા હતા. એટલે ગાંધીજીને એ વખતે પૂના જવાનું કારણ નહોતું.

૩. આ માહિતી 'કાઠિયાવાડ ટાઇમ્સ'માંથી લીધી છે. નડિયાદમાં આવેલા અનાથઆશ્રમના મંત્રી મહેમદાવાદ સ્ટેશને કેમ મળ્યા હશે એ સમજાતું નથી.

૧૯૧૫–જાન્યુઆરી

૧૭ રાજકોટ : સવારે પહોંચ્યા, સરઘસ, લોકોએ ગાડી ખેંચી ● ઉતારો પોતાના ઘેર. ● રાજ્યના દીવાન શ્રી. બેજનજી મેરવાનજી ડમરીના પ્રમુખપદે માનપત્ર.

૧૮ રાજકોટ : ઠાકોરસાહેબને મળવા ગયા.

૧૯ રાજકોટ.

૨૦ રાજકોટ : બપોરે મોઢ પુરુષવર્ગ તરફથી માનપત્ર.[1] ● સાંજે ઠાકોરસાહેબ ગાંધીજીને મળવા એમના ઘેર આવ્યા.

૨૧ રાજકોટ : થી નીકળ્યા. ⇕ ગોંડળ : સ્ટેશને સત્કાર. ⇕ વીરપુર : સ્ટેશને સત્કાર. ⇕ નવાગઢ : ઊતરી જેતપુર ગયા. ⇕ જેતપુર : ઉતારો દેવચંદભાઈ પારેખને ત્યાં. માનપત્ર. ● ફૂલવાડીમાં કુંભારવાડામાં માનપત્ર, ભાષણ.

૨૨ ધોરાજી : સામૈયું, સત્કાર, સભા, માનપત્ર. ⇕ પોરબંદર : રાત્રે પહોંચ્યા● એમના મોટાભાઈ લક્ષ્મીદાસ (ઉર્ફે કાળીદાસ)ના લૌકિકે આવ્યા.[2]

૨૩ પોરબંદર.

૨૪ ગોંડળ : સ્ટેશને ભવ્ય સત્કાર. ઠાકોરસાહેબ હાજર હતા. ● સરઘસ. કન્યાશાળા આગળ ઠાકોરસાહેબ જોવા ઉભા રહ્યા હતા તે સામે આવ્યા. બંને જણ ભેટયા. ● ઉતારો દીવાન રણછોડરાય વૃન્દાવનદાસ પટવારીને ત્યાં. ● મોઢ જ્ઞાતિ તરફથી માનપત્ર.

૨૫ ગોંડળ : હવેલી, તળાવ, આશાપુરી વગેરેની મુલાકાત ● બપોરે મોટરમાં પોરબંદર ગયા. ⇕ પોરબંદર : મોઢ વણિક જ્ઞાતિ તરફથી માનપત્ર. ● સાંજે શહેરીઓ તરફથી માનપત્ર, સ્થળ વિકટોરિયા

---

૧. મોઢ સ્ત્રીવર્ગ તરફથી કસ્તૂરબાને પણ માનપત્ર.

૨. એ તા. ૯–૩–૧૪ના રોજ ગુજર્યા હતા. ગાધીજી એ વખતે દક્ષિણ આફ્રિકામાં હતા.

કોમેમોરેશન હૉલ, પ્રમુખ નગરશેઠ વીરજી કાનજી.[1] ● સરઘસ. ● મુસલમાન છોકરા–છોકરીઓની શાળાની મુલાકાત.[2] ●મહાજનની સભામાં હાજર.[3] ● વનસ્પતિ શાસ્ત્રના તજ્જ્ઞ જયકૃષ્ણ ઈન્દ્રજીને મળવા ગયા.[4]

૨૬ પોરબંદર : થી નીકળ્યા. ⇕ ગોંડળ : આવ્યા. ઉતારો દીવાન પટવારીને ત્યાં ● સાંજે એમને ત્યાં જાહેર સન્માન. ● ઠાકોરસાહેબને ત્યાં ભોજન.

૨૭ ગોંડળ : વૈદ જીવરામ કાળીદાસ શાસ્ત્રીના ઔષધાલયમાં સત્કાર અને માનપત્ર, પ્રમુખ દીવાનસાહેબ. ● અનાથાશ્રમની મુલાકાત. ● ઠાકોરસાહેબની મુલાકાત. ● જાહેર સભા અને માનપત્ર. ગાંધીજીની બાર વર્ષથી વપરાતી ધાબળી કેશવજી શેઠે સો રૂપિયામાં રાખી. રકમ દેશસેવા કે ધર્મકાર્યમાં વાપરવા ગાંધીજીએ કહ્યું. ⇕ રાજકોટ : આવ્યા

૨૮ રાજકોટ : નાગજી સ્વામીની મુલાકાત.[5]

૨૯ થી ૩૦ રાજકોટ[6]

૩૧ રાજકોટ : બધી બોર્ડિંગોના વિદ્યાર્થીઓને ઉપદેશ, સ્થળ બેરિસ્ટર શુકલનું ઘર. ● રાત્રે જંકશન સ્ટેશને સૂઈ ગયા.

ફેબ્રુઆરી

૧ રાજકોટ : થી નીકળ્યા ⇕ વીરમગામ : સત્કાર. ⇕ અમદાવાદ. સાંજે આવ્યા. સત્કાર, સરઘસ, લોકો મોટર ખેંચવા માગતા હતા પણ ગાંધીજીએ પગે ચાલવા માંડ્યું એટલે મોટરમાં બેસવા દીધા. ● ઉતારો શેઠ મંગળદાસ ગીરધરદાસને ત્યાં.

---

૧. કસ્તૂરબાનો સ્ત્રીઓ તરફથી સત્કાર આ જ વખતે હતો. એ પૂરું થયા પછી એ આ સમારંભમાં આવી પહોંચ્યાં.

૨. કદાચ તા. ૨૪મી હોય. ૩. એ જ ૪. એ જ

૫. સ્થાનકવાસી લીંબડી સંઘાડાના સાધુ, જેઓ પૂજ્ય દીપચંદજીના શિષ્ય હતા.

૬. દરમિયાન તા. ૩૦મી એ સ્ત્રીઓ તરફથી કસ્તૂરબાને માનપત્ર, સ્થળ કરણસિંહજી હાઇસ્કૂલ, પ્રમુખ ગોંડળના રાણી રાજકુંવરબા.

૧૯૧૫–ફેબ્રુઆરી

૨ અમદાવાદ[1] : સુરેન્દ્ર મેઢને ત્યાં ભોજન.[2] ● સાંજે સરઘસ, સભા અને માનપત્ર, સ્થળ મનસુખભાઈની વાડી, પ્રમુખ સર ચીનુભાઈ. ● અગ્રેસરો સાથે વાતચીત—અમદાવાદમાં રહેવા સંબંધી.

૩ અમદાવાદ : શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં ભોજન. ● મોઢ જ્ઞાતિ તરફથી માનપત્ર, પ્રમુખ શેઠ મંગળદાસ. ● ચાપાણીનો જાહેર મેળાવડો. ● મુલાકાતો લીધી—મહીપતરામ અનાથાશ્રમ, વનિતા વિશ્રામ, સ્વદેશી સ્ટોર, શાહઆલમનો રોજો, દાદાભાઈ લાયબ્રેરી, આયુર્વેદિક ફાર્મસી વગેરે. ● મળવા ગયા—આશારામ દલીચંદ શાહ તથા સ્વામી અખંડાનંદને. ● આશ્રમ માટે જમીન જોવા ગયા. ● સર ચીનુભાઈને ત્યાં ભોજન.

૪ અમદાવાદ : થી નીકળ્યા. ⇕ નડિયાદ તથા વડોદરા સ્ટેશનોએ સ્વાગત. ⇕ મુંબઈ : રાત્રે પહોંચ્યા.

૫ થી ૬ મુંબઈ.

૭ મુંબઈ : દલિત વર્ગના છાત્રાલય અને શાળાની મુલાકાત. ● થી નીકળ્યા.

૮ પૂના : આવ્યા.[3] ઉતારો સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના મકાનમાં. ● મ્યુનિસિપાલિટી તરફથી જાહેર સત્કાર.

---

૧. સ્ત્રીઓ તરફથી કસ્તૂરબાને માનપત્ર. સ્થળ હાટકેશ્વર મહાદેવ.

૨. આ ભાઈ, ગાંધીજીના, દક્ષિણ આફ્રિકાની લડતના સાથી હતા. એથી ગાંધીજી અમદાવાદને પોતાનું 'તીર્થ' કહેતા.

૩. આધાર નં. ૮૭ના પાના ૫૧૧ ઉપર લખ્યું છે : 'આમ (મુંબઈ બંદરે ઊતર્યા પછી) મુંબઈમાં બેએક દિવસ રહી આરંભિક અનુભવો લઈ હું ગોખલેની આજ્ઞાથી પૂને ગયો'; અને પાના ૫૨૦ ઉપર લખ્યું છે 'રાજકોટથી હું શાંતિનિકેતન ગયો ' એટલે એ મુજબ પ્રવાસનો ક્રમ મુંબઈ, પૂના, મુંબઈ, રાજકોટ અને શાંતિનિકેતન બન્યો, પણ ખરેખર આ ક્રમ નહોતો. બીજા આધારો પરથી જણાય છે કે ક્રમ હતો—મુંબઈ, રાજકોટ, મુંબઈ, પૂના, મુંબઈ અને શાંતિનિકેતન.

૧૯૧૫-ફેબ્રુઆરી

૯ થી ૧૦ પૂના.

૧૧ પૂના : ડેક્કન સભા તરફથી સત્કાર સમારંભ, સ્થળ ફડકેની વાડી. ● લોકમાન્ય ટિળકની મુલાકાત.

૧૨ પૂના : ચન્દ્રમણી ઠાકોર[1] શાળાની મુલાકાત. ● સાર્વજનિક સભા તરફથી સત્કાર સમારંભ-લોકમાન્ય ટિળક હાજર હતા.

૧૩ પૂના : મુલાકાતો લીધી—કર્વેનું અનાથ બાલિકાશ્રમ, ફર્ગ્યુસન કૉલેજ અને આનંદાશ્રમ. ● જાહેરસભા–સ્થળ કિર્લોસ્કર થિયેટર, પ્રમુખ સરદાર નવરોજી પદમજી, લોકમાન્ય ટિળક હાજર હતા.

૧૪ મુંબઈ[2] : સનાતન ધર્મ નીતિશિક્ષણ પ્રવર્તક સમિતિ તરફથી યોજાયેલા ઈનામના મેળાવડામાં પ્રમુખપદે.[3]

૧૫ મુંબઈ : વરજીવનદાસ માધવદાસ કપોળ બોર્ડિંગ સ્કૂલની મુલાકાત.[4] ● થી રાત્રે નીકળ્યા.

૧૬ રસ્તામાં.

૧૭ શાંતિનિકેતન[5] : આવ્યા.

૧૮ થી ૧૯[6] શાંતિનિકેતન.

---

૧. સાક્ષર બળવંતરાય કલ્યાણરાય ઠાકોરના પત્ની.

૨. આજે, પારસી નાટક મંડળીના 'મસ્તાન મનીજેહ' નામના નાટકમાં ગાંધીજી હાજર રહેવાના હતા. હાજર રહ્યા હતા કે નહિ એ માહિતી મળી શકી નથી.

૩. 'કાઠિયાવાડ ટાઈમ્સ'ના તા. ૧૭-૨-૧૫ના અંકમાં આની તારીખ ૧૨-૨-૧૫ જણાવી છે, પણ એ બંધબેસતી નથી.

૪. 'પ્રજાબંધુ'માં આની તારીખ ૧૬-૨-૧૫ જણાવી છે, પણ એ બંધબેસતું નથી.

૫. કાકાસાહેબનો (કાકા કાલેલકરનો) અને કૃપલાનીનો પ્રથમ પરિચય અહીં થયો. ગાંધીજી આવ્યા ત્યારે કવિવર ટાગોર અહીં નહોતા.

૬. તા. ૧૯મીએ ગોખલેનું પૂનામાં અવસાન થયું.

૧૯૧૫–ફેબ્રુઆરી–માર્ચ

૨૦ શાંતિનિકેતન : સવારે ગોખલેના અવસાનનો તાર આવ્યો.[1] ● એક વર્ષ સુધી પગરખાં નહિ પહેરવાનું વ્રત લીધું. ● થી નીકળ્યા.

૨૧ રસ્તામાં.

૨૨ થી ૨૫ પૂના.

૨૬ પૂના : મામાસાહેબ ફડકે આવ્યા[2]

૨૭ પૂના : મરાઠીનો અભ્યાસ શરૂ કર્યો.

૨૮ પૂના.

માર્ચ

૧ થી ૨ પૂના.

૩ પૂના : ગોખલેના મૃત્યુ અંગેની શોકસભામાં ભાષણ, પ્રમુખ ગવર્નર લૉર્ડ વિલિંગ્ડન. ● થી નીકળ્યા.

૪ મુંબઈ : આવ્યા. આશ્રમ, અમદાવાદમાં જ સ્થાપવાનો વિચાર કર્યો. ● રાત્રે નીકળ્યા.[3]

૫ રસ્તામાં.

૬ શાંતિનિકેતન : આવ્યા. ● કવિવર ટાગોરની મુલાકાત.[4]

૭ થી ૧૦ શાંતિનિકેતન.

૧૧ શાંતિનિકેતન : થી નીકળ્યા.

૧૨ કલકત્તા : આવ્યા. ● ભવ્ય સત્કાર, ઘોડા છોડી નાંખી, લોકો ગાડી ખેંચી ગયા. ● રસ્તામાં સાધારણ બ્રાહ્મસમાજમાં શ્રીમતી કાદંબિની

---

૧. વિશ્વભારતી ત્રૈમાસિકના Gandhi Memorial Peace Number ના પાના ૩૨૮ ઉપર જણાવવામાં આવ્યું છે કે આ તાર તા. ૧૯ની સવારે મળ્યો, પરંતુ મૃત્યુ જ ૧૯મીની રાત્રે ૧૦–૨૫ વાગ્યે થયું હતું એટલે એ બંધબેસતુ નથી.

૨. આ એમનો પ્રથમ પરિચય હતો.

૩. આ દિવસની ડાયરીમાં ગાંધીજીએ લખ્યું છે 'સવારના મુંબઇ પહોંચ્યા ………મુંબઈ જવા રાતના નીકળ્યા.' આ બંધબેસતું નથી. 'બોલપુર જવા રાતના નીકળ્યા' એમ હોવું જોઇએ.

૪. કવિવર સાથેની આ કદાચ પહેલી મુલાકાત હશે.

૧૯૧૫–માર્ચ

ગાંગુલી તરફથી સત્કાર. ● ઉતારો ભુપેન્દ્રનાથ બસુને ત્યાં. ● ગુજરાતી મંડળ તરફથી માનપત્ર. ● મોઢ મંડળના આશ્રયે સત્કારસમારંભ, માનપત્ર, પ્રમુખ ગુલામ હુસેન ખરીફ (?)

૧૩ કલકત્તા[1] : કાસીમ બજારના મહારાજાને ત્યાં સત્કાર સમારંભ, પ્રમુખ મોતીલાલ ઘોષ, સુરેન્દ્રનાથ બેનરજી હાજર. ● ગાર્ડન પાર્ટી— ભૂપેન્દ્રનાથ બસુ તરફથી. ● મારવાડીઓની સભામાં.

૧૪ કલકત્તા : થી નીકળ્યા.

૧૫ થી ૧૬ રસ્તામાં.

૧૭ રંગૂન : બંદરે સત્કાર, લોકોએ ઘોડા છોડી નાંખ્યા અને ગાડી ખેંચી ગયા. એક જગ્યાએ મોતીથી વધાવ્યા. ● ઉતારો ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં.

૧૮ થી ૨૦ રંગૂન.

૨૧ રંગૂન : ચેટ્ટીના મંદિરની મુલાકાત.

૨૨ રંગૂન.

૨૩ રંગૂન : જાહેર સત્કાર સમારંભ.

૨૪ રંગૂન : ગાર્ડન પાર્ટી.

૨૫ રંગૂન.

૨૬ રંગૂન : થી નીકળ્યા.

૨૭ રસ્તામાં.

૨૮ કલકત્તા : સાંજે આવ્યા. ● ઉતારો સી. આર. દાસને ત્યાં.[3]

૨૯ કલકત્તા : શ્રી. દાસને ત્યાં મેળાવડો. ● હિંદુસભાનું માનપત્ર.

૩૦ કલકત્તા[2] : નૅશનલ કૉલેજના અધ્યાપકોની મુલાકાત.

---

૧. આજે કસ્તૂરબાનો સત્કાર સમારંભ, સ્થળ મેરી કાર્પેન્ટર્સ હૉલ, પ્રમુખ કાદંબિની ગાંગુલી.

૨. આધાર નં. ૬૬ના પાના ૧૩ ઉપર છપાયેલા ગાંધીજીના કાગળની તિથિ ફાગણ સુદ ૧૪, તા. ૩૦–૩–૧૫ અને સ્થળ પૂના જણાવ્યા છે, પરંતુ આ તારીખે ગાંધીજી પૂના નહોતા. ફાગણ સુદ ૧૪ની તારીખ ૨૮–૨–૧૫ બેસે છે અને આ દિવસે ગાંધીજી પૂના હતા.

૩. આધાર નં. ૨૩૪ના પા. ૭૬ ઉપર નામ એસ. આર. દાસ છે.

૧૯૧૫—માર્ચ—એપ્રિલ

૩૧ કલકત્તા : વિદ્યાર્થીઓની સભામાં, ત્રાસદાયક ચળવળને વખોડતું પ્રવચન; સ્થળ, સ્ટુડન્ટસ હોલ, કૉલેજ સ્કવેર; પ્રમુખ મિ. લાયન. ● થી નીકળ્યા. ⇕ શાંતિનિકેતન : રાત્રે આવ્યા, ટાગોર હાજર.

એપ્રિલ

૧ થી ૨ શાંતિનિકેતન.

૩ શાંતિનિકેતન : થી નીકળ્યા.

૪ રસ્તામાં.

૫ હરદ્વાર[1] : આવ્યા—ભારત સેવકસંઘની સેવા સમિતિના સરદાર હૃદયનાથ કુંઝરૂના હાથ નીચે, કુંભમેળામાં વ્યવસ્થા જાળવનાર સ્વયંસેવક તરીકે કામ કરવા. ● ઉતારો સરવણનાથના બગીચામાં. ● કાલીકમલીવાળા બાવા રામનાથની મુલાકાત.

૬ કાંગડી ગુરુકુળ : આવ્યા. ● મહાત્મા મુન્શીરામની[2] મુલાકાત.

૭ ઋષિકેશ, ⇕ લક્ષ્મણઝૂલા અને સ્વર્ગાશ્રમની મુલાકાત.

૮ કાંગડી ગુરુકુળ : જ્વાલાપુર મહાવિદ્યાલયની મુલાકાત. ● હિંદુસભાની કચેરીની મુલાકાત. ● ગુરુકુળ તરફથી માનપત્ર, મહાત્મા મુન્શીરામે સત્કાર પ્રવચન કર્યું.

૯ હરદ્વાર : અખિલ ભારત હિંદુ પરિષદમાં હાજર.

૧૦ હરદ્વાર : વ્રત લીધું—હિંદુસ્તાનમાં હોઉં ત્યારે ચોવીસ કલાકમાં પાંચ જ વસ્તુ ખાવી; એ પણ સૂર્યાસ્ત પહેલાં. આ પાંચમાં, પાણી ન ગણાય, પણ એલચી વગેરે ગણાય; ફળી અને તેનું તેલ એક જ વસ્તુ ગણાય.

---

૧. આધાર નં. ૭૧ના પાના ૩૯ ઉપર અને આધાર નં. ૭૨ના પાના ૪૧ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી સને ૧૯૧૪માં હરદ્વાર ગયા હતા; પણ એ ભૂલ છે.

૨. તા. ૨૨-૨-૧૭ના રોજ સન્યસ્ત લીધા પછી એ સ્વામી શ્રદ્ધાનંદ નામે ઓળખાતા. ગાંધીજી અને એમની વચ્ચે પત્ર-મિત્રનો સંબંધ હતો, પણ રૂબરૂ મુલાકાતનો આ પહેલો પ્રસંગ હતો.

૧૯૧૫ – એપ્રિલ

૧૧ હરદ્વાર[1] : મુલાકાત—મોહિની આશ્રમની અને રામકૃષ્ણ મિશનની. ● થી નીકળ્યા.

૧૨ દિલ્હી : આવ્યા, ઉતારો સેંટ સ્ટીફન્સ કૉલેજના આચાર્ય સુશીલ કુમાર રુદ્રને ત્યાં. ● કુતુબ મિનાર જોયો.

૧૩ દિલ્હી : આ કૉલેજના વિદ્યાર્થીઓના મેળાવડામાં હાજર. ● લાલ કિલ્લો જોયો. ● જાહેર સત્કાર સમારંભ, પ્રમુખ હકીમ અજમલ-ખાન, મૌલાના મહંમદઅલી બોલ્યા.

૧૪ દિલ્હી : થી નીકળ્યા. ⇕ વૃન્દાવન : આવ્યા. ● મુલાકાત—પ્રેમ મહાવિદ્યાલય, ગુરુકુળ, રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓ. ● થી નીકળ્યા. ⇕ મથુરા : આવ્યા અને નીકળ્યા.

૧૫ રસ્તામાં.

૧૬ રસ્તામાં : રેલવેમાં પોલીસની ‘દેખરેખ’ અને ‘પૂછપરછ’.

૧૭ મદ્રાસ : આવ્યા. ● સ્ટેશને સત્કાર, લોકો ઘોડા છોડી નાંખી ગાડી ખેંચી ગયા. ● ઉતારો નટેસનને ત્યાં. ● મિસિસ બીસંટની મુલાકાત.

૧૮ થી ૧૯ મદ્રાસ : અનેક મુલાકાતો.

૨૦ મદ્રાસ : મુલાકાતો(ચાલુ.)● સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની મુલાકાત.

૨૧ મદ્રાસ : ઇન્ડિયન સાઉથ આફ્રિકન લીગના આશ્રયે જાહેર સત્કાર સમારંભ અને માનપત્ર, પ્રમુખ ડૉ. સર એસ. સુબ્રહ્મણ્યમ્ આયર.

૨૨ મદ્રાસ : કૉસમૉપૉલિટન ક્લબમાં ચા પાર્ટી.[2]

---

૧. હરદ્વારમાં આ વસવાટ દરમિયાન

(૧) કેદારનાથજીએ ગાંધીજીને પહેલીવાર જોયા.

(૨) ‘સફાઈ અને સેવાકાર્ય’ વિષે નવ-સેવકો સમક્ષ ગાંધીજી બોલ્યા.

૨. ‘ઇન્ડિયન રિવ્યુ’ના સને ૧૯૧૫ના એપ્રિલ માસના અંકના પાના ૩૮૨ ઉપર આની તા. ૨૩ જણાવી છે, પરંતુ ગાંધીજીની ડાયરી મુજબ તા. ૨૨ છે. એને પ્રમાણભૂત માની છે.

૧૯૧૫-એપ્રિલ-મે

૨૩ મદ્રાસ : મહાજન સભા અને પ્રાંતિક સમિતિ તરફથી માનપત્ર, સ્થળ હુમાયુ મંઝીલ.[૧] ● રાત્રે તૈયબજીને[૨] ઘેર સૂતા.

૨૪ મદ્રાસ : વકીલ મંડળ તરફથી સત્કાર. ● મુસ્લિમ લીગ તરફથી સત્કાર, સ્થળ લોલી હોલ અંજુમન.

૨૫ મદ્રાસ : સોશિયલ સરવિસ લીગ તરફથી સત્કાર, સ્થળ રાનડે હોલ. ● સ્ત્રીઓની સભા. ● આર્ય વૈશ્ય સભા તરફથી સત્કાર, સ્થળ વસંત મંડપમ્ ● અભેદ ઐકય આનંદ સમાજમ્ તરફથી સત્કાર.

૨૬ મદ્રાસ : શ્રી નિવાસ આયંગર તરફથી સત્કાર અને સમારંભ.

૨૭ મદ્રાસ : Y.M.C.A. તરફથી વિદ્યાર્થીઓની સભા અને માનપત્ર; પ્રમુખ વી. એસ. શ્રી નિવાસ શાસ્ત્રી.

૨૮ મદ્રાસ : અદિયાર, પાચીઅપ્પા કોલેજની મુલાકાત. ● મિસીસ બીસંટને ત્યાં મેળાવડો.*

૨૯ મદ્રાસ£ : ગુજરાતીઓ તરફથી સત્કાર, સ્થળ પેટર્સ બાગ. (લાડ ગોવિંદદાસનું ઘર). ● થી નીકળ્યા.

૩૦ માયાવરમ્ : આવ્યા સવારે; ● થી નીકળ્યા ઘોડાગાડીમાં. ● રસ્તામાં પંચમ્ લોકો તરફથી માનપત્ર. ⇕ ટ્રાંકવેબાર : આવ્યા. ઉતારો સેલવન નાઈકરને ત્યાં.+

મે

૧ ટ્રાંકવેબાર, ⇕ રામપુરમ્, ⇕ તેલીપાડી. ⇕ ટ્રાંકવેબાર : થી નીકળ્યા. ⇕ માયાવરમ્ : માનપત્ર.[૩] ● થી નીકળ્યા, રાત્રે.

---

૧. એજ માસિકના મે માસના અંકના પાના ૪૯૨ ઉપર આની તા. ૨૯ જણાવી છે. પરંતુ ગાંધીજીની ડાયરી મુજબ અને 'હિંદુ' પત્ર મુજબ તા. ૨૩ છે, એને પ્રમાણભૂત માની છે.

૨. અબ્બાસ તૈયબજીના સાળા ફૈઝહસન બદરૂદ્દીન તૈયબજી હશે.

૩. આ તારીખ ગાંધીજીની ડાયરીમાંથી લીધી છે, 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૧૫ના મે માસના અંકના પાના ૪૯૨ ઉપર તથા 'હિંદુ'ના તા. ૩-૫-૧૫ના અંકમાં આની તારીખ ૨-૫-૧૫ જણાવી છે. પણ ગાંધીજીની ડાયરીને પ્રમાણભૂત માની છે.

* આધાર નં. ૨૯૧માં એક એવી નોંધ છે કે અડયાર વસાહતમાં હરિજનોની શાળા, બીજા મકાનોની સજાવટના પ્રમાણમાં સાવ ભૂખડીબારસ દેખતાં ઉદ્વેગ છતાં, ત્યાં રાત રહેવાનું માંડી વાળ્યું હતું.

£ મદ્રાસના આ રોકાણ દરમિયાન રાજા ગોપાલાચાર્યની પ્રથમ મુલાકાત થઈ હશે.

+ આ માણસનું દક્ષિણ આફ્રિકામાં, ગોળીબારથી અવસાન થયું હતું

૧૯૧૫–મે

૨ મદ્રાસ : આવ્યા. ● વિદ્યાર્થીઓ સાથે ચર્ચા.

૩ મદ્રાસ : થી નીકળ્યા. ⇕ નેલૂર : આવ્યા. ઉતારો દીવાનબહાદુર રામચંદ્ર રાવને ત્યાં.

૪ નેલૂર : એકવીસમી મદ્રાસ પ્રાન્તીય રાજકીય પરિષદમાં હાજર. ● તેલુગુ ભાષામાં ભજવાયેલું પ્રહ્લાદાખ્યાન જોયું.

૫ નેલૂર : પરિષદમાં પ્રવચન. ● સોશિયલ કોન્ફરન્સમાં હાજર. ● સનાતન ધર્મ પરિષદમાં હાજર.

૬ નેલૂર : રાજકીય પરિષદમાં હાજર. ● સોશિયલ કોન્ફરન્સમાં હાજર. ● વિદ્યાર્થીઓ તરફથી માનપત્ર; જવાબમાં સોશિયલ કોન્ફરન્સમાં સ્વયંસેવક તરીકે કામ કરનાર વિદ્યાર્થીઓને ધન્યવાદ આપ્યો.

૭ નેલૂર : થી નીકળ્યા. ⇕ મદ્રાસ : આવ્યા, ઉતારો નટેસનને ત્યાં. ● સાવકાર પેટ લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન કર્યું. ● સાઉથ આફ્રિકન લીગની સભામાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડત અંગેના ફાળાનો હિસાબ રજૂ કર્યો અને પ્રવચન કર્યું. ● સગુણ વિલાસ સભાનો, તામિલ ભાષામાં ભજવાયેલો હરિશ્ચન્દ્રનો ખેલ જોયો. ● થી નીકળ્યા.

૮ બંગારપેઠ : સ્ટેશને ગુજરાતીઓ તરફથી સત્કાર. ⇕ બેંગલોર : આવ્યા. ● ગોખલેની છબીની અનાવરણ વિધિ કરી, સ્થળ સરકારી હાઇસ્કૂલ. ● પ્રજા તરફથી માનપત્ર, સ્થળ લાલબાગ. ● દીવાનસાહેબની મુલાકાત.

૯ રસ્તામાં.

૧૦ મુંબઈ : આવ્યા; ઉતારો સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના મકાનમાં. ● થી નીકળ્યા.

૧૧ અમદાવાદ : જીવણલાલ વ્રજરાય દેસાઈ સાથે કોચરબમાં આવેલું એમનું મકાન[1] જોવા ગયા. ● ખરચ વગેરેનો તારીજો કરીને શેઠ મંગળદાસને આપ્યો.

---

૧. (૧) આ એ જ મકાન કે જેમાં કોચરબ આશ્રમ સ્થાપવામાં આવ્યો હતો.
(૨) ફિનિક્સવાળું મંડળ અત્યાર સુધી શાંતિનિકેતન હતું. તે, અત્યાર અગાઉ અમદાવાદ આવી ગયું હતું.

૧૯૧૫-મે

૧૨ થી ૧૩ અમદાવાદ.

૧૪ થી અમદાવાદ : થી નીકળ્યા.

૧૫ થી ૧૮ રાજકોટ.[1]

૧૯ લીંબડી : આવ્યા સવારે સાડાચાર વાગ્યે. ● ઉતારો પ્રતાપ વિલા મહેલમાં. ● ઠાકોરસાહેબની મુલાકાત લીધી, સવારે સાત વાગ્યે. ● સરઘસ ૮ વાગ્યે. ● લોકો તરફથી માનપત્ર ૯-૩૦ વાગ્યે, ઠાકોરસાહેબ હાજર. ● બપોરે ઠાકોરસાહેબ મળવા આવ્યા. સાંજે મુલાકાતો—અનાથાશ્રમની, કસબાના કારખાનાની અને હાથ-વણાટ સંસ્થાની. ● રાત્રે ઠાકોરસાહેબ ફરીથી મળવા આવ્યા.

૨૦ અમદાવાદ : આવ્યા સવારે. ● નવા ઘેર (કોચરબ આશ્રમ) ટોપી પહેરીને વાસ્તુ કર્યું.

૨૧ અમદાવાદ : નાનાલાલ કવિ મળવા આવ્યા.

૨૨ અમદાવાદ : નવા ઘેર (કોચરબ આશ્રમમાં) રહેવા ગયા.

૨૩ થી ૨૪ અમદાવાદ (નવા ઘેર).

૨૫ અમદાવાદ : કોચરબ આશ્રમની સ્થાપના.[2]

૨૬ થી ૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : મણિલાલ કોઠારી મળવા આવ્યા.

૨૯ *અમદાવાદ.

૩૦ અમદાવાદ : સરકસવાળા પ્રો. રામમૂર્તિ મળવા આવ્યા.

૩૧ અમદાવાદ.

---

૧. દરમિયાન તા. ૧૬મીએ અલીભાઇઓ ઉપર નજરકેદનો હુકમ ફરમાવવામાં આવ્યો. એમના 'કોમરેડ' પત્રના તા. ૧૬-૯-૧૪ના (બીજા આધારમાં તા. ૨૬-૯-૧૪ના) અંકમાં 'તુર્કોની પસંદગી' નામનો લેખ વાંધાભર્યો લાગવાથી એમણે ભરેલી રૂપિયા બે હજારની જામીનગીરી જપ્ત કરવામાં આવી હતી અને નવી રૂપિયા દસ હજારની માગવામાં આવી હતી. એટલે પત્ર બંધ પડયું હતું. એના અનુસંધાનમાં આ હુકમ ફરમાવવામાં આવ્યો.

૨. (૧) આને માટે કોઈમાં ૨૦મી તારીખ છે, કોઈમાં ૨૨મી છે અને કોઈમાં ૨૩મી છે. પરંતુ ઘણાખરા આધારોમાં તા. ૨૫મી છે. તેથી એ માન્ય રાખી છે.

(૨) આધાર નં. ૯૫ના પાના ૫ ઉપર સાબરમતી આશ્રમ સ્થપાયો એમ લખ્યું છે, પણ એ ભૂલ છે.

*સુરતમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ગાંધીજીનો સંદેશો વાંચવામાં આવ્યો.

૧૯૧૫-જૂન

૧ અમદાવાદ : આશ્રમમાં રહેતાં છોકરાંઓમાં જૂઠ માલૂમ પડવાથી ઉપવાસ; જૂઠ કબુલાઈ; સાંજે જમ્યા. ● રામમૂર્તિનું સરકસ જોવા ગયા.

૨ અમદાવાદ.

૩ [અમદાવાદ].

૪ અમદાવાદ : કૈસરે હિંદ ચાંદ મળ્યાની ખબર આવી.[1]

૫ અમદાવાદ.

૬ અમદાવાદ : વાત્રરીઓની શાળાનાં બાળકો મળવા આવ્યાં.

૭ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : થી નીકળ્યા.

૧૧ પૂના : આવ્યા.

૧૨ પૂના : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના દસમા સ્થાપના દિનની ઉજવણીમાં હાજર.

૧૩ પૂના : આ સંસ્થા સમક્ષ ટૂંકો હેવાલ રજૂ કર્યો.[2]

૧૪ મુંબઈ : આવ્યા. ● રતનચંદજી સાધુને[3] મળ્યા.

૧૫ મુંબઈ : થી નીકળ્યા.

૧૬ થી ૨૫ અમદાવાદ.

૨૬ મુંબઈ : ⇕ પૂના : કૈસરે હિંદનો ચાંદ લીધો. ● થી રાત્રે નીકળ્યા. ત્રીજા વર્ગના રેલવેના ડબ્બામાં સોલ્જરો હતા. એ પેસવા ન દે અને બૅયોનેટ બતાવે. 'કુછ ફિકર નહિ' કહેતા ડબ્બામાં ઘૂસ્યા અને એક સોલ્જરના પગ પાસે બેસી ગયા.

૨૭ મુંબઈ.

---

૧. આને લગતી સરકારી જાહેરાત તા. ૩જી એ બહાર પડી હતી.

૨. શાના વિષે હેવાલ હતો એ માહિતી મળી નથી.

૩. સ્થાનકવાસી લીંબડી સંઘાડાના સાધુ, જેઓ શતાવધાની તરીકે જાણીતા હતા.

૧૯૧૫-જૂન-જુલાઈ

૨૮ થી ૨૯ અમદાવાદ.[1]

૩૦ [અમદાવાદ].

જુલાઈ

૧ થી ૩ [અમદાવાદ].

૪ અમદાવાદ[2] : પ્રેમાભાઇ હૉલમાં, ડૉ. મહાદેવ પ્રસાદે, ગુજરાત સાહિત્ય સભાના આશ્રયે, 'આરોગ્ય અને વૈદકનું સાહિત્ય'એ વિષય ઉપર આપેલા ભાષણમાં પ્રમુખપદે.

૫ અમદાવાદ : રમણભાઈ નીલકંઠ આશ્રમ જોવા આવ્યા. ● અમૃતલાલ ઠક્કર આવ્યા.

૬ થી ૭ અમદાવાદ.

૮ [અમદાવાદ].

૯ અમદાવાદ.

૧૦ પૂના : પંદરમી મુંબઈ પ્રાંતિક પરિષદમાં હાજર.

૧૧ પૂના : પરિષદમાં ગોખલેના મૃત્યુ અંગેના શોકની દરખાસ્તને અનુમોદન આપ્યું ● લોકમાન્ય ટિળકને મળ્યા. ● વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન; પ્રમુખ રમણભાઈ નીલકંઠ.

૧૨ પૂના : અનાથ વિદ્યાર્થી આશ્રમની મુલાકાત.

૧૩ મુંબઈ : નાગજી સ્વામીની મુલાકાત.

૧૪ અમદાવાદ : નાગજી સ્વામી મળવા આવ્યા, રહ્યા, વ્યાખ્યાન આપ્યું.

૧૫ થી ૧૭ અમદાવાદ.

૧૮ [અમદાવાદ].

૧૯ થી ૨૨ અમદાવાદ.

૨૩ [અમદાવાદ].

૨૪ અમદાવાદ : રાયપુર દરવાજા બહાર આવેલા શાહ વાડીલાલ ખેડીદાસના હાથસાળના કારખાનાની મુલાકાત લીધી.

૨૫ થી ૩૧ અમદાવાદ.

---

૧. દરમિયાન તા. ૨૮મીએ મામાસાહેબ ફડકે આશ્રમમાં દાખલ થયા.

૨. મહાદેવભાઈ અને નરહરિભાઈની ગાંધીજી સાથે આજે પહેલી મુલાકાત.

૧૯૧૫-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૧ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : તામિલ શીખવાની વિશેષ શરૂઆત કરી.

૧૧ થી ૧૩ અમદાવાદ.

૧૪ થી ૧૫ અમદાવાદ : કરુણાશંકર માસ્તર[1] મળવા આવ્યા-બંને દિવસ

૧૬ થી ૨૬ અમદાવાદ.

૨૭ [અમદાવાદ].

૨૮ અમદાવાદ.

૨૯ [અમદાવાદ].

૩૦ થી ૩૧ અમદાવાદ.

સપ્ટેમ્બર

૧ અમદાવાદ : આજે જન્માષ્ટમી. વાઘરી તથા બીજી પછાત કોમના વિદ્યાર્થીઓ આશ્રમની મુલાકાતે આવ્યા; ગાંધીજીએ ફળાહાર કરાવ્યો અને બોધ આપ્યો.

૨ થી ૩ [અમદાવાદ].

૪ અમદાવાદ : સાંજે, પ્રેમાભાઇ હૉલમાં, દાદાભાઇ નવરોજીની ૯૧મી વર્ષગાંઠની ઉજવણીની સભામાં ભાષણ.[2]

૫ થી ૭ અમદાવાદ.

૮ [અમદાવાદ].

૯ થી ૧૦ અમદાવાદ.

૧૧ અમદાવાદ : હરિજન દુદાભાઈ માલજી દાફડાને આશ્રમમાં દાખલ કર્યા.[3]

---

૧. કરૂણાશંકર કુબેરજી.

૨. આ માહિતી 'પ્રજાબંધુ'ના તા. ૧૨-૯-૧૫ના અંકમાંથી લીધી છે. એ જ પત્રના તા. ૫-૯-૧૫ના અંકમાં જણાવ્યું છે કે આ સભાના પ્રમુખસ્થાને ગાંધીજી હતા, પરંતુ તા. ૧૨મીના અંકમાં જણાવ્યું છે કે આ સ્થાને જીવણલાલ વ્રજરાય દેસાઈ હતા. ગાંધીજીની ડાયરીમાં, ભાષણ આપ્યું એટલી જ નોંધ છે.

૩. આશ્રમમાં દાખલ થવા માટે એમણે તા. ૬-૯-૧૫ના રોજ મુંબઈથી અરજી મોકલી હતી.

૧૯૧૫-સપ્ટેમ્બર

મહા કંકાસ. આશ્રમવાસી પૈકી કેટલાકે આજે ભોજન છોડયું. ગાંધીજીએ પણ ન ખાધું. એક આશ્રમવાસીએ બીડી પીધી તેથી ઉપવાસ શરૂ કર્યો.

૧૨ અમદાવાદ : ઉપવાસ ચાલુ. ● નાગજી સ્વામીને મળ્યા.

૧૩ થી ૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ[૧] : વહેલી સવારે, સાક્ષર નરસિંહરાવ ભોળાનાથ મળવા આવ્યા. Lead Kindly Light નામના ભજનનું ગુજરાતી ભાષાંતર કરી આપવા એમને વિનંતિ કરી. ● કમિશનરને ત્યાં પાર્ટી હતી એમાં હાજર.[૨]

૧૬ થી ૧૯ અમદાવાદ.

૨૦ મુંબઈ : એન્ડ્રુઝ અને પિયર્સનને લેવા આવ્યા. ● હરિજનનો વસવાટો જોયા.

૨૧ અમદાવાદ : આ બંનેને લઈને આવ્યા.[૩]

૨૨ અમદાવાદ.

૨૩ [અમદાવાદ].

૨૪ અમદાવાદ.

૨૫ [અમદાવાદ].

૨૬ અમદાવાદ : દુદાભાઈ એમનાં પત્નીને લઈને આવ્યા.

૨૭ અમદાવાદ : કાકાસાહેબ (કાકા કાલેલકર) આવ્યા.

૨૮ થી ૨૯ અમદાવાદ.

૩૦ મુંબઈ : દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહ ફાળાની સમિતિની બેઠકમાં હાજર. ● નટરાજને મળવા ગયા.

---

૧ આજે, દુદાભાઈ, એમનાં પત્ની દાનીબાઇને લેવા ગયા

૨. આ માહિતી ગાંધીજીની ડાયરીમાંથી લીધી છે એમાં, શાની પાર્ટી હતી એ જણાવ્યું નથી. 'પ્રજાબંધુ'ના તા ૧૯-૯-૧૫ના અંક પરથી જણાય છે કે લડાઈ અંગે સ્ત્રીઓ તરફથી શરૂ કરવામાં આવેલા ફાળાના કાર્યકર્તાઓનો એક મેળાવડો કમિશનરે તા. ૧૫મીએ યોજ્યો હતો. ગાંધીજી કદાચ આ જ મેળાવડામાં ગયા હશે.

૩. એ જ રાત્રે એ બંને ગયા.

૧૯૧૫-ઑક્ટોબર

૧ અમદાવાદ : વાલજી ગોવિન્દજી દેસાઈ મળવા આવ્યા.

૨ અમદાવાદ.

૩ થી ૪ અમદાવાદ.

૫ અમદાવાદ : સાંજે, પ્રેમાભાઈ હૉલમાં, કલેક્ટરના પ્રમુખપદે મળેલી, દુષ્કાળ સંકટ નિવારણ અંગેની જાહેરસભામાં બોલતાં, કામ કરવા માટે નિમાયેલી સમિતિ (જેમાં એમનું પોતાનું નામ પણ હતું તે) જાતે બધે ફરી લોકોને આશ્વાસન અને રાહત આપે એવો અનુરોધ કર્યો.

૬ થી ૯ અમદાવાદ.

૧૦ સોજીત્રા : છાત્રાલયની મુલાકાત. ⇕ પેટલાદ : છાત્રાલયની મુલાકાત. ⇕ અમદાવાદ.

૧૧ થી ૧૨ અમદાવાદ.

૧૩ થી ૧૬ [અમદાવાદ].

૧૭ અમદાવાદ.

૧૮ [અમદાવાદ].

૧૯ અમદાવાદ.

૨૦ અમદાવાદ : સાંજે, પ્રેમાભાઈ હૉલમાં, પંડિત મુનિશ્રી નાગજી સ્વામીના 'ધર્મનું ખરું સ્વરૂપ' ઉપરના ભાષણ પછી વક્તાનો આભાર માન્યો.

૨૧ થી ૨૨ અમદાવાદ.

૨૩ અમદાવાદ : નરસિંહરાવ Lead Kindly light નું ગુજરાતી ભાષાંતર લઈને આવ્યા.

૨૪ અમદાવાદ : રાત્રે એ વિશે એમની સાથે ચર્ચા કરી.[૧]

૨૫ થી ૨૭ અમદાવાદ.

---

૧. આ ભજનનું ગુજરાતી ભાષાંતર 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી. ....' આ ભજન સાબરમતી આશ્રમમાં દર શુક્રવારે સાંજની પ્રાર્થનામાં ગવાતું.

૧૯૧૫—ઑક્ટોબર—નવેમ્બર

૨૮ મુંબઈ[૧] : ઍમ્પાયર થિયેટરમાં, ગિરમીટ પદ્ધતિ[૨] અંગેની વ્યાખ્યાનમાળામાંનું પહેલું વ્યાખ્યાન આપ્યું. પ્રમુખ સર ઈબ્રાહીમ રહીમતુલ્લા.[૩]

૨૯ થી ૩૦ અમદાવાદ.[૪]

૩૧ અમદાવાદ : જમનાલાલ બજાજ મળવા આવ્યા.[૫]

નવેમ્બર

૧ થી ૫[૬] અમદાવાદ.

૬ અમદાવાદ : ઈન્દુલાલ યાજ્ઞિક મળવા આવ્યા.

૭ અમદાવાદ.

૮ અમદાવાદ : કારતક સુદ ૧ વિક્રમ સંવત મુજબ બેસતું વર્ષ. મિલ-મજૂરોનાં બાળકોની શાળાના વિદ્યાર્થીઓને નોતર્યા.

---

૧. 'પ્રજાબંધુ'ના તા. ૭-૧૧-૧૫ના અંક પરથી જણાય છે કે ગાંધીજીની પ્રેરણાથી મુંબઇમાં Imperial Indian Citizenship Association સ્થપાયું છે; અને આ મંડળ, પરદેશમાં રહેતા હિંદીઓનું માન જળવાય એવી તજવીજ કરશે. સ્થાપનાની ચોક્કસ તારીખ મળી શકી નથી.

૨. હિંદ બહાર, બ્રિટિશ સંસ્થાનોમાં કામ કરવા માટે કરારપત્રથી બંધાઇને જવાની પદ્ધતિ. આ કરારપત્રને 'ઍગ્રીમેન્ટ' કહેતા. એ શબ્દનો અપભ્રંશ થઇને 'ગિરમીટ' શબ્દ બન્યો. આવા મજૂરોનું પહેલું જૂથ નાતાલમાં તા. ૧૬-૧૧-૧૮૬૦ના રોજ પહોંચ્યું હતું.

૩. આધાર નં. ૯૨ના ભાગ ૧ના પાના ૨૦૩-૨૦૪ ઉપરથી એમ લાગે છે કે આ ભાષણ ઈન્દુલાલ યાજ્ઞિકે ગોઠવ્યું હતું; (જોકે એમાં ગેઇટી થિયેટરનો ઉલ્લેખ છે.) આ પુસ્તકમાં એમ પણ જણાવ્યું છે કે સભાસ્થાને જવા માટે વાહનનો બંદોબસ્ત કરવાનું, ધમાલને લીધે ઈન્દુલાલ ભૂલી ગયા હતા, ગાંધીજી ચાલતા ગયા; પણ રાત્રે, સ્ટેશને જતી વખતે ઇન્દુલાલે વાહનનો બંદોબસ્ત કર્યો. ગાંધીજી સાથેની આ એમની પહેલી મુલાકાત હતી.

૪. અત્યાર અગાઉ અમદાવાદના ડિસ્ટ્રીક્ટ મૅજિસ્ટ્રેટે આશ્રમની મુલાકાત લીધી હતી. ચોક્કસ તારીખ મળી શકી નથી.

૫. આ એમની પહેલી મુલાકાત હશે.

૬. તા. પાંચમીએ ફિરોજશાહ મહેતાનું અવસાન થયું.

૧૯૧૫—નવેમ્બર

૯ થી ૧૦ અમદાવાદ.

૧૧ અમદાવાદ : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીવાળા ડૉ. હરિ શ્રીકૃષ્ણ દેવ આવ્યા.

૧૨ [અમદાવાદ].

૧૩ અમદાવાદ : ડૉ. દેવના ભાષણમાં હાજર, સ્થળ આશ્રમ, વિષય ગોખલેનો અંતકાળ.

૧૪ અમદાવાદ : સ્વ. શેઠ પ્રેમચંદ મોતીચંદ દિગંબર જૈન બોર્ડિંગ શાળાના વાર્ષિક સમારંભમાં ઉપદેશ, પ્રમુખ, મગનભાઈ ચતુરભાઈ પટેલ. ● સ્વ. ફિરોજશાહ મહેતા બાબતની મિટીંગમાં ભાગ લીધો.[1]

૧૫ અમદાવાદ[2] : સાંજે, પ્રેમાભાઈ હૉલમાં, ફિરોજશાહ મહેતાના અવસાન અંગેની શોકસભામાં બોલ્યા, પ્રમુખ, સર ચુનીભાઇ. ● ગુજરાત સભાના[3] નિયમો ઘડવા, ગોવિંદરાવ પાટીલને ત્યાં મળેલી બેઠકમાં ભાગ લીધો. ગાંધીજી ઉપપ્રમુખ ચૂંટાયા.

૧૬ થી ૧૯ અમદાવાદ : તબિયત નરમ.

૨૦ [અમદાવાદ].

૨૧ અમદાવાદ : રવિશંકર વ્યાસ (મહારાજ) મળવા આવ્યા.[4] ● સાંજે પાંચ વાગ્યે, પ્રેમાભાઈ હૉલમાં, રાજચન્દ્ર જયંતીની સભામાં પ્રમુખપદે.[5] ખૂબ ઘોંઘાટ. ગાંધીજીએ સત્યાગ્રહની ધમકી આપી ત્યારે શાંતિ સ્થપાઈ.

---

૧. આ માહિતી ગાંધીજીની ડાયરીમાંથી લીધી છે. આને અંગેની જાહેરસભા બીજે દિવસે થઈ હતી. એટલે આજે જે મિટીંગ થઈ હશે તે, સભા વિશેની પ્રાથમિક ચર્ચા અંગે હશે. ડાયરીમાં તા. ૧૫ની સભા વિશે કાંઇ ઉલ્લેખ નથી !

૨. પંડિત સુખલાલજી આ અરસામાં ગાંધીજીને પહેલી વખત મળ્યા હશે.

૩. ગુજરાત સભા નામની સંસ્થા કોંગ્રેસ કમિટી તરીકે કામ કરતી હતી.

૪. આ એમની પહેલી મુલાકાત હતી.

૫. (૧) 'નવજીવન અને સત્ય'ના સને ૧૯૧૫ના ડિસેમ્બરના અંકના પાના ૨૮૩ ઉપર આની તારીખ ૨૦ જણાવી છે, પરંતુ 'પ્રજાબંધુ'માં અને

૧૯૧૫-નવેમ્બર-ડિસેમ્બર

૨૨ અમદાવાદ : આ જયંતી નિમિત્તે સાંજે આશ્રમમાં ભાષણ.

૨૩ થી ૨૬ અમદાવાદ.

૨૭ [અમદાવાદ].

૨૮ અમદાવાદ : પ્રેમાભાઈ હૉલમાં, સાંજે ચાર વાગ્યે શહેરના પહેલા આઈ. સી. એસ. નાનાલાલ ચીમનલાલ મહેતાને જાહેર માનપત્ર, પ્રમુખસ્થાને સર ચીનુભાઈ, ગાંધીજીએ આઈ. સી. એસ. અને ખિતાબધારીઓને ચીમકી આપતું ભાષણ કર્યું.

૨૯ [અમદાવાદ].

૩૦ અમદાવાદ.

ડિસેમ્બર

૧ અમદાવાદ ⇕ વીરમગામ : લોકોને મળ્યા. ⇕ વઢવાણ : લોકોને મળ્યા. ⇕ રાજકોટ : આવ્યા.

૨ રાજકોટ.

૩ વાંકાનેર[1] : સત્કાર અને સરઘસ ● જાહેર સભા, સ્થળ હાઈસ્કૂલ, ગોખલે સ્મારક ફાળા માટે માંગણી કરી ● જેલ તથા હાથવણાટ શાળાની મુલાકાત. ⇕ રાજકોટ આવ્યા.

૪ ગોંડળ : આવ્યા. સ્ટેશને સત્કાર. ● ઉતારો દીવાનસાહેબને ત્યાં. ● ઠાકોરસાહેબની મુલાકાત. ● સાંજે દીવાનસાહેબના પ્રમુખપદે જાહેર સભા.

૫ જેતપુર : બગસરાના વાજસુરવાળાના પ્રમુખપદે કન્યાશાળામાં ભાષણ.

ગાંધીજીની ડાયરીમાં તા. ૨૧ જણાવી છે. વળી પૂનમ પણ આજે હતી એ સ્વીકારી છે.

(૨) આધાર નં. ૯૮ના પાના ૪૬ ઉપર છપાયેલા, મામાસાહેબ ફડકેએ લખેલા 'આશ્રમ જીવનનાં સંસ્મરણો' નામના લેખમાં, આ સભા સને ૧૯૧૬માં થઈ હતી એમ જણાવ્યું છે, પરન્તુ એ બંધબેસતું નથી.

૧. કસ્તૂરબાને માનપત્ર.

૧૯૧૫-ડિસેમ્બર

૬ વરતેજ.

૭ ભાવનગર : સ્ટેશને સ્વાગત, સરઘસ, ગાડીના ઘોડા છોડી નાંખવા દેવા ના પાડી. ● ઉતારો સરકારી નાકુ બાગમાં. ● વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ.

૮ ભાવનગર : સાંજે આલ્બર્ટ વિકટર ચોગાનમાં, સર પ્રભાશંકર પટ્ટણીના પ્રમુખપદે જાહેર સભા, માનપત્ર, ભાષણ.

૯ ભાવનગર : બોર્ડિંગના મેળાવડામાં હાજર. ● મોઢ રાત્રીશાળા તરફથી માનપત્ર. ● જાહેર માનપત્ર. રૂપાની રકાબી તથા ફૂલદાનીની ભેટ. ગાંધીજી કહે 'હું આને શું કરું ? મારે અપરિગ્રહનો નિયમ છે. આને વેચીને ઉપજેલાં નાણાંનો આશ્રમમાં ઉપયોગ કરીશ.'

૧૦ ભાવનગર : મહારાજાની મુલાકાત લીધી. ● શામળદાસ કોલેજની મુલાકાત લીધી. ⇕ અમરેલી ⇕ આવ્યા, જાહેર મેળાવડો અને માનપત્ર.

૧૧ અમરેલી : જેલ, નિશાળો વગેરેની મુલાકાત.

૧૨ અમરેલી. ⇕ હડાળા ⇕ બગસરા : મેળાવડામાં હાજર, સ્થળ રતિલાલ મોતીચંદનું કારખાનું.

૧૩ લીંબડી : આવ્યા.[૧] ● નાનચંદજી મહારાજની મુલાકાત.[૨]

૧૪ લીંબડી : ઠાકોરસાહેબના પ્રમુખપદે જસવંતસિંહજી હાઈસ્કૂલમાં સભા. ⇕ વઢવાણ : આવ્યા; સરઘસ.

૧૫ વઢવાણ શહેર : જાહેર સત્કાર. ● મ્યુનિસિપલ વંડામાં સભા ⇕ વઢવાણ કેમ્પ : સત્કાર, સભા. ⇕ ધ્રાંગધ્રા : રાજસાહેબના પ્રમુખપદે હાઈસ્કૂલમાં મેળાવડો.

---

૧. 'પ્રજાબંધુ'ના તા. ૧૯-૧૨-૧૫ના અંકમાં પા. ૧૯ ઉપર લીંબડી આવ્યાની તા. ૧૪મી જણાવી છે, પરન્તુ ગાંધીજીની ડાયરીમાં તા. ૧૩ છે, અને એ સ્વીકારી છે.

૨. સ્થાનકવાસી લીંબડી સંઘાડાના સાધુ, જેઓ સંતબાલજીના ગુરુ છે.

૧૯૧૫-ડિસેમ્બર

૧૬ ધ્રાંગ્રધ્રા[1] : મોઢ જ્ઞાતિ તરફથી માનપત્ર. ⇕ વીરમગામ : જાહેર સભા.
⇕ અમદાવાદ : આવ્યા.

૧૭ થી ૨૦ અમદાવાદ.

૨૧ મુંબઈ : ઉતારો મારવાડી વિદ્યાલયમાં.

૨૨ મુંબઈ[2]

૨૩ [મુંબઈ].

૨૪ મુંબઈ : સર દોરાબજી જે. તાતાના પ્રમુખપદે મળેલી ઔદ્યોગિક પરિષદમાં, ગિરમીટ પદ્ધતિ બંધ કરવા માટે હિંદી સરકારે, હિંદી પ્રધાનને ભલામણ કરી એ માટે આભાર માનતો ઠરાવ રજૂ કર્યો.

૨૫ મુંબઈ : અખિલ હિંદ ભાટિયા પરિષદમાં હાજર, સ્થળ, એમ્પાયર થિયેટર. ● કોંગ્રેસ પ્રમુખ સત્યેન્દ્ર પ્રસન્ન સિંહાને સ્ટેશને લેવા ગયા.

૨૬ ⊙[મુંબઈ].

૨૭ મુંબઈ : કોંગ્રેસની બેઠકમાં હાજર.

૨૮ મુંબઈ : આજની બેઠકમાં 'હિંદ અને સંસ્થાનો' ઉપર ગુજરાતીમાં બોલ્યા.

૨૯ મુંબઈ : આજની બેઠકમાં હાજર.

૩૦ *મુંબઈ : સાંસારિક પરિષદમાં હાજર● મુસ્લિમ લીગની બેઠકમાં હાજર.

૩૧ મુંબઈ.

---

૧. કાઠિયાવાડનો આ પ્રવાસ મુખ્યત્વે ગોખલે સ્મારક ફાળો ઉઘરાવવા માટે હતો.

૨. ડૉ. સુમંત મહેતા અને શંકરલાલ બેંકરનો પ્રથમ પરિચય થયો.

⊙ આજે મુંબઈમાં હિન્દુ કૉન્ફરન્સ મળી. ગાંધીજી હાજર હતા કે નહિ એ માહિતી મળી નથી.

* આજે મુંબઇમાં મિતપાન પરિષદ મળી. ગાંધીજી હાજર હતા કે નહિ એ માહિતી મળી નથી.

૧૯૧૬–જાન્યુઆરી

૧ અમલસાડ, ⇕ કછોલી, ⇕ જખવાડા. ⇕ ગડત ⇕ સાલેજ : ઉતારો પ્રાગજી ખંડુભાઈ દેસાઈને ત્યાં.[૧]

૨ સુરત : આવ્યા સવારે. ● આર્યસમાજ મંદિર ખુલ્લું મૂક્યું. ● એના વાર્ષિક મેળાવડામાં પ્રમુખપદે. ● મુલાકાતો—અશક્તાશ્રમ તથા બાલાશ્રમ. ⇕ અડાજણ.

૩ સુરત : મહાવીર જૈન બોર્ડિંગનું ઉદ્‌ઘાટન. ● મુલાકાતો—વનિતા વિશ્રામ અને પાટીદાર બોર્ડિંગ. ⇕ ડુમસ. ⇕ સુરત : જાહેર સભા સ્થળ પ્રિન્સેસ થિયેટર. ⇕ નવસારી.

૪ કીમ. ⇕ તડકેશ્વર, ⇕ કઠોર. ⇕ મોટા વરાછા.

૫ નવસારી : સત્કાર, સરઘસ. ● કોળી કોમ તરફથી માનપત્ર. ● મુલાકાતો—દાબુ પારસી જનરલ હૉસ્પિતાલ, મહેતા સુવાવડખાનું, ઇન્ડસ્ટ્રીઅલ સ્કૂલ, દાબુ સ્ટુડન્ટ્સ ક્વાર્ટર્સ. ⇕ અમદાવાદ.

૬ થી ૧૨ (અમદાવાદ).

૧૩ અમદાવાદ : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં જોડાવા અનિચ્છા દર્શાવતો પત્ર લખ્યો.

૧૪ થી ૧૫ [અમદાવાદ].

૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : ⇕ બાવળા : જનહિતાર્થ કાર્યાલય (સાર્વજનિક દવાશાળા)ના ઉત્સવનો ત્રીજો દિવસ. એમાં હાજર. સરઘસ, માનપત્ર અને ભાષણ. ⇕ અમદાવાદ.

૧૮ થી ૨૧ (અમદાવાદ).

૨૨ [અમદાવાદ].

૨૩ અમદાવાદ : ⇕ નડિયાદ : ઉતારો હિંદુ અનાથાશ્રમમાં. ● ધર્મનીતિની પરીક્ષામાં પાસ થનારને એમના હાથે ઇનામો અપાયાં. ● વનિતા

---

૧. આ ભાઈ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં ગાંધીજીના સાથી હતા. એથી ગાંધીજી આ ગામને પોતાનું 'તીર્થ' કહેતા.

૧૯૧૬-જાન્યુઆરી-ફેબ્રુઆરી

વિશ્રામની મુલાકાત. ● લલિતાશ્રમમાં[1] લાયબ્રેરી ખુલ્લી મૂકી. ● સરધસ અને માનપત્ર. ⇕ અમદાવાદ.

૨૪ [અમદાવાદ].

૨૫ થી ૩૦ (અમદાવાદ).

૩૧ [રસ્તામાં].

ફેબ્રુઆરી

૧ રસ્તામાં.

૨ બનારસ : સત્કાર.

૩ બનારસ : વિશ્વનાથ મંદિરે જઈ દર્શન કર્યાં.

૪ બનારસ.

૫ બનારસ : નાગરી પ્રચારિણી સભા સમક્ષ ભાષણ.

૬ બનારસ[2] : હિંદુ યુનિવર્સિટીના મકાનની શિલારોપણ વિધિના[3] પ્રસંગે ગોઠવાયેલી વ્યાખ્યાનમાળા મુજબ સાંજે ભાષણ આપ્યું. ગાંધીજી, દેશના હિંસાવાદીઓના આત્મસમર્પણનાં વખાણ કરતા હતા ત્યારે એની બીકે, અને એમનું અનુકરણ કરીને રાજા-મહારાજાઓએ સભાત્યાગ કર્યો.[4] ભાષણ અધૂરું રહ્યું. આત્મસમર્પણ કરવા છતાં, હિંસાવાદીઓની રીત ખોટી હતી એ કહેવાની તક ગાંધીજીને ન મળી[4].

---

૧. સાક્ષર ગોવર્ધનરામનાં પત્નીનું નામ આ સંસ્થા સાથે જોડાયેલું છે.

૨. વિનોબાજીએ ગાંધીજીને પહેલ વહેલા જોયા.

૩. આ વિધિ વાઈસરૉયના હાથે તા. ૪-૨-૧૬ના રોજ થઈ હતી.

૪. એમના પૈકી સભા નહિ ત્યાગ કરનાર એકલા નાભાના મહારાજ હતા.

૫. આધાર નં. ૩૯ના પાના ૩૧૭ ઉપર, આધાર નં. ૧૨૯ના ભાગ ૧ ના પાના ૨૧૯ ઉપર. આધાર નં. ૬૫ના પાના ૩૨૧-૩૩૦ ઉપર, આધાર નં. ૬૧ના પાના ૩૨ ઉપર, આધાર નં ૪૫ ના ભાગ ૫ ની પ્રસ્તાવનાના પાના ૫ ઉપર, આધાર નં. ૨૩૯ના પાના ૩૩૦ ઉપર, વગેરે સ્થળોએ, આ બનાવ બન્યાની તા. ૪-૨-૧૬ જણાવી છે. પરંતુ આ દિવસે તો વાઈસરૉયનું ભાષણ થયું હતું, અને સાધારણ રીતે એ દિવસે બીજા કોઈનું ભાષણ હોય નહિ.

૧૯૧૬–ફેબ્રુઆરી

૭ બનારસ[1] : આગલા દિવસે બનેલા પ્રસંગનો ઉલ્લેખ કરી પોતાના અહિંસા તરફી વલણની સ્પષ્ટતા કરતો પત્ર, એ સભાના પ્રમુખ, દરભંગાના રાજાને લખ્યો.

૮ રસ્તામાં.

૯ થી ૧૧ મુંબઈ.

૧૨ રસ્તામાં.

૧૩ મદ્રાસ.

૧૪ મદ્રાસ : ખ્રિસ્તી પાદરીઓની સભામાં 'સ્વદેશી' ઉપર ભાષણ.

૧૫ મદ્રાસ.

૧૬ મદ્રાસ : વિક્ટોરિયા હૉસ્ટેલના છાત્રો તરફથી માનપત્ર. ● Y. M. C. A. સમક્ષ ભાષણ, પ્રમુખ રેવ. જી. પિટેન્ડરાઈટ. ● હરિજનવાસની મુલાકાત. ● સોશિયલ સરવિસ લીગની વાર્ષિક સભામાં પ્રવચન.[2]

૧૭ મદ્રાસ : થી નીકળ્યા.

૧૮ રસ્તામાં.

વળી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ની મુંબઈની આવૃત્તિના તા. ૮-૨-૧૬ના અંક પરથી, 'કાઠિયાવાડ ટાઈમ્સ'ના તા. ૧૬-૨-૧૬ના અંક પરથી, 'ખેડા વર્તમાન'ના તા. ૧૬-૨-૧૬ના અંક પરથી, તા. ૧૬-૨-૧૬ના Sind Journal માં આવેલા Tribune ના ઉતારા પરથી, A. P. I. ના તા. ૧૦-૨-૧૬ના હેવાલ પરથી, વગેરે પરથી જણાય છે કે આ પ્રસંગ તા. ૬-૨-૧૬ના રોજ બન્યો હતો. આ તારીખ પ્રમાણભૂત માની છે.

૧. આધાર નં. ૧૨૬ના ભાગ ૧ના પાના ૨૨૬ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી બનારસથી તા. ૫-૨-૧૬ ના રોજ નીકળ્યા હતા. પરંતુ આ બંધ-બેસતું નથી.

૨. આધાર નં. ૩૯ના પાના ૩૭૩ ઉપર આની તા. ૧૦-૨-૧૬ જણાવી છે પણ એ બંધ બેસતું નથી. વળી 'હિંદ' પત્રમાં તા. ૧૬-૨-૧૬ જણાવી છે અને એ સ્વીકારી છે.

૧૯૧૬–ફેબ્રુઆરી

૧૯ **પૂના** : ગોખલેની સંવત્સરી નિમિત્તે યોજાયેલી સભામાં ભાષણ, સ્થળ કિર્લોસ્કર થિયેટર, પ્રમુખ હોરમસજી અરદેશર વાડિયા. ● મુંબઈમાં આજે સ્થપાનારી ભગિની સમાજ અંગે સંદેશો મોકલ્યો.

૨૦ (પૂના).

૨૧ મુંબઈ.

૨૨ અમદાવાદ : ગુજરાત પ્રાન્તિક રાજકીય પરિષદ ભરવા અંગે ગુજરાત કલબમાં ચર્ચા.

૨૩ અમદાવાદ : હિંદી સ્ત્રીઓની યુનિવર્સિટી અંગે, સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ તરફથી, પ્રેમાભાઈ હૉલમાં અપાયેલા, પ્રો. ઢોંડો કેશવ કર્વેના ભાષણમાં પ્રમુખપદે.

૨૪ અમદાવાદ : થી નીકળ્યા.

૨૫ રસ્તામાં.

૨૬ મીરપુરખાસ : આવ્યા, સત્કાર. ⇕ હૈદરાબાદ (સિંધ) : આવ્યા બપોરે, સાથે હતા પુત્ર રામદાસ અને વાલજી ગોવિન્દજી દેસાઈ, સરઘસ, ઠેરઠેર સ્વાગત. ● ઉતારો પ્રેમસીંગને ત્યાં. ● સાંજે શહેરીઓ તરફથી માનપત્ર, સ્થળ હોમસ્ટેડ હૉલ, પ્રમુખ ઑન. મિ. ભુરગ્રી.

૨૭ હૈદરાબાદ : ગોખલેની છબીની અનાવરણ વિધિ કરી, સ્થળ હોમસ્ટેડ હૉલ, પ્રમુખ મથુરાદાસ રામચંદ્ર વકીલ. ● બ્રહ્મચર્યાશ્રમની મુલાકાત.

૨૮ હૈદરાબાદ : મુલાકાતો–યંગ સીટીઝન્સ એસોસિયેશન, નારીશાળા, નવ વિદ્યાલય હાઈસ્કૂલ, કુંદનમલ ગર્લ્સ સ્કૂલ. કુ. ગુ. મીરચંદાણી[૧] ● ગુજરાતીઓ તથા દક્ષિણીઓ તરફથી સત્કાર સમારંભ. ● શીતળા ટાંકવા વિશે વાર્તાલાપ. ● સાંજે જેલની મુલાકાત લેવા ગયા પરંતુ અંદર જવા પરવાનગી મળી નહિ.

૨૯ હૈદરાબાદ : થી નીકળ્યા. ⇕ કરાંચી : આવ્યા, સ્વાગત, સરઘસ, માનપત્ર. ● ગોખલેની છબીની અનાવરણ વિધિ. સ્થળ ખલિકદીના હૉલ.

---

૧. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૧૯૧૬–માર્ચ

૧ કરાંચી : ગાર્ડન પાર્ટી.

૨ કરાંચી[1] : ગુજરાતી સ્ત્રીઓના મેળાવડા સમક્ષ ભાષણ, સ્થળ હાલાઈ લોહાણા મહાજન વાડી. ● સીટીઝન્સ એસોસિયેશનના સભ્યોને સંબોધન. ● આશ્રમ જીવન વિશે ભાષણ, સ્થળ ખલિકદીના હૉલ. ● થી નીકળ્યા.

૩ હૈદરાબાદ, ⇕ બદીન ⇕ લુવારી.[2]

૪ હૈદરાબાદ : સ્ત્રીઓ સમક્ષ પ્રવચન. ● જેલના 'કારખાના'ની મુલાકાત લેવાની રજા મળતાં તે લીધી.

૫ સક્કર.

૬ સક્કર : થી નીકળ્યા. ⇕ શિકારપુર : જાહેર સભા. ● ગોખલેની છબીની અનાવરણ વિધિ.

૭ લારખાના.

૮ અમદાવાદ : બહેરાં–મૂંગાંની શાળાની મુલાકાત.

૯ થી ૧૧ [અમદાવાદ].

૧૨ થી ૧૩ રસ્તામાં.

૧૪ થી ૧૯ કાંગડી ગુરુકુળ.

૨૦ કાંગડી ગુરુકુળ : ગુરુકુળના વાર્ષિક મહોત્સવ અંગે 'કેળવણી કેવી હોવી જોઈએ' એ વિશે ભાષણ.

૨૧ [હરદ્વાર].

૨૨ દહેરાદૂન.

૨૩ દહેરાદૂન : થી નીકળ્યા. ⇕ હરદ્વાર : દયાનંદ ઍંગ્લો વેદિક સ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

૨૪ (હરદ્વાર).

---

૧. કરાંચીના વસવાટ દરમિયાન મોઢ જ્ઞાતિ તરફથી એમનો સત્કાર થયો હતો, અને એમણે વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા; પરંતુ આ પ્રસંગોની ચોક્કસ તારીખો મળી શકી નથી.

૨. ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંના કેટલાક અસીલો લુવારીના પીરના ભક્તો હતા. એમના આગ્રહથી ત્યાં ગયા હતા.

૧૯૧૬-માર્ચ-એપ્રિલ

૨૫ થી ૨૬ (રસ્તામાં)
૨૭ થી ૨૯ (અમદાવાદ).
૩૦ અમદાવાદ.
૩૧ અમદાવાદ : ગુજરાત પ્રાન્તિક રાજકીય પરિષદ ભરવા અંગે ગુજરાત સભા તરફથી બોલાવેલી સભામાં પ્રમુખપદે, સ્થળ પ્રેમાભાઈ હૉલ.

એપ્રિલ

૧ થી ૪ (અમદાવાદ)
૫ અમદાવાદ : ડૉ. સુમંત મહેતા તથા ડૉ. હરિપ્રસાદ દેસાઈ મળવા આવ્યા.
૬ [અમદાવાદ]
૭ અમદાવાદ : ડૉ. સુમંત મહેતા તથા ડૉ. હરિપ્રસાદ મળવા આવ્યા.
૮ થી ૧૨ (અમદાવાદ).
૧૩ અમદાવાદ.
૧૪ અમદાવાદ : ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના (હાલની વિદ્યાસભાના) આજીવન સભ્ય થવા માટે અરજી કરી. એમાં લખ્યું 'હું પેટ-વડીએ કામ કરતો શિક્ષક છું એટલે માસિક ત્રીસ રૂપિયાના પગારની અંદરનો શિક્ષક ગણાઉં એમ માનું છું. તેથી રૂપિયા પચીસ મોકલ્યા છે'.[1] ⇕ નડિયાદ.
૧૫ [અમદાવાદ].
૧૬ અમદાવાદ : ગોવિન્દરાવ પાટિલના મૃત્યુ અંગેની શોકસભામાં બોલ્યા; સ્થળ પ્રેમાભાઈ હૉલ.
૧૭ થી ૧૯[2] [અમદાવાદ].
૨૦ અમદાવાદ.
૨૧ થી ૨૪[3] (અમદાવાદ).
૨૫ થી ૨૬ રસ્તામાં.

---

૧. આ સંસ્થાના આજીવન સભ્યપદની ફી સામાન્ય રીતે રૂ. ૫૦ હતી, પરંતુ સ્ત્રીઓ માટે અને માસિક રૂ. ૩૦ સુધીના પગારના શિક્ષકો માટે રૂ. ૨૫ હતી.

૨. દરમિયાન તા. ૧૯મીએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગાંધીજીને સંસ્થાના માનદ્ આજીવન સભ્ય બનાવ્યા, અને એમણે મોકલેલા રૂ. ૨૫ તા. ૨૬-૪-૧૬ના રોજ પાછા મોકલ્યા.

૩. દરમિયાન તા. ૨૩મીએ, લોકમાન્ય ટિળકે પોતાની હોમરૂલ લીગ સ્થાપી. બીજા એક આધારમાં આની તા. ૨૮મી છે.

૧૯૧૬-એપ્રિલ-મે-જૂન

૨૭ [બેળગાંવ].

૨૮ બેળગાંવ.

૨૯ બેળગાંવ : મુંબઈ પ્રાંતિક રાજકીય પરિષદ મિ. ખાપરડેના પ્રમુખપદે મળી એમાં હાજર.[1]

૩૦[2] બેળગાંવ : પરિષદ (ચાલુ)માં હાજર. ● જાહેર સભા.

મે

૧ બેળગાંવ[3] : પરિષદ (ચાલુ) માં બોલ્યા.

૨ થી ૩ રસ્તામાં.

૪ થી ૧૨ (અમદાવાદ).

૧૩ અમદાવાદ.

૧૪ થી ૨૦ (અમદાવાદ).

૨૧ અમદાવાદ.

૨૨ [અમદાવાદ].

૨૩ અમદાવાદ.

૨૪ થી ૩૧ (અમદાવાદ).

---

૧. આધાર નં. ૧૪૮ના પાન ૩૩૬ ઉપર જણાવ્યું છે કે આ પરિષદ તા. ૨૭ થી ૨૯ ભરાઈ હતી, અને એમાં ગાંધીજી, ખાસ નિમંત્રણથી હાજર રહ્યા હતા. પરંતુ 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૧૧ના મે માસના અંકના પાના ૩૫૨ પરથી, 'કેસરી' (મરાઠી)ના તા. ૨-૫-૧૬ના અંક પરથી, અને 'મરાઠા' (અંગ્રેજી)ના તા. ૩૦-૪-૧૬ના અંક પરથી એમ જણાય છે કે પરિષદ તા. ૨૯ના રોજ શરૂ થઈ હતી, તથા 'પ્રજાબંધુ'ના તા. ૭-૫-૧૬ના અંક પરથી જણાય છે કે ગાંધીજી તા. ૧-૫-૧૬ના રોજ બોલ્યા હતા. તેથી આ તારીખો પ્રમાણભૂત માની છે.

૨. આ માસમાં મુંબઈમાં, લખમસી રાયસીના મકાનમાં વેપારીઓ તરફથી ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું, અને ગાંધીજીએ એમને શિખામણ આપી હતી. તારીખ મળી શકી નથી.

૩. બેળગાંવના વસવાટ દરમિયાન ટિળક સાથે ખાનગી મુલાકાત થઈ.

૧૯૧૬-જૂન

૧ થી ૨ (અમદાવાદ).

૩ અમદાવાદ : ન્યાતજાતનાં મંડળોની પરિષદમાં હાજર; સ્થળ પ્રેમાભાઈ હૉલ; પ્રમુખ ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી.

૪ અમદાવાદ : પરિષદ (ચાલુ)માં ભાષણ.[1]

૫ થી ૬ [અમદાવાદ].

૭ અમદાવાદ : વિનોબાજી આવ્યા.[2]

૮ થી ૧૦ (અમદાવાદ).

૧૧ રસ્તામાં.

૧૨ પૂનાઃ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સ્થાપના દિનની સભામાં હાજર.

૧૩ (પૂના).

૧૪ રસ્તામાં.

૧૫ અમદાવાદ.

૧૬ થી ૧૭ [અમદાવાદ].

૧૮ અમદાવાદ : હિંદી પ્રેસ ઍક્ટ અને હિંદી રાજ્ય બંધારણના કાયદાના સુધારા સામે વાંધો ઉઠાવવા ગુજરાત સભા તરફથી બોલાવાયેલી સભામાં પ્રમુખપદે, સ્થળ પ્રેમાભાઈ હૉલ.

૧૯ [અમદાવાદ].

૨૦ અમદાવાદ : આર્યસમાજ તરફથી અપાતી વ્યાખ્યાનમાળા અંગે શાસ્ત્રી મણિશંકરે આપેલા 'શું આપણે સુખી છીએ?' એ વિષય ઉપરના ભાષણ વખતે પ્રમુખપદે, સ્થળ પ્રેમાભાઈ હૉલ.

૨૧ થી ૨૨ (અમદાવાદ).

૨૩ અમદાવાદ.

૨૪ મુંબઈ : હિંદી પત્રકાર મંડળના આશ્રયે બોલાવેલી સભામાં ભાષણ, પ્રમુખ હૉર્નિમેન.[3]

---

૧. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૩ના પાના ૨૭૭ ઉપર આની તા. ૫-૬-૧૬ની જણાવી છે, પણ એ ભૂલ છે.

૨. આ એમની પહેલી મુલાકાત હતી.

૩. Bombay Chronicle ના તંત્રી. એ અંગ્રેજ હતા અને હિંદના હિતૈષી હતા.

૧૯૧૬-જૂન-જુલાઈ-ઑગસ્ટ

૨૫ [અમદાવાદ].

૨૬ અમદાવાદ : પ્રાંતિક રાજકીય પરિષદ બોલાવવા અંગે ગોઠવણ કરવા મળેલી ગુજરાત સભાની બેઠકમાં હાજર.

૨૭ થી ૨૯[1] [અમદાવાદ].

૩૦ અમદાવાદ.[2]

જુલાઈ

૧ થી ૨ [અમદાવાદ].

૩ અમદાવાદ.

૪ થી ૧૫ (અમદાવાદ).

૧૬ અમદાવાદ.

૧૭ થી ૨૬[3] (અમદાવાદ).

૨૭ અમદાવાદ : 'સત્યાગ્રહનું રહસ્ય' વિષે પ્રવચન, સ્થળ આશ્રમ.

૨૮ થી ૨૯ (અમદાવાદ).

૩૦ અમદાવાદ.

૩૧[4] (અમદાવાદ).

ઑગસ્ટ

૧ થી ૫ (અમદાવાદ).

૬ અમદાવાદ.

૭ (અમદાવાદ).

૮ અમદાવાદ.

૯ થી ૧૧ [અમદાવાદ].

૧૨ થી ૨૦ અમદાવાદ.

૨૧ થી ૨૬ (અમદાવાદ).

૨૭ અમદાવાદ.

૨૮ થી ૩૧ (અમદાવાદ).

---

૧. દરમિયાન તા. ૨૯મીએ, મુંબઈ સરકારે, એની બીસંટના, મુંબઈ ઈલાકામાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો.

૨. અત્યાર અગાઉ મણિલાલે, હરિલાલને મદદરૂપ થવા થોડા પૈસા મોકલી આપ્યા હતા. એની જાણ થતાં ગાંધીજીએ ત્રણ ઉપવાસ કર્યા હતા.

૩. આ અરસામાં દર રવિવારે થોરોના જીવન વિશે ચર્ચા કરતા.

૪. એલન ઑક્ટેવિયન હ્યુમનું અવસાન થયું. એ હિન્દી કોંગ્રેસની સ્થાપનાથી એના મંત્રી હતા.

૧૯૧૬—સપ્ટેમ્બર—ઑક્ટોબર

૧ થી ૨[1] (અમદાવાદ).

૩ અમદાવાદ.

૪ અમદાવાદ : દાદાભાઈની જન્મ જયંતીની ઉજવણીની સભામાં ભાષણ.

૫ થી ૮ (અમદાવાદ).

૯ થી ૧૦ અમદાવાદ.

૧૧ થી ૧૩ (અમદાવાદ).

૧૪ અમદાવાદ.

૧૫ થી ૧૬ [અમદાવાદ].

૧૭ અમદાવાદ.

૧૮ થી ૨૩ (અમદાવાદ).

૨૪ અમદાવાદ.

૨૫ થી ૨૬ (અમદાવાદ).

૨૭ અમદાવાદ.

૨૮ થી ૩૦ (અમદાવાદ).

ઑક્ટોબર

૧ અમદાવાદ.

૨ થી ૬ (અમદાવાદ).

૭ થી ૮ અમદાવાદ : સ્ત્રી કેળવણી સંમેલનમાં હાજર અને સંયુક્ત કેળવણીની વિરુદ્ધમાં બોલ્યા 'મારા હાથ દાઝ્યા છે' ; પ્રમુખ વિદ્યાબહેન નીલકંઠ.

૯ થી ૧૪ (અમદાવાદ).

૧૫ અમદાવાદ.

૧૬ થી ૧૯ (અમદાવાદ).

૨૦ અમદાવાદ : હોમરૂલ લીગની સ્થાનિક શાખાના આશ્રયે મળેલી સભામાં પ્રમુખપદે.

---

૧. દરમિયાન તા. ૧લીએ ઍની બીસંટે પોતાની હોમરૂલ લીગ સ્થાપી.

૧૯૧૬—ઑક્ટોબર—નવેમ્બર

૨૧ અમદાવાદ : સોળમી પ્રાંતિક રાજકીય પરિષદ ભરાઈ[૧]; પ્રમુખપદ સ્વીકારવા ઝીણાને વિનંતી કરતું ભાષણ કર્યું.[૨]

૨૨ અમદાવાદ : પરિષદ (ચાલુ); ઍની બીસન્ટ ઉપર, મધ્ય પ્રાંત અને મુંબઈ પ્રાંતમાં પ્રવેશ કરવા સામે પ્રતિબંધ ફરમાવતા હુકમનો વિરોધ કરતો ઠરાવ મૂક્યો.[૩]

૨૩ અમદાવાદ : પરિષદ (ચાલુ); ગિરમીટ પદ્ધતિનો વિરોધ કરતો ઠરાવ મૂક્યો.[૪] ● સર ચીમનલાલ સેતલવાડના પ્રમુખપદે મળેલી, પહેલી ગુજરાત કેળવણી પરિષદમાં,[૫] 'માતૃભાષા દ્વારા શિક્ષણ' અંગે બોલતાં, રાજકીય પરિષદમાં, શેઠ મંગળદાસ અંગ્રેજીમાં બોલ્યા હતા તે સામે સખત અણગમો દર્શાવ્યો. ● રઘુનાથ પુરુષોત્તમ પરાંજપેના પ્રમુખપદે મળેલી ચોથી પ્રાંતિક સંસારસુધારા પરિષદમાં અંત્યજોદ્ધાર વિષે પ્રવચન કર્યું.

૨૪ અમદાવાદ : કેળવણી પરિષદના અંતે પ્રમુખનો આભાર માનતો ઠરાવ મૂક્યો.

૨૫ થી ૨૮ (અમદાવાદ).

૨૯ થી ૩૦ અમદાવાદ.

૩૧ [અમદાવાદ].

નવેમ્બર

૧ અમદાવાદ.

૨ અમદાવાદ : મજૂર બાળકોની શાળાની મુલાકાત.

૩ થી ૪ (અમદાવાદ).

૫ અમદાવાદ.

૬ થી ૮ (અમદાવાદ).

૯ વઢવાણ : શ્રીમદ્ રાજચન્દ્રની જયંતીની ઉજવણીમાં ભાષણ; સ્થળ લીંબડી દરબારનો ઉતારો; પ્રમુખપદે આનંદશંકર ધ્રુવ.

---

૧. સત્કાર મંડળના પ્રમુખપદેથી શેઠ મંગળદાસે અંગ્રેજીમાં ભાષણ કર્યું.

૨. લોકમાન્ય ટિળક હાજર હતા.

૩. એ જ ૪. એ જ ૫. એ જ

૧૯૧૬—નવેમ્બર- ડીસેમ્બર

૧૦ થી ૧૧ [અમદાવાદ].

૧૨ ઉમરેઠ : સ્વાગત અને સરઘસ. ● ઉતારો ઠાકર ઉત્તમરામ મયારામને ત્યાં. ● જાહેર સભામાં પ્રવચન; સ્થળ સંતરામનું મંદિર. ● ગોખલેની છબીની અનાવરણ વિધિ કરી અને પુસ્તકાલય ખુલ્લું મૂક્યું.[1] ● હરિજન વાસમાં વણકરોની મુલાકાત. ⇕ ડાકોર: દર્શન કરી આવ્યા.

૧૩ મુંબઇ : પોલકનું[2] સ્વાગત કરવા આવ્યા.

૧૪ થી ૧૫ મુંબઈ.

૧૬ મુંબઈ : પોલકને સન્માનવા સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના મકાનમાં મળેલી સભાના પ્રમુખપદે.

૧૭ અમદાવાદ : આવ્યા; સાથે પોલક પતિ–પત્ની અને મેઢ.

૧૮ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : પોલક અને મેઢને સન્માનવાની સભામાં હાજર; સ્થળ પ્રેમાભાઈ હૉલ.

૨૩ થી ૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : ડૉ. સુમંત મહેતા, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, વગેરે સાથે સામાજિક સુધારા વિષે ચર્ચા.

૨૭ થી ૩૦ (અમદાવાદ).

ડિસેમ્બર

૧ થી ૭ (અમદાવાદ).

૮ મુંબઈ : પોલકના માનમાં થયેલા મેળાવડામાં હાજર. સ્થળ પ્રેસીડન્સી એસો.ની રૂમ.

---

૧. આધાર નં. ૧૧૯ના પાના ૬૨ થી ૬૭ ઉપર છાપવામાં આવેલા આ પ્રસંગના ભાષણની સાલ ૧૯૧૭ જણાવી છે. પરંતુ એ બંધબેસતું નથી.

૨. આ અંગ્રેજ ગૃહસ્થ, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના હાથ નીચે કાયદાનો અભ્યાસ કરતા હતા. પાછળથી બંને ગાઢ મિત્રો બની ગયા હતા. ત્યાંની સત્યાગ્રહની લડતમાં એમણે ભાગ લીધો હતો અને બહુ કીંમતી સેવા બજાવી હતી. ત્યાંના હિંદીઓના (ગાંધીજીએ શરૂ કરેલા) મુખપત્ર 'ઇન્ડિયન ઓપિનિયન'ના ૧૯૦૬ થી ૧૯૧૪ સુધી તંત્રી હતા. એ મુંબઈ બંદરે તા. ૧૬મી ઉતર્યા.

૧૯૧૬—ડિસેમ્બર

૯ થી ૧૦ (અમદાવાદ).

૧૧ અમદાવાદ : સાબરમતી આશ્રમની જમીનનો સૌથી પહેલો ટુકડો ખરીદવાના બાનાખત માટે સ્ટેમ્પ ખરીદ્યો.[૧]

૧૨ થી ૨૦ અમદાવાદ.

૨૧ રસ્તામાં.

૨૨ અલાહાબાદ: મૂર કોલેજમાં ભાષણ, પ્રમુખ માલવિયાજી. વિષય-અર્થશાસ્ત્ર અને નૈતિક વિકાસ (પ્રગતિ)

૨૩ અલાહાબાદ : જાહેરસભા, પ્રમુખ માલવિયાજી, સ્થળ મુન્શી રામપ્રસાદનો બગીચો. ● થી નીકળ્યા.

૨૪ થી ૨૫ લખનૌ.[૨]

૨૬ થી ૨૭ લખનૌ : કોંગ્રેસની બેઠકમાં હાજર.[૩]

૨૮ લખનૌ : કોંગ્રેસની બેઠકમાં હાજર. ● કોંગ્રેસ અને લીગના નેતાઓની ખાનગી બેઠકમાં હાજર.

૨૯ લખનૌ : કોંગ્રેસની બેઠક (ચાલુ) માં હાજર. ● ભારતવર્ષીય એકલિપી અને એકભાષા પરિષદના પ્રમુખપદે.[૪]

૩૦ લખનૌ : કોંગ્રેસની બેઠકમાં હાજર. ● મુસ્લિમ લીગની બેઠકમાં હાજર.

૩૧ લખનૌ : મુસ્લિમ લીગની બેઠકમાં સંસ્થાનોમાં વસતા હિંદીઓ વિશે ભાષણ.[૫]

---

૧. આ આશ્રમ વિખેરી નાખવાનો નિર્ણય લીધા પછી તા. ૨૬-૭-૩૩ના રોજ સરકારને લખેલા કાગળમાં ગાંધીજીએ જણાવ્યું—'Present site of the Ashram was bought in 1916'. પણ બાનાખત જ તા. ૩૧-૫-૧૭ના રોજ થયું હતું; એટલે આ શબ્દોનો એટલો જ અર્થ થઇ શકે કે ખરીદીની વાત કદાચ ૧૯૧૬માં પાકી થઈ હશે.

૨. આ અરસામાં બાબુ ભગવાનદાસનો પરિચય થયો.

૩. પંડિત જવાહરલાલનો પ્રથમ મેળાપ અહીં થયો.

૪. કદાચ તા. ૨૮ હોય અગર ૨૯ પણ હોય.

૫. (૧) 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૧૭ના જાન્યુઆરીના અંકના પાના ૧૬ ઉપર આની તારીખ ૧-૧-૧૭ જણાવી છે પણ એ ભૂલ લાગે છે.

(૨) આ અરસામાં ગાંધીજીના ચશ્મા ખોવાયા.

૧૯૧૭– જાન્યુઆરી—ફેબ્રુઆરી

૧ રસ્તામાં.

૨ થી ૩ અમદાવાદ

૪ થી ૫ [અમદાવાદ].

૬ અમદાવાદ : એસ્થર ફેરિંગ તથા ઍની મેરી પિન્ટર્સન મળવા આવ્યા.[1]

૭ થી ૧૮ અમદાવાદ.

૧૯ થી ૨૨ [અમદાવાદ].

૨૩ થી ૨૯ (અમદાવાદ).

૩૦ થી ૩૧[2] અમદાવાદ.

ફેબ્રુઆરી

૧ અમદાવાદ : 'સ્ત્રીઓ અને સમાજસેવા'ની પ્રસ્તાવના લખી.

૨ થી ૩ અમદાવાદ.

૪ અમદાવાદ : ગિરમીટથી બંધાઈને બ્રિટિશ સંસ્થાનોમાં જતા હિંદી મજૂરોનો કાયદો રદ કરવા અંગેની પ્રેમાભાઈ હૉલમાં મળેલી જાહેર સભામાં પ્રમુખપદે.

૫ અમદાવાદ.

૬ થી ૭ (દિલ્હી).

૮ રસ્તામાં.

૯ મુંબઈ[3] : ગિરમીટ પદ્ધતિ બંધ કરવા અંગેની, ઍક્સેલસિયર થિયેટરમાં મળેલી જાહેર સભામાં બોલ્યા; પ્રમુખ સર જમશેદજી જીજીભાઈ.[4] ● શંકરલાલ બૅન્કર મળવા આવ્યા. ● સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના મકાનમાં, અમદાવાદ સત્યાગ્રહ આશ્રમનાં મકાનો બાંધવા અંગે ચર્ચા કરી.

---

૧. આ બંને બાઇઓ ડેનમાર્કની વતની હતી.

૨. 'નવજીવન અને સત્ય'ના સને ૧૯૧૭ના જાન્યુઆરીના અંક પરથી જણાય છે કે ગાંધીજીએ અને પોલકે રાત્રીશાળાઓની તથા કળા-કૌશલ્ય અને હુન્નર-ઉદ્યોગની સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ પ્રસંગોની ચોક્કસ તારીખો મળી શકી નથી.

૩. (૧) કિશોરલાલ મશરૂવાળાનો ગાંધીજી સાથે પ્રથમ પરિચય આજે થયો.

(૨) આજે મણિભુવનમાં ઉતારો હશે. અને ભવિષ્યમાં, છેક ૧૮-૬-૩૪ સુધી અમુક અપવાદ સિવાય અહીં જ મુકામ રાખ્યો હશે.

૪. પોલક હાજર હતા.

૧૯૧૭—ફેબ્રુઆરી

૧૦ મુંબઈ.

૧૧ મુંબઈ : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના મકાનમાં અંત્યજોની એક ખાનગી સભામાં હાજર. ● ગિરમીટ પદ્ધતિ નાબૂદીની સભામાં પ્રમુખપદે; સ્થળ શાંતારામની ચાલી.[1]

૧૨ [મુંબઈ].

૧૩ (મુંબઈ).

૧૪ રસ્તામાં.

૧૫ થી ૧૭[2] દિલ્હી.

૧૮ ગોધરા : આવ્યા, ઉતારો વામન મુકાદમને ત્યાં.

૧૯ ગોધરા : ગોખલે સંવત્સરી અંગેની સભામાં પ્રમુખસ્થાને, સ્થળ સુથારની વાડી.

૨૦ ગોધરા : ગિરમીટ પદ્ધતિ વિશે ભાષણ, સ્થળ સુથારની વાડી. ● 'સ્વરાજની યોજના' વિષે ઈન્દુલાલ યાજ્ઞિકના ભાષણમાં પ્રમુખપદે. ● થી નીકળ્યા.

૨૧ થી ૨૨ [અમદાવાદ].

૨૩ અમદાવાદ : સ્ટુડન્ટ્સ બ્રધરહૂડના આશ્રયે, વિદ્યાબહેન નીલકંઠના પ્રમુખપદે, આનંદભુવન થિયેટરમાં શ્રીમતી સરોજિની નાઈડુને સન્માનવાના સમારંભમાં બોલ્યા.

૨૪ અમદાવાદ : શેઠ અંબાલાલ સારાભાઇના પ્રમુખપદે, સાંજે, આનંદ ભુવન થિયેટરમાં, શ્રીમતી સરોજિની નાઈડુએ 'નાગરિક જીવનના આદર્શો' એ વિષય ઉપર ભાષણ આપ્યું તેમાં હાજર. શેઠ અંબાલાલ અંગ્રેજીમાં બોલ્યા, નાઈડુ ઉર્દૂ-મિશ્રિત હિંદીમાં બોલ્યા,[3] અને ગાંધીજી ગુજરાતીમાં બોલ્યા.

---

૧. એ જ.

૨. આજે (૧) લોકમાન્ય ટિળક ઉપર પંજાબમાં પ્રવેશ કરવા સામે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો, અને (૨) લોકમાન્ય ટિળકે, લડાઈમાં સૈનિક તરીકે જોડાવા વિદ્યાર્થીઓને હાકલ કરી.

૩. સરોજિની નાઇડુ, ગાંધીજીના આગ્રહને વશ થઇને આ ભાષામાં બોલ્યા હતા. તેથી, એમનું અંગ્રેજી સાંભળવા આવેલા શ્રોતાજનોમાં અસંતોષ પેદા થયો અને એમણે છાપામાં ચર્ચાપત્રો આપ્યાં. દેશી ભાષાની તરફદારી કરનારાઓએ એના જવાબો આપ્યા. આ ચર્ચા લગભગ એક મહિના સુધી ચાલી હતી.

૧૯૧૭—ફેબ્રુઆરી—માર્ચ

૨૫ સુરત : ગિરમીટ પદ્ધતિ સામેની જાહેર સભામાં ભાષણ, સ્થળ નગીનચંદ ઇન્સ્ટીટયૂટ.[1]

૨૬ થી ૨૭ અમદાવાદ.

૨૮ રસ્તામાં.

માર્ચ

૧ કરાંચી : આવ્યા. ઉતારો દુર્ગાદાસ બી. અડવાણીને ત્યાં.

૨ કરાંચી : હરદેવબાઈ ગર્લ્સ હાઈસ્કૂલની મુલાકાત. ● ગુજરાતી–કચ્છી તરફથી સત્કાર, સ્થળ પારસી થિયેટર. ● જાહેર ભાષણ; લશ્કરમાં જોડાવા આગ્રહ; સ્થળ પારસી થિયેટર; પ્રમુખ સર સત્યેન્દ્ર સિંહા. ● ગિરમીટ પદ્ધતિ સામેની જાહેર સભામાં ભાષણ; સ્થળ ખલકદીના હૉલ; પ્રમુખ હરચંદરાય.

૩ રસ્તામાં.

૪ દિલ્હી.[2]

૫ રસ્તામાં.

૬ કલકત્તા : આવ્યા; ઉતારો કાસીમબઝારના મહારાજાને ત્યાં. ● ગિરમીટ પદ્ધતિ સામેની સભામાં ભાષણ, પ્રમુખ કાસીમબઝારના મહારાજા; સ્થળ ટાઉનહૉલ.

૭ થી ૯ કલકત્તા.

૧૦ થી ૧૧ (કલકત્તા).

૧૨ થી ૧૩ રસ્તામાં.

૧૪ થી ૩૧ અમદાવાદ.

---

૧. આધાર નં. ૪૨ના ભાગ ૧૩માં આની તા. ૨૯ જણાવી છે એ ધ્યાન પર લાવતા સંપાદકે સ્વીકાર્યું છે કે ખરી તા. ૨૫ જોઇએ.

૨. ગિરમીટ પદ્ધતિની નાબૂદી માટે, આજે, વાઇસરૉય સાથે ચર્ચા કરી હોવાનો સંભવ છે.

૧૯૧૭—એપ્રિલ

એપ્રિલ[1]

૧ થી ૨ [અમદાવાદ].

૩ અમદાવાદ.

૪ થી ૫ મુંબઈ.

૬ રસ્તામાં

૭ થી ૮ કલકત્તા.[2]

૯ કલકત્તા : ઑ. ઈ. કૉ. ક. ની બેઠકમાં હાજર.

૧૦ પટણા : આવ્યા[3]; ખેતમજૂરોની સ્થિતિની તપાસ કરવા. ● ઉતારા અંગે રાજેન્દ્રબાબુને ઘેર ગયા, પણ એ બહારગામ હતા, નોકરે ગાંધીજીને ઓળખ્યા નહિ અને સામાન્ય અસીલ ગણી કાઢયા. ગાંધીજીના વિલાયતના સહાધ્યાયી બૅરિસ્ટર મઝહર–ઉલ–હકને ખબર પડતાં એ પોતાના ઘેર લઈ ગયા ⇕ મુઝફ્ફરપુર : રાત્રે આવ્યા; સરકારી કૉલેજના પ્રોફેસર કૃપાલાની સ્ટેશને લેવા ગયા[4]; રાત છાત્રાલયમાં ગાળી.

૧૧ મુઝફ્ફરપુર : ઉતારો ગયાપ્રસાદ સિંગને ઘેર. ● ગળી–ખેતરોના માલિક-મંડળના મંત્રી વિલ્સનને મળ્યા.

૧૨ મુઝફ્ફરપુર : તિરહટ જિલ્લાના કમિશનર મોરશીડને પત્ર લખ્યો — પોતાના આવવાનો હેતુ જણાવ્યો, સરકાર તરફથી સહકાર મળવાની આશા દર્શાવી અને એમની મુલાકાત માગી.

---

૧. 'નવજીવન અને સત્ય'ના ૧૯૧૭ અપ્રિલના અંકમાં જણાવ્યું છે કે ગાંધીજી અને પોલક પતિ—પત્ની, અમદાવાદમાં શાહપુરમાં આવેલી કાગદી-વાડની મુલાકાતે ગયા હતા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

૨. આધાર નં. ૬૬ના પાના ૧૭ ઉપર છપાયેલા એક કાગળનાં સ્થળ અને તારીખ મોતીહારી/૮-૪-૧૭ છે. પણ આ બંધબેસતું નથી.

૩. આધાર નં. ૧માં તા. ૧૫ જણાવી છે એ ભૂલ છે.

૪. આધાર નં. ૧૭૮ના પાના ૧૦૦-૧૦૧ ઉપર અને નં. ૧૮૦ના પાના ૨૭ ઉપર એ મતલબની નોંધ છે કે ગાંધીજી અને કૃપાલાનીની આ મુલાકાત પહેલી હતી પરન્તુ એ બરાબર નથી. જુઓ તા. ૧૭-૨-૧૯૧૫.

૧૯૧૭–એપ્રિલ

૧૩ મુઝફ્ફરપુર : મોરશીડને મળ્યા.

૧૪ મુઝફ્ફરપુર.

૧૫ મુઝફ્ફરપુર. ⇕ મોતીહારી.

૧૬ મોતીહારી : જસૌલી પટ્ટી નામના ગામડે જવા માટે સવારે નવ વાગ્યે હાથી ઉપર નીકળ્યા. આશરે નવ માઈલ ગયા હશે ત્યાં ચંદ્રાહીયા નામના ગામડે, પાછળથી મારતી સાયકલે આવતા એક પોલીસે આવીને કહ્યું કે કલેક્ટર તમને બોલાવે છે. ગાંધીજીએ એમને વાહનની ગોઠવણ કરવાં કહ્યુ, કારણ કે એમના સાથીદારો હાથી ઉપર આગળ જવાનું ચાલુ રાખવાના હતા. બળદગાડી લાવવામાં આવી. એમાં, અને પછી ઘોડાગાડીમાં મોતીહારી પાછા ફર્યા. રસ્તામાં એમના ઉપર નોટિસ બજાવવામાં આવી કે ચંપારણમાં (બિહારનો એક જિલ્લો) જશો નહિ અને તુરત જ ટ્રેનમાં પાછા જાવ. ગાંધીજીએ હુકમ માનવા ના પાડી અને કહ્યું કે પકડાવા તૈયાર છું.[1]

૧૭ મોતીહારી : સરકારી અધિકારીઓને ખબર આપી કે હું અમુક અમુક ગામડાંની મુલાકાત લેવાનો છું. ● સબ ડિવિઝનલ ઑફિસર સમક્ષ, તા. ૧૮મી એ હાજર થવાની નોટિસ મળી. ● પોતાને મળેલા કૈસરે હિંદનો ચાંદ, સરકારને પાછો મોકલી દેવા, અમદાવાદ, કાગળ લખ્યો.[2]

૧૮ મોતીહારી : બપોરે કેસ ચાલ્યો. ગાંધીજીએ એકરાર કર્યો 'હું ગુનેગાર છું'. અને એક નિવેદન કર્યું, બધું અરધા કલાકમાં પતી ગયું, ન્યાયાધીશે સાંજના ત્રણ વાગ્યા સુધી કેસ મુલતવી રાખ્યો, પછી ૨૧મીની મુદત નાંખી. ● રાત્રે, પોતાને સજા થાય તો શું કરવું એની ચર્ચા કરી. રાજેન્દ્રબાબુ હાજર હતા.[3]

---

૧. હિંદુસ્તાનમાં સત્યાગ્રહના ગણેશ અહીંથી મંડાયા.

૨. તા. ૨૦મી એ, અમદાવાદ આશ્રમમાંથી, વાઈસરૉયના રહસ્યમંત્રીને એ ચાંદ મોકલી આપવામાં આવ્યો.

૩. ગાંધીજીની અને રાજેન્દ્રબાબુની આ પહેલી મુલાકાત હતી.

૧૯૧૭—એપ્રિલ—મે

૧૯ મોતીહારી.
૨૦ મોતીહારી : રાત્રે સાત વાગ્યે સમાચાર આવ્યા કે સરકારે કેસ પાછો ખેંચી લીધો છે.
૨૧ મોતીહારી : કેસ પાછો ખેંચાયો.
૨૨[1] મોતીહારી. ⇕ બેતિયા.
૨૩ બેતિયા : સરકારી અધિકારીની મુલાકાત લીધી.
૨૪ લૌકારીઆ : રાત રહ્યા.
૨૫ બેતિયા : ચાલતા આવ્યા.
૨૬ સીંધા છાપરા. ⇕ બેતિયા.
૨૭ બેલવા : રાત રહ્યા.
૨૮ બેતિયા અને બીજાં ગામડાં.
૨૯ ગામડાં.
૩૦ ગામડાં અને બેતિયા.

મે[2]

૧ બેતિયા. ⇕ મોતીહારી.
૨ મોતીહારી : ખેતર-માલિકોની સભામાં ભાષણ. ⇕ બેતિયા.
૩ મોતીહારી. ⇕ બેતિયા.
૪ થી ૫ બેતિયા.
૬ બેતિયા : રાંચીથી બિહાર સરકારનો તાર આવ્યો કે લેફ. ગવર્નરની કાઉન્સિલના સભ્ય મૉડને તા. ૧૦મીએ પટણામાં મળો.
૭ થી ૮[3] બેતિયા.
૯ બેતિયા. ⇕ પટણા.

---

૧. મહાત્મા મુન્શીરામે આજે સંન્યસ્ત લીધું અને સ્વામી શ્રદ્ધાનંદ નામ ધારણ કર્યું.

૨. આ માસના 'ગુજરાતી ચિત્રમય જગત'માં 'અનાથ આશ્રમ વિષે બે બોલ' નામનો ગાંધીજીનો લેખ છપાયો.

૩. દરમિયાન તા. ૭મીએ સત્યાગ્રહ આશ્રમમાં રાષ્ટ્રીય શાળા શરૂ થઈ અને નરસિંહભાઈ એમાં જોડાયા. આ અરસામાં સાંકળચંદ જેઠાલાલ શાહ પણ એમાં જોડાયા.

૧૯૧૭–મે–જૂન

૧૦ પટણા : મૉડ સાથે બે કલાક ચર્ચા. પોતાનો હેવાલ એમને મોકલી આપવા ગાંધીજીએ સ્વીકાર્યું.

૧૧[1] બેતિયા.

૧૨ બેતિયા : પોતાના હેવાલની નકલ મૉડને મોકલી.

૧૩ થી ૧૫ બેતિયા.

૧૬ બેતિયા. ⇕ સરીસવા. ⇕ ધોકરાહા.

૧૭ થી ૨૨ બેતિયા.

૨૩ બેતિયા અને મોતીહારી.

૨૪ મોતીહારી.

૨૫ મોતીહારી. ⇕ તોલા. ⇕ છતારૂની.

૨૬ છતારૂની. ⇕ બેતિયા.

૨૭ થી ૨૮ બેતિયા.

૨૯ બેતિયા : બિહારના લેફ. ગવર્નર સર એડવર્ડ ગેઈટનો પત્ર આવ્યો —મને તા. ૪થી જૂને રાંચીમાં મળવા આવો.

૩૦ બેતિયા : નિવેદન—જો હાલની તકલીફો દૂર કરવામાં આવે તો બાકીની બાબતો માટે કમિશન કામયાબ નીવડે ખરું.

૩૧[2] બેતિયા.

જૂન

૧ બેતિયા : થી નીકળ્યા.

૨[3] પટણા : કાર્યકરો સાથે ચર્ચા. ● થી નીકળ્યા.

૩ રસ્તામાં.

૪ થી ૬ રાંચી : લેફ. ગવર્નર સાથે ચર્ચા.

---

૧. આધાર નં. ૨૫માંના પત્રો પૈકી પત્ર નં. ૮નાં સ્થળ અને તારીખ 'નડિયાદ, તા. ૧૧–૫–૧૭' જણાવ્યાં છે. પણ આ બંધબેસતું નથી. કદાચ તા. ૧૧–૫–૧૮ હશે.

૨ (૧) આજથી ગિરમીટની પ્રથા બંધ થઈ.

(૨) સાબરમતી આશ્રમ માટે જમીનનું બાનાખત થયું.

૩. સાબરમતી આશ્રમ માટેની જમીન ખરીદવાનો પાકો દસ્તાવેજ થયો.

૧૯૧૭—જૂન

૭ પટણા[1].
૮ પટણા અને બેતિયા.
૯ બેતિયા.
૧૦ બેતિયા : ખેત-મજૂરોની સ્થિતિની તપાસ કરવા બિહાર સરકારે, મધ્ય પ્રાંતના કમિશનર એફ. જી. સ્લાઈના પ્રમુખપદે એક તપાસપંચ નીમ્યું; એમાં ગાંધીજીને પણ નીમ્યા.[2]
૧૧ અને ૧૨ મોતીહારી ⇕ બેતિયા.
૧૩[3] થી ૧૫ બેતિયા.
૧૬ બેતિયા ⇕ મોતીહારી.
૧૭[4] મોતીહારી ⇕ પટણા.
૧૮ પટણા થી નીકળ્યા.
૧૯ રસ્તામાં.
૨૦ થી ૨૨ અમદાવાદ.
૨૩ અમદાવાદ : ગુજરાત સભાના વ્યવસ્થાપક મંડળની, ઍની બીસન્ટની અટકાયતી અંગે વિચાર કરવા મળેલી બેઠકમાં હાજર; સ્થળ આશ્રમ. ● થી નીકળ્યા.
૨૪ મુંબઈ[5] : ઝાલાવાડ સંસ્થાનના મહારાજા સર ભવાનીસિંહજી બહાદુરના હસ્તે, પ્રિન્સેસ સ્ટ્રીટમાં, સંયુક્ત જૈન વિદ્યાગૃહ ખુલ્લું મૂકવાની ક્રિયા થઈ તેમાં હાજર.
૨૫ [મુંબઈ].
૨૬ રસ્તામાં.

---

૧. મદ્રાસ સરકારે ઍની બીસન્ટ ઉપર નજરકેદનો હુકમ ફરમાવ્યો અને એ તા. ૧૬મીએ બજાવવામાં આવ્યો. એ, પ્રથમ ઉટાકમંડમાં અને પછી કોઈમ્બતુરમાં રહ્યાં.

૨. છાપામાં આની જાહેરાત તા. ૧૨મીએ થઈ. આધાર નં. ૧૨૬ના ભાગ ૧ ના પાના ૨૫૮ ઉપર, અને આધાર નં. ૬૧માં આની તા ૧૩ જણાવી છે; પણ આધાર નં. ૧૭૮ના પાના ૧૬૫ ઉપર તા. ૧૦ જણાવી છે આ પ્રમાણભૂત માની છે.

૩. દરમિયાન તા. ૧૩મીએ સાબરમતી આશ્રમની જમીન ખરીદીના દસ્તાવેજ રજીસ્ટર કરવામાં આવ્યો.

૪. સાબરમતી આશ્રમની સ્થાપના થઈ.

૫. કાનજી દ્વારકાદાસનો મેળાપ પહેલી વખતે આજે થયો.

૧૯૧૭-જુન-જુલાઈ

૨૭ પટણા : આવ્યા.

૨૮ મોતીહારી : આવ્યા.

૨૯ થી ૩૦[1] મોતીહારી.

જુલાઈ

૧ થી ૪ મોતીહારી.

૫ મોતીહારી : દાદાભાઈ નવરોજીના મૃત્યુ અંગેની શોકસભામાં પ્રમુખપદે.● થી નીકળ્યા.

૬ રસ્તામાં.

૭ થી ૧૦ રાંચી.

૧૧ રાંચી : તપાસ-પંચની બેઠકમાં હાજર.

૧૨ રસ્તામાં.

૧૩ થી ૧૪ મોતીહારી.

૧૫ થી ૧૬ બેતિયા.

૧૭ થી ૧૯ બેતિયા : તપાસ-પંચની બેઠકોમાં હાજર.

૨૦ બેતિયા.

૨૧ બેતિયા : તપાસ-પંચની બેઠકમાં હાજર.

૨૨ બેતિયા.

૨૩ બેતિયા : તપાસ-પંચની બેઠકમાં હાજર. ⇕ મોતીહારી.

૨૪ મોતીહારી.

૨૫ થી ૨૬ મોતીહારી : તપાસ-પંચની બેઠકોમાં હાજર.

૨૭ બેતિયા.

૨૮ મોતીહારી : તપાસ-પંચની બેઠકમાં અને આજુબાજુનાં ગામડાંની મુલાકાત વખતે હાજર.

---

૧. (૧) આ અરસામાં વાઈસરોયે, ગાંધીજીને; કૈસરે હિંદનો ચાંદ પાછો મોકલ્યો. એમણે જણાવ્યું કે તમારી માંગણી સ્વીકારવામાં આવી છે તો હવે તમે એ પાછો સ્વીકારો.

(૨) દાદાભાઈ નવરોજીનું તા. ૩૦-૬-૧૭ના રોજ સાંજે પાંચ વાગ્યે મુંબઈમાં અવસાન થયું.

૧૯૧૭–જુલાઈ–ઑગસ્ટ

૨૯ મોતીહારી. ⇕ બેતિયા : તપાસ-પંચની બેઠકમાં અને આજુબાજુનાં ગામડાંની મુલાકાત વખતે હાજર.

૩૦ બેતિયા : તપાસ-પંચની બેઠકમાં હાજર.

૩૧[1] બેતિયા : તપાસ-પંચની બેઠકોમાં અને આજુબાજુનાં ગામડાંની મુલાકાતો વખતે હાજર. ⇕ મોતીહારી.

ઑગસ્ટ

૧ મોતીહારી.

૨ થી ૬[2] બેતિયા : તપાસ-પંચની બેઠકોમાં અને આજુબાજુનાં ગામડાંની મુલાકાતો વખતે હાજર.

૭ થી ૮ બેતિયા.

૯ બેતિયા. ⇕ મોતીહારી.

૧૦ થી ૧૩ બેતિયા.

૧૪ બેતિયા : તપાસ-પંચની બેઠકમાં હાજર.

૧૫ મોતીહારી.

૧૬ બેતિયા.

૧૭ પટણા : આવ્યા અને નીકળ્યા.

૧૮ અલાહાબાદ.

૧૯ થી ૨૦ રસ્તામાં.

૨૧ થી ૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ : હોમરૂલ લીગની સભામાં પ્રમુખપદે, સ્થળ જૈન વીશા શ્રીમાળી ન્યાતની વાડી, સમય સાંજે ૭–૩૦.

---

૧. જૂન અગર જુલાઈ માસમાં કિશોરલાલ મશરૂવાળા આશ્રમમાં જોડાયા.

૨. આધાર નં ૨૫માંના પત્ર નં. ૧૯ના સ્થળ અને તારીખ, અનુક્રમે 'નડિયાદ' અને '૩–૮–૧૭' જણાવ્યા છે. આધાર નં. ૪૨ના ભાગ ૧૩માં પણ આમ જ છે. આ બંધબેસતું નથી અને ખરી તારીખ ૩–૮–૧૮ હોવાનો સંભવ છે. સંપાદકના ધ્યાન પર લાવતાં એમણે આ સ્વીકાર્યું છે.

૧૯૧૭-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૫ અમદાવાદ.

૨૬ મુંબઈ : પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર. ● થી નીકળ્યા.

૨૭ થી ૩૦ અમદાવાદ.

૩૧[૧] મુંબઈ : પોલકને વિદાય આપવા આવ્યા.[૨] માંદાં શ્રીમતી પોલકને જોવા ગયા.

સપ્ટેમ્બર

૧ મુંબઈ : માંદાં શ્રીમતી પોલકને જોવા ગયા.

૨ મુંબઈ : પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર. માંદાં શ્રીમતી પોલકને જોવા ગયા.

૩ મુંબઈ : માંદાં શ્રીમતી પોલકને જોવા ગયા. ● થી નીકળ્યા.

૪ થી ૧૧ અમદાવાદ.

૧૨ મુંબઈ : આવ્યા અને ગયા.

૧૩ રસ્તામાં.

૧૪ થી ૧૫ મદ્રાસ.

૧૬ રસ્તામાં.

૧૭[૩] પૂના : આવ્યા; ઉતારો સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના મકાનમાં.

૧૮ પૂના : ધારાસભા ગૃહમાં, ગવર્નરના પ્રમુખપદે મળેલી બૉમ્બે પ્રોવિન્શિયલ કો-ઑપરેટીવ કોન્ફરન્સમાં, The Moral Basis of Co-operation નામના પોતે મોકલેલા નિબંધ અંગે ટૂંકું પ્રવચન કર્યું. ગવર્નરે આ નિબંધના વખાણ કર્યાં. [૪]●થી નીકળ્યા.

૧૯ મુંબઈ.

૨૦ થી ૨૧ રસ્તામાં.

---

૧. આ વર્ષ આખરે ભરાનારા કોંગ્રેસના અધિવેશનના પ્રમુખપદ માટે જે અનેક નામો સૂચવવામાં આવ્યાં તેમાં ગાંધીજીનું નામ પણ હતું.

૨. એ આજે હિંદ છોડીને ગયા. એમનાં પત્ની હિન્દમાં રહ્યાં.

૩. ઍની બીસન્ટ ઉપરનો નજરકેદનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો. જુઓ તા. ૭-૬-૧૭ની પાદટીપ.

૪. આધાર નં. ૩૯ના પાના ૩૫૬ ઉપર પરિષદની આ બેઠકની તા. ૧૭ જણાવી છે, અને નં. ૨૩૨ના પાના ૬૦ ઉપર તા. ૧૭-૯-૧૯૧૮ જણાવી છે, પણ બંને ભૂલો છે.

૧૯૧૭–સપ્ટેમ્બર–ઑક્ટોબર

૨૨ રાંચી : આવ્યા; ઉતારો એસ. કે. સહાયને ત્યાં.

૨૩ રાંચી : ગવર્નરની મુલાકાત. મેસોપોટેમિયામાં કામ કરવા માટે મજૂર-દળ ઊભું કરવા તૈયારી દર્શાવી.

૨૪ રાંચી.

૨૫ રાંચી : રેલવેમાં ત્રીજા વર્ગના મુસાફરોની મુશ્કેલીઓ વિશે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં પત્ર લખ્યો.

૨૬ થી ૩૦ રાંચી.

ઑક્ટોબર

૧ થી ૩ રાંચી.

૪ રાંચી : તપાસ-પંચના હેવાલમાં સહી કરી. હેવાલ સર્વાનુમતે હતો.[૧]

૫ થી ૧૦ મોતીહારી.

૧૧ મોતીહારી ⇕ બેતિયા.

૧૨ બેતિયા.

૧૩ બેતિયા : થી નીકળ્યા.

૧૪ ભાગલપુર.

૧૫ ભાગલપુર : બિહાર વિદ્યાર્થી પરિષદમાં પ્રમુખસ્થાને.

૧૬ ભાગલપુર : પરિષદ ચાલુ. ● જાહેર સભા.

૧૭ અલાહાબાદ.

૧૮ રસ્તામાં.

૧૯ ભરૂચ : આવ્યા સાંજે. ● વેપારીઓ તરફથી માનપત્ર.

૨૦ ભરૂચ : બીજી ગુજરાત કેળવણી પરિષદના પ્રમુખપદેથી ભાષણ. ● બીજી જીવદયા પરિષદમાં હાજર, પ્રમુખ આનંદશંકર ધ્રુવ.

---

૧. આધાર નં. ૧૭૯ના પાના ૧૭૮ ઉપર આની તા. ૩ જણાવી છે; પરંતુ ગાંધીજીએ પોતે લખેલા એક પત્રમાં તા ૪ જણાવી છે. આને પ્રમાણભૂત માની છે.

૧૯૧૭-ઑક્ટોબર-નવેમ્બર

૨૧ ભરૂચ : જીવદયા પરિષદના પ્રમુખનો આભાર માનતું ભાષણ કર્યું. ● કેળવણી પરિષદમાં ઉપસંહારતું ભાષણ કર્યું. ● અંત્યજોની જાહેરસભા. ● જ્ઞાતિજનો તરફથી માનપત્ર.

૨૨ અમદાવાદ.

૨૩ થી ૩૦ (અમદાવાદ).

૩૧ અમદાવાદ.

નવેમ્બર

૧ અમદાવાદ.

૨ ગોધરા : આવ્યા, ઉતારો દડીવાળાની વાડીએ.

૩ ગોધરા : રાજકીય પરિષદમાં હાજરી આપવા આવતા લોકમાન્ય ટિળકનો સત્કાર કરવા સ્ટેશને ગયા. ● પહેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખપદેથી ભાષણ.[1] ●પહેલી સંસાર સુધારા પરિષદના પ્રમુખસ્થાન માટે શારદાબહેન મહેતાના નામની દરખાસ્ત મૂકી.

૪ ગોધરા[2] : રાજકીય પરિષદની બેઠક (ચાલુ. પરિષદમાં જાહેર કર્યું કે વીરમગામની જકાત નીકળી જશે એવા સમાચાર સરકાર તરફથી મળ્યા છે ● 'હોમરૂલ' પ્રચાર સભામાં પ્રમુખપદે વક્તા ટિળક. ● મોઢ જ્ઞાતિ તરફથી માનપત્ર.

૫ ગોધરા : રાજકીય પરિષદ (ચાલુ). ● અંત્યજોની સભામાં પ્રમુખ-સ્થાને; સ્થળ સ્મશાનભૂમિ પાસેનો ઢેડવાડો.

૬ રસ્તામાં.

૭[3] પટણા : સ્વયંસેવકો લઈને આવ્યા. ● ઉતારો મઝહર-ઉલ-હકને ત્યાં.

૮ પટણા ⇕ મોતીહારી.

---

૧. આધાર નં. ૫૯ના પાના ૧૧ ઉપર આનો સમય ઑગસ્ટ ૧૯૧૬ જણાવ્યો છે પણ એ બંધબેસતું નથી.

૨. આજે ગગનવિહારી મહેતાનો પ્રથમ પરિચય થયો.

૩. ગાંધીજી જ્યારે મુંબઈ હોય ત્યારે, કેટલાક વખતથી, મહાદેવભાઈ રોજ સાંજે એમનું કામ કરતા. ઑગસ્ટ ૧૯૧૭માં એમણે એમની મુંબઈની નોકરી મૂકી દીધી, પછી આડુંઅવળું કામ કર્યું છેવટે આજથી ગાંધીજી સાથે જોડાયા.

૧૯૧૭—નવેમ્બર

૯ થી ૧૦[1] મોતીહારી.

૧૧ મુઝફ્ફરપુર : હિંદુ-મુસ્લિમ ઐક્ય ઉપર ભાષણ; સ્થળ ધર્મશાળા.

૧૨ થી ૧૩ મોતીહારી.[2]

૧૪ બેતિયા : ⇕ બરહરવા-લખનસેન : પહેલી શાળા ખોલી.[3]

૧૫ મોતીહારી.

૧૬ મોતીહારી ⇕ કોવરી.

૧૭ થી ૧૯ મોતીહારી.

૨૦ ભીથારવા.

૨૧ મોતીહારી ⇕ બાઢવા.

૨૨ થી ૨૪ મોતીહારી.

૨૫ રસ્તામાં.

૨૬ દિલ્હી : હિંદી વજીર મૉંટેગ્યુની મુલાકાત.[4]

૨૭ દિલ્હી.[5]

---

૧. દરમિયાન તા. ૧૦મીએ હિંદી વજીર મૉંટેગ્યુ હિંદ આવ્યા.

૨. આધાર નં. ૪૨ના ભાગ ૧૪ના અનુ. નં. ૨૨માં જણાવ્યું છે કે તા. ૧૨મી એ ગાંધીજી ઉમરેઠ હતા. પણ આ બંધબેસતું નથી.

૩. આધાર નં. ૧૭૮ના પાના ૧૯૬ ઉપર આની તા. ૧૩ જણાવી છે; પરંતુ ગાંધીજીએ લખેલા એક કાગળમાં તા. ૧૪ જણાવી છે. આ પ્રમાણભૂત માની છે.

૪. (૧) આધાર નં. ૬૨ના પાના ૫૬-૫૮ ઉપર લખ્યું છે. 'ગાંધી એક મજૂરના વેશમાં આવ્યા.'

(૨) આધાર નં. ૧૨૬ના ભાગ ૧ના પાના ૨૬૪ ઉપર, તથા આધાર નં. ૪૨ના ભાગ ૧૪ના પાના ૫૫૪ ઉપર આની તા. ૨૬-૧૦-૧૭ જણાવી છે; પણ આ બંધબેસતું નથી.

૫. આ અરસામાં દિલ્હીની સેંટ સ્ટીફન્સ કૉલેજમાં રાધા કમલ મુકરજીએ 'હિંદી મજૂર' વિશે, ગાંધીજીના પ્રમુખપદે ભાષણ આપ્યું હતું. ચોક્કસ તારીખ મળી નથી.

૧૯૧૭—ડિસેમ્બર

૧૯ મોતીહારી : ચંપારણ ખેતી વિષયક બિલ વિશે બિહાર સરકારને પત્ર લખ્યો.

૨૦ થી ૨૪ મોતીહારી.

૨૫ કલકત્તા.[1]

૨૬ થી ૨૮ કલકત્તા[2] : કોંગ્રેસની બેઠકમાં હાજર.

૨૯ કલકત્તા : કોંગ્રેસની બેઠકમાં, દક્ષિણ તથા પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓને લગતો ઠરાવ રજૂ કર્યો.

૩૦ કલકત્તા : મુસ્લિમ લીગની બેઠકમાં, અલીભાઈઓની છુટકારાની માગણી કરતું ભાષણ.[3] • એસ. આર. બમનજી તથા સૈયદ હસન ઈમામ તરફથી, નેતાઓને આપવામાં આવેલી પાર્ટીમાં હાજર.

• રાષ્ટ્રભાષા સંમેલનમાં ભાષણ, પ્રમુખ લોકમાન્ય ટિળક, સ્થળ આલ્ફ્રેડ થિયેટર • કલકત્તા કલબ તરફથી સી. આર. દાસના માનમાં આપવામાં આવેલી પાર્ટીમાં હાજર. • સી. આર. દાસ તરફથી ઝીણાના માનમાં આપવામાં આવેલી પાર્ટીમાં હાજર, સ્થળ ઓરિઅન્ટ કલબ. • બંગાળ ખેડૂત પરિષદમાં ભાષણ.

૩૧ કલકત્તા : જૈન શ્વેતાંબર પરિષદમાં ભાષણ, પ્રમુખ શેઠ ખેતશી ખીઅશી • અખિલ ભારત સોશિયલ સરવીસ લીગની પહેલી પરિષદમાં પ્રમુખસ્થાને, સ્થળ ઓવરટન હૉલ.[4] • માનવ દયા સંઘ (Humanitarian League)ની સભામાં પ્રમુખપદે; સ્થળ યુનિવર્સિટી ઇન્સ્ટીટ્યૂટ, કૉલેજ સ્કવેર.

---

૧. ઉતારો એક ધર્મશાળામાં હતો અને એની સઘળી વ્યવસ્થા જમનાલાલ બજાજે કરી હતી. આધાર નં. ૨૯૧માં આની તા. ૯-૧-૧૭ પહેલાંની જણાવી છે પણ એ ભૂલ છે.

૨. આ દિવસોમાં ટાગોરનું Post Office નાટક ભજવાયું હતું અને ગાંધીજી એ જોવા ગયા હતા.

૩. એક આધારમાં આની તા. ૩૧ છે, જો કે ૩૧મીએ પણ હાજર હતા.

૪. 'પ્રજાબંધુ' માં તથા 'મુંબઇ ગુજરાતી' માં આની તા. ૨૭ જણાવી છે; પરંતુ 'ઇન્ડિયન રિવ્યુ', 'હિંદુ', 'અમૃતબઝાર પત્રિકા' વગેરે પરથી જણાય છે કે જગ્યાના અભાવે, આ પરિષદનું સ્થળ ફેરવવું પડયું હતું અને પરિષદ ૩૧મી એ રાખવી પડી હતી. આ આધારો પ્રમાણભૂત માન્યા છે.

૧૯૧૮—જાન્યુઆરી

૧ થી ૨ રસ્તામાં.[1]

૩ મુંબઈ : સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના મકાનમાં સાંજે છ વાગ્યે અંત્યજ (મેઘવાળ) કોમના ૨૦૦ પ્રતિનિધિઓ સાથે ધર્માંતર અંગે તથા એમની કેટલીક મુશ્કેલીઓ અંગે ચર્ચા. બે–ત્રણ ખોજા ગૃહસ્થો હાજર હતા. એ કહે 'અમે હિંદુ (સતપંથી) છીએ.' ગાંધીજીએ રદિયો આપ્યો 'નામદાર આગાખાન મુસ્લિમ લીગના પ્રમુખ હતા પછી હિંદુ કેવી રીતે કહેવાય?'

૪ અમદાવાદ : આશ્રમમાં, પહેલાં, મિલમજૂરોના પ્રતિનિધિઓ સાથે મસલત કરી અને પછી મિલમાલિકોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી. અને પછી, રાત્રે, બંને પક્ષના પ્રતિનિધિઓ સાથે શેઠ અંબાલાલના બંગલે ચર્ચા કરી.

૫ અમદાવાદ : મિલમજૂરોના પ્રતિનિધિઓ સાથે મસલત કરી અને પછી શેઠ અંબાલાલના બંગલે મિલમાલિકો સાથે ચર્ચા કરી.

૬ અમદાવાદ : શહેરમાં પડતી પાણીની હાડમારી અંગે વીશા શ્રીમાળીની વાડીમાં સાંજે છ વાગ્યે મળેલી જાહેર સભામાં પ્રમુખપદે.

૭ અમદાવાદ : ગુજરાત સભાની બેઠકમાં હાજર.

૮ અમદાવાદ : મિલમાલિકો અને મજૂરો સાથે મંત્રણા.

૯ થી ૧૦ રસ્તામાં.

૧૧ થી ૧૬ મોતીહારી.

૧૭ મધુવન : શાળા ખુલ્લી મૂકી. ⇕ મોતીહારી.

૧૮ થી ૨૩[2] મોતીહારી.

૨૪ મોતીહારી : ખેતી વિષયક બિલ અંગે બિહાર સરકારને બીજો પત્ર લખ્યો.

---

૧. આધાર નં. ૪૨ના ભાગ ૧૪ના અનુ. નં. ૬૪ અને ૬૫માં જણાવ્યા મુજબ, તા. ૧લીએ ગાંધીજીએ અમદાવાદમાં તેમજ મોતીહારીમાં—બંને ગામે-હતા! આ બંને ગામો વચ્ચેનું અંતર જોતાં આ અશક્ય છે. ઉપરાંત આ દિવસે ગાંધીજી આ બંનેમાંથી એકેય ગામે હોય એ બંધબેસતું નથી.

૨. તા. ૧૯ના અરસામાં નારાયણ મોરેશ્વર ખરે, સાબરમતી આશ્રમમાં સંગીત શિક્ષક નિમાયા.

૧૯૧૮—ફેબ્રુઆરી

૧૨ અમદાવાદ : એ અંગે કલેક્ટર સાથે ચર્ચા કરી. ● કમિશનર અને કલેક્ટર સાથે ખેડાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી.

૧૩ અમદાવાદ : એ અંગે એમની સાથે ફરી ચર્ચા કરી.

૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : ગુજરાત સભાની કારોબારીની બેઠકમાં પ્રમુખપદે. ● કમિશનરને ખેડાની પરિસ્થિતિ અંગે પત્ર લખ્યો.

૧૬. અમદાવાદ ⇕ નડિયાદ : ખેડા જિલ્લાની પરિસ્થિતિ અંગે જાત તપાસ માટે ગોકળદાસ કહાનદાસ પારેખ તથા વિઠ્ઠલભાઈ પટેલ સાથે ગયા. ● ઉતારો હિંદુ અનાથાશ્રમમાં.

૧૭ નડિયાદ ⇕ વડથલ.

૧૮ નડિયાદ ⇕ કઠલાલ : સભામાં ભાષણ ; સત્યાગ્રહ કરવાનો આદેશ આપ્યો. ⇕ નડિયાદ : દસ કલાક ઘોડા ઉપર મુસાફરી કરીને આવ્યા.

૧૯ નડિયાદ ⇕ કઠલાલ.

૨૦ નડિયાદ[1] : કલેક્ટરના ચિટનીસે ગાંધીજીની મુલાકાત લીધી.

૨૧ નડિયાદ : ખેડા જીલ્લાની પરિસ્થિતિ અંગે કલેક્ટરની મુલાકાત લીધી. ● સુમતિરત્નસૂરી પુસ્તકાલયની મુલાકાત. ⇕ નાયકા ⇕ નવાગામ. ⇕ નડિયાદ.

૨૨ નડિયાદ ⇕ આણંદ ⇕ લાંભવેલ.

૨૩ નડિયાદ અને ઉતરસંડા.

૨૪ નડિયાદ.

---

૧. આધાર નં. ૩૯ના પાના ૪૨૩ ઉપર જણાવ્યું છે કે આજે ગાંધીજીએ, મુંબઇ, મોરારજી ગોકળદાસ હોલમાં ભગિની સમાજના વાર્ષિક સમારંભમાં ભાષણ આપ્યું અને એમના હાથે ઈનામો વહેંચાવવામાં આવ્યા. 'ઇન્ડિયન રિવ્યુ'ના ૧૯૧૮ના માર્ચ માસના અંકના પાના ૨૪૨ ઉપર અને આધાર નં. ૧૮૬ના પાના ૭ ઉપર પણ આ મતબલનું લખાણ છે. પરંતુ આ દિવસે ગાંધીજી મુંબઈ જઈ શક્યા નહોતા.

૧૯૧૯—ફેબ્રુઆરી—માર્ચ

૨૫ નડિયાદ : અનાથાશ્રમની વિઝિટ બુકમાં નોંધ. ◆ અમદાવાદ : મિલમજૂરોના પગાર અંગે મિલમાલિક મંડળ પાસેથી માહિતી માગી.

૨૬ અમદાવાદ : મિલમજૂરો સમક્ષ ભાષણ. ● ખેડાના કલેક્ટરને પત્ર લખી જાત તપાસના પરિણામોની માહિતી આપી.

૨૭ અમદાવાદ : મિલમજૂરો સમક્ષ ભાષણ. ● ખેડાની પરિસ્થિતિ અંગે કમિશનરની મુલાકાત.

૨૮ અમદાવાદ : મિલમજૂરો સમક્ષ ભાષણ.

માર્ચ

૧ અમદાવાદ : મિલમજુરો સમક્ષ પ્રવચન.

૨ અમદાવાદ.

૩ અમદાવાદ : એક પત્રમાં લખ્યું 'વગર સમજે લોકો મારી પૂજા કરે એ કેવળ કંટાળારૂપ છે.'

૪ થી ૬ અમદાવાદ.

૭ અમદાવાદ : મિલમજૂરો સમક્ષ પ્રવચન. ● મિલમજૂરોની હડતાળ અંગે ચર્ચા, સ્થળ અનસૂયાબહેનનો બંગલો. ● આનાવારી કેમ ગણવી એ વિશે ખેડાના કલેક્ટરને પત્ર લખ્યો.

૮ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : ગુજરાત સભાની વાર્ષિક સભામાં પ્રમુખપદે; સમય સાંજે ૬; સ્થળ પ્રેમાભાઈ હોલ. ● 'પાક સંતોષકારક છે,' એ મતલબનું લખાણ ખેડૂતો પાસેથી, સરકારી નોકરો લખાવી લે છે એ તરફ કલેક્ટરનું ધ્યાન દોરતો પત્ર લખ્યો.

૧૧ નડિયાદ : ખેડાની પરિસ્થિતિ અંગે કલેક્ટરને મળ્યા.

૧૨ અમદાવાદ : ઍની બીસન્ટ રાત્રે નવ વાગ્યે આવ્યા ત્યારે એમને સ્ટેશને સત્કારવા ગયા.

૧૩ અમદાવાદ : ઍની બીસન્ટના સરઘસમાં હાજર, સમય સવારે સાડા આઠ. ● એમના ભાષણમાં પ્રમુખ સ્થાને; વિષય રાષ્ટ્રિય કેળવણી, સમય સવારે દસ; સ્થળ ભગુભાઈનો વંડો. ● ઍની બીસન્ટના સત્કાર સમારંભમાં પ્રમુખસ્થાને; સમય બપોર; સ્થળ મહન્ત મોહનદાસનું ઘીકાંટા ઉપરનું અંત્યજ મંદિર. ● ઍની બીસન્ટની

સાથે વનિતા વિશ્રામની મુલાકાતે ગયા ત્યારે પ્રવચન; સમય સાંજ. ● ઍની બીસન્ટના ભાષણમાં પ્રમુખસ્થાને; સમય સાંજે પાંચ; વિષય 'હાલની આપણી રાજકીય ફરજ'.

૧૪ અમદાવાદ : અંબાલાલ સારાભાઈએ ઍની બીસન્ટના માનમાં યોજેલા ભોજન સમારંભમાં હાજર.[1] ઍની બીસન્ટના કાર્યક્રમ અંગે કામ કરતા સ્વયંસેવકોને આપવામાં આવેલી પાર્ટીમાં હાજર અને બોલ્યા; સમય સાંજ.

૧૫ અમદાવાદ : મજૂરોની સભા; સમય સવારે; જાહેર કર્યું 'જ્યાં સુધી મજૂરોને ૩૫ ટકા વધારો મળશે નહિ ત્યાં સુધી હું ખોરાક લઈશ નહિ અને મોટરમાં બેસીશ નહિ'.[2]

૧૬[3] અમદાવાદ : ઉપવાસ ચાલુ ● આનંદશંકર ધ્રુવ સાથે ચર્ચા. ● મજૂરોની સભામાં ભાષણ.

૧૭ અમદાવાદ : ઉપવાસ ચાલુ.

૧૮ અમદાવાદ : મજૂરોની સભામાં હાજર; સમય સવારે સાડા અગિયાર; કમિશનર પ્રાટ પણ હાજર ● માલિકો સાથે થયેલા સમાધાનની જાહેરાત કરી સભામાં જ પારણાં કર્યાં.

૧૯ અમદાવાદ : મજૂરોના સરઘસમાં હાજર.

૨૦ અમદાવાદ ⇕ નડિયાદ.

૨૧ અમદાવાદ : ગુજરાત સભાની બેઠકમાં પ્રમુખસ્થાને; ખેડામાં સત્યાગ્રહની લડત ચલાવવા ઠરાવ થયો. ● ઍન્ડ્રૂઝના ભાષણમાં પ્રમુખસ્થાને; વિષય 'ફીજીમાં વસતા હિંદીઓ'; સ્થળ વીશા શ્રીમાળીની વાડી. ⇕ નડિયાદ.

---

૧. એકાદ દિવસનો ફેર હશે.

૨. (૧) કેટલાક મજૂરોએ ગાંધીજી ઉપર આક્ષેપ મૂકયો હતો કે હડતાળને કારણે સહન મજૂરો કરે છે અને ગાંધી તો નિરાંતે જમે છે અને મોટરમાં ફરે છે, એના જવાબમાં.

(૨) આધાર નં. ૬૧ના પાના ૧૬૨ ઉપર અને આધાર નં. ૮૪ના પાના ૨૪૨ ઉપર આની તા. ૧૨ જણાવી છે પરંતુ એ બંધબેસતું નથી.

(૩) આધાર નં. ૧૫૭ના પાના ૨૭૫ ઉપર જણાવ્યું છે કે કસ્તૂરબા પણ આ ઉપવાસમાં જોડાયાં હતાં. પણ બીજા આધારોમાં આ વાત નથી.

૩. આજે સંગીતશાસ્ત્રી નારાયણ માહેશ્વર ખરે આશ્રમમાં જોડાયા હશે.

૧૯૧૮-માર્ચ-એપ્રિલ

૨૨ નડિયાદ : ખેડા જિલ્લાના ખેડૂતોની સભામાં સલાહ આપી 'પાક ચાર આનાથી ઓછો હોય તો મહેસુલ ભરવું નહિ'; સમય સાંજે ૭; સ્થળ દશા ખડાયતાની વાડી. ● થી નીકળ્યા

૨૩ અમદાવાદ.

૨૪ દિલ્હી.

૨૫ દિલ્હી : વાઇસરૉયને મળ્યા.

૨૬ રસ્તામાં.

૨૭ નડિયાદ : અમદાવાદના મજૂરોની હડતાળ અંગે પોતે કરેલા ઉપવાસ વિશે નિવેદન કર્યું.

૨૮ નડિયાદ ⇕ ઇંદોર.

૨૯ ઇંદોર : હિંદી સંમેલનમાં પ્રમુખપદે.

૩૦ ઇંદોર : સંમેલન ચાલુ. ● નગર વ્યાખ્યાનમાળા તરફથી ભાષણ; સ્થળ દત્ત મંદિર. ● ગુજરાતીઓ તરફથી માનપત્ર.

૩૧ ઇંદોર : સંમેલન ચાલુ.

એપ્રિલ

૧ નડિયાદ ⇕ કઠલાલ ⇕ કઠાણા.

૨ અમદાવાદ ⇕ માતર ⇕ લીંબાસી : જાહેર સભા; સમય સાંજ, તળાવના કિનારે મહાદેવના મંદિરમાં.

૩ નડિયાદ.

૪ નડિયાદ ⇕ કરમસદ : જાહેર સભા.

૫ નડિયાદ ⇕ વડથલ : જાહેરસભા. ⇕ ખેડા : જાહેર સભા ● કલેક્ટરને મળ્યા. ⇕ નડિયાદ.

૬ નડિયાદ ⇕ ઉત્તરસંડા : જાહેર સભા. ⇕ નડિયાદ.

૭ નડિયાદ ⇕ તોરણા ⇕ નવા ગામ : જાહેર સભાઓ—બંને ગામે.

૮ નડિયાદ ⇕ વાસદ ⇕ બોરસદ : જાહેર સભા.

૯ [નડિયાદ].

૧૦ નડિયાદ ⇕ સીંહૂજ ⇕ એકલાચા : જાહેર સભાઓ—બંને સ્થળે. ⇕ અમદાવાદ : કલેક્ટર સાથે રંગરૂટની ભરતી અંગે ચર્ચા કરી.

૧૧ અમદાવાદ. ⇕ નાવલી. નાવલીથી વડોદ રથમાં. ⇕ વડોદ

૧૨ નડિયાદ : કમિશનરે બોલાવેલી સભામાં જવા લોકોને અનુરોધ કર્યો; ● કમિશનરને ગોળ ગોળ વાતો કરી. ● જાહેર સભા.

૧૯૧૯–એપ્રિલ

૧૩ મુંબઈ : ખેડાના મામલા અંગે રેવન્યુ મેમ્બર સર કાર્માઈક્લને, અને દુબોલ, ચંદાવરકર વગેરેને મળ્યા. ● ખેડાની પરિસ્થિતિ વિશે ભાષણ; સ્થળ શાંતારામની ચાલી; પ્રમુખ વિઠ્ઠલભાઈ.

૧૪ નડિયાદ.

૧૫[1] નડિયાદ : ખેડા સત્યાગ્રહ અંગે સરકારને કાગળ લખ્યો, અને સ્વયંસેવકોને સૂચનાઓ આપી.

૧૬ દંતેલી ⇕ ચીખોદરા ⇕ ઓડ : જાહેર સભાઓ.

૧૭ નડિયાદ : કમિશનરના ભાષણનો રદિયો આપ્યો. ● અમૃતલાલ સુંદરજી પઢિયારના 'અત્યંજ સ્તોત્ર'ની પ્રસ્તાવના લખી.[2]

૧૮ રાસ ⇕ ચીખોદરા : સભાઓ.

૧૯ નડિયાદ.

૨૦ કાસોર ⇕ અજરપુરા ⇕ સામરખા વગેરે : પ્રવચનો ⇕ અમદાવાદ.

૨૧ અમદાવાદ ⇕ પંડોળી ⇕ સૂણાવ.

૨૨ પાલજ : જાહેર સભા. ● થી નીકળ્યા.

૨૩ મુંબઈ : ભીખારી કમિટિની સભામાં હાજર.[3] ● ખેડા સત્યાગ્રહ વિશે પ્રવચન; સ્થળ શાંતારામની ચાલી; પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ. ટિળક પણ બોલ્યા[4]

૨૪ મુંબઈ : થી નીકળ્યા.

૨૫ દિલ્હી.

૨૬ દિલ્હી : વાઇસરૉયના નિમંત્રણને માન આપી યુદ્ધ પરિષદમાં હાજર રહેવા આવ્યા, પણ પરિસ્થિતિ જોતા લાગ્યું કે હાજર રહેવાનો અર્થ નથી. એ મતલબનો કાગળ વાઇસરૉયને લખ્યો. એ એન્ડ્રૂઝ આપી આવ્યા. ● એમની સાથે મુલાકાત. ● પરિષદમાં કમને

---

૧. રાઉલેટ કમિટીએ પોતાનાં હેવાલ અને ભલામણો સરકારને મોકલ્યાં. જુઓ તા. ૧૦–૧૨–૧૭.

૨. અ. દે. પુ. ૧૭ અનુ. ૧૨૨ (૧) આની તા. ૨૯–૪–૨૦ જણાવી છે. એ ભૂલ છે.

૩. રૂસ્તમ મસાણીનો અહીં પ્રથમ પરિચય થયો.

૪. આધાર નં. ૯૯ના ભાગ ૧ના પાના ૨૧૯ ઉપર આની તા. ૨૪મી જણાવી છે પણ એ બંધબેસતું નથી.

ગયા. પણ ઍની બીસન્ટ, ટિળક, અલીભાઈઓ વગેરેને બોલાવ્યા નહોતા તેથી પરિષદનો ત્યાગ કર્યો.

૨૭ દિલ્હી : વાઇસરૉય સાથે લંબાણથી મસલત. પરિણામે ભરતી સમિતિમાં ભાગ લીધો.

૨૮ દિલ્હી : કો-ઑપરેટીવ સ્ટોર્સ ખુલ્લો મૂક્યો; સ્થળ ચાંદની ચૉક.[1]

૨૯ દિલ્હી : યુદ્ધ પરિષદમાં બોલ્યા : 'અમે પૂરો સહકાર આપીશું.' આ પરિષદમાં નહિ બોલાવેલા નેતાઓને, પ્રાંતિક પરિષદમાં નિમંત્રી, થયેલી ભૂલ સુધારવા, વાઇસરૉયને લખવા ધારેલા પત્રનો મુસદ્દો ઘડ્યો.

૩૦ દિલ્હી[2] : આ પત્ર વાઇસરૉયને મોકલ્યો.

મે

૧ દિલ્હી : થી નીકળ્યા.

૨ નડિયાદ : આવ્યા અને થી નીકળ્યા.

૩ મુંબઈ : ઍની બીસન્ટની મુલાકાત. ● કૉંગ્રેસ કમિટિની બેઠકમાં હાજર, સમય સાંજ.

૪ મુંબઈ : નેતાઓ અને દિલ્હી પરિષદ અંગે વાઇસરૉયને પત્ર લખ્યો. થી નીકળ્યા.

૫ બીજાપુર : અઢારમી પ્રાંતિક પરિષદમાં હાજર, પ્રમુખ વિઠ્ઠલભાઈ ● અંત્યજ પરિષદ, સમય રાત્રે, એકેય અંત્યજ હાજર નહિ, બધાને ઉધડા લીધા.

૬ બીજાપુર[3] : પરિષદ ચાલુ; એમાં લખતબંધીની (ગિરમિટની) નવી પ્રથાના વિરોધમાં બોલ્યા. ● થી નીકળ્યા.

---

૧. 'ઈન્ડિયન રિવ્યુ'ના ૧૯૧૮ના મે માસના અંકના પાના ૪૦૦ ઉપર અને આધાર નં. ૬૧ના પાના ૩૫ ઉપર આની તા. ૫-૫-૧૮ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૨. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૪ના અનુ. નં. ૨૫૮ અને ૨૫૯માં જણાવ્યા મુજબ ગાંધીજી આજે નડિયાદ હતા; પરંતુ આ બંધબેસતું નથી.

૩. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૪ના અનુ. નં. ૨૬૬માં જણાવ્યા મુજબ ગાંધીજી આજે અમદાવાદ હતા; પરંતુ એ બંધબેસતું નથી.

૧૯૧૮-મે

૭ મુંબઈ : આવ્યા અને થી નીકળ્યા.
૮ નડિયાદ.
૯ અમદાવાદ.
૧૦ નડિયાદ ⇕ અમદાવાદ.
૧૧ નડિયાદ ⇕ અમદાવાદ. ગુજરાત સભાએ લશ્કર ભરતી અંગે સહકાર આપવા ઠરાવ્યું.
૧૨ અમદાવાદ ⇕ નડિયાદ.
૧૩ ઢુંઢાકૂવા : ખેડા સત્યાગ્રહ વિષે પ્રવચન. ⇕ અમદાવાદ.
૧૪ અમદાવાદ ⇕ કઠલાલ : તબિયત નરમ ⇕ અમદાવાદ.
૧૫ અમદાવાદ : ગુજરાત સભાની બેઠકમાં હાજર. ● થી નીકળ્યા.
૧૬ અમદાવાદ ⇕ નડિયાદ ⇕ સંદેસર ⇕ અમદાવાદ.
૧૭ અમદાવાદ : થી નીકળ્યા.
૧૮ રસ્તામાં.
૧૯ પટણા : ગોપાળ કૃષ્ણ ગોખલેના વ્યાખ્યાનો. અનુ. મહાદેવ દેસાઈની પ્રસ્તાવના લખી.[1]
૨૦ પટણા ⇕ મોતીહારી.
૨૧ મોતીહારી.
૨૨ ભીથારવા ⇕ બેતિયા
૨૩ બેતિયા ⇕ મોતીહારી.
૨૪ મોતીહારી.
૨૫ પટણા : જાહેરસભા, અહિંસા વિશે પ્રવચન.[2]
૨૬ રસ્તામાં.
૨૭ વડોદરા : સ્ટેશને, પ્રજામંડળના પ્રતિનિધિઓ મળવા આવ્યા. ⇕ નડિયાદ ⇕ ખેડા ⇕ ખાંધલી.
૨૮ થી ૨૯ નડિયાદ.
૩૦ નડિયાદ ⇕ અમદાવાદ.
૩૧ નડિયાદ.

---

૧. આ પ્રસ્તાવના પટણામાં સને ૧૯૧૮માં લખાઈ હતી. આજે લખી હશે એમ માન્યું છે.

૨. સને ૧૯૧૮ના જૂન માસના 'મૉડર્ન રિવ્યુ'માં, આ ભાષણમાંના વિચારો અંગે ટીકા કરવામાં આવી.

૧૯૧૮—જૂન

૧ થી ૨ અમદાવાદ.

૩ ઉત્તરસંડા : ખેડા સત્યાગ્રહ અંગે મામલતદાર સાથે ચર્ચા કરી સમાધાન કર્યું. ⇕ નવાગામ.

૪ થી ૫ [અમદાવાદ].

૬ નડિયાદ : ખેડા સત્યાગ્રહના સુખદ અંત અંગે પત્રિકા બહાર પાડી.

૭ [અમદાવાદ].

૮ નવાગામ : ડુંગળી 'ચોરનાર'ને[1] સજા કરવામાં આવી એ અંગે પ્રવચન. ⇕ નડિયાદ.

૯ મુંબઈ.

૧૦ મુંબઈ : પ્રાંતિક યુદ્ધ પરિષદમાં હાજર. સ્થળ ટાઉનહૉલ (બીજા હેવાલમાં સરકારી મહેલ); ટિળક, કેળકર વગેરેને પોતાના વિચારો વ્યક્ત કરતા ગવર્નરે રોક્યા એટલે એ લોકો સભા છોડી ચાલ્યા ગયા. ઝીણાએ થોડોક વિરોધ કર્યો પણ એમણે કે ગાંધીજીએ સભા છોડી નહિ.

૧૧ મુંબઈ ⇕ પૂના.

૧૨ પૂના : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સ્થાપનાદિનની ઉજવણીમાં હાજર. ● અનાથ વિદ્યાર્થીભવન ખુલ્લું મૂક્યું. ⇕ ચીંચવડ : વાંચન પ્રવર્તક મંડળના મફત વાંચનાલયની મુલાકાત, અને શ્રી રામ તથા સરસ્વતીની છબીઓની અનાવરણ વિધિ.

૧૩ પૂના ⇕ મુંબઈ.

૧૪ નડિયાદ : આવ્યા અને ગયા.

૧૫ મુંબઈ : ગવર્નર સાથે મુલાકાત.

---

૧. ખેડા સત્યાગ્રહ અંગે જપ્ત કરેલી જમીનો પૈકીનો જે ટુકડો સરકારે જપ્ત કરેલો જાહેર કર્યો નહોતો તેમાંથી, ડુંગળીનો પાક મોહનલાલ કામેશ્વર પંડયાની સરદારી નીચે કેટલાક સત્યાગ્રહીઓએ તા. ૪થીએ ઉપાડયો. સરકારે એ બધાને પકડયા અને આજે એમને, દસથી વીસ દિવસની સજા કરવામાં આવી. એ લોકો 'ડુંગળી-ચોર'ના નામે ઓળખાતા હતા.

૧૯૧૮-જૂન-જુલાઈ

૧૬ મુંબઈ હોમરૂલ લીગના આશ્રયે જાહેર સભામાં પ્રમુખપદે, સ્થળ શાંતારામની ચાલી. ૧૦મીની સભામાં સરકારે દાખવેલા વલણુ પ્રત્યે નાપસંદગી દર્શાવી.

૧૭ નડિયાદ ⇕ અમદાવાદ.

૧૮ અમદાવાદ : ગુજરાત સભાની બેઠકમાં હાજર; ચર્ચાથી બહુ અસંતોષ

૧૯ અમદાવાદ : રંગરૂટોની ભરતી અંગે આશ્રમવાસીઓ સાથે ચર્ચા.

૨૦ અમદાવાદ ⇕ નડિયાદ.

૨૧ નડિયાદ : રંગરૂટોની ભરતી અંગે પ્રવચન.

૨૨ નડિયાદ : લશ્કરમાં જોડાવા જાહેર વિનંતી બહાર પાડી ⇕ અમદાવાદ ⇕ નડિયાદ.

૨૩ નડિયાદ.

૨૪ નડિયાદ : ⇕ અમદાવાદ : હોમરૂલ લીગના સભાસદોનું ગવર્નરે અપમાન કર્યું હતું એ સામે વિરોધ દર્શાવવા મળેલી સભામાં પ્રમુખપદે; સમય સાંજે સાડા છ; સ્થળ પાનકોર નાકે આવેલી મોઢ ચાંપાનેરી ન્યાતની વાડી ⇕ નડિયાદ.

૨૫ ખેડા : રંગરૂટોની ભરતી અંગે પ્રવચન.

૨૬ રાસ : એવું જ પ્રવચન. ⇕ વાસદ : ગાડી ચૂક્યા, સ્ટેશને સૂઈ ગયા.

૨૭ મહેમદાવાદ ⇕ ખેડા ⇕ નવાગામ : ડુંગળીચોર સત્યાગ્રહીઓ છૂટયા એમને આવકાર આપતી સભાઓમાં પ્રવચન. ⇕ બારેજડી.

૨૮ બારેજડી ⇕ નડિયાદ : ⇕ કઠલાલ : 'ડુંગળીચોર'નું સન્માન'; ગાંધીજી કહે 'હું ગુરુ થવાને લાયક નથી–થઈ શકતો નથી!

૨૯ નડિયાદ : ખેડા સત્યાગ્રહના યજ્ઞની પૂર્ણાહુતિનો બીજો દિવસ; ગાંધીજીને ગુરુ દક્ષિણા બદલ પુષ્પાંજલિની વિધિ.

૩૦[1] નડિયાદ : સરધસ, અનાથાશ્રમથી. ● જાહેરસભા અને માનપત્ર સમય સાંજે સાડા પાંચ, સ્થળ દશા ખડાયતાની વાડી. ⇕ અમદાવાદ.

જુલાઈ

૧ અમદાવાદ ⇕ નડિયાદ.

૨ થી ૫ નડિયાદ.

૬ નડિયાદ ⇕ અમદાવાદ

---

૧. આ સાલ આખરે દિલ્હીમાં ભરાનારા કોંગ્રેસ અધિવેશનના પ્રમુખપદ માટે બીજાં નામો સાથે ગાંધીજીનું નામ પણ બિહાર તથા મધ્ય પ્રાંતની પ્રાંતિક સમિતિઓએ આ અગાઉ, સૂચવ્યું.

૧૯૧૮-જુલાઈ

૭ અમદાવાદ ⇕ નડિયાદ.

૮ નડિયાદ ⇕ નવાગામ ⇕ બારેજડી. ⇕ નડિયાદ.

૯ નડિયાદ.

૧૦ નડિયાદ : હિંદુ અનાથાશ્રમની વ્યવસ્થા અંગે સંસ્થાના સભ્યો સાથે ચર્ચા.

૧૧ નડિયાદ : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના પ્રમુખ શ્રીનિવાસ શાસ્ત્રી મળવા આવ્યા. ⇕ કઠલાલ : શાસ્ત્રી તથા ગાંધીજીના પ્રવચનો, રંગરૂટોની ભરતી અંગે.[1] ⇕ નડિયાદ.

૧૨ નડિયાદ ⇕ અમદાવાદ.

૧૩ અમદાવાદ : કમિશનર મિ. પ્રાટે આપેલી પાર્ટીમાં હાજર, સ્થળ શાહીબાગ ⇕ નડિયાદ.

૧૪ કરમસદ ⇕ ગોધરા : સૈન્ય ભરતી વિશે ભાષણ—બંને સ્થળે.

૧૫ થી ૧૬ મુંબઈ.

૧૭ નડિયાદ.

૧૮ નડિયાદ : સૈન્ય ભરતી વિશે ભાષણ : પ્રમુખ કમિશનર પ્રાટ.

૧૯[2] જંબુસર : એ જ વિશે ભાષણ.

---

૧. 'કાઠિયાવાડ ટાઈમ્સ'ના તા. ૨૧-૭-૧૮ના અંકમાં જણાવ્યા મુજબ ગાંધીજીએ કહ્યું : 'I have sent my eldest son who is a married man and has five children, to take part in the defence of the country'. 'પ્રજાબંધુ'ના તા. ૨૧-૭-૧૮ના અંકમાં પણ આ મુજબનો હેવાલ છે. પણ એ જ પત્રના તા. ૩૦-૬-૧૮ના અંકમાં ગુજરાતના પ્રથમ રંગરૂટોની જે યાદી આપી છે તેમાં હરિલાલનું (ગાંધીજીના સૌથી મોટા પુત્રનું) નામ નથી. વળી હરિલાલ અને ગાંધીજી વચ્ચે છેલ્લાં સાતેક વર્ષથી અણબનાવ હતો. તા. ૨૮-૭-૧૮ના રોજ ગાંધીજીએ લખેલા એક પત્રમાં એમણે લખ્યું : 'હરિલાલને મેં એમાં જવા સલાહ આપી પણ એનાથી તો એવું કામ હવે થાય જ શાનું ?' એટલે ઉપરના હેવાલોમાં જણાવેલા શબ્દો ગાંધીજી બોલ્યા હોય એ બંધબેસતું નથી.

૨. રાઉલેટ કમિટીનો હેવાલ બહાર પડયો. જુઓ તા. ૧૫-૪-૧૯.

૧૯૧૮-જુલાઈ-ઑગસ્ટ

૨૦ જંબુસર ⇕ અમદાવાદ.
૨૧ અમદાવાદ. ⇕ નડિયાદ.
૨૨ નડિયાદ. ⇕ અમદાવાદ.[૧]
૨૩ અમદાવાદ. ⇕ નવાગામ.
૨૪ થી ૨૫ નવાગામ.
૨૬ (નવાગામ).
૨૭ નડિયાદ. ⇕ અમદાવાદ
૨૮ અમદાવાદ. ⇕ નડિયાદ.
૨૯ નડિયાદ.
૩૦ વડથલ : સૈન્ય ભરતી અંગે ભાષણ.
૩૧ વડથલ ⇕ નડિયાદ.

ઑગસ્ટ

૧ સુરત : સોરાબજી શાહપુરજી અડાજણિયાના કુટુંબને દિલસોજી આપી.[૨]
●મોંટેગ્યુના સુધારા વિશે અને હોમરૂલ મેળવવા માટે શહેનશાહતને મદદ કરવાની જરૂર વિશે ભાષણ; સ્થળ આર્યસમાજ હૉલ, ભાષણ અણધાર્યું હોવાથી હાજરી બહુ ઓછી.
૨ નડિયાદ.
૩ નડિયાદ. ⇕ અમદાવાદ.
૪ અમદાવાદ. ⇕ નડિયાદ.
૫ [અમદાવાદ].
૬ થી ૭ (સુરત).

---

૧. આધાર નં. ૨૫માંના પત્ર નં. ૩૦ના મથાળા મુજબ આજે ગાંધીજી મુંબઇ હશે. આધાર નં. ૪૨ના ભાગ ૧૪ના અનુ. નં. ૩૫૫ મુજબ પણ આમ જ છે. એના નં. ૩૫૪માં નડિયાદ છે અને આધાર નં. ૨૩૨ના પાના ૪૯ મુજબ મુંબઇ છે! પણ નં. ૩૦ના **પત્રમાં** જ લખ્યું છે **'I am today at the Ashram'**, એટલે આજે અમદાવાદમાં હતા, અને મુંબઈ લખવામાં ભૂલ થઈ હશે.

૨. આ ગૃહસ્થ દક્ષિણ આફ્રિકામાંની લડતમાં ગાંધીજીના સાથી હતા. એમનું અવસાન તા. ૨૩-૭-૧૮ના રોજ જોહાનિસબર્ગમાં થયું હતું.

૧૯૧૮–ઑગસ્ટથી ઑક્ટોબર

૮ અડાજણ : સ્વ. અડાજણિયાના કુટુંબીજનોને ખરખરો કર્યો. ⇕ સુરત : હોમરૂલ લીગના કાર્યકરો સમક્ષ પ્રવચન. એક જાણકારને કહે 'તમારે કાગળોમાં "મહાત્મા"નું સંબોધનન કરવું.'

૯ [નડિયાદ].

૧૦ નડિયાદ. ⇕ અમદાવાદ.

૧૧ અમદાવાદ. ⇕ નડિયાદ : મરડાની માંદગી શરૂ થઈ.

૧૨ થી ૨૧ નડિયાદ : માંદગી ચાલુ.

૨૨ નડિયાદ : માંદગી ચાલુ; તાવ આવે; દવા ન લે; કુદરતી ઉપાય અજમાવે; ડૉ. તળવળકરે અને ડૉ. કાનુગાએ અમદાવાદથી આવીને તપાસ્યા.

૨૩ નડિયાદ. ⇕ અમદાવાદ : બંને ડૉક્ટરો ગાંધીજીને અમદાવાદ લાવ્યા; ઉતારો શેઠ અંબાલાલને ત્યાં.

૨૪ થી ૩૧ અમદાવાદ[1] : માંદગી ચાલુ, શેઠ અંબાલાલને બંગલે સારવાર ચાલુ.

સપ્ટેમ્બર

૧ થી ૬ અમદાવાદ : એજ પ્રમાણે.

૭ અમદાવાદ : 'મરવાનું હોય તો ઘેર જ મરવું ઉચિત છે' એમ વિચારી આશ્રમમાં આવ્યા.

૮ થી ૧૯ અમદાવાદ : તબિયત નરમ.

૨૦ અમદાવાદ : તબિયત સહેજ સારી, પ્રાર્થનામાં જાય, ટૂંકાં પ્રવચન કરે.

૨૧ થી ૩૦ અમદાવાદ :માંદગી ચાલુ

ઑક્ટોબર

૧ અમદાવાદ[2] : મધરાત્રે તબિયત બહુ બગડી; હૃદય ઉપર અસર; ધબકારા અનિયમિત; અંતકાળ નજીક આવ્યો છે એમ માની બધાં

---

૧. (૧) આધાર નં. ૧૮૬ના પાના ૮ ઉપર જણાવ્યું છે કે તા. ૨૫મી એ ગાંધીજી મુંબઈ ગયા હતા. લેખકને પૂછતાં જવાબ મળ્યો કે આના માટે એમની પાસે કોઇ આધાર નથી.

(૨) દરમિયાન તા. ૨૯થી કોંગ્રેસનું ખાસ અધિવેશન મુંબઈમાં ભરાયું.

૨. આજે ભાદરવા વદ ૧૨—ગાંધીજીની જન્મતિથિ.

૧૯૧૮-ઑક્ટોબર થી ડિસેમ્બર

આશ્રમવાસીઓને બોલાવ્યાં; હરિલાલ તથા દેવદાસને[1] તાર કરી બોલાવ્યા.

૨ અમદાવાદ : તબિયત સહેજ સુધારા ઉપર; હરિલાલ તથા દેવદાસને પત્રો લખાવ્યા.

૩ થી ૪ અમદાવાદ : તબિયત બહુ ખરાબ.

૫ અમદાવાદ : એ જ; મૅલિન્સ ફૂડ લીધું.[2]

૬ થી ૩૧[3] અમદાવાદ : માંદગી ચાલુ.

નવેમ્બર

૧ થી ૧૩[4] અમદાવાદ : માંદગી ચાલુ.

૧૪ અમદાવાદ : તબિયત નરમ. ● સાંજે સાડા પાંચ વાગ્યે, પાંચકૂવા પાસે, દાદાભાઈ નવરોજી પુસ્તકાલયના મકાન પાસે ગુજરાત સ્વદેશી સ્ટોર્સ લી. નું ઉદ્દ્ઘાટન ગાંધીજીના હસ્તે થવાનું હતું; પરંતુ તબિયત સારી નહિ હોવાથી એ જઈ ન શક્યા અને સંદેશો મોકલ્યો; જે દેવદાસે વાંચ્યો.

૧૫ થી ૩૦ અમદાવાદ.

ડિસેમ્બર

૧ અમદાવાદ : થી નીકળ્યા.

૨ થી ૧૨ માથેરાન : ઉતારો શેઠ અંબાલાલના 'ઓમ્બે વ્યુ' માં.

૧૩ માથેરાન[5] : થી નીકળ્યા.

---

૧. અનુક્રમે સૌથી મોટા અને સૌથી નાના પુત્રો.

૨. કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધીના વૉ. ૧૧ના અનુ. નં. ૧૯૬ મુજબ (તા. ૧૮-૨-૧૯૧૨) પૌત્ર કાંતિને મૅલિન્સ ફૂડ આપવામાં આવતું હતું તેનો વિરોધ કર્યો હતો.!

૩. (૧) તા. ૩૧ પહેલાં હરિલાલના પત્ની ગુલાબનું અવસાન થયું હતું.

(૨) તા. ૨૫ પહેલાં ગાંધીજીના દ. આ.ના સાથી અહમદ મહમંદ કાછલિયાનું અવસાન થયું હતું.

૪. (૧) દરમિયાન તા. ૧૧મીએ પહેલું વિશ્વયુદ્ધ બંધ થયું.

(૨) તા. ૪થીએ એન્ડ્રુઝ ગયા. થોડા દિવસ માટે આવ્યા હતા.

૫. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૪માંના અનુ. નં. ૧૧૫ અને ૧૧૬ માં જણાવ્યા મુજબ ગાંધીજી, તા. ૧૩-૧૨-૧૮ના રોજ અમદાવાદમાં તેમ જ મોતીહારીમાં હતા. આ બંને ગામો વચ્ચેનું અંતર જોતાં એક જ દિવસે આ બંને ગામમાં ગાંધીજી હોઈ શકે નહિ. વળી આ દિવસે, ગાંધીજી, આ બંનેમાંથી એકેય ગામ હોય એ બંધબેસતું નથી.

૧૯૧૮-ડિસેમ્બર થી ૧૯૧૯-ફેબ્રુઆરી

૧૪ થી ૩૧ મુંબઈ.[1]

૧૯૧૯—જાન્યુઆરી

૧ થી ૭ મુંબઈ.

૮ મુંબઈ: બકરીનું દૂધ લેવાનું શરૂ કર્યું.

૯ થી ૧૩ મુંબઈ.

૧૪ મુંબઈ ઍની બીસન્ટ મળવા આવ્યાં.[2]

૧૫ થી ૨૦[3] મુંબઈ.

૨૧ મુંબઈ: હરસનું ઑપરેશન કરાવ્યું.[4]

૨૨ થી ૨૮ મુંબઈ.

૨૯ મુંબઈ: ઍની બીસન્ટ ખબર પૂછવા આવ્યાં. ● એમના મુકામે. વિલાયત મોકલવાના પ્રતિનિધિ મંડળ અંગે ચર્ચા કરી.

૩૦ મુંબઈ: અલાહાબાદથી નીકળનારા 'ઇન્ડિપેન્ડન્ટ' પત્રને, એમની માગણીથી, સંદેશો મોકલ્યો.[5]

૩૧ મુંબઈ.[6]

ફેબ્રુઆરી

૧ મુંબઈ.

૨ મુંબઈ: વિઠ્ઠલભાઈ પટેલના વર્ણાંતર લગ્નના ખરડા અંગે એમની તથા માલવિયાજી સાથે ચર્ચા કરી.

૩ થી ૪ મુંબઈ.

---

૧. દરમિયાન હરસ ઊપડ્યા પરંતુ તબિયત સારી નહિ હોવાથી આપરેશન કરવામાં આવ્યું નહિ; પછી જંજીરા ગયા એવો હેવાલ મળે છે. આ પ્રસંગોની ચોક્કસ તારીખો મળી શકી નથી.

૨. આધાર નં. ૫૯ના પાના ૨૦ ઉપર અને નં. ૪૭ના પાના ૯૮ ઉપર આની તા. ૧૪-૨-૧૯ જણાવી છે પણ એ ભૂલો છે.

૩. તા. ૨૦મીએ સર સત્યેન્દ્ર પ્રસન્ન સિંહાને લૉર્ડ બનાવવમાં આવ્યા.

૪. આધાર નં. ૫૯ના પાના ૨૦-૨૧ ઉપર આનો સમય સને ૧૯૧૯ ફેબ્રુઆરી જણાવ્યો છે. પણ આ બંધબેસતું નથી.

૫. પણ અધિપતિની, એ છાપવાની હિંમત ચાલી નહોતી.

૬. આધાર નં. ૪૭માં લેખક લખે છે કે સને ૧૯૧૮માં ગાંધીજીએ મુંબઈ, વીલપાખડીમાં હરિજનોના મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું ત્યારે એ પોતાની ગાડીમાં ગાંધીજીને લઈ ગયા હતા કારણ બીજું કોઇ ગાડી આપવા તૈયાર નહોતું.

૧૯૧૯-ફેબ્રુઆરી-માર્ચ

૫ મુંબઈ : બસ્ટને સારુ બેઠક દીધી.

૬ થી ૯ મુંબઈ.

૧૦ થી ૧૮[૧] અમદાવાદ.

૧૯ અમદાવાદ : ગોખલે જયન્તી અંગે પ્રેમાભાઈ હૉલમાં મળેલી જાહેર સભાને સંદેશો મોકલ્યો; એમાં જણાવ્યું 'તબિયત સારી હોત તો પ્રમુખસ્થાન લેત'.

૨૦ થી ૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ[૨] : રૉલેટ બિલ સામે સત્યાગ્રહ શરૂ કરવા વિશે ચર્ચા કરી, વાઇસરૉયને એ વિશે તારથી ખબર આપી. ● સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર ઉપર પહેલી સહી કરી. ● રાત્રે લડત અંગે નેતાઓ સાથે વિચારણા કરી.

૨૫ થી ૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : રૉલેટ બિલ અંગે નિવેદન બહાર પાડયું.

માર્ચ

૧ મુંબઈ : રાત્રે, સત્યાગ્રહીઓની ખાનગી સભામાં હાજર.

૨ મુંબઈ : બપોરે, સત્યાગ્રહીઓ સાથે મસલત.

૩ મુંબઈ : થી નીકળ્યા.[૩]

૪ દિલ્હી : વાઇસરૉયના નિમંત્રણને માન આપી આવ્યા.

૫ દિલ્હી : વાઇસરૉય સાથે મુલાકાત; વાઇસરૉયે, સત્યાગ્રહની લડત ન ઉપાડવા સમજાવવા પ્રયત્ન કર્યો, પણ ગાંધીજી મક્કમ રહ્યા. ● થી નીકળ્યા.

---

૧. આધાર નં. ૪૨ના પાના ૧૫ના અનુ. નં. ૧૦૫ મુજબ તા. ૧૩મીએ ગાંધીજી મુંબઈ હતા એમ માન્યું છે.

૨. આધાર નં. ૧૮૬ના પાના ૯ ઉપર જણાવ્યું છે કે આજે ગાંધીજી મુંબઈ હતા. લેખકને પુછાવતાં જવાબ મળ્યો કે આના માટે એમની પાસે કોઇ આધાર નથી.

૩. ઘણે ભાગે આ વખતની મુસાફરીથી, ગાંધીજીએ, રેલવેના બીજા વર્ગમાં મુસાફરી કરવાનું શરૂ કર્યું.

૧૯૧૯-માર્ચ

૬ રામપુર : આવ્યા; ઉતારો અલીભાઈઓને ઘેર; એમને તથા એમનાં માતુશ્રીને મળ્યા.[1] ● નવાબ સાહેબને મળવા ગયા.[2] ● થી નીકળ્યા.

૭ દિલ્હી : ઉતારો પ્રો. રૂદ્રને ત્યાં. અલીભાઈઓ અંગે સર જેમ્સ ડુબોલ સાથે પોણા બે કલાક ચર્ચા કરી. ● રૉલેટ બિલ સામે વિરોધ દર્શાવવા માટેની સભામાં હાજર, તબિયત નરમ હોવાથી એમનું ભાષણ મહાદેવભાઈએ વાંચ્યું; સ્થળ પીપલ્સ પાર્ક; પ્રમુખ ડૉ. અનસારી.[3]

૮ દિલ્હી.

૯ અલાહાબાદ : ઉતારો માલવિયાજીને ત્યાં.

૧૦ અલાહાબાદ, પ્રતાપગઢ, અલાહાબાદ.

૧૧ લખનૌ : જાહેર સભામાં પ્રવચન, મૌલાના અબ્દુલ બારીએ ખરા સોનાના કસબનો હાર પહેરાવ્યો. ⇕ અલાહાબાદ : ઉતારો પંડિત મોતીલાલ નહેરુને ત્યાં. ● રૉલેટ બિલ સામે વિરોધ દર્શાવવા મળેલી જાહેર સભામાં હાજર, તબિયત નબળી હોવાના કારણે બોલી શક્યા નહિ, સંદેશો વાંચવામાં આવ્યો. ● પંડિત માલવિયાજીને મળવા ગયા.

૧૨ અલાહાબાદ : જાહેર સભા ● થી નીકળ્યા.

૧૩ મુંબઈ.

૧૪ મુંબઈ : સ્વામી શ્રદ્ધાનંદ તથા એન. ડી. સાવરકર મળવા આવ્યા.● રૉલેટ બિલ સામે વિરોધ દર્શાવવા, ફ્રેંચ બ્રિજ નજીક રાત્રે મળેલી સભામાં પ્રમુખપદે. ભાષણ મહાદેવભાઈએ વાંચ્યું.[4]

---

૧. જુઓ તા. ૧૬-૫-૨૫ની દિનવારી નીચેની પાદટીપ.

૨. ગાંધીજીને જોઇતા દૂધ માટે નવાબ સાહેબે ૧૮ બકરીઓ મોકલી આપી હતી!

૩,૪. આ સભામાં સ્વામી શ્રદ્ધાનંદ હાજર હતા અને બોલ્યા હતા.

૧૯૧૯-માર્ચ

૧૫ મુંબઈ : સાંજે છ વાગ્યે સાહિત્ય સંમેલનમાં હાજર.[1] ● સાંજે સાત વાગ્યે સત્યાગ્રહ સભાની બેઠકમાં હાજર, ભાષણ મહાદેવભાઈએ વાંચ્યું.

૧૬ મુંબઈ : થી નીકળ્યા.

૧૭ રસ્તામાં.

૧૮[2] મદ્રાસ : આવ્યા સવારે. ઉતારો રાજગોપાલાચાર્યને ત્યાં. ● બપોરે ચર્ચાઓ. ● સાંજે, રૉલેટ બિલ સામે વિરોધ દર્શાવવા, એસ. કસ્તૂરી રંગા આયંગરના પ્રમુખસ્થાને મળેલી જાહેર સભામાં હાજર. ભાષણ મહાદેવભાઈએ વાંચ્યું.

૧૯ મદ્રાસ : સાંજે મજૂર મહાજનની સભામાં બેઠાંબેઠાં પ્રવચન. એનો તામીલ અનુવાદ એ જ વખતે સંભળાવવામાં આવ્યો. ● રાત્રે ઍની બીસન્ટને મળવા ગયા.

૨૦ મદ્રાસ : જાહેર સભા, પ્રમુખ સી. વિજયરાઘવાચાર્ય. ગાંધીજીની તબિયત ઠીક નહિ હોવાથી એમનો સંદેશો મહાદેવભાઈએ વાંચ્યો.

૨૧ મદ્રાસ : નેતાઓની સભામાં હાજર.

૨૨ મદ્રાસ : ટ્રામ્વે કામદારોએ પાડેલી હડતાલ અંગે, સલાહ લેવા આવેલા એમના નેતાઓને, હિંસક ન બનવા શિખામણ આપી.[3]

૨૩ મદ્રાસ : સત્યાગ્રહની શરૂઆત તરીકે, તા. છઠ્ઠી એપ્રિલના રોજ, પ્રાર્થના, ઉપવાસ, હડતાળ અને સભાનો કાર્યક્રમ જાહેર કર્યો. ● સત્યાગ્રહનો

---

૧. આ માહિતી મહાદેવભાઈએ લખેલા એક પત્રમાંથી લીધી છે. આ દિવસે કોઈ ગુજરાતી સાહિત્ય સંમેલન મુંબઈમાં ભરાયું નહોતું. ઇંદોરમાં સને ૧૯૧૮માં ભરાયેલા હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખ ગાંધીજી હતા. એટલે આ સભા, આ સંમેલનની કાર્યવાહક સમિતિની હશે એવું અનુમાન નીકળે છે.

૨. આજે રૉલેટ કાયદો-Anarchical And Revolutionary Crimes Act-પસાર થયો.

૩. 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૧૯ના એપ્રિલ માસના અંકના પાના ૨૮૫ ઉપર આની તા. ૨ જણાવી છે પણ એ મુદ્રણદોષ લાગે છે.

વિરોધ કરનારાઓના નિમંત્રણને માન આપી એમના ભોજન સમારંભમાં હાજર અને પ્રવચન. ● રાત્રે નીકળ્યા.

૨૪ તાંજોર : આવ્યા, સવારે. ● કાર્યકર્તાઓ સાથે સત્યાગ્રહ અંગે ચર્ચા. ● જાહેરસભા, સ્થળ બીસન્ટ હૉલ, પ્રમુખ દી. બ. વી. પી. માધવરાવ ● ઘણા સમય પહેલાં આવીને વસેલા ગુજરાતીઓએ એમની તોતડી ગુજરાતી ભાષામાં સન્માન કર્યું, અને કસબી ભરતની બે શાલો ભેટ ધરી.

૨૫ ત્રિચિનાપલી : આવ્યા સવારે. ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ ટાઉન હૉલ સ્કવેર, ચાંદીની પાનપેટીમાં માનપત્ર.

૨૬ મદુરા : આવ્યા સાંજે. ● મીનાક્ષી મંદિરની મુલાકાત. ● જાહેર સભા, સ્થળ કૉલેજનું ચોગાન.

૨૭ તુતીકોરીન.

૨૮ તુતીકોરીન : જાહેરસભા, માનપત્ર, સ્થળ હૉસ્પિટલ સામેનું મેદાન; પ્રમુખ પી. એલ. વેંગુ આયર.

૨૯ નેગાપટ્ટમ્ : આવ્યા સવારે. ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ નાઝર બાગ. ⇕ મદ્રાસ.

૩૦[૧] મદ્રાસ : જાહેર સભા, સાંજે ૭ વાગ્યે. પણ એ પહેલાં બેઝવાડા જવા નીકળવાનું હતું એટલે લેખિત ભાષણ વાંચવામાં આવ્યું.

૩૧ બેઝવાડા : ઉતારો એ. કાલેશ્વરરાવને ત્યાં.

---

૧. સત્યાગ્રહની શરૂઆત માટે પ્રથમ આજનો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો, પણ પછીથી એ ફેરવીને ૬ઠ્ઠી એપ્રિલનો નક્કી કરવામાં આવ્યો. આ ફેરફારની ખબર, દિલ્હી, વખતસર પહોંચી નહિ એટલે ત્યાં સત્યાગ્રહનો કાર્યક્રમ આજે અમલમાં મૂકવામાં આવ્યો. સ્વામી શ્રદ્ધાનંદની આગેવાની નીચે સરઘસ અને સભાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. પોલીસે મશીનગન ચલાવી તથા ગોળીબાર કર્યો. સ્વામી સામે બંદૂક તાકવામાં આવી. એમના ઉપર ગોળી છોડવામાં આવી નહિ પણ બીજા ઘણા ઘવાયા.

૧૯૧૯-એપ્રિલ

૧ એઝવાડા સવારે નીકળ્યા મુંબઇ જવા માટે. પણ ગાડી, સિકંદરાબાદ મોડી આવી એટલે મુંબઈ જતો મેલ વાડી સ્ટેશને પકડવા માટે, સિકંદરાબાદથી વાડી જતી ગાડી પકડી શકાઈ નહિ. ⇕ સિકંદરાબાદ. ⇕ હૈદરાબાદ.

૨ સિકંદરાબાદ : થી નીકળ્યા.

૩ મુંબઈ : દિલ્હીના હત્યાકાંડ સંબંધે છાપામાં છપાવવા માટેનો પત્ર તૈયાર કર્યો.

૪ મુંબઈ : ઍની બીસન્ટના અનુયાયીઓ સત્યાગ્રહ સભામાંથી ખસતા જતા હતા તેમને સમજાવવા પ્રયત્ન કર્યો પણ સફળ ન થયા ● મિલમજૂરો સમક્ષ પ્રવચન, સ્થળ સોનપુર.

૫ મુંબઈ : આજે યુરોપ તરફ જતી પહેલી હિન્દી આગબોટ 'લૉયલ્ટી'ની માલિકી ધરાવતી કંપનીના મુખ્ય સંચાલક શ્રી નરોત્તમ મોરારજીને આ અંગે અભિનંદન આપવા, અને પરદેશ જતા એમના પુત્ર શાંતિકુમાર મોરારજીને સફળ સફર ઇચ્છવા એમને ઘેર ગયા. ● દાણાબંદરના રહીશોની સભામાં સત્યાગ્રહ અંગે પ્રવચન, સ્થળ વાડી બંદર, બરોડા સ્ટ્રીટ.

૬ મુંબઈ : સવારે આઠ વાગ્યે ચોપાટી ઉપર ભાષણ કર્યું તથા પ્રતિબંધિત સાહિત્ય વેચ્યું; સરઘસમાં હાજર; માધવબાગમાં પ્રાર્થના કરાવી. ●બપોરે સાડાત્રણ વાગ્યે, ચીના બાગમાં, શ્રીમતી જયકરના પ્રમુખપદે મળેલી સ્ત્રીઓની સભામાં ઉઘાડા માથે અને ઉઘાડા પગે આવ્યા. ● સાંજે પોલીસ કમિશ્નરને મળ્યા. ● જાહેર સભા, સ્થળ ફ્રેંચ બ્રિજ નજીક, પ્રમુખ ઝીણા. ● હિંદુ-મુસ્લિમની સભામાં રૉલેટ કાયદા સામે ભાષણ, સ્થળ સોનાપુરી મસ્જિદ.

૭ મુંબઈ : પ્રતિબંધિત સાહિત્ય વેચ્યું. ● 'સત્યાગ્રહી' નામનું બિન-નોંધાયેલું પત્ર કાઢ્યું અને નકલ પોલીસ કમિશ્નરને મોકલી. ● સત્યાગ્રહ સભાની સમિતિની બેઠકમાં પ્રમુખપદે.

૮ મુંબઈ : માંદા આનંદશંકર ધ્રુવને જોવા ગયા. ● થી નીકળ્યા સાંજે ચાર વાગ્યે.

૯ કોસી (=કોસી કલાન[1]) : આ સ્ટેશન રાત્રે સાડા આઠ વાગ્યે આવ્યું.

---

૧. મુંબઈ-દિલ્હીની રેલવે લાઈન ઉપર, સંયુક્ત પ્રાંત અને પંજાબ પ્રાંતની સરહદે આવેલું સંયુક્ત પ્રાંતનું છેલ્લું સ્ટેશન.

૧૯૧૯-એપ્રિલ

એક ગોરા અમલદારે પંજાબ સરકારનો તા. ૪-૪-૧૯ નો હુકમ બતાવ્યો એમાં જણાવ્યું હતું કે ગાંધીજીએ પંજાબમાં દાખલ થવું નહિ. અમલદારે કહ્યું "આ હુકમનો ભંગ કરશો તો વધુમાં વધુ ત્રણ વર્ષની આસાન અગર સખત કેદ અથવા દંડ અથવા બંને થશે." ગાંધીજીએ હુકમ માનવા ના પાડી. ● ચાલતી ગાડીએ લોકોને ઉદ્દેશીને સંદેશો લખાવ્યો. ⇕ પલવલ[1] : આ સ્ટેશને હુકમ બજાવવામાં આવ્યો. ગાંધીજીએ લખી આપ્યું 'હું હુકમ માન્ય રાખતો નથી.' એમની ધરપકડ.[2] ⇕ મથુરા : રાત્રે લાવવામાં આવ્યા.

૧૦ રસ્તામાં : મુંબઈ તરફ પાછા લઈ જવામાં આવ્યા. સવાઈ માધવપુર ગાડી બદલી મેલમાં બેસાડયા.

૧૧ વડોદરા : સ્ટેશને હિંદી સરકારની સંમતિ મેળવેલો હુકમ મુંબઈ સરકારે બજવ્યો 'તમારે મુંબઈ ઇલાકાની બહાર જવું નહિં.' ⇕ મુંબઇ : બપોરે એક વાગ્યે લાવવામાં આવ્યા; પછી છોડી મૂક્યા.[3] હુકમનો ભંગ કરી દિલ્હી જવા વિચાર્યું પણ ધરપકડના કારણે તોફાનો ફાટી નીકળ્યાં હતાં તે શમાવવા રોકાયા. એ હાજર હતા ત્યાંજ પોલીસે ગોળીબાર કર્યો. ● પોલીસ કમિશ્નર સાથે ચર્ચા. ● જાહેર સભા, સ્થળ ચોપાટી, બે લાખ માણસ હાજર, ગાંધીજી ઉઘાડા પગે આવ્યા. ચાર માંચડાં ઉપરથી એમનો સંદેશો વાંચવામાં આવ્યો.[4]

---

૧. પંજાબ પ્રાંતમાં કોસીથી ૨૬ માઈલ દૂર આવેલું એક સ્ટેશન.

૨. (૧) પકડાયાની થોડી ઘડી પહેલાં ગાંધીજીએ મહાદેવભાઇને 'વારસ'નો ઈલકાબ (તદ્દન ખાનગી રીતે) આપ્યો.

(૨) પકડાયા તે વખતે એમની સાથે મહાદેવભાઈ ઉપરાંત એક ડોક્ટર પણ હતા. તબિયતને કારણે ગાંધીજીએ ડૉક્ટરને પોતાની સાથે લીધા પણ મહાદેવભાઈને તો આગળ, દિલ્હી જવા સૂચના આપી. એટલે એ બંને અહીં છૂટા પડયા.

(૩) હિંદુસ્તાનમાં આ એમની પહેલી ધરપકડ હતી.

૩. આધાર નં. ૪૨ના વોલ્યુમ ૧૬ના અનુ. નં. ૯ની પાદટીપ મુજબ ગાંધીજીને તા. ૧૦મીએ છોડી મૂક્યા હતા; પરંતુ આ બંધબેસતું નથી.

૪. એ વખતે લાઉડ સ્પીકરો નહોતાં.

૧૯૧૯—એપ્રિલ

૧૨ મુંબઈ : મારવાડી ચેમ્બર તથા બીજાં મંડળોની મુલાકાત લીધી. ● સુલેહ સ્થાપવા પ્રયત્નો કર્યા.

૧૩[1] અમદાવાદ[2] : આવ્યા સવારે. ● કમિશનર, કલેક્ટર, ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ, વગેરે સ્ટેશને મળવા આવ્યા, પણ ગાડી મોડી છે એમ જાણતાં પાછા ગયા. ગાડી આવ્યા પછી ગાંધીજીને આ વિશે ખબર પડતાં સ્ટેશનેથી બારોબાર એ લોકોને મળવા ગયા અને હુલ્લડ અંગે દિલગીરી વ્યક્ત કરી. ● બોતેર કલાકના ઉપવાસ પર ઊતર્યા.

૧૪ અમદાવાદ : જાહેર સભા, સ્થળ સાબરમતી[3], સમય સાંજના ચાર, ગાંધીજીનું ભાષણ વલ્લભભાઈએ વાંચ્યું.

૧૫ અમદાવાદ : હુલ્લડમાં જખમી થયેલાની ખબર કાઢવા સિવિલ હૉસ્પિટાલની મુલાકાત. ● કલેક્ટરને પત્ર–'હુલ્લડમાં ક્યા ક્યા અંગ્રેજ મરણ પામ્યા અગર ઘવાયા એ જણાવશો. જે રાહત–ફાળો શરૂ કરવામાં આવ્યો છે તેમાંથી એમને પણ રાહત આપી શકાશે.'

૧૬ અમદાવાદ : કમિશનરે ગાંધીજીનો કાર્યક્રમ માગ્યો હતો તે એમને મોકલી આપ્યો, અને લખ્યું : 'ફેરફાર કરવા જેવો હોય તો જણાવજો સરકાર ઇચ્છે કે નહિ, હું તો શુદ્ધ સત્યાગ્રહી તરીકે, શાંતિ સ્થાપવામાં, સરકારને બેવી રીતે મદદ કરીશ.'

૧૭ અમદાવાદ.

૧૮ મુંબઈ : સત્યાગ્રહ મોકૂફ રાખવા અંગે નિવેદન બહાર પાડ્યું.

૧૯ મુંબઈ : ગવર્નરને મળ્યા. એમનું વર્તન કાંઈક અસભ્ય. ગાંધીજીએ સુણાવી દીધું 'થાય તે કરી લેજો'. ● હિંદી સાહિત્ય સંમેલન,

---

૧. આજે અમૃતસરમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ સરજાયો.

૨. ધરપકડને કારણે અહીં તથા બીજે પણ તોફાનો થયાં હતાં.

૩. અમદાવાદમાં એ વખતે માર્શલ લૉ હતા એટલે ત્યાં સભા થઈ શકે એમ નહોતું. એ વખતે સાબરમતી, અમદાવાદ મ્યુનિસિપાલિટીની હદની બહાર હતું.

૧૯૧૯–એપ્રિલ

સ્થળ એમ્પાયર થિયેટર, પ્રમુખસ્થાન લેવા માટે માલવિયાજીના નામની દરખાસ્ત મૂકી.

૨૦ મુંબઈ : સંમેલન ચાલુ; રાહત ફાળા માટે ઠરાવ મૂક્યો. ● ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર.

૨૧ મુંબઈ : સંમેલન ચાલુ. ● અહિંસામાં માનનાર જહૉન સ્કડરને મળવા ગોઠવાયેલી સભામાં હાજર, સ્થળ ચીના બાગ, સમય સાંજ. ● ઑ.ઈ.કૉં.ક. ની બેઠકમાં હાજર.

૨૨ થી ૨૩ અમદાવાદ.

૨૪ નડિયાદ : તા. ૧૦મીનાં તોફાનો વખતે, તારનાં દોરડાં કાપવાના આરોપસર જેમને પકડી જેલમાં પૂરવામાં આવ્યા હતા તેમને, કલેક્ટરની હાજરીમાં જેલમાં મળ્યા અને ગુનો કર્યો હોય તો કબૂલ કરવા શિખામણ આપી. ● થી નીકળ્યા.

૨૫ મુંબઈ : જાહેર સભા, કરનાક પુલ પાસે.

૨૬ મુંબઈ : હૉર્નિમૅનને[1] દેશપાર કરવામાં આવ્યા એ અંગે નિવેદન બહાર પાડ્યું.

૨૭ મુંબઈ[2] : સવારે મુનિ મહારાજ શ્રી મોહનલાલજીની જયંતી ઉજવવા, લાલબાગમાં મળેલી, જૈનોની સભામાં બોલ્યા–'ધર્માચાર્યો સ્વદેશીનો પ્રચાર કરે તો ઘણો લાભ થાય'. ● બપોરે અઢી કલાક સુધી પોલીસ કમિશનર સાથે ચર્ચા. ● સાંજે, સત્યાગ્રહ સભા તરફથી બોલાવાયેલી મારવાડીઓની સભામાં પ્રમુખપદે, સ્થળ નરનારાયણનું મંદિર.

૨૮ મુંબઈ : હૉર્નિમૅનની હદપારી અંગે પત્રિકા બહાર પાડી.

૨૯ મુંબઈ : ગવર્નર સાથે મુલાકાત. તા. ૧૯ મીના રોજ થયેલી મુલાકાત વખતના વર્તન અંગે 'અમદાવાદના બનાવોને લીધે હું બહુ ઉકળેલો હતો એટલે મને બોલતાં ભાન નહોતું રહ્યું'' એમ કહી

---

૧. એમને આજે દેશપાર કરવામાં આવ્યા.

૨ આધાર નં. ૨૩૩માં એક કિસ્સો એ મતલબનો છે કે, રાઉલેટ એક્ટ વિરુદ્ધની ચળવળના એક ભાગરૂપે મુંબઈમાં ઉમર સોબાની અને જમનાદાસ દ્વારકાદાસે શૌકતઅલીનું (નજરકેદમાં) એક નિવેદન ચોરી છૂપીથી છાપ્યું, પણ પોલીસને ખબર પડી ગઈ છે એ જાણતાં બાળી નાખ્યું. ગાંધીજીને ખબર પડતાં બન્નેને પોલીસ કમિશનર પાસે લઇ જઈ બધી વાત કરી. એ કહે 'અમને ખબર છે!' નોંધમાં તારીખ નથી.

ગવર્નરે માફી માગી.[1] ● ગવર્નરના મંત્રીને પત્ર–હૉર્નિમૅનને દેશપાર કરવાથી, અને બૉમ્બે ક્રૉનિકલ ઉપર સેન્સરશીપ મૂકવાથી કંઈ અજુગતું બને તો અમારો વાંક કાઢશો નહિ; સરકારનો ત્રાસ વધતો જાય છે.

૩૦ મુંબઈ : ગવર્નરને તથા બીજાઓને, સ્વદેશીના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવા વિનંતિ કરતા પત્રો લખ્યા.

મે

૧ મુંબઈ : પાયધુની જૈન સભા હૉલમાં રાખેલી સભામાં હાજર; બહુ ભીડ થવાથી સભા બંધ રાખવી પડી.

૨ થી ૪ મુંબઈ.

૫ મુંબઈ : વાઈસરૉયના મંત્રીને પત્ર–'તોફાનો શમ્યાં એ, સત્યાગ્રહીઓના પ્રયાસના પરિણામે શમ્યાં; આ સાથે વાઈસરૉયની સહી માટે સ્વદેશીનું પ્રતિજ્ઞાપત્ર મોકલું છું'.

૬ મુંબઈ : તા. ૧૧મીએ પાડવાની હડતાળ અંગે પોલીસ કમિશનરને ખબર આપી. ● જાહેર સભા, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૭ મુંબઈ.

૮ મુંબઈ : છૂપી પોલીસના અધિકારીઓ સાથે ચર્ચા. ● સ્ત્રીઓની સભામાં ભાષણ, સમય સાંજ, વિષય 'સ્વદેશી', સ્થળ વનિતા વિશ્રામ, પ્રમુખ સરોજિની નાયડુ.

૯ મુંબઈ : અંજુમન ઝીઆઉલ ઇસ્લામની તારદેવ જમાલ હૉલમાં, એમ. ટી. કાદરભાઈના પ્રમુખપદે મળેલી સભામાં હાજર રહ્યા, અને ખિલાફત અંગે વાઈસરૉયને મોકલવાની અરજીનો મુસદ્દો ઘડી આપવા સ્વીકાર્યું.[2]

૧૦ મુંબઈ.

---

૧. આ માહિતી મહાદેવભાઈએ લખેલા એક પત્રમાંથી લીધી છે.

૨. 'મુંબઈ ગુજરાતી'ના તા. ૧૧-૫-૧૯ ના અંકના પાના ૭૩૯ ઉપર આની તા. ૮ જણાવી છે.

૧૯૧૯—મે

૧૧ મુંબઈ : હિંદી સરકારને પત્ર—મુસલમાનોને સંતોષ આપો અને રૉલેટ કાયદો રદ કરો તો દેશમાં શાંતિ રહેશે.

૧૨ મુંબઈ : એક જણને જવાબ લખ્યો—'હું છૂપો ખ્રિસ્તી નથી'.

૧૩ અમદાવાદ.

૧૪ થી ૧૬ મુંબઈ.

૧૭ થી ૧૮ અમદાવાદ.

૧૯ અમદાવાદ ⇕ મુંબઈ : સત્યાગ્રહીઓની સભામાં હાજર; સમય રાત, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૨૦ મુંબઈ.

૨૧ મુંબઈ : સત્યાગ્રહ સભાની કારોબારીમાં હાજર. ● સત્યાગ્રહ શરૂ કરવા અને પંજાબના બનાવોને લીધે લડતનું ક્ષેત્ર વિસ્તારવા સત્યાગ્રહીઓની ખાનગી સભામાં વિચારણા.

૨૨ મુંબઈ વીશા સોરઠિયા વણિક યુવક મંડળના સભ્યોની સભામાં ભાષણ, વિષય 'સ્વદેશી', સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૨૩ મુંબઈ : અલીભાઈઓને લખ્યું : 'તમે હુકમનો અનાદર કરવા માગો છો એ વાજબી નથી; સત્યાગ્રહી પોતાનું દુઃખ ગાતો નથી; તમારા નિવેદનની ભાષા જોઈએ તેટલી વિનયી નથી.'

૨૪ અમદાવાદ.

૨૫ અમદાવાદ : હુલ્લડમાં ઘવાયેલાઓને, ઘોડી, બનાવટી અંગો વગેરે માટે મદદ આપી શકાશે એ મતલબનો પત્ર સિવિલ સર્જનને લખ્યો.

૨૬ સુરત : સ્ત્રીઓ સમક્ષ ભાષણ, વિષય 'સ્વદેશી'. સ્થળ માળવીની વાડી. ● જાહેર સભા, સ્થળ ટિળક મેદાન.

૨૭ મુંબઈ : ઇન્સ્પેક્ટર ઑફ પોલીસ સાથે મુલાકાત.

૨૮ મુંબઈ : પંજાબના લાલા હરકિશનલાલ રામભજ દત્ત ચૌધરી વગેરે પર સરકારે માંડેલી ફરિયાદ અંગે કમિશન સમક્ષ જુબાની આપી. ● સત્યાગ્રહ શરૂ કરવા વિશે વિચારણા કરવામાં આવી.

૨૯ મુંબઈ.

૧૯૧૯-મે-જૂન

૩૦ મુંબઈ : પંજાબના બનાવો વિશે સ્વતંત્ર તપાસની માગણી કરતો પત્ર વાઇસરૉયને લખ્યો. ● એક જણને લખ્યું : 'હૃદય નબળું પડયું છે તેથી હાથ ધ્રુજે છે.'

૩૧ મુંબઈ[1] : સર વેલેન્ટાઈન શિરોલ સામે લોકમાન્ય ટિળકે માંડેલા દાવામાં એમને થયેલા ખરચમાં મદદ કરવા માટેની સભામાં પ્રમુખપદે, સ્થળ શાંતારામની ચાલી.

જૂન

૧ અમદાવાદ.

૨ અમદાવાદ. ⇕ અસલાલી : સ્વદેશી વિશે પ્રવચન.

૩ મુંબઈ.

૪ મુંબઈ : પંજાબના સ્વયંસેવકો મળવા આવ્યા. ● સી. પી. રામસ્વામી આયરના સ્વદેશી વિશેના ભાષણમાં પ્રમુખપદે, સમય રાત, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૫ થી ૬ મુંબઈ.

૭ મુંબઈ : સત્યાગ્રહીઓએ ગાંધીજીની રૂબરૂ પ્રતિજ્ઞાપત્રમાં સહીઓ કરી.

૮[2] મુંબઈ.

૯ મુંબઈ : 'ટ્રિબ્યૂન'ના તંત્રી બાબુ કાલીનાથ રૉયને કરેલી સજાની અયોગ્યતા વિશે વાઈસરૉયને લખવાના કાગળનો મુસદ્દો ઘડયો.

૧૦ મુંબઈ.

૧૧[3] મુંબઈ : તા. ૯મીએ ઘડેલો પત્ર રવાના કર્યો અને એ વિશે બીજાઓને લખ્યું.

૧૨ મુંબઈ.

૧૩ મુંબઈ : પાયધુની જૈન મહિલા સમાજના આશ્રયે સ્ત્રીઓની સભામાં પ્રવચન.

---

૧. તા. ૧૮-૪-૭૯ અને આજ તારીખના ગાળામાં કાળાગાટામારૂ વાળા બાબા ગુરુદત્તસિંગ મુંબઈમાં મળવા આવ્યા હતા. (જુઓ તા. ૨૯-૯૧૪) (તા. ૨૯-૯-૧૪ મુજબ નોંધ લેવી).

૨. અલીભાઈઓની ધરપકડ કરવામાં આવી.

૩. અમૃતસરમાં માર્શલ લૉ જાહેર થયો.

૧૯૧૯-જૂન

૧૪ મુંબઈ : હિંદની પરિસ્થિતિ અંગે હિંદી વજીર માંટેગ્યુને પત્ર લખ્યો.

૧૫ મુંબઈ : સત્યાગ્રહ સભાની કારોબારીની બેઠકમાં હાજર.

૧૬ મુંબઈ : પંજાબના ડૉ. કિચલુ ઉપરના કેસ અંગે કમિશન સમક્ષ જુબાની આપી. ● સ્વદેશી સભાના ઉદ્દેશો અને નિયમો અને સ્વદેશીનાં ત્રણ પ્રકારનાં વ્રતો અંગે પત્રિકા બહાર પાડી.

૧૭ મુંબઈ : જાહેર સભામાં પ્રમુખપદે, વિષય 'સ્વદેશી', સ્થળ કરનાક બંદર સામે મૂળજી હરિદાસનું લોખંડનું ગોડાઉન.

૧૮ મુંબઈ : વાઈસરૉયને ખબર આપી કે સત્યાગ્રહ શરૂ થશે, અને હાલ તુરત તો હું એકલો જ કરીશ. ● શુદ્ધ સ્વદેશી કાપડ ભંડાર ખુલ્લો મૂક્યો, સ્થળ મોરારજી ગોકળદાસ મારકીટ. ● સત્યાગ્રહીઓની ખાનગી સભા, રાત્રે.

૧૯ મુંબઈ : સ્વદેશી સભાના આશ્રયે મળેલી જાહેર સભામાં પ્રમુખસ્થાને, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૨૦ મુંબઈ : મીઠા ખાતાના અધિકારી પાસેના અમુક જૂના હેવાલો વાંચવા દેવા પરવાનગી માગી.[1]

૨૧ થી ૨૨ અમદાવાદ.

૨૩ અમદાવાદ : સ્વદેશી વ્રતધારીઓની સભામાં પ્રમુખપદે, સમય સાંજ, સ્થળ પ્રેમાભાઈ હૉલ સ્વદેશી સભાની સ્થાપના.

૨૪ મુંબઈ : રૉલેટ કાયદાનો અને હૉર્નિમૅનની દેશપારીનો વિરોધ કરવા માટે, સત્યાગ્રહ સભાના આશ્રયે મળેલી જાહેર સભામાં પ્રમુખપદે, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.[2] ● ઠરાવ મુજબ હિંદી વજીરને તાર કર્યો.

૨૫ મુંબઈ : પોલીસ કમિશનર સાથે ચર્ચા.

૨૬ મુંબઈ : કાલીનાથ રૉય અંગેનો પત્ર મોકલવામાં થયેલી ઢીલ માટે માફી માગતો પત્ર સર નારાયણ ચંદાવરકરને લખ્યો. ● એ વિશે

---

૧. મીઠાના કાયદા સામેના સત્યાગ્રહના એંધાણ !

૨. આધાર નં. ૯૯ના ભાગ ૧ના પાના ૨૩૪ ઉપર આની તા. ૨૫ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

વાઇસરૉયને પત્ર લખ્યો. ● તા. ૨૪મી એ થયેલો ઠરાવ ગવર્નર્સને મોકલ્યો.

૨૭ મુંબઈ : તા ૧૮મીએ વાઇસરૉયને ખબર આપી હતી એ મતલબનો કેબલ હિંદી વજીરને કર્યો. ● રૉલેટ કાયદાનો અને હૉર્નિમેનની દેશપારીનો વિરોધ કરતી જાહેર સભામાં પ્રમુખપદે, સ્થળ શાંતારામની ચાલી.

૨૮ મુંબઈ : કચ્છ જૈન એસોસિયેશનના આશ્રયે, ભુલેશ્વર માધવબાગની પાછળ આવેલા લાલબાગના જૈન ઉપાશ્રયમાં, મંડળાચાર્ય કમલસુરીશ્વરના પ્રમુખપદે, સ્વદેશી વિશે પ્રવચન. ● વાઇસરૉયને પત્ર–સત્યાગ્રહ શરૂ કરવા વિશે. ● ઝીણાને (એ વખતે એ વિલાયત હતા) લખ્યું : 'પાછા આવતા પહેલાં ગુજરાતી અને હિંદી શીખી લેજો, અને મિસીસ ઝીણા ચરખા વર્ગમાં જોડાશે ને ?' ● જાહેર સભામાં પ્રમુખપદે, વિષય 'સ્વદેશી', વક્તા જી. બી. દેશપાંડે.

૨૯ અમદાવાદ : સવારે વનિતા વિશ્રામના મકાનનો પાયો નાખ્યો.[1] ● સ્વદેશી સભાના આશ્રયે ભાષણ. સ્થળ પ્રેમાભાઈ હૉલ.

૩૦ અમદાવાદ[2] : પોલીસ અધિકારીને લખ્યું– 'સત્યાગ્રહ શરૂ કરવાનો હોઈશ ત્યારે તમને સમયસર ખબર આપીશ.'

જુલાઈ

૧ મુંબઈ : પોલીસ કમિશનરને મળવા ગયા.

---

૧. (૧) સને ૧૯૧૯ના સપ્ટેમ્બર માસના 'સમાલોચક'ના પાના ૫૦૭ ઉપર જૂન માસની છેલ્લી તારીખ જણાવી છે. પણ 'પ્રજાબંધુ' માં અને સ્થળ પરની તકતીમાં તા. ૨૯ છે. આ પ્રમાણભૂત માની છે.

(૨) આધાર નં. ૪૨ ના ભાગ ૧૫ના અનુ. નં. ૩૭૨માં જણાવ્યા મુજબ આજે, ગાંધીજી મુંબઈ હતા. પરંતુ આ બંધબેસતું નથી.

૨. આધાર નં. ૪૨ ના ભાગ ૧૫ના અનુ. નં. ૩૭૫ મુજબ ગાંધીજી આજે મુંબઈ હતા; પરંતુ આ બંધબેસતું નથી.

૧૯૧૯ – જુલાઈ

૨ મુંબઈ : સત્યાગ્રહીઓની ખાનગી સભામાં પ્રવચન, સ્થળ સી. પી. ટેન્ક ઉપર હીરાબાગનો હૉલ.

૩ મુંબઈ : કો-ઑપરેટીવ સોસાયટીના રજીસ્ટ્રારને સ્વદેશીવ્રત લેવા માટે લખ્યું.

૪ મુંબઈ : લેડી તાતાને ત્યાં ગયા અને એમની પાસે સ્વદેશીવ્રત લેવરાવ્યું.

૫ મુંબઈ.

૬ નડિયાદ : સ્ત્રીઓ સમક્ષ સ્વદેશી વિશે ભાષણ. ● સત્યાગ્રહીઓની ફરજ વિશે ભાષણ. ⇕ અમદાવાદ.

૭ અમદાવાદ : સ્ત્રીઓની સભામાં ભાષણ, સ્થળ હાટકેશ્વર મહાદેવ.

૮ થી ૧૧ મુંબઈ.[1]

૧૨ પૂના : ગવર્નર સાથે બે કલાક ચર્ચા.[2] ● ફર્ગ્યુસન કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન. ભાષણ પછી, પ્રિન્સિપાલ પરાંજપે બોલવા ઊઠયા ત્યારે વિદ્યાર્થીઓએ સીસકારા કર્યા. ● જાહેર સભા, સ્થળ ગાયકવાડવાડો.

૧૩ મુંબઈ : જાહેર સભા, વિષય–દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓની સ્થિતિ, પ્રમુખ ફૈઝ બદરૂદ્દીન તૈયબજી, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ. ● 'આપણી ફરજ' ઉપર પ્રવચન, સ્થળ એ જ. ● કાલબાદેવી નરનારાયણના મંદિરમાં મળેલી સભામાં પ્રવચન.

૧૪ મુંબઈ : તા. ૧૨મીએ, વિદ્યાર્થીઓએ દર્શાવેલ ગેરવર્તન અંગે નાપસંદગી દર્શાવતો તથા સ્વદેશી વિશેના પોતાના ખ્યાલો સ્પષ્ટ કરતો પત્ર પ્રિન્સિપાલને લખ્યો.

૧૫ મુંબઈ.

---

૧. (૧) દરમિયાન તા. ૮મીએ ગાંધીજી, ગવર્નરના રહસ્યમંત્રીને મળવાના હતા. મળ્યા હતા કે નહિ એ માહિતી મળી નથી.

(૨) વિઠ્ઠલદાસ જેરાજાણીએ 'સ્વદેશી' ઉપર આપેલા ભાષણમાં ગાંધીજી પ્રમુખપદે હતા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

૨. અત્યાર અગાઉ 'સત્યાગ્રહ ફરી કેમ શરૂ ન કરવો ?' એ શીર્ષક હેઠળ ગાંધીજીએ એક લેખ લખ્યો હતો. તેની ચર્ચા માટે એમને ગવર્નરે બોલાવ્યા હતા.

૧૯૧૯-જુલાઈ

૧૬ મુંબઈ : કાંદાવાડીમાં બાઈ કાનબાઈ લોહાણા અનાથાલયની ચાલીમાં સ્ત્રીઓ માટે રેંટિયા વર્ગ ખુલ્લો મૂકવામાં આવ્યો એ પ્રસંગે હાજર.

૧૭ મુંબઈ.

૧૮ મુંબઈ[1] : દક્ષિણ આફ્રિકાની પાર્લામેન્ટમાં રજુ થયેલા નવા ખરડાનો વિરોધ કરવા, ઇમ્પીરિયલ સિટીઝન્સ એસોસિયેશનના આશ્રયે ભરાયેલી જાહેર સભામાં ભાષણ, પ્રમુખ દિનશાહ પિટીટ, સ્થળ એક્સેલસિયર થિયેટર. ● મુખ્ય કાર્યકરોને સંબોધન.

૧૯ મુંબઈ

૨૦[2] મુંબઈ : ગવર્નર સાથે મુલાકાત.

૨૧ મુંબઈ.

૨૨ અમદાવાદ : વાઇસરૉયને પત્ર – 'તમારી સલાહ અનુસાર સત્યાગ્રહ મોકૂફ રાખું છું, પરંતુ પંજાબમાં થતી સજાઓની ક્રૂરતા વિશે તમારે વિચાર કરવો પડશે.'

૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ. ⇕ મુંબઈ.[3]

૨૫ મુંબઈ.

૨૬ મુંબઈ : કાર્યકરોની સભા.

૨૭ મુંબઈ : જૈન વકતૃત્વકળા પ્રસારક મંડળના આશ્રયે 'સ્વદેશી' ઉપર ભાષણ, સ્થળ લાલબાગ પાંજરાપોળ, પ્રમુખ આચાર્ય કમલ સુરીશ્વરજી. ● ટર્કી સાથે થયેલી સુલેહની શરતો નહિ છાપવા

---

૧. વહેલી સવારે અમૃતલાલ સુંદરજી પઢિયારનું મુંબઈમાં અવસાન થયું.

૨. હિંદી સરકારની સૂચના અનુસાર મુંબઈ સરકારે, સત્યાગ્રહ શરૂ નહિ કરવા, ગંભીર ચેતવણીરૂપે કાગળ લખ્યો.

૩. એમ લાગે છે કે ગાંધીજી સવારની ગાડીમાં નીકળી રાત્રે મુંબઈ પહોંચ્યા હશે. આજે અમદાવાદમાં, દક્ષિણ આફ્રિકાના હિંદીઓ વિરુદ્ધના કાયદા સામે પોકાર ઉઠાવવાની જાહેર સભામાં એ બોલવાના હતા પરંતુ એમને અચાનક મુંબઈ જવું પડયું તેથી હાજર રહી શકયા નહિ.

માટે ચેતવણી આપતા પરિપત્રના જવાબમાં વાઇસરૉયને લખ્યું : 'આમાં ડરવા જેવું છે શું ?

૨૮ સુરત : સ્વદેશી વસ્તુ ભંડાર ખુલ્લો મૂક્યો. ● કલેક્ટરની મુલાકાત લીધી. ● સ્ત્રીઓની સભામાં ભાષણ, વિષય 'સ્વદેશી સ્વરાજ', સમય સાંજ, સ્થળ દયાળ માવજીની વાડી.

૨૯ અમદાવાદ.

૩૦ [અમદાવાદ].

૩૧ વીજાપુર : ગંગાબહેનના હાથકંતામણ કેન્દ્રની મુલાકાત.

ઑગસ્ટ

૧ વીજાપુર. ⇕ કલોલ : હાથસાળ કારખાનાની મુલાકાત. ● સ્વદેશી વિશે પ્રવચન. ⇕ અમદાવાદ.

૨ [અમદાવાદ].

૩ થાણા : ગૌરક્ષા વિશે ભાષણ. ⇕ મુંબઈ.

૪ મુંબઈ.

૫ મુંબઈ : પઢિયારના અવસાન માટે ખેદ જાહેર કરવા અને એમની યાદગીરી જાળવવાની યોજના નક્કી કરવા, ગુજરાતીઓની સભામાં પ્રમુખપદે, સમય સાંજ, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૬ મુંબઈ.

૭ મુંબઈ : સ્વદેશી વિશે ભાષણ, સમય રાત, સ્થળ કાલબાદેવી નરનારાયણનું મંદિર.

૮ પૂના : દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાડમારીઓ અંગેની, ડેક્કન સભાના આશ્રયે મળેલી સભામાં હાજર, સ્થળ કિર્લોસ્કર થિયેટર, પ્રમુખ ખોપકર. ● મફત વાંચનાલયની મુલાકાત.

૯ મુંબઈ.

૧૦ થી ૧૧ (અમદાવાદ).

૧૨ થી ૧૩ અમદાવાદ.

૧૪ અમદાવાદ. ⇕ ગોધરા : સ્વદેશી ભંડાર ખુલ્લો મૂક્યો. ● સ્ટુઅર્ટ લાયબ્રેરીની મુલાકાત. ● કામદારોના કામના સમય વિશે અને વેઠ વિશે કલેક્ટર સાથે ચર્ચા. ● સ્ત્રીઓની સભા સમક્ષ સ્વદેશી વિશે પ્રવચન, સમય સાંજ, કલેક્ટરના પત્ની હાજર. ● જાહેર સભામાં સ્વદેશી વિશે પ્રવચન, સમય રાત, પ્રમુખ કલેક્ટર.

૧૯૧૯-ઑગસ્ટ

૧૫ ગોધરા : પંજાબના મામલા વિશે ભાષણ.

૧૬ થી ૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ : સ્વદેશી અંગે ચર્ચા કરવા માટે ગવર્નર પાસે મુલાકાત માગી. ● કૃષ્ણ સ્ટોર્સનું ઉદ્‌ઘાટન કરવા ના પાડી–કારણ, એમાં પરદેશી માલ પણ વેચવાનો હતો. ● કાર્યકરોની સભા, સમય રાત.

૨૦[1] મુંબઈ : કરાંચીમાંથી હદપાર કરવામાં આવેલા મણીલાલ જાદવજી વ્યાસ અંગે સર લલ્લુભાઈ શામળદાસને પત્ર લખ્યો.

૨૧ મુંબઈ.

૨૨[2] મુંબઈ : પંજાબ રમખાણ અંગે એક જણને થયેલી સજા વિશે ત્યાંના લેફ. ગવર્નરને પત્ર લખ્યો. ● ઍસ્થર ફૅરિંગને દેશનિકાલ ન કરવા વિનંતી કરતો પત્ર મદ્રાસના ગવર્નરને લખ્યો.[3]

૨૩ થી ૨૪ મુંબઈ.

૨૫ અમદાવાદ : રાષ્ટ્રીય ગુજરાતી શાળામાં 'દેશી રમતો' વિશે ભાષણ.

૨૬ અમદાવાદ.

૨૭ મુંબઈ.

૨૮ મુંબઈ : અમદાવાદમાં મજૂર–વસાહત સ્થાપવા માટે જમીન આપવા કલેકટરને પત્ર લખ્યો. ● પંચમહાલના કલેકટરના પત્નીને કાંતવા વિશે પત્ર લખ્યો.

૨૯ મુંબઈ : જૈન ફ્રેન્ડલી યુનિયન અને યુનિયન સોસાયટીના આશ્રયે, રૉલૅટ કાયદા સામે અને પંજાબના અમલ સામે, વિરોધ દર્શાવવા મળેલી સભામાં પ્રમુખપદે.

---

૧. આધાર નં. ૪૫ના પુ. ૫ના પાના ૧૧૧ ઉપર આજે ગાંધીજીએ સાબરમતીથી પત્ર લખ્યો એમ જણાવ્યુ છે પણ એ ભૂલ લાગે છે.

૨. આગામી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદ માટે આજે અમદાવાદમાં મળેલી સત્કાર સમિતિમાં ગાંધીજીનું નામ સૂચવવામાં આવ્યું પરંતુ એમને વધુમતી મળી નહિ એટલે એ ચૂંટાયા નહિ. વિરુદ્ધ મત આપનારમાં નરહરિભાઈ હતા !

૩. જુઓ તા. ૬–૧–૧૭. આ બાઇ ગાંધીજીની ભક્ત હતી અને એ જ કારણે સરકારને કડવી પડી હતી અને એને હિંદ બહાર મોકલી દેવા તજવીજ ચાલતી હતી.

૧૯૧૯-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૩૦ મુંબઈ : થી નીકળ્યા.

૩૧ દાહોદ : આવ્યા, સત્કાર અને સરઘસ. ઉતારો શેઠ કરસનભાઈને ત્યાં. ● 'સ્વદેશી' વિશે ભાષણ; સમય સવાર. ● સ્ત્રીઓની સભામાં રેંટિયા વિશે પ્રવચન, સમય બપોર. ● સાળવીની સભામાં અને અંત્યજ વાસમાં પ્રવચનો.

સપ્ટેમ્બર

૧ થી ૨ [દાહોદ].

૩ થી ૪[1] અમદાવાદ.

૫ [અમદાવાદ].

૬ મુંબઈ : સ્વદેશી સભાની અને સત્યાગ્રહ સમિતિની બેઠકમાં હાજર.

૭ મુંબઈ : 'નવજીવન' પત્ર હાથમાં લીધું.[2] ● ગીરગામમાં ગુજરાત સ્વદેશી સ્ટોર્સ ખુલ્લો મૂકયો. ● સાંજે, સ્વદેશી સભાની બેઠકમાં હાજર.

---

૧. (૧) દરમિયાન પંજાબમાં, મુંબઈ ઇલાકામાં વગેરે સ્થળે થયેલાં રમખાણોની તપાસ કરવા લૉર્ડ હંટરના પ્રમુખપણા નીચે, તા. ૩ જીના રોજ એક તપાસ-પંચ, સરકારે નીમ્યું. આધાર નં. ૯૯ ના ભાગ ૧ ના પાના ૨૭૫ ઉપર આની તા. ૧૪-૧૦-૧૯ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

(૨) આ પહેલાં એક છાપખાનું અમદાવાદમાં ખરીદી લેવામાં આવ્યું અને એનું નામ નવજીવન મુદ્રણાલય રાખ્યું. 'યંગ ઇન્ડિયા' તેમ જ 'નવજીવન' (જે બીજા છાપખાનામાં છપાતા હતાં તે) આમાં છાપવા માંડયા.

૨. સને ૧૯૧૧ ના જુલાઈ માસથી 'સત્ય' નામનું એક માસિક મુંબઈથી, મોતીલાલ ત્રિભુવનદાસ દલાલના તંત્રીપદે નીકળતું હતું. સને ૧૯૧૫ ના જૂન માસના અરસામાં 'નવજીવન' નામનું એક માસિક કાઢવા ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક તૈયારી કરતા હતા. એ જાણતાં, શ્રી દલાલની સંમતિથી 'નવજીવન અને સત્ય' નામનું માસિક કાઢવા નક્કી થયું. અને સને ૧૯૧૫ ના જુલાઈ માસથી ઇન્દુલાલના તંત્રીપદે એ નીકળ્યું. એ, સને ૧૯૧૯ ના જુલાઇ સુધી ચાલ્યું. પછી એના સંસ્થાપકોએ એની દેખરેખ ગાંધીજીના હાથમાં મૂકી; અને એ, અઠવાડિક તરીકે પ્રસિદ્ધ થઇ શકે એવી સગવડ કરી આપવાનું માથે લીધું. એટલે એનું તંત્રીપદ ગાંધીજીએ સંભાળ્યું. એનું નામ કેવળ 'નવજીવન' રાખવામાં આવ્યું, અને એનો પહેલો અંક આજે બહાર પડયો. એના પ્રિન્ટર અને પ્રકાશક સોમાલાલ મંગળદાસ હતા.

૧૯૧૯–સપ્ટેમ્બર

૮ મુંબઈ.

૯ થી ૧૧ (અમદાવાદ).

૧૨ અમદાવાદ : માર્મા ડ્યુક પિક્થૉલનો ટર્કી અંગેનો લેખ, ન છાપવા સરકારે ફરમાવ્યું, એના જવાબમાં લખ્યું : 'તમારી સૂચના મુજબ હું નહિ છાપું પણ બીજાં પત્રોમાં એ છપાયો જ છે.'

૧૩ [અમદાવાદ].

૧૪ થી ૧૭[1] અમદાવાદ.

૧૮ મુંબઈ : મુંબઈ સમય રાત્રે સાડા આઠ વાગ્યે, નાગપાડા મસ્તાન શાહ તળાવવાળી જગ્યાએ, મિયાં મહંમદ હાજી જાન મહંમદ છોટાણીના પ્રમુખપદે મળેલી, ખિલાફત અંગેની મુસલમાનોની જાહેર સભામાં હાજર રહ્યા તથા ભાષણ કર્યું. સભા રાતના દોઢ વાગ્યા સુધી ચાલી.

૧૯ મુંબઈ.

૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : કેટલાક લત્તાઓમાં અંત્યજ શાળાઓ ખુલ્લી મૂકી.

૨૨ અમદાવાદ.

૨૩ [અમદાવાદ].

૨૪ અમદાવાદ.

૨૫ રાજકોટ : આવ્યા સવારે; સ્ટેશને સત્કાર; ઉતારો બૅરિસ્ટર શુક્લને ત્યાં. ● સ્વદેશી વિશે ટૂંકું પ્રવચન, સ્થળ રેવાશંકર જગજીવનનો બંગલો, ● સ્ત્રીઓની સભામાં સ્વદેશી તથા હાથકંતામણ વિશે પ્રવચન, સમય બપોર, સ્થળ વણિક ભોજનશાળા. ● 'સમાજ સેવાનું સ્વરૂપ'

---

૧. તા. ૧૪મીથી એ નવજીવનના પ્રિન્ટર ભોગીલાલ નારણદાસ બોડીવાળા (નટવર પ્રિન્ટીંગ પ્રેસ) હતા અને પ્રકાશક ઈંદુલાલ યાજ્ઞિક હતા.

વિશે ભાષણ, સમય સાંજ, સ્થળ કૅનોટ હૉલ. સરકારી નોકરો પણ હાજર હતા.[1]

૨૬ રાજકોટ : સવારે ઢેડશાળાની મુલાકાત. ● સ્ત્રીઓની સભા.

૨૭ ગોંડલ : સ્વદેશી ભંડાર ખુલ્લો મૂકયો ⇕ મોટી મારડ.

૨૮ મોટી મારડ : ખેડૂત પરિષદના પ્રમુખસ્થાનેથી, સ્વાશ્રય અને સ્વદેશી ઉપર પ્રવચન. ⇕ ધોરાજી : હિંદુ–મુસ્લિમ એકતા ઉપર પ્રવચન. ● અંત્યજ વાડામાં સભા. ⇕ ગોંડલ : સ્ત્રીઓ અને પુરુષોની અલગ અલગ સભાઓમાં સ્વદેશી વિશે પ્રવચન.

૨૯ અમદાવાદ : રમખાણો અંગે સરકારે હુલ્લડવેરો નાખ્યો એમાં મજુરો ઉપર એ ખેવડાતો હતો એ અંગે કલેકટરને લખ્યું.

૩૦ અમદાવાદ : પોતાના ઉપર મૂકવામાં આવેલા પ્રતિબંધના કારણે[2] પોતે પંજાબ જઈ શકતા નહોતા તેથી એ દૂર કરવા માટે વાઇસરૉયને પત્ર લખ્યો — 'મારે ત્યાં જવાની જરૂર છે.'

ઑક્ટોબર

૧ મુંબઈ : અમદાવાદના હુલ્લડવેરામાંથી મજુરોને રાહત આપવા માટે મુંબઈ સરકારને (પૂના) તાર કર્યો. ● કાલબાદેવી શુદ્ધ સ્વદેશી ભંડાર ખુલ્લો મૂકયો. અને વેચાણ બિલ પોતે બનાવ્યું. ● ઍની બીસન્ટની ૭૩મી વર્ષગાંઠ ઉજવવાના મેળાવડામાં પ્રમુખપદે.

---

૧. તા. ૧૨–૧૦–૧૯ના 'નવજીવન'માં આની તા. ૨૩ છે, અને તા. ૮–૧૦–૧૯ના 'યંગ ઇન્ડિયા'માં તા. ૨૪ છે; જ્યારે 'કાઠિયાવાડ ટાઈમ્સ'માં તા. ૨૫ છે. તા. ૨૫ પ્રમાણભૂત માની છે. 'મુંબઈ ગુજરાતી'માં પણ તા. ૨૫ છે.

૨. આજે હિંદી સરકારે નિર્ણય લીધો કે પંજાબમાંના ગાંધીજીના પ્રવેશ ઉપર મૂકેલો પ્રતિબંધ (જુઓ તા. ૯—૪–૧૯ અને ૧૧–૪–૧૯) તા ૧૫–૧૦–૧૯ થી પાછો ખેંચી લેવો. પણ આ નિર્ણયની જાહેરાત આજે કરવામાં આવી નહિ.

૧૯૧૯–ઑક્ટોબર

૨ મુંબઈ : અંગ્રેજી તારીખ મુજબ ગાંધીજીના જન્મનો આજે સુવર્ણ મહોત્સવ[1]; ○ એ નિમિત્તે ભગિની સમાજના આશ્રયે, વનિતા વિશ્રામમાં, સ્ત્રીઓની જાહેર સભામાં, એમને રૂ. ૨૦,૧૦૦ની થેલી અર્પણ કરવામાં આવી.[2] ● હંટર કમિટી સમક્ષ મૂકવાના મુદ્દાઓની માહિતી એકઠી કરવા માટે સ્વામી શ્રદ્ધાનંદને તથા એન્ડ્રૂઝને તાર કર્યા. ● પંજાબમાં પ્રવેશબંધી દૂર કરવા માટે તાકીદે નિર્ણય લેવા વાઇસરૉયને તાર કર્યો. ● મુસ્લિમ વિદ્યાર્થી-મંડળ સમક્ષ પ્રવચન, સ્થળ ચોપાટી.

૩ અમદાવાદ.

૪ અમદાવાદ : સરકારે 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'[3] પાસેથી જામીનગીરી માગી હતી એનું કારણ જણાવવા વિનંતિ કરતો પત્ર લખ્યો. ● અમદાવાદના લોકો ઉપર સરકારે જે હુલ્લડવેરો નાખ્યો હતો તેમાંથી, તે વખતે જે મજૂરો હાજર ન હોય તેવાને, અને બધા મજુરોની સ્ત્રીઓને અને છોકરાંઓને મુક્તિ આપવા વિનંતિ કરતો પત્ર સરકારને લખ્યો.

૫[4] અમદાવાદ.

---

૧. આ પ્રસંગ નિમિત્તે કવિ નાનાલાલે 'ગુજરાતનો તપસ્વી' રચ્યું.

૨. (૧) પાછળથી, તા. ૭–૯–૨૯ના રોજ, ટ્રસ્ટ કરી, આ રકમ, આ સંસ્થાનું મકાન વીલેપારલેમાં બાંધવા માટે ગાંધીજીએ આ સંસ્થાને સોંપી.

(૨) આધાર નં. ૨૩૨ના પા. ૧૦૦ ઉપર આ સભાની તા. ૨૧–૯–૧૯ જણાવી છે પણ એ ભૂલ છે.

૩. 'યંગ ઈન્ડિયા', મુંબઈથી નીકળતું એક સાપ્તાહિક હતું. એના આદ્યસંસ્થાપક જમનાદાસ દ્વારકાદાસ હતા. પછી એ એક સિંડિકેટના હાથમાં આવ્યું. એના મુખ્ય કર્તાહર્તા શંકરલાલ બેંકર અને ઉમર સોબાની હતા. તા. ૨૬–૪–૧૯ના રોજ બૉમ્બે ક્રૉનિકલના તંત્રી હૉર્નિમેનને હદપાર કરવામાં આવ્યા પછી આ લોકોએ આ સાપ્તાહિક ગાંધીજીને સોંપ્યું. બૉમ્બે ક્રૉનિકલની ખોટ કાંઈક અંશે પૂરવા સારુ એ, અઠવાડિયામાં બે વખત કાઢવા નક્કી કરવામાં આવ્યું. ઑક્ટોબર માસ સુધી આ પત્ર મુંબઈથી નીકળ્યું.

૪. (૧) આજના 'નવજીવન'માં સુધારાવાળો રેંટિયો બનાવનારને રૂા. ૫,૦૦૦નું ઇનામ, રેવાશંકર જગજીવન ઝવેરી તરફથી આપવામાં આવશે એવી જાહેરાત થઇ.

૧૯૧૯—ઑક્ટોબર

૬ [અમદાવાદ].

૭ અમદાવાદ.

૮ અમદાવાદ. ⇕ વડોદરા : પ્રોફેસર માણિકરાવના અખાડામાં કસરતના પ્રયોગો જોયા; વ્યાયામ વિશે પ્રવચન કર્યું.[1]

૯ વડોદરા[2] : ભાષણ; સ્થળ મહારાજા થિયેટર. ● સ્વદેશી ભંડાર ખુલ્લો મૂક્યો. ● બ્રશ ફૅક્ટરીની, અંત્યજ શાળાઓની અને ખતરીની સાળોની મુલાકાત લીધી. ● રેંટિયા સંબંધી ચર્ચા; સ્થળ મહારાજા મિલ. ● સ્ત્રી સમાજ સંમેલનમાં હાજર; સ્થળ વ્યાયામ મંદિર.

૧૦ અમદાવાદ. ⇕ અમરેલી : રેંટિયા વર્ગ ખુલ્લો મૂક્યો.

૧૧ અમરેલી. ⇕ ભાવનગર.

૧૨[3] ભાવનગર : સરઘસ, સભા, કાપડ મહાજન તરફથી માનપત્ર, સ્વદેશી ઉપર ભાષણ અને થેલી અર્પણ. ● અંત્યજ શાળાની મુલાકાત. ● સ્ત્રીઓની સભામાં કાંતવા વિશે ભાષણ, સમય સાંજ. ⇕ બોટાદ.

---

૧. (૧) 'નવજીવન'ના તા. ૨૬-૧૦-૧૯ના અંકના પાના ૧૦૯ ઉપર આની તારીખ ૨ જણાવી છે. પણ આ બંધબેસતું નથી.

(૨) આજથી 'યંગ ઈન્ડિયા'ને સાપ્તાહિક બનાવી, અમદાવાદમાં છાપવાનું શરૂ થયું. ગાંધીજી એના તંત્રી બન્યા. આધાર નં. ૧૫૭ના પાના ૨૪૦ ઉપર એ મતલબનું જણાવ્યું છે કે સને ૧૯૧૫ના નવેમ્બર માસમાં ગાંધીએ 'યંગ ઇન્ડિયા'નું તંત્રીપદ સ્વીકાર્યું. પણ એ બંધબેસતું નથી.

૨. 'નવજીવન'ના તા. ૨૬-૧૦-૧૯ના અંકના પાના ૧૦૯ ઉપર આની તારીખ ૩ જણાવી છે પણ બંધબેસતું નથી.

૩. નવજીવન માટે અત્યાર અગાઉ મનહર પ્રેસ ખરીદવામાં આવ્યું, અને આજે એ પત્ર નવજીવન મુદ્રણાલયમાં છપાવી બહાર પડયું. એના પ્રિન્ટર શંકરલાલ બૅન્કર હતા અને પ્રકાશક ઇંદુલાલ યાજ્ઞિક હતા.

૧૯૧૯—ઑક્ટોબર

૧૩ અમદાવાદ : આનંદશંકર ધ્રુવ, બનારસ હિંદુ યુનિવર્સિટીમાં નિમાયા એ અંગેના, ગુજરાત સાહિત્ય સભા તરફથી યોજાયેલા મેળાવડામાં પ્રમુખસ્થાને, સમય સાંજે સાડા પાંચ, સ્થળ ભોળાનાથ લેડીઝ ઈન્સ્ટીટયૂટ. ● એ જ પ્રસંગ ઉજવવા માટે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓના સ્નેહ સંમેલનમાં હાજર અને પ્રવચન, સમય રાતના નવ, પ્રમુખ કૉલેજના પ્રિન્સિપાલ રૉબર્ટસન.

૧૪ થી ૧૬[1] [અમદાવાદ].

૧૭[2] મુંબઈ.

૧૮ અમદાવાદ.

૧૯ [અમદાવાદ].

૨૦ થી ૨૧[3] અમદાવાદ.

૨૨ અમદાવાદ : 'યંગ ઈન્ડિયા'માં છપાયેલાં કાળીદાસ ઝવેરીનો પત્ર અને એની ઉપરની ટીકા વિશે હાઇકોર્ટે ખુલાસો માગ્યો હતો તે મોકલ્યો. ● ઍસ્થર ફેરિંગ આશ્રમમાં આવી ગયા છે એ વિશે મદ્રાસ સરકારને ખબર આપી ● સાંજે સાત વાગ્યે, શ્રી માતાજીના મંદિરમાં, વડનગરા નાગર બ્રાહ્મણ વિદ્યાર્થી મંડળનો, આનંદશંકર ધ્રુવને અભિનંદન આપવાનો મેળાવડો ગોપાળશંકર ભચેચના પ્રમુખપદે કરવામાં આવ્યો એમાં હાજર અને પ્રવચન. ● થી નીકળ્યા.

૨૩ રસ્તામાં.

૨૪ લાહોર : સવારે સાડા નવ વાગ્યે પહોંચ્યા[4], સ્ટેશને ભવ્ય સત્કાર, ઉતારો સરલાદેવી ચૌધરાણીને ત્યાં. ગુરુદયાલ મલ્લિકનો પ્રથમ પરિચય.

૨૫ લાહોર.

---

૧. દરમિયાન તા. ૧૫મીએ, હિંદી સરકારે (પંજાબમાં પ્રતિબંધ ફરમાવતો) હુકમ પાછો ખેંચી લીધો. (જુઓ તા. ૩૦-૯-૧૯) તા. ૧૬મીએ એ નિર્ણયની ખબર આવી.

૨. નવજીવન પત્રો માટે મનોહર પ્રિન્ટીંગ પ્રેસ ખરીદી લેવામાં આવ્યું.

૩. દરમિયાન તા. ૨૧મીએ ઍન્ડ્રૂઝે પંજાબથી તાર કર્યો કે પોલીસ સતામણીના કારણે પંજાબ રમખાણની નિષ્પક્ષ તપાસ સંભવિત નથી.

૪. આધાર નં. ૧૨૬ના ભાગ ૧ના પાના ૭૨૯ ઉપર આની તા. ૧૭ જણાવી છે એ પણ બંધબેસતું નથી.

૧૯૧૯—ઑક્ટોબર—નવેમ્બર

૨૬ લાહોર : નિહાલચંદને બંગલે અમુક માણસોને મળવા ગયા પણ લોકોનાં ટોળાંને લીધે કાંઈ કામ થઈ શક્યું નહિ. ● સંગીત સમ્રાટ પંડિત ઓમકારનાથ સાથે મુલાકાત.

૨૭ લાહોર : સવારે દસ વાગ્યે લેફ. ગવર્નરની મુલાકાત લીધી, મુલાકાત લગભગ એક કલાક ચાલી.

૨૮ લાહોર : વિદ્યાર્થીઓને સંબોધન, સમય સાંજ, સ્થળ સરલાદેવી ચૌધરાણીનું મકાન. ● થી નીકળ્યા.

૨૯ દિલ્હી : જાહેર સભા.

૩૦ દિલ્હી.

૩૧ દિલ્હી : સ્વામી શ્રદ્ધાનંદના પ્રમુખસ્થાને મળેલી જાહેર સભામાં પ્રવચન કર્યું;–હિંમત અને ચારિત્ર્ય ઉપર ભાર મૂકી, પંજાબ અને અન્ય સ્થળોનાં રમખાણો અંગે સાચી હકીકત કહેવા લોકોને આગ્રહ કર્યો. ● રતનલાલ હજારીલાલે આપેલી પાર્ટીમાં હાજર. લૉર્ડ હંટરને મળ્યા.

નવેમ્બર

૧ દિલ્હી : દક્ષિણ આફ્રિકાના કમિશન અંગે[૧] એ. પી. ને મુલાકાત આપી. ● શહીદોના સ્મારક અંગેની જાહેર સભામાં પ્રમુખપદે, પરંતુ બહુ ઘોંઘાટ થવાથી સભા મુલતવી રાખવી પડી.

૨ દિલ્હી : શહીદોના સ્મારક અંગેની જાહેર સભામાં પ્રમુખપદે.

૩ દિલ્હી : ખિલાફત પરિષદમાં પ્રમુખસ્થાને.

૪ અમૃતસર : સત્કાર અને સરઘસ ● સુવર્ણમંદિરની મુલાકાત, પાઘડીની ભેટ મળી. ● સ્ત્રીઓની સભામાં, સહન કરનારને દિલાસો આપ્યો અને સ્વદેશી વિશે બોલ્યા, સ્થળ લાલા ગીરધરલાલનું મકાન. ● જલિયાંવાલા બાગ અને ખાલસા કૉલેજની મુલાકાત.

---

૧. ત્યાંના હિંદીઓના હકો અંગે, હિંદી વજીરની ભલામણથી એક કમિશન (તપાસ-પંચ) નીમવાનું હતું.

૧૯૧૯–નવેમ્બર–ડિસેમ્બર

૫ થી ૧૪ લાહોર[1] : હંટર કમિટી સમક્ષ મૂકવાની જુબાનીઓ અંગે તૈયારી કરી.

૧૫ લાહોર : તૈયારી ચાલુ. ● દક્ષિણ આફ્રિકા જતા એન્ડ્રૂઝને વિદાય આપવા માટેની સભામાં પ્રવચન, સ્થળ બ્રેડલૉ હૉલ, પ્રમુખ માલવિયાજી.

૧૬ થી ૧૯ લાહોર : જુબાની અંગેની તૈયારી ચાલુ.

૨૦ થી ૨૨ ગુજરાનવાલા : કૉંગ્રેસ તપાસ સમિતિના સભ્ય તરીકે રમખાણો વિશે તપાસ કરી.

૨૩ દિલ્હી : જનાબ ફઝલુલ હક્કના પ્રમુખપદે મળેલી ખિલાફત પરિષદમાં હાજર. બેઠક ફક્ત મુસલમાનો માટે જ ખુલ્લી હતી.

૨૪ દિલ્હી : ખિલાફત પરિષદમાં પ્રમુખસ્થાને, સ્થળ સંગમ થિયેટર. આ બેઠક હિંદુ અને મુસલમાનની સંયુક્ત સભા હતી.

૨૫ લાહોર.

૨૬ કાસૂર.

૨૭[2] વઝીરાબાદ. ⇕ નિઝામાબાદ ⇕ લાહોર.

૨૮ [ગુજરાનવાલા].

૨૯ ગુજરાનવાલા : થી નીકળ્યા ⇕ અકલગઢ : ઉતારો દીવાન શ્રી રામને ત્યાં.

૩૦ અકલગઢ. ⇕ રામનગર.

ડિસેમ્બર

૧ રામનગર. ⇕ હાફીઝાબાદ.

૨ હાફીઝાબાદ. ⇕ સાંગલા.

---

૧. (૧) દરમિયાન હંટર કમિટીની બેઠકો તા. ૧૩થી શરૂ થઈ.

(૨) હંટર કમિટીની, અને એની સમક્ષ જુબાની આપવા માગનાર અને વકીલો ઉપર પ્રતિબંધો ફરમાવતી સરકારની, નીતિરીતિથી કંટાળીને, કૉંગ્રેસની મહાસમિતિની પંજાબ પેટાસમિતિએ પોતાની એક તપાસ સમિતિ તા. ૧૪મી એ નીમી. ગાંધીજી એના સભ્ય હતા. એણે પોતાનું કામ તા. ૧૭થી શરૂ કર્યું. (જુઓ તા. ૨૧–૧૦–૧૯ની પાદટીપ.)

(૩) આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૬ના અનુ. નં. ૧૯૬માં જણાવ્યા મુજબ ગાંધીજી તા. ૧૩મી એ રાધનપુર હતા. પરંતુ એ બંધબેસતું નથી

૨. લોકમાન્ય ટિળક વિલાયતથી મુંબઈ આવ્યા.

૧૯૧૯–ડિસેમ્બર

૩ સાંગલા.
૪ લાહોર. ⇕ અમૃતસર.
૫ શેખપુરા : ઉતારો હોશકરાયને ત્યાં.
૬ લાહોર ⇕ ચુહારખાના.
૭ ચુહારખાના. ⇕ લયલાપુર.
૮ લયલાપુર.
૯ લાહોર.
૧૦ લાહોર : થી નીકળ્યા.
૧૧ દિલ્હી : આવ્યા; ઉતારો સેંટ સ્ટિવન્સ કાલેજમાં પ્રો. રુદ્રને ત્યાં. ● સેવા મંડળના ઉત્સવમાં પ્રવચન ● કોર્ટના તિરસ્કારના મુદ્દા અંગે મુંબઈ હાઈકોર્ટને લખી દીધું કે તમારી સૂચના મને માન્ય નથી. વધુમાં, તમે જે સજા કરશો તે માથે ચઢાવીશ[1] ● બ્રિટિશ ગીઆનામાં હિંદીઓના વસવાટની યોજના લઈને આવેલું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું.
૧૨ થી ૨૨ લાહોર.[2]
૨૩ દિલ્હી : ખિલાફત પરિષદમાં હાજર.
૨૪ દિલ્હી : ખિલાફત પરિષદમાં હાજર. ● જાહેર સભા.

---

૧. અમદાવાદમાં વકીલાત કરતા, વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ, જીવણલાલ વ્રજરાય દેસાઈ, ગોપાલરાવ રામચંદ્ર દાભોલકર, કૃષ્ણલાલ નરસિંહલાલ દેસાઈ, મણિલાલ વલ્લભરામ કોઠારી, કાળીદાસ જસકરણ ઝવેરી વગેરેએ સત્યાગ્રહ પ્રતિજ્ઞાપત્રમાં સહીઓ કરેલી હોવાથી, એમને વિશે કાંઈ કરવા જેવું છે કે કેમ તે અંગે, ડિસ્ટ્રીક્ટ જજ મિ. કેનેડીએ તા. ૨૨-૪-૧૯ ના રોજ મુંબઈ હાઈકોર્ટને પત્ર લખ્યો હતો. આ પત્ર 'યંગ ઇન્ડિયા'ના તા. ૬-૮-૧૯ ના અંકમાં છપાયો હતો. અને એ જ અંકમાં એ વિશે 'Shaking Civil Resisters' શિર્ષકવાળી નોંધ તંત્રીએ (ગાંધીજીએ) લખી હતી. આ બંને 'ગુના' અંગે માફી માગવા માટે હાઇકોર્ટે સૂચન કર્યું. એના જવાબમાં આ પત્ર લખવામાં આવ્યો.

૨. અહીં રહેતા માધવરામ અંબારામ ત્રિવેદી નામના એક ગુજરાતી ભાઈએ તા. ૧૯મીએ એક પત્ર લખી ગાંધીજીને નિમંત્ર્યા હતા. ગાંધીજી ગયા કે નહિ એ માહિતી મળી નથી.

૧૯૧૯-ડિસેમ્બર-૧૯૨૦-જાન્યુઆરી

૨૫[1] અમૃતસર.

૨૬ અમૃતસર : બ્રિટિશ ગીઆનાવાળું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું. સ્થળ કૃષ્ણમંદિર.

૨૭ અમૃતસર : જીવદયા પરિષદમાં પ્રમુખપદે.

૨૮ અમૃતસર : સામાજિક કોંગ્રેસમાં દલિત કોમો વિશે બોલ્યા; પ્રમુખ હંસરાજ, સ્થળ કોંગ્રેસ મંડપ.

૨૯ અમૃતસર : કોંગ્રેસની બેઠકમાં હાજર, દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાડમારી અંગેનો ઠરાવ રજૂ કર્યો. ● ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની બેઠકમાં હાજર, સ્થળ વંદેમાતરમ્ હૉલ.

૩૦ અમૃતસર : કોંગ્રેસની બેઠકમાં, પંજાબ અને ગુજરાતમાં થયેલા રમખાણો વખોડતો ઠરાવ રજૂ કર્યો.

૩૧ અમૃતસર : કોંગ્રેસની બેઠકમાં હાજર. ● ખિલાફત પરિષદમાં હાજર.

૧૯૨૦-જાન્યુઆરી

૧ અમૃતસર : કોંગ્રેસની બેઠકમાં, સને ૧૯૧૯ના સુધારા સ્વીકારવા આગ્રહ કર્યો અને સ્વરાજને લગતા ઠરાવને ટેકો આપ્યો.

૨ જલંધર.

૩ રસ્તામાં.

૪ અમદાવાદ : કોર્ટના તિરસ્કારના મુકદ્દમા અંગે હાઈકોર્ટના રજીસ્ટ્રારને મુદત માટે પત્ર લખ્યો.[2]

૫ અમદાવાદ : હંટર કમિટીને નિવેદન મોકલ્યું, અને એની સમક્ષ

---

૧. આજે અલીભાઇઓને છોડવામાં આવ્યા. કોંગ્રેસની બેઠકમાં ભાગ લેવા માટે છુટકારા પછી, એ સીધા અમૃતસર આવ્યા.

૨. જુઓ તા. ૧૧-૧૨-૧૯ની દિનવારી. ત્યાર પછી 'કોર્ટના તિરસ્કાર માટે તમારા ઉપર શા માટે કામ ન ચલાવવું' એ મતલબની એક નોટિસ મુંબઇ હાઈ કોર્ટ તરફથી તા. ૨૩-૧૨-૧૯ના રોજ ગાંધીજી ઉપર કાઢવામાં આવી હતી. એને અંગે આ પત્ર લખવામાં આવ્યો હતો.

જુબાની આપવા તત્પરતા બતાવતો પત્ર લખ્યો. ● બ્રિટિશ ગીઆનાવાળું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું.

૬ થી ૮ અમદાવાદ.

૯ અમદાવાદ : હંટર કમિટી સમક્ષ જુબાની આપી, સ્થળ હઠીભાઈની વાડી.

૧૦ અમદાવાદ : બ્રિટિશ ગીઆનાવાળા પ્રતિનિધિ મંડળના બે સભ્યો સાથે ચર્ચા. ● હંટર કમિટીને શેઠ મંગળદાસ તરફથી આપવામાં આવેલી પાર્ટીમાં હાજર.

૧૧ અમદાવાદ : હંટર કમિટીના સભ્યોને સાબરમતી આશ્રમની મુલાકાતે નોતર્યા.

૧૨ અમદાવાદ : એ મુજબ એ લોકોએ મુલાકાત લીધી ત્યારે હાજર. ● સ્થાનિક આર્યસમાજના વાર્ષિક મહોત્સવ સપ્તાહ અંગે દશા નાગરની વાડીમાં બપોરે ભાષણ.

૧૩ થી ૧૫ અમદાવાદ.

૧૬ થી ૧૭ દિલ્હી.

૧૮ દિલ્હી : મૌલાના અબુલકલામ આઝાદ સાથે મુલાકાત.[1]

૧૯ દિલ્હી : ખિલાફત પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વાઈસરૉયને મળ્યા.

૨૦ અલાહાબાદ : પંડિત મોતીલાલ નેહરુને મળ્યા.

૨૧ કાનપુર : અલીભાઈઓ સાથે મુલાકાત. ● સ્વદેશી ભંડાર ખુલ્લો મૂક્યો.

૨૨ મીરત : સત્કાર, સરઘસ, માનપત્રો, જાહેર સભા. ● સ્ત્રીઓની સભા. ⇕ મુઝફ્ફરનગર : જાહેર સભા. ● થી નીકળ્યા.

૨૩ થી ૨૭ લાહોર.

૨૮ [લાહોર].

૨૯ થી ૩૧ લાહોર.

---

૧. આ એમની પહેલી મુલાકાત હતી.

૧૯૨૦–ફેબ્રુઆરી

૧ લાહોર : બ્રિટિશ ગીઆનાવાળા પ્રતિનિધિ મંડળના નેતા એટર્ની જનરલ ડૉ. જોસફ નૂનન સાથે ચર્ચા કરી અને પછી એમને, પોતાના વિચારો દર્શાવતું લખાણ આપ્યું.

૨ થી ૧૧ લાહોર.

૧૨ ગુજરાત. ⇕ જલાલપુર જથન.

૧૩ સારગોધા. ⇕ શાહપુર : જાહેર સભામાં કહ્યું 'લોકો મારા પગે પડે છે એ મને ગમતું નથી.' ⇕ મલકવાલ.

૧૪ મલકવાલ.

૧૫ લાહોર.

૧૬ બનારસ : પંજાબ હત્યાકાંડ અંગેની કૉંગ્રેસ તપાસ સમિતિનો હેવાલ તૈયાર કરવા માંડ્યો.

૧૭ બનારસ : એ જ કામ ચાલુ. ● હિંદુ યુનિવર્સિટીની મુલાકાત.

૧૮ થી ૨૦[1] બનારસ : હેવાલ તૈયાર કરવાનું કામ પૂરું કર્યું.

૨૧ બનારસ : હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન. ● થી નીકળ્યા.

૨૨ રસ્તામાં.

૨૩ અમદાવાદ.[2]

૨૪ અમદાવાદ : ગવર્નર સર લૉઈડ જ્યૉર્જના માનમાં, શેઠ અંબાલાલ સારાભાઈએ આપેલી પાર્ટીમાં હાજર, સમય સાંજે ૭, સ્થળ ગુજરાત કલબ.

૨૫ અમદાવાદ : મજૂર મહાજન સ્થાપવા અંગે મિલમજૂરો સમક્ષ ભાષણ.[3]

૨૬ અમદાવાદ : મજૂરોને ઉદ્બોધન, સ્થળ અનસૂયાબહેનનો બંગલો. ● મારવાડી યુવક મંડળ તરફથી રાત્રીશાળા ખુલ્લી મૂકવાના

---

૧. દરમિયાન તા. ૨૦મીએ લાલા લજપતરાય અમેરિકાથી મુંબઈ આવ્યા.

૨. (૧) સરલાદેવી ચૌધરાણી ગાંધીજીની સાથે આવ્યા.

(૨) આધાર નં. ૬૩ના ૧૯૨૧ના પાના ૩૮ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી આજે કલકત્તા આવ્યા, પણ એ બંધબેસતું નથી.

૩. જુઓ તા. ૪-૧૨-૧૭. આજનું ભાષણ પ્રવૃત્તિઓ વિસ્તારવા, કાંતનારાને સમાવવા માટે હતું.

સમારંભમાં પ્રમુખસ્થાને, સમય રાતના સાડા નવ, સ્થળ નગરશેઠના બંગલા પાસે મારવાડી વાસ.

૨૭ અમદાવાદ : કોર્ટના તિરસ્કાર અંગે હાઈકોર્ટને નિવેદન મોકલ્યું.[૧] ● સરલાદેવી ચૌધરાણીના ભાષણ વખતે પ્રમુખનો આભાર માનતા બેઠાબેઠા બોલ્યા 'હું અપંગ થઈ ગયો છું'; સ્થળ નદીની રેત, પ્રમુખ સર રમણભાઈ. ● મિલ કારકુનોને ઉદ્બોધન.

૨૮ થી ૨૯[૨] અમદાવાદ.

માર્ચ

૧ થી ૨ મુંબઈ.

૩ મુંબઈ : કોર્ટના તિરસ્કારના આક્ષેપનો જવાબ આપવા હાઈકોર્ટમાં હાજર.[૩] ● ખિલાફત કમિટીએ બોલાવેલી મુસલમાનોની સભામાં પ્રવચન, પ્રમુખ મિયાં મહંમદ હાજી જાન મહંમદ છોટાણી.

૪ મુંબઈ : કાઠિયાવાડ હિતવર્ધકસભા સ્થાપવા વિશેની સભામાં બોલ્યા, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ, પ્રમુખ ગો. ક. પારેખ.

૫ મુંબઈ : હિંદી પ્રેસ ઍસોસિયેશનના આશ્રયે મળેલી સભામાં પ્રેસ ઍક્ટ રદ કરવા અંગે ભાષણ, પ્રમુખ નારાયણ ગણેશ ચંદાવરકર.

૬ મુંબઈ.

૭ થી ૮ અમદાવાદ.

૯ [અમદાવાદ].

---

૧. જુઓ તા, ૪–૧–૨૦.

૨. તા. ૨૯–૨–૨૦ના રોજ, કલકત્તામાં, મૌલાના અબુલકલામ આઝાદના પ્રમુખપણા નીચે મળેલી ખિલાફત પરિષદમાં ગાંધીજી હાજર હતા એવી નોંધ 'મજાબંધુ'ના તા. ૭-૩-૨૦ના અંકમાં અને 'મુંબઈ ગુજરાતી'ના એ જ તારીખના અંકમાં છે. પણ એ બંધબેસતું નથી.

૩. (૧) જુઓ તા. ૨૭–૨–૨૦.

(૨) સરકારી વકીલો પૈકી એક શ્રી બહાદુરજી હતા.

૧૯૨૦–માર્ચ

૧૦ થી ૧૫[1] અમદાવાદ.

૧૬ થી ૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ : બીજા ખિલાફત દિન અંગેની સભામાં પ્રવચન, સમય રાતના નવ, સ્થળ મસ્તાનશાહ તળાવ, પ્રમુખ મિયાં મહંમદ હાજી જાન મહંમદ છોટાણી.

૨૦ મુંબઈ : માંદા જયકરને જોવા ગયા. ● જાહેર સભા.

૨૧ દિલ્હી : પંજાબ હત્યાકાંડ અંગેની કોંગ્રેસ તપાસ સમિતિની પેટા સમિતિમાં હાજર.

૨૨ દિલ્હી : હિંદુ–મુસ્લિમ નેતાઓની પરિષદમાં.

૨૩ મીરત : પ્રાંતિક ખિલાફત પરિષદમાં.

૨૪ દિલ્હી.

૨૫[2] રસ્તામાં.

૨૬ થી ૩૦[3] સિંહગઢ.

---

૧. દરમિયાન તા. ૧૨મીએ કોર્ટના તિરસ્કાર બદલ ગાંધીજીને અને મહાદેવભાઇને (અનુક્રમે 'યંગ ઇન્ડિયા'ના તંત્રી અને પ્રકાશકને) હાઈકોર્ટે ઠપકો આપ્યો.

૨. પંજાબ હત્યાકાંડ અંગેની કોંગ્રેસ તપાસ સમિતિનો હેવાલ બહાર પડયો.

૩. આધાર નં. ૧૪૮ના પાના ૫૧૪ ઉપર જણાવ્યું છે 'During the silence imposed upon him (Gandhiji) by Gokhale for a minute study of the Indian situation, Gandhiji met Tilak and spent a few days with him at Sinhagadh.' ગાંધીજી, હિંદ તા. ૯–૧–૧૫ના રોજ આવ્યા અને ત્યાર પછી એક વર્ષ એમણે મૌન સેવ્યું. પરંતુ તા. ૨૬–૩–૨૦ પહેલાં એ સિંહગઢ આવ્યા હોય એવી માહિતી માટે કોઈ આધાર નથી. એટલે આ લખાણ બંધબેસતું નથી.

૧૯૨૦—માર્ચ—એપ્રિલ

૩૧ **અમદાવાદ** : ઈનામી રેંટિયાની પરીક્ષા વખતે હાજર.[1] ● મિલમજૂરોને અમુક સવલતો આપવા મિલમાલિકોને પત્ર લખ્યો.

એપ્રિલ

૧ **અમદાવાદ.**

૨ **અમદાવાદ** : છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં હાજર, સ્થળ, આનંદ-ભુવન થિયેટર, પ્રમુખ હરગોવિન્દદાસ કાંટાવાળા.[2] ● જાહેર ભાષણ, વિષય 'સમાજની દૃષ્ટિએ સાહિત્ય' સમય સાંજના સાત, સ્થળ લાલ દરવાજાનું મેદાન, પ્રમુખ આનંદશંકર ધ્રુવ. ● કવિવર ટાગોરનો આશ્રમમાં સત્કાર[3]. એ ત્યાં રાત રહ્યા.

૩ **અમદાવાદ**[4] : સાહિત્ય પરિષદમાં 'જન સમાજની દૃષ્ટિએ ગુજરાતી સાહિત્ય' ઉપર પ્રવચન. ● સાંજે સાડા છ વાગ્યે, લાલ દરવાજાના મેદાનમાં, નરસિંહરાવ ભોળાનાથના પ્રમુખપણા નીચે કવિવર ટાગોરે અંગ્રેજીમાં પ્રવચન કર્યું. એનો ગુજરાતી અનુવાદ કરવા અંગે વિદ્વાનોએ કહ્યું 'આ સુંદર ભાષણનો અનુવાદ કરવો અશક્ય છે'. ગાંધીજીએ એ કરી સંભળાવ્યો.

૪ **અમદાવાદ.**[5]

૫ **અમદાવાદ** : સ્ટુડન્ટ્સ બ્રધરહૂડના આશ્રયે, આનંદશંકર ધ્રુવના પ્રમુખપદે આનંદભુવન થિયેટરમાં ટાગોરનું ભાષણ. ગાંધીજી બોલ્યા અને પ્રમુખનો આભાર માન્યો.

---

૧ જુઓ તા. ૫-૧૦-૧૯ની પાદટીપ.

૨. કવિવર ટાગોર હાજર હતા.

૩. એ વખતે એમને તિલક કરવામાં આવ્યું, આની સામે વિનોબાએ અને મગનલાલે મોટી ધમાલ મચાવી.

૪. (૧) એ આશ્રમમાંથી ગયા.

(૨) આધાર નં. ૪૨ના ભાગ ૧૭માં અનુ. નં, ૯૨વાળો પત્ર આજે મુંબઈથી લખવામાં આવ્યો હતો એમ જણાવ્યું છે પણ એ બંધબેસતું નથી.

૫. ટાગોરના માનમાં વિક્ટોરિયા ગાર્ડનમાં પાર્ટી હતી, ગાંધીજી હાજર હતા કે નહિ તે વિશે માહિતી મળી નથી.

૧૯૨૦-એપ્રિલ

૬ મુંબઈ : રાષ્ટ્રીય સપ્તાહ[1] અંગેની સભામાં પ્રવચન, પ્રમુખ સર દિનશાહ પિટીટ.

૭ [મુંબઈ].

૮ મુંબઈ.

૯ મુંબઈ : એ જ અંગે પ્રવચન, પ્રમુખ મિયાં મહંમદ હાજી જાન મહંમદ છોટાણી.

૧૦ થી ૧૧ મુંબઈ.

૧૨ મુંબઈ : ખિલાફત કમિટીની બેઠકમાં હાજર, ગાંધીજી અને આઝાદને વિલાયત મોકલવા વિશે મસલત.

૧૩ મુંબઈ : રાષ્ટ્રીય સપ્તાહ અંગેની સભામાં ભાષણ, સ્થળ ફ્રેંચ બ્રિજ, પ્રમુખ ઝીણા.

૧૪ મુંબઈ.

૧૫ થી ૧૭ અમદાવાદ.

૧૮ અમદાવાદ : મિલમજૂરોની બીજી વાર્ષિક સભામાં પ્રમુખપદે.

૧૯ અમદાવાદ.

૨૦ મુંબઈ.

૨૧ મુંબઈ : વિલાયત પ્રતિનિધિ મંડળ મોકલવું કે નહિ એનો નિર્ણય કરવા મળેલી ખિલાફત કમિટીમાં હાજર.

૨૨ થી ૨૩ મુંબઈ.

૨૪ અમદાવાદ.

૨૫ અમદાવાદ : મજૂર હડતાળ અંગે ચર્ચા.

---

૧. સને ૧૯૧૯ના એપ્રિલની તા. ૬ અને ૧૩ની યાદમાં દર વર્ષે તા. ૬ થી ૧૩ સુધી રાષ્ટ્રીય સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૧૯૨૦-એપ્રિલ-મે

૨૬ અમદાવાદ : ઇમામ સાહેબનાં મોટાં પુત્રી ફાતીમાના લગ્નપ્રસંગે હાજર.[1] ● હૉર્નીમૅનની દેશપારી અંગેની, હોમરૂલ લીગના આશ્રયે, માણેકચોકમાં મળેલી સભામાં પ્રમુખપદે.

૨૭ અમદાવાદ.

૨૮ મુંબઈ : હોમરૂલ લીગમાં જોડાયા અને એના પ્રમુખપદે ચૂંટાયા.

૨૯ પૂના. ⇕ સિંહગઢ.

૩૦ સિંહગઢ.

મે

૧ થી ૪ સિંહગઢ.[2]

૫ થી ૯[3] અમદાવાદ : મિલોના મજૂરો અને માલિકો વચ્ચેના ઝઘડાઓ અંગે લવાદ પ્રથા સ્થાપવા વાટાઘાટો ચલાવી.

૧૦ થી ૧૧ અમદાવાદ.

૧૨ મુંબઈ : ઑલ ઇન્ડિયા ખિલાફત કમિટીમાં અસહકારનો ઠરાવ મૂકયો. એ પસાર થયો.

૧૩ થી ૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : શૌકતઅલી મળવા આવ્યા. સર લલ્લુભાઈ અને ગ્રેલવી સાથે રાષ્ટ્રીય ભાષા વિશે ચર્ચા.

---

૧. કંકોતરી ગાંધીજીના નામથી કાઢવામાં આવી હતી. એના શબ્દો હતા 'મારા ભાઈ સમાન ભાઈબંધ ઈમામ સાહેબ...મારી સાથે આશ્રમમાં રહે છે. એમની મોટી દીકરી...આ શુભ પ્રસંગે આપ પધારશો અને...આપનો આશીર્વાદ આપશો તો આભારી થઈશ.'

૨. સિંહગઢના આ વસવાટ વખતે લોકમાન્ય ટિળક પણ ત્યાં જ હતા, બંનેની રોજ મુલાકાત થતી અને ચર્ચાઓ થતી.

૩. 'નવજીવન'ના તા. ૯-૫-૨૦ના અંકમાં, કરાંચીવાળા જમશેદ મહેતાને લખેલો કાગળ છાપ્યો છે. આની તા. ૧૯ છે પણ એ બંધબેસતું નથી. ૯મીના અંકમાં ૧૯મીનો કાગળ હોઈ શકે નહિ.

૧૯૨૦—મે-જૂન

૧૬ થી ૧૭ અમદાવાદ. : તા. ૭ થી ૯ની વાટાઘાટો આગળ ચલાવી.

૧૮ અમદાવાદ : વાટાઘાટો ચાલુ. ● મિલમજૂરોની સભામાં પ્રવચન. સમય રાત.

૧૯ અમદાવાદ : વાટાઘાટો ચાલુ. ● થી નીકળ્યા.

૨૦ મુંબઈ.

૨૧ થી ૨૨[1] અમદાવાદ : તા. ૧૯ની વાટાઘાટો આગળ ચલાવી અને બંને પક્ષને સંમત એવો ઉકેલ શોધાયો.

૨૩ અમદાવાદ : એની ઉજવણી અંગેની સભામાં પ્રમુખપદે, સમય સાંજ, સ્થળ 'સેવાશ્રમ'.

૨૪ થી ૨૬ અમદાવાદ.

૨૭ મુંબઈ.

૨૮[2] મુંબઈ : થી નીકળ્યા.

૨૯ બનારસ.

૩૦ થી ૩૧ બનારસ : ઑ. ઈ. કૉ. ક. ની બેઠકમાં હાજર.

જૂન

૧ અલાહાબાદ : ઑલ ઈન્ડિયા સેન્ટ્રલ ખિલાફત કમિટીની બેઠકમાં હાજર. બીજા દિવસની સવાર સુધી ચાલી.

૨ અલાહાબાદ : બેઠક ચાલુ; અસહકાર અંગે પ્રવચન.

૩ રસ્તામાં.

૪ મુંબઈ : શુદ્ધ ખાદી ભંડાર ખુલ્લો મૂકયો.

૫ નડિયાદ : સ્વદેશી ભંડાર ખુલ્લો મૂકયો.

---

૧. તા, ૨૨મીએ ગાંધીજીને લખવામાં આવેલા એક નનામા પત્રમાં એવી મતલબનું જણાવવામાં આવ્યું કે તમારું મોત નિપજાવવા માટે, તમે જે રેલગાડીમાં મુસાફરી કરતા હો તેની સાથે બીજી રેલગાડી અથડાવવાનું સરકારે ગોઠવ્યું છે,

૨. હંટર કમિટીનો હેવાલ બહાર પડયો,

૧૯૨૦-જૂન-જુલાઈ

૬ થી ૭ અમદાવાદ.

૮ થી ૧૦ મુંબઈ.

૧૧ મુંબઈ : ઈમ્પીરિયલ ઈન્ડિયન સિટીઝનશીપ એસોસિયેશનની સભામાં હાજર.

૧૨ થી ૨૧ મુંબઈ.

૨૨ મુંબઈ : અસહકારની લડત શરૂ કરતાં પહેલાં એ અંગે વાઈસરૉયને પત્ર લખ્યો.[1]

૨૩ મુંબઈ : બનારસ હિંદુ યુનિવર્સિટી માટે નાણાંની મદદ માગતી સભામાં બોલ્યા, સ્થળ માધવબાગ. પ્રમુખ સિંધિયા મહારાજા.

૨૪ મુંબઈ :

૨૫ મુંબઈ : ખિલાફત કમિટીની સભામાં હાજર. સભામાંથી નીકળતા હતા ત્યારે મુસ્લિમ સ્વયંસેવક મંડળ તરફથી વચ્ચે સફેદ ચાંદવાળો લાલ વાવટો ભેટ મળ્યો.

૨૬ મુંબઈ : હોમરૂલ લીગના આશ્રયે મળેલી જાહેર સભામાં હંટર કમિટીના હેવાલ વિરુદ્ધ ભાષણ, સમય સાંજ, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ, પ્રમુખ ઝીણા.

૨૭ અમદાવાદ.

૨૮ થી ૨૯ મુંબઈ.

૩૦ [મુંબઈ].

જુલાઈ

૧ થી ૩ મુંબઈ.

૪ અમદાવાદ.

૫ મુંબઈ.

---

૧. 'ઈન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૨૦ના જુલાઈ માસના અંકના પાના ૪૭૨ ઉપર આની તા. ૨૫ જણાવી છે; પણ 'નવજીવન'માં તથા બીજા આધારોમાં તા. ૨૨ જણાવી છે તેથી એ આધારભૂત માની છે.

૧૯૨૦-જુલાઈ

૬ હાંસોટ : અસહકાર વિશે ભાષણ, સમય સવાર. ⇕ અંકલેશ્વર : હેમરૂલ લીગના આશ્રયે મળેલી જાહેર સભામાં, હંટર કમિટીના બહુમતી હેવાલ સામે વાંધો ઉઠાવતું અને રૉલેટ કાયદો રદ કરવાની માગણી કરતું પ્રવચન, પ્રમુખ છોટાલાલ ઘેલાભાઈ ગાંધી.

૭ મુંબઈ : ગુજરાતી સ્ત્રી મંડળના આશ્રયે મળેલી સ્ત્રીઓની સભામાં એજ વિષે પ્રવચન; સ્થળ મારવાડી વિદ્યાલય, પ્રમુખ જાઈજી પિટિટ.

૮ મુંબઈ : મુંબઈની આર્થિક બાબતો અંગેની મૅસ્ટન કમિટીની ભલામણો સામે વિરોધ દર્શાવવા ટાઉનહૉલમાં મળેલી સભામાં, પ્રમુખ સ્થાન માટે નારાયણ ચંદાવરકરના નામની દરખાસ્ત મૂકી.

૯ [મુંબઈ].

૧૦ થી ૧૧ મુંબઈ.

૧૨ અમદાવાદ.

૧૩ મુંબઈ : જાહેર સભામાં પ્રવચન, વિષય—બ્રિટિશ સામ્રાજ્યમાં વસતા હિંદીઓની હાડમારી, પ્રમુખ નારાયણ ચંદાવરકર.

૧૪ મુંબઈ : થી નીકળ્યા.

૧૫[1] જલંધર : ઉતારો રાયજાદા ભગતરામને ત્યાં. ● રાજકુમારી અમૃતકુંવરને જોવા ગયા; જાહેર સભા. પ્રથમ બપોરે રાખેલી પણ તાપ અને અવ્યવસ્થાના કારણે સાંજે રાખી.

૧૬ અમૃતસર : જાહેર સભામાં અસહકાર વિશે ભાષણ, સમય રાત.

૧૭ અમૃતસર ⇕ લાહોર : ઉતારો બેરિસ્ટર મહંમદ આલમને ત્યાં. ●કાર્યકર્તાઓને અસહકાર વિશે સંબોધન. ●જાહેર સભા, સમય રાત, સભા રાત્રે એક વાગ્યે પૂરી થઈ.

૧૮ લાહોર : જાહેર સભા, સમય સાંજ

૧૯ રાવળપિંડી : સ્ટેશને સત્કાર અને સરઘસ.

૨૦ રાવળપિંડી. ⇕ ઝેલમ : આવ્યા અને થી નીકળ્યા. ⇕ ગુજરખાન જાહેર સભા ⇕ લાહોર.

૨૧ લાહોર : થી નીકળ્યા.

૨૨ કરાંચી : સરઘસ. ● જાહેર સભા, અસહકાર વિશે પ્રવચન, સભા મધરાતે પૂરી થઈ.

---

૧ આશ્રમમાં ટપાલની પેટી મુકાઇ.

૧૯૨૦-જુલાઈ-ઑગસ્ટ

૨૩ કરાંચી : ગુજરાત સભા તરફથી માનપત્ર અને થેલી, સ્થળ નારાયણ સરીયા મહાજન વાડી, પ્રમુખ સુંદરદાસ વલ્લભજી. ⇕ હૈદરાબાદ : સિંધ ખિલાફત પરિષદમાં પ્રવચન.

૨૪ હૈદરાબાદ : પરિષદ ચાલુ.

૨૫ હૈદરાબાદ : જાહેર સભા.

૨૬ થી ૨૮ અમદાવાદ.

૨૯[૧] મુંબઈ : લોકમાન્ય ટિળકને એમની માંદગીના બિછાને મળ્યા. ● મુસલમાનોની સભામાં અહિંસક રહેવા ઉપદેશ; સ્થળ ગ્રાંટરોડ મુઝફ્ફરાબાદ હૉલ.

૩૦ થી ૩૧[૨] મુંબઈ.

ઑગસ્ટ

૧ મુંબઈ : લોકમાન્ય ટિળકની સ્મશાન યાત્રામાં તથા અગ્નિસંસ્કાર વખતે હાજર. ● એમના અવસાન અંગેની શોકસભામાં બોલ્યા; પ્રમુખ મિયાં મહંમદ હાજી જાન મહંમદ છોટાણી.

૨ મુંબઈ[૩] : બોઅરયુદ્ધ વખતે અને ઝુલુ બળવા વખતે મળેલા, અને કૈસરે હિંદનો—કુલ ત્રણ—ચાંદ સરકારને પાછા મોકલ્યા.[૪]

૩ મુંબઈ.

---

૧. આધાર નં. ૧૨૬ના ભાગ ૧ના પાના ૩૬૯ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી તા. ૩૧મીએ મુંબઈ આવ્યા. પણ આ બંધબેસતું નથી.

૨. દરમિયાન તા. ૩૧મીની મધરાતે લોકમાન્યનું મુંબઇમાં અવસાન થયું.

૩. આધાર નં. ૨૫માંનો પત્ર નં. ૭૮ આજે કલકત્તા જતી ટ્રેનમાંથી લખાયો છે એમ જણાવ્યું છે. પણ આ બંધબેસતુ નથી.

૪. આધાર નં. ૧૨૬ના ભાગ ૨ના પાના ૧ ઉપર અને આધાર નં. ૧૮૬ના પાના ૧૪ ઉપર આની તા. ૧-૮-૨૦ જણાવી છે. પરંતુ ચાંદોની પહોંચ સ્વીકારતા સરકારના કાગળમાં તા. ૨ જણાવી છે. આને પ્રમાણભૂત માની છે.

૧૯૨૦—ઑગસ્ટ

૪ થી ૫ અમદાવાદ.

૬ અમદાવાદ : લોકમાન્ય ટિળકના અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા મળેલી સભામાં પ્રમુખપદે, સમય રાત, સ્થળ અલેફની મસીદ પાસે. ● આગામી ગુજરાત રાજકીય પરિષદની સ્વાગત સમિતિની બેઠકમાં પ્રમુખપદે.

૭ મુંબઈ.

૮ અમદાવાદ : હૈદરાબાદ (સિંધ)માં, ચળવળ અંગે પીર મહેબુબ શાહની ધરપકડથી ઉભી થયેલી પરિસ્થિતિના કારણે ત્યાં જવા આવ્યા પણ પછી અહીં તાર આવ્યો 'આવવાની જરૂર નથી' એટલે રોકાયા. ● વિદ્યાર્થીઓને બ્રહ્મચર્ય વિશે અને સહશિક્ષણ વિશે સંબોધન.

૯ થી ૧૦ મુંબઈ.

૧૧ બેંગલોર.

૧૨ મદ્રાસ : આવ્યા.[૧] ● જાહેર સભામાં અસહકાર વિશે ભાષણ, સમય સાંજ, સ્થળ પ્રેસિડન્સી કૉલેજ સામે દરિયા કિનારો.

૧૩ મદ્રાસ : જાહેર સભા, સ્થળ જુમા મસ્જિદ. ⇕ અંબુર.

૧૪ અંબુર. ⇕ વેલોર : સભાઓ બંને સ્થળે.

૧૫ મદ્રાસ : કામદાર મંડળની સભામાં ભાષણ.

૧૬ કુંભકોણમ. ⇕ નાગોર.

૧૭ તાંજોર. ⇕ ત્રિચિનાપલી : ઉતારો ડૉ. ટી. એસ. એસ. રાજનને ત્યાં.

૧૮ મદુરા : આવ્યા અને ત્યાંથી નીકળ્યા. ⇕ કાલીકટ : જાહેર સભા.

૧૯ કાસરગોડ. ⇕ મેંગલોર : ઉતારો પરસોતમદાસને ત્યાં.

૨૦ મેંગલોર. ⇕ સાલેમ : ઉતારો ડૉ. વરદારાજુલુને ત્યાં.

૨૧[૨] સાલેમ : ગરીબો માટેની પરબોનું ઉદ્‌ઘાટન. ● ખિલાફત પરિષદમાં હાજર. ⇕ બેંગલોર : આવ્યા, ચાર કલાક રોકાયા. ⇕ મદ્રાસ.

૨૨ મદ્રાસ : લૉ કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

---

૧. 'મુંબઈ ગુજરાતી'ના તા. ૧૫-૮-૨૦ના અંકમાં આની તા ૧૦ જણાવી છે પણ એ ભૂલ છે.

૨. સ્મારક માટે જલિયાંવાલા બાગ રૂા. ૫,૬૦,૪૭૨ની કિંમતે ખરીદી લેવામાં આવ્યો.

૧૯૨૦-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૩ બેઝવાડા : ઉતારો એ. કાલેશ્વરરાવને ત્યાં. ● જાહેર સભા, ખેડૂતો અને મજૂરોનું માનપત્ર.

૨૪ સિકંદરાબાદ. ⇕ હૈદરાબાદ.

૨૫ મુંબઈ.

૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ : ચોથી ગુજરાત રાજકીય પરિષદનું અધિવેશન; પ્રમુખસ્થાન માટે અબ્બાસ તૈયબજીના નામની દરખાસ્ત મૂકી.

૨૮ અમદાવાદ : પરિષદ ચાલુ; અસહકાર વિશે પ્રવચન[૧]

૨૯ અમદાવાદ : પરિષદ ચાલુ; 'બૉયકૉટ' વિરૂદ્ધ ભાષણ.

૩૦ અમદાવાદ : સંસાર સુધારા પરિષદમાં,[૨] અંત્યજોની મુશ્કેલીઓ વિશે ભાષણ; પ્રમુખ ડૉ. તુલજારામ ચુનીલાલ ખાંડવાળા, સ્થળ સંસાર સુધારા હૉલ.

૩૧[૩] મુંબઈ : ગ્રાન્ટ મેડિકલ કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓ મળવા આવ્યા; ચર્ચા પછી ખાદી–પ્રતિજ્ઞાપત્ર ઉપર એમણે સહીઓ કરી.

સપ્ટેમ્બર

૧ મુંબઈ.

૨ કલકત્તા : મોડી રાત્રે આવ્યા, ઉતારો હરિલાલને ત્યા.

૩ કલકત્તા : ગુજરાતીઓ તરફથી સત્કાર, સમય સાંજ, સ્થળ આલ્ફ્રેડ થિયેટર.

૪ કલકત્તા : ઑલ ઇન્ડિયા હોમરૂલ લીગની સભામાં પ્રમુખપદે. સમય સવારના આઠ. સંસ્થાનું નામ બદલી 'સ્વરાજ સભા' રાખવાનું ઠરાવવામાં આવ્યું.[૪]

---

૧. આધાર નં.૧૬ના પાના ૫૬–૫૭ ઉપર આની તા. ૩૦ જણાવી છે; પણ એ બંધબેસતું નથી.

૨ બીજા દિવસની બેઠક.

૩. આ માસમાં દિલીપકુમાર રાયે, રોમાંરોલાં (ફ્રાન્સના ઉત્તમ કક્ષાના એક વિચારક)ને ગાંધીજી વિશે માહિતી આપી. રોમાં રોલાંને ગાંધીજીનો આ પરોક્ષ પરિચય પહેલી વખતે થયો.

૪. આ સભાની કાર્યવાહીની કાયદેસરતા વિશે શંકા હતી એટલે પાછળથી બીજી બેઠક બોલાવી હતી. જુઓ આગળ તા. ૩–૧૦–૨૦.

૧૯૨૦-સપ્ટેમ્બર

૫ કલકત્તા : ખિલાફત પરિષદમાં હાજર. ⇕ ફરીદપુર.

૬ કલકત્તા.

૭ કલકત્તા : કૉંગ્રેસની વિષય વિચારિણી સમિતિની બેઠકમાં અસહકાર વિશે બોલ્યા. ● મુસ્લિમ લીગના ખાસ અધિવેશનમાં હાજર.

૮ કલકત્તા : કૉંગ્રેસના ખાસ અધિવેશનમાં હાજર. અસહકારનો ઠરાવ વધુ મતે પસાર. ● મુસ્લિમ લીગના અધિવેશનમાં હાજર.

૯ કલકત્તા : કૉંગ્રેસની બેઠકમાં હાજર; અસહકારના ઠરાવ ઉપર પોલથી મત ગણવામાં આવ્યા, ઠરાવ બહુમતીથી પસાર.[1] ઑ.ઇ.કૉં.ક.ની બેઠકમાં હાજર.

૧૦ કલકત્તા : 'અમૃતબઝાર પત્રિકા'ના તંત્રી બાબુ મોતીલાલ ઘોષને મળવા ગયા અને અસહકારના કાર્યક્રમ વિશે ચર્ચા કરી.

૧૧ કલકત્તા : શાંતિનિકેતન.[2]

૧૨ થી ૧૬ શાંતિનિકેતન.

૧૭ શાંતિનિકેતન : પ્રવચન; થી નીકળ્યા.

૧૮ રસ્તામાં.

૧૯ મુંબઈ

૨૦ થી ૨૭[3] અમદાવાદ.

૨૮ અમદાવાદ : શાળાઓ છોડવા અંગે વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, સમય સાંજ, સ્થળ એલિસપુલ નીચે નદીની રેત, પ્રમુખ વલ્લભભાઈ.

૨૯ અમદાવાદ : શિક્ષકો સમક્ષ ભાષણ. વિષય અસહકાર, સમય, સ્થળ અને પ્રમુખ એ જ.

૩૦ અમદાવાદ, નડિયાદ : કાર્યકરો સાથે ચર્ચા ● જાહેર સભા, સ્થળ અમદાવાદી ભાગોળ.

---

૧. આ ઠરાવમાં સાત પ્રકારના બહિષ્કાર સૂચવવામાં આવ્યા હતા-- (૧) સરકારી ઈલકાબો, (૨) સરકારી ઉત્સવો, (૩) સરકારી તેમ જ સરકારના અંકુશવાળી શિક્ષણ સંસ્થાઓ, (૪) સરકારી ન્યાયની અદાલતો, (૫) મેસોપોટેમિયામાં નોકરી, (૬) ધારાસભાઓ અને (૭) પરદેશી કાપડ.

૨. કવિવર ટાગોર આ વખતે પરદેશ હતા. ગાંધીજી ઍન્ડ્રૂઝના નિમંત્રણથી અહીં આવ્યા હતા.

૩. આધાર નં. ૬૧ના પાના ૩૬ પર જણાવ્યું છે કે ગાંધીજી તા. ૨૨-૯-૨૦ ના રોજ મદ્રાસ આવ્યા. પણ આ બંધબેસતું નથી.

૧૯૨૦—ઑક્ટોબર

૧ મુંબઈ.

૨ મુંબઈ : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર. ટિળક સ્વરાજ ફાળો ઉઘરાવવાનું નક્કી કર્યું.[1]

૩ મુંબઈ : ઑલ ઇન્ડિયા હોમરૂલ લીગની સભામાં પ્રમુખપદે, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ. સંસ્થાનું નામ બદલી 'સ્વરાજ સભા' રાખવાનું ઠરાવવામાં આવ્યું.[2] ● મજૂરોની જાહેર સભા.

૪ મુંબઈ : વિલાયતથી પાછા ફરેલા, ખિલાફત પંચના સભ્યો ઝીણા વગેરેને આવકાર આપતી સભામાં પ્રમુખપદે. ● સ્વરાજ સભાની બેઠકમાં પ્રમુખસ્થાને.

૫ મુંબઈ.

૬ મુંબઈ. ⇕ સુરત : સત્કાર અને સરઘસ. ● રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી ● શાળાઓ છોડવા વિશે પ્રવચન, સમય બપોરના ત્રણ, પાટીદાર આશ્રમ. ⇕ રાંદેર : સરઘસ અને સભા.

૭ દિલ્હી.

૮ દિલ્હી. ⇕ રોહતક.

૯ થી ૧૦ મુરાદાબાદ : સંયુક્ત પ્રાંતની રાજકીય પરિષદમાં હાજર.

૧૧ મુરાદાબાદ : પરિષદ ચાલુ, પ્રવચન. ⇕ ચંદૌસી : જાહેર સભા ⇕ અલીગઢ.

૧૨ અલીગઢ : કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ અસહકાર વિશે ભાષણ.[3]

૧૩ અલીગઢ. ⇕ હાથરસ. ⇕ એટા ⇕ કાસગંજ.

૧૪ કાનપુર : સરકાર પાસેથી મદદ ન લેતી એક શાળા ખુલ્લી મૂકી. ● સ્ત્રીઓની તથા જાહેર સભા.

૧૫ લખનૌ : જાહેર સભા, સ્થળ રિફાહ-ઈ-આમ.

૧૬ શાહજહાનપુર. ● બરેલી.

---

૧. પણ આ વખતે રકમ નક્કી કરવામાં આવી નહિ. જુઓ આગળ તા. ૧-૪-૨૧.

૨. જુઓ તા. ૪-૯-૨૦, તથા ૩૧-૧૨-૨૯ની પાદટીપ ૨. (૨)

૩. ઝાકીર હુસેન અહીં ભણતા હતા. ગાંધીજીનું પ્રથમ દર્શન?

૧૯૨૦-ઑક્ટોબર

૧૭ બરેલી : ગુજરાતીઓ તરફથી સન્માન, મુખ્ય વક્તા મૂળશંકર સુંદરજી દવે.[1] ● મ્યુનિસિપાલીટી તરફથી માનપત્ર.

૧૮[2] અમૃતસર : ખાલસા કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, સમય બપોર ● જાહેર સભા, સમય રાત.

૧૯ અમૃતસર ⇕ લાહોર : ઉતારો પંડિત રામભજ દત્ત ચૌધરીને ત્યાં. ● જાહેર સભા. સમય રાત.

૨૦ લાહોર : શીખોની સભા, સ્થળ બ્રેડલૉ હૉલ ● વિદ્યાર્થીઓ સાથે ચર્ચા

૨૧ લાહોર : ચર્ચા ચાલુ. ⇕ ભટીંડા.

૨૨ ભીવાણી : સરઘસ અને જાહેર સભા. સ્વાગતાધ્યક્ષ કૃષ્ણલાલ અંબાલાલ દેસાઈ, પ્રમુખ લાલા મુરારિલાલ; ● ખેડૂતોની સભા.

૨૩ રસ્તામાં.

૨૪ મુંબઈ : અસહકાર અંગે અલીગઢ યુનિવર્સિટીના ટ્રસ્ટીઓને પત્ર લખ્યો.

૨૫ મુંબઈ.

૨૬ મુંબઈ : વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન;[3] સ્થળ મારવાડી વિદ્યાલય.

૨૭ આણંદ, ડાકોર : સ્ત્રીઓની સભા ● જાહેર સભા, સમય રાત.

૨૮ ડાકોર, અમદાવાદ

૨૯ થી ૩૦ અમદાવાદ.

૩૧[4] અમદાવાદ : વિદ્યાપીઠ નિયામક સભામાં પ્રમુખપદે. આ વખતે ઠરાવ્યું કે વિદ્યાપીઠ માન્ય કોઈ પણ શાળા કોઈ અંત્યજનો એ કેવળ અંત્યજ હોવાને કારણે બહિષ્કાર ન કરી શકે. ● સ્ત્રીઓની સભા, સ્થળ કડિયાની વાડી.

---

૧. આ ભાઈ ત્યાંની કૉલેજમાં પ્રોફેસર હતા. એમણે આ સમારંભમાં ભાગ લીધો તેથી એમને કૉલેજ તરફથી ઠપકો આપવામાં આવ્યો. પાછળથી એમણે રાજીનામું આપ્યું.

૨. આજે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ.

૩. 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૨૦ના નવેમ્બર માસના અંકના પાના ૭૨૮ ઉપર આની તા. ૨૭ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૪. આધાર નં. ૮૧ના પાન ૨૨-૨૩ ઉપર જણાવ્યું છે કે સને ૧૯૨૦ના ઑક્ટોબર માસમાં ગાંધીજી ધારવાડ અને હુબલી આવ્યા હતા પણ આ બંધબેસતું નથી.

૧૯૨૦—નવેમ્બર

૧ અમદાવાદ, મહેમદાવાદ : જાહેર સભા. ⇕ નડિયાદ : ઉતારો સંતરામના મંદિરમાં. ● મ્યુનિસિપલ સભ્યો સાથે ચર્ચા. ● સભાઓ—મુસલમાનોની સ્ત્રીઓની અને જાહેર.

૨ ભરૂચ : વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન. ⇕ અંકલેશ્વર : જાહેર સભા. ⇕ ભરૂચ : સ્ત્રીઓની સભા, સ્થળ દશા લાડની વાડી. ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ ફાટા તળાવ.

૩ મુંબઈ : સ્વરાજ સભાની બેઠક[1] ● સભા કુર્લામાં.

૪ નાશિક : સરઘસ. ● જાહેર સભા, સમય સવારના અગિયાર, પ્રમુખ કરવીર પીઠવાળા શ્રીમદ્ શંકરાચાર્ય (ડૉ. કુર્તકોટિ).

૫ પૂના : લોકમાન્ય ટિળકના નિવાસસ્થાનની મુલાકાત. ● ડેક્કન જીમખાનામાં સભા. ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ ભવાની પેઠ. ● રાત્રે, સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના મકાનમાં વિનીતો સાથે ચર્ચા.

૬ પૂના : સભાઓ–વેપારીઓની અને વિદ્યાર્થીઓની ● સ્ત્રીઓની સભા, સમય બપોર, સ્થળ કિર્લોસ્કર નાટકશાળા. ⇕ વાઈ : સભા ⇕ સતારા.

૭ સતારા : સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. ⇕ કરાડ : જાહેર સભા. ⇕ નિપાણી.

૮ નિપાણી : જાહેર સભા. ⇕ ચીકોડી : સ્ત્રીઓની સભા. ⇕ હુકેરી અને સંકેશ્વર : જાહેર સભાઓ, બંને સ્થળે. ⇕ બેળગાંવ : સ્ત્રીઓની સભા. સ્થળ મારુતિનું મંદિર[2] ● હબીબીયા લાયબ્રેરીમાં પાનસોપારી ● જાહેર સભા અને માનપત્ર.

૯ બેળગાંવ ⇕ કેર્લાગેરી.

૧૦ ધારવાડ ⇕ હુબલી.

૧૧ હુબલી ⇕ ગદગ.

૧૨ સાંગલી : ઉતારો કે. આર. છાપખાનેને ત્યાં. ● મફત વાંચનાલયના મકાનનો પાયો નાંખ્યો. ● સભાઓ. ⇕ મીરજ.

૧૩ મુંબઈ : મૂળજી જેઠા મારકીટની મુલાકાત

---

૧. સ્વરાજ ફાળા માટે, એક ગાનારી પાસેથી ઘણાં રૂપિયા મળી શકે એવી સૂચનાને ગાંધીજીએ નકારતા કહ્યુ 'એ એનો ધંધો છોડી, ભલે લાખો રૂપિયા આપી પ્રાયશ્ચિત કરે.' આ પ્રસંગ આજે બન્યો હશે એવું અનુમાન છે.

૨. આ વખતે બે વેશ્યાઓ મંદિર આગળ આવી ફાળા માટેની ઝોળીમાં પૈસા નાંખી ચાલી ગઈ.

૧૯૨૦—નવેમ્બર

૧૪ મુંબઈ : વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, સ્થળ શાંતારામની ચાલી. ● મુલાકાતો લીધી—હિંદ કો-ઓપરેટીવ સ્ટોર્સની અને મંગળદાસ મારકીટની.

૧૫ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયની સ્થાપના પ્રસંગે પ્રવચન, સમય સવારે સાડા આઠ, સ્થળ નદી પાર ડાહ્યાભાઈ ઇજતરામનો બંગલો. ● પ્રોપ્રાયટરી હાઇસ્કૂલની મુલાકાત, બપોરે, ● વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, સમય સાંજ, સ્થળ નદીની રેત.

૧૬ અમદાવાદ : કૉર્કના મેયર ટેરેન્સ મૅકૂસ્વિનીના અવસાન અંગેની શોકસભામાં પ્રમુખપદે, સમય સાંજે ૭, સ્થળ નદીની રેત. એમના ઉપવાસ અંગે નાપસંદગી દર્શાવી.[૧]

૧૭ મુંબઈ : મલાડમાં લુહાર—સુથાર ધર્મ જીજ્ઞાસુ મંડળ તરફથી કાઢવામાં આવેલી ગુજરાતી રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી.

૧૮ મુંબઈ : ધારાસભાના બહિષ્કાર અંગે વિચાર કરવા મળેલી મુસલમાનોની સભામાં હાજર, પ્રમુખ જોસેફ બેપ્ટિસ્ટા.

૧૯ મુંબઈ.

૨૦ ઝાંસી : જાહેર સભા.

૨૧ દિલ્હી : સ્વદેશી હૅન્ડલુમ ફેક્ટરી ખુલ્લી મૂકી; સમય સવાર. ● સ્ત્રીઓની સભા, સમય બપોર. ● ઉલેમાઓની પરિષદમાં ભાગ લીધો.

૨૨ મથુરા. ⇕ અલીગઢ : પ્રજાકીય ઇસ્લામી યુનિવર્સિટીનું બંધારણ ઘડનારી કમિટીની બેઠકમાં ભાગ લીધો.

૨૩ અલીગઢ : ખિલાફત કમિટીની બેઠકમાં હાજર. ⇕ આગ્રા : સરધસ. ● વિદ્યાર્થીઓની સભા; ભારે અવ્યવસ્થા.

---

૧. આયરલૅન્ડના આ ભાઇ ખૂનામરકી ચાહતા નહોતા પણ પોતાના દેશ માટે સ્વરાજની લડત ચલાવતા હતા તેથી એમને જેલમાં પૂરવામાં આવ્યા હતા. પોતાના દેશને પરાધીન રાખતી સરકારનું અન્ન ખાવાની એમણે જેલમાં ના પાડી. ૭૪ દિવસના ઉપવાસ પછી તા. ૨૫–૧૦–૨૦ના રોજ એમનું અવસાન થયું.

૧૯૨૦—નવેમ્બર—ડિસેમ્બર

૨૪ દિલ્હી[1] : નવી પ્રજાકીય ઇસ્લામિયા મદ્રેસા ખુલ્લી મૂકી. ● પ્રજાકીય શાળા ખુલ્લી મૂકી. ● દિલ્હી-અજમેર-મેવાડ પ્રાંતિક પરિષદની બેઠકમાં હાજર.

૨૫ બનારસ.

૨૬ બનારસ : વિદ્યાર્થીઓને સંબોધન. ● એમની સાથે ચર્ચા, સમય બપોર, ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ ટાઉન હૉલ. ● આચાર્ય આનંદશંકર ધ્રુવને ત્યાં ચાપાણીના મેળાવડામાં હાજર અને હિંદુ યુનિવર્સિટીના પ્રોફેસરો સાથે ચર્ચા.

૨૭ બનારસ : હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, પ્રમુખ માલવિયાજી ● ગુજરાતીઓ મુલાકાતે આવ્યા. એમની સભા. પ્ર. આનંદશંકર ધ્રુવ. સ્થળ દૌલતચંદનું મકાન.

૨૮ અલાહાબાદ : જાહેર સભામાં ભાષણ, વિષય અસહકાર, પ્રમુખ મોતીલાલ નહેરુ.

૨૯ અલાહાબાદ ⇕ પ્રતાપગઢ. વિનાયક નંદશંકર મહેતા (કલેક્ટર)ને મળવા ગયા. ● જાહેર સભા, ● મહેતાને ત્યાં મહેફીલમાં હાજર. ⇕ અલાહાબાદ : જાહેર સભા.

૩૦ અલાહાબાદ : વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ[2] ● જાહેર સભા.

ડિસેમ્બર

૧ અલાહાબાદ : વિદ્યાર્થીઓ સાથે ચર્ચા. ● ટિળક વિદ્યાલય ખુલ્લું મૂક્યું. ⇕ પટણા : ઉતારો : મઝહર-ઉલ-હકને ત્યાં.

૨ ફુલવારી. ⇕ પટણા : મઝહર-ઉલ-હકના ઘેર, હસન ઈમામ મળવા આવ્યા.

૩ પટણા : વિદ્યાર્થીઓની સભા, સ્થળ મઝહર-ઉલ-હકનું કંપાઉન્ડ, ● સદાકત આશ્રમની ઉદ્‌ઘાટન વિધિ. ● સ્ત્રીઓની સભા, સમય રાત,

---

૧. આધાર નં. ૬૩ના ૧૯૨૧ના અંકના પાના ૧૩૫ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી આજે બનારસ હતા. પરંતુ એ બંધબેસતું નથી.

૨. 'પ્રજાબંધુ'ના તા. ૫-૧૨-૨૦ના અંકમાં આની તા. ૨૮ જણાવી છે પરંતુ આધાર નં. ૪૫ના ભાગ ૫માં તા. ૩૦ જણાવી છે. એ પ્રમાણભૂત માની છે.

૧૯૨૦—ડિસેમ્બર

સ્થળ હક સાહેબનું ઘર. ગાંધીજી અને શ્રોતાઓ વચ્ચે પર્દો હતો ! ● હસન ઈમામને મળવા ગયા.

૪ પટણા. ⇕ આરા : ઉતારો બાબુ ધનેન્દ્ર પ્રસાદ દેવને ત્યાં.

૫ પટણા ⇕ ગયા. ⇕ બોધિગયા. ⇕ પટણા.

૬ પટણા. ⇕ છપરા.

૭ છપરા. ⇕ હાજીપુર : રાષ્ટ્રીય શાળાના મકાનનો પાયો નાંખ્યો. ⇕ મુઝફ્ફરપુર : ઉતારો મૌલવી મહંમદ શરીફને ત્યાં. ● જાહેર સભા, પ્રમુખ હાફીઝ રહેમતુલ્લા.[1] ● બાબુ ગયા પ્રસાદ સિંગને મળવા ગયા.

૮ બેતિયા : ગૌશાળાની મુલાકાત. રસ્તામાં એક જણે પોતાનાં લાકડી અને બાહુબળથી મારેલા વાઘનું ચામડું ભેટ ધર્યું.

૯[2] બેતિયા. ⇕ મોતીહારી.

૧૦ દરભંગા. ⇕ લહેરીઆ સરાઈ. ⇕ સમસ્તીપુર. ⇕ બરૌની.

૧૧ મોંઘીર : ઉતારો ગુબ્બૈર બેરિસ્ટરને ત્યાં. ⇕ ભાગલપુર : ઉતારો દીપનારાયણ સિંહને ત્યાં

૧૨ ભાગલપુર : સભાઓ.

૧૩ કલકત્તા : લીલુઆ સ્ટેશને ઉતરી ગયા. ● રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી, સમય બપોર, સ્થળ મારકસ સ્કેવર. ● જાહેર સભા.

૧૪ કલકત્તા : થી નીકળ્યા.

૧૫ ઢાકા : સ્વાગત, સરઘસ, સભાઓ—જાહેર તથા સ્ત્રીઓની. ● વકીલોની સભામાં પ્રવચન.

૧૬ ઢાકા : ગેંડેરિયા આશ્રમની મુલાકાત. ⇕ નારાયણગંજ : થી નીકળ્યા આગબોટ 'ગુરખા'માં. ⇕ કલકત્તા.

૧૭ કલકત્તા : થી નીકળ્યા.

---

૧. આધાર નં. ૪૨ના વોલ્યુમ ૧૯ના પાના ૮૬ ઉપર આની તા. ૮-૧૨-૨૦ છે.

૨. ગાંધીજી, પોતે લખેલા પત્રોમાં, તિથિ-તારીખ હંમેશા લખતા નહોતા. અથવા કેવળ તિથિ જ લખતા હશે. એ અંગે સરલાદેવી ચૌધરાણીએ એમને આજે લખેલા કાગળમાં છેવટે ઉમેર્યું 'તમારા કાગળમાં તારીખ લખવા મહેરબાની કરો.'

૧૯૨૦—ડિસેમ્બર; ૧૯૨૧—જાન્યુઆરી

૧૮ નાગપુર : જાહેર સભા, સમય સાંજ.
૧૯ નાગપુર.
૨૦ થી ૨૧ નાગપુર, ❖ રાયપુર.
૨૨ થી ૨૩ નાગપુર.
૨૪ નાગપુર : ઑ. ઈ. કૉં ક. ની બેઠકમાં હાજર.
૨૫ નાગપુર : સર બેન્જામિન રૉબર્ટસન[1] અને મધ્ય પ્રાંતના ગવર્નર સર ફ્રેન્ક સલાઈ[2]ની મુલાકાત લીધી. ● વણકર પરિષદમાં પ્રમુખ-સ્થાને, ● સમસ્ત હિંદ અસ્પૃશ્યતા નિવારક પરિષદમાં પ્રમુખ-સ્થાને, સમય સાંજના ૭.
૨૬ નાગપુર : કૉંગ્રેસની બેઠકમાં ભાષણ.
૨૭ નાગપુર : કૉંગ્રેસની વિષય નિર્ણાયક સમિતિની બેઠકમાં પ્રવચન.
૨૮ નાગપુર : કૉંગ્રેસની બેઠકમાં ભાષણ.
૨૯[3] નાગપુર : ખિલાફત પરિષદમાં હાજર.
૩૦ નાગપુર : કૉંગ્રેસની બેઠકમાં અસહકાર વિશે ભાષણ, ● ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની બેઠકમાં હાજર.
૩૧ નાગપુર : અંત્યજ પરિષદમાં પ્રમુખસ્થાને.

૧૯૨૧—જાન્યુઆરી

૧ નાગપુર : ઑ. ઈ. કૉં. ક. ની અને વર્કીંગ કમિટિની બેઠકોમાં હાજર ● નૅશનલ સોશિયલ કૉન્ફરન્સમાં હાજર.
૨ નાગપુર.
૩ સેવની[4].
૪ સેવની : મારવાડી રાષ્ટ્રીય શાળાની મુલાકાત.
૫ નાગપુર : જાહેર સભામાં કૉંગ્રેસના ઠરાવો સમજાવ્યા.

---

૧. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ઉપાડેલી લડતના પરિણામે, હિંદીઓની હાડમારીઓ અંગે તપાસ કરવા, ત્યાંની સરકારે સને ૧૯૧૪માં જે તપાસ પંચ નીમ્યું હતું તેની સમક્ષ, હિંદી સરકાર તરફથી આ ગૃહસ્થે જુબાની આપી હતી.
૨. ચંપારણ તપાસ સમિતિના પ્રમુખ; જુઓ તા. ૧૦-૬-૧૭.
૩. લૉર્ડ સત્યેન્દ્ર પ્રસન્ન સિંહા બિહારના ગવર્નર બન્યા.
૪. જમનાલાલ બજાજનું વતન.

૧૯૨૧-જાન્યુઆરી

૬ છીંદવાડા : જાહેર સભા.

૭ છીંદવાડા. ⇕ નાગપુર.

૮ નાગપુર.

૯ થી ૧૦[1] મુંબઈ.

૧૧ અમદાવાદ : પોતાનું ખૂન કરવાનો એક પત્ર મળ્યો.

૧૨ અમદાવાદ.

૧૩ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયમાં પ્રવચન.

૧૪ થી ૧૫[2] અમદાવાદ.

૧૬[3] થી ૧૭[4] અમદાવાદ : જયકર સાથે ચર્ચા.

૧૮ અમદાવાદ : ચર્ચા ચાલુ. ● મિલમાલિક મંડળ સમક્ષ પ્રવચન, સમય સાંજ.

૧૯ અમદાવાદ. ⇕ નડિયાદ : પ્રવચનો—રાષ્ટ્રીય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ, મ્યુનિસિપલ શિક્ષકો સમક્ષ અને વેપારીઓ સમક્ષ ⇕ ઉતરસંડા. ⇕ બોરીઆવી : જાહેર સભાઓ બંને સ્થળે. ⇕ વડતાળ : ભાષણો-જાહેર સભામાં, સ્થળ ગોમતીજીનો કિનારો અને સાધુઓ સમક્ષ.

૨૦ મુંબઈ : વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ, સ્થળ શાંતારામની ચાલી.

૨૧[5] મુંબઈ.

---

૧. દરમિયાન તા. ૧૦મીએ ડ્યુક ઑફ કોનાટ હિંદ આવ્યા.

૨. દરમિયાન તા. ૧૪મીએ, વર્ધા આશ્રમ, સાબરમતી આશ્રમની શાખા તરીકે સ્થાપવામાં આવ્યો. એના પહેલા વ્યવસ્થાપક રમણિકલાલ મોદી હતા. પરંતુ એમની તબિયત બગડવાથી, પાછળથી વિનોબા ભાવે નિમાયા હતા.

૩. તા. ૧૯-૧-૨૧ આજના 'પ્રજાબંધુ'માં સમાચાર આવ્યા કે 'ગાંધી સિગારેટ' અને 'ગાંધી દીવાસળી' વેચાય છે.

૪. તા. ૧૭મીએ સોમવાર હતો. સોમવારે મૌન પાળવાનું આજથી શરૂ થયું. આ મૌન અંગે એમણે ત્રણ અપવાદ રાખ્યા : (૧) એ પોતે સંકટમાં હોય અને બોલવાથી મદદ મળે એમ હોય, (૨) બીજું કોઇ સંકટમાં હોય અને બોલવાથી એને મદદ મળે એમ હોય, અને (૩) વાઈસરૉય કે કોઈ એવા મોટા અમલદાર અણધાર્યા બોલાવે અને કાર્ય સિદ્ધિ માટે બોલવાની જરૂર હોય. આ મૌન શરૂમાં સવારના ચાર વાગ્યાથી લેવામાં આવતું પણ પછીથી, ઘણે ભાગે તા. ૯-૯-૨૩થી રવિવારે બપોરે ત્રણ વાગ્યાથી ૨૪ કલાક માટે લેવામાં આવતું; જોકે જરૂર જણાય તો સમયમાં ફેરફાર કરવામાં આવતો.

૫. એમ. આર. જયકરે વકીલાત છોડી.

૧૯૨૧–જાન્યુઆરી–ફેબ્રુઆરી

૨૨ રસ્તામાં.

૨૩ કલકત્તા : ઉતારો દેશબંધુ દાસને ત્યાં. ● વિદ્યાર્થીઓની સભા.

૨૪ થી ૨૫ કલકત્તા.

૨૬ કલકત્તા : વેપારીઓ સમક્ષ પ્રવચન, સમય સાંજે સાત, સ્થળ બડા બજાર.

૨૭ કલકત્તા : સ્ત્રીઓની સભા. સ્થળ દાસબાબુનું ઘર.[1] ● ટિળક રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી, સમય સાંજે ૭, સ્થળ મછુઆ બજાર.

૨૮ કલકત્તા.

૨૯ કલકત્તા : મારવાડી સ્ત્રીઓની સભામાં ભાષણ.

૩૦ કલકત્તા : વિદ્યાર્થીઓની સભામાં ભાષણ; સ્થળ મીરઝાપુર સ્કવૅર, પ્રમુખ દાસબાબુ.

૩૧[2] કલકત્તા : બેલુરમાં આવેલા સ્વામી વિવેકાનંદ આશ્રમમાં, એમની જયંતીના ઉત્સવ નિમિત્તની સભામાં ભાષણ[3].

ફેબ્રુઆરી

૧ કલકત્તા : ડયુક ઑફ કૉનાટના હાથે ખુલ્લી મુકાનારી નવી ધારાસભા વિરુદ્ધ કુલ ૭ સભાઓમાં ભાષણ.

૨ કલકત્તા : શીખોની સભામાં ભાષણ.

૩ કલકત્તા : ગુજરાતીઓની સભામાં સત્કાર, સમય સાંજ, સ્થળ મનમોહન થિયેટર, પ્રમુખ આણંદજી હરિદાસ.

૪ કલકત્તા : રાષ્ટ્રીય કૉલેજનું ઉદ્‌ઘાટન, સમય બપોરના દોઢ, સ્થળ વૅલીંગ્ટન સ્કવૅરમાંનું એક મકાન. ● થી નીકળ્યા

---

૧. આધાર નં. ૪૨ના ભાગ ૧૯ના પાના ૨૭૪ ઉપર આની તા. ૨૫ છે, અને પાના ૫૮૭ ઉપર ૨૩ છે.

૨. આ માસમાં શ્યામજી કૃષ્ણવર્માએ (ટિળક વ્યાખ્યાનમાળા માટે) રૂ. દસ હજારનું દાન જાહેર કર્યું, અને એના વ્યવસ્થાપક તરીકે પહેલાં ત્રણ વર્ષ માટે ગાંધીજીને નીમ્યા.

૩. (૧) 'પ્રજાબંધુ'ના તા. ૬–૨–૨૧ના અંકમાં સભાનું સ્થળ બોલપુર (કલકત્તા) જણાવ્યું છે, પરંતુ સ્થળ બેલુર જ હોઈ શકે.

(૨) આધાર નં. ૪૨ના ભાગ ૧૯ના પાના ૩૦૭ ઉપર આની તારીખ ૩૦ છે.

૧૯૨૧–ફેબ્રુઆરી

૫ ધનબાદ : જાહેર સભા. ⇕ ઝરીયા : સ્ત્રીઓની સભા, સવારે સાડા અગિયાર વાગ્યે. ● જાહેર સભા. સમય અઢી, પ્રમુખ બાબુ રામજશ અગરવાલ. ⇕ કતરાસગઢ : જાહેર સભા. ⇕ બરાકર : જાહેર સભા, સમય રાતના સાડા નવ. ⇕ અસાનસોલ.

૬ પટણા : રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના વખતે આશીર્વચન. ⇕ દીનાપુર રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી. ● જાહેર સભા.

૭ પટણા.

૮ ગોરખપુર : મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર. ● સ્ત્રીઓની સભા, સમય બપોરે બે, સ્થળ ટાઉન હૉલ. ● જાહેર સભા, સમય સાંજે ચાર. ● રાષ્ટ્રીય વિદ્યાલયનું ઉદ્‌ઘાટન, સમય સાંજે સાડા સાત. ● થી નીકળ્યા. રસ્તામાં, લોકોના ટોળાના ધસારા અને જયનાદથી, આરામ અને ઉંઘમાં ખલેલ પડવાથી ત્રાસી જઈ, પોતાનું કપાળ કૂટી, લોકોને, શાંતિ, રાખવા વિનંતિ કરવી પડી.

૯ બનારસ : વિદ્યાર્થીઓ સાથે વાતચીત. ● જાહેર સભા.

૧૦ બનારસ : કાશી વિદ્યાપીઠ ખુલ્લી મૂકી, સમય સવારે. ⇕ ફૈઝાબાદ. ⇕ અયોધ્યા.

૧૧ લખનૌ : વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

૧૨ દિલ્હી.

૧૩ દિલ્હી : હકીમ અજમલખાનની તબીબી કૉલેજનું ઉદ્‌ઘાટન.[૧] એના

---

૧. 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૨૧ના ફેબ્રુઆરી માસના અંકના પાના ૧૨૮ ઉપર આની તા. ૧૪ જણાવી છે, અને 'મુંબઈ ગુજરાતી'ના તા. ૨૦–૨–૨૧ના અંકમાં તા. ૧૨ જણાવી છે. પરંતુ ખરી તા. ૧૩ હતી.

૧૯૨૧—ફેબ્રુઆરી

મકાનનો પાયો નાખનાર[1] માજી વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજ અને એમનાં પત્નીની છબીઓ પણ આ પ્રસંગે ખુલ્લી મૂકી.

૧૪ દિલ્હી.

૧૫ દિલ્હી. ⇕ ભીવાણી : કિસાન પરિષદમાં હાજર, પ્રમુખ લાલા લજપતરાય.

૧૬ રોહતક : કિસાન પરિષદમાં બોલ્યા.

૧૭ થી ૧૮ લાહોર.

૧૯ ગુજરાનવાલા : ભાષણો—સ્ત્રીઓની સમક્ષ અને જાહેર સભામાં.[2]

૨૦ રાવળપિંડી : સભાઓ—સ્ત્રીઓની તથા જાહેર. ● અહીંથી નીકળતા હતા ત્યારે નાનકાના હત્યાકાંડના સમાચાર આવ્યા.[3]

૨૧ થી ૨૨[4] લાહોર : આ હત્યાકાંડ વિશેની વિગતવાર માહિતી શીખ ભાઈઓ પાસેથી મેળવી.

૨૩ [લાહોર].

૨૪ અમૃતસર : સ્વરાજ આશ્રમ અને રાષ્ટ્રીય શાળા ખુલ્લાં મૂક્યાં.

૨૫ લાયલપુર : જાહેર સભા, સમય સવાર. ⇕ શ્રી : શીખોની સભા.

---

૧. પાયો તા. ૨૯-૩-૧૬ના રોજ નાખવામાં આવ્યો હતો.

૨. (૧) લાહોરમાં સભાબંધીનો હુકમ હતો તેથી આ સભા અહીં ભરવી પડી હતી.

(૨) 'નવજીવન'ના તા. ૧૪-૨-૨૧ના વધારાના પાના ૨ ઉપર આની તા. ૧૯-૩-૨૧ જણાવી છે એ મુદ્રણદોષ લાગે છે.

૩. આ સ્થળે શીખોના સુધારક પક્ષના અનેક માણસોને, જુનવાણી પક્ષના મહંતે આજે મારી નાખ્યા. સ્થળ, લાહોરથી આશરે પચાસ માઈલ દૂર છે.

૪. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૧૯ના પાના ૪૧૯ નીચે ફૂટનોટમાં નોંધ છે કે તા. ૨૧મીએ ગાંધીજી ગોરખપુર અગર ફૈઝાબાદમાં હતા, પણ આ બંધબેસતું નથી.

૧૯૨૧—ફેબ્રુઆરી-માર્ચ

૨૬ લખનૌ.

૨૭ લખનૌ : જિલ્લા ખિલાફત પરિષદમાં અસહકાર સંબંધી ભાષણ.[1] ⇕ નાનકાના સાહેબ. ⇕ લાહોર.

૨૮ મુલતાન.

માર્ચ

૧ ભુગાના.

૨ રસ્તામાં.

૩ નાનકાના સાહેબ. ⇕ લાહોર.

૪ મુલતાન.

૫ મુલતાન ⇕ લાહોર : નાનકાના હત્યાકાંડ અંગે શીખોની સભામાં પ્રવચન. ⇕ સિયાલકોટ.

૬ થી ૭ લાહોર.

૮ જલંધર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ હોશિયારપુર. ⇕ હરિયાણા. ⇕ લુધિયાણા ⇕ અંબાલા.

૯ અંબાલા : સભા. ● થી નીકળ્યા.

૧૦ મુંબઈ.

૧૧ અમદાવાદ.

૧૨ અમદાવાદ : મિલમજૂરોની સભામાં ભાષણ, સ્થળ શાહપુર દરવાજા બહાર.

૧૩ અમદાવાદ : સ્ત્રીઓની સભા, સમય બપોરના બે, સ્થળ પાંચકૂવા દરવાજા પાસે કડિયાની વાડી. ● નવા બંધારણ મુજબની પ્રાંતિક સમિતિની પહેલી બેઠકમાં પ્રમુખપદે.[2]

---

૧. (૧) 'પ્રજાબંધુ'માં અને 'લીડર'માં આની તા. ૨૬ જણાવી છે. અને 'અમૃતબઝાર પત્રિકા'માં તા. ૨૮ જણાવી છે. પરંતુ 'મુંબઈ ગુજરાતી' અને 'આજ'માં તા. ૨૭ જણાવી છે અને એ પ્રમાણભૂત માની છે.

(૨) આ વખતે સભા-સ્થાન ઉપર વિમાન ઊડતાં હતાં અને એમાંથી ડયુક ઑફ કૉનૉટનાં ભાષણોની નકલો નાખવામાં આવતી હતી.

૨. કૉંગ્રેસ કમિટી તરીકે કામ કરતી ગુજરાત સભા બંધ થઈ.

૧૯૨૧—માર્ચ

૧૪ અમદાવાદ. ⇕ નડિયાદ : લોકમાન્ય રાષ્ટ્રીય વિનય મંદિરની મુલાકાત. ● જાહેર સભા, સ્થળ અમદાવાદી બજાર આગળનું મેદાન

૧૫ મુંબઈ : સાધક આશ્રમ (અંધેરી)ની મુલાકાત.

૧૬ મુંબઈ : ઠાકુરદ્વાર જિતેકરની વાડીમા જાહેર સભામાં 'આધુનિક રાષ્ટ્રીય પરિસ્થિતિ' વિશે ભાષણ. ● રાષ્ટ્રીય મહાવિદ્યાલયમાં ભાષણ ● 'ડેઇલી હેરલ્ડ'ના પ્રતિનિધિને મુલાકાત.

૧૭ વર્ધા. ⇕ આષ્ટી. ⇕ આર્વી.

૧૮ વર્ધા : જાહેર સભા, સમય સાંજ. ⇕ નાગપુર : જાહેર સભા, સમય રાતના અગિયારથી દોઢ વાગ્યા સુધી.

૧૯ અમરાવતી.

૨૦ નાગપુર. ⇕ સેવની. ⇕ જબલપુર.

૨૧ જબલપુર : થી નીકળ્યા.

૨૨ કલકત્તા.

૨૩ કટક : ઉતારો સ્વરાજ આશ્રમમાં ૦ જાહેર સભા, સ્થળ કથજુરી નદીનો પટ. ● મારવાડી અને ગુજરાતી વેપારીઓ સાથે ચર્ચા.

૨૪ કટક : સભાઓ અને માનપત્રો. ● થી નીકળ્યા.

૨૫ ભદ્રક : સભાઓ. ● થી નીકળ્યા.

૨૬ સાક્ષી ગોપાળ. ⇕ પુરી : ઉતારો ગોલકોઠીમાં 'સાગર સંધ્યા.'

૨૭ પુરી : સ્ત્રીઓની સભા. ● જાહેર સભા; સ્થળ ગાંડીચા મંદિરની બાજુનું મેદાન.

૨૮ પુરી.

૨૯ પુરી ⇕ બરહામપુર : ઉતારો મધુસુદન બાબુને ત્યાં. ● સભાઓ અને માનપત્રો.

૩૦ વિજયાનગર. ⇕ રાજમહેન્દ્રી. ⇕ બેઝવાડા.

૩૧ બેઝવાડા : ઑ.ઈ.કોં.ક.ની બેઠકમાં ભાષણ. ● જાહેર સભા; અતિશય મોટી માનવ મેદની; લોકો ગાંધીજીને સાંભળી શકયા નહિ.

૧૯૨૧–એપ્રિલ

૧ બેઝવાડા : બેઠક ચાલુ. ટિળક સ્વરાજ ફાળા માટે એક કરોડ રૂપિયા એકઠા કરવાનું નક્કી કરવામાં આવ્યું [1] ● બીજી જાહેર સભા. ● માનપત્રો–સુતારો અને મ્યુનિસિપાલિટી તરફથી.

૨[2] કોકનાડા : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● નાચનારી (વેશ્યાઓ) મુલાકાતે આવી.

૩ રાજમહેન્દ્રી : જાહેર સભા. ⇕ ઈલોર. ⇕ બેઝવાડા.

૪ બેઝવાડા. ⇕ મચ્છલીપટ્ટમ્. : ઉતારો આંધ્ર જાતીય કુલશાખામાં.

૫ મચ્છલીપટ્ટમ્ : માનપત્રો–મ્યુનિસિપાલિટીનું તથા બીજાં.

૬ મચ્છલીપટ્ટમ્ ⇕ ચીરાલા. ⇕ કવુલાવરમ્. ⇕ ઔગાલુર. ⇕ ગુડીવાડા ⇕ નેલૂર

૭ નેલૂર : સભાઓ–સ્ત્રીઓની અને જાહેર ⇕ પલ્લીપાદ : ઉતારો ટીકાવરાપુ રામીરેડી ગારૂને ત્યાં. ● સત્યાગ્રહ આશ્રમની ઉદ્‌ઘાટન વિધિ.

૮ મદ્રાસ: ઉતારો રામજી કલ્યાણજીને ત્યાં. ● બ્રાહ્મણ-અબ્રાહ્મણ ઝગડા અંગે પ્રવચન. ● જાહેર સભા; પ્રમુખ રાજગોપાલાચાર્ય. ●થી નીકળ્યા

૯ રસ્તામાં.

૧૦ મુંબઈ : જાહેર સભા, સ્થળ કચ્છી જૈન દશા ઓશવાળની વાડી ● મજૂરોની સભા, સ્થળ પરેલ, એલ્ફીન્સ્ટન મિલ બાજુના મેદાનમાં.

૧૧ મુંબઈ.

૧૨ અમદાવાદ.

૧૩ અમદાવાદ : વલ્લભદાસ હીરાચંદને ત્યાં સત્કાર, તિજોરીની ભેટ ● માળી બાપાલાલ દયાળજીએ આપેલી ૭ એકર જમીનની ભેટ સ્વીકારી ● રાષ્ટ્રીય સપ્તાહના છેલ્લા દિવસ નિમિત્તે ભરાયેલી જાહેર સભામાં ભાષણ, સમય સાંજના ૭, સ્થળ નદીની રેત ●

---

૧. જુઓ તા. ૨–૧૦–૨૦.

૨. (૧) હિંસાને ઉત્તેજન આપતું ભાષણ, મહંમદ અલીએ ઇરોડમાં કર્યું.
(૨) લોર્ડ રીડિંગ વાઈસરૉય તરીકે આવ્યા.

૧૯૨૧—એપ્રિલ

ચોથી અંત્યજ પરિષદમાં પ્રમુખસ્થાને, સમય સાંજના સાત, સ્થળ મીરજાપુર ● કામાગારામારૂવાળા બાબા ગુરૂદત્તસિંહ મળવા આવ્યા. પોલીસને તાબે થવા સલાહ આપી.

૧૪ અમદાવાદ : રાષ્ટ્રીય અધ્યાપન મંદિર ખુલ્લું મૂકયું, સમય સવાર, સ્થળ મણિનગર. ● અંત્યજ પરિષદ ચાલુ, સમય સાંજે પાંચ.

૧૫ અમદાવાદ ⇕ આણંદ ⇕ રાસ ⇕ બોરસદ : જાહેર સભાઓ. ⇕ ગોધરા : આવ્યા રાત્રે બાર વાગ્યે, ઉતારો સુતારની વાડી.

૧૬ ગોધરા. ⇕ હાલોલ : તાલુકા પરિષદમાં પ્રમુખસ્થાને. ● ખેડૂતોની સભા, સમય સાંજ.

૧૭ હાલોલ. ⇕ વેજલપુર : જાહેર સભા, સ્થળ શ્રાવક વાણિયાનું મંદિર. ● પાનાચંદ ખેમચંદને ત્યાં સત્કાર. ⇕ કાલોલ : ઉતારો માણેકલાલ મગનલાલ ગાંધીને ત્યાં. ● સભાઓ–જાહેર અને અંત્યજોની. ⇕ ગોધરા : જાહેર સભા, સ્થળ મેસરી નદીનો સૂકો પટ.

૧૮ ગોધરા : રાષ્ટ્રીય વિનય મંદિરની મુલાકાત. ● અંત્યજોની સભા.

૧૯ ગોધરા ⇕ સુરત : સત્કાર, સરઘસ, ઉતારો પાટીદાર આશ્રમમાં. ● સ્ત્રીઓની સભા, સમય બપોર. ● મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર, તાંબાના પતરા ઉપર[1] ● મ્યુનિસિપલ નોકરોની સભામાં ભાષણ. ⇕ ઓરપાડ : જાહેર સભા, સમય સાંજે ચાર. ⇕ રાંદેર : શહેરીઓ તરફથી માનપત્ર, લૂખો અનુભવ. ⇕ સુરત : જાહેર સભા, સ્વયંસેવક દળ તરફથી માનપત્ર.[2]

૨૦ વલસાડ : મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર. ● સભાઓ–સ્ત્રીઓની અને જાહેર. ⇕ પારડી : જાહેર સભા. ● ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટના બોલાવ્યાથી એમને મળવા ગયા.

---

૧. આધાર નં. ૪૨ના વોલ્યુમ ૨૦ના પાના ૫૪૮ ઉપર આની તા. ૧૮ જણાવી છે; પણ એ ભૂલ લાગે છે.

૨. આધાર નં. ૪૨ના વોલ્યુમ ૨૦ના અનુ. નં. ૧૩માં આની તારીખ ૨૦ જણાવી છે. પણ 'નવજીવન'માં તા. ૧૯ છે. એ સ્વીકારી છે.

૧૯૨૧-એપ્રિલ

૨૧ વલસાડ. ⇕ ચીખલી. ⇕ બિલીમોરા. ⇕ જલાલપુર. ⇕ નવસારી: સ્ત્રીઓની સભા. ● દાદાભાઈ નવરોજીના ઘરની મુલાકાત. ⇕ સીસોદરા: જાહેર સભા. ⇕ નવસારી : જાહેર સભામાં ભાષણ, ખાસ કરીને પારસીઓને ઉદ્દેશીને.

૨૨ બારડોલી : જાહેર સભા, સમય બપોરનો. ● થી નીકળ્યા.

૨૩ રસ્તામાં.

૨૪ હૈદરાબાદ (સિંધ) : ઉતારો સતધર્મ મંદિરમાં. ● ટિળક સ્વરાજ શાળાનું ઉદ્‌ઘાટન. ● વિદ્યાર્થીઓની સભા. ● જાહેર સભા, સ્થળ રાણી બાગ.

૨૫ હૈદરાબાદ : થી નીકળ્યા. ⇕ કરાંચી : દયાનંદ રાષ્ટ્રીય વિદ્યાલયની મુલાકાત. ● સ્ત્રીઓની સભા, સ્થળ હરદેવીબાઈ હાઈસ્કૂલ. ● ભગનારી મંદિરમાં પ્રવચન. ● જાહેર સભા.

૨૬ કરાંચી : વિદ્યાર્થીઓના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા. ● જાહેર સભા.[1] ● મ્યુનિસિપાલિટીના અસહકારી સભ્યો સમક્ષ પ્રવચન. ● થી નીકળ્યા.

૨૭ લારખાના.

૨૮ શિકારપુર : ઉતારો શેઠ ત્રિકમદાસને ત્યાં. ● મ્યુનિસિપાલિટી તરફથી માનપત્ર. ● સરઘસ. ● સભાઓ-સ્ત્રીઓની અને જાહેર. ● મુસલમાનો તરફથી ગાર્ડન પાર્ટી. ⇕ જેકોબાબાદ : ઉતારો હોતચંદ વકીલને ત્યાં.

૨૯ જેકોબાબાદ : સ્ત્રીઓની સભા. ⇕ સક્કર : ઉતારો મૂળચંદ પેસુમલને ત્યાં ● ટિળક હાઈસ્કૂલની મુલાકાત. ● જાહેર સભા. ⇕ સાધબેલા. ⇕ રોહરી.

---

૧. આ સભામાં, અમદાવાદના સ્વામીનારાયણના મંદિરના પંડિત વાસુદેવપ્રસાદ હાજર હતા એવું એક હેવાલમાં જણાવ્યું છે.

૧૯૨૧-એપ્રિલ—મે

૩૧[1] હૈદરાબાદ. ⇕ કોટરી. ⇕ મીરપુરખાસ : ટિળક મેમોરિયલ હૉલ ખુલ્લો મૂકયો.

મે

૧ થી ૨ અમદાવાદ.

૩ અમદાવાદ : કૉંગ્રેસના છત્રીસમા અધિવેશન માટેની સ્વાગત સમિતિની બેઠકમાં પ્રમુખપદે, સ્થળ સંસાર સુધારા હૉલ. ● પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર.

૪ અમદાવાદ. ⇕ કપડવંજ : ઉતારો શેઠ શામળદાસ પરશોતમદાસના બંગલામાં. ● સ્ત્રીઓની સભા, સ્થળ મોઢ બ્રાહ્મણની ધર્મશાળા. ● વણાટ શાળાની મુલાકાત. ● જાહેર સભા, સ્થળ શેઠાણીની ધર્મશાળા. ● હરિજનોની સભા. ⇕ કઠલાલ : સ્ત્રીઓની સભા. ⇕ નડિયાદ : મધરાતે આવ્યા.

૫ નડિયાદ : જાહેર સભા, સમય સવાર. ⇕ સુરત. ⇕ નંદરબાર : મધરાતે આવ્યા, ઉતારો જયચંદ સોમચંદને ત્યાં

૬[2] નંદરબાર : બાલિકાશ્રમના મકાનની શિલારોપણ વિધિ. ● દ્વારકાધીશ મંદિરની મુલાકાત. ● સ્ત્રીઓની સભા. ⇕ અંમલસાડ : રાષ્ટ્રીય શાળા ખુલ્લી મૂકી. ● થી નીકળ્યા.

૭ વસઈ : સ્વાગત અને સરઘસ. ● તાંબાના પતરા ઉપર કોતરેલું માનપત્ર. ● સ્ત્રીઓની સભા. ● પહેલી, મહારાષ્ટ્ર પ્રાંતિક પરિષદમાં ભાષણ. ⇕ મુંબઈ : આવ્યા અને થી નીકળ્યા.

---

૧. (૧) બનારસ હિંદુ યુનિવર્સિટીના દાતામંડળ તરફથી, યુનિવર્સિટીની કોર્ટમાં, પાંચ વર્ષ માટે બેસવા માટે ચુંટાયેલા પ્રતિનિધિઓમાં ગાંધીજી પણ હતા એવા સમાચાર યુનિવર્સિટીના રજીસ્ટ્રારે આજે આપ્યા.

(૨) આ માસમાં કવિવર રવિન્દ્રનાથ ટાગોરે, રોમાં રોલાંને, ગાંધીજી વિશે વધુ માહિતી આપી.

૨. અલીભાઇઓની ધરપકડ કરવાનો નિશ્ચય, હિંદી સરકારે આજે કર્યો. જુઓ તા. ૨-૪-૨૧ની પાદટીપ ૨ (૧).

૧૯૨૧-મે

૮ રસ્તામાં.

૯ અલાહાબાદ : પંડિત મોતીલાલ નહેરુનાં પુત્રી સ્વરૂપકુમારી (વિજ્યા-લક્ષ્મી)નાં લગ્ન પ્રસંગે હાજર.[૧]

૧૦ અલાહાબાદ : કિસાન પરિષદમાં હાજર, શહેરીઓ તરફથી માનપત્ર. ● જાહેર સભા.

૧૧ અલાહાબાદ : થી નીકળ્યા.

૧૨ સિમલા : ઉતારો માલવિયાજીના નિવાસસ્થાન ‘શાંતિકુટિર’માં.

૧૩ સિમલા : વાઇસરૉયની મુલાકાત.

૧૪ સિમલા : વાઈસરૉયની બીજી મુલાકાત. ● આર્ય સમાજ મંદિરની મુલાકાત. ● પર્દાનશીન સ્ત્રીઓ સમક્ષ પ્રવચન.

૧૫ સિમલા : જાહેર સભા, પ્રમુખ લાલા લજપતરાય. જિલ્લા કોંગ્રેસ સમિતિ તરફથી માનપત્ર.

૧૬ થી ૧૮ સિમલા : વાઈસરૉયની મુલાકાતે.

૧૯ સોલન; ⇕ ધરમપુર : સભાઓ બંને સ્થળે. ⇕ કાલકા.

૨૦ અંબાલા.

૨૧ ખંડવા. ⇕ ભૂસાવળ : ઉતારો દોસ્તાનેને ત્યાં ● ભાષણ, સ્થળ ગરુડનું ખેતર.

૨૨ નાશિક ⇕ સંગમનેર : સભાઓ, બોલ્યા—‘મને ચરણસ્પર્શ નથી ગમતો’, તાંબાના પતરા ઉપર માનપત્ર. ⇔ રાહતા. ⇕ યેવલા : ઉતારો રતનચંદ અંબાઈદાસ પટ્ટણીને ત્યાં. ● જાહેર સભા.

૨૩ યેવલા. ⇕ કોપરગાંવ. ⇕ અહમદનગર.

૨૪ દોંડ. ⇕ બારશી : ઉતારો યશવંતપ્રસાદ દેસાઇને ત્યાં, સભાઓ —સ્ત્રીઓની અને મજૂરોની. ⇕ કુર્દુવાડી.

૨૫ પંઢરપુર.

૨૬ સોલાપુર : માનપત્રો—શહેરીઓ તથા મ્યુનિસિપાલિટી તરફથી.

૨૭ બાગલકોટ : સભાઓ અને માનપત્રો. ⇕ કોલહાર. ⇕ બીજાપુર.

---

૧. લગ્નનું મુહુર્ત રાત્રે ૧૨-૩૦ વાગ્યે હતું. આધાર નં. ૮૯ના પાના ૧૧૧ ઉપર અને નં. ૯૩ના પાના ૭૧ ઉપર તા. ૧૦ છે. એ, આ કારણે હશે.

૧૯૨૧–મે–જૂન

૨૮ બીજાપુર ⇕ સોલાપુર : જાહેર સભા.

૨૯ મુંબઈ : હિંસા ઉશ્કેરાય એવાં ભાષણો અમે કર્યાં હોય તો અમે દિલગીર છીએ એ મતલબનું નિવેદન અલીભાઈઓ પાસે કરાવ્યું.[૧] ● માટુંગામાં ભાષણ.

૩૦[૨] મુંબઈ.

૩૧ ભરૂચ : પાંચમી ગુજરાત રાજકીય પરિષદમાં, એઝવાડાનો કાર્યક્રમ અપનાવવા વિશે પ્રવચન; પ્રમુખ વલ્લભભાઈ પટેલ. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

જૂન

૧ ભરૂચ : ખિલાફત પરિષદમાં અને રાજકીય પરિષદ (ચાલુ)માં હાજર. ⇕ વેજલપોર : અંત્યજ પરિષદમાં માનપત્ર, સમય રાતના દસ સ્થળ લીંબડા ચોક, પ્રમુખ વલ્લભભાઈ.

૨ ભરૂચ. ⇕ હાંસોટ. ⇕ સજોદ. ⇕ અંકલેશ્વર

૩ ભરૂચ : ખિલાફત પરિષદમાં પ્રવચન, સમય સાંજ. ● ટિળક સ્વરાજ ફાળામાં, ગુજરાતનો હિસ્સો કેવી રીતે ઉઘરાવવો એ વિશે કાર્યકરો સાથે ચર્ચા.[૩] ⇕ વાગરા. ⇕ આમોદ. ⇕ જંબુસર. ⇕ ભરૂચ

૪ થી ૭[૪] અમદાવાદ.

૮ અમદાવાદ : વકીલોની સભા, પ્રૅક્ટિસ છોડવા ભલામણ. ● મિલમાલિકોની સભા, ટિળક સ્વરાજ ફાળા માટે. ⇕ સરખેજ, ⇕ સાણંદ : સભાઓ.

---

૧. જુઓ તા. ૨-૪-૨૧ની પાદટીપ ૨ (૧).

૨ અલીભાઈઓને પકડવાનો વિચાર હિંદી સરકારે માંડી વાળ્યો. જુઓ તા. ૬-૫-૨૧ની પાદટીપ.

૩. જુઓ તા. ૩-૧૦-૨૦.

૪. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૨૦ના પાના ૫૪૯ ઉપર જણાવ્યું છે કે તા. ૫મીએ ગાંધીજી ગુજરાત રાજકીય પરિષદમાં બોલ્યા હતા. પણ આ બંધબેસતું નથી.

૧૯૨૧–જૂન

૯ અમદાવાદ. ⇕ સાણંદ : સ્ત્રીઓની સભા હતી પણ બહુ ગરબડ થવાથી ભરાઈ નહિ. ⇕ વીરમગામ : ઉતારો ચંદુલાલ મણિલાલને ત્યાં. ● સ્ત્રીઓની સભા, સ્થળ શ્રાવકની વાડી. ● જાહેર સભા, ભરવાડી દરવાજે મંડપમાં. ⇕ વઢવાણ કેમ્પ, ⇕ વઢવાણ શહેર : સભાઓ.

૧૦ વઢવાણ શહેર : માનપત્ર અને થેલી. ⇕ અમદાવાદ.

૧૧ અમદાવાદ.

૧૨ પાટણ : સ્ત્રીઓની સભા. ⇕ અમદાવાદ : મહંમદઅલીના ભાષણમાં પ્રમુખપદે, સમય રાતના સાડા નવ, સ્થળ 'સેવાશ્રમ'.

૧૩ અમદાવાદ.

૧૪ મુંબઈ[૧] : વર્કીંગ કમિટી તથા ઑ. ઈ. કૉં. ક.ની બેઠકોમાં હાજર.

૧૫ મુંબઈ : ઘાટકોપરમાં સત્કાર સભા. ● ૧૪મીમાં જણાવેલી બેઠકોમાં હાજર. ● સેન્ટ્રલ ખિલાફત કમિટીની બેઠકમાં હાજર.

૧૬ થી ૧૭ મુંબઈ.

૧૮ મુંબઈ : પારસી સેન્ટ્રલ એસોસિયેશનની કાઉન્સિલની સભામાં સત્કાર અને ભાષણ.

૧૯ મુંબઈ : નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને મળવા ગયા, સમય બપોર, સ્થળ વાંદરા. ● વીલેપારલેમાં સભા, માનપત્ર અને ભાષણ.

૨૦ [મુંબઈ].

૨૧ મુંબઈ : હિંદ મહિલા સમાજ તરફથી ચાલતા રેંટિયા વર્ગની મુલાકાત. ● સ્ત્રીઓની સભા. ● સુરતી મહાયાવંશી કોમની સભામાં હાજર, સમય રાતના સાડા નવ, સ્થળ કરીમભાઈ કામગાર સમાજ હૉલ, પરેલ.

૨૨ મુંબઈ : લોકમાન્ય ટિળક કન્યાશાળા ખુલ્લી મૂકી, સ્થળ સેંડહર્સ્ટ રોડ.

૨૩ [મુંબઈ].

૨૪ મુંબઈ.

---

૧. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૨૦ના અનુ. નં. ૧૦૨ મુજબ ગાંધીજી આજે અમદાવાદ હતા.

૧૯૨૧-જૂન-જુલાઈ

૨૫ મુંબઈ : શિક્ષકોની જાહેર સભામાં ભાષણ, સ્થળ કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન વાડી. ● ભાવસાર કોમ તરફથી થેલી, સ્થળ કાનજી ખેતશીની વાડી.

૨૬ મુંબઈ : સાંતાક્રૂઝ તથા માંડવીમાં સભાઓ.

૨૭ થી ૨૯ મુંબઈ.

૩૦[1] મુંબઈ : અનેક સંસ્થાઓના મુલાકાત; એમણે ઉઘરાવેલાં નાણાં સ્વીકાર્યાં અને પ્રસંગોચિત પ્રવચન કર્યાં.

જુલાઈ

૧ મુંબઈ : વાંદરા તથા મઝગાંવમાં જાહેર સભાઓ.

૨ મુંબઈ : કમિશન એજન્ટ્સ એસોસિયેશનની સભામાં પ્રવચન.

૩ મુંબઈ : અનાજના વેપારીઓ સમક્ષ પ્રવચન. ● શરાફ મહાજન સમક્ષ પ્રવચન, સ્થળ એડવર્ડ થિયેટર. ● પ્રાંતિક કોંગ્રેસ કમિટીની બેઠકમાં હાજર.

૪ થી ૬ મુંબઈ.

૭ અમદાવાદ.

૮ મુંબઈ : કાપડના વેપારીઓને ઉદ્બોધન.

૯ મુંબઈ.

૧૦ મુંબઈ : દવાના વેપારીઓ સમક્ષ પ્રવચન.

૧૧ મુંબઈ.

૧૨ મુંબઈ : દારૂનો ધંધો કરનાર વેપારીઓ સમક્ષ પ્રવચન, સ્થળ મારવાડી વિદ્યાલય.

૧૩ થી ૧૪ મુંબઈ.

૧૫ મુંબઈ : લાલબાગ જૈન મંદિરમાં સભા.

---

૧. (૧) ટિળક સ્વરાજના ફાળાના રૂપિયા એક કરોડ એકઠા કરવાની મુદતનો છેલ્લો દિવસ.

(૨) મુંબઈના વસવાટ દરમિયાન, એ વખતના આબકારી ખાતાના પ્રધાન સર ચુનીલાલ મહેતા સાથે ગાંધીજીએ કાનજી દ્વારકાદાસના ઘેર, દારૂબંધી અંગે ચર્ચા કરી હતી.

૧૯૨૧—જુલાઈ

૧૬ મુંબઈ : 'સ્વદેશી' ઉપર ભાષણ, સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ. ● સુભાષચંદ્ર બોઝ મળવા આવ્યા.[1]

૧૭ મુંબઈ : 'સ્વદેશી' ઉપર ભાષણ, સ્થળ ચીંચપોકલીમાં જૈન દેરાસર. ● 'સ્ત્રીજાતિની ઉન્નતિના વ્યવહારિક ઈલાજો અને એવા ઈલાજો માટે જરૂરી સાધનો' વિશેના વાર્તાલાપમાં ભાગ લીધો, સમય સાંજના પાંચ. ● હાથવણકરોની સભા; સ્થળ રિપન રોડ, મદનપુરા, યુસુફ બાગ.

૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ : પર્દાનશીન સ્ત્રીઓની સભા; સ્થળ મિસિસ હાજી યૂસફ હાજી ઈસ્માઈલ સોબાનીનો નેપિયન્સી રોડ પર આવેલો બંગલો. ● દારૂના પારસી વેપારીઓની બીજી સભા, સ્થળ મારવાડી વિદ્યાલય.

૨૦ પૂના : મ્યુંનિસિપાલિટી તરફથી માનપત્ર. ● મ્યુનિસિપાલિટીમાં, નેટિવ જનરલ લાયબ્રેરીમાં અને ટિળક મહાવિદ્યાલયમાં લોકમાન્ય ટિળકની છબીઓની અનાવરણ વિધિ. ● 'કેસરી' પત્રની ઑફિસમાં લોકમાન્ય ટિળકની અર્ધ–મૂર્તિની અનાવરણ વિધિ. ● ન્યુ પૂના કૉલેજ અને સ્વદેશી સ્ટોર્સની મુલાકાત. ● સ્ત્રીઓની સભા, સ્થળ કિર્લોસ્કર થિયેટર. ● જાહેર સભા, સમય સાંજે ૭.

૨૧ મુંબઈ : ● યુનિયન બૅન્ક ઑફ ઇન્ડિયા લિ. ના નવા મકાનનું ઉદ્‌ઘાટન. પ્રમુખ રતનસી ધરમજી મોરારજી. ● 'સ્વદેશી' વિશે પ્રવચન; સ્થળ માંડવી, હીરજી ગોવિંદજીનું ગોડાઉન. ● સ્વયંસેવકોની સભામાં પ્રવચન; સ્થળ મોરારજી ગોકળદાસ હૉલ.

૨૨ મુંબઈ.

૨૩ મુંબઈ : લોકમાન્ય ટિળકની જન્મજયંતીની ઉજવણીની સભામાં ભાષણ; સ્થળ ઍમ્પાયર થિયેટર.

૨૪ મુંબઈ : ભૂલેશ્વર કાપડ બજાર હિતવર્ધક મંડળના આશ્રયે ભરાયેલી જાહેર સભામાં ભાષણ. ● વણકરોની સભાને ઉદ્દેશતાં, હાથે કાંતેલું સૂતર વણવાનો આગ્રહ કર્યો. ● પરદેશી કાપડના બહિષ્કાર અંગે ભાષણ, સ્થળ સાંતાક્રૂઝ.

---

૧. આ, કદાચ, એમની પહેલી મુલાકાત હશે.

૧૯૨૧—જુલાઇ—ઑગસ્ટ

૨૫ મુંબઈ.

૨૬ મુંબઈ : ભાષણ, સ્થળ મારવાડી વિદ્યાલય. ● પરદેશી કાપડના બહિષ્કાર અંગે ભાષણ; સ્થળ ભાયખલા મોતીશેઠનું જૈન મંદિર.

૨૭ મુંબઈ.

૨૮ થી ૨૯ મુંબઈ : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકોમાં હાજર.

૩૦ મુંબઈ : બેઠક ચાલુ. ● ચાની હોટલોનો બહિષ્કાર કરવાનું કહેવાના ગુનાસર પકડાયેલા એક માણસના બચાવમાં, કોર્ટમાં જુબાની આપી. ● પારસીઓની સભામાં 'સ્વદેશી' ઉપર ભાષણ, સ્થળ ઍક્સલસિયર થિયેટર. ● વીલેપારલેમાં સભા.

૩૧ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● રાષ્ટ્રીય સ્ત્રી સભા તરફથી ભરવામાં આવેલું ખાદી પ્રદર્શન ખુલ્લું મૂક્યું, સ્થળ કાવસજી પટેલ તળાવ પર આવેલો રામબાગ. ● કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિજનો સમક્ષ 'સ્વદેશી' વિશે ભાષણ; સ્થળ માંડવી મહાજન વાડી. ● 'સ્વદેશી' વિશે ભાષણ; સ્થળ ભાયખલા મોતીશાનું જૈન મંદિર. ● કાંતણવર્ગની મુલાકાત, સ્થળ મદનપુરા. ● પરદેશી કાપડની હોળી સળગાવી; સમય સાંજ, સ્થળ ઍલ્ફિન્સ્ટન મિલનું કંપાઉંડ.[1]

ઑગસ્ટ

૧ મુંબઈ : ઘાટકોપર હીરાચંદ દેવીચંદ દેસાઈના મકાનમાં સભા. ● ચોપાટી ઉપર, લોકમાન્યની પુણ્યતિથિ ઉજવવા અંગે ભાષણ, ભાષણ અંગ્રેજીમાં હતું, અને એ છપાવીને વહેંચવામાં આવ્યું હતું. કોઈ બોલ્યું નહોતું.

૨ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● પારસી રાજકીય સભાના

---

૧. સઘળા પરદેશોના માત્ર કાપડની, આ કદાચ સૌથી પહેલી હોળી હશે. પરદેશી કાપડની સૌથી પહેલી હોળી તા. ૨૮–૨–૧૮૯૬ ના રોજ અહમદનગરમાં કરવામાં આવી હતી. તા. ૮–૧૦–૧૯૦૫ના રોજ પૂનામાં પરદેશી ચીજોની હોળી કરવામાં આવી હતી. પણ એ સમયે પરદેશી એટલે કેવળ બ્રિટિશ જ હતું.

આશ્રયે ઍક્સલસિયર થિયેટરમાં મળેલી સ્મર્ના રાહત ફાળો ઉઘરાવવાની સભામાં પ્રમુખપદે.[1]

૩ મુંબઈ : ખિલાફત સ્વદેશી સ્ટોર્સ ખુલ્લો મૂક્યો, સ્થળ ભીંડીબજાર ● થી નીકળ્યા.

૪ રસ્તામાં.

૫ આગ્રા. ⇕ અલીગઢ : રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટીની મુલાકાત. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૬ અલીગઢ : થી નીકળ્યા. ⇕ મુરાદાબાદ : ઉતારો અબ્દુસલામને ત્યાં. સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. ⇕ ચંદૌસી.

૭ લખનૌ : જાહેર સભા.

૮ લખનૌ : સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. ● કાઠિયાવાડના રાજા-મહારાજાઓને ખુલ્લો પત્ર લખી, ખાદી અને રેંટિયો અપનાવવા, દારૂ બંધ કરવા અને અંત્યજોના ઉદ્ધાર માટે પ્રયત્નશીલ થવા વિનંતિ કરી. ⇕ કાનપુર : ઉતારો મુરારીલાલને ત્યાં.

૯[2] કાનપુર : વિધવાશ્રમની મુલાકાત. ● ગુજરાતીઓ તરફથી માનપત્ર. ● રેંટિયા વર્ગ ખુલ્લો મૂક્યો. ● જાહેર સભા.

૧૦ અલાહાબાદ : સભાઓ—સ્ત્રીઓની તથા જાહેર. ● પરદેશી કાપડની હોળી.

૧૧ બક્સર. ⇕ ડુમરાવ. ⇕ વિક્રમાજીત. ⇕ સસરામ : જાહેર સભા.

૧૨ સસરામ. ⇕ ગયા.

૧૩ ગયા. ⇕ બિહારશરીફ.

૧૪ પટણા : ઉતારો સદાકત આશ્રમમાં.

૧૫ પટણા.

૧૬ પટણા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● જાહેર સભા, સમય સાંજ.

૧૭ કલકત્તા : ઉતારો ઊર્મિલાદેવીના ઘેર.[3] ● જાહેર સભા, સમય સાંજે ત્રણ, સ્થળ મીરજાપુર સ્કેવર. ફક્ત પાંચ જ મિનિટ બોલ્યા; આસામે જવા ગાડી પકડવાની હતી.

---

૧. કેટલાક આધારોમાં આની તા. ૩ છે.

૨. આજે બનારસમાં વેશ્યાઓની એક સભા થઈ. એમાં પ્રમુખના સ્થાને ગાંધીજીનું ચિત્ર મૂકવામાં આવ્યું, અને ભાષણમાં; પોતે સુધારવાનો, સ્વદેશી કપડાં પહેરવાનો અને અશ્લીલ ગીતો ગાવાનું બંધ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો.

૩. દાસબાબુનાં બહેન. આ દિવસે દાસબાબુ કલકત્તામાં નહોતા.

૧૯૨૧–ઑગસ્ટ

૧૮ અમીનગાંવ ⇕ પાંડુ. ⇕ ગોહાટી : ઉતારો તરુણરામ ફૂકનને ત્યાં. ● જાહેર સભા, સમય સાંજ. ● પરદેશી કાપડની હોળી – કપડાં એટલાં બધાં હતાં કે હોળી બીજા દિવસની સવાર સુધી બળતી રહી.

૧૯ ગોહાટી : સભાઓ—મારવાડી વેપારીઓની, આસામી સ્ત્રીઓની, બંગાળી સ્ત્રીઓની અને જાહેર.

૨૦ ગોહાટી : આસામી સાહિત્ય અને કળા કૌશલ્યના નમૂના જોયા. ● થી નીકળ્યા.

૨૧ તેજપુર (ઉર્ફે શોણિતપુર) : ચાના એક બગીચાની મુલાકાત. ● સભાઓ—જાહેર અને બીજી બે.

૨૨ તેજપુર : થી નીકળ્યા.

૨૩ નૌગાંવ : સભાઓ—મારવાડીઓની; સ્ત્રીઓની બે, અને જાહેર ● થી નીકળ્યા.

૨૪ જોરહટ : જાહેર સભા. ● થી નીકળ્યા. ગાડીમાંથી ગાંધીજીનો ડબો છૂટો પડી ગયો, ગાડી આગળ ચાલી, ખબર પડતાં આખી ગાડી પાછી આવી ડબો લઈ ગઈ. મરિયાણી જંકશને (ગાડી બદલવાની હતી ત્યાં) ડિબ્રુગઢ જતી ગાડી, ગાંધીજીને લેવા માટે ખાસ રોકવામાં આવી હતી.

૨૫ ડિબ્રુગઢ : ઉતારો પ્રસન્નકુમાર બરૂઆને ત્યાં. જાહેર સભા, સમય રાતનો; ઘણા લોકો હાજર, પણ માલિકોએ પ્રતિબંધ ફરમાવેલો હોવાથી ચાના બગીચાના મજૂરો નજીવી સંખ્યામાં હતા. ગાંધીજીના ભાષણમાં એમના દુઃખોનો ઉલ્લેખ.

૨૬ ડિબ્રુગઢ : ચાના બગીચાના માલિકો સમક્ષ પ્રવચન, સમય સવાર[1] ● થી નીકળ્યા. ⇕ નમતીઅલી : રાત્રે અગિયાર વાગ્યે, સ્ટેશને ગાંધીજીના દર્શન માટે લોકોએ, રેલવેના પાટા ઉપર આડા પડી ગાડી રોકી.

૨૭ લમડીંગ જંકશન : ગાડી બદલવી ન પડે તે માટે ગાધીજીનો ડબો જે તે ગાડી સાથે જોડી દેવાની ગોઠવણ હતી, પણ અહીંથી ઉપડતી

---

૧. આધાર નં. ૨૩૮માં આની તા. ૨૭ છે.

ગાડી ઊપડી ગઈ હતી એટલે ડબ્બો ભારખાના સાથે જોડયો. ● રસ્તામાં એક સ્ટેશને, સામેથી, ગવર્નરની સ્પેશ્યલ ગાડી આવી. બંને ગાડીઓ જોડેજોડેના પાટા ઉપર ગોઠવાઈ ગઈ ! ⇕ બદરપુર જંકશન : સ્ટેશને સભા. ⇕ સિલચર : ઉતારો કામિની કુમાર ચંદાને ત્યાં.

૨૮ સિલચર : રાષ્ટ્રીય શાળાની મુલાકાત. ● જાહેર સભા.

૨૯ સિલહટ : સભાઓ—સ્ત્રીઓની બે, જાહેર, માનપત્રો.

૩૦ સિલહટ : રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓ મળવા આવ્યા. ● થી નીકળ્યા.

૩૧ ફેણી : સ્ટેશન બહાર સભા. કોલાહલમાં ગાડી ઊપડવાની વ્હીસલ સંભળાઈ નહિ, ગાડી ઊપડી, સાંકળ ખેંચી ઊભી રખાવવી પડી.

⇕ ચિત્તોગાંગ : ઉતારો જતીન્દ્ર મોહન સેનગુપ્તાને ત્યાં. ● જાહેર સભા અને માનપત્રો. ● રેલવે તથા આગબોટના હડતાળિયાઓ સાથે ચર્ચા.

સપ્ટેમ્બર

૧ ચિત્તોગાંગ : સારસ્વત આશ્રમના વિદ્યાર્થીઓનું માનપત્ર. ● સભાઓ—હડતાળિયાઓની, સ્ત્રીઓની, ખિલાફતની અને વેપારીઓની.

૨ ચાંદપુર : રાષ્ટ્રીય શાળાની મુલાકાત. ● સભાઓ. ⇕ બારીસાલ : ઉતારો અશ્વિની કુમાર દત્તને ત્યાં. ● સરઘસ અને સભા; સ્થળ બ્રિજ મોહન મેદાન, પ્રમુખ મૌ. અબુ ખલીફ અબુ રસીઉદ્દીન. ● વેશ્યાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા, સમય રાતના દસથી બાર.

૩ બારીસાલ : સભાઓ—વેપારીઓની, હડતાળિતાઓની, કૉંગ્રેસના કાર્યકરોની, ખિલાફતની અને સ્વયંસેવકોની. ● રાષ્ટ્રીય શાળાની મુલાકાત. ● શંકરમઠની મુલાકાત, માનપત્ર સંસ્કૃતમાં.

૪ ખુલના. ⇕ કલકત્તા : ઉતારો દાસબાબુને ત્યાં.

૫[૧] કલકત્તા.

---

૧. આધાર નં. ૬૧ના પાના ૩૮ ઉપર જણાવ્યું છે કે આજે ગાંધીજી મદ્રાસ આવ્યા. પણ આ બંધબેસતું નથી.

૧૯૨૧-સપ્ટેમ્બર

૬ કલકત્તા : કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ઘેર, એમની સાથે ચર્ચા કરવા ગયા[1]. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૭ કલકત્તા : બેઠક ચાલુ. ● શીખ લોકોની સભા.

૮ કલકત્તા : બેઠક ચાલુ. ● કોલુતલ્લાના વેપારી મંડળ સાથે મુલાકાત. ● પાંચ સ્થળે પરદેશી કાપડની હોળી સળગાવી-હૅરિસ પાર્ક, મીરઝાપુર, હેલીડે પાર્ક, બીડન પાર્ક અને કીડરપોર.

૯ કલકત્તા.

૧૦ કલકત્તા : પરદેશી કાપડના બહિષ્કાર અંગે અને એવા કાપડની દુકાનો આગળના પિકેટીંગ અંગે મારવાડી ઍસોસિયેશન અને ચેમ્બર ઑફ કોમર્સના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૧ કલકત્તા[2] : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● હેલકારીઓની સભામાં પ્રવચન, પ્રમુખ સ્વામી વિશ્વાનંદ.

૧૨ કલકત્તા.

૧૩ કલકત્તા ⇕ મિદનાપુર : સરઘસ, સભાઓ અને માનપત્રો. ⇕ ખડગ્પુર : કલકત્તાથી આવતી ગાડીમાં મદ્રાસ જવા નીકળ્યા. મહંમદઅલી પણ આ ગાડીમાં હતા.

૧૪ વૉલ્ટેર : સ્ટેશન બહાર ઊમટેલા લોકો સમક્ષ ગાંધીજી અને મહંમદઅલી પ્રવચન કરવા જતા હતા ત્યારે મહંમદઅલીની ધરપકડ કરવામાં આવી.[3] ગાંધીજીએ બહાર જઈ, લોકોને શાંત રહેવા અનુરોધ કર્યો.

---

૧ (૧) થોડા વખત ઉપર, કલકત્તા યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યૂટ સમક્ષ, કવિવરે, ચરખા વિરુદ્ધ ભાષણ આપ્યું હતું. એથી એમના અને ગાંધીજીના-બંનેના-ભક્ત ઍન્ડ્રૂઝની મૂંઝવણનો પાર નહોતો. એમના પ્રયત્નના પરિણામે આ મુલાકાત યોજાઈ હતી.

(૨) મુલાકાત ચાલતી હતી તે જ વખતે, ઘર આગળ, લોકોએ, પરદેશી કાપડની હોળી સળગાવી હતી.

૨. આ દિવસોમાં બંગાળના માજી વિપ્લવવાદીઓ અને ગાંધીજી વચ્ચે બંધબારણે ચર્ચા થઈ. દેશબંધુદાસ અને સુભાષચંદ્ર બોઝ હાજર હતા.

૩. એમને કરાંચી લઈ જવામાં આવ્યા.

૧૯૨૧—સપ્ટેમ્બર

૧૫ મદ્રાસ : ઉતારો શેઠ રામજી કલ્યાણજીને ત્યાં. ● મલબાર જવા ઉપર પ્રતિબંધ મૂકતો મદ્રાસ ગવર્નરનો હુકમ મળ્યો.[1] ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ દરિયાકાંઠો.

૧૬[2] મદ્રાસ : સભાઓ–સ્ત્રીઓની, સૌંદર્ય મહાલમાં; કાપડના વેપારીઓની અને કામદારોની.

૧૭ મદ્રાસ. ⇕ પોર્ટોનોવો : ઉતારો ડચ બાઇ મિસ પિટર્સનને ત્યાં. ● એમની શાળાનું (National Christian Girls' Schoolનું) ઉદ્‌ઘાટન.[3] ⇕ કુડાલોર : જાહેર સભા.

૧૮ પોર્ટોનોવો : આવ્યા અને નીકળ્યા. ⇕ કુંભકોણમ્ : સભાઓ—વણકરોની અને જાહેર. ⇕ ત્રિચિનાપલી : ઉતારો ડૉ. રાજનને ત્યાં.

૧૯ ત્રિચિનાપલી : ચેટ્ટીનાડ જવાના હતા; રસ્તો પુદુકોટા રાજની હદમાં થઇને જતો હતો, રાજ્યે પ્રવેશબંધી ફરમાવી એટલે જવાનું માંડી વાળ્યું, ● જાહેર સભા, મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૨૦ શ્રીરંગમ્ : જાહેર સભા. માનપત્રો–મ્યુનિસિપાલિટી તથા લોકો તરફથી ⇕ ત્રિચિનાપલી.

---

૧. મલબાર કાંઠે આવીને વસેલા આરબ વેપારીઓ અને સ્થાનિક પ્રજા વચ્ચેના લગ્નસંબંધોમાંથી પેદા થયેલી પ્રજા 'મોપલા' કહેવાય છે. એ લોકો અમુક રીતે ઝનૂની હોય છે, તેથી સરકારે એમના માટે ખાસ કાયદો કર્યો હતો. અસહકારનું આંદોલન એની મેળે આ વિભાગમાં પ્રસર્યું એ રોકવા સરકારે બળ વાપર્યું. મોપલાઓ પ્રથમ તો સરકાર સામે, પણ પછીથી હિંદુઓ સામે હિંસક તોફાને ચઢ્યા. આ, સને ૧૯૨૧ના ઑગસ્ટ માસમાં બન્યું. શાંતિ સ્થાપવાના હેતુથી ગાંધીજી ત્યાં જવા માંગતા હતા.

૨. આજે વહેલી સવારે મુંબઈમાં શૌકતઅલીની ધરપકડ કરવામાં આવી. એમને કરાંચી લઇ જવામાં આવ્યા.

૩. એની મેરી પિટર્સન અને એસ્થર ફેરિંગ હિંદુસ્તાનમાંની ડેનીશ મિશનરી સોસાયટીનાં સભ્ય હતાં. બંને ગાંધીજીના આશ્રમમાં રહી ગયાં હતાં. (જુઓ તા. ૬-૧-૧૭) સમય જતાં એમને, મિશન તરફથી ચાલતા કામથી અસંતોષ પેદા થયો અને મિસ પિટર્સને આ શાળા-આશ્રમ સ્થાપ્યો.

૧૯૨૧-સપ્ટેમ્બર

૨૧ ત્રિચિનાપલ્લી. ⇕ ડીંડીગલ : જાહેર સભા, મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ મદુરા : જાહેર સભા, ધાંધલ હોવાથી ભાષણ કરી શક્યા નહિ. ● માથું બોડાવ્યું, સમય રાતના દસ.

૨૨ મદુરા : લંગોટી પહેરવાનું શરૂ કર્યું. આની જાહેરાતમાં જણાવ્યું કે લોકોએ કચ્છ પહેરવાથી જ સંતોષ માનવો જોઈએ. ⇕ તિરૂપત્તુર ⇕ કનડુકાથન. ⇕ કોટ્ટાયુર. ⇕ દેવકોટા, ⇕ કરાઈકુડી.

૨૩ મદુરા : વણકરોની સભા. ⇕ તીનેવેલી : જાહેર સભા.

૨૪ તીનેવેલી. ⇕ મદુરા.

૨૫ ઇરોડ જંકજન : આવ્યા સવારે ત્રણ વાગ્યે, ડબામાં જ રહ્યા, સવારે ગામમાં. ઉતારો રામસ્વામી નાયકરને ત્યાં. ● જાહેર સભા અને માનપત્રો. ⇕ કોઈમ્બતુર[1] : સભાઓ–મજૂરોની અને જાહેર; માનપત્ર.

૨૬[2] કોઈમ્બતુર : થી નીકળ્યા.

૨૭ સાલેમ : જાહેર સભા, મ્યુનિસિપાલિટીનું માનપત્ર.[3] વિજયરાઘવાચાર્ય (કૉંગ્રેસના પ્રમુખ)ને મળવા ગયા.

૨૮ તિરુપતિ. ⇕ રેનીગુંટા. ⇕ રાજમ્પેટ : સ્ટેશન ઉપર સભા. ⇕ કુડાપ્પા : જાહેર સભા. ● રાત સ્ટેશને ગાળી.

૨૯ કુડાપ્પા. ⇕ તાડપત્રી : જાહેર સભા અને માનપત્ર.

૩૦ કર્નૂલ : મુસ્લિમ શાળાની મુલાકાત. ● જાહેર સભા. ⇕ બેલારી : જાહેર સભા; માનપત્રો–મહારાષ્ટ્ર મિત્ર મંડળનું, બેલારી અને હોસ્પેટ મ્યુનિસિપાલિટીઓનું. ● સ્ત્રીઓની સભા.

---

૧. આધાર નં. ૪૭ના પા. ૧૬૬ ઉપર નોંધ છે કે આ ગામે ૪૦૦ વેશ્યાઓએ ગાંધીજીની મદદ માંગી (શેમાં મદદ માંગી એ લખ્યું નથી) ગાંધીજીએ ચરખો ચલાવવા શિખામણ આપી. પછી લેખકે વ્યગમાં લખ્યું છે કે વેશ્યાઓએ શું જવાબ આપ્યો એ નોંધવું નથી. એટલા પૂરતો ઇતિહાસ અધૂરો છે!

૨. એમ લાગે છે કે ગાંધીજીએ, ફાઉન્ટન પેન વાપરવાનું આજથી શરૂ કર્યું. પેન, સૌથી પ્રથમ સતીશબાબુએ ભેટ આપી હતી.

૩. જે કાસ્કેટમાં મૂકીને આ માનપત્ર આપવામાં આવ્યું હતું તે મૂળ, ગવર્નરને આપવાના માનપત્ર માટે બનાવરાવવામાં આવ્યું હતું.

૧૯૨૧—ઑક્ટોબર

૧ બેલારી : મધરાતે આવ્યા, સ્ટેશને સૂઈ ગયા, વહેલી સવારે નીકળ્યા. ● ગુંટકલ : ધરપકડનું વારન્ટ મદ્રાસ સરકારે કાઢ્યું છે એવા સમાચાર મળ્યા.

૨ મુંબઈ : ઉતારો રેવાશંકર જગજીવન ઝવેરીને ત્યાં.

૩ મુંબઈ : આનંદશંકર ધ્રુવ મળવા આવ્યા.

૪[1] મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠક, સમય બપોરના ત્રણ ● અલીભાઈઓની ધરપકડ પરથી ઉભી થયેલી પરિસ્થિતિનો વિચાર કરવા, આગેવાનોની એક ખાનગી સભા, ચોપાટી ઉપર આવેલા તાલિયારખાનના મકાનમાં રાત્રે મળી એમાં હાજર. પછી બહાર પાડેલા નિવેદનનો ભાવાર્થ—સરકારના મુલ્કી અને લશ્કરી ખાતાંઓની નોકરીમાં ભરતી થવા અગર રહેવાના ગેરવાજબીપણા વિશે પોતાનો અભિપ્રાય સંપૂર્ણ સ્વતંત્રતાપૂર્વક જણાવવાનો દરેક હિંદીનો કુદરતી હક છે; હાલના પરદેશી રાજમાં આવી નોકરી કરવી એ રાષ્ટ્રીય મોભાને ધક્કો પહોંચાડવા જેવુ છે. અને જે કોઈ હાલ એવી નોકરીમાં હોય તેણે એ છોડી દેવી જોઈએ અને ગુજરાનનુ બીજું સાધન શોધી લેવું જોઈએ. ● આજ રાત્રે ગાંધીજીની ધરપકડ થશે એવી અફવા આવી.

૫ મુંબઈ : વર્કીંગ કમીટીની બેઠક.

૬ અમદાવાદ : આવ્યા.[2] ● પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર.

૭ અમદાવાદ : લાલા લજપતરાય અને વિઠ્ઠલભાઈ પટેલ મળવા આવ્યા.

૮ અમદાવાદ : મિલોની શાળાઓના મેળાવડામાં હાજર, સ્થળ 'સેવાશ્રમ.'

૯ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● ઝીણા મળવા આવ્યા. ● સ્ત્રીઓની સભા, પ્રમુખ સરોજિની નાઈડુ. ● જાહેર સભા અને પરદેશી કાપડની બીજી હોળી, સમય સાંજે ૭, સ્થળ એલ્ફિન્સ્ટન મિલનું કંપાઉન્ડ.

---

૧. આજના 'બોમ્બે ક્રોનિકલ'માં છપાયેલા, આસામ સરકારના એક જાહેરનામામાં ગાંધીજી માટે 'મહાત્માજી' શબ્દ વાપરવામાં આવ્યો.

૨. લંગોટી ધારણ કર્યા પછી પહેલીવાર.

૧૯૨૧-ઓક્ટોબર-નવેમ્બર

૧૦ મુંબઈ : સરોજિની નાઇડુ, લાલા લજપતરાય વગેરે મળવા આવ્યાં.

૧૧ મુંબઇ.

૧૨ સુરત : સત્કાર, સરઘસ, ઉતારો પાટીદાર આશ્રમમાં. ⇕ રાંદેર. ⇕
સુરત : મ્યુનિસિપલ શાળાના શિક્ષકોનું માનપત્ર ● જાહેર સભા અને પરદેશી કાપડની હોળી, સમય સાંજ.

૧૩ થી ૨૦ અમદાવાદ.[1]

૨૧ અમદાવાદ : સ્ત્રીઓની સભા, સમય સાંજે ચાર, સ્થળ ભગુભાઈનો વંડો.

૨૨ અમદાવાદ : માલવિયાજી મળવા આવ્યા.

૨૩ થી ૨૮ અમદાવાદ.

૨૯ અમદાવાદ : જાહેર સભા અને પરદેશી કાપડની હોળી, સ્થળ ખાનપુરનો આરો.

૩૦ અમદાવાદ : નિયમિત, રોજ ઓછામાં ઓછો અડધો કલાક રેંટિયો કાંતવાનું વ્રત લીધું; સાંજના ભોજન સમય સુધીમાં ન કંતાય તો એ ભોજન છોડી દેવું; અપવાદ—મુસાફરીમાં અગર માંદગી હોય ત્યારે.

૩૧ અમદાવાદ.

નવેમ્બર

૧[2] અમદાવાદ.

૨ દિલ્હી : ઉતારો ડૉ. અનસારીને ત્યાં.

---

૧. (૧) આધાર નં. ૧૮૫ના ભાગ ૧ના પાના ૩૧૨ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી શનિવાર તા. ૧૮મીએ અમદાવાદથી, મુંબઈ જવા નીકળ્યા; પણ એ મુદ્રણદોષ છે. ખરી તા. ૮ હશે.

(૨) આધાર નં. ૧૮૯ના પાના ૧૯ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી તા. ૧૯ના રોજ મુંબઇ આવ્યા, વગેરે. પણ એ મુદ્રણદોષ છે અને ખરી તા. ૯ જોઇએ એમ એના લેખકે સ્વીકાર્યું છે.

૨. કરાંચીમાં આજે અલીભાઇઓને બે વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી.

૧૯૨૧—નવેમ્બર

૩[1] દિલ્હી : વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર. ● ખિલાફત કમિટીની કચેરીની મુલાકાત.

૪ દિલ્હી : ઑ. ઇ. કૉ. ક. ની બેઠકમાં હાજર; પ્રાંતિક સમિતિઓને યોગ્ય લાગે તો અને ત્યારે સત્યાગ્રહ કરવાની છૂટ આપતો ઠરાવ થયો.

૫ દિલ્હી : એની તેમજ વર્કિંગ કમિટીની બેઠકોમાં હાજર.

૬ થી ૭[2] દિલ્હી : અખિલ હિંદ હિંદુ પરિષદમાં હાજર અને ભાષણ, પ્રમુખ લાલા લજપતરાય.

૮ દિલ્હી. ⇕ મથુરા ; દિલ્હી પ્રાંતિક પરિષદમાં ભાષણ, પ્રમુખ મોતીલાલ નહેરુ.[3]

૯ ફીરોઝપુર : જાહેર સભા. ⇕ લાહોર : ઉતારો લાલા લજપતરાયને ત્યાં ● રાષ્ટ્રીય કૉલેજના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે, સમય સાંજે પાંચ, સ્થળ બ્રૅડલો હૉલ.

૧૦ લાહોર : લાલા લજપતરાયના પ્રયાસથી સ્થાપવામાં આવેલાં સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટી અને ટિળક સ્કૂલ ઑફ પોલીટીકસ સંસ્થાઓનું ઉદ્‌ઘાટન. ● પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર, ● સભાઓ–વેપારીઓની જુદીજુદી, હિંદુ નેતાઓની અને મુસ્લિમ નેતાઓની. ● જાહેર સભા, બહુ અવ્યવસ્થા; બોલ્યા વિના પાછા આવ્યા[4]

૧૧ અજમેર : રાત્રે બાર વાગે આવ્યા.

૧૨ અજમેર : સત્કાર, સરઘસ, જાહેર સભા. ● મુલાકાતો–રાષ્ટ્રીય શાળાની અને ખ્વાજા મુઈનુદ્દિન ચિસ્તી સાહેબની દરગાહના.

---

૧. આજે કામાગારામારૂવાળા બાબા ગુરૂદત્તસિંહ પોલીસને તાબે થયા.

૨. ગાંધીજી મહાદેવભાઇને પત્ર લખતા ત્યારે 'ભાઈશ્રી મહાદેવ' તરીકે સંબોધન કરતા પણ તા. ૭થી મહાદેવભાઇની ઈચ્છાનુસાર 'ચિ. મહાદેવ' લખવું શરૂ કર્યું.

૩. આધાર નં. ૪૨ના ભાગ ૨૧ના અનુ. નં. ૧૭૪માં આની તારીખ પાંચ જણાવી છે, એ બંધબેસતું નથી.

૪. આધાર નં. ૬૩ના ૧૯૨૨ના અંકના પાના બાવન ઉપર જણાવ્યું છે કે લૉર્ડ લૉરેન્સનું બાવલું ખસેડવાના મ્યુનિસિપાલિટીના પ્રયત્નમાં સાથ આપવા, ગાંધીજીએ, આ સભામાં અનુરોધ કર્યો. આ બાબતમાં આ અધિકારીના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કલમ હતી. અને તકતીમાં હિન્દીઓને ઉદ્દેશીને લખ્યું હતું ' તમારા ઉપર તલવારથી રાજ ચલાવવામાં આવે તે તમને પસંદ છે કે કલમથી ચલાવવામાં આવે તે પસંદ છે ?

૧૯૨૧–નવેમ્બર

૧૩ અમદાવાદ : પ્રાંતિક સમિતિમાં પ્રમુખપદે.

૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : શ્રીમદ્ રાજચન્દ્રની જયંતીની ઉજવણીમાં[૧] પ્રમુખપદે, સમય સાંજે સાડા પાંચ, સ્થળ દશા નાગર વણિકની વાડી.

૧૬ અમદાવાદ.

૧૭[૨] મુંબઈ : જાહેર સભામાં ભાષણ કર્યું તથા પરદેશી કાપડની હોળી સળગાવી, સમય સવારે દશ, સ્થળ એલ્ફિન્સ્ટન મિલનું મેદાન.

૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ[૩] : ૧૭મીએ શરૂ થયેલું તોફાન શમ્યું નહિ એટલે એના વિરોધમાં સવારે સાડા ત્રણ વાગ્યાથી ઉપવાસ શરૂ કર્યા.[૪]

૨૦ મુંબઈ : ઉપવાસ ચાલુ. ● પોતાની તથા બીજા આગેવાનોની સહીથી, શાંતિ જાળવવા વિનંતિ બહાર પાડી.

૨૧[૫] મુંબઈ : ઉપવાસ ચાલુ.

---

૧. આધાર નં. ૧૮૫ના ભાગ ૧ના પાના ૩૯૮ ઉપર જણાવ્યું છે કે પ્રેમચંદ રાયચંદ નામના એક પારસી ધનાઢ્યની મૃત્યુ તિથિની ઉજવણીની સભામાં ગાંધીજી ગયા હતા !

૨. (૧) આજે પ્રિન્સ ઓફ વેલ્સ મુંબઈ બંદરે ઊતર્યા; એ વખતે તોફાનો થયાં.

(૨) આજકાલમાં, માંદા ઈન્દુલાલ યાજ્ઞિકની ખબર કાઢવા ડૉ. દેશમુખની હૉસ્પિટલમાં ગયા.

૩. આધાર નં. ૪૨ના ભાગ ૨૧નો અનુ. નં. ૨૦૦, આજે, ગાંધીજીએ સાબરમતીથી લખ્યો હતો એમ જણાવ્યું છે. પણ આ બંધબેસતું નથી.

૪. આધાર નં. ૮૪ના પાના ૨૪૨ ઉપર આની તારીખ ૧૭ જણાવી છે, પણ 'યંગ ઇન્ડિયા'માં તા. ૧૯ જણાવી છે. એ પ્રમાણભૂત માની છે.

૫. બિહારના ગવર્નર પદેથી લૉર્ડ સિંહાએ રાજીનામું આપ્યું.

૧૯૨૧—નવેમ્બર

૨૨ મુંબઈ : તોફાન શાંત પડતાં, કોમી આગેવાનોની હાજરીમાં, ફળાહાર કરી ઉપવાસ છોડયો; સમય સવારના સાડા આઠ; સ્થળ જેઠાલાલ ગોવિન્દજીનું મકાન.[1] ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૩ મુંબઈ : બેઠક ચાલુ; ઠરાવ્યું (૧) સત્યાગ્રહ શરૂ કરવાની છૂટ આપતા ઠરાવનો અમલ મોકૂફ રાખવો.[2] (૨) તોફાનોનો વ્યવસ્થિત સામનો કરવા સ્થાયી સેવાદળ ઊભું કરવું.

૨૪ થી ૨૬ મુંબઈ.

૨૭ અમદાવાદ : શુદ્ધ ખાદીના પોશાકમાં નીકળેલા વરઘોડામાં હાજર. આના માટે ખાસ મુંબઈથી આવ્યા હતા.[3]

૨૮ અમદાવાદ : મુંબઈના રમખાણુથી વ્યગ્ર થઈને, જ્યાં સુધી સ્વરાજ ન મળે ત્યાં સુધી દર સોમવારે ચોવીસ કલાકનો ઉપવાસ કરવા કરેલા નિશ્ચયનો અમલ આજથી શરૂ કર્યો.

૨૯ થી ૩૦ અમદાવાદ.

---

૧. (૧) આધાર નં. ૬૧ના પાના ૧૬૩ ઉપર જણાવ્યું છે કે ઉપવાસ તા. ૯ થી ૧૩ સુધી ચાલુ હતા, પરંતુ એ ભૂલ છે. એ વખતે પ્રિન્સ ઑફ વેલ્સ આવ્યા પણ નહોતા.

(૨) આધાર નં. ૪૨ના ભાગ ૨૧ના અનુ. નં. ૨૦૫ની (ઉપવાસ છોડતાં પહેલાંના નિવેદનની) તા. ૨૧ જણાવી છે. પણ આ બંધબેસતું નથી.

(૩) આધાર નં. ૨૩૨ના પા. ૧૩૨ ઉપર તા. ૨૧ છે. એ ભૂલ છે.

૨. જુઓ તા. ૪-૧૧-૨૧.

૩. (૧) શેઠ પૂંજાભાઈ હીરાચંદના ભાણેજ ઘેલાભાઇ મણિલાલનો વરઘોડો હતો.

(૨) પોલીસ ખાતાની નોંધમાં એવી મતલબનું લખાણ છે કે વરઘોડામાં હાજર રહેલા ઘણા લોકોએ પરદેશી વસ્ત્રો પહેરેલાં હોવાથી ઉદ્વેગ થવાથી ગાંધીજી એ વરઘોડામાંથી નીકળી ગયા હતા.

૧૯૨૧ ડિસેમ્બર

૧ અમદાવાદ. ⇕ સુરત : ઉતારો અનાવિલ છાત્રાલયમાં.

૨[૧] સુરત : સ્વામી શ્રદ્ધાનંદ મળવા આવ્યા. ⇕ બારડોલી : ઉતારો સ્વરાજ આશ્રમમાં. ⇕ સરભોણ : સભાઓ–કાર્યકરોની, સ્ત્રીઓની અને જાહેર. ⇕ વાંકાનેર; ⇕ વાલોડ : બન્ને સ્થળે સભાઓ. ⇕ બારડોલી : રાત્રે કાર્યકરો સાથે ચર્ચા.

૩ બારડોલી : ચર્ચા ચાલુ. ⇕ કડોદ ⇕ વરાડ, ⇕ બારડોલી : જાહેર સભાઓ ⇕ સુરત.

૪ થી૫ (મુંબઈ).

૬ થી ૮[૨] અમદાવાદ.

૯ અમદાવાદ : પારસીઓ સાથે ચર્ચા, સ્થળ 'સેવાશ્રમ'.

૧૦[૩] અમદાવાદ : મજૂર હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન, સમય રાતના આઠ, સ્થળ મગનભાઇની વાડી.

૧૧[૪] અમદાવાદ.

૧૨ [અમદાવાદ].

૧૩ થી ૧૬ અમદાવાદ.

૧૭ નડિયાદ. ⇕ બોરીઆવી. ⇕ કરમસદ. ⇕ અમદાવાદ : જમનાદાસ દ્વારકાદાસ અને હૃદયનાથ કુંઝરૂ સાથે ચર્ચા.

---

૧. લાહોરમાં લાલા લજપતરાયની ધરપકડ. ધરપકડોની પરંપરા શરૂ થઈ.

૨. દરમિયાન (૧) તા. છઠ્ઠીના રોજ મોતીલાલ નહેરૂ, જવાહરલાલ નહેરૂ અને 'ઈન્ડિપેન્ડન્ટ'ના તંત્રી જ્યોર્જ જોસફની અલાહાબાદમાં ધરપકડ થઇ.

(૨) તા. ૭મીએ મહાદેવભાઇ 'ઇન્ડિપેન્ડન્ટ'ના તંત્રી બન્યા.

૩. કોંગ્રેસના આવતા અધિવેશનના વરાયેલા પ્રમુખ દેશબંધુદાસની કલકત્તામાં ધરપકડ થઈ.

૪. હરિલાલની (ગાંધીજીના સૌથી મોટા પુત્રની) કલકત્તામાં ધરપકડ થઈ.

૧૯૨૧—ડિસેમ્બર

૧૮ અમદાવાદ : ચર્ચા ચાલુ, સવારના એક વાગ્યા સુધી.[1] ● કાનજી દ્વારકાદાસ સાથે ચર્ચા. ● આવતી કૉંગ્રેસની સ્વાગત સમિતિની બેઠકમાં ભાગ લીધો; સમય સાંજના ત્રણ.

૧૯ થી ૨૧[2] અમદાવાદ.

૨૨[3] અમદાવાદ : કૉંગ્રેસના સ્થળે બાંધેલા ખાદીનગરમાં રહેવા ગયાં.

૨૩ અમદાવાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● સ્વયંસેવક દળ સમક્ષ પ્રવચન.

---

૧. (૧) આધાર નં. ૧૮૫ના ભાગ ૨ના પાના ૧૨૪ ઉપર એ મતલબનું જણાવવામાં આવ્યું છે કે ગાંધીજી અસહકારની લડત ન ઉપાડે એવી વિનીત આગેવાનોની ઇચ્છા હતી, અને એમના તરફથી ગાંધીજીને સમજાવવા માટે આ બે ગૃહસ્થો આવ્યા હતા. ત્યાર પછી પણ આવું સમજાવવાનું ચાલુ રહ્યું હતું.

(૨) આધાર નં. ૫૯ના પાના ૨૬-૨૮ ઉપર, આ મુલાકાત અંગે એ મતલબનું જણાવ્યું છે કે આ બંને ગૃહસ્થો વાઈસરૉય તરફથી એ મતલબનો સંદેશો લઇને આવ્યા હતા કે જો પ્રિન્સ ઑફ વેલ્સના આગમન સામેનું આંદોલન પાછું ખેંચી લેવામાં આવે તો વાઈસરૉય, ગોળમેજી પરિષદ બોલાવી, પ્રાન્તીય સ્વરાજ આપશે. પુસ્તકમાં વધુ એમ પણ જણાવ્યું છે કે ગાંધીજી સંમત થયા હતા પણ વલ્લભભાઈ વગેરેની સલાહ વિરુદ્ધ પડેલી હોવાથી, બીજે દિવસે, 'હું સંમત નથી' એ મતલબનો તાર એમણે કર્યો હતો. આધાર નં. ૨૩૩ના પના ૧૨૭માં એમ જણાવવામાં આવ્યું છે કે સંદેશા ચાલ્યા પણ વેળાસર જવાબ ન આવવાથી મસલત તૂટી પડી.

૨. દરમિયાન તા. ૨૦મીએ જયરામદાસ દોલતરામની ધરપકડ થઇ.

૩. Independent ની જામીનગીરી સરકારે જપ્ત કરી એટલે આજથી, મહાદેવભાઈના તંત્રીપદે હસ્તલિખિત **Independent** કાઢવામાં આવ્યું, અને એના મથાળે લખ્યું–'I Change But Do Not Die.'

૧૯૨૧—ડિસેમ્બર

૨૪[1] અમદાવાદ : વિષય વિચારિણી સમિતિમાં ભાગ લીધો. ● સ્વરૂપરાણી નહેરુ[2]ના હાથે સ્વદેશી પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું એ સમયે હાજર[3].

૨૫ અમદાવાદ : એ જ સમિતિમાં હાજર. ● મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ : કામચલાઉ પ્રમુખ[4] હકીમ અજમલખાનના પ્રમુખપણા નીચે ભરાયેલી કોંગ્રેસની ખુલ્લી બેઠકમાં ભાષણ, સમય સાંજના ત્રણ. ● ખિલાફત પરિષદની બેઠકમાં હાજર, સમય રાત્રે આઠ. ● ઝીણા, માલવિયાજી અને જયકર, સરકાર સાથે સુલેહ કરવા સમજાવવા આવ્યા, સમય રાત્રે બાર.

૨૮ અમદાવાદ : વિષય વિચારિણી સમિતિમાં ભાગ લીધો. ● કોંગ્રેસની ખુલ્લી બેઠકમાં હાજર; એમણે જ રજૂ કરેલો સત્યાગ્રહનો ઠરાવ પસાર થયો. ● અંત્યજોની સભામાં હાજર, સમય રાત્રે સાડા આઠ, પ્રમુખ પંડિત રામભજ દત્ત ચૌધરી.

૨૯ અમદાવાદ : જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● બીજી ભારતીય વિદ્યાર્થી પરિષદમાં પ્રવચન, પ્રમુખ સરોજિની નાઈડુ.

૩૦ અમદાવાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● સ્ત્રીઓની સભામાં

---

૧. આજે મહાદેવભાઈને એક વર્ષની સખત કેદની અને રૂ. સો દંડની—દંડ ન ભરે તો એક માસ વધુ કેદની-સજા થઈ.

૨. મોતીલાલ નહેરૂનાં પત્ની.

૩. કોંગ્રેસના ઈતિહાસમાં આ પહેલું એવું પ્રદર્શન હતું કે જેમાં કેવળ ખાદી જ પ્રદર્શિત કરવામાં આવી હતી, અને જેમાં પરદેશી તો શું, પણ હિંદના મિલકાપડને પણ સ્થાન નહોતું.

૪. જુઓ તા. ૧૦-૧૨-૨૧ની પાદટીપ.

હાજર, પ્રમુખ આબાદી બાનુ બેગમ સાહેબા.[1] ● ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગની બેઠકમાં હાજર, પ્રમુખ મૌલાના હઝરત મોહાની.

૩૧ અમદાવાદ : રાષ્ટ્રીય સંગીત પરિષદમાં પ્રમુખપદે, સ્થળ કૉંગ્રેસનો મંડપ. ● ખાદીનગરમાંથી નીકળી આશ્રમમાં રહેવા ગયા. ● પૉલ રિશાડના ભાષણમાં હાજર, સમય સવારે સાડા આઠ, સ્થળ ગુજરાત મહાવિદ્યાલય.

જાન્યુઆરી

૧ થી ૫ અમદાવાદ.

૬ અમદાવાદ : પૉલ રિશાડ સાથે ચર્ચા.

૭ થી ૧૨ અમદાવાદ.

૧૩ મુંબઈ : અસહકારવાદી નેતાઓ સાથે ચર્ચા.

૧૪ મુંબઈ : ચર્ચા ચાલુ. ● સર્વ પક્ષ નેતાઓની સભામાં ભાગ લીધો, સમય સાંજે ત્રણ, સ્થળ કાવસજી જહાંગીર હૉલ, પ્રમુખ શંકરન નાયર.[2]

૧૫ મુંબઈ : આ સભાએ, ઠરાવો ઘડવા નીમેલી પેટાસમિતિમાં ભાગ લીધો, ● સભાની બેઠકમાં ભાગ લીધો. ● ઝીણા મળવા આવ્યા, સમય રાત્રે દસ.

૧૬ મુંબઈ : માલવિયાજી મળવા આવ્યા.

૧૭ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● 'સ્વરાજ' પત્રના પ્રતિનિધિને મુલાકાત આપી.

૧૮ થી ૨૬ અમદાવાદ.

૨૭ સુરત : ઝીણા અને શેઠ અંબાલાલ સારાભાઈનો તાર આવવાથી મુંબઈ જવા નીકળ્યા.

---

૧. અલીભાઇઓનાં માતૃશ્રી.

૨. આ સભામાં ભાગ લેનાર કૉંગ્રેસીઓએ પક્ષ તરીકે ભાગ નહોતો લીધો.

૧૯૨૨- જાન્યુઆરી—ફેબ્રુઆરી

૨૮[1] મુંબઈ : ઝીણાએ અને સર્વપક્ષ નેતા પરિષદના પ્રતિનિધિઓએ સત્યાગ્રહ મોકૂફ રાખવા આગ્રહ કર્યો, પણ ગાંધીજીએ ના પાડી.

૨૯ બારડોલી : સુરતના મદદનીશ કલેકટર શિવદસાની મળવા આવ્યા. ● બારડોલી તાલુકા પરિષદમાં સામુદાયિક સવિનય ભંગની લડત શરૂ કરવાની દરખાસ્ત મૂકી, સમય અઢી વાગ્યે, પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ. દરખાસ્ત પસાર થઈ.

૩૦ બારડોલી.

૩૧ બારડોલી. ⇕ સુરત : વર્કીંગ કમિટીની બેઠકમાં ભાગ લીધો.

ફેબ્રુઆરી

૧ બારડોલી : સામુદાયિક સવિનય ભંગની ચળવળ શરૂ કરતાં પહેલાં વાઈસરૉયને પત્ર લખ્યો.

૨ થી ૩ : બારડોલી.

૪[2] બારડોલી : તા. ૧લીએ લખેલો પત્ર પ્રસિદ્ધ કર્યો. ● શેઠ અંબાલાલ સારાભાઈ સાથે ચર્ચા.

---

૧. આધાર નં. ૧૮૫ના ભાગ ૨ માં તા. ૨૭ અને ૨૮ અંગે ઉલટા-સૂલટી નોંધો છે. પાના ૨૯૯ ઉપર જણાવ્યું છે કે તા. ૨૮મી સુધી ગાંધીજી આશ્રમમાં હતા; પાના ૩૦૨ ઉપર જણાવ્યું છે કે બારડોલી જવા માટે આશ્રમમાંથી ૨૭મીએ નીકળ્યા; પાના ૩૨૫ ઉપર જણાવ્યું છે કે ૨૮મીએ આશ્રમવાસીઓ ગાંધીજીને મળ્યા અને ભવિષ્યના કાર્યક્રમ વિષે માર્ગદર્શન માગ્યું; અને પાના ૩૨૭ ઉપર જણાવ્યું છે કે આશ્રમમાંથી તા. ૨૯મીની રાત્રે નીકળ્યા. છેલ્લું વિધાન જ સાચું લાગે છે.

રિચર્ડ ગ્રેગે તૈયાર કરેલી આ પુસ્તકની સંક્ષિપ્ત અને સંપાદિત આવૃત્તિમાં પાના ૧૮૯, ૧૯૨, ૨૦૭ અને ૨૦૮ માં પણ આવુંજ ઉલટા સૂલટી છે.

૨. સંયુકત પ્રાંતના ગોરખપુર જિલ્લામાં આવેલા ચૌરીચૌરા નામના ગામમાં લોકોએ પોલીસ થાણું બાળ્યાં, પોલીસના માણસોનાં ખૂન કર્યાં અને એકંદરે અમાનુષી વર્તન ચલાવ્યું.

૧૯૨૨–ફેબ્રુઆરી

૫[1] બારડોલી : 'બૉમ્બે ક્રૉનિકલ'ના પ્રતિનિધિને મુલાકાત આપી. ● બારડોલી તાલુકાને ઉદ્દેશીને પત્રિકા બહાર પાડી. ⇕ મોતા.

૬ બારડોલી.

૭ બારડોલી : તા. ૧લીના પત્ર અંગે વાઈસરૉયે જે જાહેરાત કરી હતી તેના જવાબરૂપે બીજો પત્ર લખ્યો.

૮ બારડોલી : ચૌરીચૌરાના હત્યાકાંડના સમાચાર આવ્યા. સત્યાગ્રહ શરૂ કરવાનું બંધ રાખવા અંગત નિર્ણય કર્યો; વર્કીંગ કમિટીના સભ્યોને એ વિશે ખબર આપી. ● થી નીકળ્યા.

૯ મુંબઈ : માલવિયાજી સાથે ચર્ચા.

૧૦ બારડોલી : ૮મીએ લીધેલા નિર્ણય અંગે કાર્યકરો સાથે ચર્ચા.

૧૧ બારડોલી : વર્કીંગ કમિટીની બેઠક; ૮મીએ લીધેલા અંગત નિર્ણયને ખૂબ ચર્ચા પછી બહાલી મળી. કમિટીના સભ્ય નહોતા એવા માલવિયાજી, જયકર, નટરાજન્ વગેરે નિમંત્રણથી હાજર હતા.

૧૨[2] બારડોલી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; રચનાત્મક કાર્યક્રમ અપનાવવા ઠરાવ થયો. ● ચૌરીચૌરાના હત્યાકાંડ અંગે પાંચ દિવસના ઉપવાસ શરૂ કર્યા.

૧૩ બારડોલી : ઉપવાસ ચાલુ.

૧૪ બારડોલી : ઉપવાસ ચાલુ. ● બારડોલી તાલુકા પરિષદે પોતાનો તા. ૨૯–૧–૨૨નો ઠરાવ બદલી લડત મોકૂફ રાખવા ઠરાવ્યું. પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ; ગાંધીજી હાજર હતા.

૧૫ બારડોલી : ઉપવાસ ચાલુ. ● 'બૉમ્બે ક્રૉનિકલ'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

---

૧. મિ. બમનજીએ ગાંધીજીના ઉપયોગ માટે એક મોટર ગાડીની અને કામકાજમાં મદદ કરવા માટે એક સ્ટેનો-ટાઈપીસ્ટની ભેટ ધરી.

૨. આજે ગાંધીજીની ધરપકડ કરવા સરકારે સંપૂર્ણ તૈયારીઓ કરી હતી, પણ આગલા દિવસે સત્યાગ્રહ મોકૂફ રાખવાનો ઠરાવ થયો એટલે ન કરી. છતાં વિલાયતનાં છાપાંઓમાં છપાઈ ગયું કે ધરપકડ કરવામાં આવી છે!

૧૯૨૨—ફેબ્રુઆરી—માર્ચ

૧૬ બારડોલી : ઉપવાસ ચાલુ.

૧૭ બારડોલી : ઉપવાસ છોડયો, સમય સાંજે પાંચ.

૧૮ બારડોલી : મૌલાના મહંમદઅલી અને ડૉ. સૈફુદ્દીન કિચલુને, જેલ-બદલી અંગે કરાંચીથી ધૂળીઆ તરફ લઈ જવામાં આવતા હતા ત્યારે સ્ટેશને એમને મળ્યા.

૧૯ થી ૨૨ બારડોલી.

૨૩ દિલ્હી : ઉતારો ડૉ. અનસારીને ત્યાં.

૨૪ દિલ્હી : વર્કીંગ કમિટીની અને ઑ. ઈ. કૉં. ક. ની બેઠકોમાં હાજર.

૨૫ દિલ્હી : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર; સત્યાગ્રહ મોકૂફીનો ઠરાવ બહાલ રાખ્યો પણ વ્યક્તિગત સવિનય ભંગની છૂટ આપી.

૨૬[1] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૭ થી ૨૮ દિલ્હી.

માર્ચ

૧ થી ૪[2] અમદાવાદ.

૫ અમદાવાદ : પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર; સમય સાંજે ત્રણ, પ્રમુખ વલ્લભભાઈ.

૬ થી ૮[3] અમદાવાદ.

૯ અજમેર : ઉલેમાઓની પરિષદમાં હાજર.

---

૧. પંજાબથી ગાંધીજીને લખવામાં આવેલા એક કાગળમાં લખનારે જણાવ્યું કે 'તમને પકડવાના છે એવા ખબર મને તાર ખાતામાંથી મળ્યા છે' ત્યાર પછી આવા સમાચાર રોજ આવવા લાગ્યા.

૨. (૧) 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તા. ૫-૧૦-૫૮ના અંકમાં ડૉ. પટ્ટાભિ સીતારામૈયાએ લખેલા Mahatma Gandhi : Some Memories નામના લેખમાં જણાવવામાં આવ્યું હતું કે તા. ૪-૩-૨૨ના રોજ ગાંધીજી જેલમાં હતા. લેખકને પૂછતાં જવાબ આવ્યો કે તારીખમાં ભૂલ છે.

(૨) જવાહરલાલ છૂટયા તા. ૩.

૩. આધાર નં. ૨૩૪ના પાના ૧૧૫ ઉપર એવી નોંધ છે કે ગાંધીજી ૮મી માર્ચે દિલ્હીથી નીકળ્યા, પણ એ ભૂલ છે.

૧૯૨૨—માર્ચ

૧૦ અમદાવાદ: રાત્રે દસ વાગ્યે ધરપકડ કરવામાં આવી.[1] ⇕ સાબરમતી જેલ.

૧૧ સાબરમતી જેલ : રાજદ્રોહ ફેલાવ્યો છે એ મતલબનું તહોમત મૂકવામાં આવ્યું.[2] ઉત્તર વિભાગના કમિશનરની કચેરીમાં કેસ ચાલ્યો—સેશન્સ કમિટ કર્યો.

૧૨ થી ૧૭ સાબરમતી જેલ.

૧૮ સાબરમતી જેલ : અમદાવાદ શાહીબાગ સરકીટ હાઉસમાં કેસ ચાલ્યો. સેશન્સ જજ બ્રૂમફીલ્ડે છ વર્ષના આસન કેદની સજા ફરમાવી.[3]

---

૧. (૧) આધાર નં. ૧૯૬ના પાના ૪૦૧ ઉપર જણાવ્યું છે કે ધરપકડ તા. ૧૩મીએ કરવામાં આવી હતી; પણ આ ભૂલ છે.

(૨) આધાર નં. ૯ના પૂર્વરંગ પ્રકરણના પાના ૧૭ ઉપર જણાવ્યું છે કે ધરપકડ તા. ૧૮મી એ થઈ હતી. લેખકને પૂછતાં જવાબ આવ્યો કે તારીખમાં ભૂલ છે.

(૩) SPAN ના સને ૧૯૬૪ના ઑક્ટોબર માસના અંકના પાના ૩૭–૪૦ ઉપરના Gandhi—India's Great Dissenter નામના લેખમાં જણાવ્યું છે કે ધરપકડ તા. ૨૨–૩–૨૨ના રોજ થઈ હતી; પણ આ ભૂલ છે.

(૪) હિંદુસ્તાનમાં આ એમની બીજી વખતની ધરપકડ હતી.

(૫) આજે શંકરલાલ બેંકરની પણ ધરપકડ કરવામાં આવી.

૨. જે ત્રણ લેખો અંગે તહોમત મૂકવામાં આવ્યું તે હતા—Tempering with Loyalty; the Puzzle and Its Solution અને Shaking The Manes. એના ગુજરાતી અનુવાદ હતા-રાજદ્રોહ, વાઈસરૉયની મૂંઝવણ અને હુંકાર.

૩. (૧) Illustrated Weekly ના તા. ૫–૧૦–૫૮ના અંકમાં DON PASSOS નામના તખલ્લુસીના 'The Great Trial of Mahatma Gandhi' નામના લેખમાં એવો નિર્દેશ છે કે મુકદ્દમો બે દિવસ ચાલ્યો હતો પરંતુ એ બરાબર નથી.

(૨) હિંદુસ્તાનમાં આ એમની પહેલી વખતની સજા હતી.

(૩) સરોજિની નાઈડુના કહેવા મુજબ, ગાંધીજી માટે સાબરમતી જેલના જેલરે, ગાંધીજી માટે બે જોડ કપડાં પોતાના હાથે ધોઈ આપ્યાં હતાં.

(૪) શંકરલાલ બેંકરને એ જ વખતે એક વર્ષની આસન કેદની અને રૂા. એક હજાર દંડની અને દંડ ન ભરે તો વધુ છ માસની સજા ફરમાવવામાં આવી.

૧૯૨૨—માર્ચ—એપ્રિલ

૧૯ સાબરમતી જેલ.

૨૦ સાબરમતી જેલ : રાત્રે બાર વાગ્યે સ્પેશ્યલ ટ્રેનમાં લઇ ગયા.

૨૧ યરોડા જેલ : સાંજે પહોંચ્યા.[1] જેલ સત્તાવાળાઓએ રેંટિયો ન લઈ જવા દીધો.

૨૨[2] યરોડા જેલ : રેંટિયો ન આપ્યો તેથી ખાવાનું છોડી દીધું; બપોરે એ આપવામાં આવ્યો.

૨૩ થી ૩૧ યરોડા જેલ.

એપ્રિલ

૧ થી ૭ યરોડા જેલ.

૮ યરોડા જેલ : પીંજણ માટે શંકરલાલ બેન્કરને અરધો દિવસ આવવા દેવાનું શરૂ થયું.

૯ થી ૧૩ યરોડા જેલ.

૧૪ યરોડા જેલ : કોંગ્રેસના પ્રમુખ હકીમ અજમલખાનને પત્ર—યરોડા સુધીના પ્રવાસનું વર્ણન; રેંટિયા-પ્રકરણ; જેલના અધિકારીઓ સારા પણ નિયમોમાં માણસાઈનો અભાવ; સીધીસાદી માગણી પ્રત્યે પણ જેલ કમિટીનો નિષ્ઠુર વર્તાવ; રોટી અને લીંબુ આપે પણ એ કાપવા માટે ચાકુ આપવાના અખાડા; તદ્દન એકાંતવાસ; નિત્યક્રમ; મુખ્ય વ્યવસાય કાંતવાનું પીંજવાનું અને વાંચન; 'પંખીની જેમ કલોલ કરૂં છું' વગેરે. વગેરે.

૧૫ થી ૧૮ યરોડા જેલ.

૧૯[3] યરોડા જેલ : જેલ ખાતાના વડાએ[4] મુલાકાત લીધી.

૨૦ થી ૩૦[5] યરોડ જેલ.

---

૧. ગાંધીજીનો કેદી નં. ૮૯૭૭ હતો.

૨. શંકરલાલ બેંકરને, (જે અત્યાર સુધી ગાંધીજી સાથે હતા) તેમને છૂટા પાડયા.

૩. ગાંધીજીને જેલમાં ફટકા મારવામાં આવ્યા છે એવી ઉડેલી અફવાનો ઇનકાર કરતું નિવેદન સરકારે પ્રસિદ્ધ કર્યું.

૪. લેફ. કર્નલ એફ. ઓ. એન. મેલ.

૫. એપ્રિલ માસમાં ડૉ. કાલીદાસ નાગે, રોમાં રોલાંને ગાંધીજી વિષે વધુ માહિતી આપી.

૧૯૨૨-મે થી સપ્ટેમ્બર

મે

૧ થી ૫ યરોડા જેલ.

૬ યરોડા જેલ : તા. ૧૪-૪-૨૨ના રોજ લખેલો પત્ર મોકલી શકાશે નહિ એવી, સરકાર તરફથી ખબર આવી.

૭ થી ૧૧ યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : તા. ૧૪-૪-૨૨ના રોજ લખેલા પત્રમાં વાંધાપડતું હોય તે બતાવવા અને નહિ તો પત્ર મોકલી આપવા લખ્યું; અને સરકાર એમ નહિ કરે તો 'પત્રો લખવાનું સદંતર બંધ કરીશ.'

૧૩ થી ૩૧[૧] યરોડા જેલ.

જૂન

૧ થી ૩૦ યરોડા જેલ.

જુલાઈ

૧ થી ૩૧[૨] યરોડા જેલ.

ઑગસ્ટ

૧ થી ૧૧ યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : તા. ૧૨-૫-૨૨ના રોજ માગણી કરેલી છતાં તા. ૧૪-૪-૨૨ નો પત્ર મોકલ્યો નહિ એટલે પાછો માગ્યો; આશ્રમવાસીઓ માટે લખેલી ગુજરાતી બાળપોથી પણ ન જવા દીધી એટલે એ પણ પાછી માગી.

૧૩ થી ૩૧ યરોડા જેલ.[૩]

સપ્ટેમ્બર

૧ થી ૩૦[૪] યરોડા જેલ.

---

૧. દરમિયાન ૧૫મીએ શંકરલાલ બેન્કરને ગાંધીજીના યાર્ડમાં લાવવામાં આવ્યા.

૨. દરમિયાન તા. ૧૭મીએ દરબાર ગોપાળદાસની જાગીર છીનવી લેવામાં આવી.

૩. આ માસના અંતમાં અગર સપ્ટેમ્બરની શરૂઆતમાં મુંબઈની એક જાણીતી ગાનારી અમીનાજાનનું અવસાન થયું ત્યારે તેને ખાદીનું કફન ઓઢાડવામાં આવ્યું હતું.

૪. દરમિયાન તા. ૧૩ થી ૧૯, ૨૦ થી ૨૬ અમુક અપવાદો રાખી, મૌન પાળ્યું.

૧૯૨૨–ઑક્ટોબર થી ૧૯૨૩-ફેબ્રુઆરી

૧ થી ૧૩ યરોડા જેલ.
૧૪ યરોડા જેલ : 'Modern Review' માટે સરકારે ના પાડી હતી એટલે Indian Review' આપવા માટે લખ્યું.[1]
૧૫ થી ૩૧ યરોડા જેલ.

નવેમ્બર

૧ થી ૩૦[2] યરોડા જેલ.

ડિસેમ્બર

૧ થી ૧૯[3] યરોડા જેલ.
૨૦ યરોડા જેલ : જેલ અધિકારીઓએ, અમુક મુલાકાતીઓને મળવા દેવા ના પાડી હતી, તથા 'વસન્ત' અને 'સમાલોચક' માસિકો મંગાવવા દેવા ના પાડી હતી; એ અંગે પત્ર લખ્યો.[4]
૨૧ થી ૩૧ યરોડા જેલ.

૧૯૨૩–જાન્યુઆરી

૧ થી ૨ યરોડા જેલ.
૩ યરોડા જેલ : ઈન્ટર ટૅમ્પલના ઠરાવની 'વધામણી' મળી.
૪ થી ૩૧[5] યરોડા જેલ.

ફેબ્રુઆરી

૧ થી ૩ યરોડા જેલ.

---

૧. આધાર નં. ૮૮ના પાના ૧૨૪ ઉપર આની તા. ૧૪-૧૧-૨૨ જણાવી છે પરંતુ અસલ પત્રની નકલમાં તા. ૧૪-૧૦-૨૨ છે. એ સ્વીકારી છે.

૨. દરમિયાન તા. ૧૦મીએ ગાંધીજીનું નામ, ઈન્ટર ટમ્પલની બૅરિસ્ટરની યાદીમાંથી કમી કરવામાં આવ્યું.

૩. આ અરસામાં મુંબઈની મુસલમાન ગાનારીઓએ ઠરાવ કર્યો કે ગાદી, તકિયા, ગલેફ, બિછાના વગેરેમાં ખાદીનો જ ઉપયોગ કરવો.

૪. આધાર નં. ૮૮ના પાના ૧૨૬ ઉપર તથા 'નવજીવન'ના તા. ૯-૩-૨૪ના અંકમાં ગાંધીજીનો કેદી નં. ૮૬૭૭ જણાવ્યો છે, જ્યારે 'યંગ ઇન્ડિયા'ના તા. ૬-૩-૨૪ના અંકમાં નં. ૮૬૨૨ જણાવ્યો છે. આ મુદ્રણ-દોષ લાગે છે.

૫. દરમિયાન તા. ૨૩મીએ મહાદેવભાઈ લખનૌની ડિસ્ટ્રીકટ જેલમાંથી છૂટયા.

૧૯૨૩—ફેબ્રુઆરી

૪ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને[1] પત્ર—મુલાકાતો અંગે નિર્ણય કરવાની સત્તા તમને છે; મારાં પત્ની વગેરે મળવા આવ્યાં ત્યારે તમે કેમ ના પાડી હતી?

૫ થી ૯ યરોડા જેલ.

૧૦ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને અંગત પત્ર—ગઈકાલે મૂળશી પેટાના સત્યાગ્રહીઓને;[2] એમણે કામ કરવા ના પાડવાના ગુનાસર ફટકા મારવામાં આવ્યા હતા. સત્યાગ્રહી કેદીથી જેલના (કામ કરવાના) નિયમોનું ઉલ્લંઘન થઈ શકે નહિ, એમને સમજાવવા મને રજા આપવા વિનંતી છે, એક કેદી તરીકે નહિ, પણ એક મનુષ્ય તરીકે માગણી કરું છું.

૧૧ યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—આ સત્યાગ્રહીઓને, ઉપવાસ પર ન જવા શિખામણ આપવાના ગુનાસર, જયરામદાસને તમે એક અઠવાડિયાના એકાન્તવાસની શિક્ષા કરી છે. આવી શિખામણ અપાવવા માટે હું જવાબદાર છું. તો મને પણ આટલી શિક્ષા કરો. ● જેલ અધિકારી આવીને ખુલાસો કરી ગયા કે ગાંધીજીએ પોતાનો યાર્ડ છોડ્યો નહોતો એટલે ગુનો કર્યો ગણાય નહિ, જ્યારે જયરામદાસે છોડ્યો હતો એટલે ગુનો થયો હતો અને તેથી સજા કરવી પડી હતી; અલબત્ એમના પ્રયત્નના પરિણામે પરિસ્થિતિ વણસતી અટકી હતી. ● તા. ૧૦મીએ લખ્યા મુજબનો પત્ર અધિકારની રૂએ લખ્યો પણ વિનંતી સ્વીકારવામાં આવી નહિ.

---

૧. એમનું નામ મેજર જોન્સ હતું.

૨. પૂના નજીક નીરા અને મૂળા નદીઓમાં બંધ બાંધી વીજળી પેદા કરવાની ટાટા હાયડ્રોલિક કંપનીની યોજનાને કારણે મૂળશી પેટાનાં ગામો અને ખેતરો ડૂબતાં હતાં. તેથી ત્યાંના માવલા લોકોએ શ્રી. બાપટ વગેરેની નેતાગીરી નીચે તા. ૧૬-૪-૨૧ના રોજ (રામનવમીના દિવસે) સત્યાગ્રહ આદર્યો. કામ આશરે સાત મહિના ઠેલાયું. પણ પછી, ડિસેમ્બર ૧૯૨૧માં સત્યાગ્રહ ફરી શરૂ થતાં સરકારે ધરપકડો કરી સખત સજા કરવા માંડી. એ લડત અંગેના કેદીઓ મૂળશી પેટાના સત્યાગ્રહીઓ કહેવાયા.

૧૯૨૩—ફેબ્રુઆરી-માર્ચ

૧૩ થી ૨૨[1] યરોડા જેલ.

૨૩ યરોડા જેલ : સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—મારા તા. ૪-૨-૨૩ના પત્રનો જવાબ સંતોષકારક નથી; મારા મિત્રો તથા સગાંવહાલાંને, બિનરાજકીય બાબતોની ચર્ચા કરવા માટે મળવાની છૂટ હોવી જ જોઈએ.[2] ● બીજો પત્ર—'વસન્ત' અને 'સમાલોચક' સામાયિકો માટે તમે ના પાડી; એનાં કારણો આપવા વિનંતિ છે.

૨૪ થી ૨૮ યરોડા જેલ.

માર્ચ

૧ થી ૪ યરોડા જેલ.

૫ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને સામાયિકો અંગે પત્ર—તમે કેદીના રક્ષક છો; કેદીને પણ ચોખ્ખી હવા, ચોખ્ખો ખોરાક વગેરે મેળવવા હક છે; મારા મનથી ચોખ્ખું વાંચન શુદ્ધ ખોરાક છે તો આ સામાયિકો નહિ આપવાનું કારણ સરકારે જણાવવું જોઈએ.[3]

૬ થી ૩૧[4] યરોડા જેલ.

---

૧. દરમિયાન તા. ૨૦મીએ કાકાસાહેબને એક વર્ષની આસન કેદની સજા થઈ.

૨. (૧) આધાર નં. ૮૮ના પાના ૧૩૫-૧૩૭ ઉપર, 'નવજીવન'ના તા. ૯-૩-૨૪ના અંકમાં અને 'યંગ ઇન્ડિયા'ના તા. ૬-૩-૨૪ના અંકમાં કેદી નં. ૮૨૭ જણાવ્યો છે પણ ખરો નં. ૮૬૭૭ હતો.

(૨) એવી માહિતી મળે છે કે આ અરસામાં નામદાર આગાખાનનાં બેગમસાહેબા ગાંધીજીની મુલાકાત લેવા ગયાં હતાં.

૩. 'યંગ ઇન્ડિયા'ના તા. ૬-૩-૨૪ના અંકના પાના ૮૦ ઉપર અને આધાર નં. ૮૮ના પાના ૧૩૮-૧૪૧ ઉપર આ પત્રની તા. ૨૫ જણાવી છે, પરંતુ ગાંધીજીએ રાખેલી નકલમાં તા. ૫ છે, અને એ પ્રમાણભૂત માની છે.

૪. આધાર નં. ૨૫માંનો પત્ર નં. ૮૨, અજમેરથી તા. ૮-૩-૨૩ના રોજ લખવામાં આવ્યો હતો એમ જણાવ્યું છે; પણ આ દિવસે ગાંધીજી જેલમાં હતા, પત્ર તા. ૮-૩-૨૨ના રોજ લખાયો હશે. અને અજમેરની ટપાલ પેટીમાંથી તા. ૯-૩-૨૨ના રોજ નીકળ્યો હશે.

૧૯૨૩—એપ્રિલ થી મે

૧ થી ૧૫[1] યરોડા જેલ.

૧૬ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર લખી તા. ૨૩-૨-૨૩ના રોજ મુલાકાતો વિશે લખેલા પત્રનો જવાબ માગ્યો. ● બીજો પત્ર—મારા નામે મોકલાયેલાં કેટલાંક સામાયિકો અને ચોપડીઓ હજી મને મળ્યાં નથી; મને ન આપવાનાં હોય તોપણ એ આવ્યાં છે એ માહિતી તો મને મળવી જ જોઈએ.

૧૭ થી ૨૦[2] યરોડા જેલ.

૨૧ થી ૨૫ યરોડા જેલ–તબિયત બગડી, મૌનવ્રત છોડવું પડ્યું, સોમવારે.

૨૬ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને મુલાકાતીઓ વિશે પત્ર મુલાકાતો કોને લેવા દો છો અને કોને નહિ એ વિશે ગૂંચવાડો છે તેથી આ સાથે યાદી રજૂ કરું છું; એ લોકો આવે તો મુલાકાત લેવા દેવા વિનંતિ છે.

૨૭ થી ૩૦[3] યરોડા જેલ.

મે

૧[4] યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—મને ખાસ વર્ગમાં મૂક્યો છે પરંતુ જે મારાથી વધુ ગુનેગાર નથી અને જે મારાથી વધુ સગવડભર્યું જીવન ગાળનાર છે તેવાને આ વર્ગમાં મૂક્યા નથી; તેથી મારે આ ખાસ વર્ગ જોઈતો નથી.

૨ મનસૂરઅલી સુખતાને ગાંધીજી સાથે રાખ્યા.

૩ થી ૪ યરોડા જેલ

૫ યરોડા જેલ : કર્નલ મૅડોકે તપાસ્યા.

૬ થી ૩૧ યરોડા જેલ.[5] તા. ૨૪મીએ સરકારે દાંતના દાક્તરને બોલાવી તપાસ કરાવી.

---

૧. દરમિયાન તા. ૧૧મીએ શંકરલાલ બૅન્કરની મોટરગાડી દંડ પેટે જપ્તીમાં લઈ હરરાજ કરવામાં આવી.

દરમિયાન તા. ૯ ના રોજ ઈન્દુલાલ યાજ્ઞિકને એક વર્ષની સજા થઈ.

૨. દરમિયાન તા. ૧૭મીએ શંકરલાલ બૅન્કર છૂટયાં.

૩. આ અરસામાં મુંબઈની મુસલમાન ગાનારીઓમાં ખાદીની ચળવળ પ્રસરતી જાય છે. ઉત્તર હિન્દની ગાનારીઓ તો ખાદીની સાડી પહેરે છે. અને તેમના ઘરમાં રેંટિયા ચાલુ થયા છે.

૪. નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ શરૂ થયો.

૫ (૧) આ વખતે તબિયત સારી નહિ હોય. તા. ૧૯ થી ૨૮ સુધી કાંતવાનું પણ બંધ હતું.

(૨) દરમિયાન તા. ૧૫મીએ ઈન્દુલાલને લાવીને ગાંધીજી સાથે રાખવામાં આવ્યા.

(૩) તા. ૨૨ના અરસામાં બધાને યુરોપિયન વૉર્ડમાં ફેરવ્યા.

૧૯૨૩—જૂન-જુલાઈ

૧ થી ૨૭ યરોડા જેલ.

૨૮ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—ઓછું કામ કરવા માટે મૂળશી પેટા સત્યાગ્રહીઓને સજા તરીકે ફટકા મારવામાં આવ્યા છે; હું કાંઈ કરી બેસું તે પહેલાં મને આની પૂરી વિગતો આપવા વિનંતિ કરું છું.

૨૯ યરોડા જેલ : બીજો પત્ર —આ લોકોમાંથી કેટલાક ઉપવાસ પર ઊતર્યા છે; એ લોકોની સાથે મને રાખો અગર એમને સમજાવવાની મને તક આપો; એક મનુષ્ય તરીકે હું આ માગણી કરું છું; મારાથી સહન થતું નથી; હું કાંઈક એવું કરી બેસું કે જેથી સરકાર મુઝાય એમ હું ઈચ્છતો નથી.

૩૦ યરોડા જેલ.

જુલાઈ

૧ થી ૮ યરોડા જેલ.

૯[1] યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—મારા તા. ૨૯–૬–૨૩ના પત્રનો જવાબ નથી; હું સહન કરી શકતો નથી; મારા જીવનો ક્લેશ મટાડવા માટે આવતી કાલથી હું ઉપવાસ પર ઊતરીશ. ● સુપરિન્ટેન્ડેન્ટ આવ્યા, અને ઉપવાસ મુલતવી રાખવા આગ્રહ કર્યો.

૧૦ યરોડા જેલ : સુપરિન્ટેન્ડેન્ટે ફરીથી આગ્રહ કર્યો; ઉપવાસ ૪૮ કલાક મોકૂફ રાખ્યો. ● ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ[2] આવ્યા; ચર્ચા.

૧૧ યરોડા જેલ : એ, ગવર્નરનો સંદેશો લઈને આવ્યા.

૧૨ યરોડા જેલ : એ આવ્યા અને કહ્યું—(૧) મૂળશી પેટા સત્યાગ્રહીઓને મળવાની તમને છૂટ આપવામાં આવશે, અને (૨) જેલ અધિકારી ઉપર હુમલો કરવામાં આવે ત્યારે જ અને તે પણ સરકારની પરવાનગી લીધા પછી જ ફટકાની સજા કરવામાં આવશે; પણ એમ ન માનશો કે ઉપવાસ પર ઊતરવાની તમારી ધમકીના

---

૧. હિંદી સરકારે નાભાના મહારાજાને પદભ્રષ્ટ કર્યા. ૨. મિ. ગ્રિફીથ.

પરિણામે આ છૂટ આપવામાં આવી છે! ● ગાંધીજીએ એ જ વખતે ચોખવટ કરી કે મારા કાગળમાં કોઈ ધમકી નહોતી; અને બે જણને[1] મળવા ઇચ્છા દર્શાવી. આ માગણી સ્વીકારાઈ.

૧૩ થી ૨૪ યરોડા જેલ.

૨૫ યરોડા જેલ : તા. ૧૨મીએ કરેલી ચોખવટ વિશે ગ્રિફીથને પત્ર લખ્યો અને ગવર્નરનો આભાર માન્યો.

૨૬ થી ૩૧ યરોડા જેલ.

ઑગસ્ટ

૧ થી ૧૨ યરોડા જેલ.

૧૩ યરોડા જેલ : ગવર્નર આવ્યા. કેદીઓના વર્ગીકરણ અંગે એમણે કહ્યું—'સખત મજૂરીવાળા કેદીઓને આનો લાભ આપવાની મને સત્તા નથી.'

૧૪ યરોડા જેલ : સુપરિન્ટેન્ડન્ટને પત્ર—ગવર્નરની માન્યતા ભૂલભરેલી છે.

૧૫ યરોડા જેલ : ગવર્નરને પત્ર—વર્ગીકરણનો લાભ બધાયને ન આપવાનો હોય તો મારે ખાસ વર્ગ જોઈતો નથી. આપને સત્તા નથી એવી માન્યતા ભૂલભરેલી છે.[2]

૧૬ થી ૨૫[3] યરોડા જેલ.

૨૬ યરોડા જેલ—અનસૂયાબેન સારાભાઈ તરફથી 'રાખડી' આવી.

૨૭ થી ૩૧[4] યરોડા જેલ.

સપ્ટેમ્બર[5]

૧ થી ૫ યરોડા જેલ.

૬ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડન્ટને મુલાકાતો વિશે પત્ર—મુલાકાતીઓની સંખ્યા પાંચથી ઘટાડીને બે કરી એનો મને વાંધો નથી, પણ મારાં તદ્દન નજીકનાં સગાંઓ સિવાયના બીજા કોઈ મુલાકાત લઈ

---

૧. વાસુદેવ વિનાયક દાસ્તાને અને શંકર દત્તાત્રય દેવ.

૨. આનો જવાબ આવ્યો—સરકારને સત્તા છે એ વાત ખરી, પણ અમારે અમારો નિર્ણય બદલવો નથી!

૩. દરમિયાન તા. ૧૮મીએ નાગપુર ઝંડા સત્યાગ્રહનો સફળતાપૂર્વક અંત આવ્યો.

૪. દરમિયાન તા. ૨૯મીએ મૌલાના મહંમદઅલીને છોડયા.

૫. આ માસમાં દાંત અંગે સારવાર લીધી.

શકે નહિ એવા તમારા નિર્ણયની વિરુદ્ધમાં હું જણાવું છું કે હવે હું કોઈની ય મુલાકાત લઈશ નહિ.[1]

૭ થી ૩૦[2] યરોડા જેલ.

ઑક્ટોબર

૧ થી ૩૧[3] યરોડા જેલ.

નવેમ્બર

૧ યરોડા જેલ.

૨ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટે ગાંધીજીના સાથીને કહ્યું હતું કે માથાદીઠ નક્કી કરેલી રકમ કરતાં વધુ ખરચ થાય એ મુજબ તમને ખોરાક આપી શકાય નહિ. આજે ગાંધીજીએ આ અધિકારીને કહ્યું કે મારા માટે આવું કાંઈ નિયમન નથી તો એમના માટે કેમ ? અને છતાં; નિયમન રાખવું હોય તો મારા માટે પણ રાખો. જેલના વડા આવે ત્યારે ચર્ચા કરવા, અધિકારીએ સૂચના કરી.

૩ થી ૧૧ યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર—તા. ૨૭મીએ થયેલ વાત યાદ દેવડાવું છું; જેલોના વડા હજી આવ્યા નથી; મારે કાંઈ ફરિયાદ કરવાની નથી એટલે હવે હું રાહ જોવા ઇચ્છતો નથી. તા. ૧૪મીથી હું મને મળતાં ફળ છોડી દેવાનો છું. આમાં મારે જેલવહીવટ વિરુદ્ધ કાંઈ કહેવાનું નથી.

૧૩ થી ૨૫ યરોડા જેલ.

૨૬ યરોડા જેલ : દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ લખવો શરૂ કર્યો.[4]

૨૭ થી ૩૦ યરોડા જેલ.

ડિસેમ્બર

૧ થી ૧૮ યરોડા જેલ.

૧૯ યરોડા જેલ : રમાબાઈ રાનડે મળવા આવ્યા.

૨૦ થી ૩૧ યરોડા જેલ.

---

૧. ચાર દિવસ બાદ અને ત્યાર પછી જે મુલાકાતો થઈ, તેમાં નજીકનાં સગાં ન હોય એવાંઓને પણ હાજર રહેવા દેવામાં આવ્યાં.

૨. દરમિયાન ઘણે ભાગે તા. ૯ થી, અઠવાડિક મૌન, રવિવારે સાંજે ૩થી સોમવારે સાંજના ૩ સુધી રાખવાનું શરૂ કર્યું.

૩. દરમિયાન (૧) મૃત્યુ પામેલ એક જૈન સાધ્વીના શબ ઉપર તા. ૨૦મીએ ખાદી ઓઢાડી, શબને લઈ જવામાં આવ્યું. (૨) તા. ૨૯મીએ શૌકતઅલીને છોડયા.

૪. ગાંધીજી લખાવતા અને ઈન્દુલાલ યાજ્ઞિક લખતા.

૧૯૨૪—જાન્યુઆરી

૧ થી ૪ યરોડા જેલ.

૫ યરોડા જેલ : તબિયતમાં બગાડ શરૂ થયો.

૬ થી ૭[1] યરોડા જેલ.

૮ યરોડા જેલ : પેટમાં દુઃખાવો; રાત ખરાબ ગઈ.

૯ યરોડા જેલ.

૧૦ યરોડા જેલ : એપેન્ડીસાઈટીસ હોવાનો વહેમ પડયો.

૧૧ યરોડા જેલ[2] : દર્દ વધ્યું, રાત ખરાબ ગઈ, સાસૂન હૉસ્પિટલના સિવિલ સર્જન કર્નલ સિસીલ મૅડોકે તપાસ્યા.

૧૨ [3] યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : દર્દ વધ્યું; મૅડોકે ફરી તપાસ્યા; પોતાની જ મોટર ગાડીમાં હૉસ્પિટલ લઈ ગયા;[4] તાત્કાલિક ઑપરેશનની જરૂર; સરકારોની ઈચ્છાથી ગાંધીજીએ પોતાના ડૉક્ટરોને (દલાલ અને જીવરાજને) બોલાવવા કહ્યું પણ એમનો પત્તો ન લાગ્યો; રાત્રે ૯–૪૫ વાગ્યે ગાંધીજીએ લખી આપ્યું 'મને સરકારી ડૉક્ટર પર વિશ્વાસ છે; ભલે એ ઑપરેશન કરે'; મૅડોકે ઑપ-રેશન શરૂ કર્યું; કલૉરોફૉર્મ આપ્યા પછી વીજળીની બત્તીઓ બંધ થઈ ગઈ; ઘાસતેલની બત્તીના પ્રકાશમાં ઑપરેશન કર્યું; એ પૂરું થયું કે વીજળીની બત્તીઓ શરૂ થઈ![5] ● સારા દેશમાં સમાચાર વીજળી વેગે પ્રસર્યા. અનેક લોકો તરફથી પૂછપરછ.

---

૧. દરમિયાન તા. છઠ્ઠીએ, સાવરકરનો, રત્નાગિરિ જિલ્લામાં જ રહેવાની શરતે છુટકારો થયો.

૨. જેલવાસ દરમિયાન ગાંધીજીએ અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો તથા ઉર્દૂ શીખ્યા.

૩. અર્નેસ્ટ ડે નામના એક અંગ્રેજ ગૃહસ્થનું, એમને ટેગાર્ટ (કલકત્તાનો પોલીસ કમિશનર–જે બહુ જુલમી ગણાતો હતો–તે) સમજીને ગોપીનાથ સહાય વગેરેએ ગોળી મારી ખૂન કર્યું.

૪. તા. ૨૭–૩–૨૪ના અરસામાં કર્નલ મૅડોક નિવૃત્ત થઈ વિલાયત પાછા ગયા ત્યારે આ મોટર ગાડી ગાંધીજીના મિત્ર અને પ્રશંસક શ્રી જે. પી. ત્રિવેદીએ, સંભારણા તરીકે ખરીદી લીધી.

૫. આધાર નં. ૧૪૬ના પાના ૧૯૯–૨૦૦ ઉપર એ મતલબનું લખાણ છે કે આ ઑપરેશન સને ૧૯૨૩માં કરવામાં આવ્યું હતું અને એ કરનાર સર્જનનું નામ જનરલ કેન્ડી હતું. આ બંને વિધાન ખોટા છે.

૧૯૨૪—જાન્યુઆરી થી ફેબ્રુઆરી

૧૩ થી ૧૭[1] યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ)
૧૮ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ): વલ્લભભાઈ અને મહાદેવભાઈ મળવા આવ્યા.
૧૯ યરોડા જેલ : (સાસૂન હૉસ્પિટલ)
૨૦ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : લાલા લજપતરાય મળવા આવ્યા.
૨૧ થી ૨૫[2] યરોડા જેલ. (સાસૂન હૉસ્પિટલ)
૨૬ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : મોતીલાલ નહેરુ મળવા આવ્યા.
૨૭ થી ૩૧ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ).

ફેબ્રુઆરી

૧[3] યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ)
૨ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ). એન્ડ્રૂઝ મળવા આવ્યા.
૩ થી ૪ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) સજાની મુદત પૂરી થયા પહેલાં, ગાંધીજીને બિનશરતે છોડવાનો હુકમ થયો.[4]
૫ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) બિનશરતી છુટકારો સવારે આઠ વાગ્યે.
⇕ પૂના (સાસૂન હૉસ્પિટલ) : હૉસ્પિટલમાં દર્દી તરીકે ચાલુ.[5]
૬ થી ૧૧ પૂના (સાસૂન હૉસ્પિટલ).
૧૨ પૂના (સાસૂન હૉસ્પિટલ)[6]
૧૩ થી ૨૯ પૂના (સાસૂન હૉસ્પિટલ)
૧૫ પૂના (સાસૂન હૉસ્પિટલ) : સરકાર તરફથી મળેલા હિસાબમાં રૂ. ૭૦ દાંતના દાક્તરની ફીના ઉધાર્યા હતા. (જુઓ તા. ૨૪–૫–૨૩). એ અંગે વાંધો લીધો 'મેં બોલાવ્યા જ નહોતા' 'મારું ખર્ચ લોકોના ખિસ્સામાંથી આવે છે' વગેરે.[7]

---

૧. દરમિયાન તા. ૧૪મીના રોજ
(૧) થી અઠવાડિક મૌન બંધ રાખ્યું.
(૨) મુંબઈના ગવર્નર સર લેસ્લી વિલ્સન, વાઈસરૉયને મળવા દિલ્હી ગયા–ગાંધીજીના છુટકારા વિશે ચર્ચા કરવા.

૨. દરમિયાન તા. ૨૨મીએ વિલાયતમાં, મજૂરપક્ષના નેતા રામસે મેકડોનલ્ડ ત્યાંના વડાપ્રધાન બન્યા.

૩. કાકા કાલેલકર છૂટયા. (જુઓ : તા. ૨૦–૨–૨૩.)

૪. (૧) ગાંધીજીને છોડવા માટે, મધ્યસ્થ સરકારની ઉપલી ધારાસભામાં આજે, અને નીચલી ધારાસભામાં આવતી કાલે દરખાસ્તો આવવાની હતી.
(૨) છુટકારાના હુકમના સમાચાર, મુંબઈમાં મધરાતે જાહેર થઈ ગયા.

૫. જેલવાસ દરમિયાન ઉર્દૂનો અભ્યાસ કર્યો.

૬. વડી ધારાસભામાં પોતાને નોબેલ પારિતોષિક મળે એ મતલબની દરખાસ્ત મૂકવા ઈચ્છનારને લખ્યું ' એ દરખાસ્ત મૂકશો નહિ.'

૭. સરકારે પૈસા પાછા આપવા હુકમ કર્યો.

૧૯૨૪-ફેબ્રુઆરી-માર્ચ

૧૬ થી ૨૯ પૂના (સાસૂન હૉસ્પિટલ)

માર્ચ

૧ પૂના (સાસૂન હૉસ્પિટલ) : હૉર્નિમૅનના હિંદમાં પુનરાગમન પરના પ્રતિબંધનો વિરોધ કરવા પૂનામાં મળેલી જાહેર સભાને સંદેશો મોકલ્યો.

૨ થી ૪ પૂના (સાસૂન હૉસ્પિટલ) : શીખોના નેતાઓ સાથે નાભા મોરચા અંગે ચર્ચા.[1]

૫ પૂના (સાસૂન હૉસ્પિટલ) : ‘વરાડ પ્રાંત પાછો મેળવવાના મારા પ્રયત્નોમાં મને સહાયભૂત થાવ’ એ મતલબના નિઝામના પત્રના જવાબમાં લખ્યું :–‘હું તમારો પત્ર જોઈ શક્યો નથી; હાલ તો, જેમાં મને રસ છે અને પૂછવામાં આવે છે તેમાં જ શક્તિ અને સમય અનુસાર ધ્યાન આપું છું.’

૬ થી ૯ પૂના[2] (સાસૂન હૉસ્પિટલ).

૧૦ પૂના : મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓનું માનપત્ર. ● થી નીકળ્યા.

૧૧ મુંબઈ : ઉતારો, જુહુમાં શેઠ નરોત્તમ મોરારજીના બંગલે.

૧૨ થી ૧૬[3] મુંબઈ.

૧૭ મુંબઈ : સોમવારનું મૌનવ્રત શરૂ કર્યું.

૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ : કેરાલા પ્રાંતિક સમિતિને પત્ર–વાઈકોમ મંદિરની આજુબાજુનો રસ્તો, અસ્પૃશ્યોને પણ વાપરવા દેવા માટે સરઘસ ભલે લઈ જાવ પણ એમાં ચુનંદા સત્યાગ્રહીઓ જ હોવા જોઈએ.[4]

૨૦ મુંબઈ.

---

૧. નાભાના મહારાજા રિપુદમનસિંગ માલવેન્દ્ર બહાદુર રાષ્ટ્રીય વિચારસરણીના અને શીખોમાં સુધારણા કરવાવાળા હતા. આથી એમણે અંગ્રેજ સરકારની અને જુનવાણી શીખોની ખફગી વહોરી હતી. પડોશના પતિયાળા રાજ્ય સાથે કાંઇક સરહદી ઝઘડા અંગે અંગ્રેજ સરકાર વચ્ચે પડી અને નાભા મહારાજાને દમદાટી આપી એમની પાસે તા. ૯–૭–૨૩ ના રોજ ગાદીત્યાગ કરાવ્યો હતો. એની સામે લોકોએ સત્યાગ્રહ આદર્યો હતો.

૨. આ અરસામાં હરિલાલના પુત્રી રામીબેનની સગાઈ કુંવરજી ખેતસી પારેખ સાથે નક્કી થઈ.

૩. દરમિયાન તા. ૧૩મીએ ઈન્દુલાલ યાજ્ઞિક છૂટયા.

૪. આ રસ્તે ખ્રિસ્તી, મુસલમાન વગેરેને જવા દેવામાં આવતા હતા પણ અસ્પૃશ્યોને નહોતા જવા દેવામાં આવતા. એની સામે સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો.

૧૯૨૪-માર્ચ-એપ્રિલ

૨૧ મુંબઈ : રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તરફથી ગાંધીજીના નિવાસસ્થાને માનપત્ર. ● સાક્ષર નરસિંહરાવ, એમનું લખેલું 'સ્મરણ સંહિતા' પુસ્તક ભેટ જાતે આવીને આપી ગયા.

૨૨ મુંબઈ : રોમાં રોલાંને પત્ર લખ્યો.[૧]

૨૩ મુંબઈ : દક્ષિણ આફ્રિકાની સરકારે રજૂ કરેલા Class Area Bill સામે નિવેદન. ● ભગિની સમાજના કાર્યકરો સાથે વાર્તાલાપ.

૨૪ થી ૨૮ મુંબઈ.

૨૯ મુંબઈ : માલવિયાજી, લાલા લજપતરાય, મોતીલાલ નહેરુ વગેરે સાથે ખાનગી ચર્ચા—નાફેરવાદીઓ અને સ્વરાજિસ્ટો અંગે.[૨]

૩૦ થી ૩૧ મુંબઈ : ચર્ચા ચાલુ.

એપ્રિલ

૧ થી ૨ મુંબઈ : ચર્ચા ચાલુ.

---

૧. એમની સાથેનો આ, પહેલો પત્ર-સંપર્ક હતો.

૨. ચૌરીચૌરાના હત્યાકાંડના કારણે તા. ૧૧-૨-૨૨ ના રોજ વર્કીંગ કમિટીએ સત્યાગ્રહ બંધ કરવાનો ઠરાવ કર્યો ત્યારથી, એ ઠરાવથી નાહિંમત થયેલા અને જલદ પગલાં ભરવામાં માનનારા, કોંગ્રેસની નીતિ બદલવા મથતા હતા. સમય જતાં, આમાંથી ધારાસભામાં જનાર પક્ષ ઊભો થયો. ચિત્તરંજનદાસ અને મોતીલાલ નહેરુ આમાં મુખ્ય હતા. ૧૯૨૨ના અંતમાં ગયામાં મળેલી કોંગ્રેસની બેઠકના પ્રમુખ દેશબંધુ દાસ હતા. આ બેઠકમાં, ધારાસભાનો બહિષ્કાર ઉઠાવી લેવાની દરખાસ્ત મોતીલાલ નહેરુએ મૂકી પણ એ ઊડી ગઈ. દાસે રાજીનામું આપ્યું. આમાંથી સ્વરાજ પાર્ટી જન્મી. એણે કોંગ્રેસનું ધ્યેય સ્વીકાર્યું અને ઠરાવ્યું કે એ ધ્યેય સિદ્ધ કરવા માટે જ—રાજબંધારણને નિરર્થક બનાવવા માટે જ—ધારાસભાઓમાં જવું. ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં મળેલા કોંગ્રેસના ખાસ અધિવેશને ધારાસભાના કાર્યક્રમમાં માનનારને એમાં જવા છૂટ આપી. નવેમ્બર માસમાં થયેલી ચૂંટણીઓમાં આ લોકો ઘણા મોટા પ્રમાણમાં ચૂંટાયા. પણ સ્વરાજિસ્ટો અને નાફેરવાદીઓ એમ બે પક્ષો પડી ગયા હતા, અને ગાંધીજી છૂટયા ત્યાર સુધી એ બેની વચ્ચે મેળ મળ્યો નહોતો.

૧૯૨૪–એપ્રિલ–મે

૩[1] મુંબઈ: ચર્ચા ચાલુ. ● 'યંગ ઈન્ડિયા'નું તંત્રીપદ સંભાળ્યું.

૪ મુંબઈ: ડૉ. કિચલુ મુલાકાતે આવ્યા.

૫ મુંબઈ: સોમવારે તથા બુધવારે આખો દિવસ, તથા બાકીના દિવસોએ થોડા વખત (ઘણું ખરું સવારના ૬ થી બપોરના ૧ સુધી) મૌન પાળવાનું શરૂ કર્યું.

૬ મુંબઈ: 'નવજીવન'નું તંત્રીપદ સંભાળ્યું.

૭ થી ૧૦ મુંબઈ.

૧૧ મુંબઈ: ધારાસભામાં જવાના કાર્યક્રમની વિરૂદ્ધમાં, કરવા ધારેલા નિવેદન-નો કાચો ખરડો તૈયાર કર્યો.

૧૨ મુંબઈ.

૧૩ મુંબઈ: એ ખરડો મોતીલાલ નહેરૂને મોકલ્યો. ● Depressed India Associationના મંત્રી મિ. ભોંસલે મળવા આવ્યા.

૧૪ મુંબઈ.

૧૫ મુંબઈ: વાઇકોમ સત્યાગ્રહ અંગે 'હિંદુ' પત્રના પ્રતિનિધિને મુલાકાત આપી. ● મંદિર બાંધવા અંગે, મિ. ભોંસલે મળવા આવ્યા.

૧૬ થી ૨૨[2] મુંબઈ.

૨૩ મુંબઈ: વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૪ મુંબઈ: બેઠક ચાલુ. ● શ્રી નિવાસ શાસ્ત્રી મળવા આવ્યા.

૨૫ થી ૩૦ મુંબઈ.

મે

૧ થી ૧૪ મુંબઇ.

૧૫ મુંબઈ: વાઈકોમ સત્યાગ્રહ સમિતિના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૬ મુંબઈ.

૧૭ મુંબઈ: તા. ૧૫મીની ચર્ચા ચાલુ. ● સ્વરાજ પક્ષ નેતાઓ સાથે ચર્ચા. ● 'હિંદુ' પત્રના પ્રતિનિધિને મુલાકાત. આપી.

---

૧. રૂપિયા એક કરોડનો ટિળક સ્વરાજ ફાળો (જુઓ તા. ૩૦–૬–૨૧) કેવી રીતે ખરચાયો, અને સિલક કયાં રોકવામાં આવી છે. એનો નિર્દેશ કરતું નિવેદન કોંગ્રેસ તરફથી બહાર પાડવામાં આવ્યું.

૨. તા ૧૮ થી ૨૦ સુધી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ ભાવ-નગર ખાતે ભરાઇ તેને સંદેશો મોકલી આપ્યો.

૧૯૨૪-મે-જૂન

૧૮ મુંબઈ : બુદ્ધ જયંતી અંગે પ્રવચન.[1]

૧૯ થી ૨૧ મુંબઈ.

૨૨ મુંબઈ : ગાંધીજીએ અને સ્વરાજ પક્ષે પોતપોતાનાં નિવેદનો બહાર પાડયાં.

૨૩ થી ૨૭ મુંબઈ.

૨૮ મુંબઈ : થી નીકળ્યા.[2]

૨૯ અમદાવાદ : સ્ટેશને જામેલી ભીડથી બચાવવા, ગાંધીજીને કાંકરિયા સ્ટેશને ઉતારી લેવામાં આવ્યા. ● 'અમૃતબઝાર પત્રિકા'ના પ્રતિનિધિએ મુલાકાત લીધી.

૩૦ અમદાવાદ.

૩૧ અમદાવાદ : ઇમામસાહેબનાં પુત્રી અમીનાના, ગુલામ રસૂલ કુરેશી સાથેના લગ્નમાં હાજર.

જૂન

૧ થી ૪ અમદાવાદ.

૫ અમદાવાદ : બંગાળ પ્રાન્તિક પરિષદને ગોપીનાથ સહાયના હિંમત, ત્યાગ વગેરેનાં વખાણ કરતો ઠરાવ કર્યો હતો[3] તે અંગે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિએ મુલાકાત લીધી.

---

૧. જેલમાંથી છૂટયા પછી આ પહેલું જાહેર પ્રવચન હતું.

૨. (૧) 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૨૪ના જૂન માસના અંકના પાના ૩૯૨ ઉપર આની તારીખ ૨૯ જણાવી છે, પણ આ બંધબેસતું નથી.

(૨) મુંબઈના આ આખા વસવાટ દરમિયાન જુહુના બંગલે જ રહ્યા હતા.

૩. ગોપીનાથ સહાયે, અર્નેસ્ટ ડેનું ખૂન કર્યું હતું (જુઓ તા. ૧૨-૧-૨૪) સીરાજગંજમાં મળેલી બંગાળ પ્રાન્તિક પરિષદે આને અંગે તા. ૨-૬-૨૪ના રોજ કરેલા ઠરાવની મતલબ એ હતી કે કોંગ્રેસની નીતિ અહિંસાની છે છતાં આમાં હેતુ ઉમદા હતો. વગેરે વગેરે

૧૯૨૪-જૂન-જુલાઈ

૬ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયના નવા સત્રનું ભાષણ; સમય સવારે આઠ; સ્થળ આશ્રમ.

૧૧ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠની નિયામક સભાની બેઠકમાં પ્રમુખપદે

૨૩ થી ૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; સમય બપોરના બે.

૨૭ અમદાવાદ : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર; સમય સાંજના છ; સ્થળ અમદાવાદ મ્યુનિસિપાલિટીનો હૉલ.[1]

૨૮ અમદાવાદ : બેઠક ચાલુ; સમય સવારના નવ; સ્થળ એ જ. કૉંગ્રેસે નક્કી કરેલી (જેમાં ધારાસભાનો બહિષ્કાર આવી જાય છે એ પ્રકારની) નીતિમાં જે ન માનતા હોય તે, કૉંગ્રેસમાં અકારવાળા સ્થાનમાં રહી શકે નહિ, એ મતલબની ગાંધીજીની દરખાસ્તની વિરુદ્ધમાં નિવેદન કરી, સ્વરાજિસ્ટોએ સભાત્યાગ કર્યો.

૨૯ અમદાવાદ :બેઠક ચાલુ; એ જ સ્થળે; સમય સવારના નવથી બપોર સુધી અને સાંજે પોણા સાતથી સાડા દસ સુધી; પછી અવિધી-પુર :સરની બેઠક મધરાત સુધી.

૩૦ અમદાવાદ.

જુલાઈ

૧ અમદાવાદ : એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી.

૨ અમદાવાદ.

૩ અમદાવાદ : ગાંધી સેવા–સંઘના નિયમો અંગે ચર્ચા.

૪ થી ૧૦ અમદાવાદ.

૧૧ અમદાવાદ : પ્રાંતિક સમિતિના સભ્યોને સંબોધન; સમય બપોરના ત્રણ.

---

૧. આની પહેલાં, ગાંધીજીની સૂચનાથી, આ કમિટિની એક ખાનગી બેઠક આ જ સ્થળે ત્રણ વાગ્યે મળી હતી. એમાં ગાંધીજી હાજર રહ્યા નહોતા.

૧૯૨૪-જુલાઈ-ઑગસ્ટ

૧૨ થી ૧૪[1] અમદાવાદ.

૧૫ અમદાવાદ : સરોજિની નાયડુ મુલાકાતે આવ્યાં.[2]

૧૬ થી ૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : મ્યુનિસિપલ હૉલમાં મળેલી સ્થાનિક આરોગ્ય પરિષદને સંદેશો મોકલ્યો.

૨૭ અમદાવાદ : પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળના[3] શિક્ષકો સાથે વાર્તાલાપ; સમય સાંજના ૭; સ્થળ આશ્રમ.

૨૮ થી ૩૧ અમદાવાદ.

ઑગસ્ટ

૧[4] અમદાવાદ : રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં પ્રમુખપદે; સમય અગિયાર અને ત્રણ; સ્થળ માસ્તર થીયેટર. ● ટિળક સવંત્સરી નિમિત્તે મળેલી સભામાં ભાષણ સાંજે ૭; માણેકચોક ટિળક મેદાન.

૨ થી ૩ અમદાવાદ : પરિષદ ચાલુ.

૪ થી ૫ અમદાવાદ.

૬ અમદાવાદ : ઍની બીસન્ટના જાહેરજીવનની સુવર્ણ જયંતી અંગે સંદેશો મોકલ્યો.

૭ અમદાવાદ.

૮ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયની મુલાકાત લીધી, સમય સવાર.

---

૧. દરમિયાન તા. ૧૩મીએ નાગપુર, દિલ્હી વગેરે સ્થળોએ હુલ્લડો થયાં.

૨. 'ઇન્ડિયન રિવ્યુ'ના ૧૯૨૪ના જુલાઇ માસના અંકના પાના ૪૫૬ ઉપર આની તા. ૧૪ જણાવી છે, પણ 'પ્રજાબંધુ'માં તા. ૧૫ છે; એ પ્રમાણભૂત માની છે.

૩. સને ૧૯૨૨ માં કેળવણીમાં અસહકાર કરવાના કારણે અમદાવાદ મ્યુનિસિપાલિટી બરતરફ થઈ હતી. ત્યાર પછી પ્રજાકીય પ્રાથમિક કેળવણી મંડળના આશ્રયે પ્રાથમિક શાળાઓ કાઢવામાં આવી હતી.

૪. આધાર નં. ૬૩ ના ૧૯૨૪ના બીજા ભાગના પા. ૧૪ ઉપર જણાવ્યું છે કે આજે ગાંધીજી દિલ્હી આવ્યા. પણ આ બંધબેસતું નથી.

૧૯૨૪-ઑગસ્ટ

૯ થી ૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : એક નજીકના સગાને કહ્યું : 'આ વર્ષમાં મારું ખૂન થાય તો નવાઈ નહિ; અને અત્યારે મારો વેગ એટલો બધો વધી ગયો છે કે અત્યારની પરિસ્થિતિ બદલાય નહિ તો મારો દેહ પણ નહિ ટકી શકે. મારે સ્વરાજ માટે જીવવું છે'.

૧૬ અમદાવાદ.

૧૭ દિલ્હી : ઉતારો મૌલાના મહમંદઅલીને ત્યાં. ● હિંદુ તથા મુસલમાનોના પ્રતિનિધિમંડળો સાથે ચર્ચા.

૧૮ થી ૨૦ દિલ્હી.

૨૧ દિલ્હી : જાહેર સભામાં ભાષણ.

૨૨ દિલ્હી : 'સ્ટેટ્સમૅન'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

૨૩ અમદાવાદ : મજૂર શાળાના વિદ્યાર્થીઓની સભામાં પ્રવચન; સમય સાંજે સાડા ત્રણ; સ્થળ મગનભાઈની વાડી.

૨૪ થી ૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર; સમય સાંજે પાંચ; સ્થળ મ્યુનિસિપલ કંપાઉંડ.

૨૭ થી ૨૮ અમદાવાદ.

૨૯ મુંબઈ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર;[૧] સ્થળ સર કાવસજી જહાંગીર હૉલ.

૩૦ મુંબઈ : રાષ્ટ્રીય સ્ત્રીસભાના આશ્રયે દાદાભાઈ જયંતીની ઉજવણીમાં હાજર; સમય સાંજે ચાર; સ્થળ મારવાડી વિદ્યાલય.

૩૧ મુંબઈ : પારસી રાજકીય સભા તરફથી બોલાવેલી સભામાં હાજર; સ્થળ એક્સૅલસિયર થિયેટર; પ્રમુખ જયકર. પ્રત્યુત્તર બેઠાંબેઠાં વાંચ્યો. 'મને "મહાત્મા" શબ્દની બદબો આવે છે.' ● પ્રાંતિક સમિતિની બેઠકમાં હાજર. ● લોકમાન્ય કન્યાશાળાના વાર્ષિકોત્સવમાં પ્રમુખપદે; સ્થળ મુઝફ્ફરાબાદ હૉલ. ● દલિત વર્ગના રહેઠાણો જોયાં.

---

૧. આધાર નં. ૬૩ના ૧૯૨૪ના ભાગ બીજાના પાના ૧૫ ઉપર આની તા. ૨૭ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૧૯૨૪–સપ્ટેમ્બર

૧ મુંબઈ.

૨ મુંબઈ : ખાદી ભંડારની મુલાકાત. ● રાષ્ટ્રીય તબીબી કૉલેજના વિદ્યાર્થીઓને ઈનામ વહેંચવાના મેળાવડામાં હાજર. ● જાહેર સભાઓ—ગ્રામ્ય મહાસભા સમિતિ તરફથી બોલાવેલી, વીલે પારલેમાં અને માંડવીમાં.

૩ મુંબઈ.

૪ ચીંચવડ : શિક્ષણ સંસ્થાની મુલાકાત. ⇕ પૂના : વિષ્ણુશાસ્ત્રી ચીપલુણકરનું બાવલું ખુલ્લું મૂક્યું. ● સ્ત્રીઓની સભા; સમય સાંજે ત્રણ; સ્થળ કિર્લોસ્કર થિયેટર. ● ટિળક મહાવિદ્યાલયના પદવીદાન સમારંભમાં ભાષણ. મુલાકાતો–સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની અને સેવાસદનની. ● જાહેર સભા, રાતના નવ.

૫ મુંબઈ : દાદરવાસીઓ તરફથી સત્કાર. ● ગણેશોત્સવમાં હાજર. ⇕ સુરત : રાષ્ટ્રીય શાળાના શિક્ષકોની સભામાં ભાષણ, સમય સાંજના ત્રણ. ● જાહેર સભા, સમય સાંજે ૭.

૬ થી ૭ અમદાવાદ.

૮ અમદાવાદ : અલીભાઈઓના પત્રો–'કૉમરેડ' અને 'હમદર્દ' કાઢવામાં મદદ કરવા સ્વામી આનંદને મોકલ્યા.[૧]

૯ થી ૧૩[૨] અમદાવાદ.

૧૪ દિલ્હી.

૧૫ દિલ્હી : 'હિંદુસ્તાન ટાઇમ્સ' પત્રની ઉદ્‌ઘાટન વિધિ કરી.

૧૬[૩] દિલ્હી :

૧૭ દિલ્હી : હિંદુમુસ્લિમ એક્તા માટે ઉપવાસ શરૂ ર્ક્યા, સ્થળ મૌલાના મહંમદઅલીનું નિવાસસ્થાન. પ્રથમ ૪૦ દિવસના ઉપવાસનો વિચાર હતો પણ પછીથી ૨૧ નો નક્કી કર્યો.[૪]

---

૧. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન ટર્કી, મિત્ર રાજ્યોની સામે લડાઈમાં ઊતર્યું. ત્યાર પછી આ પત્રના તા. ૨૬–૯–૧૪ના અંકમાંના 'ટુર્કીની પસંદગી' નામનો લેખ વાંધાભર્યો હતો એમ જણાવી તા. ૮મીના બે હજાર રૂપિયાની જામીનગીરી જપ્ત કરી, રૂા. દસ હજાર માંગવામાં આવી એટલે અલીભાઈઓના આ પત્રો તા. ૧૨મી નવેમ્બર ૧૯૧૪થી બંધ પડયા હતા.

૨. દરમિયાન તા. ૯મીએ કોહાટમાં હિંદુમુસ્લિમ રમખાણ થયું.

૩. ભૂપેન્દ્રનાથ બસુનું અવસાન થયું.

૪. આજે ગાંધીજી, બ્રિજકૃષ્ણ ચાંદીવાલાને ત્યાં જમવા જવાના હતા, પરંતુ આગલી રાત્રે ઉપવાસ કરવા નક્કી કર્યું એટલે જમવા જવાનું બંધ રહ્યું.

૧૯૨૪—સપ્ટેમ્બર—ઑક્ટોબર

૧૮ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● ઉપવાસ અંગે નિવેદન કર્યું.
૧૯ દિલ્હી : ઉપવાસ ચાલુ.
૨૦ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● ઍન્ડ્રૂઝ આવ્યા.
૨૧ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● પોલક આવ્યા.
૨૨ થી ૨૪ દિલ્હી : ઉપવાસ ચાલુ.
૨૫ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● ઍની બીસન્ટે મુલાકાત લીધી.
૨૬ દિલ્હી[1] : ઉપવાસ ચાલુ; આજથી સુલતાનસિંગના ઘેર રહેવા ગયા. ● વલ્લભભાઈએ અને રાજગોપાલાચાર્યે મુલાકાત લીધી.
૨૭ દિલ્હી : ઉપવાસ ચાલુ.
૨૮ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● દેશબંધુ દાસે મુલાકાત લીધી.
૨૯ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● ખ્રિસ્તીઓના વડા ધર્મગુરુએ[2] મુલાકાત લીધી.
૩૦ દિલ્હી : ઉપવાસ ચાલુ.

ઑક્ટોબર

૧ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● રાજગોપાલાચાર્યે મુલાકાત લીધી. ● માલવિયાજીએ પ્રહ્લાદની વારતા કહી. ● ઍની બીસન્ટની ૭૮ મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે મુંબઈમાં મળેલી સભાને સંદેશો મોકલ્યો.[3]
૨ થી ૭[4] દિલ્હી : ઉપવાસ ચાલુ.
૮ દિલ્હી : ઉપવાસ છૂટયા.

---

૧. (૧) આધાર ૫ માંનો પત્ર નં. ૨૦ આજે અમદાવાદથી લખવામાં આવ્યો હતો એમ જણાવ્યું છે પરંતુ એ બંધબેસતું નથી.

(૨) આજથી દિલ્હીમાં એકતા પરિષદ (Unity Conference) શરૂ થઈ; સ્થળ સંગમ થિયેટર; પ્રમુખ મોતીલાલ નહેરુ.

૨. The Most Rev. Foss Westcott D. D. The Metropolitan of India, Calcutta.

૩. ગાંધીજી આ સભાનું પ્રમુખપદ લેવાના હતા.

૪. એકતા પરિષદ તા. ૨૭-૯-૨૪ ના રોજ ચાલુ રહી, પછી એની વિષય વિચારણી સમિતિ તા. ૨૮, ૨૯ અને ૩૦ના રોજ મળી; અને બીજે દિવસે પૂરી થઇ. આમાં હિંદુ-મુસ્લિમ નેતાઓએ સારો ભાગ લીધો.

૧૯૨૪–ઑક્ટોબર–નવેમ્બર

૯ થી ૧૫ દિલ્હી.

૧૬ દિલ્હી : કોહાટ જવાની રજા આપવા વાઈસરૉયને પત્ર લખ્યો.

૧૭ થી ૧૮ દિલ્હી.

૧૯ દિલ્હી : ઍન્ડ્રૂઝ ગયા; મણિલાલ આવ્યા મોડેથી, એટલે મૌન મોડું લીધું.

૨૦ થી ૨૭[1] દિલ્હી.

૨૮[2] દિલ્હી : મૌલાના મહંમદ અલીના, નવ વર્ષ બાદ ફરી શરૂ થતા 'Comrade' સાપ્તાહિક માટે લેખ મોકલ્યો.

૨૯ દિલ્હી : ગુજરાતીઓ મળવા આવ્યા.

૩૦ થી ૩૧[3] દિલ્હી.

નવેમ્બર

૧ થી ૨ દિલ્હી.

૩ રસ્તામાં.

૪[4] કલકત્તા : હાવરા સ્ટેશને ખૂબ ધસારો હોવાથી ૩૦ માઈલ દૂર બંદેલ સ્ટેશને ઊતર્યા. ● ઉતારો ચિત્તરંજનદાસને ત્યાં. ● સ્વરાજ પાર્ટી સાથે ચર્ચા. ● ભજનિક (સંગીત) દિલીપકુમાર રૉય મળવા આવ્યા.

૫ કલકત્તા : ચર્ચા ચાલુ.

૬ કલકત્તા : ચર્ચા ચાલુ. ● યુરોપિયન એસોસિયેશનના ઉપપ્રમુખ મિ. વિલીયર્સ મુલાકાતે આવ્યા. ● બેંગાલ કેમીકલ વર્કસની મુલાકાત લીધી. ● નાફેરવાદીઓ સાથે ચર્ચા. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર; સમય સાંજે પોણા છ; સ્થળ ટાઉન હૉલ.

૭ કલકત્તા ; નાફેરવાદીઓ સાથે ચર્ચા. ● હાવરા મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

---

૧. દરમિયાન તા. ૨૫મીએ, એક ઑર્ડિનન્સ કાઢવામાં આવ્યો જેની રૂએ કોઈ પણ માણસની ધરપકડ કરી કેસ ચલાવ્યા વિના એને અટકાયતમાં રાખી શકાય, ઘરોની જડતી લઈ શકાય વગેરે. સુભાષ બોઝની ધરપકડ થઈ.

૨. કોહાટ જવા, પરવાનગી આપવા વાઈસરૉયે ના પાડી. જુઓ તા ૧૬.

૩. આ અરસામાં પહેલી ગુજરાતી પત્રકાર પરિષદને સંદેશો મોકલ્યો. આ પરિષદ અમદાવાદમાં નવેમ્બરની તા. ૧–૨ મળી હતી.

૪. વિલાયતના વડાપ્રધાન મૅકડોનલ્ડે રાજીનામું આપ્યું; બાલ્ડવિન વડાપ્રધાન બન્યા.

૧૯૨૪—નવેમ્બર

૮ રસ્તામાં.

૯ દિલ્હી : ઉતારો ડૉ. અનસારીને ત્યાં.

૧૦ થી ૧૨ દિલ્હી.

૧૩ દિલ્હી : રઘુવીર સિંહની મૉડર્ન સ્કૂલની મુલાકાત. ● અલીભાઈઓનાં મા(બી. અમ્મા)ની સ્મશાન યાત્રામાં હાજર.

૧૪ થી ૧૯[૧] દિલ્હી.

૨૦ મુંબઈ : આગેવાનો સાથે મસલત.

૨૧ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; સમય સવારે સાડાઆઠ. ● સર્વ પક્ષ પરિષદ (All Parties Conference) માં ભાગ લીધો; સમય સાંજે ચાર; સ્થળ મુઝફરાબાદ હૉલ.

૨૨ મુંબઈ : પરિષદ ચાલુ.[૨]

૨૩ મુંબઈ : ખાદીભંડારની મુલાકાત. ● ઑ. ઈ. કૉ. ક. ની બેઠકમાં ભાગ લીધો. ● જાહેર સભા; સ્થળ ચોપાટી.

૨૪ મુંબઈ.

૨૫ થી ૨૭[૩] અમદાવાદ.

૨૮ અમદાવાદ : સ્વ. ઉત્તમલાલ ત્રિવેદીની જયંતી ઉજવણી[૪] અંગે સંદેશો મોકલ્યો.

૨૯ અમદાવાદ : મદ્યનિષેધ પરિષદને સંદેશો મોકલ્યો. ● ગુજરાત મહાવિદ્યાલય-માં પ્રવચન, સમય બપોરના બે.

૩૦ અમદાવાદ.

---

૧. દરમિયાન તા. ૧૪થીએ, દક્ષિણ આફ્રિકામાંની લડત વખતના ગાંધીજી-ના સાથી પારસી રૂસ્તમજી જીવણજી ઘોરખોદુનું ડર્બનમાં અવસાન થયું.

૨. એણે એક સમિતિ નીમી અન એને આદેશ આપ્યો કે સર્વ પક્ષને સંમત હોય એવા રાજબંધારણની એક યોજના તા. ૩૧-૩-૨૫ સુધીમાં ઘડી કાઢવી, અને એ, પરિષદ સમક્ષ મૂકવા માટે તા. ૧૫-૪-૨૫ સુધીમાં જાહેરમાં મૂકવી.

૩. આધાર નં. ૮૪ના પાના ૩૨ ઉપર છાપેલા એક કાગળનાં સ્થળ અને તારીખ અનુક્રમે મુંબઇ અને ૨૫ છે. એ ભૂલ છે.

૪. એમનું અવસાન તા ૯-૧૨-૨૩ના રોજ થયું હતું. જયંતી તિથિ મુજબ ઊજવી હતી.

૧૯૨૪-ડિસેમ્બર

૧ થી ૨[૧] અમદાવાદ.

૩ દિલ્હી.

૪ લાહોર : ઉતારો લાલા લજપતરાયને ત્યાં. ● કેળવણી પ્રધાનની મુલાકાત લીધી. ● માલવિયાજી સાથે ચર્ચા.

૫ અમૃતસર : ખિલાફત પરિષદમાં પ્રવચન. ● સુવર્ણ મંદિરની મુલાકાત.● માનપત્ર ; સ્થળ જલિયાંવાલા બાગ. ⇕ લાહોર.

૬ લાહોર : હિન્દુ–મુસ્લિમ નેતાઓ સાથે મસલત. ● રાષ્ટ્રીય વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રવચન. ● રાજકીય પરિષદમાં પ્રમુખપદે.

૭ લાહોર : પરિષદ ચાલુ. ● મસલત ચાલુ.

૮ લાહોર.

૯ રાવળપિંડી : કોહાટથી આવેલા નિરાશ્રીતોને મળ્યા : જાહેર સભા અને માનપત્ર; સમય રાત.

૧૦ થી ૧૧ રાવળપિંડી.

૧૨ લાહોર : કોહાટના રમખાણ અંગે અસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી.

૧૩ અમદાવાદ.

૧૪ પોલક અને એન્ડ્રૂઝ આવ્યા.

૧૫ થી ૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : 'ઈન્ડિયન રિવ્યુ'ની રજત્ જયંતી અંગે સંદેશો મોકલ્યો.

૧૮ અમદાવાદ.

૧૯ મુંબઈ.

૨૦ બેળગાંવ : નાફેરવાદીઓ સાથે ચર્ચા.

૨૧ બેળગાંવ : ચર્ચા ચાલુ. ● માનપત્રો-મ્યુનિસિપાલિટીનું તથા લોકલબોર્ડનું.

૨૨ બેળગાંવ.

૨૩ બેળગાંવ : સ્વદેશી પ્રદર્શનના ઉદ્‌ઘાટન વખતે હાજર. ● ઑ. ઇ. કૉ. ક. ની તથા વિષય વિચારણી સમિતિની બેઠકોમાં ભાગ લીધો.

---

૧. દરમિયાન તા. ૧લીએ ચિત્તરંજન દાસે પોતાની આશરે આઠ લાખ રૂપિયાની મિલકત ધર્માદા કરી.

૧૯૨૪-ડિસેમ્બર; ૧૯૨૫-જાન્યુઆરી

૨૪ બેળગાંવ : સામુદાયિક કાંતણમાં ભાગ લીધો. ● ખિલાફત પરિષદમાં હાજર. ● ઑ. ઈ. કૉં. ક.ની તથા વિષય વિચારિણી સમિતિની બેઠકોમાં ભાગ લીધો.

૨૫ બેળગાંવ : એ જ ચાલુ. ● હિંદુ નેતાઓની અવિધિસરની ચર્ચામાં ભાગ લીધો; સ્થળ માલવિયાજીનો ઉતારો.

૨૬ બેળગાંવ : કૉંગ્રેસના અધિવેશનમાં પ્રમુખપદેથી ભાષણ. ● વિષય વિચારિણી સમિતિની બેઠકમાં; સમય રાત.

૨૭ બેળગાંવ : અધિવેશનમાં પ્રમુખપદે. ● ભાષણો-અસ્પૃશ્યતા નિવારણ પરિષદ-માં અને વિદ્યાર્થી પરિષદમાં. ● હિંદુ મહાસભાની બેઠકમાં હાજર.

૨૮ બેળગાંવ : વર્કીંગ કમિટીની તથા ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં ભાગ લીધો. ● કૉંગ્રેસના અધિવેશનના સ્વયંસેવકોને ચાંદ આપ્યાં. ● હિંદુ મહાસભાની બેઠકમાં હાજર ⇕ શાહપુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૨૯ થી ૩૦ બેળગાંવ.

૩૧[1] મુંબઈ : મુસ્લિમ લીગની બેઠકમાં[2] પ્રવચન.

૧૯૨૫—જાન્યુઆરી

૧ મુંબઈ.

૨ દાહોદ : સભાઓ,—જાહેર; સ્ત્રીઓની, સ્થળ મોઢ બ્રાહ્મણની વાડી; અને વણકરોની, સ્થળ એમનો વાસ. ⇕ ગોધરા. ભીલ સેવા મંડળના આશ્રયે જાહેર સભા.

૩ ગોધરા : જાહેર સભા.

૪ થી ૭ અમદાવાદ.

---

૧. મીરાં બહેનને (Miss Madeleine Sladeને) આજે સૌથી પહેલો પત્ર લખ્યો.

૨. આની બેઠકનો આજે બીજો દિવસ હતો.

૧૯૨૫-જાન્યુઆરી

૮ ભાવનગર : ત્રીજી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં પ્રમુખસ્થાને.[1] ● ગાંધીજીના હાથે રાજકોટ ઠાકોરસાહેબને માનપત્ર. ● પરિષદની વિષય વિચારિણી સમિતિની બેઠક; રાતના બાર સુધી.

૯ ભાવનગર : પરિષદ ચાલુ. ● પ્રજામંડળ તરફથી પ્રભાશંકર પટ્ટણીના હાથે માનપત્ર. ● રામકૃષ્ણ મિશનવાળા સ્વામી ચિદાત્માનંદ મળવા આવ્યા. ● શામળદાસ કૉલેજમાં 'વિદ્યાર્થી ધર્મ' ઉપર પ્રવચન; સમય રાત. ● દુલા કાગે ભજનો સંભળાવ્યાં.

૧૦ ત્રાપજ : ખેડૂતોની સભા.

૧૧ થી ૧૨ ત્રાપજ.[2]

૧૩ ત્રાપજ. ⇕ ભાવનગર.

૧૪ અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠનું (હાલનું) મકાન ખુલ્લું મૂક્યું; સમય સવારે સાડા આઠ ● એના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે. ● મહાવિદ્યાલયમાં વિદ્યાર્થી ચિત્રકલા પ્રદર્શન ખુલ્લું મૂક્યું. ● પ્રાંતિક સમિતિની બેઠક. ⇕ પીજ : માનપત્રો—પેટલાદ તાલુકા મહાપંચાયતનું; પીજ ગામનું; અને યુવક મંડળનું.

૧૫ વસો : વિશિષ્ટ પંચાયતનું માનપત્ર. ⇕ સોજીત્રા : માનપત્રો - સેવા મંડળનું, અને વિશિષ્ટ પંચાયતનું. ● પેટલાદ તાલુકા ખેડૂત પ્રજા-મંડળ પરિષદમાં પ્રવચન, પ્રમુખ ડૉ. સુમન્ત મહેતા. ● માણિકરાવના અખાડાની મુલાકાત, સમય રાત.

૧૬ સોજીત્રા : સુણાવ ગામના વિદ્યાર્થીઓ તરફથી સૂતરની ભેટ, સમય સવાર. ● સભાઓ—સ્ત્રીઓની, ધારાળાની અને અંત્યજોની. ⇕ પેટલાદ : સુધરાઈનું માનપત્ર.

૧૭ વરાડ. ⇕ બારડોલી : સભાઓ બંને સ્થળે.

૧૮ સરભોણ. ⇕ ભુવાસણ. ⇕ વાંકાનેર : સભાઓ બધે; ⇕ વેડછી : કાળી-પરજ પરિષદમાં પ્રમુખપદે. ⇕ સ્યાદલા.

---

૧. આધાર નં. ૨૩૪ના પાના ૧૩૨ ઉપર આનો સમય તથા બીજા પ્રસંગોનો સમય સને ૧૯૨૯નો ઉનાળો જણાવ્યો છે. એ ભૂલ છે.

૨. ત્રાપજના વસવાટ દરમિયાન પ્રભાશંકર પટ્ટણીએ સ્વરચિત ભજનો ગાઈ સંભળાવ્યાં.

૧૯૨૫-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૧૯ સ્યાદલા. ⇕ સુરત : જાહેર સભા.
૨૦ થી ૨૨ અમદાવાદ.
૨૩ થી ૨૪ દિલ્હી : સર્વપક્ષ પરિષદે નીમેલી ઐક્ય સમિતિની બેઠકમાં પ્રમુખપદે; સ્થળ વેસ્ટર્ન હૉટલ.
૨૫ દિલ્હી : બેઠક ચાલુ. ● ગૌરક્ષા સમિતિની બેઠકમાં પ્રવચન. ● પરદેશી મુલાકાતીઓ.
૨૬ દિલ્હી : ઐક્ય સમિતિની બેઠક ચાલુ. ● વિલાયતના મજૂર પક્ષના નેતા મોઝલી અને પત્ની મળવા આવ્યાં ● સેટરડે રિવ્યુની ખબરપત્રી સાથે ચર્ચા.
૨૭ થી ૩૧ દિલ્હી.

ફેબ્રુઆરી

૧ દિલ્હી : અસ્પૃશ્યતોદ્ધાર પરિષદમાં પ્રવચન; પ્રમુખ કેળકર.
૨ થી ૩ દિલ્હી.
૪ રાવળપિંડી.
૫ રાવળપિંડી : કોહાટથી આવેલા હિંદુઓને સંબોધ્યા.
૬ રાવળપિંડી : મૌલવી મહંમદ ગુલની અને બીજાઓની, કોહાટના રમખાણ અંગે જુબાનીઓ લીધી.
૭ રાવળપિંડી.
૮ દિલ્હી.
૯ અમદાવાદ : વાઈસરૉયને તાર કરી પૂછ્યું :—માર્ચની શરૂમાં કોહાટ જવા રજા આપી શકશો ?[1]
૧૦ અમદાવાદ.
૧૧ અમદાવાદ. ⇕ આંકલાવ. ⇕ વાસદ ⇕ બોરસદ : જાહેર સભા. ⇕ ભાદરણ : માનપત્રો-વિશિષ્ટ પંચાયત, મહાલ પંચાયત અને પ્રજામંડળનાં; સમય સાંજે ૭; સ્થળ ટાઉન હૉલ.
૧૨ ભાદરણ : સેવામંડળનું માનપત્ર. ⇕ કઠાણા. ⇕ વીરસદ : લોકોનું માનપત્ર.
૧૩ વીરસદ. ⇕ પંડોળી. ⇕ પાલજ : બોરસદ તાલુકાના સ્વયંસેવકો

---

૧. જુઓ તા. ૨૮-૧૦-૨૪ની પાદટીપ.

૧૯૨૫–ફેબ્રુઆરી

સમક્ષ પ્રવચન. ⇕ સુણાવ : રાષ્ટ્રીય શાળાની મુલાકાત. ⇔ નાપા. ⇕ પેટલાદ ⇕ નડિયાદ. ⇕ અમદાવાદ.

૧૪ અમદાવાદ.

૧૫ રાજકોટ : સ્ટેશને સત્કાર; ઠાકોરસાહેબ લાખાજીરાજ હાજર. ● પ્રજા-પ્રતિનિધિ સભા તરફથી ઠાકોરસાહેબના હાથે માનપત્ર; સ્થળ દરબારગઢ. ● પ્રજાપ્રતિનિધિ સભામાં હાજર. ● રાષ્ટ્રીય શાળાના નવા મકાનની, ઠાકોરસાહેબના હાથે ઉદ્ઘાટન ક્રિયા થઈ ત્યારે પ્રવચન. ● જૈન બોર્ડિંગનો અમુક ભાગ ઠાકોરસાહેબના હાથે ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે પ્રવચન. ● દરબાર લાખાજીરાજે ગાંધીજીના માનમાં દરબાર ભર્યો એમાં હાજર.

૧૬ રાજકોટ. ⇕ જેતપુર : દેવચંદભાઈની પુત્રી ચંપા બહેનના લગ્ન પ્રસંગે હાજર.[1] ⇕ રાજકોટ.

૧૭ રાજકોટ : પાટવી કુંવરના જન્મદિન નિમિત્તે ભરાયેલા દરબારમાં હાજર.[2] ● ગોંડળ રાજ તરફથી જણાવવામાં આવ્યું કે તમારે અમારામાં માથું મારવું નહિ.

૧૮ રાજકોટ : થી નીકળ્યા; ઠાકોરસાહેબ વળાવવા આવ્યા.

૧૯ પોરબંદર : મહારાણા સાથે મુલાકાત; એમણે ખાદીને મદદ કરવા વચન આપ્યું. ● માનપત્ર. ● અંત્યજવાસની સભામાં પ્રવચન. ● વાઈસરૉયને તાર કરી જણાવ્યું કે કોહાટના હિંદુઓને ઉદ્દેશીને 'યંગ ઈન્ડિયા'માં મેં જે લખ્યું છે તે, તોફાન ઊભું કરવા નહિ પણ શાંતિ સ્થાપવા માટે છે. વગેરે. વગેરે.[3]

---

૧. (૧) એમનાં લગ્ન વિદ્યાપીઠનાએ વખતના મહામાત્ર ત્રિકમલાલ શાહ સાથે થયાં હતાં.

(૨) આધાર નં. ૨૩૪ના પાના ૧૩૨ ઉપર આનો સમય સને ૧૯૨૬નો ઉનાળો જણાવ્યો છે. એ ભૂલ છે.

૨. ગાંધીજીની હાજરીમાં જ દારૂ પિરસાયો !

૩. 'યંગ ઈન્ડિયા'ના તા. ૧૨-૨-૨૫ના અંકમાંના Kohat Hindus વાળા લેખનો નિર્દેશ છે.

૧૯૨૫ – ફેબ્રુઆરી–માર્ચ

૨૦ પોરબંદર. ⇕ વાંકાનેર : પ્રજા તરફથી માનપત્ર; સમય રાત.

૨૧ વાંકાનેર : અંત્યજવાસની મુલાકાત. ⇕ વઢવાણ : બાલમંદિર ખુલ્લું મૂક્યું. ● અંત્યજવાસની મુલાકાત. ● ઠાકોરસાહેબના કુટુંબને મળવા ગયા; સમય સાંજ; સ્થળ દરબારગઢ. ● જાહેર સભા.

૨૨ થી ૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ : રામી બહેનના લગ્નમાં હાજર.

૨૫ અમદાવાદ : ડાહ્યાભાઈના[1] લગ્નમાં હાજર.

૨૬[2] અમદાવાદ : રતિલાલના[3] લગ્નમાં હાજર.

૨૭ દિલ્હી.

૨૮ દિલ્હી : સર્વપક્ષ પરિષદની પેટાસમિતિની બેઠકમાં પ્રમુખપદે; સર્વ-સંમત ઉકેલ શોધવામાં નિષ્ફળતા.

૧૯૨૫–માર્ચ

૧ થી ૩ દિલ્હી.

૪ અમદાવાદ.

૫ મુંબઈ : ગોભક્ત ચૌંડે મહારાજ મળવા આવ્યા. ● માનપત્ર Depressed India Association તરફથી.

૬ રસ્તામાં.

૭ મદ્રાસ : ઉતારો શ્રી નિવાસ આયંગરને ત્યાં. ● જાહેર સભા. ● માનપત્રો–મ્યુનિસિપાલિટીનું[4] તથા બીજાં.

---

૧. સરદાર વલ્લભભાઈના પુત્ર.

૨. કોહાટ જવાની પરવાનગી આપવાની વાઈસરોયે ના પાડી. (જુઓ તા. ૯–૨–૨૫)

૩. ડો. પ્રાણજીવનદાસ મહેતાના પુત્ર.

૪. માનપત્ર આપવાના સ્થળે મૂકવામાં આવેલો રાષ્ટ્રધ્વજ કમિશનરના હુકમથી કાઢી નાખવામાં આવ્યો હતો.

૧૯૩૫-માર્ચ

૮ એરનાકુલમ્ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ કોચીન : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● જાહેર સભા.

૯ કોચીન. ⇕ વાઈકોમ[1] : જાહેર માનપત્ર. ● ત્રાવણકોરનાં મહારાણીનો પત્ર આવ્યો—'ગુરૂવારે મને મળવા આવો.'

૧૦ વાઇકોમ : જાહેર વ્યક્તિઓ, પોલીસ અધિકારીઓ અને Y.M.C.A ના મંત્રી સાથે મુલાકાતો. ● સનાતનીઓ સાથે ચર્ચા. ● જાહેર સભા; સમય સાંજ.

૧૧ વાઈકોમ : આશ્રમ નિવાસીઓને ઉદ્‌બોધન. ⇕ અલેપ્પી : સત્કાર મ્યુનિસિપલ પ્રમુખ ડૉ. કે. પી. પાનીકર તરફથી.

૧૨ કિવલોન : મ્યુનિસિપાલિટીનું માનપત્ર ⇕ વરકલા : ત્રાવણકોરનાં મહારાણી સાથે મુલાકાત. ● એઝવાના[2] ધાર્મિક નેતાના નિવાસસ્થાન શિવગિરિ મઠમાં રાત રહ્યા.

૧૩ વરકલા : મઠ તરફથી માનપત્ર, સમય સવાર ⇕ ત્રિવેન્દ્રમ : ઉતારો રાજના અતિથિગૃહમાં. ● મહારાજા, રાણી તથા દીવાનસાહેબની મુલાકાતો લીધી. ● માનપત્રો–ફૉર્ટ હાઈસ્કૂલનું, તાલીમ સંઘનું, કન્યાશાળાનું, કૉલેજની વિદ્યાર્થિનીઓનું, સાયન્સ કૉલેજનું, લૉ કૉલેજનું વગેરે. ● જાહેરસભા. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૧૪ ત્રિવેન્દ્રમ્ ⇕ બાલારામપુરમ્ : પુલાયા[3] શાળાની મુલાકાત. ⇕ નેય્યાથંગરા ⇕ કલ્લીકવલાઈ. ⇕ કુઝુ થોરાઇ. ⇕ કન્યાકુમારી : પરદેશ જઈ આવેલા હોવાથી મંદિરમાં અમુક હદ સુધી જ જઈ શકયા. ⇕ નાગરકોઈલ : માનપત્રો–સ્થળ સ્કોટ ક્રિશ્ચન કૉલેજ. ⇕ સુચિન્દ્રમ્ ⇕ ત્રિવેન્દ્રમ.

---

૧. જુઓ તા. ૧૯–૩–૨૪ની પાદટીપ.

૨. અંત્યજોની એક જાત.

૩. અંત્યજોની એક જાત.

૧૯૨૫-માર્ચ

૧૫ ત્રિવેન્દ્રમ્. ⇕ કુઝુકુટ્ટમ. ⇕ અતુંગલ. ⇕ કુંદરા ⇕ કોટ્ટારાકારાઈ. ⇕ અદૂર. ⇕ પંથલમ્. ⇕ ચેંગાનૂર : જ્યૉર્જ જોસફનાં માબાપને મળવા ગયા. ⇕ તીરૂવલ્લા. ⇕ ચંગનચેરી : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ કોટ્ટાયમ્ : જાહેરસભા અને માનપત્રો. ● ખ્રિસ્તી ધર્મગુરૂને મળવા ગયા. ● અનાથાશ્રમની મુલાકાત. ⇕ વાઇકોમ.

૧૬ વાઇકોમ.

૧૭ વાઈકોમ : પુલાયા પરિષદમાં હાજર, સ્થળ સત્યાગ્રહ આશ્રમ. ● સવર્ણ હિંદુ નેતા ઇંદનથુરીથી નાંબુદ્રીને મળ્યા. ● પોલીસ કમિશનર પિટ મળવા આવ્યા. ● કવિ વલ્લો થોલ નારાયણ મેનન મળવા આવ્યા, પોતે રચેલી કવિતાઓનો સંગ્રહ 'સાહિત્ય મંજરી' ભેટ આપી. આમાં 'મારા ગુરુ.' નામની કવિતા ગાંધીજી વિશે હતી.

૧૮ પારૂર : યુનિયન કૉલેજની મુલાકાત. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ અલવાઈ : નારાયણ ગુરુ સ્વામીએ સ્થાપેલા અદ્વૈત આશ્રમની મુલાકાત. ● ડૉ. પાલપસના હસ્તકળા પ્રદર્શનની મુલાકાત. ⇕ ત્રિચુર : માજી મહારાજાની મુલાકાત લીધી. ● વિવેકોદયમ્ હાઇસ્કૂલની મુલાકાત ● જાહેર સભા, સ્થળ તેકીનગડ મેદાન ● પુલાયાનું માનપત્ર. સ્થળ ગામનો છેડો. ⇕ વેદાકંચેરી. ⇕ ⇕ અલાતુર ⇕ પાલઘાટ. ⇕ ઓવલ કોટ : શબરી આશ્રમની મુલાકાત. ⇕ પાલઘાટ.

૧૯ પાલઘાટ ⇕ પોદનૂર : સત્કાર, રેલ્વે મજૂરો તરફથી. ⇕ તિરુપુર : ઉતારો પી.ડી. આશરને ત્યાં. ● વરસાદ માટે ઉપવાસ કરી રહેલા જય રામસ્વામી નાયકરની મુલાકાત. ● ઈદુવનપલયમ્ : હાથવણાટ કેન્દ્રની મુલાકાત. ● જાહેર સભા, માનપત્રો. ⇕ તિરુચેન્ગોડુ ⇕ પુદુપાલયમ.

૨૦ પુદુપાલયમ્ : રત્ન સભાપતિ ગુંદરને ઘેર ગયા.

૨૧ પુદુપાલયમ્ : જાહેર સભા. ● દેવદાસી સુધાર સભાનું માનપત્ર. ⇕ તિરુચેન્ગોડુ.

૨૨ મદ્રાસ : ઉતારો 'અમજાદ બાગ', એસ. શ્રી નિવાસ આયંગરને ત્યાં.

૧૯૨૫—માર્ચ—એપ્રિલ

● 'હિંદુ' પત્રની કચેરીમાં સ્વ. કસ્તુરી રંગા આયંગરની છબીની અનાવરણ વિધિ કરી.[1]

૨૩ થી ૨૪ મદ્રાસ.

૨૫ રસ્તામાં.

૨૬[2] મુંબઈ : પછાત વર્ગ તરફથી માનપત્ર. ● ગુજરાતી રાષ્ટ્રીયશાળાના કાર્યવાહકો સાથે ચર્ચા. ● કોંગ્રેસ હાઉસની ઉદ્‌ઘાટન વિધિ. ● રાષ્ટ્રીય સ્ત્રી સભાના આશ્રયે મળેલી સ્ત્રીઓની સભામાં ભાષણ; સ્થળ કોંગ્રેસ હાઉસ.

૨૭ થી ૩૧ અમદાવાદ.

એપ્રિલ

૧ અમદાવાદ.

૨ બોટાદ : અંત્યજ શાળાની મુલાકાત.[3] ● સમારંભમાં હાજર, સ્થળ દરબારગઢ. ⇕ ખસ. ⇕ વાવડી. ⇕ બોખરનેસ. ⇕ રાણપુર : ઉતારો 'સૌરાષ્ટ્ર' કાર્યાલયમાં. ● મ્યુનિસિપલ અંત્યજ શાળાની મુલાકાત. ● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને 'સૌરાષ્ટ્ર'

---

૧. એમનું અવસાન તા. ૧૨-૧૨-૨૩ના રોજ થયું હતું.

૨. આજના 'યંગ ઇન્ડિયા'મા ગાંધીજીનું તથા શૌકત અલીનું—બંનેના અલગઅલગ નિવેદનો, કોહાટના રમખાણુ અંગે છપાયાં. આ વખતે એ બંને વચ્ચેના મતભેદો જાહેર રીતે તીવ્રપણે બહાર આવ્યા. ગાંધીજીએ લખ્યું. 'There are material differences between us on the inferences we have drawn from the same facts. There are differences too in the degree of reliance we have placed upon the evidence given to us by witnesses.'

૩. આશ્રમમા સૌથી પહેલા દાખલ થનાર હરિજન દુદાભાઈનું આ ગામ છે અને શાળા પણ એમણે જ સ્થાપેલી હતી.

૧૯૨૫-એપ્રિલ

પત્રનું. ⇕ સોનગઢ : મહાવીર ચરિત્ર રત્નાશ્રમની મુલાકાત, અને ત્યાં રેંટિયાશાળા ખુલ્લી મૂકી. ● માનપત્ર, પ્રજા તરફથી, દરબારના હાથે. ⇕ મોખડકા. ⇕ મઢડા : શિવજીભાઈના આશ્રમની મુલાકાત. ● પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યા.

૩ મઢડા ⇕ પાલીતાણા : સ્ટેશને સત્કાર, ઠાકોરસાહેબ હાજર. ● અંત્યજ વાસની મુલાકાત. ● સભાઓ-સ્ત્રીઓની; જાહેર; માનપત્ર ઠાકોરસાહેબના હાથે.

૪ પાલીતાણા : શત્રુંજય પર્વત પગપાળા ચઢી, દર્શન કરી આવ્યા, સમય સવાર ● મુનીશ્રી કર્પુરવિજયજી સાથે કાંતવા અંગે ચર્ચા. ⇕ દામનગર. ⇕ ગારિયાધાર : જાહેરસભા. ⇕ લાઠી : અંત્યજ શાળાની મુલાકાત ● હરિજન માટે મંદિર બંધાવવા ઉઘરાણું થયું. ⇕ પાંચતળાવડાં. ⇕ અમરેલી : સુધરાઈ તરફથી માનપત્ર. ● કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં પ્રમુખપદે, સમય રાત.

૫ અમરેલી : હાથવણાટ અને સ્વદેશી કામગીરીનું પ્રદર્શન ખુલ્લું મૂક્યું. ● સમિતિની બેઠક ચાલુ.

૬ અમરેલી.

૭ અમરેલી ⇕ ચલાળા. ⇕ ઢસા. ⇕ હડાળા. ⇕ બગસરા : સભાઓ-સ્ત્રીઓની, સ્થળ ધર્મશાળા; જાહેર, સ્થળ ટિળક મેદાન ⇕ કુંકાવાવ.

૮ માંગરોળ : સભાઓ—સ્ત્રીઓની; ખારવાઓની, સ્થળ બંદર. ● શેખસાહેબની મુલાકાત લીધી. ● રમજાન મહિનો હતો છતાં મુસલમાનોએ ફળાહાર કરવા નોતર્યા. ⇕ માણાવદર. ⇕ માંગરોળ : જાહેર સભા, સમય રાત; ગાંધીજી બેઠા હતા તે માચડો તૂટયો પણ કોઈને ઈજા થઈ નહિ.

૯ માંગરોળ : અંત્યજવાસની મુલાકાત. ⇕ કેશોદ.

૧૦ રસ્તામાં

૧૧ મુંબઈ.

૧૨ મુંબઈ : ગુજરાત મંડળના આશ્રયે અપાયેલા, 'શ્રીમદ્ વલ્લભાચાર્યનું

૧૯૨૫-એપ્રિલ

તત્ત્વજ્ઞાન' એ વિષય ઉપરના ભાષણની સભામાં પ્રમુખસ્થાન માટે નર્મદાશંકર દેવશંકર મહેતાના નામની દરખાસ્ત મૂકી; સ્થળ હીરાબાગ.

૧૩[૧] મુંબઈ : જલિયાંવાલા બાગની કતલની યાદની સભામાં ભાષણ, પ્રમુખ સરોજિની નાઈડુ.

૧૪ મુંબઈ : શૌકતઅલી અને શ્વેબ કુરેશી સાથે ચર્ચા.

૧૫ બીલીમોરા. ⇕ કરાડી. ⇕ નવસારી : પારસીઓની સભા. ⇕ ગણદેવી. ⇕ અમલસાડ.

૧૬ સૂપા : ગુરુકુળની મુલાકાત, માનપત્ર. ⇕ સીસોદરા. ⇕ કાલિયાવાડી ⇕ નવસારી : મુલાકાતો—અંત્યજ આશ્રમ અને પારસી અગિયારી. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● જાહેર સભા.

૧૭ સજોદ. ⇕ અંકલેશ્વર. ⇕ ઝાડેશ્વર. ⇕ શુકલતીર્થ. ⇕ તવરા. ⇕ નિકોરા.

૧૮ સમની. ⇕ આમોદ : ઠાકોરસાહેબના મહેમાન. ⇕ જંબુસર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ કેરવાડા : ઠાકોરસાહેબના મહેમાન. ⇕ વાગરા. ⇕ ભરૂચ : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું તથા લોકલ બોર્ડનું. ● જાહેર સભા.

૧૯ થી ૨૨ અમદાવાદ.

૨૩ તિથલ : ઉતારો ભૂલાભાઈ દેસાઈના બંગલામાં.

૨૪ થી ૨૫ તિથલ.

૨૬ તિથલ ⇕ વલસાડ. ⇕ તિથલ.

૨૭ તિથલ.

૨૮ તિથલ ⇕ મુંબઈ : એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી. ● ગૌરક્ષા અંગેની યોજના વિચારવા અને મંજૂર રાખવાની (**All India Cow Protection Association**ના બંધારણ અંગેની) સભામાં પ્રમુખપદે, સ્થળ માધવબાગ.

૨૯ મુંબઈ : એની કાર્યવાહક સમિતિની બેઠકમાં હાજર. ● મથુરાદાસ ત્રીકમજીનાં માતાના બેસણામાં ગયા.

૩૦ રસ્તામાં.

---

૧. તાવ લાગુ પડયો.

૧૯૨૫—મે

૧ કલકત્તા : સ્ટેશનેથી રથમાં બેસાડીને લઈ ગયા; ઉતારો દાસબાબુને ત્યાં. ● જાહેર સભા; સ્થળ મિરઝાપુર પાર્ક; પ્રમુખ આચાર્ય રાય ⇕ ફરીદપુર; ઉતારો સુરેશચંદ્ર વિશ્વાસને ત્યાં.

૨[1] ફરીદપુર : બંગાળ પ્રાંતિક પરિષદમાં હાજર; પ્રમુખ ચિત્તરંજનદાસ. ● સ્વદેશી અને ખેતીવાડીનું પ્રદર્શન ખુલ્લું મૂક્યું. ● પ્રવચનો— હિંદુ સભામાં તથા યુવક પરિષદમાં. ● નામશૂદ્રોના નેતાઓ સાથે વાતચીત.

૩ ફરીદપુર : પ્રવચનો – અસ્પૃશ્યતા નિવારણ પરિષદમાં; મુસલમાનોની સભામાં; પ્રાંતિક પરિષદમાં; સ્ત્રીઓની સભામાં. ● મ્યુનિસિ-પાલિટીનું માનપત્ર.

૪ ફરીદપુર : પ્રાંતિક પરિષદમાં હાજર. ⇕ કલકત્તા.

૫ કલકત્તા : અમેરિકન કૉન્સલ મળવા આવ્યા.[2] ⇕ ચંદ્રનગર : લાયબ્રેરી અને પ્રદર્શનની મુલાકાત. ● જાહેર સભા ⇕ કલકત્તા.

૬ કલકત્તા : સરેન્દ્રનાથ બૅનરજીને મળવા ગયા. ● કાંતણ હરીફાઈમાં ભાગ લીધો. ● અષ્ટાંગ આયુર્વેદિક વિદ્યાલયના મકાનનો પાયો નાખ્યો.

૭ કલકત્તા : મહાબોધી સોસાયટીના આશ્રયે મળેલી બુદ્ધ જયંતીની સભામાં પ્રમુખપદે. આ સંસ્થાના પ્રમુખે સૂચના કરી હતી કે અત્યંજોએ બૌદ્ધ ધર્મ સ્વીકારવો. ગાંધીજીએ જવાબ આપ્યો. ⇕ ગોઆલોંદા.

૮ મલિકાંડા[3]: ગામડાંની સ્થિતિ ઉપર પ્રવચન. ⇕ ભાગ્યકૂલ. (=ભાગ્યકૂલ) ⇕ લોહગંજ : જાહેર સભા અને માનપત્ર.

૯ દિઘીરપાર : જાહેર સભા. ⇕ તલતોલા. ⇕ મલખાનગર : સભાઓ- સ્ત્રીઓની અને કાર્યકરોની. ⇕ ચાંદપુર.

---

૧. આજે આ ગામમાં મુસ્લિમ પરિષદ હતી પણ એમાં હાજર રહેવા ગાંધીજીને નિમંત્રણ નહોતું !

૨. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૩. પ્રફુલ્લચંદ્ર ઘોષનું ગામ.

૧૯૨૫-મે

૧૦ થી ૧૧ ચાંદપુર : માનપત્રો અને સભાઓ.

૧૨ ચાંદપુર. ⇕ ફેણી ⇕ મહાજનહાટ.

૧૩ ચિત્તગોંગ : માનપત્રો અને સભાઓ—જાહેર; વિદ્યાર્થીઓની; વેપારીઓની; માછીમારોની અને ઝાડુવાળાની. ⇕ નોઆખલી.

૧૪ નોઆખલી : સ્ત્રીઓની સભા. ● માનપત્રો – મ્યુનિસિપાલિટીનું તથા જિલ્લા બોર્ડનું, ⇕ કુમિલ્લા.

૧૫ કુમિલ્લા : જાહેર સભા અને માનપત્રો.

૧૬ કુમિલ્લા : સ્ત્રીઓની સભા. ● અભય આશ્રમની[1] મુલાકાત.

૧૭ નારાયણગંજ. ⇕ ઢાકા : માનપત્રો અને સભાઓ–જાહેર અને સ્ત્રીઓની.

૧૮ ઢાકા. ⇕ મૈમનસિંગ : ઉતારો મહારાજાના મહેલમાં. ● માનપત્રો અને સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૧૯ મૈમનસિંગ : માનપત્રો. ● ખાદી પ્રદર્શનની મુલાકાત.

૨૦ મૈમનસિંગ : તબિયત સહેજ નરમ.

૨૧ દીનાજપુર : જાહેર સભા, માનપત્રો, પ્રદર્શન.

૨૨ બોગરા : સત્કાર અને માનપત્રો. ● સ્ત્રીઓની સભા. ⇕ તલોડા : પ્રફુલ્લચંદ્ર રાયના ખાદીમથકની મુલાકાત.

૨૩ પાબના : સત્સંગ આશ્રમની મુલાકાત.[2] ● સર આશુતોષ ચૌધરી સ્મારકનો પાયો નાખ્યો. ● માનપત્રો અને જાહેર સભા.

૨૪ કલકત્તા.

૨૫ કલકત્તા : સર આશુતોષ મુકરજીની સંવત્સરીની સભામાં પ્રવચન. ⇕ બર્દવાન.

૨૬ બર્દવાન ⇕ હુગલી : જાહેર સભા અને માનપત્રો. ⇕ કલકત્તા.

---

૧. પ્રફુલ્લચંદ્ર ઘોષનો આશ્રમ.

૨. (૧) દેશબંધુ દાસના ગુરુનો આશ્રમ.

(૨) આધાર નં. ૨૩૦ના પાના ૧૩૯ ઉપરના લખાણની એવી મતલબ છે કે દેશબંધુ દાસના અવસાન બાદ ગાંધીજી અહીં આવ્યા હતા. પણ આ બંધબેસતું નથી.

૧૯૨૫-મે-જૂન

૨૭ કલકત્તા : ઍની બીસન્ટ તથા કવિવર ટાગોરની મુલાકાતો લીધી.

૨૮ કલકત્તા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● 'ફૉરવર્ડ' તથા 'બસુમતી' પત્રોની ઑફિસોની મુલાકાત. ● જાહેર સભા.

૨૯ શાંતિનિકેતન.

૩૦ શાંતિનિકેતન : કવિવર સાથે સામાજિક પ્રશ્નો વિશે વાતચીત. ● બડોદાદા[૧] સાથે વાતો.

૩૧ શાંતિનિકેતન : ખેતી વિભાગની મુલાકાત લીધી. ● કવિવર સાથે રાજકીય અને ધાર્મિક પ્રશ્નો વિશે તથા કાંતવા વિશે ત્રણ કલાક ચર્ચા.

જૂન

૧ બોલપુર.

૨ બોલપુર ⇕ કલકત્તા : દક્ષિણ કલકત્તા સેવક સમિતિનું માનપત્ર; સ્થળ રાષ્ટ્રીય શાળાનું મકાન.

૩ થી ૫ દાર્જીલિંગ : ઉતારો દેશબંધુ દાસને ત્યાં.

૬ દાર્જીલિંગ : ખ્રિસ્તી મિશનરી બહેનો સમક્ષ ભાષણ.

૭ દાર્જીલિંગ.

૮ દાર્જીલિંગ : 'સર્વે' ગ્રાફિક' ને એક લેખ મોકલ્યો અને 'વર્લ્ડ'ને પત્ર લખ્યો.

૯ દાર્જીલિંગ.

૧૦ જલપાઈગુરી : જાહેરસભા.

૧૧ નવાબગંજ : જાહેર સભા.

૧૨ જપસા ⇕ ભોજેશ્વર. ⇕ ઉપાસી.

૧૩ મદારીપુર : વેશ્યાઓનું કાંતણ પ્રદર્શન જોયું. ● શાંતિસેનાના કાર્યકરોને ઉપદેશ—પ્રથમ બહેનોની રક્ષા કરો, પતિત સ્ત્રીઓની સેવા કરો, એમને બીજો વ્યવસાય શોધી આપો.

૧૪ બારીસાલ : ઉતારો અશ્વિની કુમાર દત્તને ત્યાં. ● ધંધો કરતી વેશ્યાઓનું માનપત્ર સ્વીકારવા ના પાડી.

૧૫ બારીસાલ : ડિસ્ટ્રીક્ટ લોકલ બોર્ડના પ્રમુખને (જે મુસ્લિમ હતા તેમને) ઘેર રહેવા ગયા. ● સ્ત્રીઓની સભા અને માનપત્રો;

---

૧. દ્વિજેન્દ્રનાથ ટાગોર, કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મોટા ભાઇ.

૧૯૨૫-જૂન

૧૬[1] બારીસાલ.

૧૭ ખુલના : દેશબંધુના અવસાનના સમાચાર આવ્યા. ● સત્કાર, માનપત્રો. સભા-જવાબમાં દાસના મૃત્યુ અંગે હૃદય ઠાલવ્યું. ઘણા પ્રયત્નો છતાં રોવાઈ ગયું. ● બધા કાર્યક્રમો અને પ્રવાસ મોકૂફ રાખી કલકત્તા જવા નીકળ્યા. ● વાઈકોમમાં, મંદિર આજુબાજુના કેટલાક રસ્તા આજે, સૌ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા; બાકીના પણ ખુલ્લા મૂકવાના સરકારના પ્રયત્નમાં સાથ આપવાની દૃષ્ટિએ સત્યાગ્રહ મોકૂફ રાખવાનું સૂચવ્યું. ⇕ કલકત્તા.

૧૮ [2] કલકત્તા : દેશબંધુનું શબ લાવવામાં આવ્યું, એને ડબામાંથી બહાર કાઢવામાં ભાગ લીધો ● એમની સ્મશાન યાત્રામાં જાતે વ્યવસ્થા જાળવી.

૧૯ થી ૨૫ કલકત્તા.

૨૬ કલકત્તા : દેશબંધુ દાસના અવસાન નિમિત્તની, ગુજરાતીઓએ બોલાવેલી સભામાં પ્રમુખસ્થાને; સમય સાંજે સવા છ; સ્થળ આલ્ફ્રેડ થિયેટર.

૨૭ કલકત્તા : સ્વરાજ પક્ષની સભામાં હાજર અને પ્રવચન; દાસની જગ્યાએ નેતા તરીકે સેનગુપ્તાની વરણી.

૨૮ કલકત્તા : ઈન્સ્ટીટયૂટ હૉલમાં દાસબાબુને નિવાપાંજલી આપવા મળેલી સભામાં હાજર, સમય બપોરના બે.[3]

૨૯[4] કલકત્તા.

૩૦ કલકત્તા : યુનિવર્સિટી ઈન્સ્ટીટયૂટમાં દાસબાબુ અંગેની શોકસભામાં પ્રમુખસ્થાને; સમય સાંજ.

---

૧. દેશબંધુ દાસનું અવસાન; દાર્જીલિંગમાં 'સ્ટેપ એસાઇડ' નામના એમના નિવાસસ્થાને; સમય સાંજે પાંચ.

૨. આ અરસામાં ડા. બિધનચંદ્ર રોયનો ગાંધીજી સાથે મેળાપ થયો.

૩. આધાર નં. ૬૩ના ૧૯૨૫ (૧)ના પાના પચીસ ઉપર આની તા. ૨૯ જણાવી છે; પણ બીજા આધારોમાં તા. ૨૮ છે. આ સ્વીકારી છે.

૪. પ્રિન્સિપાલ સુશીલ કુમાર રુદ્રનું દિલ્હીમાં અવસાન.

૧૯૨૫-જુલાઈ

૧ પટણા. ⇕ કલકત્તા[૧] : દાસબાબુનો શ્રાદ્ધદિન; ક્રિયા વખતે હાજર અને આવનાર પાસેથી સ્મારક ફાળો ઉઘરાવ્યો. ● જાહેર સભામાં પ્રમુખપદે, સમય સાંજ, સ્થળ મેદાન. ● સ્ત્રીઓની સભા, સ્થળ યુનિવર્સિટી ઈન્સ્ટીટયૂટ હૉલ.

૨ કલકત્તા : ખિદરપુરમાં ફાટેલું હિંદુમુસ્લિમ રમખાણ શાંત પાડ્યું.

૩ કલકત્તા.

૪ ખડગપુર : (ખારગપુર). ⇕ કોન્ટાઈ. ⇕ મીદનાપુર.

૫ મીદનાપુર.

૬ મીદનાપુર ⇕ ખડગપુર.

૭ મીદનાપુર : રાણીને ત્યાં સોનાના વાસણમાં ભોજન. ● રાણીને ચરખો કાંતતાં શીખવ્યું.

૮ બાંકુરા.

૯ કલકત્તા : દાસબાબુના અવસાનથી ખાલી પડેલું, કલકત્તાનું મેયર પદ પૂરવા વિશે ચર્ચા.

૧૦ સીરાજગંજ.

૧૧ નવગાંવ. ⇕ અતરાઈ. ⇕ રાજશાહી.

૧૨ રાજશાહી. ⇕ નાતોર.

૧૩ કલકત્તા.

---

૧. આધાર નં. ૮૩ના પાના ૧૪ ઉપર છપાયેલા, ગાંધીજીએ બીરલાને લખેલા એક કાગળમાં સ્થળ અને તારીખ, અનુક્રમે પટણા અને ૧-૭-૨૫ છે. આ વિશે એમને પૂછતાં જવાબ આવ્યો કે બંને બરાબર છે. એટલે એમ બન્યું હોય કે ગાંધીજી આગલી રાત્રે કલકત્તાથી નીકળી, ૧લી એ પટણા પહોંચી, ત્યાંથી વહેલી સવારે નીકળી એ જ દિવસે કલકત્તા આવ્યા હશે અને દાસબાબુની શ્રાદ્ધ ક્રિયા વખતે હાજર રહ્યા હશે. પણ 'અમૃત બઝાર પત્રિકા'માં કે 'સર્ચ-લાઈટ'માં આ વિશે કાંઈ માહિતી નથી. આ પુસ્તકના ગુજરાતી અનુવાદના (આધાર નં. ૭૭)ના પાના ૧૯ ઉપર આ પત્ર છપાયો છે પણ ત્યાં સ્થળ (પટણા) લખ્યું નથી.

૧૯૨૫—જુલાઈ

૧૪ જેસોર. ⇕ ઝિંકેટ ગચ્છા : બંગીય ઈન્લેન્ડ સ્ટીમ નેવિગેશન ઍન્ડ ટ્રેડીંગ કંપની તરફથી આવકાર. ⇕ ખલીસપુર.

૧૫ કલકત્તા.

૧૬ કલકત્તા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● સ્વરાજ પાર્ટીની સભામાં, પોતે એના સભ્ય નહોતા છતાં હાજર રહી ભાગ લીધો. જો સ્વમાન જળવાતું હોય તો સરકાર સાથે સહકાર કરવાનો ઠરાવ ઘડી આપ્યો; સ્થળ દેશબંધુનું મકાન.

૧૭[1] કલકત્તા : ૧૬મી વાળી બંને સભામાં હાજર.

૧૮ [કલકત્તા].

૧૯ કલકત્તા : સ્વરાજ પાર્ટીના મોવડી પંડિત મોતીલાલ નહેરૂને પત્ર લખી, પાર્ટીને, બેળગાંવ સમજૂતીમાંથી મુક્તિ આપી. ● હિંદુ સભાના પ્રતિનિધિઓ મુલાકાતે આવ્યા. ● બંગાળ પ્રાંતીય અગ્રવાલ સભામાં પ્રવચન.

૨૦ થી ૨૧[2] કલકત્તા.

૨૨ કલકત્તા. ⇕ સુરી.

૨૩ કલકત્તા.

૨૪ કલકત્તા : યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ પ્રવચન; સ્થળ ગ્રાન્ડ હૉટલ; પ્રમુખ મિ. પેજ.[3] ● આશ્રમમાં આવવા નિમંત્રણ આપતો પત્ર મીરાં બહેનને લખ્યો.

૨૫ કલકત્તા : 'ઈંગ્લીશમૅન'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

૨૬ કલકત્તા : Temperanceની સભામાં પ્રવચન; સ્થળ આલ્બર્ટ હૉલ; પ્રમુખ સર્વાધિકારી.

---

૧. કલકત્તા મ્યુનિસિપલ કૉરપોરેશનના મેયરપદે જે. એમ. સેન ગુપ્તા ચૂંટાયા.

૨, આ અરસામાં જમણો હાથ ખોટકાઈ ગયો.

૩. 'મુંબઈ ગુજરાતી' અને 'પ્રજાબંધુ'માં આની ત. ૨૩ છે; પરંતુ 'અમૃતબઝાર પત્રિકા' તથા બીજામાં ૨૪ છે; અને એ પ્રમાણભૂત માની છે.

૧૯૨૫-જુલાઈ-ઑગસ્ટ

૨૭ કલકત્તા.

૨૮ કલકત્તા : ઍંગ્લો-ઈન્ડિયનોના નેતા મોરેનો મળવા આવ્યા. ● ખ્રિસ્તી મિશનરીઓની પરિષદ સમક્ષ પ્રવચન; સ્થળ Y. M. C. A.નું મકાન. ⇕ ટીટાઘર.

૨૯ કલકત્તા ઍંગ્લો-ઈન્ડિયન લીગના આશ્રયે મળેલી એમની સભામાં પ્રવચન; સ્થળ વેલેસ્લી સ્કવૅર; પ્રમુખ ડૉ. મોરેનો.

૩૦ કલકત્તા : મેયરની પસંદગી[1] અંગે નિવેદન બહાર પાડયું.

૩૧ કલકત્તા : એ. રસુલની[2] મૃત્યુદિનની સભામાં હિંદુમુસ્લિમ ઐકય વિશે ભાષણ.

ઑગસ્ટ

૧ કલકત્તા : લોકમાન્ય ટિળકની પુણ્યતિથિ નિમિત્તની સભામાં પ્રવચન; સ્થળ આલ્બર્ટ હૉલ; પ્રમુખ જે. એમ. સેનગુપ્તા.

૨ કલકત્તા : દરભંગાના મહારાજાને મળવા ગયા.

૩ કલકત્તા : એમણે વાસંતીદેવી[3] અને ગાંધીજીની મુલાકાત લીધી.[4]

૪ કલકત્તા.

૫ અઝીમગંજ. ⇕ ઝીઆગંજ. ⇕ આઝીમગંજ.

૬[5] આઝીમગંજ ⇕ નાશીપુર ⇕ લાલબાગ ⇕ બરહામપુર.

---

૧. જુઓ તા. ૧૭ની પાદટીપ.

૨. આ ગૃહસ્થ હિંદુમુસ્લિમ ઐકય અને સ્વદેશીના ચુસ્ત હિમાયતી હતા. એમનું અવસાન તા. ૩૧-૭-૧૭ના રોજ થયું હતું.

૩. દાસબાબુનાં વિધવા.

૪. આ મુલાકાત કયાં થઈ હતી એ માહિતી મળી નથી. એવું અનુમાન થઇ શકે કે મહારાજા, વાસંતીદેવીના ઘેર આવ્યા હશે અને ગાંધીજી એ વખતે હાજર હશે.

૫. સુરેન્દ્રનાથ બેનરજીનું અવસાન થયું.

૧૯૨૫-ઑગસ્ટ

૭ કલકત્તા. ⇕ બરાકપુર : સુરેન્દ્રનાથ બૅનરજીના ઘેર એમના કુટુંબીઓને દિલાસો આપવા ગયા.[1] ⇕ જમશેદપુર.

૮ જમશેદપુર : કારખાનું જોયું. ● હિંદી મંડળ સમક્ષ પ્રવચન.

૯ જમશેદપુર : સભાઓ—સ્ત્રીઓની અને મજૂરોની. ● માનપત્ર; સ્થળ નોર્ધર્ન ટાઉન ઇન્સ્ટીટ્યૂટ.

૧૦ થી ૧૧ કલકત્તા.

૧૨ કલકત્તા : ખ્રિસ્તી યુવક મંડળ સમક્ષ પ્રવચન.

૧૩ કલકત્તા.

૧૪ કલકત્તા. ⇕ દક્ષિણેશ્વર. ⇕ સીરામપુર : વણાટ શાળાની મુલાકાત લીધી. ⇕ કલકત્તા.

૧૫ કલકત્તા : સુરેન્દ્રનાથ બૅનરજીની શોકસભામાં પ્રવચન; સ્થળ ટાઉનહૉલ; પ્રમુખ બર્દ્વાનના મહારાજા.

૧૬ કલકત્તા : એમની શ્રાદ્ધ ક્રિયા વખતે હાજર.[2]

૧૭ કલકત્તા.

૧૮ કલકત્તા : રોટરી ક્લબ સમક્ષ, **Economic and Spiritual Value of Charkha** ઉપર ભાષણ; સમય શાકાહારી ભોજન પછી; સ્થળ ગ્રાન્ડ હૉટલ; પ્રમુખ મિ. જેમ્સ.

૧૯ કટક : ઉતારો મધુસુદન દાસને ત્યાં. ● ઉત્કલ ચર્માલયની મુલાકાત, એમનું માનપત્ર. ● જાહેર સભા.

૨૦ કટક : ખ્રિસ્તી હિંદીઓ સમક્ષ પ્રવચન. ● સ્ત્રીઓની સભા, સમય સાંજ. ● રક્તપિત્તિયા હૉસ્પિટલની મુલાકાત લીધી. ● જગતસિંગપુરના અલકા આશ્રમના વિદ્યાર્થીઓને ઉદ્બોધન.

૨૧ થી ૨૩[3] કલકત્તા.

---

૧ સાથે એન્ડ્રૂઝ હતા.

૨. સ્વગતના સૌથી નાના જમાઈ બી. સી. ચેટરજી ગાંધીજીને લેવા આવ્યા હતા.

૩. દરમિયાન તા. ૨૨મીએ વિઠ્ઠલભાઇ પટેલ વડી ધારાસભાના પ્રમુખપદે, બીજા ઉમેદવારને હરાવીને, ચૂંટાયા.

૨૪ કલકત્તા. ⇕ ટીટાઘર : આગલા દિવસે ફાટેલા હિંદુ મુસ્લિમ રમખાણ અંગે બંને કોમોના આગેવાનો સાથે ચર્ચા.

૨૫ કલકત્તા : ભાષણ, સ્થળ Y. M. C. A. નો ઑવરટન હૉલ; પ્રમુખ, રેવ. ઉરકુહાર્ટ; પ્રવેશ ફીની આવક દેશબંધુ સ્મારક ફાળામાં.

૨૬ ટીટાઘર.

૨૭ કલકત્તા : બંને કોમો વચ્ચે સમાધાન કરાવ્યું.

૨૮ કલકત્તા : મૅકેનો ક્લબના આશ્રયે દેશબંધુ સ્મારકના સ્થાનિક ફાળા માટે કરવામાં આવેલા સંગીત જલસામાં હાજર; ઑવરટન હૉલ; પ્રમુખ રેવ. શૉર.

૨૯ કલકત્તા.

૩૦ કલકત્તા : સાર્વજનિક ગણપતિ ઉત્સવમાં ભાગ લીધો.

૩૧ કલકત્તા : વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન, સ્થળ થિયેટર હૉલ.

સપ્ટેમ્બર

૧ કલકત્તા.

૨ રસ્તામાં.

૩ મુંબઈ : ઉતારો મણિભુવનમાં. ● તિલક કન્યાશાળામાં ભજવાયેલું 'શૂર અબળા'નું નાટક જોયું.

૪ મુંબઈ : દાદાભાઈ જન્મ શતાબ્દીની ઉજવણીમાં પ્રમુખપદે; સમય સાંજે પોણા-પાંચ; સ્થળ કાવસજી જહાંગીર હૉલ.

૫ અમદાવાદ : વિદ્યાર્થીસંઘ સ્થાપવા મળેલી સભાને સંદેશો મોકલ્યો.

૬ અમદાવાદ : મજૂર મહાજનના પ્રતિનિધિઓને સંબોધન; સમય સવારે સાડા છ; સ્થળ મીરજાપુર અનસૂયાબહેનનો બંગલો ● મજુર-શાળાના વિદ્યાર્થીઓને સંબોધન; સમય સવારે આઠ; સ્થળ મીરજાપુર શેઠ અંબાલાલનો બંગલો. ● મજુર મહાજનની વાર્ષિક સભામાં પ્રવચન સમય સાંજે પાંચ; સ્થળ અમર બાવળિયો.

૭ [અમદાવાદ].

૮ અમદાવાદ : સરકસવાળા રામમૂર્તિ મળવા આવ્યા, વહેલી સવારે.

૯ અમદાવાદ.

૧૯૨૫–સપ્ટેમ્બર

૧૦ મુંબઈ.

૧૧ રસ્તામાં.

૧૨ પુરૂલિયા : ઉતારો દેશબંધુ દાસના પિતાએ બાંધેલા ઘરમાં. ● ખુલ્લાં મૂક્યાં –ખાદી પ્રદર્શન; દેશબંધુ દાસની છબી; દેશબંધુ એવન્યુ અને દેશબંધુ રોડ. ● સોળમી બિહાર પ્રાંતિક રાજકીય પરિષદમાં હાજર.

૧૩ પુરૂલિયા : રક્તપિત્તિયાઓના આશ્રમની મુલાકાત; દર્દીના શરીરે હાથ ફેરવી માયા બતાવી; ડૉક્ટરે દવાવાળા પાણીનો વાટકો હાથ ધોવા ધર્યો; ગાંધીજીએ ધીરા સાદે કહ્યું 'આમના દેખતા ધોઉં તો એમને ઓછું આવે; પછી ધોઈશ.'

૧૪ પુરૂલિયા.

૧૫ ચાઈબાસા : ગૌશાળાનું માનપત્ર.

૧૬ રાંચી : સ્ત્રીઓની સભા. ● માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને અંત્યજોનું.

૧૭ રાંચી : સ્વામી યોગાનંદના બ્રહ્મચર્યાશ્રમની મુલાકાત. ● જાહેર સભા, માનપત્ર. ● દેશબંધુ ફાળા માટેના બે નાટય પ્રયોગોમાં હાજર.

૧૮ રાંચી. ⇕ હજારીબાગ : સેંટ કોલંબસ કૉલેજમાં પ્રવચન.

૧૯ ગયા.

૨૦[1] પટણા.

૨૧ પટણા : જિલ્લા ખિલાફત પરિષદમાં પ્રવચન; પ્રમુખ મૌલાના શૌકતઅલી. ● અખિલ ભારત ચરખા સંઘ સ્થાપવા અંગે ઑ. ઈ. કોં. ક.ના સભ્યો સાથે ચર્ચા.

૨૨ પટણા : એની બેઠકમાં પ્રમુખપદે; આવો સંઘ સ્થાપવા ઠરાવ થયો.

૨૩ પટણા : બેઠક ચાલુ; સંઘનું બંધારણ મંજૂર થયું.

૨૪ પટણા : સંઘના બંધારણને આખરી સ્વરૂપ અપાયું. ● જાહેર સભા અને માનપત્રો; સ્થળ બેપ્ટિસ્ટ મિશન કંપાઉન્ડ.

૨૫ થી ૨૮ પટણા.

---

૧. આજના નવજીવનમાં પોતાના નામનો દુરુપયોગ કઇ રીતે થયો છે એ અંગે ગાંધીજીએ લખ્યું.

૧૯૨૫—સપ્ટેમ્બર-ઑક્ટોબર

૨૯ પટણા : ખુદાબક્ષ ઓરીએન્ટલ લાયબ્રેરીની મુલાકાત; સમય સવાર. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર;[૧] સમય સાંજ; સ્થળ મંગલા તળાવ.

૩૦ પટણા : મુલાકાતો લીધી—ગુલઝારબાગ ગ્રામોદ્યોગ કેન્દ્રની અને જ્ઞાનેશ્વરાનંદ આશ્રમની ⇕ મલખાચક : ગાંધી કુટિરની મુલાકાત. ⇕ પટણા.

ઑક્ટોબર

૧ ભાગલપુર : ઉતારો બાબુ કમલેશ્વરી સહાયને ત્યાં. ● પ્રાંતિક મારવાડી સંમેલનમાં હાજર. ● સભાઓ અને માનપત્રો. ● બંગાળી સમાજની મુલાકાત.

૨ ભાગલપુર : સ્ત્રીઓની સભા ⇕ બંકા : જિલ્લા પરિષદમાં હાજર.

૩ બંકા : પરિષદ ચાલુ. ⇕ વૈદ્યનાથ ધામ (=દેવગઢ.)

૪ વૈદ્યનાથ ધામ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૫ વૈદ્યનાથ ધામ. ⇕ જશીદી. ⇕ માધુપુર : ટાઉનહૉલ ખુલ્લો મૂકયો. ⇕ ગીરીદીહ : ઉતારો પંચાંબામાં.

૬ ગીરીદીહ : ગૌશાળાનું માનપત્ર. ⇕ ખડકદેહા (=ખેરાદીહા) ⇕ ગીરીદીહ.

૭ ગીરીદીહ : સ્ત્રીઓની સભા.

૮ ગીરીદીહ. ⇕ માધુપુર.

૯ કટીહાર : સભાઓ અને માનપત્રો.

૧૦ કિશનગંજ.

૧૧ આરા. ⇕ અરારિયા : રામકૃષ્ણ સેવાશ્રમની મુલાકાત. ⇕ ફોરબ્સગંજ. ⇕ પૂર્ણિયા : ઉતારો કુમાર ગંગનાથ સિંગને ત્યાં.

૧૨ પૂર્ણિયા.

૧૩ પૂર્ણિયા. ⇕ વિષ્ણુપુર : સભાઓ ● પુસ્તકાલય અને વાંચનાલય ખુલ્લાં મૂકયાં. ● પાંચેક માઈલ દૂર આવેલા ધરમપુર ગામના ગાંધી વિદ્યાલયના મકાનનો શિલારોપણ વિધિ, ત્યાંથી લાવવામાં આવેલી એક ઇંટને હાથ અડાડીને કર્યો. (ગાંધીજીની તબિયત બરાબર નહોતી.) સૌને સંતોષ થયો.

---

૧. આધાર નં. ૧૮૩ના ભાગ ૧ના પાના ૬૨૭-૬૨૮ ઉપર અને આધાર નં. ૪૧ના પાના ૧૨ ઉપર આની તા. ૨૩ જણાવી છે; પરંતુ 'સર્ચલાઇટ'ના તા. ૭-૧૦-૨૫ના અંકમાં તા. ૨૯ જણાવી છે અને એ આધારભૂત માની છે.

૧૯૨૫—ઑક્ટોબર

૧૪ પૂર્ણિયા ⇕ કટીહાર.

૧૫[1] કટીહાર. ⇕ હાજીપુર : સભાઓ, માનપત્રો. ● બાબુ દેવેન્દ્ર પ્રસાદ શુક્લને મળવા ગયા.

૧૬ હાજીપુર. ⇕ સોનપુર.[2] ⇕ છપરા. ⇕ બાલિયા : જાહેરસભા. ⇕ બનારસ.

૧૭ લખનૌ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર; પ્રમુખ ચૌધરી ખલીકુઝમાન. ● સ્ત્રીઓની કૉલેજની મુલાકાત ⇕ સીતાપુર : હિંદુસભા તરફથી માનપત્ર.

૧૮ સીતાપુર : હિંદી સાહિત્ય સંમેલનમાં હાજર. ● સંયુક્ત પ્રાંત રાજકીય પરિષદમાં બોલ્યા; સમય સાંજ; પ્રમુખ મૌલાના શૌકતઅલી.

૧૯ સીતાપુર.

૨૦ મુંબઈ.

૨૧ મુંબઈ : કચ્છ જવા 'રૂપવતી' આગબોટમાં નીકળ્યા.

૨૨ દ્વારકા. ⇕ માંડવી : સ્વાગત શેઠ માનસિંગ કચરાભાઈ તરફથી. ● આગબોટમાંથી દરબારી લોંચમાં, પછી મછવામાં, પછી બળદગાડીમાં અને પછી કાદવમાં પગે ચાલીને કિનારે આવ્યા. ⇕ કોયડા. ⇕ ભૂજ : ઉતારો રાજ તરફથી સંસ્કૃત પાઠશાળામાં. ● સરઘસ; જાહેર સભા અને માનપત્ર; સ્થળ નાગરોની વાડી, માનપત્ર નગરશેઠ સાકરચંદ પાનાચંદે વાંચ્યું; ચાંદીના રેંટિયાની ભેટ. અંત્યજોને અલગ બેસાડયા. ગાંધીજીએ ત્યાં જઈ ભાષણ કર્યું.

૨૩ ભૂજ : મહારાવની મુલાકાત લીધી. ● જાહેરસભા; અંત્યજોને દૂર ન બેસાડયા.

૨૪ ભૂજ : મોઢ વણિક જ્ઞાતિ તરફથી સત્કાર. ● સભાઓ—સ્ત્રીઓની અને અંત્યજોની.

૨૫[3] ભૂજ. ⇕ માનકૂવા. ⇕ દેશલપુર. ⇕ મંજલ : સાધવી મેયાનું

---

૧. આજે (ધનતેરસના દિવસે) ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસની સગાઈ નિર્મળા સાથે થઈ. ગાંધીજી હાજર નહોતા.

૨. સોનપુર—નામ સોનાપુર હશે. (ભૂમિપુત્ર ૨૬-૪-૭૭ પા-૨).

૩. મીરાંબહેન, હિંદ આવવા માર્સેલ્સથી નીકળ્યાં.

સ્વાગત. ⇕ મંગવાણા. ⇕ રોહા. ⇕ કોટડા : અંત્યજશાળાનો પાયો નાખ્યો. ● રાત્રે નીકળ્યા; બળદગાડી, ગાડું, પાલખી અને ચાર પૈડાંવાળા ગામમાં ૨૮ માઈલની મુસાફરી.

૨૬ કોઠારા : માનપત્ર, જાહેરસભા.

૨૭ કોઠારા. ⇕ વીંઝાણ : જાહેર સભા અને માનપત્ર, વાંચનાર જીવરાજ નેણસી. ⇕ કુમરા. ⇕ નારણપુર : કુમાર મંડળ તરફથી માનપત્ર ⇕ કુમરા.

૨૮ કુમરા. ⇕ ગોધરા (કચ્છ) : ઉતારો શેઠ ઠાકરસીના બંગલે.

૨૯ ગોધરા (કચ્છ) : જાહેર સભા.

૩૦ માંડવી : સત્કાર અને સરઘસ. ● લોહાણા બોર્ડિંગની મુલાકાત. ● જાહેર સભા અને માનપત્ર, સમય સાંજ. અંત્યજો માટે અલગ રસ્તો અને તે પણ ગંદી ગલીમાં થઈને. માનપત્ર સ્વીકારવા ના પાડી.

૩૧ માંડવી : વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દ્રજીની સૂચના અનુસાર વૃક્ષારોપણ, સ્થળનું નામ 'ગાંધીકુંજ' અને ઝાડનું નામ 'ગાંધી વડલો' રાખ્યું.[૧] ● જાહેર સભા અને માનપત્ર; વાંચનાર પુરુષોત્તમ ધનજીભાઈ. ● રાજચન્દ્ર જન્મતિથિ અંગે પ્રવચન.

નવેમ્બર

૧ ભૂજપુર : ઉતારો ધર્મશાળામાં. ● સભા; સમય સવારે સાત; જુનવાણીઓએ સભા ન કરી એટલે સભા ઢેડવાડે થઈ.

૨ મુંદ્રા : જાહેર સભા. અસ્પૃશ્યોની અવગણના.

૩ મુંદ્રા. ⇕ ભૂજ. ⇕ માધાપુર. ⇕ કુકમા. ⇕ રતનાલ. ⇕ અંજાર.

૪ અંજાર : જાહેર સભા. ⇕ તૂણા.[૨] ⇕ જામનગર : રોઝી બંદર ઊતર્યા; રાજ તરફથી સત્કાર. ● માનપત્ર, સ્થળ બીડેશ્વર મહાદેવ.

---

૧. એકાદ દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૨. કચ્છની મુસાફરીની દિનવારીમાં કોકકોક સ્થળે એકાદ દિવસ આગળપાછળ હોવાનો સંભવ છે.

૧૯૨૫—નવેમ્બર

૫ જામનગર. ⇕ રાજકોટ. ⇕ અમદાવાદ.

૬[1] અમદાવાદ.

૭ અમદાવાદ : મીરાં બહેન આવ્યાં અને મળ્યાં.

૮ અમદાવાદ.

૯ અમદાવાદ : પ્રફુલ્લચંદ્ર રૉય તથા રાજાજી મળવા આવ્યા.

૧૦ થી ૧૨ અમદાવાદ : ચરખાસંઘની બેઠકો.

૧૩ થી ૧૫[2] અમદાવાદ.

૧૬ અમદાવાદ : ચરખાસંઘની બેઠક.

૧૭ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : યુવક સપ્તાહની ઉજવણી અંગેનું પ્રદર્શન ખુલ્લું મૂક્યું; સમય સાંજે પાંચ; સ્થળ ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટીટ્યૂટ. ● આશ્રમશાળાના બાળકોની જાતીય મલિનતાના કારણે ઉપવાસ કરવાનો વિચાર આવ્યો.

૨૩[3] અમદાવાદ : ઉપવાસ અંગે મનોમંથન.

૨૪ અમદાવાદ : સાત દિવસના ઉપવાસની જાહેરાત સવારની પ્રાર્થના વખતે કરી.

૨૫ થી ૨૮ અમદાવાદ : ઉપવાસ ચાલુ

૨૯ અમદાવાદ : ઉપવાસ ચાલુ ● અંબાલાલ સારાભાઈ સહકુટુંબ આવ્યા.

૩૦ અમદાવાદ : ઉપવાસ ચાલુ.

---

૧. મીરાંબહેન મુંબઈ આવ્યાં.

૨. દરમિયાન તા. ૧૫મીએ આશ્રમમાં ગાંધી સેવાસંઘની બેઠક મળી હતી.

૩. આધાર નં. ૬૩ના વૉલ્યુમ ૧૯૨૫(૨) માં આજની નોંધમાં જણાવ્યું છે 'Vaikom Satyagraha withdrawn–Temple entry open to Non-Caste Hindus' આ વિધાન સાચું નથી. હરિજનો માટે મંદિર પ્રવેશની ચળવળ આ વખતે ચાલતી જ નહોતી અને એ પ્રકારની છૂટ એમને આપવામાં આવી પણ નહોતી.

૧૯૨૫—ડિસેમ્બર

૧ અમદાવાદ : ઉપવાસ પૂરા થયા; પારણા સવારે સાડા સાત વાગ્યે.

૨ થી ૪ અમદાવાદ : શાંતિ માટે શેઠ અંબાલાલને ત્યાં; દરમિયાન, મોતીલાલ નહેરુ, સરોજિની નાઈડુ મળવા આવ્યાં.

૫[1] અમદાવાદ : વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇન્દ્રજી મળવા આવ્યા. ● વિદ્યાપીઠ પદવીદાન સમારંભમાં પ્રવચન. ● વિદ્યાપીઠના ચોગાનમાં ઝાડ રોપ્યું. ● વિદ્યાપીઠના સ્નેહસંમેલનમાં પ્રમુખપદે, સમય સાંજ.

૬ અમદાવાદ. ⇕ ધોળકા : ઉતારો શંકરપ્રસાદ મૂળશંકર ત્રિવેદીને ત્યાં. ● સભાઓ અને માનપત્રો–સ્ત્રીઓની, સમય સાંજના ચાર, સ્થળ મોઢની વાડી; જાહેર.

૭ ધોળકા. ⇕ અમદાવાદ.

૮ મુંબઈ : રાષ્ટ્રીય શાળાના વાર્ષિક મેળાવડામાં પ્રમુખપદે.

૯ મુંબઈ.

૧૦ થી ૧૬ વર્ધા.

૧૭ વર્ધા : દક્ષિણ આફ્રિકાથી આવેલું પ્રતિનિધિ મંડળ સ્ટેશનેથી પસાર થતું હતું એમને મળવા સ્ટેશને ગયા.

૧૮ થી ૨૨ વર્ધા.

૨૩ કાનપુર : સત્કાર, સરઘસ. કૉંગ્રેસની આવતી બેઠકનાં પ્રમુખ સરોજિની નાઈડુ સાથે હતાં.

૨૪ કાનપુર (તિલકનગર) : ઑ. ઈ. કૉં. ક.ની બેઠકમાં પ્રમુખપદે, સરોજિની નાઈડુને ચાર્જ સોંપ્યો.[2] ● ઑલ ઇન્ડિયા ખિલાફત પરિષદમાં હાજર. ● ખાદી તથા સ્વદેશી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.

---

૧. (૧) ગૂજરાત વિદ્યાપીઠ સુધાર સમિતિ નિમાઈ.

(૨) જયકૃષ્ણભાઈએ આશ્રમમાં વડનું ઝાડ રોપ્યું. એ વખતે ગાંધીજી હાજર હશે.

(૩) આધાર નં. ૧૨૬ના ભાગ બીજાના પાના ૨૬૪ પછીનાં ચિત્રો પૈકી એક ચિત્ર નીચે એ મતલબનું લખાણ છે કે આજે ગાંધીજીએ, આચાર્ય ગિદ્‌વાણીની છબીની અનાવરણ વિધિ કરી. પરંતુ આ સાચું લાગતું નથી કારણ કે બીજા કોઈ આધારમાં આનો ઉલ્લેખ નથી. તથા જુઓ આગળ આવતી તા. ૧૫–૧–૨૮.

૨. આધાર નં. ૨૫૫ના પાના ૧૩૪ ઉપર જણાવ્યું છે કે ૧૯૨૫ની કૉંગ્રેસની બેઠકના પ્રમુખ તરીકે ગાંધીજીની ફરીથી વરણી કરવામાં આવી હતી. પણ આ ભૂલ છે.

૧૯૨૫-ડિસેમ્બર; ૧૯૨૬-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૨૫ કાનપુર : ચરખા સંઘની તથા કૉંગ્રેસની વિષય વિચારિણી સભાની બેઠકોમાં હાજર.
૨૬ કાનપુર : ચરખા સંઘની તથા કૉંગ્રેસની બેઠકોમાં હાજર.
૨૭ કાનપુર : ચરખા સંઘની બેઠકમાં હાજર.
૨૮[૧] થી ૨૯ કાનપુર.
૩૦ રસ્તામાં
૩૧ અમદાવાદ.[૨]

જાન્યુઆરી

૧ થી ૧૭ અમદાવાદ.[૩]
૧૮ અમદાવાદ : સુકન્યાના લગ્નમાં હાજર.[૪]
૧૯ થી ૩૧[૫] અમદાવાદ : તબિયત નરમ.

ફેબ્રુઆરી

૧ અમદાવાદ : તબિયત નરમ.
૨ અમદાવાદ : તબિયત નરમ. ● આશ્રમની મિલકતનું ટ્રસ્ટ કર્યું.[૬]
૩ થી ૮ અમદાવાદ.
૯ અમદાવાદ : એક સ્ટેનો-ટાઈપીસ્ટ રાખી લીધો.

---

૧. તા. ૨૮મીએ કાનપુર મ્યુનિસિપાલિટી તરફથી ગાંધીજી વગેરેને માનપત્ર આપવામાં આવ્યાં હતાં પણ ગાંધીજી જઈ શક્યા નહોતા.

૨. તબિયતના કારણે, અગર કોઈ અણધાર્યો પ્રસંગ ઉપસ્થિત થાય, તે સિવાય એક વર્ષ સુધી આશ્રમ બહાર નહિ જવાનું વ્રત, આ અરસામાં લીધું; અને એ દરમિયાન, આરામ લેવો, આશ્રમને વ્યવસ્થિત કરવો અને અ. ભા. ચરખાસંઘને વધુ કાર્યશીલ બનાવવું એવો મનસૂબો ઘડ્યો.

૩. દરમિયાન (૧) વિનોબા આશ્રમમાં આવ્યા.
(૨) તા. ૯મીએ હોર્નિમૅન હિન્દ પાછા આવ્યા.

૪. લક્ષ્મીદાસ આશરનાં પુત્રી સુકન્યા ઉર્ફે મોતીબહેનનાં લગ્ન નાજુકલાલ ચોકસી સાથે થયાં હતાં.

૫. (૧) દરમિયાન તા. ૧૯ના રોજ દ્વિજેન્દ્રનાથ ટાગોર (બડોદાદા) શાંતિનિકેતનમાં ગુજર્યા.
(૨) દરમિયાન તા. ૨૩મીએ મૌલાના અબ્દુલ બારી ગુજર્યા.
(૩) આગામી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ગાંધીજીનું નામ સૂચવ્યું હતું, પણ ગાંધીજીએ તા. ૨૩ અગાઉ ના લખી દીધી હતી.

૬. આની તૈયારી તા. ૧૮-૮-૨૫ થી થઈ હતી છેવટનો દસ્તાવેજ તા. ૧૨ના રોજ રજીસ્ટર્ડ કરાવ્યો.

૧૯૨૬-ફેબ્રુઆરી-માર્ચ

૧૦ અમદાવાદ : 'તમે લેખો લખશો? શું પૈસા લેશો?' એવા એક પત્રના જવાબમાં લખ્યું. 'હું પૈસા માટે કાંઈ લખતો નથી.'

૧૧ થી ૧૨ અમદાવાદ.

૧૩ અમદાવાદ : સ્વામી શ્રદ્ધાનંદ મળવા આવ્યા.

૧૪ અમદાવાદ : દક્ષિણ આફ્રિકાથી આવેલા પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા.

૧૫ અમદાવાદ : બડોદાદાની શ્રાદ્ધતિથિ નિમિત્તે સંદેશો મોકલ્યો.

૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : લક્ષ્મીના વાળ કાપી નાખ્યા-ગુનો જૂઠું બોલી. સવારની પ્રાર્થનામાં પાલિત પુત્રી લક્ષ્મી મોડી આવી; બહુ દબાણ પછી એણે કહ્યું 'વાળ હોળતાં મોડું થયું.' પ્રાર્થના પૂરી થયા પછી 'આ જ વાળ વચ્ચે આવે છે' એમ કહી લક્ષ્મીના વાળ ગાંધીજીએ પોતે કાપી નાખ્યા.

૧૮ અમદાવાદ.

૧૯ અમદાવાદ : જમનાલાલ બજાજ મળવા આવ્યા.

૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : આશ્રમમાં હાસાનંદના જાદુઈ ખેલો જોયા.

૨૨ થી ૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ : આશ્રમમાં ગીતા પ્રવચન[૧]

૨૫ થી ૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ : મોતીલાલ નહેરુ સાથે ચર્ચા. ● સરખા સંઘની બેઠક.

૨૮[૨] અમદાવાદ : ચર્ચા ચાલુ. ● જમનાલાલ બજાજનાં પુત્રી કમલાના લગ્નમાં હાજર.[૩]

માર્ચ

૧ અમદાવાદ : ચર્ચા ચાલુ.

૨ થી ૭ અમદાવાદ

૮ અમદાવાદ : માલવિયાજી મળવા આવ્યા.

૯ થી ૧૬[૪] અમદાવાદ.

---

૧. ત્યાર પછી પ્રવચન રોજ ચાલતું; જો કે વચ્ચેવચ્ચે દિવસો પડતા હતા. છેલ્લું પ્રવચન તા. ૨૩-૧૧-૨૬ના રોજ હતું.

૨. આ માસમાં મદ્રાસ યુનિવર્સિટીએ ગાંધીજીને માનદ L.Ld.ની પદવી એનાયત કરી.

૩. એમના લગ્ન રામેશ્વર પ્રસાદ નેવટિયા સાથે થયાં હતાં.

૪. આ સમય દરમિયાન સતીશબાબુ તથા એમનું કુટુંબ આવ્યું.

૧૯૨૬—માર્ચ—એપ્રિલ

૧૭[1] અમદાવાદ : કૅથેરિન મેયોએ મુલાકાત લીધી.[2]

૧૮ થી ૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : રાષ્ટ્રીય સંગીત મંડળના વાર્ષિક ઉત્સવમાં પ્રમુખપદે; સમય સાંજ, સ્થળ આશ્રમ.

૨૨ થી ૨૫[3] અમદાવાદ.

૨૬ અમદાવાદ : કૅથેરિન મેયોના માગવાથી, હિંદની ગરીબાઈ વિશે આધારો લખી મોકલ્યા અને હાથકાંતણનો નાશ થવાથી ખેડૂત ગરીબ બન્યો છે એની ચોકસાઈ કરવાના ઉપાય સૂચવ્યા.

૨૭ થી ૩૧[4] અમદાવાદ.

એપ્રિલ

૧ થી ૫ અમદાવાદ.

૬ અમદાવાદ : ફિન્લૅંડ જવાનું નિમંત્રણ મળ્યું.

૭ થી ૧૨ અમદાવાદ.

૧૩ અને ૧૪ અમદાવાદ : કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં પ્રમુખપદે—બંને દિવસો.

૧૫ અમદાવાદ.

૧૬ અમદાવાદ : મૌલાના શૌકતઅલી મળવા આવ્યા.

---

૧. આ અરસામાં આશ્રમમાં ચોરી થઈ.

૨. (૧) ત્યાર પછી આ બાઈએ 'મધર ઇન્ડિયા' નામનું પુસ્તક લખ્યું. આની વાત આગળ આવશે.

(૨) આધાર નં. ૫૮ના પાના ૩૫ ઉપર એ મતલબનું લખાણ છે કે આ બાઈ ગાંધીજીને મળવા સેવાગ્રામ આવી હતી એવું, ગાંધીજી, લેખકની (લુઈ ફિશરની) સાથેની ચર્ચામાં બોલ્યા હતા. પણ આ બંધબેસતું નથી.

૩. આ અરસામાં આશ્રમની શાળામાં દરરોજ અરધો કલાક શીખવવાનું શરૂ કર્યું.

૪. દરમિયાન તા. ૩૧મીએ, વિલાયતની સરકારે, માર્ક્વીસ ઑફ લિનલિથગોના પ્રમુખપદે, હિંદ માટેનું ખેતીવાડી કમિશન નીમ્યું.

૧૯૨૬-એપ્રિલ-મે

૧૭ અમદાવાદ

૧૮ અમદાવાદ : કેટલાક વખતથી, હવાફેર માટે મસૂરી જવું-ન જવું એનો નિશ્ચય થઈ શકતો નહોતો તે આજે ચિઠ્ઠીઓ નાખીને કર્યો. નહિ જવાનું નક્કી થયું. જ્યાં સિદ્ધાંતની વાત ન હોય અને નિર્ણય ન થઈ શકતો હોય ત્યાં આમ કરી 'ઈશ્વરનો અભિપ્રાય જાણી લેવો એ કાયદો મને હંમેશ ગમ્યો છે.'[1]

૧૯ અમદાવાદ : મોતીલાલ નહેરૂ મસલત કરવા આવ્યા.

૨૦ અમદાવાદ : સ્વરાજીસ્ટો અને પ્રતિસહકારવાદીઓ[2] વચ્ચે ઉભા થયેલા પ્રશ્નો અંગે લાલા લજપતરાય, સરોજિની નાઈડુ, કેલકર, જયકર વગેરે વચ્ચે ચાલેલી ચર્ચામાં ભાગ લીધો.

૨૧ અમદાવાદઃ ચર્ચા ચાલુ; માલવિયાજી પણ ભળ્યા, સૌને અનુકૂળ એવું સમાધાન થયું.

૨૨ થી ૩૦[3] અમદાવાદ.

૧૯૨૬-મે

૧ અમદાવાદ.

૨ અમદાવાદ : એન્ડ્રૂઝ સાથે ચર્ચા.

૩ અમદાવાદ.

---

૧. પુત્ર હરિલાલ અને ભાણેજ ગોકળદાસમાંથી ભણવા માટે કોને બનારસ મોકલવા અને કોને ગોંડલ મોકલવા એનો નિર્ણય, રૂપિયો અને પૈસો શોધી લાવવાની રીત અજમાવીને કર્યો હતો. (આ, સને ૧૯૦૧-૦૨ની વાત છે.)

૨. Responsivists.

૩. (૧) દરમિયાન તા. ૨૨મી એ, મસલત માટે આવેલા નેતાઓ ગયા.

(૨) આ અરસામાં દિલ્હીમાં, હિંદુમુસ્લિમ નેતાઓની એક નાનકડી સભા મળી; એમાં મૌલાના મહંમદ અલીએ ખુલ્લમ્ ખુલ્લાં કહ્યું કે ગાંધી અને નહેરુ પિતા-પુત્ર સિવાયના બધા હિંદુ કોંગ્રેસીઓ મુસલમનોના વિરોધી છે. તા. ૨૭મી એ એસોસિયેટેડ પ્રેસને મુલાકાત આપતાં બોલ્યા કે ગાંધી અને સરોજિની નાઇડુ સિવાય કોઇએ, રમખાણો માટે હિંદુઓને વખોડયા નથી. એમ લાગે છે કે અહીંથી મુસલમાનો કોંગ્રેસમાંથી છૂટા પડયા.

૧૯૨૬-મે

૪ અમદાવાદ : વર્કીંગ કમિટીની બેઠક બંધ બારણે મળી એમાં ભાગ લીધો. સમય સવારના દસ. ● ઑ. ઈ. કોં. ક. ની બેઠકમાં હાજર; સમય રાતના નવથી બાર; સ્થળ વિદ્યાપીઠ; ગયા માસની તા. ૨૦ અને ૨૧ મીએ લેવાયેલા નિર્ણયોને બહાલી ન મળી; સમજૂતી પડી ભાંગી.

૫ થી ૧૨[1] અમદાવાદ.

૧૩ અમદાવાદ : વિઠ્ઠલભાઈ પટેલ મળવા આવ્યા.

૧૪ : મુંબઈ : હરકિશનદાસ હૉસ્પિટલમાં દેવદાસની ખબર કાઢવા ગયા.[2] હૉસ્પિટલની મુલાકાતીની નોંધપોથીમાં નોંધ કરી.

૧૫ દેવલાલી : મથુરદાસની ખબર કાઢવા ગયા.

૧૬ થી ૧૭ મહાબળેશ્વર.

૧૮ મહાબળેશ્વર : ખેતીવાડી કમિશન[3] અંગે, મુંબઈના ગવર્નરે બોલાવ્યાથી એમને મળ્યા; ચર્ચા દરમિયાન જણાવ્યું કે ખેડૂતની સ્થિતિ સુધારવા માટે ચરખો જ ઉત્તમ સાધન છે.

૧૯ મહાબળેશ્વર : ગવર્નરની મુલાકાત લીધી; એમને આંધ્રની સાડીઓ બતાવી

૨૦ મહાબળેશ્વર. ⇕ સિંહગઢ : માંદા કાકા કાલેલકરની ખબર કાઢી. ⇕ પૂના : મનુભાઈની[4] ખબર કાઢી.

૨૧ મુંબઈ : બહેરામ ખંભાતાની ખબર કાઢી.

૨૨ થી ૨૭.[5] અમદાવાદ.

૨૮ અમદાવાદ : એન્ડ્રૂઝ મળવા આવ્યા.

૨૯ અમદાવાદ.

---

૧. દરમિયાન તા. ૫મીએ પણ બેઠક ચાલુ હતી પણ એમાં ગાંધીજી હાજર નહોતા.

૨. એમને તા ૯મીએ ઍપેન્ડીસાઈટીસનું ઑપરેશન કરવામાં આવ્યું હતું.

૩. જુઓ તા. ૩૧-૩-૨૬ની પાદટીપ.

૪. ગાંધીજીના મિત્ર પ્રોફેસર ત્રિવેદીના પુત્ર.

૫. તા. ૨૫મીના અરસામાં વિનોબાજી આશ્રમમાં આવ્યા.

૧૯૨૬-મે થી જુલાઈ

૩૦ અમદાવાદ : પૂનામાં આવેલું સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીનું છાપખાનું બળી જવાથી એમનાં મુખપત્રો કામચલાઉ બંધ કરવાની વાત આવતાં લખ્યું :–'તમે નવજીવન છાપખાનાનો ઉપયોગ કરી શકો છો; આપણાં રાજકીય દૃષ્ટિબિન્દુઓ જુદાં છે પણ હૃદય તો એક જ છે.'

૩૧ અમદાવાદ.

જૂન

૧ થી ૧૩.[૧] અમદાવાદ.

૧૪ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયના નવા સત્રનું પ્રારંભિક વ્યાખ્યાન; મૌનવાર હોવાથી મહાદેવભાઈએ વાંચ્યું.

૧૫ અમદાવાદ : વિલાયતના મજૂરપક્ષના સભ્ય મિ. ડી. કૅમ્પબૅલ મળવા આવ્યા; સમય સાંજે ચાર.[૨]

૧૬ થી ૧૮ અમદાવાદ.

૧૯ અમદાવાદ. ● અલીગઢ રા. યુનિ. ના અધ્યાપકો સાથે ચર્ચા.

૨૦ થી ૨૪ અમદાવાદ.

૨૫ અમદાવાદ : બાબુ રાજેન્દ્ર પ્રસાદ મળવા આવ્યા.

૨૬[૩] અમદાવાદ : ચરખા સંઘની બેઠકમાં હાજર.

૨૭ થી ૩૦ અમદાવાદ.

જુલાઈ

૧ અમદાવાદ.

૨ અમદાવાદ : નારાયણ મલકાણી સાથે સાધનો વડે સંતતિનિયમન વિષે ચર્ચા

૩ થી ૧૨[૪] અમદાવાદ.

૧૩ અમદાવાદ : કેવળ ફળ ઉપર રહેવાનો અખતરો શરૂ કર્યો.

૧૪ થી ૧૭ અમદાવાદ.

૧૮ અમદાવાદ : પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યા.

---

૧. તા. ૧લીના અરસામાં વિનોબાજી ગયા.

૨. એકાદ દિવસ આગળપાછળ હોવાનો સંભવ છે.

૩. હેલન હાઉસડિંગ નામની જર્મન બાઈ આશ્રમમાં આવી.

૪. આ અરસામાં 'આશ્રમ સમાચાર' નામનું હસ્ત લિખિત સાપ્તાહિક શરૂ થયું.

૧૯૨૬-જુલાઈ થી સપ્ટેમ્બર

૧૯ અમદાવાદ : નારાયણ મલકાણી સાથે તા. ૨ ની ચર્ચા ચાલુ.

૨૦ થી ૨૩ અમદાવાદ.

૨૪[૧] અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયમાં બાઈબલનો વર્ગ લીધો.[૨]

૨૫ થી ૩૧[૩] અમદાવાદ.

ઑગસ્ટ

૧ થી ૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : નટરાજન્ મળવા આવ્યા.

૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : જયસુખલાલ મહેતા, વાલચંદ અને શાંતિકુમાર નરોત્તમ, ચલણી કમિશનના નિર્ણય અંગે ચર્ચા કરવા આવ્યા.

૧૮ થી ૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : ચરખા સંઘની બેઠકમાં હાજર.

૨૯ થી ૩૧ અમદાવાદ.

સપ્ટેમ્બર

૧ થી ૮ અમદાવાદ.[૪]

૯ અમદાવાદ : ઍશબર્નર ઈનામી નિબંધના પરીક્ષક બનવા (સમયના અભાવને કારણે) મુંબઈ યુનિ. ને ના લખી દીધી.

૧૦ થી ૧૮ અમદાવાદ.

૧૯ મુંબઈ[૫] : દક્ષિણ આફ્રિકાથી આવેલા સરકારી પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા● આ મંડળના માનમાં, હિંદી વેપારી મંડળ તરફથી ગોઠવેલા મેળાવડામાં હાજર.

---

૧. આજથી આશ્રમનો વહીવટ એક વ્યવસ્થાપક મંડળના હાથમાં મૂકવામાં આવ્યો. આમાં ગાંધીજી નહોતા.

૨. આ પ્રમાણે દર શનિવારે વર્ગ લેતા; જોકે વચ્ચે વચ્ચે તૂટ પડતી હતી. છેલ્લો વર્ગ તા. ૨૦-૧૧-૨૬ના રોજ લીધો હતો એમ લાગે છે.

૩. આધાર નં. ૬ના પાના ૩૬ ઉપર છપાયેલા ૧૯૨૬ના જુલાઈ માસમાં જમનાલાલજીને લખાયેલા અનુ. નં. ૪૪ના કાગળમાં ગાંધીજીએ લખ્યું છે 'આ કાગળ કાશીથી લખું છું.' પણ ગાંધીજી આ વખતે કાશી નહોતા. અસલમાં છે 'આ કાગળ કાશીજી લખું છું.' આ વખતે જમનાલાલજી કાશીમાં હશે. ગાંધીજી 'કાશી' માટે 'કાશીજી' લખતા હતા.

૪. દરમિયાન તા. ૪ના અરસામાં ડો. સૈયદ મેહમૂદ વગેરેએ જાહેર નિવેદન કરી, દેશનું સુકાન પોતાના હાથમાં લેવા ગાંધીજીને વિનંતી કરી.

૫. આજે ભગિની સમાજમાં ભાષણ આપ્યું હોવાનો સંભવ છે.

૧૯૨૬—સપ્ટેમ્બર થી નવેમ્બર

૨૦ થી ૨૧ અમદાવાદ.

૨૨ થી ૨૩ અમદાવાદ : ઈજીપ્તનાં એક કેળવણીકાર મિસ ઝુલેખા સુલેમાન સાથે ચર્ચા.

૨૪ થી ૩૦ અમદાવાદ.

ઑક્ટોબર

૧ અમદાવાદ.

૨ અમદાવાદ . મિસ મ્યુરિયલ લેસ્ટર મળવા આવ્યાં.

૩ અમદાવાદ : આશ્રમના રાષ્ટ્રીય વિદ્યામંદિરના વાર્ષિક દિનની ઉજવણીમાં પ્રમુખપદે. ● મૌલાના શૌકતઅલી મળવા આવ્યા.

૪ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : અંગત વસિયતનામું કર્યું; મારી કોઈ મિલકત નથી; છતાં, મારા મૃત્યુ બાદ એવી કોઈ મિલકત જો ગણવામાં આવે તો એના વારસ સત્યાગ્રહ આશ્રમના ટ્રસ્ટીઓને ગણવા. ● આજના 'નવજીવન'માં હડકાયાં કૂતરાને મારી નાખવાના એક વ્યક્તિના કૃત્યને વ્યાજબી લેખ્યું.

૧૧ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : ડૉ. જી. વી. દેશમુખ પાસે મીરાંબહેનના પગે ઑપરેશન કરાવ્યું.

૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ : મજૂર મહાજનના પ્રતિનિધિઓની વાર્ષિક સભામાં પ્રમુખપદે; સમય સાંજે પાંચ.

૨૫ થી ૩૧ અમદાવાદ.

૧૯૨૬—નવેમ્બર

૧ અમદાવાદ.

૨ મુંબઈ : ખેતીવાડી કમિશનના સભ્યો સર ચુનીલાલ મહેતા વગેરેએ મુલાકાત લીધી; ગાંધીજીએ ચરખા અને ખાદી માટે અનુરોધ કર્યો.

૩ થી ૧૮ અમદાવાદ.

૧૯ અમદાવાદ : રાજચન્દ્ર જયન્તીના ઉત્સવમાં પ્રમુખપદે; સમય સાંજે સાડા છ; સ્થળ આશ્રમ.

૧૯૨૬–નવેમ્બર-ડિસેમ્બર

૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : દક્ષિણ આફ્રિકામાં ભરાનારી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જનાર હિંદી સરકારના પ્રતિનિધિઓ પૈકી શ્રી નિવાસ શાસ્ત્રી મળવા આવ્યા.

૨૨ થી ૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : કાઠિયાવાડ રાજકીય પરિષદની કારોબારી સમિતિની બેઠકમાં પ્રમુખપદે. ● ગૂજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારંભમાં પ્રમુખપદે.

૨૯ થી ૩૦ અમદાવાદ : કારોબારી સમિતિની બેઠક ચાલુ.

૧૯૨૬-ડિસેમ્બર

૧ થી ૨ અમદાવાદ.[1]

૩ અમદાવાદ. ⇕ સુરત : વિનયમંદિરની મુલાકાત.

૪ થી ૯ વર્ધા.

૧૦ થી ૧૨[2] વર્ધા : મિસ વૅલી બી હૉલ્ટ અને માતા સાથે અમેરિકામાં દારૂબંધીની ચર્ચા.

૧૩ થી ૧૬[3] વર્ધા : ચરખાસંઘની બેઠક-રોજ.

૧૭ વર્ધા : ગોરક્ષા મંડળની કાર્યવાહક સમિતિની બેઠકમાં હાજર.

૧૮ થી ૧૯ વર્ધા.

૨૦ વર્ધા : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૨૧[4] અમરાવતી : વ્યાયામ મંદિરની મુલાકાત. ⇕ સીતાબાલડી : ખાદી પ્રદર્શન ખુલ્લું મૂક્યું. ⇕ નાગપુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર; સ્થળ ટાઉનહૉલ.

૨૨ ગોંદિયા : માનપત્રો—લોકોનું, મ્યુનિસિપાલિટીનું અને અંત્યજોનું.

---

૧. આ અરસામાં મિસ વૅલી બી હૉલ્ટ અને એમનાં માતુશ્રી, (બંને દારૂબંધીના હિમાયતી અમેરિકનો) મળવા આવ્યાં.

૨. દરમિયાન તા. ૧૦મીએ, આત્મકથાની અંગ્રેજી આવૃત્તિ છાપવા માટે ન્યુયૉર્કની મૅકમિલન કંપની સાથે કરાર થયો.

૩. વાતો કરતાંકરતાં કાંતવાનું ચાલુ રાખવાની ટેવ આ અરસામાં પાડી હોય એમ જણાય છે.

૪. ક્ષેત્રસંન્યાસના આ વર્ષ દરમિયાન અનેક દેશોમાંથી નિમંત્રણો આવ્યાં હતાં પરંતુ બધાંને મોડાં-વહેલાં નકાર્યાં હતાં.

૧૯૨૬—ડિસેમ્બર; ૧૯૨૭—જાન્યુઆરી

૨૩[1] કલકત્તા : આવ્યા ઉતારો ખંડેલવાલને ત્યાં, થી નીકળ્યા.

૨૪ ગોહાટી : ઑ. ઈ. કૉ. ક. ની અને વિષય વિચારિણી સમિતિની બેઠકોમાં હાજર.

૨૫ ગોહાટી : ઑ. ઈ. કૉ. ક. ની બેઠકમાં શ્રદ્ધાનંદના મૃત્યુ અંગે બોલ્યા. ● વિષય વિચારિણી સમિતિની બેઠકમાં હાજર. ● ખાદી પ્રદર્શન ખુલ્લું મૂક્યું.

૨૬ ગોહાટી : રાષ્ટ્રધ્વજને ઉડતો મૂકવાની ક્રિયા કરી. ● કોંગ્રેસની બેઠકમાં, શ્રદ્ધાનંદને અંજલી આપતો અને દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓને લગતા—બે ઠરાવો મૂકયા.

૨૭ ગોહાટી : કોંગ્રેસની બેઠકમાં હાજર.

૨૮ ગોહાટી[2] : બેઠકમાં હાજર. 'હું મહાત્મા નથી.' ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૨૯ રસ્તામાં.

૩૦ કલકત્તા.

૩૧ કલકત્તા : સ્વામી શ્રદ્ધાનંદ સ્મારક માટેની સભામાં પ્રવચન; સમય સાંજ, સ્થળ બડા બજાર મહેશ્વરભવન.[3]

૧૯૨૭-જાન્યુઆરી

૧ કલકત્તા : હિંદી ઔદ્યોગિક અને વેપારી પરિષદની બેઠકમાં હાજર, પ્રમુખ સર દિનશાહ પિટીટ. ● બી. એફ. માદન સાથે હૂંડિયામણના દર અંગે ચર્ચા. ⇕ ચંદ્રનગર. ⇕ કલકત્તા.

૨ કલકત્તા : પાયો નાખવાની ક્રિયાઓ કરી :- ચિત્તરંજન સેવાસદનના સુવાવડ ખાતા અને એકસ રે વિભાગનો; અને અશ્વિનીકુમાર દત્ત સ્મારકનો. ● માનપત્ર, અંત્યજ શાળાના વિદ્યાર્થીઓનું.

૩ કલકત્તા : સોડપુર ખાદી પ્રતિષ્ઠાનની કલાશાળા ખુલ્લી મૂકી.

૪ રસ્તામાં.

---

૧. સ્વામી શ્રદ્ધાનંદનું, અબ્દુલ રશીદે, દિલ્હીમાં ખૂન કર્યું.

૨. આજે અહીં હિન્દુ મહાસભાની બેઠક થઈ.

૩. 'બેંગાલી' પત્રના તા. ૧-૧-૨૭ના અંકના પાના ૪ ઉપર આ સભા ગુરુવારે (=તા. ૩૦મીએ) થઈ હતી એમ જણાવ્યું છે. પણ બીજા આધારોમાં તા. ૩૧ છે, એ પ્રમાણભૂત માની છે.

૧૯૨૭—જાન્યુઆરી

૫ કુમિલ્લા : અભય આશ્રમની અને નામશૂદ્ર શાળાની મુલાકાત. ● જાહેર સભા.

૬ કુમિલ્લા : બીજી સભા.

૭ રસ્તામાં.

૮ બનારસ : ઉતારો કૃપાલાનીના ગાંધી આશ્રમમાં. ● હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન. ● ગાંધી આશ્રમના કાર્યકર્તાઓ સાથે વાતચીત.

૯ બનારસ : વાતચીત ચાલુ, ● ગાંધી આશ્રમથી દશાશ્વમેધ ઘાટ સુધી શ્રદ્ધાનંદને અંજલિ આપવા, માલવિયાજી સાથે સરઘસમાં સામેલ; સન્માન, વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પછી પ્રવચન. ● અંત્યજોનું માનપત્ર. પ્રમુખ માલવીયાજી ● સ્ત્રીઓની બે સભાઓ, કાંતણનું નિરીક્ષણ, આજ તરફથી સ્વાગત. ● ગાંધી આશ્રમના વાર્ષિકોત્સવ નિમિત્તે ભરવામાં આવેલું ખાદી પ્રદર્શન ખુલ્લું મૂક્યું. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર, સ્થળ ટાઉન હૉલ. ● બાબુ ભગવાનદાસ સાથે ભાવિ બંધારણ વિશે અને કૉંગ્રેસ વિશે ચર્ચા.

૧૦ બનારસ.

૧૧ ડાલ્ટનગંજ : જાહેર સભા.

૧૨ ઝરીયા : જાહેર સભા.

૧૩ ઝરીયા. ⇕ કતરાસ ગઢ : જાહેર સભા. ⇕ ધનબાદ : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું, લોકલ બોર્ડનું તથા મજૂરોનું; સ્થળ ટાઉન હૉલ. ⇕ કુમારજરી : મહારાજાનું નિમંત્રણ. ⇕ ઝરીયા : જાહેર સભા.

૧૪ ઔરંગાબાદ.

૧૫ ગયા : જાહેર સભા. ● મન્નુલાલ પુસ્તકાલયની મુલાકાત. ● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું; લોકલ બોર્ડનું અને હિંદુ મહાસભાનું.

૧૬ સોનપુર. ⇕ દિઘવારા ⇕ છપરા : ઉતારો ડૉ. મહમૂદને ત્યાં. ● માનપત્ર મ્યુનિસિપાલિટીનું. ⇕ જિરાદેહી[૧]

૧૭ જિરાદેહી.

૧૮ જિરાદેહી. ⇕ મૈરવા : સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. ⇕ ઓલીરગંજ. ⇕ મીરગંજ. ⇕ ગોપાળગંજ. ⇕ સીવાન.

---

૧. રાજેન્દ્ર બાબુનું વતન.

૧૯૨૭—જાન્યુઆરી—ફેબ્રુઆરી

૧૯ સમસ્તીપુર. ⇕ દરભંગા : માનપત્રો. મ્યુનિસિપાલિટીનું, ડિસ્ટ્રીક્ટ બોર્ડનું અને કર ભરનારનું. ● અનાથાલયના મકાનનો પાયો નાખ્યો.

૨૦ દરભંગા. ⇕ મધુબની. ⇕ પંડોલ.

૨૧[1] સીતામઢી.

૨૨ ધાકા ⇕ મોતીહારી : માનપત્ર, જાહેરસભા. ⇕ નારકટગંજ : ઉતારો વિપીન વિહારી વર્માને ત્યાં.

૨૩ નારકટગંજ. ⇕ રસ્તામાં ગૌરિયા નંદનગઢનો અશોક સ્તંભ જોયો. ⇕ બેતિયા : માનપત્રો અને સભાઓ.

૨૪ બેતિયા.

૨૫ મુઝફ્ફરપુર : ઉતારો બાબુ જનકધારી પ્રસાદને ત્યાં. ● મુલાકાતો–ખાદી કાર્યાલય વગેરે સંસ્થાઓની. ● સભાઓ–ધોબીની, સ્ત્રીઓની વિદ્યાર્થીઓની તથા જાહેર. ● માનપત્રમાં 'મહાત્મા' ન લખવા માટે ધન્યવાદ આપ્યો.

૨૬ બેગુસરાઇ : ઉતારો બાબુ સતીશચંદ્ર બોઝને ત્યાં. ● સભાઓ. ⇕ ખાગરિયા : સભા. ● રાષ્ટ્રીય શાળાની મુલાકાત. ⇕ ગોગરી.

૨૭ ગોગરી. ⇕ ખારગપુર. ⇕ જમુઇ. ⇕ લખીસરાઇ.

૨૮ બિલાઉંટી. ⇕ આરા : મુલાકાતો—જૈન બાલમંદિર, અને જૈન પુસ્તકાલયની.● સભા, માનપત્ર. ⇕ શાહબાદ : વનિતા વિશ્રામની મુલાકાત.

૨૯ આરા : મિશન સ્કૂલની મુલાકાત. ⇕ સસરામ. ⇕ મોહાની.

૩૦ પટણા : ઉતારો સદાકત આશ્રમમાં. ● બિહાર વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે. ● ખાદી પ્રદર્શનનું ઉદ્ઘાટન. ● છાત્ર સંમેલનમાં હાજર; પ્રમુખ મહાદેવભાઈ ● સરકારી નોકરોની સભામાં પ્રવચન.

૩૧ પટણા.

ફેબ્રુઆરી

૧ કલકત્તા.

૨ ગોંદિયા : ખાદી ભંડાર ખુલ્લો મૂકયો અને કાંઈ ભાષણ કર્યા વિના પોતે વેચાણ શરૂ કર્યું. ⇕ તુમસાર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● જાહેર સભા. ⇕ ભંડારા[2] : ઉતારો ગણપતરાવ પાંડેને ત્યાં.

---

૧. 'આજે મૌલાના મહંમદઅલી દિલ્હીમાં બોલ્યા—'હે પ્રભુ ગાંધીને મુસલમાન બનાવ, એ નેક છે પણ કાફિર છે.'

૨. આ ગામે ઉઘરાણામાંથી મહાદેવભાઇએ રૂપિયા ચારસો ખોયા.

૧૯૨૭-ફેબ્રુઆરી

● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને લોકલ બોર્ડનું. ⇕ નાગપુર : ખાદી તથા અસ્પૃશ્યતા વિશે ભાષણ. ● શાપુરજી સકલાતવાળા મળવા આવ્યા.[1]

૩ નાગપુર. ⇕ વર્ધા. ⇕ હીંગનઘાટ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૪ ચાંદા. ⇕ વરોરા. ⇕ વાન[2] : સ્વાગત સભા, ⇕ પંધારકાવાડા ⇕ જોડમોહા.

૫ ઘટાંજી. ⇕ યવતમલ : સકલાતવાળા ફરીથી મળવા આવ્યા. ● જાહેર સભા. ⇕ બાબુલગાંવ. ⇕ ધામણગાંવ.

૬[3] અમરાવતી. ⇕ અકોલા.

૭ અકોલા : સ્ત્રીઓનો ચરખાવર્ગ ખુલ્લો મૂકયો. ● સભાઓ–વિદ્યાર્થીઓની અને જાહેર.

૮ અકોલા ⇕ શેગાંવ. ⇕ ખામગાંવ : ટિળક રાષ્ટ્રીય વિદ્યાલયનું માનપત્ર. ⇕ મલકાપુર.

૯ પાચોરા. ⇕ શેંદૂણી. ⇕ નેરી. ⇕ જામનેર. ⇕ બોદવડ. ⇕ એદલાબાદ. ⇕ વરણગાંવ. ⇕ ભૂસાવળ.

૧૦ ભૂસાવળ. ⇕ રાવેર : શ્રી નિવાસ શાસ્ત્રી મળવા આવ્યા. ⇕ જળગાંવ : સ્વામી શ્રદ્ધાનંદના પુત્ર ઇન્દ્ર મળવા આવ્યા.

૧૧ જળગાંવ. ⇕ પીપરાળા. ⇕ એરંડોલ. ⇕ ધારણગાંવ. ⇕ ચોપડા : ઘેરઘેર ફરીને ખાદી વેચી.

૧૨ અમલનેર : જાહેર સભા. ⇕ સિંધખેડા. ⇕ ચીમઠાણા. ⇕ વિખરણ. ⇕ નીમગુળ. ⇕ વાળવંટ. ⇕ તાપીપારા. ⇕ શાહાદા. ⇕ ⇕ દોંડાઈચા.

૧૩ દોંડાઈચા ⇕ માલપુર ⇕ સોનીગીર. ⇕ નગાંવ. ⇕ ધૂળીયા : માનપત્રો-લોકલ બોર્ડનું અને મ્યુનિસિપાલિટીનું. ● સભાઓ–વિદ્યાર્થીઓની, સ્ત્રીઓની, અસ્પૃશ્યોની અને જાહેર.

---

૧. બ્રિટિશ પાર્લમેન્ટના એક સામ્યવાદી સભ્ય.

૨. (૧) માધવ શ્રીહરિ અણેનું વતન.

(૨) આ સમયના પ્રવાસની તારીખોમાં એકાદ દિવસ આગળપાછળ હોવાનો સંભવ છે.

૩. અત્યાર અગાઉ વ્રત લીધું, સવારની પ્રાર્થના પછી ગીતાના ઓછામાં ઓછા એક શ્લોકનો શબ્દાર્થ અને ભાવાર્થ લખવો.

૧૯૨૭–ફેબ્રુઆરી

૧૪ ધૂળીઆ.

૧૫ સાકરી.[1] ⇕ નિઝામપુર. ⇕ નેર. ⇕ કુસુંબે. ⇕ ખેડ.

૧૬ ધૂળીઆ.

૧૭ ચાલીસગાંવ. ⇕ નંદગાંવ. ⇕ માલેગાંવ. ⇕ નાશિક.

૧૮ નાશિક : જાહેર સભા. ⇕ કોપરગાંવ. ⇕ સંગમનેર. ⇕ અહમદનગર : માનપત્રો અને જાહેર સભા. ● મારવાડીઓના મેળાવડામાં હાજર.

૧૯ સોલાપુર : ઉતારો નરોત્તમ મોરારજીની મિલના મોતીબાગ ગેસ્ટ હાઉસમાં. ⇕ વાલસંગ ⇕ અક્કલકોટ. ⇕ સોલાપુર.

૨૦ સોલાપુર : મિલ કામદારોના લાભાર્થે ચાલતા કલ્યાણ કેન્દ્રની મુલાકાત અને ત્યાં પ્રવચન.[2] ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● જાહેર સભામાં કહ્યું 'મને "દર્શન" કે "મહાત્મા" શબ્દો પ્રિય નથી'.

૨૧ કરમાલા. ⇕ કુર્દુવાડી[3] ⇕ બારશી. ⇕ સોલાપુર : સ્ત્રીઓની સભા

૨૨ સોલાપુર. ⇕ ગુલબર્ગ.

૨૩ ગુલબર્ગ : સભાઓ–સ્ત્રીઓની, અસ્પૃશ્યોની અને જાહેર. ⇕ પંઢરપુર. હરિજનો છેક અંદર સુધી જઈ શકે એવી માહિતી મળતાં[4] છેક અંદર જઈ દર્શન કર્યાં.[5]

૨૪ પંઢરપુર. ⇕ મીરજ[6] ⇕ ફલ્ટન.

૨૫[7] સાંગલી : મુલાકાત લીધી—વિલીંગ્ડન કૉલેજની અને બીજી સંસ્થાઓની. ● જાહેર સભા. ⇕ સતારા : અસ્પૃશ્ય સમાજની સભામાં પ્રવચન. ● છત્રપતિ શાહુ વિદ્યાર્થીગૃહનું ઉદ્‌ઘાટન. ● માનપત્રો-મ્યુનિસિપાલિટીનું અને લોકલ બોર્ડનું. ● જાહેર સભા.

---

૧. સાકોરીવાળા ઉપાસની મહારાજને ગાંધીજી મળ્યા હતા, તે કદાચ આજે હશે.

૨. આજે રવિવાર હતો અને મૌન 'છૂટયા પછી' આ પ્રવચન કર્યું હતું એટલે મૌન આગલા દિવસે લીધું હશે.

૩. એકાદ–બે દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૪. પાછળથી માલૂમ પડયું કે આ માહિતી સાચી નહોતી.

૫. મંદિર બહાર ઉતારેલાં ચંપલ ચોરાયાં !

૬. એકાદ–બે દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૭. મોતીલાલ નહેરુએ વકીલાત શરૂ કરી.

૧૯૨૭—ફેબ્રુઆરી-માર્ચ

૨૬ સાવંતવાડી : રાજાસાહેબ મળવા આવ્યા.

૨૭ સાવંતવાડી : રાજાસાહેબના નિમંત્રણથી એમને ત્યાં ગયા, સત્કાર. ⇕ વેંગૂર્લા. ⇕ માલવણ.

૨૮[1] માલવણ. ⇕ કાસલ. ⇕ કનકવલ્લી. ⇕ ખારેપાટણ. ⇕ રાજાપુર. ⇕ લાંજે : ભાષણ.

માર્ચ

૧ સંગમેશ્વર. ⇕ ચિપલુણ. ⇕ રત્નાગિરિ[2] સભાઓ-સ્ત્રીઓની અને જાહેર. ● સાવરકરને મળવા ગયા.[3]

૨ ખેડા. ⇕ મહાડ. ⇕ કાસુ.

૩ નાગોઠણે. ⇕ પાલા. ⇕ પેણ. ⇕ ચરી. ⇕ વાશી. ⇕ અલીબાગ : માનપત્રો-ગુજરાતી વાંચનાલયનું, ગુજરાતી સમાજનું અને મ્યુનિસિપાલિટીનું. ⇕ સસવણે : વિદ્યાશ્રમની મુલાકાત, પ્રવચન, પ્રાર્થના.

૪ સસવણે : વ્યાયામ મંદિરમાં મારુતિની મૂર્તિની સ્થાપના. ⇕ ઉરણ: મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● મહમદ જાફર તુંગેકર શાળાની મુલાકાત. ⇕ પનવેલ ! માનપત્રો-મ્યુનિસિપાલિટીનું અને ઉર્દૂ શાળાનું. ⇕ ચોક. ⇕ કરજત. ⇕ તળેગાંવ : વિજાપુરકરની છબીની અનાવરણ વિધિ.[4] ⇕ પૂના : અંત્યજો તરફથી માનપત્ર.

૫ પૂના.

૬ અકોલા : મણિલાલના લગ્નમાં હાજર.[5]

૭ રસ્તામાં.

૮ અમદાવાદ.

---

૧. આજે મૌનવાર હતો છતાં ભૂલથી જરાક બોલી જવાયું એટલે સાંજનું ભોજન છોડયું. અને મૌન બે કલાક મોડું છોડયું.

૨. લોકમાન્ય ટિળકનું જન્મસ્થાન.

૩. જુઓ તા. ૬-૧-૨૪ની પાદટીપ.

૪. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૫. ગાધીજીના બીજા પુત્ર મણિલાલના લગ્ન કિશોરલાલ મશરૂવાળાનાં ભત્રીજી સુશીલાબહેન સાથે થયાં હતાં.

—૧૯૨૭-માર્ચ

૯ અમદાવાદ : ગુજરાત મહાવિદ્યાલયમાં પ્રવાસનાં સંસ્મરણો કહી સંભળાવ્યાં.

૧૦ અમદાવાદ.

૧૧ અમદાવાદ : અખિલ હિંદ ગૌરક્ષા મંડળની કારોબારીની બેઠકમાં હાજર.

૧૨ થી ૧૪ અમદાવાદ.

૧૫ શઠવાવ : પાંચમી કાળી પરજ પરિષદમાં પ્રવચન. ⇕ માંડવી. ⇕ મઢી : આશ્રમનું ઉદ્‌ઘાટન.

૧૬ વેડછી. ⇕ અંબાચ. ⇕ ખાનપુર : કાળી પરજ પરિષદમાં પ્રમુખસ્થાને; ભવિષ્યમાં 'કાળી પરજ'ને બદલે 'રાની પરજ' નામ રાખવાનું નક્કી થયું.

૧૭ વ્યારા : વિશિષ્ટ પંચાયતનું માનપત્ર. ⇕ બારડોલી : દુબળાઓની સભામાં પ્રવચન; સ્થળ સ્વરાજ આશ્રમ.

૧૮ રસ્તામાં.

૧૯ હરદ્વાર : ગુરૂકુળની રજત્ જયંતીની ઉજવણીમાં ભાગ લીધો.

૨૦ હરદ્વાર : રાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં પ્રમુખસ્થાને.

૨૧ હરદ્વાર : અખિલ ભારત ચરખા સંઘના આશ્રયે ભરેલું ખાદી પ્રદર્શન ખુલ્લું મૂક્યું.

૨૨ રસ્તામાં.

૨૩ મુંબઈ : ગુજરાતીઓની સભાગાં પ્રવચન; સ્થળ સાંતાક્રૂઝ.

૨૪ મુંબઈ : ઘાટકોપર સાર્વજનિક જીવદયા સંસ્થાની મુલાકાત; માનપત્ર, ભાષણ. ⇕ પૂના : તબિયત બગડી, કોલ્હાપુર જતી રેલગાડી સુધી ઊંચકીને લઈ જવા પડ્યા.

૨૫ કોલ્હાપુર : તબિયત નરમ. ●વિદ્યાપીઠની મુલાકાત. ●મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૨૬ કોલ્હાપુર : તબિયત નરમ. ● સભાઓ—અસ્પૃશ્યોની, ખ્રિસ્તિઓની, વિદ્યાર્થીઓની, સ્ત્રીઓની, આર્યસમાજની, અબ્રાહ્મણોની અને જાહેર. ● ખાદી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. ● ગૌરક્ષા મંડળની મુલાકાત. ● ચરખા મંદિરના મકાનની શિલારોપણ વિધિ. ● રાજના દિવાન-સાહેબ મળવા આવ્યા.

૧૯૨૭-માર્ચ—એપ્રિલ

૨૭ નિપાણી : ઉતારો શેઠ મૂળજી સિક્કાને ત્યાં. ● તબિયત બગડી; બ્લડ પ્રેશર વધ્યું; નંદીદુર્ગ જવા વિચાર્યું.

૨૮ થી ૨૯ નિપાણી.

૩૦ નિપાણી : તબિયત સુધારા ઉપર. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૩૧ નિપાણી.

એપ્રિલ

૧ બેળગાંવ. ⇕ આંબોલી.[૧]

૨ થી ૬[૨] આંબોલી.

૭ આંબોલી : કવિ નાનાલાલની સુવર્ણ જયંતી અંગે મોકલેલો સંદેશો વાંચવામાં આવ્યો નહિ એ અંગે એમને લખ્યું :– 'દમયંતી નિર્દોષ હતી છતાં એની ઉપરેય ચોરીનું આળ આવ્યું…એનાં નસીબ વાંકાં હતાં. એવું જ મારી ઉપર થયું છે. મેં નિર્દોષ બુદ્ધિથી કાંઈક પરિશ્રમ વેઠીને પ્રેમભાવથી એક નાનકડો સ્તુતિ-પત્ર મને આવડ્યો એવો મોકલ્યો. તે તમને ન ગમ્યો. અજાણતાં દોષ થયો હોય તેનીય માફી હું પ્રભુ પાસે રોજ પ્રાતઃકાળમાં માગું છું. આ અજાણતા થયેલા દોષની માફી તમારી પાસે પણ માગું છું. તે આપશો ને ? નહિ આપો ત્યાં લગી મારી યાચના તો રહેશે જ.

---

૧. સાવંતવાડી રાજ્યમાં, દરિયાથી આશરે બાર માઈલ દૂર આવેલું સ્થળ. બધી ગોઠવણ રાજાસાહેબે કરી હતી. તબિયત સુધારવા અહિં આવ્યા.

૨ દરમિયાન તા. ૨ના રોજ, કવિ નાનાલાલ દલપતરામની સુવર્ણ જયંતી મુંબઈમાં ઉજવવમાં આવી એ અંગે સંદેશો મોકલ્યો તેમાં લખ્યું 'એમને મેં દૂઝણી ગાયની ઉપમા આપી છે અને દૂઝણી ગાયની પાટુ અને ધીક કોને વસમાં લાગ્યાં છે. એ ગાય બીજાં પચાસ વર્ષ કાઢે અને ગુજરાતને જયા અને જયન્તનો વધારે આપે……જયન્તની ઝાંખી થતી લાગે છે પણ જયા તો જડી ન જડી જેવી છે. જો ગુજરાત કેટલીક જયા ન આપે તો કવિનું બળ શા કામનું ? અને આ કાંઈ જેવાતેવા કવિ છે ? કવિના સુપુત્ર કવિ.' આ સંદેશો કવિને યોગ્ય ન લાગવાથી સભામાં વાંચવામાં આવ્યો નહિ.

૧૯૨૭–એપ્રિલ–મે–જૂન

૮ થી ૧૬ અંબોલી.
૧૭ અંબોલી : સાવંતવાડીના રાજા અને રાણી મુલાકાતે આવ્યાં.
૧૮ અંબોલી. ⇕ બેળગાંવ.
૧૯ બેળગાંવ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.
૨૦ થી ૩૦ નંદીદુર્ગ.[1]

મે

૧ થી ૩૦[2] નંદીદુર્ગ.
૩૧ નંદીદુર્ગ : મ્હૈસૂર મહારાજા મળવા આવ્યા.

જૂન

૧ થી ૪[3] નંદીદુર્ગ.
૫ નંદીદુર્ગ. ⇕ ચીકબાલપુર : માનપત્રો–અસ્પૃશ્યોનું તથા જાહેર. ⇕ બેંગ્લોર : ઉતારો કુમારપાર્કમાં[4].
૬ થી ૧૧ બેંગ્લોર.

---

૧. તબિયત સુધારવા માટે આવ્યા અને આશરે દોઢ મહિનો રહ્યા. આ સ્થળ જૂના મ્હૈસૂર રાજ્યમાં એક પહાડ ઉપર આવેલું છે, બેંગ્લોરથી ૩૫ માઈલ દૂર છે, છેક સુધી પાકો રસ્તો છે, અને પર્વતની તળેટીમાં આવેલા ચીકબાલપુર ગામ સુધી રેલવે પણ છે. એક ઉલ્લેખ એવો મળે છે કે અહીં ૨૭ બકરીઓ રાખવામાં આવી હતી.

૨. (૧) દરમિયાન તા. ૧૨ મીએ, નાગપુરમાં, મંચેરશા અવારીના નેતૃત્વ નીચે શસ્ત્ર સત્યાગ્રહ શરૂ થયો. આ લડતનો હેતુ, બંગાળના રાજદ્વારી કેદીઓને છોડાવવાનો હતો; અને એ, હથિયારબંધીના કાયદાનો અને સ્ફોટક પદાર્થના કાયદાનો સવિનય ભંગ, ખુલ્લી તરવાર અને કિરપાણ રાખીને કરવાનો હતો.

(૨) તા. ૨૪મીએ અવારીની ધરપકડ કરવામાં આવી.

૩. દરમિયાન તા. ૪થીએ અવારીને ચાર વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી હતી.

૪. મ્હૈસૂર મહારાજાનો મહેલ.

૧૯૨૭–જૂન–જુલાઈ

૧૨ બેંગ્લોર : સરકારી ડેરીની મુલાકાત લીધી.
૧૩ થી ૨૪ બેંગ્લોર.
૨૫ બેંગ્લોર : બાળકોના કાંતણ પ્રદર્શનમાં હાજર.
૨૬ થી ૨૮ બેંગ્લોર.
૨૯ થી ૩૦ બેંગ્લોર : અખિલ ભારત ચરખા સંઘની બેઠકો.

જુલાઈ

૧ બેંગ્લોર : બેઠક ચાલુ.
૨ બેંગ્લોર : બેઠક ચાલુ. ⇕ ચેલાહંકા : માટી કામના કારખાનાની મુલાકાત લીધી. ⇕ બેંગ્લોર.
૩ બેંગ્લોર[1] : ખાદી પ્રદર્શનનું ઉદ્ઘાટન.
૪ બેંગ્લોર : અખિલ ભારત ચરખા સંઘની બેઠક.
૫ બેંગ્લોર : બેઠક ચાલુ. ● પંચમ છાત્રાલયની મુલાકાત.
૬ થી ૭ બેંગ્લોર : બેઠક ચાલુ.
૮ બેંગ્લોર : બેઠક ચાલુ. ● પ્રદર્શનમાં ઈનામ વિતરણ સમારંભ.
૯ બેંગ્લોર : ખાદી પ્રીત્યર્થે હિંદી નાટ્ય પ્રયોગ 'દીનબંધુ કબીર'માં હાજર; બધા જ પાત્રો ખાદીધારી; મુખ્ય પાત્ર તારાનાથ. ગાંધીજી ૭ થી આઠ સુધી બેઠા; સાત વાગ્યે પ્રાર્થનાનો સમય થયો તોપણ ઊઠયા નહિ !
૧૦ બેંગ્લોર.
૧૧ બેંગ્લોર : અખિલ કર્ણાટક હિંદિ પરિષદમાં પ્રમુખસ્થાને.
૧૨ બેંગ્લોર : મ્હૈસૂર–બેંગ્લોરના વિદ્યાર્થીઓ તરફથી થેલી; સ્થળ મૅજેસ્ટિક સિનેમા.
૧૩ બેંગ્લોર : સાયન્સ ઇન્સ્ટીટયૂટની મુલાકાત. ● મહિલા સમાજ તરફથી થેલી, ભાષણ.
૧૪ બેંગ્લોર. ⇕ તુમકુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર.
૧૫ તુમકુર. ⇕ મદ્દાગિરિ. ⇕ તુમકુર.
૧૬ તુમકુર. ⇕ બેંગ્લોર : ગુજરાતીઓ તરફથી માનપત્ર.

---

૧. આ અરસામાં સર બ્રજેન્દ્રનાથ શીલ મળવા આવ્યા.

૧૯૨૭—જુલાઈ—ઑગસ્ટ

૧૭ બેંગ્લોર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● મજૂરોની સભા.
૧૮ બેંગ્લોર.
૧૯ મ્હૈસૂર : સ્ત્રીઓની કૉલેજની મુલાકાત. ● વિદ્યાર્થીઓની સભા.
૨૦ મ્હૈસૂર : જાહેર સત્કાર અને માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને બીજાં.
૨૧ મ્હૈસૂર : આદિ કર્ણાટક ઇન્સ્ટીટ્યૂટ અને આદિ કર્ણાટકવાસીઓના લત્તાની મુલાકાત. ● સ્ત્રીઓની સભા; સ્થળ જગન્મોહન મહેલ. ● રેલ્વે નોકરોનું માનપત્ર.
૨૨ મ્હૈસૂર. ⇕ કૃષ્ણરાજ સાગર. ⇕ યદ્વાતોર. ⇕ શ્રીરંગપટ્ટમ્ ⇕ મ્હૈસૂર.
૨૩[1] મ્હૈસૂર : જાહેર સભા અને થેલી. ● મૂગા, બહેરા અને આંધળાની સંસ્થાના વાસીઓ આવ્યા, સંગીત સંભળાવ્યું. ગાંધીજીએ દરેકને ખાદીની ટોપી ભેટ આપી.
૨૪ બેંગ્લોર : મ્હૈસૂરના મહારાજાને એક ચરખો મોકલ્યો. ● સ્ત્રીઓની સભા.
૨૫ બેંગ્લોર.
૨૬ બેંગ્લોર[2] : મુલાકાતો :—United Theological કૉલેજની અને પુરાતત્ત્વ સમાજની.
૨૭ થી ૨૮ બેંગ્લોર.
૨૯ બેંગ્લોર : લંડન મિશનની કન્યાશાળાની મુલાકાત, માનપત્ર.
૩૦ બેંગ્લોર : મુલાકાતો :—ચામરાજેન્દ્ર સંસ્કૃત પાઠશાળા અને વાણીવિલાસ કન્યાશાળા.
૩૧ બેંગ્લોર. ⇕ કલોઝપેટ. ⇕ કંકણુહલ્લી.

ઑગસ્ટ

૧ બેંગ્લોર : લોકમાન્ય ટિળકની સંવત્સરીની સભા.

૨ આર્સિકેરી : ઘણાં વર્ષોથી આવીને વસેલા ગુજરાતીઓ (લંબાનીઓ)નું માનપત્ર. ⇕ હાસન.

---

૧. જલિયાંવાલા બાગના હત્યાકાંડના કર્તા જનરલ ડાયરનું અવસાન.
૨. મહારાજાએ આજે એક કાગળ લખી ચરખા માટે ગાંધીજીનો આભાર માન્યો અને જણાવ્યું કે આને જોઈને મને તમારી મુલાકાત યાદ આવશે.

૧૯૨૭—ઑગસ્ટ

૩ હાસન.

૪ હાસન. ⇕ હોલેનરસિપુર.

૫ બૅંગ્લોર : તા. ૮મીએ ઉજવાનારા, મહારાજાના રાજના રજત મહોત્સવ પ્રસંગે એક અંગત પત્ર લખી, રાજમાં દારૂબંધી દાખલ કરવા વિનંતી કરી.

૬ બૅંગ્લોર : ગોટીગિરિમાં ચાલતું આદિ કર્ણાટક સહકારી મંડળનું કામ જોયું.

૭ બૅંગ્લોર : જિલ્લા બોર્ડનું માનપત્ર. ● મોતીલાલ નહેરુ મળવા આવ્યા.

૮ થી ૯ બૅંગ્લોર.

૧૦ બૅંગ્લોર : ગુજરાત રેલસંકટ નિવારણ માટે પૈસા અને કાર્યકરો માટે જાહેર વિનંતી કરી.

૧૧ બૅંગ્લોર.

૧૨ દાવણગિરિ : વિદ્યાર્થીઓનું માનપત્ર. ● સભાઓ-જાહેર અને અંત્યજોની.

૧૩ હરિહર : જાહેર સભા; સ્થળ મંદિર આગળ. ⇕ હોનાલી : માનપત્ર. ⇕ માલેબેનૂર. ⇕ માસદીગોં.

૧૪ શિમોગા : જાહેર સભા.

૧૫ શિમોગા : ગેરસપ્પાનો ધોધ જોવા જવાની મહાદેવભાઈએ ના પાડી એથી ખુશ થઈ બોલ્યા 'એનો ગેરસપ્પા ધોધ હું છું.'

૧૬ આયનૂર. ⇕ કુમસી. ⇕ ચોરડી. ⇕ અનન્તપુર. ⇕ સાગર. : અંત્યજોની સભા. ⇕ શિમોગા.

૧૭ તીર્થહલ્લી : સભાઓ-સ્ત્રીઓની અને પુરૂષોની. ⇕ મુદગડી. ⇕ ગજનૂર ⇕ શિમોગા.

૧૮ ભદ્રાવતી : લોખંડના કારખાના તરફથી સત્કાર, સભા. ⇕ તરીકેરી : જાહેર સભા, માનપત્ર. ⇕ બીરૂર. ⇕ કડુર.

૧૯ ચિકમગલુર : જાહેર સભા.

૧૯૨૭-ઑગસ્ટ—સપ્ટેમ્બર

૨૦ બેલુર. ⇕ હળેબિડ. ⇕ આર્સિકેરી.
૨૧ તિપતુર.
૨૨ બેંગ્લોર.
૨૩ બેંગ્લોર : વિક્ટોરિયા હૉસ્પિટલની મુલાકાત.
૨૪ હોસૂર. ⇕ શૂલાગિરિ. ⇕ કૃષ્ણગિરિ. : સત્કાર, સન્માન. ⇕ બેંગ્લોર
૨૫ થી ૨૭ બેંગ્લોર.
૨૮ બેંગ્લોર : શહેરીઓ તરફથી માનપત્ર.
૨૯ બેંગ્લોર : ઍન્ડ્રૂઝ મળવા આવ્યા.
૩૦ બેંગ્લોર ⇕ વેલોર : સભાઓ—વિદ્યાર્થીઓની અને સ્ત્રીઓની.
૩૧ વેલોર : વુરીસ કૉલેજના આચાર્ય ડિ.બોર સાથે ખાદી અંગે ચર્ચા. હિંદી ખ્રિસ્તીઓ સાથે ચર્ચા; સ્થળ વુરીસ કૉલેજ. ● જાહેર સભા.[1] મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● દેશબંધુ પાર્કનું ઉદ્‌ઘાટન

સપ્ટેમ્બર

૧ વેલોર : ગુડીઆથમ : ઉતારાની આજુબાજુના કોલાહલથી બચવા છાનામાના બહાર નીકળી મોટરમાં દૂર જઈ કામ અને આરામ. ● જાહેર સભા. મહામુશ્કેલીએ. ⇕ પાલીકોન્ડમ્.

૨ આરકટ : જાહેર સભા. ⇕ આમ્બુર. ⇕ આર્ની.

૩ મદ્રાસ : ઉતારો શ્રીનિવાસ આયંગરને ત્યાં. ● રેલવે કામદાર મંડળની ઑફિસના મકાનનો પાયો નાખ્યો. ● માનપત્રો—કામદાર મંડળનુ તથા ગાંધી કલબનું.

૪ મદ્રાસ : સભાઓ—જાહેર, સ્થળ Y. M. C. A; મોચીઓની, સ્થળ મોચીવાડ; બૉય સ્કાઉટ્સની, સ્થળ સીંગરાચારી હોલ; જાહેર સભા અને માનપત્રો.

---

૧. વેલોરમાં હોસ્પીટલ માટે બંધાતા મકાનમાં ભાષણ આપ્યું હતું એવી માહિતી મળે છે. આ સભાનું સ્થળ કદાચ આ જ હશે.

૧૯૨૭-સપ્ટેમ્બર

૫ મદ્રાસ.

૬ મદ્રાસ : હિંદી અને યુરોપિયન સ્ત્રી–પુરુષોની સભા સમક્ષ ભાષણ; વિષય દારૂબંધી; સમય સવારે ૮; સ્થળ મણિ આયર હૉલ. ● હિંદી પ્રચાર સમિતિના કાર્યાલયની મુલાકાત, સમય સવારે ૯. ⇕ ઈકાડુ : ખ્રિસ્તી મિશનની ઔદ્યોગિક શાળાની મુલાકાત. ⇕ તિરૂવલ્લુર. ⇕ પુનામલ્લી : સુબ્રમણ્યમ અનાથાશ્રમની મુલાકાત. ⇕ મદ્રાસ : નીલ પુતળું ખસેડવા મથતા સત્યાગ્રહીઓને ઉપદેશ- બધું અહિંસક રીતે કરજો.[1]

૭ મદ્રાસ : નીલ પુતળું ખસેડવા વિશેની ચર્ચા ચાલુ. ● પચાયપ્પા કૉલેજમાં પ્રવચન. ● જાહેર સભા.

૮ મદ્રાસ[2] : International Fellowship Association ની સભામાં પ્રવચન. ⇕ કાંજીવરમ્.

૯ મદ્રાસ : સભાઓ, ગુજરાતી–મારવાડીઓની, સ્થળ એકાંબરેશ્વર અગ્રાહરમ્; સ્ત્રીઓની; અને જાહેર. ● દેશબંધુ દાસની છબીની અનાવરણ વિધિ; સ્થળ મહાજન સભા.

૧૦ કુડાલોર : બ્રાહ્મણ–બ્રાહ્મણેતર ઝઘડા મિટાવવા પ્રવચન. ● મીનાક્ષી કૉલેજ તરફથી થેલી; ગાંધીજીની તબિયત ઠીક નહિ હોવાથી એમને કૉલેજમાં લઈ જવાનો આગ્રહ ન રાખ્યો.

---

૧. સને ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધ ('બળવા') વખતે જેમ્સ જ્યૉર્જ સ્મિથ નીલ નામના એક અંગ્રેજ અમલદારે હિંદીઓ ઉપર અમાનુષી અત્યાચારો ગુજાર્યા હતા, એની યાદગીરીમાં એનું એક પુતળું સને ૧૮૬૦માં મદ્રાસમાં જાહેર ફાળામાંથી (!) ઊભું કરવામાં આવ્યું હતું. એની તકતીમાં શબ્દો હતા 'A brave resolute self-reliant soldier, universally acknowledged as the first who stemmed the torrent of rebellion in Bengal'. એ પુતળું ખસેડવા માટેનું આ આંદોલન હતું.

૨. આ અરસામાં ગાંધીજી રાત્રે નવ વાગ્યે મૌન લેતા.

૧૯૨૭—સપ્ટેમ્બર

૧૧ ચિદંબરમ્ : નટરાજના મંદિરની મુલાકાત.[1] ● નંદનાર મઠનો પાયો નાખ્યો. ● જાહેર સભા.

૧૨ માયાવરમ્ : વિદ્યાર્થીઓની સભા. ● દેવદાસીઓ મુલાકાતે આવી.[2] ● જાહેર સભા– આ પ્રથા ઉપર પ્રહાર.[3]

૧૩ માયાવરમ્ : કામદારોની સભા.

૧૪ કુંભકોણમ્ : સભાઓ–વિદ્યાર્થીઓની અને જાહેર. ● પંડિતો સાથે ચર્ચા; વિષય અસ્પૃશ્યતા અને વિધવાવિવાહ; સમય રાત.

૧૫[4] મન્નારગુડી : સભાઓ -ફિન્ડલે કૉલેજમાં; રાષ્ટ્રીય શાળામાં; વિદ્યાર્થીઓની અને જાહેર.

૧૬ તાંજોર[5] : જાહેર સભા.

૧૭ ત્રિચિનાપલ્લી.

૧૮ લાલગુડી. ⇕ ત્રિચિનાપલ્લી.

૧૯ ત્રિચિનાપલ્લી.

૨૦ ત્રિચિનાપલ્લી : નૅશનલ કૉલેજની મુલાકાત. ● પ્રવચનો-વિદ્યાર્થીઓ સમક્ષ; અને ખ્રિસ્તી સ્ત્રી-પુરુષો સમક્ષ, સ્થળ, Y. M. C. A. ● માનપત્રો–દેવદાસીઓનું, સ્થળ મ્યુનિસિપલ હૉલ; અને શ્રીરામપુર મ્યુનિસિપાલિટીનું.

૨૧ ત્રિચિનાપલ્લી : ઉદ્ઘાટન-ડૉ. રાજનની હૉસ્પિટલના વીજળીક અને રેડિયો વિભાગનું અને શાકબજારનું. ● શ્રીરંગમના વિવેકાનંદ

---

૧. અંત્યજ સાધુ નંદે નટરાજને વશ કર્યા હતા એવી કથા છે.

૨. એક દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૩. એ જ.

૪. આજના 'યંગ ઈન્ડિયા'માં, કૅથેરિન મેયોએ લખેલા Mother India નામના પુસ્તક અંગે અગ્રલેખ લખ્યો-Drain Inspector's Report. (જુઓ તા. ૧૭-૩-૨૬)

૫. અહીંના કાર્યકર્તાઓ ગાંધીજી માટે બકરીનું દૂધ, એક આખી દેગ ભરીને લાવ્યા અને કહે કે અમે બકરીઓ બાંધી છે.

આશ્રમવાસીઓ મળવા આવ્યા. ● જાહેર સભા, સ્થળ પાથુર મેદાન, મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ પુદુકોટા : ઉતારો અન્નામલાઈ ચેટ્ટિયારને ત્યાં. ● જાહેર સભા, સમય સાંજ, સ્થળ ટાઉનહૉલ.

૨૨[૧] નાચંડીપટ્ટી. ⇕ પનાયપટ્ટી. ⇕ કુલીપેરી. ⇕ વીરાચલાઈ. ⇕ કાઢિયાપટ્ટી. ⇕ કોટામંગલમ્. ⇕ કનકુકાથન્.

૨૩ પટ્ટાથુર. ⇕ મનાચી સુબાઈ-પીલાઈ. ⇕ જયનકુંડપુરમ્ ⇕ કોટ્ટાયુર. ⇕ અમરાવતીપુર.

૨૪ દેવકોટા.

૨૫ કરાઈકુડી.

૨૬ કરાઈકુડી : ઍની બીસંટની જન્મ જયંતીની ઉજવણી અંગે સંદેશો મોકલ્યો.

૨૭ નાચીયાપુરમ્. ⇕ શિવદયાળ. ⇕ પગનેરી : સ્ત્રીઓની સભા.

૨૮ મદુરા.

૨૯ મદુરા : સૌરાષ્ટ્રથી આવીને વસેલા વણકરો તરફથી સન્માન સમારંભ; સમય સાંજે સાડા છ; સ્થળ સૌરાષ્ટ્ર ક્લબ; માનપત્ર વાંચનાર એલ. કે. તુલસીરામ.

૩૦ મદુરા. ⇕ તિરુમંગલમ્.

ઑક્ટોબર

૧ પરમકુડી.

૨ થી ૩[૨] વિરુધુનગર.

૪ રાજપાલયમ્ : પર્દાનશીન સ્ત્રીઓની સભા. ● ખાદી ઉત્પાદકો વચ્ચેની અનિચ્છનીય હરીફાઈ બંધ કરવા સમજૂતી.

---

૧. આધાર નં. ૩૧ના પાના ૭૮ ઉપર છાપેલા ગાંધીજીના આજની તારીખના પત્રનું સ્થળ સાબરમતી જણાવ્યું છે પણ એ બંધબેસતું નથી.

૨. આ અરસામાં ત્રિચિનાપલીમાં દેવદાસને હરસનું ઑપરેશન કરવામાં આવ્યું.

૧૯૨૭—ઑક્ટોબર

૫ કોવીલપટ્ટી.

૬ તુતિકોરિન : સભાઓ અને માનપત્ર—સ્ત્રીઓની અને જાહેર. ● ખ્રિસ્તી પાદરીએ શંખ અને સોના જડિત ક્રૉસ ભેટ આપ્યો.

૭ તીનેવેલી : ખ્રિસ્તીઓનું માનપત્ર. ⇕ પાલમકોટા : ઉતારો વિશ્વનાથ પિલાઈને ત્યાં. ● જાહેર સભા અને માનપત્રો—કાંતણ મંડળનું; સ્થાનિક કૉંગ્રેસ અને સ્વયંસેવકોનું.

૮ પાલમકોટા. ⇕ શ્રીવૈકુંઠમ્. ⇕ નાગરકોઈલ : મંદિરોની આજુબાજુના રસ્તા વાપરવા માટે ચાલતી લડત વિશે પોલીસ કમિશ્નર સાથે ચર્ચા. ● જાહેર સભા.

૯ ત્રિવેન્દ્રમ્ : મહારાણીની મુલાકાત લીધી. ● માનપત્રો—(૧) સ્ત્રીઓનું સ્થળ વિક્ટોરિયા જ્યુબીલી હૉલ, પ્રવેશ માટે ટિકિટો રાખેલી તે સામે વિરોધ દર્શાવ્યો; (૨) જાહેર.

૧૦ ત્રિવેન્દ્રમ્.

૧૧ ક્વિલોન : જાહેર સભા.

૧૨ કરુવટ્ટા : અંગ્રેજી હાઈસ્કૂલની મુલાકાત. ⇕ અલેપ્પી : ઉતારો નવરોજી નારિયેળવાળાને ત્યાં. ● જાહેર સભા અને માનપત્રો.

૧૩ કોચીન : ઉતારો રાજ્યના અતિથિગૃહમાં. ● મુલાકાતે આવ્યા. (૧) દીવાન ટી. એસ. નારાયણ આયર અને (૨) મહારાણી વી. કે. પરુકુટ્ટી નેથ્યારમ્મા. ⇕ એરનાકુલમ્ : ઉતારો જાદવજી કેશવજીની ચોખાની મિલમાં. ● ગુજરાતીઓની સભા અને સત્કાર, જયરામ શેઠ તરફથી. ● હરિચંદ માણેકચંદને ત્યાં નાસ્તો. ● જાહેર સભા.

૧૪ એરનાકુલમ્ ⇕ એલૂર. ⇕ ત્રિચુર : ઉતારો રાજ્યના અતિથિગૃહમાં.

૧૫ ત્રિચુર : શાળાઓની મુલાકાત. ● જાહેર સભા, સ્થળ ક્રીકેટ મેદાન. ⇕ પાલઘાટ : ઉતારો વદાસેરીના રાજાસાહેબને ત્યાં. ● શબરી આશ્રમની મુલાકાત. કામકોટીપીઠ(કાંચી)ના શ્રી શંકરાચાર્ય સાથે ચર્ચા.

૧૬ કોઈમ્બતુર : ઉતારો શણમુખમ્ ચેટ્ટીને ત્યાં. ● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને કૉંગ્રેસનું.

૧૯૨૭-ઑક્ટોબર-નવેમ્બર

૧૭ કોઈમ્બતુર.

૧૮ પોલાચી. ⇕ કોઈમ્બતુર.

૧૯ થી ૨૧ કોઈમ્બતુર.

૨૨ કોઈમ્બતુર. ⇕ ગોપીચેટ્ટી પાલયમ્. ⇕ તિરુપુર.

૨૩ તિરુપુર : ગીતાવર્ગનું ઉદ્‌ઘાટન, સમય સવારે ચાર ● શિક્ષકો અને વિદ્યાર્થીઓ મુલાકાતે આવ્યા.

૨૪ તિરુપુર : જાહેર સભા. ● ખાદી ધારણ કરીને આવેલા વાળંદ નાચી મુતુને સર્ટિફિકેટ-ખાદી પહેરવાનો અનુરોધ. ⇕ કરુર.

૨૫ ઓટ્ટાપાલયમ્. ⇕ શોરનુર. ⇕ વાલવાનાડ. ⇕ તાલીપરમ્બા. ⇕ કાલિકટ : ઉતારો શ્યામજી સુંદરદાસને ત્યાં. ● માનપત્રો, મ્યુનિસિપાલિટીનું, લોકલ બોર્ડનું અને બીજાં. ● અંત્યજોની સભા.

૨૬ કાલીકટ : અંત્યજોની સભા. ⇕ મેંગ્લોર : સ્ત્રીઓની સભા.

૨૭ મેંગ્લોર : સ્વયંસેવકો સાથે વાર્તાલાપ. ● થી નીકળ્યા. 'વેગવતી' આગબોટમાં.

૨૮ રસ્તામાં.

૨૯ થી ૩૦ મુંબઈ.

૩૧ દિલ્હી : વાઈસરૉયના બોલાવ્યાથી મળવા ગયા; ચર્ચાઓ-હિંદુમુસ્લિમ ઐક્ય વિશે, રાજકીય સુધારા અને સાયમન કમિશન વિશે.

નવેમ્બર

૧ દિલ્હી : ખાદીમંડળના સભ્યો સાથે વાર્તાલાપ; સમય સાંજ; સ્થળ ડૉ. અનસારીનું મકાન.

૨ દિલ્હી : વાઈસરૉયે બોલાવેલી આગેવાનોની પરિષદમાં હાજર. ● જામિયા મિલિયા ઇસ્માલિયા તરફથી માનપત્ર.

૩ થી ૫ અમદાવાદ.

૬ મુંબઈ.

૭ મુંબઈ : થી નીકળ્યા; આગબોટ 'કવેરિંબા'માં.

૧૯૨૭—નવેમ્બર

૮ થી ૯[1] રસ્તામાં.

૧૦[2] તુતિકોરિન.

૧૧ તુતિકોરિન—આગબોટ બદલીને આગબોટ 'ચિંકોઆ' માં બેઠા.

૧૨ કોલંબો.[3]

૧૩ કોલંબો : માનપત્રો (૧) નાગરથાર મંડળનું અને (૨) વિવેકાનંદ સોસાયટીનું, સ્થળ એમનું મકાન ● જાહેર સભા.

૧૪[4] કોલંબો

૧૫ કોલંબો : માનપત્રો (૧) Y.M.C.A.નું, (૨) મ્યુનિસિપાલિટીનું (૩) ઑલ સિલોન બુદ્ધિસ્ટ એસોસિયેશનનું, સ્થળ વિદ્યોદય કૉલેજ. ● ભાષણો (૧) આનંદ કૉલેજમાં; (૨) નાલન્દા વિદ્યાલયમાં.

૧૬ કોલંબો : મજૂર મહાજનના આશ્રયે જાહેર સભા. ● ગવર્નરની[5] મુલાકાત લીધી. ● મિશનરીઓની પરિષદમાં હાજર. ● સિંધી વેપારીઓ સાથે ચર્ચા.

---

૧. હિંદુસ્તાનને શી શી રાજકીય છૂટછાટો આપી શકાય એ વિશે તપાસ કરી ભલામણો કરવા માટે સરકારે તા. ૮–૧૧–૨૭ના રોજ એક કમિશન નીમ્યું. એના પ્રમુખ સર જહોન સાયમન હતા તેથી એ સાયમન કમિશન કહેવાયું. (જુઓ તા. ૩૧–૧૦–૨૭) આ કમિશનમાં એકપણ હિંદી નિમાયો ન હતો.

૨. કોંગ્રેસ પ્રમુખે, આ કમિશનનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી.

૩. સિલોનના પ્રવાસની શરૂઆત.

૪. સ્વામી શ્રદ્ધાનંદના ખૂની અબ્દુલ રશીદને ફાંસી દેવામાં આવી, જુઓ તા. ૨૩–૧૨–૨૬.

૫. હર્બર્ટ જેમ્સ સ્ટેન્લી, આ ગૃહસ્થ સને ૧૯૧૩માં, દક્ષિણ આફ્રિકાના ગવર્નર જનરલ ગ્લેડસ્ટનના મંત્રી હતા.

૧૯૨૭–નવેમ્બર

૧૭ નેગોમ્બો : શહેરીઓનું માનપત્ર. ⇕ ચીલાઉ : અરબન ડિસ્ટ્રીક્ટ કાઉન્સિલનું માનપત્ર.

૧૮ મતાલે : એવું જ. ● જાહેર સભા. ⇕ કેન્ડી : માનપત્રો–હિંદી મંડળનું; મ્યુનિસિપાલિટીનું અને મહાજન સભાનું. ● ભાષણ, સ્થળ ધર્મરાજ કૉલેજ.

૧૯[1] બદુલ્લા : માનપત્ર અને ભાષણ.

૨૦ ન્યુરેલિયા : માનપત્ર અને ભાષણ. ● કામદારો સમક્ષ પ્રવચન.

૨૧ બદુલ્લા. ⇕ કેન્ડી.

૨૨ કોલંબો : માનપત્રો–પારસીઓનું, તાલીમ મંડળનું અને સિલોન રાષ્ટ્રીય કૉંગ્રેસનુ. ● ઝહીરા કૉલેજમાં પ્રવચન.[2]

૨૩ ગાલે : જાહેર સભા, ● મહિન્દા કૉલેજમાં ઈનામ વિતરણ અને પ્રવચન.

૨૪ મતારા : માનપત્રો–શહેરીઓનું તથા જિલ્લાના રહીશોનું ⇕ મધીહા ગોદાગામા : ગ્રામ્ય સભાનું માનપત્ર.

૨૫ કોલંબો : માનપત્રો–રેડિયાર સંગમનું; બુદ્ધિસ્ટ યુવક સંઘનું; અને હિંદી મંડળનું.

૨૬ જાફના : ઉતારો ચુન્નાકમ્ રામનાથનને ત્યાં. ● વિદ્યાર્થી મંડળનું માનપત્ર ● જાહેર સભા.

૨૭ જાફના : સભાઓ–હિંદીઓની અને હિંદુઓની.

૨૮ જાફના.

---

૧. રેલવેએ છ માણસનો ફર્સ્ટ ક્લાસનો પાસ આપ્યો. કદાચ બધી મુસાફરી માટે હશે.

૨. મુરોના સોશિયલ યુનિયન નામની સંસ્થાએ તારથી જણાવ્યું : તમારી મુલાકાત કવેળાની અને કમનસીબ છે; એનાથી કોમ પર ખરાબ અસર થશે અને વિખવાદ વધશે. ઝહીરા કૉલેજનો ઉત્સવ ઉપજાવી કાઢેલો છે. ખાદી તરફ કોઇને દિલસોજી નથી. સિલોનને લૂંટી ખાનાર હિંદીઓ જ તમને આવકારે છે. અમે તમારા સ્વાગતમાં જોડાતા નથી અને ઇચ્છીએ છીએ કે તમે પાછા જાવ.

તારની તારીખ મળી શકી નથી.

૧૯૨૭—નવેમ્બર–ડિસેમ્બર

૨૯ જાફના : સભાઓ—સેંટ જહોન કૉલેજ; સેન્ટ્રલ કૉલેજ, ઉદીવીલ સ્ત્રીઓની કૉલેજ અને રામનાથન્ સ્ત્રીઓની કૉલેજ. ⇕ તલ્લીપલાઈ. ⇕ નીલીદી.[1] માનપત્રો બંને સ્થળે.

૩૦ રામનાદ : સભાઓ— સ્ત્રીઓની અને જાહેર.

ડિસેમ્બર

૧ મદ્રાસ.

૨ રસ્તામાં.

૩ ચીકાકોલ : જાહેર સભા. ⇕ તીલારૂ. ⇕ સર્વકોટા ⇕ પાર્લાકીમડી. ⇕ પુંડી : જાહેર સભા.

૪ પુંડી. ⇕ પલાસા ⇕ બરૂઆ. ⇕ સંપેલા. ⇕ ઇચ્છાપુરમ્

૫[2] બરહામપુર (= બ્રહ્મપુર) : ઉતારો શ્રીમતી જોગિયાને ત્યાં. ● શ્રી રઘુનાથ સ્વામી મંદિરનું ઉદ્ઘાટન; મંદિર સૌ કોમ માટે ખુલ્લું અને મૂર્તિ ઉપર વસ્ત્રો ખાદીનાં. ● સભાઓ—વિદ્યાર્થીઓની, સ્ત્રીઓની અને જાહેર. ⇕ છત્રાપુર : જાહેર સભા

૬ આસકા. ⇕ ગોબરા. ⇕ રસલકોન્ડા. ⇕ ખેલાગુંઠા

૭ પુરૂષોત્તમપુર. ⇕ બોઈરાણી. ⇕ પુલાસરા ⇕ કોડાલા. ⇕ ખલીકોટ : ઉતારો રાજાના, ચિલકા સરોવર ઉપર આવેલા બંગલામાં.

૮ રંભા. ⇕ બાણપુર : જાહેર સભા.

૯ બાણપુર. ⇕ બોલગઢ : ઉતારો ડિસ્ટ્રીકટ લોકલ બોર્ડના બંગલામાં; છેલ્લા દસ વર્ષમાં પહેલાં વખત, ઉતારા માટે ભાડું આપવું પડયું ! ● સભા, નાનકડી.

---

૧. સિલોનના પ્રવાસનો અંત.

૨. સાંજની પ્રાર્થના, આશ્રમની માફક, મુકામે આવ્યા પછી કરવાનો રિવાજ હતો. તા. ૩જીએ રાત્રે બહુ મોડું થવાથી એ દિવસે આ પ્રાર્થના કરવાનું રહી ગયું. એટલે આજથી એવું નક્કી કર્યું કે આ પ્રાર્થના, સાંજે સાત વાગ્યે, જ્યાં હોય ત્યાં –રેલ્વે ગાડીમાં, મોટર ગાડીમાં, સભામાં–કરવી.

૧૯૨૭—ડિસેમ્બર

૧૦ થી ૧૧ બોલગઢ.

૧૨ બોલગઢ. ⇕ ખુરદા. ⇕ સાક્ષી ગોપાળ.

૧૩ સાક્ષી ગોપાળ : સભાઓ–સ્ત્રીઓની અને જાહેર. ⇕ પુરી : જગન્નાથના મંદિરમાં ન ગયા. કહે 'જ્યાં ગંદકી છે, જ્યાં વેશ્યાઓ જાય અને નાચે તેની સામે પ્રતિબંધ નથી પરંતુ હરિજનો જાય તેની સામે પ્રતિબંધ છે ત્યાં નથી જવું.' ● મ્યુનિસિપાલિટીનું (ક્રમને અપાયેલું) માનપત્ર. ● જાહેર સભા, હાજરી નજીવી.

૧૪[1] જાલેશ્વર. ⇕ બાલાસોર.

૧૫ બાલાસોર : જાહેરસભા ⇕ કાંતાપારા. ⇕ સોરો

૧૬ ભદ્રક[2] ⇕ પીરહાટ. ⇕ ઈતામતી.

૧૭ ચાર બતિયા : જાહેર સભા. ⇕ બાલિયાપલ.

૧૮[3] કટક : ઉતારો ગોપાલ મહારાજને ત્યાં. તબિયત નરમ ● સભાઓ–સ્ત્રીઓની, અને ગુજરાતીઓની ● માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને લોકલ બોર્ડનું.

૧૯ કટક : રક્તપિત્તિયા હૉસ્પિટલની મુલાકાત ● ડૉ. અનસારી આવ્યા અને ગાંધીજીને તપાસ્યા.

૨૦ થી ૨૧[4] કટક.

૨૨ મદ્રાસ

૨૩ મદ્રાસ : ખાદી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.[5]

---

૧. આધાર નં. ૮૩ના પાન ૩૯ ઉપર છપાયેલા એક પત્રનાં સ્થળ અને તા. 'બતિયા; સોમ તા. ૧૪–૧૨–૨૭' છે. આ બંધબેસતું નથી.

૨. જીવરામ કલ્યાણજી કોઠારી નામના એક ગુજરાતી વેપારી હાજર હતા. એમણે અહીં આશ્રમ સ્થાપવા નક્કી કર્યું.

૩. આજે ગોવિંદાશ્રમનું ઉદ્‌ઘાટન ચંપાપુરહારમાં ગાંધીજી કરવાના હતા પણ તબિયત નરમ હોવાથી મહાદેવભાઈએ કર્યું.

૪. આ અરસામાં અલકા આશ્રમના વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કર્યું.

૫. કૉંગ્રેસના અધિવેશન વખતે ભરાયેલું આ પ્રદર્શન, એક મોટા પ્રદર્શનનો એક વિભાગ માત્ર જ હતો. બીજા વિભાગોમાં પરદેશી કાપડ, સંચાઓ, સરકારી વસ્તુઓ વગેરે ગોઠવાયાં હતા. આ પ્રદર્શનને સરકાર તરફથી નાણુંની મદદ મળી હતી અને એ ગવર્નરના હાથે ખુલ્લું મુકાવવામાં આવ્યું હતું. આની સામે તા. ૫–૧–૨૮ ના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીએ ઠીકઠીક પ્રહારો કર્યા.

૧૯૨૭—ડિસેમ્બર; ૧૯૨૮–જાન્યુઆરી

૨૪ થી ૨૫ મદ્રાસ.
૨૬ મદ્રાસ : કોંગ્રેસની બેઠકમાં હાજર.
૨૭ થી ૨૮ મદ્રાસ[1]
૨૯ રસ્તામાં.
૩૦ મુંબઈ.
૩૧ અમદાવાદ.

જાન્યુઆરી

૧ થી ૧૨[2] અમદાવાદ.
૧૩ અમદાવાદ[3] : Federation of International Fellowship ની બેઠકમાં હાજર.
૧૪ અમદાવાદ : બેઠક ચાલુ, ગાંધીજીનું પ્રવચન.
૧૫ અમદાવાદ : બેઠક ચાલુ. ગાંધીજી સાથે પ્રશ્નોત્તરી; ● ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે; મુખ્ય વકતા એન્ડ્રૂઝ.[4] એ જ સ્થળે આચાર્ય ગિદ્વાનીની છબીની અનાવરણ વિધિ.
૧૬ થી ૧૭ અમદાવાદ.

---

૧. (૧) દરમિયાન તા. ૨૮ મીએ હકીમ અજમલખાનનું રામપુરમાં અવસાન થયું.

(૨) મદ્રાસના વસવાટ દરમિયાન કોંગ્રેસની અને એની સમિતિઓની બેઠકોમાં ગાંધીજીએ બહુ ઓછો ભાગ લીધો. તબિયત પણ સારી નહોતી. વિલાયતના મજૂર નેતા ફ્રેનર બ્રાકવે હોસ્પિટલમાં હતા એમને જોવા ગયા હતા. પોલક પણ મળ્યા હતા

૨. (૧) દરમિયાન તારીખ પાંચમીએ 'યંગ ઇન્ડિયા'માં કોંગ્રેસના મદ્રાસ અધિવેશન અંગે એક કડક લેખ લખ્યો. એમાં એક ટીકા ખાદી વિશેની અશ્રદ્ધા અંગે પણ હતી. જવાહરલાલ નહેરુ જે, આ અધિવેશનના મંત્રીઓ પૈકી એક હતા તેમને આ ટીકા રુચી નહિ.

(૨) આ અરસામાં મચ્છરથી બચવા માટે મચ્છરદાની વાપરવનું બંધ કર્યું અને શરીરે ઘાસતેલ લગાડવાનું શરૂ કર્યું.

૩. આ દિવસોમાં ફાધર એલ્વીન આશ્રમમાં હતા, અને ગાંધીજીના સંપર્કમાં આવ્યા.

૪. 'ઇન્ડિયન રિવ્યુ'ના ૧૯૨૮ના જાન્યુઆરી માસના અંકના પાન ૮૮ ઉપર આની તા. ૧૩ જણાવી છે; પણ 'નવજીવન' તથા સ્થાનિક પત્રમાં તા. ૧૫ જણાવી છે આ સ્વીકારી છે.

૧૯૨૮—જાન્યુઆરી

૧૮ અમદાવાદ : ચોથા યુવક સપ્તાહના બીજા દિવસના કાર્યક્રમમાં પ્રમુખ પદે; સ્થળ માસ્તર થિયેટર.

૧૯ અમદાવાદ.

૨૦[1] પોરબંદર : સત્કાર; ઉતારો રાજ્યના અતિથિગૃહમાં, ● ચોથી કાઠીયાવાડ રાજકીય પરિષદમાં હાજર; પ્રમુખ ઠક્કરબાપા.

૨૧ પોરબંદર : બેઠક ચાલુ. ● આગેવાનો સાથે ખાનગી ચર્ચા; કાર્યની મર્યાદા બાંધવા અને રાજાઓ ઉપર વ્યક્તિગત ટીકાઓ ન કરવા ઉપદેશ; સમય સાંજ.

૨૨ પોરબંદર : બેઠક ચાલુ; ગઈ કાલના ઉપદેશ અનુસારનો ઠરાવ રજૂ કર્યો. ● ઠક્કર બાપાને એમના જ્ઞાતિજનો તરફથી અપાયેલી થેલીના સમારંભમાં પ્રમુખપદે; સ્થળ ભાણજી લવજી સેનેટેરિયમ, ● મહારાણા તરફથી આપવામાં આવેલી પાર્ટીમાં હાજર.

૨૩ વરતેજ.

૨૪ વરતેજ : અંત્યજ આશ્રમમાં રામજી મંદિરનું ખાતમુહુર્ત કર્યું. ⇕ મોરબી : મહારાજા તરફથી સ્વાગત; એમની સાથે ખુલ્લા દિલથી વાતો. ● સભાઓ–મોઢ જ્ઞાતિનું અને બીજા માનપત્રો.

૨૫ મોરબી. ⇕ વાંકાનેર.

૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ : રામદાસના લગ્નમાં હાજર.[2] દંપતીને આશીર્વાદ.[3]

૨૮ થી ૨૯ અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠની નવરચના અંગે વિચાર કરવા મળેલી નિયામક સભામાં પ્રમુખપદે—બંને દિવસે.

૩૦ અમદાવાદ.

૩૧ અમદાવાદ : વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનો વધુ સંપર્ક સાધવાના ઉદ્દેશથી આજથી ત્યાં રહેવાનું રાખ્યું.

---

૧. મીરાં બહેનના પિતાનું વિલાયતમાં અવસાન થયું.

૨. (૧) જુઓ તા. ૧૫–૧૦–૨૫.

(૨) આધાર નં. ૨૩૪ પા ૧૨૬ ઉપર આનો સમય ફેબ્રુઆરી માસ જણાવ્યો છે. પણ એ ભૂલ છે.

૩. ખરચ બધું મળીને આશરે એક રૂપિયો.

૧૯૨૮—ફેબ્રુઆરી-માર્ચ

૧ થી ૪[1] અમદાવાદ.

૫ અમદાવાદ : આશ્રમ શાળાના ઉત્સવમાં હાજર; સમય સાંજ; પેટમાં દર્દ; બે મિનિટ બેભાન; લોહીનું દબાણ વધ્યું; આશ્રમમાં રહ્યા.

૬ થી ૧૩[2] અમદાવાદ.

૧૪ અમદાવાદ : રેમાં રેલાંને પત્ર લખ્યો.

૧૫ થી ૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : તબિયત સુધારા ઉપર.

૨૭ થી ૨૯ અમદાવાદ.

માર્ચ

૧ થી ૯[3] અમદાવાદ.

૧૦ થી ૧૩ અમદાવાદ : પોલક મળવા આવ્યા[4]—રોજ.

૧૪ અમદાવાદ : ડૉ. અનસારી, ઝાકીર હુસેન તથા જમનાલાલ બજાજ મળવા આવ્યા.

૧૫ થી ૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : રાજાજીને લખેલા પત્રમાં લખ્યું :- 'હું આજે ન ગુજરી ગયો તેથી ઘણાને દુઃખ થયું છે. કદાચ મને પણ થયું હોય અને એક પ્રકારનું મારું મૃત્યુ તો થઈ જ ગયું કહેવાય. . . . . '[5]

---

૧. દરમિયાન તા. ૩જીના રોજ સાયમન કમિશન મુંબઈ આવી પહોંચ્યું.

૨. દરમિયાન

(૧) તા. છઠ્ઠીના રોજ રમણભાઈ નીલકંઠ અમદાવાદમાં ગુજર્યા.

(૨) તા. ૧૨મીએ વલ્લભભાઇની સરદારી નીચે બારડોલી સત્યાગ્રહની લડત શરૂ થઇ.

૩. દરમિયાન (૧) જવાહરલાલ નહેરુ મળવા આવ્યા. (૨) તા. ૪થીએ લૉર્ડ સિંહાનું અવસાન થયું.

૪. એ શેઠ અંબાલાલના ઘેર ઉતર્યા હતા.

૫. ગાંધીજીની આ માંદગી દરમિયાન (જુઓ તા. ૫-૨-૨૮) અનેક પ્રકારની અફવાઓ ઉડી. ફ્રાંસના એક પત્રમાં, મુંબઈથી મોકલેલો એક એવી મતલબનો સંદેશો પ્રસિદ્ધ થયો કે તા. ૧૦-૨-૨૮ના રોજ ગાંધીજીએ મિત્રોને

૧૯૨૮—માર્ચ

૧૮ થી ૧૯ અમદાવાદ.

૨૦ અમદાવાદ : ઑસ્ટ્રિયન પત્રકાર મિસ ઍલિસ શાલેક મળવા આવ્યાં.
● સ્વદેશીની અને પરદેશી કાપડના બહિષ્કારની બાબતોમાં 'મિલો શું કરી શકે?' એ વિશે ચર્ચા કરવા શેઠ અંબાલાલ, કસ્તુરભાઈ અને રણછોડભાઈ આવ્યા.

૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : મળવા આવ્યાં—મહિલા પાઠશાળાનાં આચાર્યા કુમારી ભાગવત અને હોરેસ ઍલેક્ઝાન્ડર [1]

૨૩ અમદાવાદ

૨૪ અમદાવાદ : પરદેશી કાપડના બહિષ્કાર અંગે મોતીલાલ નહેરુ સાથે ચર્ચા.

૨૫ અમદાવાદ : ચર્ચા ચાલુ, મુંબઈના મિલ માલિકો, શેઠ અંબાલાલ અને કસ્તુરભાઈ જોડાયા.

જમવા નોતર્યા હતા અને જમણ પતી ગયા પછી એમણે જાહેર કર્યું કે હું આવતા માસની તા. ૧૨મીએ મૃત્યુ પામીશ. એ પરથી એવી અફવા ઉડી કે ગાંધીજીને મૃત્યુની આગાહી થઈ છે અને એ પોતે એમ માને છે કે માર્ચ માસની અમુક ચોક્કસ તારીખે એમનો દેહ પડશે. કોઇ ૧૨મી કહેતું, કોઇ ૧૭મી કહેતું અને કોઇ ૧૮મી કહેતું.

સને ૧૯૨૨ના માર્ચ માસની ૧૦મી તારીખે ગાંધીજીને પકડયા હતા અને ૧૮મીએ છ વર્ષની સજા કરવામાં આવી હતી. સજા થઇ ત્યારે કોઈએ એમને પૂછયું હતું 'સ્વરાજ કયારે મળશે?' ગાંધીજીએ જવાબ આપ્યો હતો, 'મને છ વર્ષની સજા કરવામાં કદાચ ઈશ્વરનો હાથ હોય. એટલા સમયમાં આપણને સ્વરાજ મળે અથવા તો છ વર્ષમાં મારું મૃત્યુ થાય.' છ વર્ષની સજાની મુદત તા. ૧૭-૩-૨૮ના રોજ પૂરી થઈ ગણાય. આ શબ્દોને ભવિષ્ય-વાણી કલ્પી આ અફવાઓ ઉડાડવામાં આવી હોવાનો સંભવ છે.

૧. આ ગૃહસ્થ થોડા દિવસ આશ્રમમાં રોકાયા હતા. એમને ગાંધીજી સાથે રોજ ચર્ચા થતી. એક દિવસ તો, બે દિવસ બાદ, એ, ગાંધીજી સાથે શાક સમારવા બેસી ગયા.

૧૯૨૮—માર્ચ-એપ્રિલ

૨૬ અમદાવાદ.

૨૭ અમદાવાદ : શહેરના ઝાડુવાળા સમક્ષ પ્રવચન; સમય સાંજે સાડા સાત; સ્થળ મગનભાઈની વાડી.

૨૮ થી ૨૯ અમદાવાદ.

૩૦ અમદાવાદ : રામનવમી અંગે આશ્રમમાં પ્રવચન.

૩૧[1] અમદાવાદ : મજૂરસંઘની શાળાઓના વિદ્યાર્થીઓની કાંતણ હરીફાઈમાં હાજર, સ્થળ ગાંધી હૉલ.

એપ્રિલ

૧ થી ૨ અમદાવાદ.

૩ અમદાવાદ : પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યા.

૪ અમદાવાદ : હનુમાન જયંતી અંગે આશ્રમમાં પ્રવચન.

૫ થી ૭ અમદાવાદ.

૮ અમદાવાદ : લાલા લજપતરાય મળવા આવ્યા.

૯ થી ૨૨[2] અમદાવાદ.

૨૩[3] અમદાવાદ.

૨૪ થી ૨૫ અમદાવાદ.

---

૧. સાયમન કમિશન, પ્રાથમિક તપાસ કરી પાછું ગયું.

૨. તા. ૬ થી ૧૩ સુધીના રાષ્ટ્રીય સપ્તાહમાં, ખાદી સેવક મંડળમાં જોડાવા માટે ચુંટાયેલા વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કર્યું. એની ચોક્કસ તારીખ મળી શકી નથી.

૩. આજે પટણામાં, ગાંધીજીના ભત્રીજા મગનલાલ ખુશાલચંદ ગાંધી ગુજર્યા. એ અને ગાંધીજી બંને M. K. Gandhi. દક્ષિણ આફ્રિકામાં M. K. Gandhi ના અવસાનનો તાર પહોંચ્યો. ખાતરી કરવા ત્યાંની કૉંગ્રેસે કરેલો તાર ગાંધીજીને મળ્યો—'આપની તબિયતના સમાચાર તારથી આપો.' ગાંધીજીએ યોગ્ય જવાબ આપ્યો.

૧૯૨૮ – એપ્રિલ થી જૂન

૨૬ અમદાવાદ: વાઇસરૉયને ખાદી સાહિત્ય મોકલી આપ્યું અને લખ્યું:– 'ઇચ્છા હોય ત્યારે ચર્ચા માટે મને બોલાવજો'.

૨૭ થી ૩૦ અમદાવાદ.

મે

૧ અમદાવાદ: કમલા લેક્ચર આપવાની, કલકત્તા યુનિવર્સિટીના વિનંતિના જવાબમાં લખ્યું 'આના માટે હું લાયક નથી.' ● રાયપુર મિલનાં મજૂરોના બાળકો માટેના બાલગૃહનું ઉદ્‌ઘાટન; સ્થળ સમય સાંજે છ; સ્થળ મિલ કંપાઉંડ.

૨ થી ૫[1] અમદાવાદ.

૬ અમદાવાદ: સુભાષચંદ્ર બોઝ મળવા આવ્યા.

૭ થી ૮ અમદાવાદ.

૯ અમદાવાદ: શૌકતઅલી, જમનાલાલ અને રાજાજી મળવા આવ્યા.

૧૦ થી ૧૧ અમદાવાદ.

૧૨ અમદાવાદ: ચરખા સંઘની બેઠકમાં પ્રમુખપદે; મગનલાલ ગાંધી સ્મારક સંગ્રહાલય કરવા ઠરાવ્યું.

૧૩ થી ૧૬ અમદાવાદ.

૧૭ થી ૧૮ મુંબઈ: વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર, બંને દિવસો.

૧૯ મુંબઈ: બેઠક ચાલુ. ● સર્વ પક્ષ પરિષદમાં હાજર; હિંદનું રાજકીય બંધારણ ઘડવા મોતીલાલ નેહરુના પ્રમુખપદે એક સમિતિ નીમવા મંજૂર થયું.[2]

૨૦ થી ૩૧ અમદાવાદ.

જૂન

૧ થી ૧૦[3] અમદાવાદ.

૧૧ અમદાવાદ: ગુજરાત મહાવિદ્યાલયના નવા સત્રના ઉદ્‌ઘાટનનું પ્રવચન, સમય સાંજે સાડા ચાર.

---

૧. દરમિયાન તા. પાંચમીએ ઝીણા વિલાયત ગયા.

૨. આ સમિતિએ જે હેવાલ બહાર પાડયો તે નેહરુ હેવાલ નામે ઓળખાયો.

૩. દરમિયાન, આશ્રમમાં ઉદ્યોગમંદિરની અને સંયુક્ત રસોડાની શરૂઆત થઈ ગઈ.

૧૯૨૮ - જૂન-જુલાઈ

૧૨ થી ૧૪ અમદાવાદ.

૧૫[1] અમદાવાદ : અમદાવાદની મિલોના ટિળક સ્વરાજ ફાળામાંથી, મજૂર મહાજનને, મજૂર શાળાઓ ચલાવવા માટે ગ્રાન્ટ આપવા અંગે એ ફાળાના વહીવટ માટેની સમિતિના સભ્ય ગોરધનભાઈ પટેલ સાથે ચર્ચા.

૧૬ થી ૧૯ અમદાવાદ.

૨૦ અમદાવાદ : બારડોલીમાં ચાલતી સત્યાગ્રહની લડત અંગે સર પુરુષોત્તમદાસ અને લાલજી નારણજી સાથે ચર્ચા.

૨૧ અમદાવાદ.

૨૨ થી ૨૪ અમદાવાદ : એક આશ્રમવાસીના નીતિદોષના કારણે ત્રણ દિવસના ઉપવાસ.

૨૫ અમદાવાદ : તા. ૧૫મીએ થયેલી ચર્ચાના અનુસંધાનમાં શેઠ મંગળદાસ સાથે ચર્ચા અને સમજુતી.

૨૬ થી ૩૦ અમદાવાદ.

જુલાઈ

૧ થી ૪ અમદાવાદ.

૫ અમદાવાદ : કાબૂલના ગવર્નર સરદાર અહમદ અલીખાન મળવા આવ્યા.

૬ અમદાવાદ.

૭ અમદાવાદ : મહાવિદ્યાલયમાં વર્ગ લીધો.

૮ થી ૧૩ અમદાવાદ.

૧૪ અમદાવાદ : મહાવિદ્યાલયમાં વર્ગ લીધો.

૧૫ અમદાવાદ.

૧૬ અમદાવાદ. : નૃસિંહ ચિંતામણ કેળકર મુલાકાતે આવ્યા.[2]

૧૭ થી ૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : મહાવિદ્યાલયમાં વર્ગ લીધો.

---

૧. આ અરસામાં આશ્રમમાં લૂંટ અને ચોરી થઈ; સામનો કરવામાં કેટલાક આશ્રમવાસીઓને માર પડયો.

૨. એ, આ સમયે અમદાવાદમાં ભરાયેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખ હતા.

૧૯૨૮—જુલાઇ–ઑગસ્ટ

૨૨ થી ૨૪ અમદાવાદ.

૨૫ અમદાવાદ : અખિલ ભારત ગોરક્ષા મંડળની સભામાં હાજર, સંસ્થાનું નામ બદલી ગોસેવા સંઘ રાખ્યું.

૨૬ અમદાવાદ : બારડોલી સત્યાગ્રહની લડત અંગે કનૈયાલાલ મુનશી સાથે ચર્ચા.

૨૭ થી ૩૧ અમદાવાદ.

ઑગસ્ટ

૧ અમદાવાદ : થી નીકળ્યા બારડોલી જવા; કહે 'સરદારના સૈનિક તરીકે જાઉં છું'.

૨ સુરત. ⇕ બારડોલી.

૩[૧] બારડોલી.

૪ સરભાણ. ⇕ બારડોલી.

૫ રાયમ્. ⇕ બારડોલી.

૬ થી ૧૦[૨] બારડોલી.

૧૧ બારડોલી : સત્યાગ્રહ અંગે સજા પામેલા કેદીઓ છૂટીને આવ્યા તેમનું સ્ટેશને સ્વાગત કર્યું ⇕ વાલોડ. ⇕ વાંકાનેર.

૧૨ બારડોલી : સ્વયંસેવકોની સભામાં પ્રવચન. ● વિજયની ઉજવણીમાં હાજર; વલ્લભભાઈને, લોકો તરફથી આપવામાં આવેલા માનપત્રની અર્પણવિધિ કરી. ● જાહેર સભા ⇕ સુરત : જાહેર સભા અને

---

૧. આધાર નં. ૩૮ ની પ્રસ્તાવના આજે સાબરમતીમાં લખી એમ એમાં જણાવ્યું છે. આ બંધબેસતું નથી.

૨. દરમિયાન (૧) તા. ૬ઠ્ઠીએ બારડોલી સત્યાગ્રહની લડતનું સમાધાન થયું. તપાસ સમિતિ નીમવા સરકારે સ્વીકાર્યું.

(૨) આ અરસામાં, મુંબઈના વિક્ટોરિયા જ્યુબીલી ઈન્સ્ટીટ્યૂટે ગાંધીજીની છબી વણવા સામે વિદ્યાર્થીઓ ઉપર પ્રતિબંધ મૂક્યો. વિદ્યાર્થીઓ હડતાળ પર ઉતર્યા.

૧૯૨૮—ઑગસ્ટ—સપ્ટેમ્બર

વલ્લભભાઈને પોતાના હાથે માનપત્ર; સ્થળ ડક્કાનો ઓવારો, પ્રમુખ દયાળજી નાનુભાઈ.

૧૩ અમદાવાદ : બારડોલી સત્યાગ્રહ અંગે સજા ખાઈ, છૂટેલા માંદા દિનકર મહેતાની ખબર કાઢવા સિવિલ હૉસ્પિટલમાં ગયા.

૧૪ થી ૧૫ અમદાવાદ.

૧૬ અમદાવાદ : બારડોલી સત્યાગ્રહની સફળતા અંગેની જાહેર સભામાં પ્રવચન; સમય સાંજે સાડા પાંચ; પ્રમુખ શેઠ મંગળદાસ; 'સરદાર' વલ્લભભાઇનો સત્કાર અને માનપત્ર.

૧૭ થી ૧૯ અમદાવાદ.

૨૦ અમદાવાદ : બ્રાહ્મસમાજની સ્થાપનાના શતાબ્દી ઉત્સવ અંગે પ્રવચન; સમય સાંજે સાત; સ્થળ પ્રાર્થના સમાજ મંદિર.

૨૧ થી ૩૧[૧] અમદાવાદ.

સપ્ટેમ્બર

૧ અમદાવાદ : મહાવિદ્યાલયમાં વર્ગ લીધો.

૨ થી ૪[૨]. અમદાવાદ.

૫ અમદાવાદ : સરસપુર મિલના અને મજુર મહાજનના પ્રતિનિધિઓ મળવા આવ્યા.

---

૧. આધાર નં. ૮૪ના પાના બાવન ઉપર એ મતલબની નોંધ છે કે આ દિવસોમાં લખનૌમાં ભરાયલી સર્વ પક્ષ પરિષદમાં ગાંધીજી હાજર હતા. આ પરિષદ આ સ્થળે તા. ૨૮ થી ૩૦ ભરાઇ હતી અને એમાં નહેરુ હેવાલ (જુઓ તા. ૧૯-૫-૨૮) ઉપર આખરી નિર્ણયો લેવાયા હતા. પરંતુ એમાં ગાંધીજી હાજર હતા એ મતલબની નોંધ બંધબેસતી નથી.

૨. દરમિયાન તા. ૪થીએ શૌકતઅલીએ દિલ્હીથી બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું-'બંધારણ સમિતિમાં (નહેરુ હેવાલ-જુઓ તા. ૩૧-૮-૨૮) શ્વેબ કુરેશી ન આવે એવી ગાંધીજીએ ઇચ્છા દર્શાવી હતી.' બંને વચ્ચે તા. ૨૯-૩-૨૫ના રોજ જાહેર થયેલા મતભેદો વધુ ઉગ્ર બન્યા.

૧૯૨૮ - સપ્ટેમ્બર—ઑકટોબર

૬ અમદાવાદ.

૭ અમદાવાદ : બહેરાં–મૂંગાંની શાળાના નવરંગપુરાના મકાનનું ખાતમુહૂર્ત કર્યું. ● સરોજિની નાઈડુ મળવા આવ્યા.

૮ અમદાવાદ : એમની સાથે ચર્ચા ચાલુ. ● મહાવિદ્યાલયમાં વર્ગ લીધો.[૧]

૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : ટૉલ્સ્ટૉયની જન્મ શતાબ્દી અંગે યુવક સંઘના આશ્રયે મળેલી સભામાં પ્રવચન; સમય સાંજ; સ્થળ આશ્રમ.

૧૧ થી ૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : રાજેન્દ્રબાબુ મળવા આવ્યા.

૧૮ થી ૨૩ અમદાવાદ.

૨૪ અમદાવાદ : તા. ૪થીએ શૌકતઅલીએ બહાર પાડેલા નિવેદનનો જવાબ આપતાં, પત્ર નીચે સહી કરી 'Spent Bullet, otherwise spelt M. K. Gandhi.

૨૫ થી ૩૦[૨] અમદાવાદ.

ઑકટોબર

૧ અમદાવાદ : થિયૉસૉફીકલ સોસાયટી અને આનંદ યુથ લૉજના આશ્રયે ઍની બીસન્ટની જન્મતિથિની ઉજવણીમાં પ્રમુખપદે; સમય સાંજે સાડા છ; સ્થળ ભગુભાઈનો વંડો[૩].

---

૧. આ વર્ગમાં ગાંધીજી આશ્રમ અગર આશ્રમથી વિદ્યાપીઠ સાઈકલ પર ગયા હતા કારણ કે એમને મોડું થયું હતું આ વર્ગમાં વિદ્યાપીઠ જવા-આવવાનો પ્રસંગ આજની તારીખ પછી બન્યો હોય એવી માહિતી મળીનથી. એટલે આ નોંધ અહીં લીધી છે. સંભવ છે પ્રસંગ આ અગાઉ બન્યો હોય.

૨. આ અરસામાં, આશ્રમમાંના, એક અત્યંત બીમાર અને દુ:ખથી પિડાતા વાછડાને, બીજો કોઈ ઉપાય નહિ રહેવાથી, ઝેરની પિચકારી દેવડાવી ગાંધીજીએ એના જીવનનો અંત આણ્યો; અને આને અંગે તા. ૩૦મીના 'નવજીવન'માં લેખ લખ્યો. એમના આ કૃત્યે અને લેખે ખૂબ ઉહાપોહ જગાવ્યો.

૩. 'પ્રજાબંધુ'ના તા. ૭–૧૦–૨૮ના અંકના પાના ૧૦ ઉપર આની તા. ૩૦–૯–૨૮ રવિવાર જણાવી છે. પણ તા. ૧–૧૦–૨૮ સોમવારની અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડની કાર્યવાહી પરથી જણાય છે કે સભ્યોને આ સભામાં જવું હતું તેથી સભા મુલતવી રાખવા દરખાસ્ત આવી હતી. 'મુંબઈ ગુજરાતી'ના તા. ૭–૧૦–૨૮ના અંકમાં પણ તા. ૧ લી જણાવી છે. એટલે તા. ૧ પ્રમાણભૂત માની છે.

૧૯૨૮—ઑક્ટોબર-નવેમ્બર

૨ થી ૭[1] અમદાવાદ.

૮ થી ૧૧[2] અમદાવાદ.

૧૨ અમદાવાદ : Age of Consent કમિટી સમક્ષ જુબાની આપવા ના લખી દીધી.

૧૩ થી ૧૪ અમદાવાદ.

૧૫ અમદાવાદ : તા. ૨૬મીથી નડિયાદ ભરાનારી નવમી ગુજરાતી પરિષદને સંદેશો મોકલ્યો.

૧૬ થી ૧૮ અમદાવાદ.

૧૯ અમદાવાદ : મોતીબહેનના[3] લગ્ન પ્રસંગે હાજર.

૨૦ થી ૨૭[4] અમદાવાદ.

૨૮ અમદાવાદ : નવી ગુજરાતી શાળાના વાર્ષિક ઉત્સવમાં પ્રમુખપદે. ● કૉંગ્રેસના આગામી (કલકત્તા) અધિવેશન વખતે ભરવાના પ્રદર્શન અંગે મોતીલાલ નહેરુ (વરાયેલા પ્રમુખ) અને બંગાળાના નેતાઓ સાથે ચર્ચા. આ લોકોનો, મિલકાપડ અને સંચાને સ્થાન આપવા આગ્રહ હતો.[5]

૨૯ થી ૩૧[6] અમદાવાદ.

નવેમ્બર

૧ થી ૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : મિલમાલિકો અને મજૂરો વચ્ચે, મહાજનનું લવાજમ ઉઘરાવવા અંગે પડેલા ઝઘડાનું સમાધાન પંચ તરીકે[7] કરાવ્યું.

---

૧. આ પહેલાં ગાંધી વિચારસરણીમાં માનતાં એક ઑસ્ટ્રિયન દંપતી (સ્ટૅન્ડનીથ) આશ્રમમાં આવ્યા.

૨. દરમિયાન તા. ૧૧મીએ સાયમન કમિશન હિંદ પાછું આવ્યું.

૩. રામજીભાઇ ગોપાળજી બઢિયાનાં પુત્રી. એમનાં લગ્ન રત્નાજી નાગજી સાથે થયાં હતાં.

૪. દરમિયાન તા. ૨૬મીએ ઝીણા હિન્દ પાછા આવ્યા. પછી એમણે સંયુક્ત મતાધિકારની વાત મૂકી દીધી અને અલગ મતાધિકારની તરફેણ કરી.

૫. જુઓ તા. ૫-૧-૨૮ની પાદટીપ.

૬. દરમિયાન તા. ૩૦મીએ સાયમન કમિશન લાહોર આવ્યું ત્યારે એના બહિષ્કારના કાર્યક્રમ વખતે પોલીસના મારથી લાલા લજપતરાય સખત ઘવાયા.

૭. બીજા પંચ શેઠ મંગળદાસ હતા.

૧૯૨૮—નવેમ્બર—ડિસેમ્બર

૧૬ થી ૧૭[1] અમદાવાદ.

૧૮ અમદાવાદ : લાલા લજપતરાયના અવસાન નિમિત્તે મળેલી શોકસભામાં પ્રમુખસ્થાને. સમય સાંજના પાંચ; સ્થળ નદીની રેત.

૧૯ અમદાવાદ.

૨૦ અમદાવાદ : વિઠ્ઠલભાઈ પટેલ મળવા આવ્યા.

૨૧ થી ૨૨ અમદાવાદ.

૨૩ અમદાવાદ. ⇕ સુરત.

૨૪ થી ૨૮ વર્ધા.

૨૯ વર્ધા : 'લજપતરાય દિન' નિમિત્તે આશ્રમમાં પ્રવચન.

૩૦[2] વર્ધા

ડિસેમ્બર

૧ થી ૫ વર્ધા.

૬ વર્ધા : ડૉ. મુંજે મળવા આવ્યા.

૭ થી ૧૭ વર્ધા.[3]

૧૮ થી ૨૦ વર્ધા : અખિલ ભારત ચરખા સંઘની બેઠકો, બધા દિવસો; સંઘનું નવું બંધારણ મંજૂર થયું.

૨૧ સંબલપુર. : ઉતારો ચંદ્રશેખર બહેરેને ત્યાં.

---

૧. દરમિયાન તા. ૧૭મીએ, પોલીસના મારના કારણે ઘવાયેલા લાલા લજપતરાયનું અવસાન થયું. (જુઓ તા. ૩૦-૧૦-૨૮)

૨. આજે સાયમન કમિશન લખનૌ આવ્યું ત્યારે એના બહિષ્કારના કાર્યક્રમ અંગે જવાહરલાલ નહેરુને પોલીસ તરફથી સખત માર.

૩. દરમિયાન, (૧) નાગપુરની ટિળક રાષ્ટ્રીય શાળાના શિક્ષકો આર્થિક મદદ માટે આવ્યા ત્યારે માલૂમ પડયું કે એમને મન, સત્ય અને અહિંસા કેવળ નીતિ હતાં—સિદ્ધાંત નહિ. ગાંધીજીએ કહ્યું 'આમ હોય તો હું તમને કેવી રીતે મદદ કરી શકું ?'

(૨) તા. ૧૬મીએ અગર ૧૭મીએ લાહોરના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સૉન્ડર્સનું ગોળી મારી ખૂન કરવામાં આવ્યું.

૧૯૨૮—ડિસેમ્બર; ૧૯૨૯ —જાન્યુઆરી

૨૨ સંબલપુર : જાહેરસભા અને માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને બીજાં. સ્ત્રીઓની સભા.

૨૩ કલકત્તા : ઉતારો જીવણલાલને ત્યાં. ● સર્વ પક્ષ સંમેલનની બેઠકમાં હાજર.

૨૪ કલકત્તા : આજે ફરવા ગયા પણ ભોમિયા–સ્વયંસેવકને–રસ્તાની ખબર નહિ એટલે ખૂબ ભમ્યા. છેવટે ઘોડાગાડીમાં પાછા આવ્યા.

૨૫ થી ૨૬ કલકત્તા : વર્કીંગ કમિટીની અને ઑ. ઈ કૉં. ક.ની બેઠકોમાં હાજર અને ભાગ લીધો.

૨૭ કલકત્તા : સર્વ પક્ષ સંમેલને નીમેલી પેટા સમિતિની બેઠકમાં ભાગ લીધો.

૨૮ થી ૨૯ કલકત્તા : વિષય વિચારિણી સમિતિની બેઠકોમાં ભાગ લીધો, બંને દિવસ

૩૦ કલકત્તા : મજૂરો સમક્ષ પ્રવચન.

૩૧ કલકત્તા : કૉંગ્રેસની ખુલ્લી બેઠકમાં પોતે મૂકેલો ઠરાવ પસાર; ઠરાવની મતલબ હતી :—સર્વ પક્ષ સંમેલને સૂચવેલ બંધારણ[1] આ સભા આવકારે છે; બ્રિટીશ સરકાર તા. ૩૧–૧૨–૨૯ સુધીમાં એ ન સ્વીકારે તો અસહકારની લડત ઉપાડવા વિચારવું.

જાન્યુઆરી

૧ કલકત્તા : સર્વ પક્ષ પરિષદની બેઠકમાં પ્રવચન, ● કૉંગ્રેસની બેઠકમાં રચનાત્મક કાર્યક્રમનો ઠરાવ મૂકયો. ● ખાદી ભંડાર ખુલ્લો મૂક્યો.

૨ કલકત્તા : ઑ. ઈ. કૉ. ક.ની બેઠકમાં હાજર. ● ચિત્તરંજન સેવા સદનનો બ્લૉક ખુલ્લો મૂકયો.

૩ કલકત્તા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૪ રસ્તામાં.

૫ થી ૯ અમદાવાદ

૧૦ અમદાવાદ : યુવક સપ્તાહના ચોથા દિવસે–બાળકોના દિવસે–પ્રવચન.

૧૧ અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે;

---

૧. જુઓ તા. ૨૮–૮–૨૮.

૧૯૨૯– જાન્યુઆરી—ફેબ્રુઆરી

સમય સવારના નવ.[1] ● આચાર્ય કૃપલાનીને ખાદી–દક્ષિણા વિધિ કર્યો. ● નવા વાડજની અંત્યજ શાળાના બીજા વાર્ષિક ઉત્સવમાં પ્રમુખપદે.

૧૨ થી ૧૭[2] અમદાવાદ.

૧૮ થી ૨૯[3] અમદાવાદ : ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા[4] મળેલી જાહેર સભામાં પ્રમુખપદે; સમય સાંજના છ; સ્થળ નદીની રેત.

૩૦ અમદાવાદ.

૩૧ અમદાવાદ.

ફેબ્રુઆરી

૧ થી ૨ અમદાવાદ.

૩ કરાંચી : ઉતારો દયાશ્રમમાં. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર; સ્થળ ગાંધીબાગ.

---

૧. આધાર નં. ૧૭૬ના પાના ૧૩૯ અને ૨૭૦ ઉપર આની તા. ૧૫ જણાવી છે પણ બીજા આધારો પરથી ૧૧ જણાય છે અને એ પ્રમાણભૂત માની છે.

૨. આ અરસામાં Universal Religious Peace Conference વાળા ડૉ. હેન્રી એ. ઍટકીન્સન મળવા આવ્યા.

૩. આશ્રમમાં ચોરીનો ઉપદ્રવ.

૪. તા. ૧૧–૧૦–૨૮ના રોજ સાયમન કમિશન હિંદ પાછું આવ્યું ત્યારે એના વિરોધમાં આ કૉલેજના કેટલાક વિદ્યાર્થીઓએ હડતાળ પાડી, અને એ વખતે ચાલતી છ માસિક પરીક્ષામાંથી, ફક્ત આ જ દિવસે, ગેરહાજર રહ્યા. પ્રિન્સિપાલ મિ. શિરાઝે હુકમ ફરમાવ્યો 'ફરીથી આ પરીક્ષામાં બેસવું પડશે; નાપાસ થનારને વાર્ષિક પરીક્ષામાં પણ નાપાસ ગણવામાં આવશે;' અને દરેકનો દંડ કર્યો. પછી સમજૂતી થઈ—છ માસિકમાં ન બેસવું હોય તો ભલે ન બેસે. પણ પાછળથી પ્રિન્સિપાલ ફરી ગયા. એટલે વિદ્યાર્થીઓ હડતાળ ઉપર ઊતર્યા.

૧૯૨૯—ફેબ્રુઆરી

૪ કરાંચી : જાહેર સભા, સમય સાંજ, સ્થળ રામબાગનું ચોગાન ● મજૂરો માટેની તીર્થદાસ ચંદુમલ રાત્રીશાળાની મુલાકાત.

૫ કરાંચી : સભાઓ અને માનપત્રો :–ડી. જે. સિંધ કૉલેજ; વિદ્યાર્થીઓ; સ્ત્રીઓ; ઝાડુવાળા; ભારત સરસ્વતી મંદિરની વાર્ષિક સભા; શીખો; શારદા મંદિરના વિદ્યાર્થીઓ અને કાર્યકરો. ● ખાદી ભંડારની મુલાકાત.

૬ કરાંચી[૧] : પારસીઓની સભા, સમય સાંજ, પ્રમુખ–દાલા, સ્થળ જહાંગીર હૉલ.

૭ જેકોબાબાદ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ—સ્ત્રીઓની અને વિદ્યાર્થીઓની.

૮[૨] શિકારપુર : સભાઓ–સ્ત્રીઓની, વિદ્યાર્થીઓની અને જાહેર. ● ગૌશાળાની મુલાકાત.

૯ લારખાના : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ—વિદ્યાર્થીઓની અને જાહેર.

૧૦ લારખાના ⇕ સક્કર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ—સ્ત્રીઓની બે; વિદ્યાર્થીઓની અને જાહેર.

૧૧ સક્કર. ⇕ રોહરી : જાહેર સભા.

૧૨ ભીરીયા ⇕ તરૂશાહ : જાહેર સભાઓ બંને સ્થળે, ⇕ નૌશાહરો : સ્ત્રીઓની સભા. ● પરશરામની છબીની અનાવરણ વિધિ.

૧૩ પદ્દઈદાન : સભાઓ–સ્ત્રીઓની, જાહેર. ⇕ નવાબશાહ. ⇕ શાહદાદપુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ ટંડો આદમ. ⇕ ટંડો મહંમદ ખાન. ⇕ હૈદરાબાદ : ઉતારો જયરામદાસ દોલતરામને ત્યાં. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● જાહેર સભા ○ ખાદી મંડળની સભા.

૧૪ હૈદરાબાદ : કૉંગ્રેસ હાઉસ ઉપર રાષ્ટ્રીય વાવટો ચઢાવ્યો. ● લાલા લજપતરાયની છબીની અનાવરણ વિધિ. ● કૃપાલાનીના ઘેર ગયા.

---

૧. કરાંચીમાં એક 'ભક્તે' ગાંધીજીના ચંપલ ચોરી લીધાં !

૨. પૌત્ર રસિકનું (હરિલાલના પુત્રનું) દિલ્હીમાં અવસાન.

૧૯૨૯—ફેબ્રુઆરી—માર્ચ

⇕ કોટરી : સભાઓ—સ્ત્રીઓની; જાહેર. ⇕ હૈદરાબાદ : સભાઓ—વિદ્યાર્થીઓની; સ્ત્રીઓની; ઝાડુવાળાઓની; ગરીબ વર્ગની; વગેરે.

૧૫ હૈદરાબાદ ⇕ મીરપુરખાસ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ-સ્ત્રીઓની અને જાહેર. ● સિંધના કોંગ્રેસીઓમાં પ્રવર્તેલા મતભેદોનું સમાધાન કરાવ્યું. ⇕ ગેરીહાબાદ. ⇕ મીરપુરખાસ.

૧૬ મીરપુરખાસ.

૧૭ દિલ્હી : ઉતારો વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં.

૧૮ દિલ્હી : જામિયા મિલિયાની મુલાકાત. ● વર્કીંગ કમિટીની બેઠક-પરદેશી કાપડના બહિષ્કારની અને એની દુકાનો ઉપર ચોકી મૂકવાની યોજના મંજૂર.

૧૯ દિલ્હી : વિઠ્ઠલભાઈએ આપેલી પાર્ટીમાં હાજર,[1] ગાંધીજી, વાઈસરૉય કાશ્મીરના મહારાજા અને ઝીણા એક જ ટેબલ ઉપર. ● વર્કીંગ કમિટીના સભ્યો સાથે ચર્ચા. ● થી નીકળ્યા.

૨૦ થી ૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : લોકમાન્ય ટિળકના બાવલાની અનાવરણ વિધિ; સમય સવારે નવ; સ્થળ વિક્ટોરિયા બાગ. ● મ્યુનિસિપાલિટીના મકાન ઉપર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો; સમય સવારે દસ. ● દક્ષિણ આફ્રિકાથી પાછા આવેલા શ્રીનિવાસ શાસ્ત્રી મળવા આવ્યા. ● શાસ્ત્રીની જાહેર સભામાં પ્રમુખપદે; સમય સાંજ; સ્થળ નદીની રેત.

માર્ચ

૧ અમદાવાદ : થી નીકળ્યા.

૨ દિલ્હી : ઉતારો ચાંદની ચોકમાં લક્ષ્મી નારાયણ ગડોડિયાને ત્યાં.

૩ કલકત્તા : ઉતારો સોદપુર ખાદી પ્રતિષ્ઠાનમાં સતીશચંદ્ર દાસ ગુપ્તાને ત્યાં.

૪ કલકત્તા : શ્રદ્ધાનંદ પાર્કમાં જાહેર સભામાં બોલ્યા અને પછી પરદેશી કાપડની હોળી સળગાવી; જાહેર સ્થળે હોળી સળગાવવાના ગુના

---

૧. પૌત્ર રસિકને ગુજર્યે અગિયાર જ દિવસ થયા હતા !

માટે બીજે દિવસે કોર્ટમાં હાજર થવા પોલીસ નોટિસ આપવા આવ્યા તે લેવા ના પાડી. ● ધરપકડ[1] રાતના અગિયાર વાગ્યે. બર્મા જવાનું ગોઠવાયેલું હોવાથી ૨૬મીએ હાજર થવા સ્વીકાર્યું એટલે પોલીસે છોડયા.

૫ કલકત્તા : થી નીકળ્યા આગબોટ 'અરોન્ડા'માં. ટિકિટ તુતકની.

૬ થી ૭ રસ્તામાં.

૮ રંગૂન : સત્કાર; ઉતારો ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં. ● માનપત્રો-મ્યુનિસિપાલિટીનું અને અખિલ બર્મા મંડળનું.

૯ રંગૂન : મુલાકાતો—કેળવણીની અનેક સંસ્થાઓની; હિંદુ સમાજની, ગુજરાતી શાળાની અને ઉર્દૂ શાળાની.

૧૦ રંગૂન : ગુજરાતી મંડળમાં સત્કાર. ● અનેક સભાઓ—કુલ બાર.

૧૧ રંગૂન.

૧૨ મર્તબાન : સ્વાગત અને મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ મૉલમીન : ગુજરાતી શાળાની મુલાકાત.

૧૩[2] મૉલમીન : સભાઓ—સ્ત્રીઓની, ખેડૂતોની, ગુજરાતીઓની, અને જાહેર. ⇕ થાટન : માનપત્ર.

૧૪ રંગૂન : રામકૃષ્ણ પરમહંસના જન્મદિન નિમિત્તે ભરાયેલી સભામાં પ્રમુખપદે; સ્થળ સેવાશ્રમ દવાખાનું; માનપત્ર; મૌલાના મહંમદ અલી હાજર.

૧૫ પ્રોમ : માનપત્રો. ● સ્ત્રીઓની સભા.

૧૬ રંગૂન. ⇕ થોંગવા. ⇕ હંથાવાડી : જિલ્લા પરિષદમાં હાજર. ⇕ સિરીયમ.

૧૭ મિટીંજ : હિંદીઓ તરફથી સત્કાર. ● મંદિરની મુલાકાત. ● જાહેર સભા ⇕ શાંઝુ ⇕ માંડલે : મ્યુનિસિપાલિટી વગેરેનાં માનપત્રો.

---

૧. હિંદુસ્તાનમાં આ ત્રીજી વખતની ધરપકડ હતી.

૨. ડૉ. પર્સીફૂટ જહૉન્સન આશ્રમમાં આવ્યા.

૧૯૨૯—માર્ચ—એપ્રિલ

૧૮ માંડલે : જાહેર સભા; સમય સાંજે ૭.

૧૯ પીમના : સ્ત્રીઓની સભા; સ્થળ મિ. હલદરનું મકાન. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● ગુજરાતી કોળીઓની મુલાકાત. ⇕ ટંગુ: માનપત્ર.

૨૦ પીમના ⇕ ટંગુ ⇕ રંગૂન : મુસ્લિમ વિદ્યાર્થી મંડળનું માનપત્ર.

૨૧ થી ૨૨ રંગૂન.[1]

૨૩ રસ્તામાં.

૨૪ કલકત્તા : જાહેર સભા; સમય સાંજ; સ્થળ હેલીડે પાર્ક; પ્રમુખ સુભાષચંદ્ર બોઝ. ● પરદેશી કાપડની હોળી સળગાવી; સ્થળ એક ખાનગી જગ્યા.

૨૫ કલકત્તા.

૨૬ કલકત્તા : તા. ૪થીએ સળગાવેલી હોળી અંગે કેસ શરૂ થયો.

૨૭[2] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૮ થી ૨૯ અમદાવાદ.

૩૦ મોરબી : કાઠિયાવાડ રાજકીય પરિષદમાં હાજર અને ભાગ લીધો; પ્રમુખ સરદાર વલ્લભભાઈ.

૩૧ મોરબી : પરિષદ (ચાલુ) ● અંત્યજ શાળાનું ઉદ્‌ઘાટન કર્યું.

એપ્રિલ

૧ મોરબી : પરિષદ (ચાલુ) ● જૈન મુનિ નેમચંદજી મળવા આવ્યા.

૨ અમદાવાદ.

૩ અમદાવાદ : અખિલ ભારત ચરખા સંઘની બેઠકમાં હાજર.

---

૧. આ અરસામાં પોતાનો મુસાફરીનો રેંટિયો સો રૂપિયામાં વેચી દીધો.

૨. હોળી અંગેના કેસમાં, ગાંધીજીનો એક રૂપિયો દંડ કરવામાં આવ્યો. એમ લાગે છે કે બંગાળા કોંગ્રેસે એ ભરી દીધો. ખબર પડતાં ગાંધીજીએ કહ્યું 'જેણે એ ભર્યા હશે તે મારો મિત્ર નહિ હોય.' ચુકાદા સામે અપીલ કરવામાં આવી એની વાત આગળ આવશે.

૧૯૨૯-એપ્રિલ[1]

૪ અમદાવાદ : બેઠક (ચાલુ) • મિલમજૂરોના પગાર અંગે શેઠ મંગળદાસ સાથે ચર્ચા. • મગનલાલ ગાંધીનાં પુત્રી રૂક્ષ્મણીની બનારસીલાલ બજાજ જોડે સગાઇ કરી.

૫ મુંબઈ : ઉદ્ઘાટન કર્યાં :–કોંગ્રેસ હાઉસનું નવું મકાન; ઉમર સોબાની પુસ્તકાલય; કસરતશાળા; સ્વદેશી બજાર અને ખાદી પ્રિન્ટીંગ એન્ડ ડાઇંગ વર્ક્સ અને ખાદીની દુકાન (સ્થળ ગીરગામ બૅકરોડ).

૬[2] હૈદરાબાદ (દક્ષિણ) : ઉતારો સરોજિની નાઇડુને ત્યાં.

૭ હૈદરાબાદ : સ્વાગત અને સરઘસ • સન્માન અને માનપત્રો; સ્થળ વિવેકાનંદ થિયેટર. • મુલાકાતો : વિવેકવૃદ્ધિ શાળા; બીજી શાળાઓ અને ખાદીભંડાર.

૮[3] ટ્રેનમાં, જરાક બોલાઈ ગયું (મૌનવાર હતો) બોનાકલ. લીંગલા. મેક્કાપેટા. જગય્યાપેટા. પોનાકાંચી. જયંતીપુરમ્. નંદીગામ.

૯ નંદીગામ. ગંતુપલ્લી. ઈબ્રાહમપટમ્

૧૦[4] નુઝોઈડ. ગોલાપલ્લી. અરૂગોલાનુ. કનુમોલુ. વીરાવલ્લી. પોટ્ટીપાડુ. અતુકુરૂ. બેઝવાડા.

૧૧[5] ગુનાદાલા. મોગલરાજપુરમ્. પદામાતા. પોરાણકી. ઈદુપુગોલુ પુનાદીપદુ. ગોદાવરૂ. નેપાલ્લી. અકુનુરૂ. ગંડીકુંતા. ગુડીવાડા.

૧૨[6] કોમુરૂ. વુયુર ચીરીવાડા. કનુમુરૂ. કુરૂમાદલી. પમારૂ. વીરાંકી. વીરાવલ્લી પસુમારૂ કપિલેશ્વરમ્. જક્કામચેરલા ચેલાકુરૂ.

---

૧. તા. ૮ થી ૧૨માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. 'રંગીલા રસૂલ'ના લેખક મહાશય રાજપાલનું લાહોરમાં ખૂન થયું.

૩. દિલ્હીમાં વડી ધારાસભાગૃહમાં બેઠક ચાલુ હતી ત્યારે બોંબના બે ધડાકા થયા. એ અંગે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તની ધરપકડ કરવામાં આવી.

૪ આ અરસામાં મોસ્કોમાં અફવા ઊડી કે ગાંધીજીની ધરપકડ કરવામાં આવી છે.

૫ આજે મગનલાલના સ્વદેશી અસ્ત્રાથી હજામત કરી. તો અત્યાર સુધી શાના વડે કરતા હશે ?

૬. બારડોલી તપાસ સમિતિએ પોતાનો હેવાલ સરકારને મોકલ્યો.

૧૯૨૯-એપ્રિલ[1]

૧૩[2] કવુથવરમ્. કલવાપુદી. ગુદ્દલાવલેરૂ. વદ્દલામન્નદુ. પેદાના. તુઝેલા. કોરીમેરલા. ચેલાકુરૂ. માલાપલ્લી. ઓમુલુરૂ. મચ્છલીપટ્ટમ્ : માનપત્રો –મ્યુનિસિપાલિટીનું, તાલુકા બોર્ડનું અને વૈશ્યમંડળનું. ● જાહેર સભા.

૧૪ નરસન્નાપલમ. ઘંટાસલા. ઘંટાસલાપલમ્. બરલાપુદી. તદૅપલ્લી. ગુદાપદુ. કોડાલી. મોવ્વા. પેદામુકતેવી. અય્યાન્તી. પેદાપુદી. શ્રીકાકુલમ. કોટાપલ્લી. કાઝા. કોસુરુ. દેવરકોટા. ચલ્લાપલ્લી. પુરીતીગદ્દા. કપ્તાનીપેલમ્. પેદ્દાપ્રોલુ. મોપીદેવી. નાગાયતીપ્પા. નાગયલંકા. કોદુરૂ. અવનિગદા. કોસુરીવરીપલમ્.

૧૫ મચ્છલીપટ્ટમ્ : જાહેર સભા.

૧૬ મચ્છલીપટ્ટમ્. ગુદુરૂ. ચિત્તીગુદારૂ. તલકાતુરૂ. ઝમીગોલીવેપલ્લી કોમારવોલુ. પેય્યેરૂ. દકારામ. શુભનંદરી. અગ્રાહરમ્. ભૈરવપટ્ટમ્. પેડાપુરૂપુડી. વ્યંત્રપ્રગદા. કૈકાલુર. વેનાપમુલા. અપીકતલૅ. અન્નાવરમ્. ગુરઝા. વદ્દાલી. ચેવરૂ. મુદ્દુવેપલ્લી. એઝવાડા.

૧૭[3] એઝવાડા. ⇕ ગંતુરઃ માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને લોકોનું. ● વકીલ મંડળની સભામાં પ્રવચન. ● દેવદાસીઓ સાથે વાતચીત. સોવપદુ. ઓલુરૂ. દુસુલુરૂ. પેદ્દાનંદીપદુ. કરમચેદુ.

૧૮ તિમાસમુદ્રમ્. વેતાપલમ્. ચીરાલા. મચાવરમ્. ચીંતાલાપુદી. પોનુઆરૂ. નિદુબ્રોલુ. મરીપુદી. અપીકાતલા. કતેમ્પુદી. બાપાતલા. ખજીપાલમ્. મંતેનવરીપલમ્.

૧૯ કવુરૂ. ધૂલીપદી. રેપાલે. નલુરીવરીપલમ્. સુરેપલ્લી. ઓકેસપેટુ. વેલાતુર. ભટ્ટીપ્રોલુ. કનાગલા. ગોવદા. પેપારૂ. ઓદ્દાપદુ. મોપારૂ. નલુરુ. ગુદાવલી.

---

૧. તા. ૧૩ થી ૧૯માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. સાયમન કમિશન મુંબઈથી વિલાયત ગયું.

૩. આ અરસામાં આશ્રમમાંની ગાંધીજીની કલ્પના મુજબના સંયુક્ત રસોડાની વ્યવસ્થા તૂટવાની શરૂઆત થઈ. (જુઓ ૧૯૨૮ના જૂનની તા. ૧ થી ૧૦ની પાદટીપ).

૧૯૨૯—એપ્રિલ[1]

૨૦ અનંતવરમ્. તુમુલુરૂ. કૃપા. ઈપુરૂ. જમપાની. પેદાપદી. પેદ્દરાવુરૂ. વેમુરૂ. તુરૂમેલા. અમૃતાલુરૂ. યેલાવરૂ. પાંચાલવરમ્. ચવવરીપલમ્. તેનાલી. ઈવિાની. ચેબ્રોલ. ગંતૂર.

૨૧ ગંતૂર. મુનાગાપદુ. ⇕ ગુંદાલાપદું. તુદુરૂપદુ. નરસરોપેટા. કારલાગુંટા. રૅટચિંતલા. ચેબ્રોલ. મુપાલા.

૨૨ [ગંતૂર].

૨૩ ગંતૂર. ⇕ વસંતવાડા. ⇕ પેદાપદુ : રસ્તામાં એક ગામડામાં, સત્યવતી-દેવી નામની, એક તુરત થયેલી વિધવાની વિનંતીથી, એનાથી પર્દા બહાર નીકળાય એમ ન હોવાથી, એના ઘેર ગયા. બાઈએ પોતાના બધા દાગીના આપી દીધા અને આશ્રમમાં આવવા ઈચ્છા દર્શાવી. ● જાહેર સભા : ઉપરનો કિસ્સો વર્ણવી, બાઈની ઈચ્છા હોય તો એ પુનર્વિવાહ કરી શકે એ મતલબનું પ્રવચન કર્યું. ⇕ પુનાકોલુ. કાલાપેરૂ. વતલુરૂ. ઇલોર. ચતાપરૂ.

૨૪ સેનિવરપેટા. વિજયારાઈ. નદુપલ્લી. ધર્માજીગુદેમ્. પોતુનુરૂ. દોસાપદુ. કોવલી. પલાગુદમ્. દેંદુલુરૂ. ગુંદુગલાનુ.

૨૫ કોલામુરૂ. અર્થવરમ્. ગણપવરમ્. સરીપલ્લી. જવાનપલ્લી. નીડામારૂ. કોટાપાલી. ચેરૂકુગનામા. અગ્રાહરમ્. તદેપલ્લીગુદમ્. મંદલાપારૂ. પનુદુવા. પીપારા. પલામુરૂ. ભીમાવરમ્. વીરાવસરામ. ઉંડી. અકીવીદુ.

૨૬ પેનુમંત્ર. અલામુરૂ. વેલાગલેરૂ. પોદુર. જિન્તુનુર. બ્રોડીપેટા (પલાકોલ) માતાપલમ્. યેલામંચીલી. ગુમાલુરૂ. નરસાપુર. પલાકોલે. પંડિતા-વલુરૂ.

૨૭ અચંતા. દેવા. પેનુમંચીલી. કોદામંચીલી. અચત. વેમાવરમ્ પેનુગોંડા. ઈલેતીપદુ. તાનુકુ.[2] દુવા. તલીપારૂ: વેદુરૂ. તેતાલી. બ્રાહ્મણ-ગુદમ્. નિદાદાવોલે. નેલાતુરૂ.

---

૧. તા. ૨૦ થી ૨૭માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. આ ગામમાં ભરાયેલી સ્ત્રીઓની સભામાં, ગાંધીજીની બાજુમાં બેઠેલા પ્રભાવતી દેવીને (જયપ્રકાશ નારાયણનાં પત્નીને) લક્ષ્મી (ગાંધીજીની પાલિત-અંત્યજ-પુત્રી) ધારીને, સભા પૂરી થયા બાદ, કેટલીક સ્ત્રીઓએ નદીએ જઈને સ્નાન કર્યું ! આ વાત સાચી નથી એમ પાછળથી કહેવામાં આવ્યું.

૧૯૨૯–એપ્રિલ–મે[1]

૨૮ ચગાલુ. દેવરાપલ્લી. દોમેરૂ. ઇસુકાપલ્લી. પાઉગીદી. વિઝાગાપટ્ટમ્: ઉતારો ભાણોજી રાવને ત્યાં.

૨૯ વિઝાગાપટ્ટમ્.

૩૦ વિઝાગાપટ્ટમ્. બીમલીપટ્ટમ. રેડીપલ્લી. અગ્રાહરમ્. જોનાવલાસા. ⇕ વિજયાનગરમ્. : માનપત્રો–ખાદી સહકારી મંડળીનું અને મ્યુનિસિપાલિટીનું. ● જાહેર સભા.[2] ⇕ ભીમાસીંગી. ⇕ કોટ્ટાવલાસા ભીમાલી. સિંહાચલમ્. સબ્બાવરમ્. ચેડુવરમ્. વિઝાગાપટ્ટમ્.

૧૯૨૯—મે

૧ અનકાપલ્લી. કોકીરાજીપલ્લી. યેલામંચીલી. ⇕ એતીકોપકા : ઉતારો નરસિંહ રાજુને ત્યાં.

૨ એતીકોપકા. તુની. કૈલાસપટ્ટમ્. નકાપલ્લી. ગોદીચારલે.

૩ કીરલામપદી. કોટ્ટાવલી. ચિત્રદ્દા. પીથાપુરમ. કોકનાડા. પેદાપુર. સામલકોટ. બીકાવોલે. નરસાપુરમપેટા. પેદ્દા બ્રહ્મદેવમ. મેદ્દાપદુ.

૪ વેલાંગી. રામચંદ્રપુરમ. વેલા. આર્યવત્તમ. દ્રાક્ષારમ. ગોટ્ટાપલમ. મુતુકુવલ્લી. ⇕ ચેડુવરમ : ઉતારો બી. વ્યંકટરત્નમને ત્યાં.

૫ ચેડુવરમ. મંદાપેટા. અલામુરૂ. પુલેટીકુરૂ. પાલીવેલા. મુક્કામાલા. અંબાજીપેટા. ગંગાલાકુરૂ. પેદાપુદી. અમલાપુરમ. બોદ્દાસાકુરૂ. નાગરમ. મોગલીકુદુરૂ.

---

૧. તા. ૨૮ થી ૫ માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. ડૉ. સી. મલ્લિકના કુટુંબે, પોતે કાંતેલા સૂતરમાંથી વણાવેલી ખાદી, ગાંધીજીને આ સભામાં ભેટ ધરી; પણ પછી એ ક્યાંક ખોવાઈ ગઈ. એની જાણ થતાં આ કુટુંબે ફરીથી કાંતી–વણાવી છ મહિના બાદ નવી ખાદી મોકલી આપી.

૧૯૨૯—મે[1]

૬ રાજલે. તતીપાકા. મુંગોંડા. રાવુલાપલમ. રિયાલી. ઉપ્લિલી. વદીપારૂ. પેરાવરમ.

૭[2] દોસા ક્યલપલ્લી. રાજમહેન્દ્રી.

૮ રાજમહેન્દ્રી. કોરૂકોન્ડ, ચેફુાવરમ્. મુગુલ્લા. રહીતાપુરમ. વેદુલ્લાપલ્લી. ઇનુગંતીવરીપેટા. રાજમપેટા. કતાવરમ.
સીતાનગરમ્ : ગૌતમી સત્યાગ્રહ આશ્રમની મુલાકાત ● જાહેરસભા.

૯[3] સીતાનગરમ્, પોલાવરમ.[4] સીંગાવરમ્. વંગલાપુદી કોરૂકોન્ડા.

૧૦ બુચરેડ્ડીપલમ્. વેંગેલુ, અન્નારેડ્ડીપાલમ્. પલ્લેપલ્લી. ઈસાકાપાલમ્. રેબાલે. મુક્તાપુરમ્. મીનાગલુ. ડમરામદુગુ પેનુમલી. કલાયાકગુલુ. વવેરૂ. કોટવેંગેલુ. યેલ્લાય્યાપલમ્. રાજુપલમ્. ગંડાવરમ. પેદાપુતેદુ. કોવુર. પારલેપલ્લી. વિદ્વાલુરૂ. વુતુકુરૂ. મોપોરૂ. અલુરૂ. કાવલી.

૧૧ ઉલાવપદુ. કંદુકુરૂ. ઓતલાગુદુરૂ. પામુરૂ. સીતારામપુરમ્. યેલ્લામારૂ.

૧૨ પેરામાના. સંગમ્. પલ્લેપદુ. ગંગાપટનમ્. મીપાદુ. વ્યંકનાપલમ્. કોદુરૂ. કોરતુરૂ. ઈંદુકુરપેટા. કોતાવુરૂ. પોટ્ટેપાલમ્. પોટલાપુદી.

---

૧. તા. ૬થી ૧૨ માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. આ અરસામાં આશ્રમમાં નાનીમોટી ચોરીઓ શરૂ થઈ.

૩. (૧) આધાર નં. ૭૯ના પાના ૧૩૨ મુજબ આજે ગાંધીજી સાબરમતી હતા. પણ એ બંધબેસતું નથી.

(૨) આજથી પલાળેલું (અણરાંધ્યું) અનાજ ખાવાનો અખતરો શરૂ કર્યો.

૪. અહીં આવવા માટે નદી ઓળંગવાની હતી. પોલીસે ડરાવ્યાથી હોડીવાળાએ લઈ જવાની ના પાડી. કાર્યકર્તાઓએ બીજેથી લૉંચ મેળવી. એ આવી એટલે પોલીસના માણસો પણ એમાં બેસવા આવ્યા, (એ લોકો ગાંધીજીની પાછળ પાછળ ભમતા હતા) પણ સ્વયંસેવકોએ એમને બેસવા ન દીધા.

૧૯૨૯—મે[1]

ગુદુર. તુંબુરૂ. ⇕ નેલૂર : માનપત્રો–મ્યુનિસિપાલિટીનું, જિલ્લા બોર્ડનું, તાલુકા બોર્ડનું અને ઝાડુવાળાના મંડળનું.

૧૩ નેલૂર : અનાથઆશ્રમની મુલાકાત લીધી.

૧૪ નેલૂર. નાયુડુપેટા. અત્તાવરમ્. નિદુમુસીલી. કલાહસ્તી.

૧૫ કલાહસ્તી. તિરુપતિ. રેનીગુંટા. પપાનયનીપેટા. પુતુરૂ. તિરૂત્તની ચિતૂર. પલ્માનેરૂ. પંગાનુરૂ. મદનપલ્લી.

૧૬ મદનપલ્લી. નગીરેડ્ડીપલ્લી. કાદીરી. કુતાગુલ્લા. મુદીગુબ્બા. દંપેતલા. ધર્માવરમ્. અનંતપુર. તાડપત્રી.

૧૭ દત્તાપુરમ્. મુદાનમ્. ચિલ્માકુરૂ. નિદુજુવ્વી. યેરાગુંટલા.

૧૮ પ્રોદુતુર. ગુડીપાદુ. સુદેપલ્લી. પેદ્દામુદીયમ્. જંગલાપલ્લી. ચગાલ્લુમારૂ. નાલ્લાગુટ્ટા. સીરવેલ. અલ્લાગડ્ડા. ઉઈગાલવાડા.

૧૯ નંદિયાલ. આયાલુર. પન્યામ. કર્નૂલ. કોનીદેદુ.

૨૦ નાગલેપુરમ્. પેલાકુરતી. કોદુમુરૂ. દેવનકોંડા. પટ્ટીકોંડા. ગુંટકલ. અડોની.

૨૧ અડોની.

૨૨ અડોની. ⇕ મુંબઈ.

૨૩ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૪ મુંબઈ : ઑ. ઈ. કૉં. ક.ની બેઠકમાં હાજર. પાંચ મિનિટ.

૨૫ મુંબઈ : અખિલ ભારત રાજસ્થાન પરિષદમાં હાજર[2]; સ્થળ રૉયલ ઑપેરા હાઉસ; પ્રમુખ સી. વાય. ચિંતામણી. ● ઑ. ઈ. કૉં. ક.ની બેઠકમાં હાજર.

૨૬ થી ૨૭ અમદાવાદ[3].

---

૧. તા. ૧૨ થી ૨૦ માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨ આ પરિષદ તા. ૨૫ તથા ૨૬ બે દિવસ ભરાઈ હતી.

૩. તા. ૨૬મીએ આવ્યા ત્યારે સાથે પ્રેમાબહેન કંટક હતાં.

૧૯૨૯—મે—જૂન

૨૬ થી ૨૯ અમદાવાદ : ગોસેવા સંઘની સ્થાયી સમિતિની બેઠકોમાં હાજર.
૩૦ થી ૩૧ અમદાવાદ.

જૂન

૧ થી ૧૧ અમદાવાદ[1].
૧૨ રસ્તામાં.
૧૩. રાયબરેલી : સભાઓ-સ્ત્રીઓની અને જાહેર. ● મુનિસિપાલિટીનું માનપત્ર.
૧૪ હલદ્વાની. ⇕ કાથગોદમ્ ; જાહેર સભાઓ. ⇕ નૈનિતાલ; ઉતારો ગોવિંદલાલને ત્યાં. ● માનપત્રો—શહેરીઓનું અને જિલ્લા બોર્ડનું. ● જાહેરસભા— પુરૂષોની.
૧૫ નૈનિતાલ : જાહેર સભા—સ્ત્રીઓની. ⇕ ભવાલી : સભાઓ-પુરૂષોની અને સ્ત્રીઓની. ● માનપત્રો—શહેરીઓ તરફથી અને દલિતવર્ગ તરફથી.
૧૬ ભવાલી. ⇕ ગરમ પાની. ⇕ ગનીયાદાલી : જાહેર સભાઓ બંને સ્થળે. ⇕ તાડીખેત : ઉતારો પ્રેમ વિદ્યાલયમાં.
૧૭ તાડીખેત : આ સંસ્થાના વાર્ષિક ઉત્સવમાં પ્રમુખપદે.
૧૮ રાણીખેત : સ્ત્રીઓની સભા. ⇕ કતારમલ[2] : જાહેરસભા. ⇕ રેઓની. ⇕ રતનગાલ. ⇕ કાલીગાર. ⇕ અલ્મોડા : માનપત્રો-મ્યુનિસિપાલિટીનું[3]; ખ્રિસ્તીઓનું, સ્થળ એમનું દેવળ.

---

૧. દરમિયાન સરદાર માંદા થઈને આવ્યા હતા, અને ડા. કાનૂગાના બંગલે રહેતા હતા. ગાંધીજી એમની ખબર કાઢવા જતા હતા.

૨. આ ગામમાં વેશ્યાઓની સંખ્યા ઘણી હતી.

૩. આ માનપત્ર સ્વીકાર્યા પછી જતા હતા ત્યારે પદમસિંહ નામનો એક માણસ ગાંધીજીની મોટરગાડી તળે આવી જવાથી ગંભીર રીતે ઘવાયો અને બે દિવસ બાદ એનું અવસાન થયું. ગાંધીજીએ આમાં પોતાની પણ જવાબદારી ગણી. દિલ્હીના 'તેજ' પત્રે સમાચાર આપ્યા કે ગાંધીજીએ ઉપવાસ કર્યા પણ એ વાત સાચી નહોતી.

૧૯૨૯—જૂન—જુલાઈ

૧૯ અલ્મોડા : સ્ત્રીઓની સભા. ● પદ્મસિંહની ખબર કાઢી.

૨૦ અલ્મોડા : જાહેરસભા. ● જિલ્લા બોર્ડનું માનપત્ર.

૨૧ અલ્મોડા. ⇕ કૌસાની. ⇕ મેનન. ⇕ રણબન. ⇕ સુનારી. ⇕ સોમેશ્વર. ⇕ વરરાઓ.

૨૨ કતારમલ. ⇕ બીચલા. ⇕ ગાગરગોલ. ⇕ બાગેશ્વર : જાહેરસભા. ⇕ કૌસાની : ઉતારો ડાક બંગલામાં.

૨૩ કૌસાની.

૨૪ કૌસાની : 'અનાસક્તિ યોગ'ની પ્રસ્તાવના લખી.

૨૫ થી ૨૭ કૌસાની.

૨૮ કૌસાની : જર્મન પત્રકાર કેલોએટ ઝેલને મુલાકાત આપી.

૨૯ થી ૩૦ કૌસાની.

જુલાઈ

૧ કૌસાની.

૨ કૌસાની ⇕ રાણીખેત.

૩ રાણીખેત ⇕ રામનગર : સભાઓ અને માનપત્રો—સ્ત્રીઓનાં અને જાહેર.

૪ રામનગર. ⇕ કાશીપુર : સરઘસ. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૫ દિલ્હી : વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર.

૬ થી ૧૬[1] અમદાવાદ.

૧૭ થી ૧૮ અમદાવાદ : વિઠ્ઠલભાઈ પટેલ સાથે ચર્ચા—બંને દિવસ.

૧૯ થી ૨૦ અમદાવાદ.

૨૧ અમદાવાદ : ભાવનગરને સરનામે સ્વામીરાવને કાગળ લખ્યો.

૨૨[2] અમદાવાદ.

૨૩ કડી : કડવા પાટીદાર આશ્રમની મુલાકાત ● જાહેર સભા ⇕ અમદાવાદ.

૨૪ અમદાવાદ.

૨૫ રસ્તામાં.

---

૧. દરમિયાન કલકત્તાની કોર્ટે કરેલા દંડ ઉપર (જુઓ તા. ૨૭-૩-૨૯ની પાદટીપ) કરેલી અપીલનો, ચુકાદો આપતાં તા. ૧૩મી એ ન્યાયાધીશે કહ્યું કે ગાંધીજીને પોતાને આ બાબતમાં આગ્રહ નથી તેથી અપીલ કાઢી નાખવામાં આવે છે.

૨. સરોજિની નાઈડુ પરદેશથી હિંદ આવ્યાં.

૧૯૨૯-જુલાઈ-ઑગસ્ટ

૨૬ અલાહાબાદ : ઑ.ઈ.કૉ.ક.ની અને વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૨૭ અલાહાબાદ : ઑ. ઈ. કૉ. ક. ની બેઠકમાં હાજર.

૨૮ અલાહાબાદ.

૨૯ રસ્તામાં.

૩૦ થી ૩૧ અમદાવાદ.

ઑગસ્ટ

૧[૧] અમદાવાદ.

૨ અમદાવાદ : લોકમાન્ય ટિળકની પૂણ્યતિથિ અંગે પ્રવચનો કર્યાં— આશ્રમમાં અને વિદ્યાપીઠમાં.

૩ થી ૧૦[૨] અમદાવાદ.

૧૧ મુંબઈ : નહેરુ હેવાલ[૩] સ્વીકારવા મુસ્લિમ નેતાઓ-ઝીણા અને અલીભાઈઓ-સાથે અલગઅલગ ચર્ચા. ● ડૉ. જીવરાજ મહેતાએ તપાસ્યા.[૪]

૧૨ અમદાવાદ : એક પત્રમાં લખ્યું-શ્રી અરવિંદ ઘોષને હું અત્યાર સુધી મળી શક્યો નથી તેનું મને દુઃખ છે.

૧૩ અમદાવાદ.

૧૪ અમદાવાદ : મિલ મજૂરો અને મિલ માલિકો વચ્ચે પગારના વધારા અંગેના ઝઘડાની સુનાવણી.

૧૫ અમદાવાદ : કાચું અનાજ ખાવાનું છોડી દીધું[૫].

૧૬ થી ૧૮[૬] અમદાવાદ.

---

૧. આ અરસામાં સુધારેલા રેંટિયા માટે રૂપિયા એક લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું.

૨. દરમિયાન મરડાનો રોગ લાગુ પડયો.

૩. જુઓ ૩૧-૧૨-૨૮.

૪. આધાર નં. ૪૨ના વૉલ્યુમ નં. ૪૧ના અનુ. નં. ૨૨૧ મુજબ તા. ૧૨મીએ મુંબઈ હતા. પણ આ ભૂલ છે.

૫. જુઓ તા. ૯-૫-૨૯ની પાદટીપ ૨ (૨).

૬. દરમિયાન તા. ૧૮મીએ, કૉંગ્રેસના આવતા અધિવેશનના પ્રમુખપદ માટે લાહોરની સ્વાગત સમિતિએ ગાંધીજીને ચૂંટયા.

૧૯ અમદાવાદ : કૉંગ્રેસના પ્રમુખપદ માટે ના પાડતા જણાવ્યું 'હું લાયક નથી; કૉંગ્રેસના નામે થતાં કામો સાથે મારો મેળ બેસતો નથી; હું સ્વીકારું તો હું અને બધા મુશ્કેલીઓમાં મુકાઈ જઈએ; જવાહરને ચૂંટો' ● બીપીનચંદ્ર પાલ મળવા આવ્યા.

૨૦ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : તા. ૧૧ મીએ મુસ્લિમ નેતાઓ સાથે કરેલી ચર્ચા અંગે ચર્ચા કરવા ડૉ. મુંજે, બાબુ રાજેન્દ્ર પ્રસાદ અને બાબુ જગત નારાયણ લાલ આવ્યા.

૨૩ થી ૨૭ અમદાવાદ.

૨૮ અમદાવાદ : કૃષ્ણ જયંતી ઊજવી.

૨૯ થી ૩૦ અમદાવાદ : જવાહરલાલ નહેરુ સાથે ચર્ચા; બંને દિવસ.

૩૧ અમદાવાદ.

સપ્ટેમ્બર

૧ અમદાવાદ : આસામના નૃત્યાચાર્યો આશ્રમ આવ્યા અને નૃત્ય કર્યું, તેમાં હાજર.

૨ થી ૩ અમદાવાદ.

૪ અમદાવાદ : નૃત્યકલા વિશે પોતાના વિચારો પ્રાર્થનામાં જણાવ્યાં.

૫ અમદાવાદ.

૬ અમદાવાદ : દેશી રાજ્યો માટે રાજબંધારણનો ખરડો ઘડયો.

૭ મુંબઈ : વીલે પારલેમાં ભગિની સેવા મંદિરના મકાનનું ખાત મુહૂર્ત કર્યું; આ સંસ્થા તરફથી મળેલી રકમ આ કામ માટે સોંપી.[1] ● રાષ્ટ્રીય શાળાનું ઉદ્યોગ મંદિર અને પ્રદર્શન ખુલ્લાં મૂક્યાં; સ્થળ વીલે પારલે. ● અંધ આનંદાશ્રમના લાભાર્થે થયેલા મેળાવડામાં પ્રવચન; સ્થળ વનિતા વિશ્રામ. ● ખાદી ભંડારની મુલાકાત.

૮ ભોપાળ : નવાબના નિમંત્રણથી આવ્યા; ઉતારો એમના રહમત મંઝીલ મહેલમાં. ● જી. આઈ. પી. રેલવે કામદાર મંડળનું માનપત્ર.

૯ ભોપાળ : નવાબસાહેબ સાથે મુલાકાતો. ● હકીમ અજમલ ખાન સ્મારક ફાળાના ટ્રસ્ટીઓની સભામાં ટ્રસ્ટી તરીકે હાજર; ફાળો જામિયા મિલિયાને સોંપી દેવા ઠરાવ્યું.

---

૧. જુઓ તા. ૨-૧૦-૨૯ની પાદટીપ.

૧૯૨૯—સપ્ટેમ્બર[1]

૧૦ સાંચી : બૌદ્ધ સ્તૂપો જોઈ આવ્યા. ⇕ ભોપાળ : જાહેર સભા. ● મુલાકાતો—નવાબસાહેબ સાથે અને મોઢ જ્ઞાતિજનો સાથે.

૧૧ આગ્રા : ઉતારો લાલા રામકૃષ્ણદાસ જોહરીને ત્યાં. ● સભાઓ-સ્ત્રીઓની અને જાહેર; માનપત્રો.

૧૨ આગ્રા.

૧૩[2] આગ્રા : કૉલેજના વિદ્યાર્થીઓનું માનપત્ર; સ્થળ મેસ્ટન હૉલ ⇕ આગ્રા આજુબાજુના ગામડાં.

૧૪ આગ્રા.

૧૫ આગ્રા ⇕ અચનેરા : ખાદી ભંડારનું ઉદ્‌ઘાટન. ⇕ ફિરોલી. ⇕ ફતેહપુર સિક્રી.

૧૬[3] આગ્રા.

૧૭ આગ્રા : અતમોદ્દૌલાની કબરની મુલાકાત. ⇕ ફિરોઝાબાદ : માનપત્ર.

૧૮ આગ્રા : મુલાકાતો—દયાળબાગ, કિલ્લો, તાજમહાલ.

૧૯ આગ્રા ⇕ શિકોહાબાદ. ⇕ સરસાગંજ. મંદાઈ. ભારોલ. ધીરોર. કલહોર. હઉનહન.

૨૦ શિકોહાબાદ : સ્ત્રીઓની સભા. ⇕ મૈનપુરી; જાહેર સભા, માનપત્રો.

૨૧ ભાનગાંવ, બીવાર. ચાપરા. ખેમસેપુર. પીપરગાંવ. સેરોલી. ભોલપુર. મહમુદાબાદ. નવાબગંજ. મીરપુર. બરપુર. અંગેમન. કતરા. કમલગંજ. સુલતાનપુર : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને ડીસ્ટ્રીક્ટ બોર્ડનું. ગુરસાહીગંજ. જલાલાબાદ. મકરંદનગર. કનોજ. ફરૂખાબાદ : ઉતારો શહેરથી ત્રણ માઈલ દૂર ફત્તેહગઢમાં. ● મિશન હાઈસ્કૂલની મુલાકાત. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૨૨ કાનપુર : ઉતારો ડૉ. જવાહરલાલને ત્યાં. ● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને જિલ્લા બોર્ડનું. ● સભાઓ—ગુજરાતીઓની; કાપડના વેપારીઓની અને ગુમાસ્તાઓની.

---

૧. તા. ૧૫ થી ૨૧માં જે નામો છે તે ગામનાં નામો છે.

૨. લાહોરની જેલમાં, રાજદ્વારી કેદીઓના હકોના રક્ષણ માટે ઉપવાસ પર ઊતરેલા જતીન્દ્રનાથ દાસનું બાસઠ (કેટલાક આધારોમાં ચોસઠ) દિવસ બાદ અવસાન.

૩. આધાર નં. ૨ માં છપાયેલા આજે લખેલા પત્ર નં. ૭૪નું સ્થળ ભોપાળ દર્શાવ્યું છે પણ એ બંધબેસતું નથી.

૧૯૨૯–સપ્ટેમ્બર

૨૩ કાનપુર : ચાર કૉલેજના વિદ્યાર્થીઓની સભા; સ્થળ દયાનંદ કૉલેજ.

૨૪ કાનપુર : સભા, સમય સવારે સાડા છ; સ્થળ ક્રાઈસ્ટ ચર્ચ કૉલેજ. ● ગુજરાતી વિદ્યાલયની મુલાકાત. ⇕ અરાઉલ. ⇕ શિવરાજપુર. ⇕ ચૌબેપુર. ⇕ બિલહોર.

૨૫ બનારસ : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ–અંત્યજોની અને જાહેર. ● હિંદુ યુનિવર્સિટીની મુલાકાત, માનપત્ર; સમય સવાર ● રાષ્ટ્રીય વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રવચન; ગાંધીજીને પીતાંબર પહેરાવવામાં આવ્યું; સમય સાંજ.[1]

૨૬ બનારસ : સભાઓ—જાહેર અને સ્ત્રીઓની ● સ્વામીરાવને પત્ર લખ્યો.

૨૭ લખનૌ : ઉતારો કાલાકાંકરના રાજાસાહેબને ત્યાં. ● રાજકીય પરિષદને સંબોધન. ● સ્ત્રીઓની બે સભાઓ–પર્દાનશીનની અને બીજીની. ● મૌલાના અબ્દુલ બારીના કુટુંબીજનોને મળવા ગયા.[2]

૨૮ લખનૌ : કૉલેજના વિદ્યાર્થીઓનું માનપત્ર. સ્થળ યુનિવર્સિટી, માનપત્ર અંગ્રેજીમાં; એની સામે ગાંધીજીનો પુણ્યપ્રકોપ.[3] ● ઑ. ઈ. કૉં. ક.ની પ્રથમ અવિધિસરની ચર્ચામાં, અને પછી ખુલ્લી બેઠકમાં, પોતે પ્રમુખપદ લેવા કેમ ના પાડે છે એ વિશે ખુલાસો કર્યો.[4] ● ખાન અબ્દુલગફાર ખાન સાથે પ્રથમ મુલાકાત.

૨૯ લખનૌ : મ્યુનિસિપલ મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ● જિલ્લા બોર્ડનું માનપત્ર. ● સભાઓ–પર્દાનશીન સ્ત્રીઓની અને જાહેર.

૩૦ લખનૌ.

૧, આધાર નં. ૯૩ ના સને ૧૯૧૯ના વૉ. ૨ માં અને આધાર નં. ૪૨ના વૉ. ૪૧ ના પા. ૫૭૯ ઉપર તા. ૨૬ છે, પણ એ ભૂલ છે.

૨. આ ગૃહસ્થ તા, ૨૩–૧–૨૬ ના રોજ ગુજર્યા હતા.

૩. 'પ્રજાબંધુ'ના તા. ૬–૧૦–૨૯ના પા. ૨૫–૨૬ ઉપર આની તા. ૧૮ જણાવી છે પણ એ મુદ્રણદોષ લાગે છે.

૪. 'નવજીવન'ના તા. ૬–૧૦–૨૯ના પાના ૪૨ ઉપર અને 'યંગ ઇન્ડિયા'ના તા. ૩–૧૦–૨૯ના પાના ૩૨૮ ઉપર આની તા. ૨૯ જણાવી છે પણ આધાર નં. ૯૩માં તા. ૨૮ છે. અને એ પ્રમાણભૂત માની છે.

૧૯૨૯—ઑક્ટોબર

૧ લખનૌ ⇕ અકબરપુર ⇕ ટાંડા ⇕ અકબરપુર ⇕ ફૈઝાબાદ.

૨ જોનપુર ⇕ બનારસ ⇕ સૈદપુર ⇕ ગાઝીપુર:મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૩ ગાઝીપુર. ⇕ આઝમગઢ (આઝમગંજ) : શીબલી મંઝીલમાં આવેલ, ઇસ્લામી ઇતિહાસના પુસ્તકાલયની મુલાકાત ⇕ કેપ્ટનગંજ.

૪ ગોરખપુર : ઉતારો સી. સી. દાસને ત્યાં.

૫ ગોરખપુર. ⇕ દેવરીઆ. ⇕ ધુધલી.

૬ ગોરખપુર. ⇕ બરહજ : માનપત્રો—પૂર્વાસ્પૃશ્ય મંડળનું અને કૉંગ્રેસ કમિટીનું. ⇕ દેવરીઆ : તહસીલ કૉંગ્રેસ કમિટીનું માનપત્ર.

૭[૧] ગોરખપુર : સદ્દસ્યગણ યુવકસંઘનું માનપત્ર.

૮ ગોરખપુર. ⇕ બસ્તી : જિલ્લા નિવાસીઓનું માનપત્ર.

૯ બસ્તી. ⇕ મંકાપુર. ⇕ બલરામપુર ⇕ ગોંડા ⇕ નવાબગંજ બહરાઇચ.

૧૦ બહરાઇચ. ⇕ ગોંડા.

૧૧ બારાબંકી. ⇕ હરદોઈ.

૧૨ હરદોઈ : જિલ્લા રાજકીય પરિષદમાં ભાષણ. ● ક્ષત્રીય હાઈસ્કૂલનું માનપત્ર. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. ● ખાદી ભંડારનું ઉદ્‌ઘાટન.

૧૩[૨] મુરાદાબાદ : ઉતારો મૌલવી અબ્દુસ્સામદને ત્યાં. ● હિંદુ પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન. ● સ્ત્રીઓની સભા. ⇕ ધામપુર : સભાઓ-સ્ત્રીઓની અને જાહેર. ⇕ બિજનોર : જિલ્લા કિસાનોનું માનપત્ર.

૧૪ હરદ્વાર.

૧૫ હરદ્વાર : યુનિયન મ્યુનિસિપલ બોર્ડનું માનપત્ર. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૧૬ દહેરાદૂન : રાજકીય પરિષદમાં હાજર; પ્રમુખ પુરુષોત્તમદાસ ટંડન. ● શ્રદ્ધાનંદ અબલાશ્રમના મકાનનો પાયો નાખ્યો. ●માનપત્રો—એંગ્લો

---

૧. લક્ષ્મીબાઈ (કાકાસાહેબનાં પત્ની)નું આશ્રમમાં અવસાન થયું.

૨. આજે ઉમિયા (જયસુખલાલ ગાંધીના પુત્રી) અને શંકરલાલ અગરવાલની સગાઈ થઈ.

૧૯૨૯-ઑક્ટોબર

વૈદિક કૉલેજના વિદ્યાર્થીઓનું; યુનિયન બૉર્ડનું; જિલ્લા બૉર્ડનું; મ્યુનિસિપાલિટીનું; શિવાજી દળનું; મિશન સ્કૂલનું અને અકાલી-દળનું. ● સભાઓ—સ્ત્રીઓની અને અંત્યજોની.

૧૭ દહેરાદૂન : કન્યા ગુરુકુળની મુલાકાત (રસ્તામાં). ⇕ રાજપુર. આરોગ્ય ભુવનના સ્થાપક સ્વ. કેશવ શાસ્ત્રીની છબી ખુલ્લી મૂકી તથા ત્યાં વૃક્ષારોપણ કર્યું. ⇕ મસૂરી.

૧૮ મસૂરી : મ્યુનિસિપાલિટીના યુનિયન સભ્યોને ઉદ્બોધન.

૧૯ મસૂરી.

૨૦ મસૂરી : માનપત્રો—સીટી બૉર્ડનું અને શહેરીઓનું.

૨૧ થી ૨૪[1] મસૂરી.

૨૫ મસૂરી ⇕ સહરાનપુર માનપત્રો—ડિસ્ટ્રીકટ બૉર્ડનું; કાશીરામ હાઈસ્કૂલનું; વિદ્યાર્થી મંડળનું; હિંદ કુમારસભાનું; જિલ્લા કૉંગ્રેસ કમિટીનું; સ્વાગત સમિતિનું; આર્યસમાજનું; અગ્રવાલ સેવા સમિતિનું અને રાજપૂત સભાનું. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૨૬ સહરાનપુર. ⇕ દેવબંદ, ⇕ મુઝફ્ફરનગર : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને પબ્લીક હાઈસ્કૂલનું. ● સ્ત્રીઓની સભા ● કન્યાશાળામાં કાંતણ હરીફાઈ અંગે ઈનામ વિતરણ.

૨૭[2] મુઝફ્ફરનગર. ⇕ કંધાલા. ⇕ શામલી. ⇕ મીરત : ઉતારો કૃપાલાનીજીના આશ્રમમાં. ● મીરત કાવતરા કેસવાળા(સામ્યવાદી) કેદીઓ સાથે દોઢ કલાક વાતચીત. ● માનપત્રો—મ્યુનિસિપાલિટીનું, જિલ્લા બૉર્ડનું અને કૉલેજના વિદ્યાર્થીઓનું.

૨૮ મીરત : મુલાકાતો—દૌલરી ગુરુકુળની અને બ્રાહ્મણ વૈદિક હાઈસ્કૂલની ● સભાઓ–સ્ત્રીઓની અને જાહેર.

૨૯ નિવારી. ⇕ પીખુવા. ⇕ સરધાના. ⇕ અસોડા.

૩૦ અસોડા. ⇔ મીરત.

---

૧. દરમિયાન તા. ૨૪મીએ રેજીનલ્ડ રેનાલ્ડ્સ આશ્રમમાં આવ્યા.

૨. આશ્રમમાંની ગાંધીજીની કલ્પના મુજબની સંયુક્ત રસોડાની વ્યવસ્થા બંધ થઈ. (જુઓ તા. ૧૭-૪-૨૯ની પાદટીપ.)

૧૯૨૯–ઑકટોબર–નવેમ્બર

૩૧[1] બડૌત : કૉંગ્રેસ કમિટીનું માનપત્ર ⇕ હાપુર : માનપત્રો–મ્યુનિસિપાલિટીનું અને વેપારીમંડળનું ● સભાઓ— સ્ત્રીઓની અને જાહેર. ⇕ મીરત.

નવેમ્બર

૧ મીરત : કાયસ્થ પાઠશાળા તરફથી માનપત્ર. ⇕ ટીહરી : સત્સંગ સભા તરફથી માનપત્ર. ⇕ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠક. ● સર્વપક્ષ નેતાઓની સભામાં હાજર; વાઈસરૉયે આગલા દિવસે કરેલા નિવેદન અંગે, ગાંધીજીએ સૂચવ્યા મુજબ, નેતાઓએ ત્રણ પ્રાથમિક શરતો મૂકી–(૧) દેશમાં શાંતિનું વાતાવરણ પેદા કરવા માટે સરકારે સહાનુભૂતિભર્યું વલણ અખત્યાર કરવું જોઈએ. (૨) બધા જ રાજદ્વારી કેદીઓને છોડવા જોઈએ અને (૩) પ્રગતિશીલ રાજકીય પક્ષોને પ્રતિનિધિત્વ મળવું જોઈએ; અને આ પક્ષોમાંથી કૉંગ્રેસને, કે જે સૌથી મોટો પક્ષ છે તેને, સૌથી વધુ પ્રતિનિધિત્વ મળવું જોઈએ.

૨ દિલ્હી : મુલાકાત અને માનપત્ર—જામિયા મિલિયા અને ઈન્દ્રપ્રસ્થ ગુરુકુળ. ● વર્કીંગ કમિટીની બેઠક. ● માનપત્રો–હિંદુ કૉલેજના વિદ્યાર્થીઓનું અને મઝદુર સભાનું. ● સભાઓ સ્ત્રીઓની; અને જાહેર, સ્થળ રાણીબાગ[2].

૩ દિલ્હી ⇕ સિકંદરાબાદ. ⇕ દાદરા. ⇕ બુલન્દ શહેર : જિલ્લા કૉંગ્રેસ કમિટીનું માનપત્ર. ● સ્ત્રીઓની સભા ⇕ ખુર્જા. ⇕ સમસપુર : કૃષક કમિટીનું માનપત્ર. ● સ્ત્રીઓની સભા. ⇕ ચંદૌસી. ⇕ ગવહાના. ⇕ ગોમત. ⇕ ખેર. ⇕ હરદૂઆગંજ. ⇕ અલીગઢ.

---

૧. વાઈસરૉયે એક નિવેદન એ મતલબનું કર્યું કે સાયમન કમિશનનો હેવાલ મળી જાય પછી, હિંદને સાંસ્થાનિક સ્વરાજ આપવા માટે અને એની વિગતો નક્કી કરવા માટે એક ગોળમેજી પરિષદ બોલાવવામાં આવશે. (જુઓ તા. ૩૧–૧૨–૨૮).

૨. ઍગથા હેરિસને ગાંધીજીને અહીં પહેલી વખત જોયા. પાછળથી એ ગાંધીજીની ભક્ત બની ગઈ.

૧૯૨૯—નવેમ્બર[1]

૪ અલીગઢ : મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન. ● સભાઓ અને માનપત્રો—સ્ત્રીઓની; મ્યુનિસિપાલિટીની; જિલ્લા બોર્ડની અને જાહેર.

૫ ભૂસિયા. સીરસા. મદ્રાજ. સસની. અલીગઢ.

૬ અલીગઢ. રાયા. કરૂલા. મથુરા : સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૭ કોસીકલાન (= કોસી.) ગોવર્ધન : સભા. ચટા. ગોકૂળ. મહાવન. વૃન્દાવન : માનપત્ર અને સભા–કોંગ્રેસ કમિટીની અને સ્ત્રીઓની. ● પ્રેમ મહાવિદ્યાલયના વાર્ષિક મેળાવડામાં હાજર; એના સ્થાપક રાજા મહેન્દ્ર પ્રતાપની છબીની અનાવરણવિધિ કરી.

૮ વૃન્દાવન : રામકૃષ્ણ મિશનની હૉસ્પિટલનો એક ભાગ ખુલ્લો મૂકયો ● ગુરુકુળની મુલાકાત. સદાબાદ. હાથરસ : જાહેર સભા. આવાગઢ. અરહાપુર. સિંધાવલી. નિધાવલી. સાકેત. સહોલી. કક્રાવલી. બારા. જોગમાઈ. ભડવાસ. જલેસર : જાહેર સભા. એટા.

૯[2] એટા. કાસગંજ : સ્ત્રીઓની સભા. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. મોહનપુર. સરસાઈનારૂ. ગંજદુદ્વાર ધાકપુર. સરસાઈ. બાણ. નરોલી. બેરી. અલીપુર (=અલાપુર.) ઉઝાની : સ્ત્રીઓનું માનપત્ર. બદાઉ.

૧૦ બદાઉ : જિલ્લા નિવાસીઓનું માનપત્ર. શાહજહાનપુર : મિશન કન્યાશાળાનું માનપત્ર. ● વેણીમાધવ કન્યાશાળાની મુલાકાત. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૧૧ શાહજહાનપુર. બરેલી. પીલીભીત.

૧૨ લખમીપુર : માનપત્રો અને સભાઓ—સ્ત્રીઓની અને જાહેર. સીતાપુર.

૧૩ સીતાપુર : માનપત્રો–મ્યુનિસિપાલિટીનું, જિલ્લા બોર્ડનું, અને હિંદી સાહિત્ય સભાનું ખૈરાબાદ : લોકો તરફથી માનપત્ર. લખનૌ : મોતીલાલ નહેરુ મળવા આવ્યા. મોહનલાલગંજ : કિસાનોનું

---

૧. તા. ૫ થી ૧૩માં જે નામો છે, તે ગામોના નામો છે.

૨. આ અરસામાં આશ્રમમાં ચોરીનો ઉપદ્રવ શરૂ થયો.

૧૯૨૯—નવેમ્બર

માનપત્ર. ઝનોજા. નિગોહા. રાયબરેલી : માનપત્રો—મ્યુનિસિ-પાલિટીનું; જિલ્લા બૉર્ડનું; અધ્યાપક સમિતિનું; જિલ્લા કિસાનોનું; કૉંગ્રેસ કમિટીનું; સ્વાગત સમિતિનું; મહાવીરપ્રસાદ છાત્રાલયનું; આર્યકુમારનું વગેરે. વગેરે.

૧૪ રાયબરેલી ⇕ મોહનલાલગંજ. ⇕ સલોન : કિસાનો તરફથી માનપત્ર. ⇕ કલાકંકર : ઉતારો રાજાસાહેબના મકાનમાં ● વિદેશી વસ્ત્રોની હોળી.

૧૫ કાલાકંકર. ⇕ સોરામ (=સોરાન) : માનપત્ર. ⇕ ભદ્રી. ⇕ સુલતાનપુર. ⇕ પ્રતાપગઢ ⇕ અલાહાબાદ.

૧૬ અલાહાબાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર ● મુલાકાતો—ડૉ. સૅમ હિગીનબૉટમનું કૃષિ વિદ્યાભવન તથા કુષ્ટ રોગાલય; અને ક્રોસ્થવેઈટ કન્યાશાળા ● માનપત્રો—નવભારત સંઘનું. ઈવીંગ ક્રિશ્ચન કૉલેજનું, યમૂના સ્કૂલનું અને કાયસ્થ પાઠશાળાનું.

૧૭ અલાહાબાદ : માનપત્રો—યુનિવર્સિટી યુનિયનનું; મ્યુનિસિપાલિટીનું અને જિલ્લા બૉર્ડનું, ● મ્યુનિસિપાલિટીના મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૧૮ અલાહાબાદ : હાજર—વર્કીંગ કમિટીની બેઠકમાં, સર્વપક્ષ નેતાઓની સભામાં અને બંનેની સંયુક્ત સભામાં.

૧૯ મીરજાપુર : માનપત્રો—છાત્રવૃન્દનું; ચપડા વ્યાપાર વર્દ્ધિની સભાનું, કૉંગ્રેસ કમિટીનું, મ્યુનિસિપાલિટીનું; અને જિલ્લા બૉર્ડનું. ⇕ ઈમલહા વિંધ્યવાસિની અછૂત પાઠશાળાનું માનપત્ર. ⇕ ચુનાર: ઉતારો બાબુ ભગવાનદાસને ત્યાં. ● નોટીફાઈડ એરિયા કમિટીનું માનપત્ર. ⇕ અલાહાબાદ.

૨૦ ફત્તેહપુર : માનપત્રો—સ્વાગત સમિતિનું, મ્યુનિસિપાલિટીનું અને જિલ્લા બૉર્ડનું. ⇕ બાંદા.

૧૯૨૯-નવેમ્બર; ડિસેમ્બર

૨૧ બાંદા. ⇕ મહોબા : માનપત્રો—ખાદી વણકર બંધુનું, વિદ્યાર્થીગણ વીરનું, હિંદુ-મુસ્લિમ ઈસાઈનું અને સ્ત્રીઓનું. ⇕ રથી. ⇕ કુલપહાડ.

૨૨ કુલપહાડ. ⇕ ઝાંસી : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું, એના નોકરોનું અને લોકલ બોર્ડનું.

૨૩ ચીરગાંવ : માનપત્રો—તહસીલ કોંગ્રેસ કમિટીનું અને લોકોનું. ⇕ ઉરઈ : માનપત્રો—મ્યુનિસિપાલિટીનું અને હિંદી વિદ્યાર્થી સંપ્રદાયનું.

૨૪ ઈટાવા : જાહેર સભા. ⇕ આગ્રા.

૨૫ અમદાવાદ.

૨૬ અમદાવાદ : વિઠ્ઠલભાઈ પટેલ મળવા આવ્યા. ● રેજીનલ્ડ રેનોલ્ડ્સ સાથે મુલાકાત.[૧] ● 'નવજીવન'નું ટ્રસ્ટ કર્યું.[૨]

૨૭ થી ૨૯ અમદાવાદ.

૩૦ અમદાવાદ : વિઠ્ઠલભાઈ પટેલ અને ઝીણા મળવા આવ્યા.

ડિસેમ્બર

૧ અમદાવાદ : મિલમજૂરોના પગારમાં કરેલો ઘટાડો દૂર કરવા અંગે સરપંચ કૃષ્ણલાલ ઝવેરી સાથે ચર્ચા.

૨ થી ૩[૩] અમદાવાદ.

૪ અમદાવાદ : ઉમિયા અને શંકરલાલના લગ્નમાં હાજર.[૪]

૫ થી ૬[૫] અમદાવાદ.

૭ થી ૧૬ વર્ધા.

૧૭ વર્ધા : જવાહરલાલ આવ્યા.

૧૮ થી ૧૯ વર્ધા : અખિલ ભારત ચરખા સંઘની બેઠકો—બંને દિવસ.

---

૧. જુઓ તા. ૨૪-૧૦-૨૯ની પાદટીપ.

૨. આના માટે તૈયારી સને ૧૯૨૮ના જૂન માસથી ચાલતી હતી પરંતુ પછી, કોઈ ને કોઈ કારણસર કામ ખોરંભે પડયું હતું. દસ્તાવેજ બીજે જ દિવસે રજીસ્ટર્ડ કરવામાં આવ્યો હતો.

૩. તા. ૩જીએ જયકૃષ્ણ ઈન્દ્રજીનું અવસાન થયું.

૪. જુઓ તા. ૧૩-૧૦-૨૯ની પાદટીપ.

૫. આ અરસામાં, તા. છઠ્ઠીએ નૈરોબીમાં ભરાયેલી હિંદી કોંગ્રેસને સંદેશો મોકલતાં જણાવ્યું 'હિંદી રાષ્ટ્રીય ગૌરવને હાનિકારક સમાધાની કરશો નહિ.'

૧૯૨૯—ડિસેમ્બર

૨૦ થી ૨૧ વર્ધા.

૨૨ દિલ્હી.[1] : ઉતારો લક્ષ્મીનારાયણ ગડોદિયાને ત્યાં.

૨૩[2] દિલ્હી : સાંજે સાડાચાર વાગ્યે, વાઇસરૉયને એમના નવા મકાનમાં (જ્યાં એ આજે જ રહેવા આવ્યા હતા) મળવા ગયા. મોતીલાલ નહેરુ, વિઠ્ઠલભાઈ, તેજ બહાદુર સપ્રુ, ઝીણા વગેરે હાજર હતા. વાઇસરૉયે, પોતાના તા. ૩૧-૧૦-૨૯ના નિવેદન વિશે ત્રણ કલાક મસલત કરી; પણ સાંસ્થાનિક સ્વરાજ આપવાની ચોખ્ખી બાંયધરી આપવાની ના પાડી.

૨૪ લાહોર : અંત્યજોના સરઘસમાં હાજર.[3] ● સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટીના વાર્ષિક મેળાવડામાં પ્રમુખપદે. ● લજપતરાય મેમોરિયલ હૉલ ખુલ્લો મૂક્યો.

૨૫ લાહોર : લાલાજી સ્મારકનો પાયો નાંખ્યો; સ્થળ ગોલ બાગ. ● દલિત કોમોની પરિષદમાં પ્રમુખપદે. ● ખાદી પ્રદર્શન જોયું.

૨૬ લાહોર.

૨૭ લાહોર : શીખ નેતાઓ સાથે મસલત. ● વર્કીંગ કમિટીમાં, ઑ. ઈ. કૉં. ક. માં અને વિષય વિચારણી સમિતિમાં હાજર.

૨૮ લાહોર : અલીભાઈઓ સાથે મસલત. ● ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર.

૨૯ થી ૩૦ લાહોર.[4] : વિષય વિચારિણી સમિતિમાં હાજર, બંને દિવસો.

૩૧ લાહોર : કૉંગ્રેસના અધિવેશનમાં હાજર. ગાંધીજીએ મૂકેલો ઠરાવ રાતના બાર વાગ્યે પસાર. ઠરાવની મતલબ—વાઇસરૉયના ૩૧મી ઑક્ટોબરના નિવેદનને આવકાર, પણ ગોળમેજી પરિષદમાં ભાગ લેવાથી કાંઈ વળવાનું નથી, ઑ. ઈ. કૉં. ક. ને યોગ્ય લાગે ત્યાં અને

---

૧. વાઈસરૉયના બોલાવ્યાથી આવ્યા.

૨. ન્યુ દિલ્હીના સ્ટેશન નજીક, બોમ્બથી, વાઈસરૉયની ટ્રેનને ઉથલાવી નાખવાનો પ્રયત્ન થયો. નુકસાન થયું પણ વાઈસરૉય બચી ગયા.

૩. 'પ્રજાબંધુ'માં આની તા. ૨૩ જણાવી છે પણ બીજા આધારોમાં તા. ૨૪ છે અને એ પ્રમાણભૂત માની છે.

૪. દરમિયાન તા. ૨૯મીએ કૉંગ્રેસનું અધિવેશન મળ્યું હતું અને સ્વાગત સમિતિના અધ્યક્ષનું તથા પ્રમુખ જવાહરલાલનું એમ બે ભાષણો થયાં હતાં. ગાંધીજી હાજર હતા એની માહિતી મળી નથી.

૧૯૨૯—ડિસેમ્બર; ૧૯૩૦—જાન્યુઆરી

ત્યારે સવિનય ભંગની અને નાકરની હિલચાલ શરૂ કરવાની સત્તા; અમારું ધ્યેય સંપૂર્ણ સ્વાતંત્ર્ય.[1]

૧૯૩૦–જાન્યુઆરી

૧ લાહોર : ઑ. ઈ. કોં. ક. ની બેઠકમાં હાજર.

૨ લાહોર : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; તા. ૨૬મી સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવવાનું ઠરાવ્યું; અને ધારાસભાઓમાંથી રાજીનામાં આપવાં આદેશ આપ્યો. ● થી રાત્રે નીકળ્યા.

૩ દિલ્હી આવ્યા સવારે. ● થી નીકળ્યા રાત્રે.

૪ થી ૧૦[2] અમદાવાદ.

૧૧ અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે; મુખ્ય વક્તા આચાર્ય નરેન્દ્ર દેવ; સમય સવારે સાડા આઠ.

૧૨ અમદાવાદ.

૧૩ અમદાવાદ : અખિલ ભારત શિક્ષણ પરિષદમાં પ્રારંભિક પ્રવચન; સ્થળ વિદ્યાપીઠ.

---

૧. (૧) જુઓ તા. ૩૧-૧૨-૨૮

(૨) આ ઠરાવથી એક ફણગો ફૂટયો.

શાવકશા રતનજી (S. R.) બમનજીએ મુંબઈની હોમરૂલ લીગના ફન્ડમાં રૂા. એક લાખ (રૂા. ૯૦,૦૦૦નો ચેક અને રૂા. ૧૦,૦૦૦નાં વૉર બૉન્ડ) સને ૧૯૧૮ના જુલાઈ માસમાં આપ્યા હતા.

તા. ૩-૧૦-૨૦ના રોજ આ સંસ્થાનું નામ બદલી 'સ્વરાજ સભા' રાખવામાં આવ્યું; અને આજે કૉંગ્રેસે સંપૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય સ્વીકાર્યું.

પોતે આપેલી રકમ તથા તેનું વ્યાજ મળીને થયેલી રૂા. ૨,૫૫,૦૦૦ ઉપરાંતની રકમ પાછી મેળવવા માટે શ્રી બમનજીએ તા. ૨૫-૧-૩૪ના રોજ સરોજિની નાઇડુ મુંબઈ સ્વરાજ સભાનાં પ્રમુખ, અને એ સંસ્થાના બીજા સભ્યો ઉપર મુંબઈની હાઈકોર્ટમાં દાવો મૂકયો.

તા. ૧-૨-૩૭ના રોજ પક્ષકારો વચ્ચે એ મતલબનું સમાધાન થયું કે રૂા. ૧,૬૫,૦૦૦ વગેરે શ્રી બમનજીને આપવા અને પ્રતિવાદીઓના પ્રતિનિધિ તરીકે શ્રી ભૂલાભાઈ દેસાઈને બંધારણપૂર્વકનાં સાધનો મારફત રાજકીય ચળવળ ચલાવવા માટે રૂા. ૯૦,૦૦૦ આપવા.

આ સમાધાનની હાઇકોર્ટે તા. ૩-૨-૩૭ના રોજ નોંધ લીધી.

૨. તા. ૪થીએ મઝહર-ઉલ-હકનું અવસાન થયું.

૧૯૩૦-જાન્યુઆરી

૧૪ અમદાવાદ : પ્રભાશંકર પટ્ટણી સાથે વાતચીત.

૧૫ અમદાવાદ : તા. ૧૩મીની પરિષદનું પૂર્ણાહુતિ પ્રવચન.

૧૬ અમદાવાદ.

૧૭ અમદાવાદ : વિદ્યાપીઠમાં, છાત્રસંમેલનમાં પ્રવચન, આશ્રમમાં પ્રાર્થનાનું રહસ્ય સમજાવ્યું.

૧૮ અમદાવાદ : કવિવર ટાગોર મુલાકાતે આવ્યા.

૧૯ અમદાવાદ : કૈસરે હિન્દને સંદેશો 'સ્વતંત્ર હિન્દથી એક પણ સાચા અંગ્રેજે મુદ્દલ ડરવાનું નથી.'

૨૦ થી ૨૧ અમદાવાદ.

૨૨ અમદાવાદ : લંડનના Daily Expressના પ્રતિનિધિએ મુલાકાત લીધી.

૨૩ થી ૨૪[૧] અમદાવાદ.

૨૫[૨] અમદાવાદ : બહેરાં-મૂંગાંની શાળાના નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું, સમય સાંજે સાડા ચાર.[૩]

૨૬ થી ૨૯[૪] અમદાવાદ.

૩૦ અમદાવાદ : આજના 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીએ, વાઇસરૉય સમક્ષ ૧૧ માગણીઓ મૂકી : (૧) સંપૂર્ણ દારૂબંધી કરો, (૨) હૂંડિયામણનો દર સોળ પેન્સ કરો, (૫) જમીન મહેસૂલનો દર અરધો કરો, (૪) મીઠાનો કર નાબૂદ કરો, (૫) લશ્કરી ખરચ અરધું કરો, (૬) મોટા પગારો ઘટાડો. (૭) પરદેશી કાપડની આયાત પર જકાત નાંખો, (૮) દરિયાકાંઠાનો વેપાર હિંદીઓ માટે અનામત રાખો, (૯) હિંસક સિવાયના બધા રાજદ્વારી

---

૧. દરમિયાન તા. ૨૩મીએ (૧) તા. ૨૧-૮-૨૯ના રોજ, રાજકીય દુઃખ ભોક્તા-દિનની ઉજવણી પ્રસંગે નીકળેલા સરઘસ અંગે સુભાષચંદ્ર બોઝને એક વર્ષની સજા કરવામાં આવી, (૨) આશ્રમના વ્યવસ્થાપક તરીકે છગનલાલ જોષી છૂટા થયા અને નારણદાસ ગાંધી નિમાયા.

૨. આજે અલીભાઇઓએ અને બીજા મુસલમાન ભાઈઓએ નિવેદન કર્યું—આવતી કાલના સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં મુસ્લિમોએ ભાગ ન લેવો કારણ કે હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે કોંગ્રેસે કાંઈ કર્યું નથી.

૩. આ ઉદ્‌ઘાટન કવિવર ટાગોર કરવાના હતા પણ એમની તબિયત સારી નહિ હોવાથી એ આવી શકે એમ નહોતું.

૪. ૨૬મી તારીખનો દિન દેશભરમાં સ્વાતંત્ર્યદિન ઉજવવામાં આવ્યો.

કેદીઓને મુક્ત કરો અને દેશવટો ભોગવી રહેલાને દેશમાં પાછા આવવા દો, (૧૦) ગુપ્તચર ખાતું બંધ કરો અને (૧૧) હથિયાર રાખવાના પરવાના છૂટથી આપો.

૩૧ અમદાવાદ : મળવા આવ્યા—સરોજિની નાઈડુ અને બ્રિટિશ પાર્લમેન્ટના મજૂર પક્ષના સભ્ય કમાન્ડર કેનવર્ધી.

ફેબ્રુઆરી

૧ અમદાવાદ.

૨ અમદાવાદ : રાજકોટ નરેશ લાખાજી રાજના પુત્રને ખરખરાનો પત્ર લખ્યો[1].

૩ થી ૭ અમદાવાદ.

૮ અમદાવાદ : પગરખાં ચોરાઈ જતાં હોય તો થેલીમાં મૂકી, પોતાની પાસે રાખવા સલાહ આપી. ● કનૈયાલાલ મુનશી સાથે વાતચીત.

૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : વડથલ ગામના ખેડૂતોના પ્રતિનિધિઓ, આનાવારીની આકરી આકારણી અંગે ચર્ચા કરવા આવ્યા.

૧૧ અમદાવાદ.

૧૨ અમદાવાદ : જવાહરલાલ નહેરુ મુલાકાતે આવ્યા.

૧૩ અમદાવાદ.

૧૪ થી ૧૬ અમદાવાદ : વર્કીંગ કમિટીની બેઠકો—સત્યાગ્રહની લડત ઉપાડવા ઠરાવ્યું અને સર્વ સત્તા ગાંધીજીને આપી.[2]

૧૭ અમદાવાદ.

૧૮ અમદાવાદ : એક પત્રમાં લખ્યું—વાઈસરૉયને બીજી માર્ચે પત્ર લખવા ધારું છું, મારી ધરપકડ માર્ચની અધવચમાં થશે એમ મને લાગે છે.

૧૯ થી ૨૨[3] અમદાવાદ.

---

૧. અવસાન તા. ૨-૨-૩૦ના રોજ થયું હતું.

૨. 'ઈન્ડિયન રિવ્યુ'ના ૧૯૩૦ ફેબ્રુઆરીના અંકના પાના ૧૪૪ ઉપર અ. ઈ. કૉં. ક. ની બેઠક થઈ હતી એમ જણાયું છે પણ એ બંધબેસતું નથી.

૩. દરમિયાન તા. ૧૯મીએ, હિન્દી સરકારે કેદીઓના વર્ગીકરણ અંગે નિયમો બહાર પાડયા.

૧૯૩૦—ફેબ્રુઆરી-માર્ચ

૨૩[1] અમદાવાદ : આજના 'નવજીવન'માં 'સત્યાગ્રહીની નિયમાવલી' બહાર પાડી અને 'હું કેદ થાઉં ત્યારે' નામનો લેખ લખ્યો.

૨૪ થી ૨૬[2] અમદાવાદ.

૨૭ અમદાવાદ : આજના 'યંગ ઈન્ડિયા'માં મીઠાના કાયદાના ભંગનો નિર્દેશ કર્યો.

૨૮ અમદાવાદ : નહેરૂ પિતા-પુત્ર મસલત માટે આવ્યા.

માર્ચ

૧ અમદાવાદ : મીઠુબહેન, પેરીનબહેન, ખુરશેદબહેન વગેરે સાથે ચર્ચા.

૨ અમદાવાદ : વાઈસરૉયને આખરી પત્ર—'આ ધમકી નથી પણ ધર્મ-કૃત્ય છે.' પત્ર રેજીનલ્ડ રેનોલ્ડ્સ સાથે મોકલ્યો[3]. ● રૂક્ષ્મણી અને બનારસીલાલ બજાજના લગ્નમાં હાજર.[4]

૩ થી ૪ અમદાવાદ.[5]

૫[6] અમદાવાદ : સાંજની પ્રાર્થના પછી દાંડી-કૂચ વિશે જાહેરાત કરી.

---

૧. આજે મુંબઈ સરકારે એક એવી મતલબનું નિવેદન કર્યું કે અમદાવાદમાં મિલોના મજૂરો અને માલિકોની વચ્ચે ઘર્ષણનો અભાવ છે તે ગાંધીજીને આભારી છે.

૨. દરમિયાન તા. ૨૫ મીએ, સંગીતશાસ્ત્રી ખરેના પુત્ર વસન્તનું આશ્રમમાં અવસાન થયું.

૩. (૧) આધાર નં. ૪૯ના પાના ૨૫૧ ઉપર એવી નોંધ છે કે રેનોલ્ડ્સ દિલ્હીની ગાડી ચૂકી ગયા એટલે બીજે દિવસે ગયા. દરમિયાન પ્યારેલાલને યાદ આવ્યું કે પત્રમાં મીઠાના કરવાળી કલમ રહી ગઈ હતી. એટલે પત્ર ફરીથી તૈયાર કરીને મોકલવામાં આવ્યો. (૨) આ પત્ર વાઈસરૉયને તા.૪થી એ આપવામાં આવ્યો, એ વખતે એની કાચી પહોંચ આપવામાં આવી; બીજે દિવસે પાકી પહોંચ આપવામાં આવી. ત્યાર પછીજ તા. છઠ્ઠીએ, પત્ર જાહેર કરવામાં આવ્યો.

૪. જુઓ તા. ૪-૪-૨૯.

૫. દરમિયાન તા. ૩જીએ નહેરુ પિતા-પુત્ર ગયા.

૬. ગાંધીજીના તા. ૨ના પત્રનો વાઇસરૉયે જવાબ આપ્યો :-'તમે લેવા ધારેલા પગલાથી સુલેહશાંતિનો ભંગ થશે. : અને એ જાણીને મને દિલગીરી થાય છે.'

૧૯૩૦-માર્ચ

૬ થી ૭[1] અમદાવાદ.

૮ અમદાવાદ : વલ્લભભાઈની ગિરફતારી અંગેની સભામાં બોલ્યા–'સરકારે મારી જમણી બાંય તોડી નાંખી'; સમય સાંજના ૭; સ્થળ નદીની રેત. ● પ્રાર્થનામાં જાહેર કર્યું :– 'આશ્રમવાસીઓનાં દવાદારૂની જવાબદારી ડૉ. હરિભાઈએ માથે લીધી છે.' ● કૂચમાં જોડાનારને લડતમાં પાળવાના વ્રતનો ખ્યાલ આપ્યો અને કહ્યું 'હજી જેને નીકળી જવું હોય તે નીકળી જઈ શકે છે.' ● મિલ-માલિક મંડળના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૯ અમદાવાદ.

૧૦ અમદાવાદ : 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિએ મુલાકાત લીધી. ● સાંજની પ્રાર્થનામાં, આવતી લડતનો ખ્યાલ આપ્યો.

૧૧ અમદાવાદ[2] : સાંજની પ્રાર્થનામાં 'વસિયતનામું' જાહેર કરી કહ્યું 'મને પકડે તોયે કૂચ તો થવી જ જોઈએ.' કૂચમાં જોડાનારને લડતની ગંભીરતા અને પવિત્રતાનો ખ્યાલ આપ્યો.

૧૨ અમદાવાદ : આશ્રમની એક માંદી છોકરીની ખબર કાઢી. ● દાંડી-કૂચ શરૂ; નીકળ્યા સવારે સાડા ૭ વાગ્યે; પગપાળા; ૭૮ સાથીઓ સાથે; વ્રત લીધું 'સ્વરાજ ન મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પાછો નહિ આવું.'[3] ⇕ અસલાલી.

---

૧. (૧) દરમિયાન તા. ૭મીએ સરદાર વલ્લભભાઇને રાસ ગામે પકડવામાં આવ્યા અને ત્રણ માસની અને રૂા. ૫૦૦ દંડ (દંડ ન ભરે તો ત્રણ અઠવાડિયાની વધુ)ની સજા કરવામાં આવી.

(૨) આ અરસામાં ગ્રેગ દંપતિ આશ્રમમાં હતાં.

૨. ગાંધીજીને પકડવાની આજે સખત અફવાઓ હતી.

૩. (૧) આધાર નં. ૯૫ના પાના ૮૧ ઉપર કૂચની તારીખ ૧૩ જણાવી છે, પણ એ ભૂલ છે.

(૨) SPANના સને ૧૯૬૪ના ઑક્ટોબરના અંકના પાના ૩૭-૪૦ ઉપરના Gandhi, India's Great Dissenter નામના લેખમાં જણાવ્યું છે કે આ ૭૮ જણાની ટુકડી આશ્રમવાસી સ્ત્રી-પુરૂષોની બનેલી હતી. પરંતુ આ બરાબર નથી. આ ટુકડીમાંના બધાજ આશ્રમવાસી નહોતા, અને એમાં એકેય સ્ત્રી નહોતી.

૧૯૩૦—માર્ચ

૧૩ અસલાલી. ⇕ બારેજા. ⇕ નવાગામ : ઉતારો ધર્મશાળામાં.

૧૪ નવાગામ. ⇕ ઢઢાલ. ⇕ ગોવિન્દપુરા. ⇕ વાસણા. ⇕ માતર.

૧૫ માતર. ⇕ ડભાણ. ⇕ નડિયાદ : ઉતારો સંતરામના મંદિરમાં. ● નરિમાન મળવા આવ્યા.

૧૬ નડિયાદ. ⇕ બોરીઆવી : ઉતારો ધર્મશાળામાં. ⇕ આણંદ : ઉતારો ચરોતર એજ્યુકેશન સોસાયટીના મકાનમાં.

૧૭ આણંદ.

૧૮ આણંદ. ⇕ નાપા : ઉતારો ધર્મશાળામાં. ⇕ બોરસદ : ઉતારો અંગ્રેજી શાળામાં.

૧૯ બોરસદ. ⇕ રાસ. ⇕ કનકાપુર.

૨૦ મહી નદી વહેલી સવારે ઓળંગી કિનારે સૂઈ ગયા. ● જવાહરલાલ મળવા આવ્યા. ⇕ કારેલી.

૨૧[1] કારેલી. ⇕ વેડચ. ⇕ ગજેરા.[2] ⇕ અણખી.

૨૨ અણખી. ⇕ જંબુસર : નહેરુ પિતા-પુત્રે, પોતાનો 'આનન્દભવન' નામનો મહેલ રાષ્ટ્રને ભેટ ધરવા અંગે ગાંધીજી સાથે ચર્ચા કરી. ● હિંદના અનેક નેતાઓ સાથે ચર્ચા. ⇕ આમોદ : ઉતારો જિનીંગ ફેક્ટરીમાં.

---

(૩) આધાર નં. ૧૦૧ના પાના ૧૨૬ ઉપર જણાવ્યું છે કે કરાંચીમાં તા. ૨-૪-૩૧ના રોજ મળેલી વર્કીંગ કમિટીએ ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીને નીમ્યા, અને સાથેસાથે એમ પણ જણાવ્યું છે કે સ્વરાજ ન મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પાછા નહિ આવવાનું ગાંધીજીએ વ્રત લીધું. પણ આ વ્રત તો આજે લેવામાં આવ્યું હતું. એને અને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજીની નિમણૂંકને કોઈ સંબંધ નથી.

(૪) આધાર નં. ૧૪૬ના પાના ૧૫૦ ઉપર સાથીઓની સંખ્યા ૭૫ જણાવી છે, પરન્તુ એ ભૂલ છે.

૧. અમદાવાદમાં આજે ઓ. ઈ. કોં. ક.ની બેઠક મળી અને એણે વર્કીંગ કમિટીના તા. ૨-૧-૩૦, ૧૪-૨-૩૦, ૧૫-૨-૩૦ અને ૧૬-૨-૩૦ના ઠરાવોને બહાલી આપી.

૨. આધાર નં. ૪૨ના પાના ૪૬૨ ઉપર આ સ્થળની તા. ૨૦ છે. પણ એ ભૂલ છે.

૧૯૩૦-માર્ચ-એપ્રિલ

૨૩ આમોદ. ⇕ બુવા. ⇕ સમની.

૨૪ સમની.

૨૫ સમની. ⇕ ત્રાસલા : ઉતારો ધર્મશાળામાં. ⇕ દેરોલ.

૨૬ દેરોલ. ⇕ ભરૂચ : ઉતારો સેવાશ્રમમાં. ● નવચોકીના ઓવારે થઈ હોડીમાં નર્મદા પાર ઊતર્યા. ⇕ અંકલેશ્વર.

૨૭ અંકલેશ્વર. ⇕ સજોદ. ⇕ માંગરોળ.

૨૮ માંગરોળ. ⇕ રાયમા. ⇕ ઉમરાછી.

૨૯ ઉમરાછી. ⇕ એરથાણ. ⇕ ભટગામ : માથે પેટ્રોમૅક્સ બત્તીઓ સાથે મજૂરો આગળ ચાલતા હતા એનાથી દુઃખ થયું. એ, પ્રવચનમાં ઠાલવ્યું. વધુમાં કહ્યું 'સ્વરાજ વિના હું આશ્રમનું દર્શન કરવાનો નથી; કાગડા–કૂતરાના મોતે મરીશ; સ્વરાજની ઝંખના કરતાંકરતાં રઝડી-રવડીને મરીશ પણ પાછો ફરવાનો નથી જ.... ....'

૩૦ ભટગામ. ⇕ મહમદપુરા. ⇕ સાંધિયેર : અમદાવાદની કેટલીક બહેનો અને મુંબઈના કાપડના વેપારીઓ મળવા આવ્યા. ⇕ દેલાડ.

૩૧ દેલાડ : મહાદેવભાઈ તથા ઈમામ સાહેબ મળવા આવ્યા. ⇕ છાપરભાઠા : નટરાજન, મુંબઈના વેપારીઓ અને અમદાવાદના મિલ માલિકો મળવા આવ્યા.

૧૯૩૦-એપ્રિલ

૧ છાપરભાઠા. ⇕ સુરત : તાપી નદી ઓળંગી આવ્યા, ઉતારો શેઠ નાથુભાઈ નારણભાઈના બંગલામાં.

૨ સુરત. ⇕ ડીંડોલી. ⇕ વાંઝ.

૩[1] વાંઝ. ⇕ કપલેથા. મીંઢોળા નદી હોડીમાં ઓળંગી, ⇕ ધામણ. ⇕ નવસારી : ઉતારો દુધિયા તળાવ પાસે ઘાંચીની વાડીમાં.

---

૧. પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું જીનીવામાં અવસાન થયું.

૧૯૩૦-એપ્રિલ

૪ નવસારી. ⇕ વેજલપુર : ઉતારો મણિલાલ તેલીની કપાસિયાના તેલની મિલમાં. ● અમદાવાદથી શેઠ મંગળદાસ અને એમનું કુટુંબ અને મુંબઈથી શેઠ મનસુખલાલ છગનલાલ મળવા આવ્યા. ⇕ કરાડી. ⇕ મટવાડ.

૫ મટવાડ. ⇕ દાંડી[1] : ઉતારો શિરાઝ અબ્દુલ્લાભાઈને ત્યાં. ● સરોજિની નાઈડુ વગેરે મળવા આવ્યાં.

૬[2] દાંડી : દરિયામાં સ્નાન કરી, સવારે સાડા આઠ વાગ્યે, મીઠું ઉપાડી કાયદાનો સવિનયભંગ કર્યો.[3] ● જાહેર કર્યું—મારા પછી અબ્બાસ સાહેબ અને પછી સરોજિની નાઈડુ સેનાપતિ પદ સંભાળશે.'

૭ દાંડી.

૮ દાંડી અને આસપાસનાં ગામડાં. ⇕ આટ : મીઠું ઉપાડયું. ● જાહેર સભા.

---

૧. (૧) સાબરમતીથી દાંડીનું અંતર ૨૪૧ માઈલ છે, પ્રવાસમાં ૨૫ દિવસ થયા.

(૨) આ આખા પ્રવાસમાં ખોરાકની સાદાઈમાં અને પ્રાર્થના વગેરેમાં આશ્રમના નિયમોનું પાલન કરવામાં આવતું. દરેક ગામે પોતપોતાની લગતી માહિતી એકઠી કરી હતી. ગાંધીજીનું પ્રવચન દરેક ગામે થતું અને એમાં એ આ માહિતીનો ઉલ્લેખ કરતા. દરેક ગામે સામૈયું અને વિદાય સમારંભો થતાં.

૨. તા. ૨૨મી માર્ચે ગાંધીજી સાથે મસલત કર્યા પછી મોતીલાલ નેહરૂએ તા. ૨૭મીએ કોંગ્રેસના પ્રમુખ જવાહરલાલને 'આનંદ ભવન' ભેટ ધરવા અંગે પત્ર લખ્યો અને એનું નામ 'સ્વરાજભવન' રાખવા ઈચ્છા દર્શાવી. બીજે દિવસે પ્રમુખે વર્કીંગ કમિટિના સભ્યોને આ વિશે પરિપત્ર મોકલ્યો તેમાં દાતાને 'Our colleague Pundit Motilal Nehru' તરીકે વર્ણવ્યા. આજે, મકાન સોંપવામાં આવ્યું અને આ દાન જાહેર કરવામાં આવ્યું.

૩. સરકારે ગાંધીજીને આજે પકડયા નહિ, પણ દેશમાં બીજે બધે આ પ્રકારે સત્યાગ્રહ થયો અને પોલીસે અનેક લોકોની ધરપકડ કરી તેમજ અત્યાચારો ગુજાર્યા. અને, આવું બધું, આજ પછી રોજ ચાલુ રહ્યું.

૧૯૩૦—એપ્રિલ

૯[1] દાંડી. ⇕ સુરત. ⇕ ખજોદ. ⇕ ભીમરાડ.
૧૦ દાંડી. ⇕ અબ્રામા.
૧૧[2] દાંડી. ⇕ મટવાડ. ⇕ દાંડી.
૧૨ દાંડી. ⇕ પીંજરત. ⇕ દિહેણ[3] : મહાદેવભાઈનાં માતુશ્રીને મળવા ગયા. ⇕ દાંડી.
૧૩ દાંડી : સભાઓ–ગુજરાતી બહેનોની અને પુરુષોની.
૧૪[4] દાંડી.
૧૫ દાંડી ⇕ ઉંબેર : જાહેર સભા.
૧૬ વેજલપુર : સ્ત્રી કાર્યકરો સાથે મસલત.
૧૭ વેજલપુર : ભાષણ; સ્થળ મણિલાલ તેલીનું આંબાવાડિયું. ⇕ કરાડી. ⇕ મટવાડ.
૧૮[5] ઊંટડી.
૧૯ કરાડી. ⇕ મટવાડ. ⇕ પીંજરત. ⇕ વેજલપુર. ⇕ બારડોલી : જાહેર સભા.
૨૦ કરાડી. ⇕ મટવાડ : સાથી ટુકડીના ત્રણ ભાગ પાડી જુદાજુદા વિસ્તારોમાં મોકલી દીધા.
૨૧[6] કરાડી ⇕ નવસારી.
૨૨ સુરત : રાજીનામાં આપનાર પટેલોની સભા સમક્ષ પ્રવચન. • રાણા, માળી, દરજી અને ખત્રી કોમના નેતાઓ સાથે મસલત. • સ્ત્રીઓની સભા. ⇕ કરાડી.
૨૩[7] કરાડી. ⇕ ઓદાલી : સભા.
૨૪ કરાડી.

---

૧. દેવદાસ ગાંધીની ધરપકડ થઇ.

૨. કોંગ્રેસના પ્રમુખ તરીકે જવાહરલાલે 'આનંદ ભવન'નો કબજો લીધો.

૩. કદાચ એકાદ દિવસનો ફરક હશે.

૪. જવાહરલાલ નહેરૂની ધરપકડ થઈ.

૫. ચિત્તેગોંગના શસ્ત્રાગારમાં લૂંટ.

૬. કનૈયાલાલ મુનશીની ધરપકડ થઇ.

૭. મહાદેવભાઇને અમદાવાદમાં પકડયા.

૧૯૩૦—એપ્રિલ—મે

૨૫[1] કરાડી. ⇕ પનાર.
૨૬ છરવાડા. ⇕ વલસાડ. ⇕ વાપી. ⇕ કરાડી.
૨૭ અબ્રેટી.[2] ⇕ સરભોણ. ⇕ જલાલપુર.
૨૮[3] જલાલપુર.
૨૯ ચીખલી : જાહેર સભા. ⇕ કરાડી.
૩૦ જલાલપુર. ⇕ કરાડી.

મે

૧ ઓરપાડ. ⇕ રાંદેર. ⇕ કરાડી.
૨ મછાડ. ⇕ કરાડી.
૩ કરાડી.
૪ નવસારી. ⇕ સુરત. ⇕ કરાડી.
૫[4] કરાડી : સવારે ૦–૪૫ વાગ્યે ધરપકડ કરવામાં આવી; મૌન છોડી વિદાય લીધી; મોટરમાં નવસારી; ત્યાંથી રેલગાડીમાં ખાસ સલૂનમાં બોરીવલી; લેવલ ક્રૉસીંગે ગાડી ઊભી રાખી ઉતારી લેવામાં આવ્યા, પૂના સુધી મોટરમાં મુસાફરી કરી શકશે કે કેમ એ નક્કી કરવા ડૉકટરી તપાસ કરવામાં આવી, બારીઓએ

---

૧. (૧) મહાદેવભાઈને છ માસની સજા થઈ.

(૨) વડી ધારાસભાના પ્રમુખપદેથી વિઠ્ઠલભાઈ પટેલે રાજીનામું આપ્યું.

૨. આધાર નં. ૪૨ના વૉ. ૪૩માં આની તારીખ ૨૬ જણાવી છે, પણ બીજા આધારોમાં તા. ૨૭ છે, અને એ પ્રમાણભૂત માની છે.

૩. સને ૧૯૧૦નો છાપાં-નિયમન ધારો, જે સને ૧૯૨૨માં રદ થયો હતો તે, ચળવળને દાબવા માટે, આજે, એક ફતવાથી (ઑર્ડિનન્સથી) વાઇસરૉયે સજીવન કર્યો.

૪. આધાર નં. ૪૨ના વૉ. ૪૩માં તા. ૬–૪–૩૦થી ૫–૫–૩૦ સુધીમાંની કેટલીક તારીખોના, કેટલાંક સ્થળો, ગાંધીજી જે તે દિવસે ત્યાં હતા એમ માનવાનું નથી, પણ જે તે સ્થળેથી ટપાલ મોકલી, તાર મોકલ્યો અગર છાપાંના પ્રતિનિધિઓએ સંદેશા મોકલ્યા એમ માનવાનું છે.

પર્દા નાખેલી મોટરમાં લઈ ગયા.[1] ⇕ યરોડા જેલ : સાડા દસ વાગ્યે લાવવામાં આવ્યા.

૬ થી ૯ યરોડા જેલ.

૧૦ યરોડા જેલ : જેલ અધિકારીને પત્ર—'મારા માટે નિયત કરેલી સગવડો મારે જોઈતી નથી; છાપાં સરકાર મારફત જોઈતાં નથી પણ જો સરકાર રજા આપે તો અમુક હું મંગાવું, પણ મારી શરત છે કે જે આવે તેમાંથી સરકાર કાપકૂપ ન કરે; સરકાર મને મહિને સો રૂપિયા ભથ્થું આપવા માગે છે પણ મારે એ જોઈતું નથી, આશા રાખું છું સરકાર મને કૃતઘ્ની અગર નગુણિયો માનશે નહિ; મને લાગે છે આપણે સૌ ગરીબ-ભૂખ્યાં ઉપર જીવીએ છીએ; હું એ પણ જાણું કે હું જે કાંઈ છોડીશ તેનાથી થતી બચત દુર્વ્યયના સમુદ્રમાં ટીપા સમાન છે; કેદીઓના હાલના વર્ગીકરણ સામે મારો વિરોધ છે; એક ખૂની પણ યોગ્ય વર્તનનો અધિકારી છે; બીજા સત્યાગ્રહી કેદીઓથી મને વિખૂટો પાડવો એ એક નિર્દય કૃત્ય છે.' વગેરે. વગેરે.

૧૧ થી ૧૮ યરોડા જેલ.

૧૯ યરોડા જેલ : સરકારને પત્ર—'તમે ભીંત ભૂલ્યા છો. જ્યારે આખો સમુદાય કોઈ કાયદાની સામે થાય ત્યારે એ ગેરકાયદે વર્તે છે એમ કહેવાય જ નહિ અને આ લડતમાં તો કાયદાને સંપૂર્ણપણે માન આપનાર અસંખ્ય લોકો પડ્યા છે. એમનો કાયદાભંગ ગુનાહિત વૃત્તિથી ભરેલો નથી. તમારા હૈયે હિંદનું હિત હશે પણ તમને

---

૧. (૧) મોટર ઉપડયા પછી હાજર રહેલા લશ્કરી અમલદારે મોટરને સલામ કરી.

(૨) આ ધરપકડ, સને ૧૮૨૭ના કાયદા નં. ૨૫ અનુસાર કરવામાં આવી હતી. સને ૧૯૧૮માં પેશ્વાઈ પડી ભાંગી ત્યારે મરાઠા સરદારોની ખટપટો ખૂબ વધી પડી; એ અટકાવવા એ વખતની મુંબઈમાંની કંપની સરકારે આ કાયદો ઘડી કાઢયો. એનો હેતુ, રાજદ્વારી કારણોસર, આવા સરદારોને અટકાયતમાં રાખવાનો અને એમની જમીનો ખાલસા કરવાનો હતો. આ કાયદા મુજબ ગાંધીજીની ધરપકડ કરી એમને અટકાયતમાં રાખવામાં આવ્યા. !

(૩) હિંદમાં, ગાંધીજીની આ ચોથી વખતની ધરપકડ હતી.

રોગની દવા આવડતી નથી. મીઠાવેરો જાય, દારૂબંધી થાય અને પરદેશી કાપડ આવતું અટકે એ અતિશય મહત્ત્વનું છે. હિંદ, વિલાયતને જીવાડવા માટે નથી–પોતાની જાતને જીવાડવા માટે છે.' વગેરે. વગેરે.

૨૦ યરોડા જેલ : લંડન 'ડેઈલી હેરાલ્ડ'ના ખબરપત્રી જ્યોર્જ સ્લોકોમ્બેએ મુલાકાત લીધી. ગાંધીજીએ મોતીલાલ નહેરુ સાથે ચર્ચા કરવા સલાહ આપી. ● સીવવાનો સંચો મંગાવ્યો.[1]

૨૧ યરોડા જેલ : કમળશંકરનું 'સંસ્કૃત શિક્ષક' મગાવ્યું.

૨૨ થી ૨૯ યરોડા જેલ.

૩૦ યરોડા જેલ : મળવા આવનાર પૈકી બિન–સગાંને મળવા દેવા જેલ–સત્તાવાળાઓએ ના પાડી હતી એટલે કોઈને પણ મળવાની ના પાડતાં સરકારને લખ્યું : 'હું લોહીના સંબંધી અને બીજા સંબંધી વચ્ચે ફરક પાડી શકું નહિ, અને તમે એ વસ્તુસ્થિતિ સ્વીકારી હતી એમ હું માનું છું. છતાં હું કાંઈ ખાસ હક ભોગવવા માગતો નથી. સરકારની એવી નીતિ હોય કે લોહીની સગાઈવાળા જ મને મળી શકે તો મારે એવાને પણ નથી મળવું. તમને જણાવું કે ૧૯૨૨માં મારી સાથે આવો વર્તાવ રાખવામાં આવ્યો નહોતો.'[2]

૩૧ યરોડા જેલ.

જૂન

૧ થી ૧૧ યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : જેલ અધિકારીને પત્ર––'તમે કહ્યું, લોહીની સગાઈવાળા, મને અઠવાડિયામાં બે વખત મળી શકે છે, અને બીજાઓએ ખાસ પરવાનગી લેવી પડશે. પણ મારી પત્ની અને એનાં પિયરિયાં મારી લોહીની સગાઈવાળાં ન ગણાય એટલે એમણે પણ રજા માગવાની ? વળી અગાઉ જણાવ્યું હતું તેમ મારા મનમાં આવો ભેદભાવ નથી ... મેં સાંભળ્યું છે કે કાકા કાલેલકરને મારા સોબતી તરીકે અહીં લાવવાના છે. એ આવે એ મને ગમે, પણ

---

૧. સંચો આવી ગયો અને શિવણ શીખવા માંડયું.

૨. સરકારે આનો જવાબ નકારમાં આપ્યો.

આજે, એ, મિત્રો સાથે છે; ત્યાંથી એમને વિખૂટા પાડવામાં આવે અને અહીં મારા એકલાની જ સોબત એમને મળે એ હું ઇચ્છતો નથી. ખરું જોતાં તો જેમ બીજા કેદીઓને, સાથે રાખવામાં આવે છે તેમ અમને-સત્યાગ્રહી કેદીઓને- પણ સાથે જ રાખવા જોઈએ.'

૧૩ થી ૧૮ યરોડા જેલ.

૧૯ યરોડા જેલ : ગાંધીજીની ના છતાં કાકા કાલેલકરને સાબરમતી જેલમાંથી લાવી ગાંધીજી સાથે રાખ્યા.

૨૦ થી ૩૦[1] યરોડા જેલ.

જુલાઈ

૧ થી ૭[2] યરોડા જેલ.

૮ યરોડા જેલ : જેલ અધિકારીને પત્ર—'તમારી સાથે થયેલી ચર્ચા મુજબ, જેમને હું મળવા ઇચ્છું તેમના નામોની યાદી આ સાથે મોકલી છે. આમાં ઉમેરો થવા સંભવ છે.'

---

૧. દરમિયાન

(૧) તા. ૨૦મીએ સ્લોકોમ્બે, મોતીલાલ નહેરૂને મળ્યા; અને જયકર-સપ્રુના સમાધાનના પ્રયાસોના શ્રીગણેશ મંડાયા.

(૨) તા. ૨૬મીએ સરદાર વલ્લભભાઈ છૂટયા.

(૩) તા. ૩૦મીએ મોતીલાલ નહેરૂની ધરપકડ થઇ અને એ જ દિવસે એમને સજા કરવામાં આવી.

(૪) આ અરસામાં 'નવજીવન', 'યંગ ઈન્ડિયા' અને નવજીવન મુદ્રણાલય પાસેથી અનુક્રમે રૂપિયા ૨,૦૦૦, ૨,૦૦૦ અને ૧,૦૦૦ની જામીનગીરી માગવામાં આવી.

૨. દરમિયાન તા. ૭મીએ જામીનગીરી નહિ આપવાના ગુનાસર મુદ્રણાલય (આશરે રૂા. ૪૦,૦૦૦ની કિંમતનું) જપ્ત કરવામાં આવ્યું. આધાર નં. ૫૬ના પાન ૪ અને ૧૩૭ ઉપર આની તા. ૨૭-૪-૩૦ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૧૯૩૦-જુલાઈ ઑગસ્ટ

૯ થી ૨૨[૧] યરોડા જેલ.

૨૩ યરોડા જેલ : તા. ૮મી એ લખેલા પત્રનો જવાબ આવ્યો—'યાદી બહુ લાંબી છે અને એમાં ઉમેરો કરવાની છૂટ તમે રાખી છે. આ સ્વીકારી શકાય નહિ.' ● જયકર અને સપ્રુ સુલેહ માટે ચર્ચા કરવા આવ્યા.

૨૪ યરોડા જેલ : ચર્ચા ચાલુ. એ પૂરી થયા પછી મોતીલાલ નહેરુ ઉપર પત્ર લખી આપ્યો—'જેલની અંદર હોવાથી કોઇપણ જાતનો અભિપ્રાય આપતાં ખચકાઉં છું. તમે અને જવાહર જે કરો તે સહી છે. આ લોકોનો બહુ આગ્રહ હોવાથી મારા અભિપ્રાયની નોંધ એમને આપું છું. એનાથી જેટલા આગળ તમે જાવ તે સાથે હું સંમત છું.'

૨૫ થી ૩૦[૨] યરોડા જેલ.

૩૧ યરોડા જેલ : જયકર એકલા આવ્યા અને નહેરુનો તા. ૨૮મી નો પત્ર આપ્યો.

૧૯૩૦-ઑગસ્ટ

૧ થી ૨ યરોડા જેલ : જયકર સાથે મસલત ચાલુ. ગાંધીજીએ ખાસ નોંધ લેવરાવી કે સમાધાન ગમે તે થાય પણ સંપૂર્ણ સ્વતંત્રતા માગવાનો પોતાનો હક હિંદ ઊભો રાખે છે.

---

૧. (૧) છાપેલાં 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' અનુક્રમે તા. ૧૩ અને ૧૦ થી બંધ થયાં. બદલામાં ટાઈપ કરેલાં સાયક્લોસ્ટાઈલ શરૂ થયાં.

(૨) દરમિયાન જયકર–સપ્રુએ વાઈસરૉય સાથે ચર્ચા કરી લીધી અને તા. ૧૩મીએ સમાધાન અંગે એમને પત્ર લખ્યો.

(૩) આ અરસામાં ગાંધીજીએ કાકા કાલેલકર પાસે મરાઠી શીખવા માંડયું.

૨. દરમિયાન તા. ૨૭મીએ જયકર–સપ્રુ, નહેરુ પિતા–પુત્રને નૈની જેલમાં મળ્યા અને એમને ગાંધીજીનો તા. ૨૪મીનો પત્ર આપ્યો. બે દિવસની ચર્ચા બાદ તા. ૨૮મીએ નહેરુ પિતા-પુત્રે, ગાંધીજીને આપવા માટે એક કાગળ આપ્યો.

૧૯૩૦—ઑગસ્ટ—સપ્ટેમ્બર

૩ થી ૧૩[1] યરોડા જેલ.

૧૪ થી ૧૫ યરોડા જેલ : જયકર, સપ્રુ; નહેરુ પિતા-પુત્ર. (જેમને ખાસ અહીં લાવવામાં આવ્યા હતા) સરદાર વલ્લભભાઈ અને ગાંધીજી વચ્ચે સુલેહ અંગે ચર્ચા. લડતના નેતાઓએ પોતાની શરતો રજુ કરી.

૧૬ થી ૩૧[2] યરોડા જેલ.

સપ્ટેમ્બર

૧ થી ૨ યરોડા જેલ.

૩ થી ૫ યરોડા જેલ : તા. ૩જીએ, વાઇસરૉયનો પુત્ર લઈને જયકર-સપ્રુ આવ્યા. ત્રણે દિવસ ચર્ચા ચાલુ. અંતે સ્પષ્ટ થયું કે કૉંગ્રેસ સંપૂર્ણ સ્વતંત્રતા માગે છે, જરૂર પડયે હિંદ, સામ્રાજ્યમાંથી છૂટું પણ પડે એવો હક અનામત રાખવા માગે છે; અને સમાન સાથી તરીકે વાત કરવા માગે છે; જ્યારે વાઇસરૉય સાંસ્થાનિક સ્વરાજ આપવાની પણ બાંયધરી આપવા તૈયાર નથી.[3]

૬ થી ૨૦ યરોડા જેલ.

---

૧. દરમિયાન તા. પાંચમીએ સરદાર વલ્લભભાઇને ત્રણ માસની સજા થઈ.

૨. દરમિયાન તા. ૨૧મીએ જયકર એકલા વાઈસરૉયને મળ્યા અને આ શરતો બતાવી. તા. ૨૫મીએ સપ્રુ પણ ચર્ચામાં સામેલ થયા. તા. ૨૬ અને ૨૭ ચર્ચાઓ ચાલી. તા. ૨૮મીએ પત્ર લખી વાઈસરૉયે જણાવી દીધું કે તા. ૧૫મી ની શરતો સ્વીકારી શકાય એમ નથી. તા. ૩૦ અને ૩૧મીએ જયકર-સપ્રુ નહેરુ પિતા-પુત્રને નૈની જેલમાં મળ્યા. ચર્ચાને અંતે એમણે ગાંધીજી ઉપર પત્ર લખી આપ્યો. એમાં જણાવ્યું કે વાઈસરૉયનું વલણ જોતાં સમાધાન શક્ય નથી.

૩. આમ વાટાઘાટોનો અંત આવ્યો.

૧૯૩૦—સપ્ટેમ્બર-ઑક્ટોબર

૨૧ યરોડા જેલ : જેલ અધિકારીને પત્ર—'મારા માંદા સાથીઓને મને મળવા દો. મને અપાતી વધારાની સગવડો મને એમનાથી છૂટા પાડવા માટે અપાતી હોય તો એ પાછી લઈ લો, એથી ભલે મારી તબિયત પર માઠી અસર થાય. હું જાણું છું, કેદીને પોતાના શરીરના ઉપયોગ વિશે હક નથી; પણ એ પણ જાણું છું કે મારું શરીર ટકાવી રાખવા માટે મારા સહકારની જરૂર છે. જો સાથીની સેવા માટે એનો ઉપયોગ ન થઈ શકે તો એ ટકાવવા હું જરાય ઈચ્છતો નથી.'

૨૨ યરોડા જેલ : ગઈ કાલના પત્રનો જવાબ આવ્યો :–'બધાની તબિયત સુધારા પર છે.'

૨૩ થી ૨૯ યરોડા જેલ.

૩૦ યરોડા જેલ : તા. ૨૧મીના પત્રના અનુસંધાનમાં લખ્યું :— 'શનિ (તા. ૪ ૧૦–૩૦)ના બપોર સુધીમાં મારી માગણી સ્વીકારવામાં નહિ આવે તો મારું શરીર ટકાવી રાખવાના સરકારના પ્રયત્નામા હું સાથ આપીશ નહિ,' વગેરે. વગેરે.

ઑક્ટોબર

૧ યરોડા જેલ.

૨ યરોડા જેલ : જેલ અધિકારીને પત્ર—'તમને અને મિ. ક્વીન, જે, ચર્ચા માટે આવ્યા છે તેમને પણ મેં કહ્યું છે કે મારા માંદા સાથીઓને મારા યાર્ડમાં આવવા દેશો તો મને સંતોષ થશે અમે રાજકીય બાબતો ચર્ચીશું નહિ.'

૩ યરોડા જેલ : અનુસંધાનમાં લખ્યું —'જેમને હું ઓળખતો હોઉં અને જેઓ માંદા હોય અગર જેમના પ્રત્યે અયોગ્ય વર્તન દાખવવામાં આવ્યું હોય તેમને જ મળવા માંગુ છું.'[1]

૪ થી ૩૦[2] યરોડા જેલ.

૩૧ યરોડા જેલ : પોતે કાંતેલું સૂતર, કસ્તુરબા માટે સાડીઓ વણાવવા આશ્રમમાં મોકલવા પરવાનગી માંગી.

---

૧. ગાંધીજીની માગણી સ્વીકારવામાં આવી.

૨. (૧) દરમિયાન તા. ૧૧મીએ જવાહરલાલ છૂટયા.
(૨) તા ૨૪મીએ મહાદેવભાઇ છૂટયા.

૧૯૩૦—નવેમ્બર થી ૧૯૩૧–જાન્યુઆરી

૧ થી ૩૦[1] યરોડા જેલ.

ડિસેમ્બર

૧ થી ૩૧[2] યરોડા જેલ.

જાન્યુઆરી

૧ થી ૨૪[3] યરોડા જેલ.

---

૧. દરમિયાન.

(૧) આ પાંચમીએ સરદાર વલ્લભભાઈ છૂટયા.

(૨) તા. ૧૨મીએ લંડનમાં ગોળમેજી પરિષદ શરૂ થઈ-કોંગ્રેસ વિના. ('પ્રજાબંધુ'ના તા. ૧૬-૧૧-૩૦ના અંકના પાના ૧૮ ઉપર આની તારીખ બાવીસ જણાવી છે, પણ એ મુદ્રણદોષ છે.)

(૩) તા. ૧૫મીએ સમાચાર આવ્યા, 'સૂતર મોકલી શકાશે નહિ.' (જુઓ તા. ૩૧-૧૦-૩૦).

(૪) તા. ૨૫મીએ મહાદેવભાઈની ધરપકડ થઈ.

(૫) તા. ૨૯મીએ પ્યારેલાલને ગાંધીજી સાથે રાખ્યા.

૨. દરમિયાન તા. ૬ઠ્ઠીએ મહાદેવભાઇને સજા થઈ.

૩. દરમિયાન.

(૧) તા. ૪થીએ મૌલાના મહંમદઅલીનું લંડનમાં અવસાન થયું. એ, પહેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા હતા.

(૨) તા. ૬ના રોજ વલ્લભભાઈની ધરપકડ થઈ.

(૩) તા. ૧૭મીએ વડી ધારાસભામાં વાઈસરોય બોલ્યા :- ગાંધી માટે મને માન છે, પણ એમના નેતૃત્વ નીચે સ્વરાજ માટે કોંગ્રેસે જે રાહ અપનાવ્યો છે તેનાથી નુકસાન છે; અને તેથી, તેનો સામનો અમારાં સઘળાં સાધનોથી કરવામાં આવે છે અને આવશે.

(૪) તા. ૧૮મીએ સુભાષચંદ્ર બોઝની ધરપકડ થઈ.

(૫) તા. ૧૯મીએ પહેલી ગોળમેજી પરિષદ પૂરી થઈ. બ્રિટનના વડાપ્રધાને હિંદને સાંસ્થાનિક સ્વરાજ આપવાની ઇચ્છા જાહેર કરી.

(૬) પહેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયેલા, શ્રીનિવાસ શાસ્ત્રી, જયકર, સપ્રુ, વગેરેએ મોતીલાલ નહેરુને તા. ૨૨મીએ તાર

૧૯૩૧-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૨૫[1] યરોડા જેલ.

૨૬ યરોડા જેલ : રાત્રે અગિયાર વાગ્યે ગાંધીજીને છોડયા.[2] ● પોતાની વપરાશનાં વાસણ એમણે માગી લીધાં.

૨૭ મુંબઈ : કોંગ્રેસ હૉસ્પિટલની મુલાકાત લીધી. ● પારસી કોમ જોગો સંદેશો આપ્યો. ● જાહેર સભા—સમય સાંજ; સ્થળ આઝાદ મેદાન. ખૂબ ધસારો, ૩૧ માણસ ચગદાયા, ૧ સ્ત્રી તુરત જ મરણ પામી; ભાષણ થઈ શકયું નહિ.

૨૮ અલાહાબાદ : ચોકી સ્ટેશને ઊતરી સીધા 'આનન્દ ભવન' ગયા.[3]

૨૯ અલાહાબાદ.

૩૦ અલાહાબાદ : ડેઈલી હેરલ્ડને તાર 'વડાપ્રધાનનું નિવેદન અપૂરતું. ચાળા સારા નથી છતાં મન ખુલ્લું રાખ્યું છે.'

૩૧ અલાહાબાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

ફેબ્રુઆરી

૧ અલાહાબાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; લડત ચાલુ જ છે, પણ પિકેટીંગમાં બળજબરી ન હોય, એ મતલબનો ઠરાવ થયો. ● સરકાર સાથે સંધી ન થાય ત્યાં સુધી લડત બંધ રાખી શકાય નહિ. એ મતલબનું નિવેદન બહાર પાડયું. ● જાહેર સભા, સ્થળ પુરુષોત્તમ પાર્ક.

૨ અલાહાબાદ : તા. ૧લીએ વાઈસરૉયને લખેલો પત્ર આજે મોકલ્યો. અત્યાચારોની તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી મારે તો એ માનવા જ પડે.

કર્યો—'અમને સાંભળ્યા વિના કોઈ આખરી નિર્ણય લેશો નહિ' એમણે જવાબ આપ્યો.—'અમે નિર્ણય લઈ લીધો છે; પણ તમારી ઇચ્છાનુસાર એ બહાર પાડીશું નહિ, અને લડત તો ચાલુ રહેશે જ.'

૧. વિલાયતના વડાપ્રધાને તા. ૧૯મીએ કરેલી જાહેરાતની વિચારણા કરવાની તક મળે એ માટે ગાંધીજીને અને વર્કીંગ કમિટીના સભ્યોને બિનશરતે છોડવાનો હુકમ વાઈસરૉયે ફરમાવ્યો.

૨. છૂટવાની તારીખ-'પ્રજાબંધુ'ના તા. ૨૯મીના વધારાના પાના ૬ ઉપર ૨૭ જણાવી છે, આધાર નં. ૧૦૧ના પાના ૧૧૮ ઉપર ૨૪ જણાવી છે, અને આધાર નં. ૯૫ના પાના ૮૮ ઉપર તથા આધાર નં. ૨૩૨ના પાના ૨૪૯ અને ૨૫૧ ઉપર ૨૫ જણાવી છે. પણ એ બધીય ખોટી છે.

૩. મોતીલાલ નહેરુ ગંભીર રીતે માંદા હતા.

૧૯૩૧-ફેબ્રુઆરી

૩ અલાહાબાદ.

૪ અલાહાબાદ. ⇕ લખનૌ : માંદા મોતીલાલ નહેરુની સાથે આવ્યા.

૫[1] લખનૌ : ઉતારો કાલાકાંકરની કોઠીમાં. એન. સી. મહેતા અને રાધા કુમુદ મુકરજી મળવા આવ્યા.

૬[2] લખનૌ[3] ⇕ અલાહાબાદ : રસ્તામાં મોટર અકસ્માત, સૌ બચી ગયાં. ● મોતીલાલ નહેરુના મૃતદેહને અગ્નિદાહ દીધો એ વખતે હાજર અને પ્રવચન.

૭ થી ૮[4] અલાહાબાદ : સર તેજ બહાદુર સપ્રુ સાથે ચર્ચા.

૯ થી ૧૦ અલાહાબાદ.

૧૧ અલાહાબાદ : શ્રીનિવાસ શાસ્ત્રી મળવા આવ્યા.

૧૨ અલાહાબાદ : શ્રીનિવાસ શાસ્ત્રી, જયકર અને સપ્રુ સાથે વર્કીંગ કમિટીની ચર્ચા.

૧૩ અલાહાબાદ : ચર્ચા ચાલુ. ● વર્કીંગ કમિટીની બેઠક. ● શ્વેબ કુરેશી અને ભોપાળના નવાબ સાથે ચર્ચા.

૧૪ અલાહાબાદ : વર્કીંગ કમિટીની ચર્ચા પૂરી થઈ; વાઈસરૉયને લખવાના પત્રનો મુસદ્દો નક્કી થયો.

૧૫[5] અલાહાબાદ : ઠક્કરબાપા અને ચિંતામણિ સાથે ચર્ચા.

૧૬ અલાહાબાદ.

---

૧. (૧) મોતીલાલ નહેરુની તબિયત વધુ બગડી.

(૨) આજના હસ્તલિખિત 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીનો તા. ૧-૨-૩૧નો પત્ર છપાયો. ત્યાર પછી અવારનવાર એમનાં લખાણો આવવા માંડયાં.

(૩) આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૪૫ના અનુ નં. ૨૧૧ મુજબ ગાંધીજી આજે અલાહાબાદ હતા, પણ એ ભૂલ લાગે છે.

૨. ગોળમેજી પરિષદમાંથી હિંદી પ્રતિનિધિઓ હિંદ પાછા આવ્યા. એમણે કહ્યું 'સાંસ્થાનિક સ્વરાજ મળવા વિષે હવે કાંઈ ઝઘડો રહ્યો નથી.'

૩. મોતીલાલ નહેરુનું અવસાન.

૪. દરમિયાન તા. ૨જીના પત્રનો જવાબ વાઈસરૉય તરફથી આવ્યો-તપાસની માંગણી સ્વીકારી શકાય નહિ.

૫. વાઇસરૉયનો જવાબ આવ્યો કે એ ગાંધીજીને મળશે.

૧૯૩૧-ફેબ્રુઆરી

૧૭ દિલ્હી : ગાઝીઆબાદ સ્ટેશને ઊતર્યા. પછી મોટરગાડીમાં સહાદરા; પછી યમૂના કિનારે ફર્યા. ● ઉતારો ડૉ. અનસારીને ત્યાં. ● શાસ્ત્રી, જયકર અને સપ્રુ મળવા આવ્યા. ● વાઈસરૉય સાથે ચાર કલાક મસલત.[1] ● પેલા ત્રણ ફરી મળવા આવ્યા. ● સર ઈબ્રાહીમને મળવા ગયા.

૧૮ દિલ્હી : વાઈસરૉય સાથે મસલત. ● નેતાઓ સાથે ચર્ચા.

૧૯ દિલ્હી : વાઈસરૉય સાથે મસલત. ● જયકર-સપ્રુની મુલાકાત. ● ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા.

૨૦ દિલ્હી : જયકર, સપ્રુ તથા બીજા નેતાઓ સાથે ચર્ચા. ● વેપારી મંડળને મુલાકાત આપી.

૨૧ દિલ્હી : 'ન્યુસ ક્રૉનિકલ'ના પ્રતિનિધિને મુલાકાત આપી. ● વર્કીંગ કમિટીની બેઠક. ● જાહેર સભા, સ્થળ રાણી બાગ.[2]

૨૨ દિલ્હી : દેશી રાજ્ય પ્રજા પરિષદના નેતાઓ મળવા આવ્યા. ●વર્કીંગ કમિટીની બેઠક. ● મુસ્લિમ લીગની બેઠકમાં પ્રવચન.[3]

૨૩ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠક; વાઈસરૉય સાથે મસલત ચલાવવા ગાંધીજીને સંપૂર્ણ સત્તા આપવામાં આવી.[4]

૨૪ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠક.

૨૫ દિલ્હી : બેઠક ચાલુ. ● હિંદુ કૉલેજમાં લાલા લજપતરાયની છબીની અનાવરણ વિધિ.

૨૬ દિલ્હી : બેઠક ચાલુ. ● સિસગંજ ગુરુદ્વારમાં પ્રવચન.

૨૭ દિલ્હી : બેઠક ચાલુ. ● વાઈસરૉય સાથે મસલત.

૨૮ દિલ્હી : બેઠક ચાલુ.

---

૧. વિન્સ્ટન ચર્ચીલથી આ ન ખમાયું. તા. ૨૩મીએ કરેલા એક ભાષણમાં એ બોલ્યા :-મિડલ ટેમ્પલનો એક વકીલ ગાંધી (ગાંધીજી મિડલ ટેમ્પલના નહિ પણ ઈનર ટેમ્પલના વકીલ હતા) જે, પૂર્વમાંના બહુ જાણીતા પ્રકારના ફકીરનો સ્વાંગ સજી રહ્યો છે, અને જે હજી સવિનયભંગની રાજ વિરુદ્ધની ચળવળ ગોઠવી અને ચલાવી રહ્યો છે તે, સમ્રાટના પ્રતિનિધિ સાથે, સમાન દરજ્જે ચર્ચા કરવા માટે, અર્ધનગ્ન દશામાં વાઈસરૉયના મહેલનાં પગથિયાં આજે ચઢી રહ્યો છે -એ દશ્ય ભયજનક અને ઘૃણાસ્પદ છે.

૨. 'ઇન્ડિયન રિવ્યુ'ના માર્ચ ૧૯૩૧ના અંકના પા. ૨૨૪ ઉપર આની તા. ૨૦ છે.

૩. એ જ આધારમાં આની તા. ૨૩ છે. એ ભૂલ લાગે છે.

૪. આધાર નં. ૯૩ના ૧૯૩૧ના ભાગ-૧ના પા. ૨૭ ઉપર આની તા. ૨૪ છે.

૧૯૩૧—માર્ચ

૧ દિલ્હી : બેઠક ચાલુ. ● શાસ્ત્રી ખાસ આવીને બોલ્યા. ● શાહ નવાઝ ભુટ્ટો, સર પુરુષોત્તમદાસ, અંબાલાલ સારાભાઈ અને સરલાદેવી મળવા આવ્યા. ● વાઈસરૉય સાથે બે મુલાકાતો. બીજી મુલાકાત મધરાત પછી પૂરી થઈ.

૨ દિલ્હી : બેઠક ચાલુ. ● મિલમાલિકો સાથે વાતો.

૩ દિલ્હી : બેઠક ચાલુ. ● વાઈસરૉય સાથે મુલાકાત; લેખિત કરાર થયા.[1]

૪ દિલ્હી : બેઠક ચાલુ—ગરમાગરમ ચર્ચા; શાસ્ત્રી, જયકર, સપ્રુ સાથે ચર્ચા પછી કરારને બહાલી. લડત બંધ, સરકાર પોતાનાં શસ્ત્રો પાછાં ખેંચે, પૂર્વવત્ સ્થિતિ સ્થાપે, મીઠું પકવવાની છૂટ આપે. વગેરે. વગેરે.

૫[2] દિલ્હી : વાઈસરૉયની મુલાકાત. ● વર્કીંગ કમિટીની બેઠક. ● ગાંધી-ઈરવિન કરાર જાહેર કરવામાં આવ્યા. ● જયકર-સપ્રુ વગેરે મળવા આવ્યા. ● વર્કીંગ કમિટીની બીજી બેઠક. ● હિંદી અને અમેરિકન પત્રકારો સમક્ષ નિવેદન.

૬[3] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠક; સત્યાગ્રહની લડત બંધ કરી. ● સિસગંજ ગુરુદ્વારામાં પ્રવચન.

૭ દિલ્હી : સરહદ પ્રાંતમાં જવા દેવા વાઈસરૉયને પત્ર લખ્યો. જવાબમાં વાઈસરૉયે બોલાવ્યા એટલે મળ્યા. ન જવાની સૂચના થઈ. ● શાસ્ત્રી મળવા આવ્યા. ● જાહેર સભા, સ્થળ ગણીબાગ.

૮ દિલ્હી : શૌકતઅલી મળવા આવ્યા. ● કાર્યકર્તાઓ સમક્ષ પ્રવચન. ● સ્ત્રીઓની સભા. ● સત્યવતી મળવા આવી.

૯ અમદાવાદ : રસ્તામાં પાલણપુરના નવાબ સાથે પાંચ માઈલ સુધી ટ્રેનમાં વાતો. ● શાહીબાગની ફાટકે ઊતર્યા. ● ઉતારો શેઠ રણછોડલાલ અમૃતલાલને ત્યાં.

૧૦ અમદાવાદ : વાનરસેના અને બાલસેવિકા સંઘના સભ્યો સમક્ષ પ્રવચન, સ્થળ વીસા શ્રીમાળીની વાડી. ● શહેરીઓનું માનપત્ર અને થેલી; સમય સાંજે સાડા પાંચ; સ્થળ નદીની રેત. ● સ્વદેશી સભા (અમદાવાદ ૭૨ મિલો જેઓ કૉંગ્રેસની શરતો મુજબ કામ કરતી હતી તેમની સંસ્થા) તરફથી થેલી; સ્થળ નદી પાર શેઠ મંગળદાસનો બંગલો.

---

૧. આધાર નં. ૨૯૬ના પા. ૮૫ ઉપર જણાવ્યું છે કે આ કરાર ડિસેમ્બરમાં થયો હતો, પણ એ ભૂલ છે.

૨. 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'નું તંત્રીપદ સંભાળ્યું.

૩ સરકારે બધા ઑર્ડિનન્સો રદ કર્યા.

૧૯૩૧-માર્ચ

૧૧ અમદાવાદ : દાંડીકૂચના સાથીઓ સમક્ષ પ્રવચન; સમય સવાર; સ્થળ વિદ્યાપીઠ. ● કાર્યકર્તાઓની સભા. ● સ્વયંસેવક અને સેવિકાઓ સમક્ષ પ્રવચન. ● સ્ત્રીઓની સભા સ્થળ વિસા શ્રીમાળીની વાડી; અત્યન્ત ભીડ; બે સ્ત્રીઓ ચગદાઇ મરણ પામી.[1] ● મિલ કામદારો અને અંત્યજો તરફથી સ્વાગત; સમય સાંજે સાડા સાત; સ્થળ મીરજાપુર 'શાંતિસદન' ● મૂળચંદભાઈને ત્યાં ખરખરો કરવા ગયા.

૧૨[2] અમદાવાદ : પરદેશી કાપડની હોળી; સ્થળ પોતાનો ઉતારો. ⇕ બારેજા ⇕ નવી નાવલી. ⇕ બોરસદ. ⇕ રાસ. ⇕ સુણાવ : જાહેર સભા.

૧૩ સુણાવ. ⇕ પેટલાદ. ⇕ ધર્મજ. ⇕ ભાદરણ. ⇕ વીરસદ. ⇕ બોચાસણ : જાહેર સભા. ⇕ વાસણા. ⇕ આંકલાવ. ⇕ નડિયાદ : ઉતારો દાદુભાઈને ત્યાં; જાહેર સભા; સ્થળ સંતરામનું મંદિર.

૧૪ દાંડી ⇕ કરાડી : જાહેર સભા, રચનાત્મક કાર્યક્રમનો અનુરોધ. ⇕ નવસારી : પરદેશી કાપડના વેપારીઓનું માનપત્ર લેવા ના પાડી. " 'મહાત્મા'ના ઇલકાબની મને સૂગ છે " ⇕ સીસોદરા. ⇕ નરસંડા. ⇕ બારડોલી : ઉતારો સ્વરાજ આશ્રમમાં.

૧૫[3] બારડોલી : તાલુકાના પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● જાહેર સભામાં હાજર, પણ બોલ્યા નહિ. ⇕ ઉમરખાડી.[4] ⇕ સુરત : જાહેર સભા.

૧૬ મુંબઈ : બપોરે મૂળજીભાઈ સિક્કાને ત્યાં. ● જવાહરલાલ વગેરે સાથે ચર્ચા ● મજૂરોની બે સભા; સમય રાત; સ્થળ પરેલ અને પોઇબાવડી પર આવેલું કામદાર મેદાન; અને દાદર; હિંસામાં માનનારના વિરોધી દેખાવો. ● નગીનદાસ અમુલખરાય અને કિશોરલાલની ખબર કાઢી. ● સુભાષચન્દ્ર બોઝ સાથે ચર્ચા.

૧૭ મુંબઈ : ચર્ચા સવારના અઢી વાગ્યા સુધી ચાલુ. ● પ્રવચન :– (૧) સ્વયંસેવકો સમક્ષ અને (૨) દેશસેવિકાઓ સમક્ષ.

---

૧. આમાંના એક, પ્રસન્નબેન (મૂળચંદ આશારામનાં પત્ની) હતાં.

૨. છાપેલું 'યંગ ઈન્ડિયા' શરૂ થયું. જુઓ તા. ૯ થી ૨૨–૭–૩૦ની પાદટીપ.

૩. છાપેલું 'નવજીવન' શરૂ થયું જુઓ તા. ૧૩–૭–૩૦.

૪. કદાચ ઉમરાખ હશે.

૧૯૩૧—**માર્ચ**

ચર્ચાઓ :— શૌકતઅલી સાથે, (૨) ઉદ્યોગપતિઓ સાથે, સ્થળ મિલ-માલિક મંડળની કચેરી અને (૩) કાર્યકરો સાથે, સ્થળ કૉંગ્રેસ હાઉસ. ● જાહેર સભા; સમય સાંજ; સ્થળ આઝાદ મેદાન; પ્રમુખ જવાહરલાલ. ● મ્યુનિસિપલ પ્રમુખ હુસેનભાઈ લાલજી તરફથી આપવામાં આવેલી પાર્ટીમાં હાજર; સમય રાત; સ્થળ એમનો બંગલો. ● મહારાણી ગાયકવાડને મળવા ગયા.

૧૮ મુંબઈ : પરદેશી કાપડના નિકાલ અંગે એના વેપારીઓ સાથે ચર્ચા. ● સ્વાગત સભા; સ્થળ વીલે પારલે; પ્રમુખ કે નટરાજન્.

૧૯ દિલ્હી : વાઈસરૉયને મળ્યા; એમણે ફરિયાદ કરી કે કૉંગ્રેસ કાર્યકર્તાઓ ગાંધી-ઈરવિન કરારનો ભંગ કરે છે. ● હોમ સેક્રેટરી ઈમર્સનને મળ્યા.

૨૦ દિલ્હી : પ્રતિનિધિમંડળો મળવા આવ્યાં :- શીખ કોમનું, (૨) હિંદુઓનું.

૨૧[1] દિલ્હી : ગાંધીજી તથા ગોળમેજી પરિષદના કેટલાક સભ્યો વાઈસરૉયને મળ્યા. ● ભગતસિંહ તરફથી દયા માગતો પ્રાર્થનાપત્ર સુધારી આપ્યો.[2]

૨૨ દિલ્હી : મળ્યા-વાઈસરૉયને રાજા-મહારાજાઓ સાથે. ● પછી એકલા, ભગતસિંહને થયેલ ફાંસી અંગે. પણ વાઈસરૉયે ના પાડી.

૨૩ દિલ્હી : ભગતસિંહને ફાંસી ન દેવા માટે વહેલી સવારે વાઈસરૉયને પત્ર લખ્યો.[3] ● ઈમર્સનને જવાબમાં લખ્યું :-કરારનો ભંગ થયો નથી, અમુક સ્થળોએ આર્થિક મુશ્કેલીઓ ઉભી થતાં કૉંગ્રેસના કાર્યકરો કેવળ સલાહ જ આપે છે.

૨૪[4] કરાંચી.

---

૧. વાઇસરોયે ૧૯મીએ કરેલી ફરિયાદ અંગે ઇમર્સનને લખી મોકલ્યું.

૨. વાઈસરૉયે પ્રાર્થના સ્વીકારી નહિ.

૩. જુઓ તા. ૮-૪-૨૯.

૪. (૧) ભગતસિંહને રાત્રે ૧-૧૫ વાગ્યે ફાંસી દેવામાં આવી.
(૨) કાનપુરમાં ફાટેલા કોમી હુલ્લડમાં ગણેશશંકર વિદ્યાર્થી નામના કૉંગ્રેસ કાર્યકરનું ખૂન થયું.
(૩) આધાર નં. ૪૨ના વો. ૪૫ના અનુ. નં. ૩૯૫ની તારીખનો પત્ર લખ્યાનું સ્થળ બોરસદ છે. એ ભૂલ છે.

૧૯૩૧—માર્ચ

૨૫ કરાંચી : મલીર સ્ટેશને ઊતર્યા; લાલ ખમીસવાળાના ગાંધી-ઈરવિન કરાર વિરોધી દેખાવો; 'ગાંધી પાછા જા'; 'અમારે ભગતસિંહનો ખૂની જોઈએ છે'. ● વર્કીંગ કમિટીની બેઠક. ● રાત્રે, મોટરમાં પથરો પડયો.

૨૬ કરાંચી : બેઠક ચાલુ, ● જાહેર સભા, સ્થળ કૉંગ્રેસનો મંડપ. ● આગલા દિવસે દેખાવ કરનારાઓ મળવા આવ્યા, ખુલાસા થયા. બધાને શાંત પાડયા.

૨૭ કરાંચી બેઠક ચાલુ, ● ઑ. ઈ. કૉં. ક. ની બેઠક. ● શારદા મંદિરના મકાનનો પાયો નાખવાની વિધિ કરવાના સમય અંગે કાર્યકર્તાઓ સાથે ચર્ચા.

૨૮ કરાંચી : સ્વયંસેવકો સમક્ષ પ્રવચન. ● બેઠકોમાં હાજર-(૧) વર્કીંગ કમિટીની; (૨) ઑ. ઇ. કૉં. ક. ની (૩) કૉંગ્રેસની.

૨૯ કરાંચી : શારદા મંદિરના મકાનનો પાયો નાંખ્યો. ● બેઠકોમાં હાજર (૧) વર્કીંગ કમિટીની અને (૨) કૉંગ્રેસની. ● શીખ આગેવાનો સાથે ચર્ચા.

૩૦ કરાંચી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● કૉંગ્રેસની બેઠકમાં ગાંધી-ઈરવિન કરાર અંગે પ્રવચન.

૩૧[1] કરાંચી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● કૉંગ્રેસની બેઠકમાં સ્વરાજ્યની વ્યાખ્યા અંગે પ્રવચન. ● કુંભકોણમના એક વકીલ વ્યંકરટરામ આયર તરફથી, પોતાના હાથે કાંતેલ સૂતરનું જરીકિનારનું એક અંગવસ્ત્ર, કરાંચીના ખાદી પ્રદર્શન મારફત ભેટ મળ્યું.

---

૧. (૧) ૨૩મીના પત્રના જવાબમાં ઈમર્સનને લખ્યું :- આર્થિક મુશ્કેલીઓ હલ કરવા સરકાર ઘટતું કરશે; કૉંગ્રેસના કાર્યકર્તાઓએ એમાં માથું મારવું જાઇએ નહિ.

(૨) બંગાળમાં જન્મેલા માનવેન્દ્રનાથ રૉય (મૂળનામ નરેન્દ્રનાથ ભટ્ટાચાર્ય) કૉંગ્રેસના આ અધિવેશનમાં ડૉ. મહમૂદનું નામ ધારી હાજર રહ્યા હતા. પહેલા વિશ્વયુદ્ધ વખતે હિંદમાં હિંસક બળવો જગવવાના ઈરાદાથી, જર્મની પાસેથી શસ્ત્રો મેળવવા એ હિંદ છોડી ગયેલા. હિંદી સરકારે સને ૧૯૨૪માં કાનપુર કાવતરા કેસ, અને સને ૧૯૨૯માં મીરત કાવતરા કેસ માંડેલા, તે બંનેમાં રૉયના ઉપર પણ તહોમતનામાં હતાં. બીજા તહોમતદારોને શીક્ષા થઈ પણ રૉય હિંદ બહાર હતા એટલે એમની સામે કાંઇ થઇ શકયું નહિ. સને ૧૯૩૦ના ડિસેમ્બર માસમાં એ હિંદ આવ્યા, ડૉ. મહમૂદ નામ રાખ્યું અને એ નામે આ અધિવેશનમાં હાજર રહ્યા.

૧૯૩૧—એપ્રિલ

૧ કરાંચી : બેઠકોમાં હાજર—(૧) વર્કીંગ કમિટીની અને (૨) ઑ. ઈ. કૉં. ક.ની[1]. ● જમિયત-ઉલ-ઉલેમા-ઈ-હિંદની વાર્ષિક સભામાં પ્રવચન. ● સિંધને અલગ પ્રાંત બનાવવાની બાબતમાં હિંદુઓ ચર્ચા કરવા આવ્યા. ● પારસી રાજકીય સભાના આશ્રયે મળેલી સભામાં પ્રવચન, સ્થળ જહાંગીર રાજકોટવાળાનો બાગ.

૨ કરાંચી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે એક માત્ર ગાંધીજીને મોકલવા ઠર્યું. ● સિંધ દેશસેવા સંઘને સંબોધન.

૩ કરાંચી : આ મતલબનું લખાણ (સનદ) વર્કીંગ કમિટી તરફથી મળ્યું.

૪ દિલ્હી : શૌકતઅલી મળવા આવ્યા.

૫ દિલ્હી : મુસલમાનોની 'બધા પક્ષોની પરિષદ'માં પ્રવચન.

૬ દિલ્હી : ઈમર્સનના ૩૧મી માર્ચના પત્ર અંગે એમની સાથે ચર્ચા. ● મુસ્લિમ નેતાઓ સાથે હિંદુ-મુસ્લિમ ઐક્ય અંગે ચર્ચા-નિષ્ફળ.

૭[2] દિલ્હી : અખિલ હિંદ વેપારી મહામંડળના ચોથા અધિવેશનનું ઉદ્‌ઘાટન; સવારે સાડા-અગિયાર વાગ્યે.

૮ અમૃતસર : રસ્તામાં, સ્ટેશને અને ઉતારે, લોકોનાં ટોળાંનો ત્રાસ. ● સેન્ટ્રલ શીખ લીગના અધિવેશનમાં હાજર; સ્થળ અકાલી બાગ. ● માનપત્રો—પ્રાંતિક સમિતિનું અને મ્યુનિસિપાલિટીનું; સ્થળ પોતાનો ઉતારો, કારણ કે તબિયત ઠીક નહોતી.

૯ રસ્તામાં[3] : ઈમર્સનના ૩૧મી માર્ચના પત્રના જવાબમાં છઠ્ઠી તારીખની ચર્ચાનો ઉલ્લેખ કરી જણાવ્યું—અમે કૉંગ્રેસના કાર્યકરો હાથ જોડીને બેસી તો ન જ રહી શકીએ; લોકોની મુશ્કેલીમાં એમની પડખે જ રહીએ; સરકારે, એમને સાથે રાખી નિવેડો લાવવો જોઈએ; એમની અવગણના કરીને, સમાધાનની શરતો મુજબ કામ કરવાનું એમના માટે અશક્ય બનાવવામાં આવે તો પછી, શરતોના ભંગના દોષનો ટોપલો એમના માથે ઓઢાડી શકાય નહિ.

---

૧. ગાંધી સેવા સંઘની પણ બેઠક હતી. એમાં ગાંધીજી હાજર હતા કે નહિ એ વિશે માહિતી મળી નથી.

૨. જેમ્સ પેડી નામના મિદનાપુર જિલ્લા મેજિસ્ટ્રેટ ઉપર ગોળીબાર થયો, બીજે દિવસે એમનું અવસાન થયું.

૩. આધાર નં. ૪૨ના વૉલ્યુમ ૪૫ ના અનુ. નં. ૪૩૯માં એ મતલબની નોંધ છે કે ગાંધીજી ભરૂચ જતા હતા; પણ એ ભૂલ લાગે છે.

૧૯૩૧-એપ્રિલ

૧૦ અમદાવાદ[1] : ઉતારો શેઠ અંબાલાલને ત્યાં.

૧૧[2] અમદાવાદ : વિદ્યાપીઠ પદવીદાન સમારંભમાં પ્રવચન.[3]

૧૨[4] અમદાવાદ : કમિશનર ગૅરેટ સાથે, રાસ, બોરસદ વગેરે ગામોમાં ખેડૂતો ઉપર ચાલતી જોહુકમી અંગે ચર્ચા; સ્થળ શેઠ અંબાલાલનો બંગલો.

૧૩ અમદાવાદ : ચર્ચાના અનુસંધાનમાં ગૅરેટને પત્ર લખ્યો.

૧૪ થી ૧૫ અમદાવાદ.

૧૬[5] મુંબઈ : મિલમાલિકો સાથે ચર્ચા. ● વાઈસરૉયપદેથી છૂટા થતા લૉર્ડ ઈરવિનને મળવા ગયા.[6] વાઈસરૉયે કહ્યું 'મારી આબરૂ તમારા હાથમાં છે'.

૧૭[7] મુંબઈ : ગવર્નર સાથે, કરારના પાલન અંગે વાટાઘાટો, સ્થળ સરકારી મહેલ, ● જ્યૉફ્રી કૉર્બેટ, મડગાંવકર, હંસાબેન અને જયશ્રીબહેન મળવા આવ્યાં.

---

૧. છેલ્લા સાતેક દિવસથી તબિયત નરમ રહેતી હતી.

૨. કે. ટી. પૉલનું અવસાન થયું.

૩. 'ઇન્ડિયન રિવ્યુ'ના સને ૧૯૩૧ના એપ્રિલ–મેના અંકના પા. ૩૨૦ ઉપર, આ પ્રવચન રાજગોપાલાચાર્યે આપ્યું એવી નોંધ છે પણ એ બરાબર નથી.

૪. મુંબઇમાં આજે મળેલી એક સભામાં શૌકતઅલી બોલ્યા 'હું, એક તો શું પણ દસ લાખ ગાંધી સામે એકલા હાથે ઝૂઝીશ.'

૫. જનરલ અવારીને બિનશરતે છોડી મૂકવામાં આવ્યા. (જુઓ તા. ૪–૬–૨૭.)

૬. આધાર નં. ૬૩ ના સને ૧૯૩૧ના પહેલા ભાગના પાના ૩૬ ઉપર એક એવી મતલબની માહિતીની નોંધ છે કે, બ્રિટિશ કૅબિનેટને આપવા માટે લૉર્ડ ઈરવિનને આપેલા એક પત્રમાં ગાંધીજીએ જણાવ્યું:—લશ્કરી ખરચમા સંગીન ઘટાડો, દેશી રાજાઓની પ્રજાની સલામતીની ખાતરી, આર્થિક બાબતોમાં સંપૂણ સ્વતંત્રતા અને જાહેર દેવાની ચકાસણી-આટલું સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનો કાંઈ અર્થ નથી.

૭. નવા વાઈસરૉય લૉર્ડ વિલીંગ્ડન અને એમનાં પત્ની મુંબઈ બંદરે ઉતર્યાં.

૧૯૩૧—એપ્રિલ

૧૮[1] મુંબઈ : ભગિની સમાજના ટ્રસ્ટીઓની બેઠકમાં હાજર. ● ઈમર્સન સાથે ચર્ચા. ● મુલાકાત—શૌકતઅલી; મુલ્લાંજી તથા ભોપાળના નવાબ સાથે. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.[2]

૧૯ અમદાવાદ : ઉતારો વિદ્યાપીઠમાં.

૨૦ અમદાવાદ : કમિશનરને પત્ર—આપણી સાથેની વાતચીતને[3] અવગણીને બોરસદના મામલતદારે પગલાં લીધાં છે એ બરાબર નથી: કૉંગ્રેસના કાર્યકરોને અવગણી શકાય નહિ. ● દુર્લભજી દેસાઈ અને લલ્લુભાઈ શામળદાસ મળવા આવ્યા.

૨૧[4] અમદાવાદ : કમિશનરને જવાબ—સમાધાન, કૉંગ્રેસ અને સરકાર વચ્ચે થયું છે; તેથી કૉંગ્રેસની અવગણના થઈ શકે નહિ. તમે ઉઠાવેલો મુદ્દો અતિશય મહત્વનો છે; તેથી તમારો જવાબ આવે, પછી, શું કરવું એ હું વિચારીશ. ● લક્ષ્મી[5]ના લગ્નમાં હાજર.

૨૨ સુરત. ⇕ બારડોલી : મુંબઈ ગવર્નરના રહસ્યમંત્રી મૅક્સવેલને કમિશનર સાથેના પત્રવ્યવહારની નકલ બીડી પૂછ્યું-ગવર્નર, કમિશનર સાથે સંમત છે?

૨૩ બારડોલી.

૨૪[6] બારડોલી : ઈમર્સનને મુંબઈ સરકાર સાથેના પત્રવ્યવહારની નકલ બીડી ચેતવણી આપી—સમાધાન તૂટી પડવાનો પૂરો ડર છે.

---

૧. (૧) લૉર્ડ અને લેડી ઇરવિન મુંબઇ બંદરેથી વિદાય થયાં.

(૨) લખનૌમાં રાષ્ટ્રવાદી મુસ્લિમોનું અધિવેશન આજે તથા તા. ૧૯.

૨. આ એમની તરફનું બીજી વખતનું માનપત્ર હતું.

૩. જુઓ તા. ૧૨.

૪. કમિશનરે જવાબ આપ્યો :- અમે ઘટતું કર્યું છે અને કરવામાં આવશે. જે સમાધાન થયું છે તેમાં સરકાર અને લોકો વચ્ચે કૉંગ્રેસ કડીરૂપ રહેશે એવું કાંઇ નથી; તેથી કૉંગ્રેસના કાર્યકરોને પૂછવા-ગાછવાની જરૂર નથી; લોકો સરકારનો સંપર્ક સાધી શકે છે.

૫. લક્ષ્મીદાસ આશરનાં પુત્રી. એમનું લગ્ન જીવણલાલ સાથે થયું હતું.

૬. (૧) તા. ૨૧ મીના પત્રનો કમિશનરે જવાબ આપ્યો-સમાધાનીમાં એવું કાંઇ નથી કે કૉંગ્રેસને પૂછવું જોઇએ.

(૨) તા. ૨૨ મીના પત્રનો મૅક્સવેલે જવાબ આપ્યો-મુંબઇ સરકાર કમિશનર સાથે સંમત છે, છતાં તમને અસંતોષ હોય તો તમે હિંદી સરકાર પાસેથી ચોખવટ મેળવી લો.

૧૯૩૧—એપ્રિલ—મે

૨૫[1] બારડોલી : લડતમાં જપ્ત થયેલી જમીનો, હરાજીમાંથી રાખનાર ગાર્ડા પાસેથી એ પાછી અપાવવા માટે વાટાઘાટો કરવા આવેલા સર કાવસજી જહાંગીર, ખુરશેદ નરિમાન વગેરે સાથે ચર્ચા. ⇕ બાબલા : સરદાર સાથે ચડભડાટ.

૨૬ બારડોલી : વૈકુંઠ મહેતા આવ્યા. ⇕ અકોટી. ⇕ બારડોલી : કમિશનરના તા. ૨૪મીના પત્રના જવાબમાં લખ્યું : તમારા જવાબથી દુઃખ થયું છે, તમે ઝઘડો કરવા માગો છો જ્યારે હું સમાધાનથી પતાવવા માગું છું. ● મૅકસવેલના તા. ૨૪મીના પત્રના જવાબમાં લખ્યું : તમારા જવાબથી દુઃખ થયું છે; ગુજરાતમાં સરકારે, વહેમ અને છૂપાપણાનું વાતાવરણ પેદા કર્યું છે; સંબંધો વણસે નહિ એવું ગવર્નરસાહેબ ઇચ્છતા હોય તો એમને મળી હું બધું સમજાવું અને ચોખવટ કરું.[2] ● ટાન્યુશી મળવા આવ્યા.

૨૭ બારડોલી : ઈમર્સનને ૨૪મીએ લખ્યું હતું એના અનુસંધાનમાં લખ્યું :-સમાધાનને પડી ભાંગતું અટકાવવામાં હું તમારી મદદ માગું છું.[3] ● બોરસદ જવા નીકળ્યા.

૨૮ બોરસદ : જપ્ત થયેલી જમીનો અંગે ખેડાના કલેકટરની મુલાકાત લીધી.

૨૯ બોરસદ : કાર્યકર્તાઓ સાથે ચર્ચા.

૩૦ બોરસદ : તાલુકાના ખેડૂતો સાથે ચર્ચા. અમેરિકન એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિ જેમ્સ એ મિલ્સને મુલાકાત લાધી.[4] ⇕ બોદાલ ⇕ વાસણા ⇕ બોરસદ.

મે

૧ થી ૩[5] બોરસદ.

૪ બોરસદ : ઠક્કરબાપા સાથે ચર્ચા.

---

૧. મુંબઈની દેશી વેપારી ચેમ્બરે, આજે, ગાંધીજીની, એમના માનદ સભ્ય તરીકે વરણી કરી.

૨. તથા ૩. પત્રો બોરસદથી ગયા હશે.

૪. એ વખતે ન્યુયૉર્કના ફૉક્સ મુવીટોન ન્યુઝ તરફથી ફિલ્મ ઉતારવામાં આવી.

૫. તા. ૨૪-૪-૩૧ ના પત્રનો ઇમર્સને તા. ૨જીએ જવાબ આપ્યો :- તમે અહીં આવો તો ઠીક; આપણે દિલ ખોલીને વાતો કરીએ.

૧૯૩૧—મે

૫ બોરસદ : એક હિંદી (ઇમ્પિરિયલ) ટોકી ફિલ્મ કંપનીને ખાદી વિશે સંદેશો આપ્યો—હિંદીમાં અને અંગ્રેજીમાં. ● ભૂતાનના રાજાના ભાઈ મળવા આવ્યા.[1]

૬ બોરસદ : એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી. ⇕ બોચાસણ : વલ્લભ વિદ્યાલયના મકાનનું ખાતમુહૂર્ત; સમય સાંજના ૭.

૭ બોરસદ : જમનાલાલ આવ્યા.

૮ થી ૯ બોરસદ.

૧૦ બોરસદ : કલેક્ટર સાથે ચર્ચા.

૧૧ બોરસદ : વલ્લભભાઈ આવ્યા. ● કલેક્ટર મુલાકાતે આવ્યા.

૧૨ રસ્તામાં.

૧૩ સિમલા : ઉતારો લાલા મોહનલાલને ત્યાં. ● ઈમર્સન સાથે સંધી-પાલન અંગે ચર્ચા.

૧૪ સિમલા : ચર્ચા ચાલુ; બે વખત; સ્થળ યુનાઈટેડ સર્વીસીઝ કલબ.[2] ● જાહેર સભા, સત્કાર, માનપત્રો-કોંગ્રેસ, વેપારી મહામંડળ, લોકો તથા મુસ્લિમો તરફથી.

૧૫ સિમલા : વાઇસરૉયની મુલાકાત લીધી.

૧૬ સિમલા : શુસ્ટર અને ઈમર્સન સાથે ચર્ચા.

૧૭ સિમલા[3] : માલવિયાજી તથા મુંજે સાથે ચર્ચા. ● ઈમર્સન સાથે ચર્ચા.

૧૮ નૈનિતાલ : ઉતારો ગોવિન્દલાલ સહાને ત્યાં.

૧૯ નૈનિતાલ : સરઘસ, સભા, માનપત્ર ● નાનાલાલ મહેતા, ડૉ. હરિપ્રસાદ અને સર ચીનુભાઈ (ગીરજાપ્રસાદ) મળવા આવ્યા.

૨૦ નૈનિતાલ : સંધી-પાલન અને રાહત માટે ગવર્નર સર માલ્કમ હેલીની મુલાકાત લીધી. ● સર ચીનુભાઈ પાસે, અમદાવાદમાંનું એમનુ મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવાનું વચન મેળવ્યું.[4]

૨૧ નૈનિતાલ[5] : રાજકીય કાર્યકરોની સભામાં ભાગ લીધો સ્થળ કાશીપુરના કુંવર આનંદસિહજીનો મુકામ.

---

૧ આધાર નં. ૪૨ના વો. ૪૬ના પાના ૪૨૯ ઉપર આની તા. ૧ છે, એ ભૂલ છે.

૨. આ કલબમાં કોઇ હિંદીને પેસવા દેવામાં આવતો નહોતો.

૩. લેડી વિલીંગ્ડને બોલાવ્યાથી કસ્તૂરબા એમને મળવા ગયા. અનસૂયા બહેને દુભાષિયાનું કામ કર્યું.

૪. આની વાત આગળ આવશે.

૫. આજે કસ્તૂરબા ગવર્નરનાં પત્નીને મળવા ગયાં.

૧૯૩૧-મે-જૂન

૨૨ નૈનિતાલ : સંયુક્ત પ્રાંતના કેળવણી પ્રધાન શ્રીવાસ્તવનાં પત્ની તરફથી સત્કાર સમારંભ. ● તાલુકદારો સાથે ચર્ચા.[1]

૨૩ નૈનિતાલ : કિસાનોને ઉદ્દેશી નિવેદન કર્યું.

૨૪ મથુરા : ટ્રેનની રાહ જોતા પાંચ કલાક રોકાયા; નીકળ્યા ત્યારે સુભાષચંદ્ર બોઝ સાથે હતા. ● ૪–૪૫ વાગ્યે મૌન લીધું.

૨૫ થી ૨૬ બારડોલી.

૨૭ બારડોલી : સુભાષ બોઝ મળવા આવ્યા.

૨૮ બારડોલી : ફાધર એલ્વિન આવ્યા.

૨૯ બારડોલી : પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યા.

૩૦ બારડોલી : કલેકટર સાથે ચર્ચા.

૩૧ બારડોલી.

જૂન

૧ થી ૪[2] બારડોલી.

૫ બારડોલી ⇕ સુરત.

૬ બારડોલી : ખાન અબ્દુલ ગફાર ખાન મળવા આવ્યા.

૭ બારડોલી.

૮ બારડોલી : જવાહરલાલ મળવા આવ્યા.

૯ મુંબઈ : બેઠકોમાં હાજર—(૧) વર્કીંગ કમિટી; (૨) અખિલ ભારત ચરખા સંઘ.

૧૦ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠક.

---

૧. આધાર નં. ૪૨ના વો. ૪૬ના અનુ. નં. ૨૩૬માં આની તા. ૨૩ ગણી છે પણ એ ભૂલ લાગે છે.

૨. દરમિયાન તા. ૧ લીએ ગુજરાત પ્રાંતિક સમિતિ એના નવા મકાનમાં ગઈ.

૧૯૩૧–જૂન

૧૧[1] મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠક. ● દેશ સેવિકાઓ સમક્ષ પ્રવચન. ● હિંદુસ્તાની સેવાદળના સભ્યોને પ્રમાણપત્રો વહેંચ્યા.[2] ● સ્વદેશી વીજળી—ઘડિયાળ બનાવનાર કંપનીની મુલાકાત. ● આશરે ત્રીસ યુરોપિયનો (જેમાં ચાર સ્ત્રીઓ હતી) મળવા આવ્યા ત્યારે ગાંધીજીએ ચોખવટ કરી કે હિંદીઓનું વર્તન સૌ તરફ ભેદભાવ વિનાનું હશે.

૧૨ મરોલી[3] : કસ્તૂરબા વણાટશાળાનો પાયો નાખ્યો.[4]

૧૩ બોરસદ.

૧૪ બોરસદ : ઇમર્સનને પત્ર લખ્યો. એમાં ગાંધી—ઈરવિન કરારના અમલ અંગેની ફરિયાદો સાંભળવા માટે પંચ નીમવા સૂચના કરી.

૧૫ થી ૧૯[5] બોરસદ.

૨૦ બોરસદ : ઈમર્સનના તા. ૧૯ના પત્રનો જવાબ—મને જુદાજ હેવાલો મળે છે; છતાં કોંગ્રેસના અને મદ્રાસ સરકારના એકએક માણસનું બનેલું પંચ સ્વીકારવા તૈયાર છે!

૨૧ થી ૨૪ બોરસદ.

૨૫ મુંબઈ : પરદેશી કાપડની ફેર–નિકાસ કરનાર કંપનીના પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● મિલમાલિક મંડળનું પ્રતિનિધિમંડળ મુલાકાતે આવ્યું. ● યુવાન પ્રગતિશીલ યુરોપિયનો સાથે તાજમહાલ હોટલમાં ખાણું

---

૧. આજે અમેરિકાના એક ઉદ્યોગપતિએ ગાંધીજીની લંગોટીના ટ્રેડમાર્ક-વાળું કાપડ કાઢવા પરવાનગી માગી. ગાંધીજીએ ના પાડી.

૨. 'પ્રજાબંધુ'ના તા. ૧૪–૬–૩૧ના અંકના પાના ૩૫ ઉપર આની તારીખ ૧૦ જણાવી છે.

૩. આધાર નં. ૪૨ વો. ૪૬ના અનુ. નં. ૪૫૮ નું સ્થળ બોરસદ જણાવ્યું છે. એ બંધબેસતું નથી.

૪. આ પ્રસંગની તારીખ 'પ્રજાબંધુ'માં ૧૩ છે, અને 'મુંબઈ ગુજરાતી'માં ૧૧ છે; પણ ખરી તારીખ ૧૨ છે.

૫. (૧) દરમિયાન તા. ૧૬મીએ ઈમર્સને પત્ર લખી જણાવ્યું કે ચોકી-પેરા અંગે મદ્રાસ સરકાર તરફથી ફરિયાદ આવી છે.

(૨) ખાન અબદુલ ગફારખાન ગયા. તા. ૧૯મીએ.

અને તા. ૧૧મીના અનુસંધાનમાં ચર્ચા. ● શહીદ પન્નાલાલના કુટુંબીજનોને આશ્વાસન આપવા એમના ઘેર(ભૂલેશ્વરમાં) ગયા[1].

૨૬ મુંબઈ : પરદેશી કાપડની ફેર-નિકાસ કરનાર સાથે વધુ ચર્ચા. ● સ્ત્રીઓની સભા, સ્થળ માધવબાગ. ● ક્રિકેટર બાલુની આગેવાની નીચે અંત્યજ પ્રતિનિધિમંડળનું માનપત્ર. ● રાષ્ટ્રીય સ્ત્રી સભાનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું. ⇕ વલસાડ : ઉતારો કૉંગ્રેસ સમિતિના પ્રમુખ મથુરભાઇને ત્યાં.

૨૭ વલસાડ. ⇕ પારડી. ⇕ ઉદવાડા : જાહેરસભા-મુખ્યત્વે પારસીઓની ● માનપત્ર. ⇕ વાપી.

૨૮ થી ૩૦[2] બોરસદ.

જુલાઈ

૧ થી ૨ બોરસદ.

૩ બોરસદ : ગવર્નરના તા. ૩૦-૬-૩૧ના પત્રનો જવાબ હા, જો જઈ શકીશ તો. વાઇસરૉયને જણાવશો કે સમાધાનની શરતોના પાલન અંગે હું વ્યગ્ર બનતો જાઉં છું.

૪[3] બોરસદ.

---

૧. તા. ૯-૬-૩૧ના રોજ મુંબઈ, ડુંગરીમાં મળેલી એક સભામાં ખાન અબ્દુલ ગફારખાનને સાંભળવા માટે પન્નાલાલ તથા એમના પિતા ગયા હતા ત્યારે એક મુસલમાને પન્નાલાલનું છરી ભોંકી ખૂન કર્યું હતું.

૨. દરમિયાન તા. ૩૦મીએ ગવર્નરે પત્ર લખ્યો-વાઈસરૉયે પુછાવ્યું છે કે ગોળમેજી પરિષદની બંધારણ સમિતિમાં તમે ભાગ લેશો ? તમારા જવાબ પછી વિધિપુર:સર નિમંત્રણ મોકલાશે.

૩ તા. ૧૪ અને ૨૦ જૂનના પત્રોના જવાબમાં ઈમર્સને લખ્યું-- પંચ અગર તપાસ સમિતિ નીમવામાં સંમત થઈ શકાય એમ નથી. આ નીમવામાં આવે તો એનો એ અર્થ થાય કે કાયદા મુજબ થતા ગુના અંગે પગલા લેવામાં અંતરાય ઊભો થાય. સરકાર પોતાની ફરજ અને જવાબદારીઓ જતી કરી શકે નહિ.

૧૯૩૧—જુલાઈ

૫ બોરસદ : ઈમર્સનને પત્ર—દેશના જુદાજુદા ભાગોમાં ચાલતી દમન-નીતિનો ખ્યાલ આપ્યો અને તપાસપંચ નીમવા આગ્રહ કર્યો.

૬[1] બોરસદ : કલેક્ટર સાથે ચર્ચા.

૭ મુંબઈ : શૌકતઅલી, પ્રભાશંકર પટ્ટણી તથા બ્રહ્મદેશના નેતાઓ મળવા આવ્યા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; શૌકતઅલી ખાસ નિમંત્રણથી હાજર હતા.

૮ મુંબઈ : બેઠક ચાલુ. ● શૌકતઅલી સાથે ચર્ચા. ● બેઠક ફરીથી મળી; શૌકતઅલી હાજર.

૯ મુંબઈ : બેઠક ચાલુ. ● વાઈસરૉયને તાર—મારી મુશ્કેલી મેં ગવર્નર મારફતે તા. ૩જીએ જણાવી છે, સમાધાનની શરતોનું પાલન થતું નથી; વર્કીંગ કમિટી બધું વિચારી રહી છે; જો આમ જ ચાલશે તો ગોળમેજી પરિષદમાં ભાગ લેવાનું કોંગ્રેસે માંડી વાળવું પડશે. આપે કહેલું કે મુશ્કેલી હોય ત્યારે જણાવશો; તેથી આ લખું છું.

૧૦ મુંબઈ : બેઠક ચાલુ. ● વાઈસરૉયના તા. ૬ઠ્ઠીના પત્રના જવાબમાં તાર—મારો ગઈ કાલનો તાર જોવા વિનંતિ છે. ● ગાંધી સેવામંડળની સ્થાપના વખતે ભાષણ.

૧૧ મુંબઈ : બેઠક ચાલુ. ● તા. ૯મીના તાર અંગે મુંબઈ સરકાર મારફતે સંદેશો આવ્યો—ઈમર્સન સાથે રૂબરૂ ચર્ચા કરવા આવો.

૧૨ મુંબઈ : બેઠક ચાલુ. ● વાઈસરૉયને તાર—'નીકળું છું.'

૧૩ સુરત : કલેક્ટર સાથે ચર્ચા.

૧૪ રસ્તામાં.

૧૫ સિમલા : ઉતારો મોહનલાલને ત્યાં. ● બ્રિટિશ છાપાંના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી. ● ઈમર્સન અને ફ્રોરાર સાથે ચર્ચા.

---

૧. (૧) તા. ૩જીના પત્રનો ઉલ્લેખ કરી વાઈસરૉયે પૂછ્યું-તમારી વ્યગ્રતા દૂર કરવા હું શું કરું ?

(૨) અત્યાર અગાઉ, કૅનેડાથી એક બાઈએ, બાળકોને ખ્રિસ્તી બનાવવા અને એમને ખ્રિસ્તી નામો આપવા, પંદર ડૉલર મોકલ્યા હતા. સૂચના અસ્વીકાર્ય છે એમ જણાવ્યું.

૧૯૩૧—જુલાઈ

૧૬ સિમલા : ઈમર્સન સાથે ચર્ચા ચાલુ; સંધી-ભંગના સરકાર તરફથી થતા પ્રસંગોની યાદી આપી ● સુરતના કલેકટરને પત્ર :–દબાણથી વસૂલ કરેલી વિઘોટી, બળજબરી અને ધાકધમકીથી વસૂલ કરવામાં આવી છે એમ જ કહેવાય; અને તેથી કરારનો ભંગ થાય છે.

૧૭ સિમલા : લેસી[1] સાથે લંબાણથી ચર્ચા. ● હિંદી સરકારના હોમ મેમ્બર સર જેમ્સ ક્રેરરની મુલાકાત લીધી. ● મંડીના રાજા મુલાકાતે આવ્યા.

૧૮ સિમલા : વાઈસરૉય સાથે ચર્ચા.

૧૯ સિમલા.

૨૦ સિમલા : ગોળમેજી પરિષદમાં ભાગ લેવા, વિલાયતની સરકારનું નિમંત્રણ, વાઈસરૉય તરફથી મળ્યું; તથા એના અંગેના ખર્ચ, ભાડાભથ્થાં વગેરે વિશેનો પરિપત્ર મળ્યો.

૨૧[2] સિમલા : વાઈસરૉયને પત્ર—નિમંત્રણ માટે આભાર; પણ પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવી છે કે જવા ઈચ્છા થતી નથી. ● વાઈસરૉય સાથે ચર્ચા; ચર્ચા લાંબી ચાલી એટલે વાળુ અને સાયંપ્રાર્થના ત્યાં જ કર્યાં. ● ઈમર્સનને પત્ર લખી; પંચ સમક્ષ મૂકવાના મુદ્દાઓની યાદી મોકલી.[3]

---

૧. સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટનો પ્રતિનિધિ હશે.

૨. માનવેન્દ્ર નાથ રૉયની આજે મુંબઈમાં ધરપકડ થઈ. માર્ચ માસમાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશન પછી (જુઓ તા. ૩૧-૩-૩૧ની પાદટીપ નં. ૧(૨)) ડૉ. બેનરજીનું નામ રાખી, એ, સંયુક્ત પ્રાંતમાં ફર્યા. દરમિયાન પોલીસને ગંધ આવી. એમની સામેના વૉરન્ટો તો ઊભાં જ હતાં. એ આધારે એમની ધરપકડ કરવામાં આવી.

૩. આમ કરી, તા. ૧૪-૬-૩૧ના પત્રથી, અમુક બનાવોની તપાસની માગણી કરી હતી તે મોળી કરી કેવળ મુદ્દાઓની જ તપાસ માગી.

૧૯૩૧–જુલાઈ

૨૨[1] સિમલા : ઈમર્સનને, વલ્લભભાઈ તરફથી આવેલા તારની[2] નકલ મોકલી. ● વિલાયત જવા અંગે પ્રવાસની ટિકિટોનાં સર્ટિફિકેટો સરકારના હિસાબી ખાતા તરફથી મળ્યાં.

૨૩[3] દિલ્હી.

૨૪ સુરત. ⇕ બારડોલી : સુરતના કલેક્ટરને પત્ર—ખેડૂતો ઉપર દમનનો કોરડો વીંઝાય છે અને બળજબરીથી વિઘોટી વસૂલ થાય છે. ● મૅક્સવેલને આની નકલ મોકલી; અને ઈમર્સનને આ વિશે તાર કર્યો.[4]

૨૫[5] બારડોલી : ઈમર્સનને તાર—વાઈસરૉયના તા. ૨૩મીના પત્રની વાટ જોઈશ; કશું જ ઉતાવળે નહિ કરું.

૨૬ બારડોલી.

૨૭ બારડોલી : કલેક્ટર મળવા આવ્યા, પણ ગાંધીજીને મૌનવાર હતો. ⇕ સુરત : મૌન છૂટ્યા પછી કલેક્ટરના બંગલે એમને મળ્યા.

૨૮ બોરસદ.

૨૯ બોરસદ : વાઈસરૉયના તા. ૨૩મીના પત્રનો જવાબ—હું ગોળમેજી

---

૧. મુંબઈના કામચલાઉ ગવર્નર સર અર્નેસ્ટ હોટસન, પૂનામાં ફર્ગ્યુસન કૉલેજની મુલાકાતે આવ્યા ત્યારે ગોગટે નામના એક વિદ્યાર્થીએ એમના ઉપર ગોળી છોડી; ગોળી નિષ્ફળ ગઈ.

૨. સરદાર વલ્લભભાઈએ બારડોલીથી તા. ૨૨મીએ મૂકેલા તારમાં લખ્યું હતું—'પોલીસનો જુલમ અસહ્ય થતો ચાલ્યો છે......આ ત્રાસનો ઉપાય ન જ થઈ શકે એમ હોય તો ભગવાનને ખાતર હવે તો લડાઈ શરૂ કરો.'

૩. (૧) ગાંધીજીના ૨૧મીના પત્રનો જવાબ વાઈસરૉયે આપ્યો :- પરિસ્થિતિને કારણે જવાની તમારી અનિચ્છા મને યોગ્ય લાગતી નથી; છતાં આપણે હવે મળીશું ત્યારે આવી અનિચ્છા નહિ હોય એવી આશા રાખું છું.
(૨) ૨૨મીના પત્રનો જવાબ ઈમર્સન તરફથી આવ્યો. તપાસ કરીશું.

૪. આધાર નં. ૨૯માંના આજે લખેલા પત્ર નં. ૧૩૭માં ગાંધીજીએ એ મતલબનું જણાવ્યું છે કે એમણે સરકારને આખરીનામું આપ્યું છે.

૫. તા. ૨૪મીના તારનો જવાબ ઈમર્સને આપ્યો—'તપાસ કરીએ છીએ.'

પરિષદમાં જવા આતુર છું, પણ મને રસ્તો સૂઝતો નથી; દેશમાં સ્થિતિ બગડતી જાય છે.

૩૦[1] બોરસદ : ખેડાના કલેક્ટરની મુલાકાત લીધી.[2]

૩૧[3] બોરસદ ⇕ અમદાવાદ : ઉતારો વિદ્યાપીઠમાં. ● આશ્રમની મુલાકાત લીધી.

ઑગસ્ટ

૧ અમદાવાદ.

૨[4] અમદાવાદ : સર ચીનુભાઈની માલિકીનું શિવાલય હરિજનો માટે ખુલ્લું મૂકવાની ક્રિયા કરી, સમય સાંજે પાંચ.[5] મૌન રાત્રે નવ વાગ્યે લીધું.

૩ મુંબઈ : ઝીણા સાથે મસલત.

૪[6] પૂના : ગવર્નર સાથે ચર્ચા. ⇕ મુંબઈ.

૫ મુંબઈ: વર્કીંગ કમિટીની બેઠક. ● સંયુક્ત પ્રાંતના ગવર્નરને તાર-ત્યાંના ખેડૂતો અંગે સરકારની નીતિનો ખ્યાલ આપશો તો આભાર થશે.

૬[7] મુંબઈ : બેઠકો-વર્કીંગ કમિટીની અને ઑ. ઇ. કૉં. ક. ની.

૭ મુંબઈ : ઑ. ઈ. કૉં. ક. ની બેઠક ચાલુ ● પારસી રાજકીય સભાના આશ્રય હેઠળ જાહેર સભા. સ્થળ કાવસજી જહાંગીર હૉલ. ● સ્વદેશી મારકીટમાં સભા.

---

૧. ઈમર્સનને ૨૧-૭-૩૧ના રોજ લખેલા પત્રનો એમના તરફથી જવાબ :-૪-૭-૩૧ના પત્રમાં જણાવેલાં કારણોસર તમારી વિનંતિ સ્વીકારી શકાય એમ નથી.

૨. આ માહિતી પ્રનબંધુમાંથી લીધી છે. મહાદેવભાઈની ડાયરીમાં આવી નોંધ નથી. 'ખેડા કલેક્ટરને પત્ર લખ્યો.' એટલી જ નોંધ છે.

૩. વાઈસરૉયને ૨૯-૭-૩૧ના રોજ લખેલા પત્રનો એમના તરફથી જવાબ :-ઈમર્સને તમને ગઈ કાલે લખ્યું છે. વધુમાં, હું અને ગવર્નરો, સમાધાનની શરતો મુજબ જ બધું થાય એ માટે આતુર અને પ્રયત્નશીલ છીએ.

૪. 'નવજીવન'ના આજના અંકથી 'અંત્યજ'ને બદલે 'હરિજન' શબ્દ અપનાવવામાં આવ્યો.

૫. જુઓ તા. ૨૩-૫-૩૧ની પાદટીપ.

૬. (૧) નવજીવન છાપખાનું સરકારે પાછું સોંપ્યું.

(૨) બીજી ગોળમેજી પરિષદનાં સભ્યોનાં નામ જાહેર કરવામાં આવ્યાં.

૭. તા. ૫મી એ મોકલેલા તારનો સંયુક્ત પ્રાંતના ગવર્નર તરફથી જવાબ-બધું સામાન્યવત્ છે.

૧૯૩૧—ઑગસ્ટ

૮ મુંબઈ : બેઠક ચાલુ. ● આંખની (ધર્માદા) હૉસ્પિટલના મકાનનો પાયો નાખ્યો.

૯ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠક. ● હિંદુસ્તાની સેવાદળની પરિષદમાં પ્રવચન. ● એક જ પુરુષ સાથે સંબંધ રાખવા માગતી, પણ અનેક સાથે સંબંધ રાખવા જેના ઉપર દબાણ થતું હતું એવી એક વેશ્યાને જવાબમાં લખ્યું 'એક જ સાથે બંધાવું.'

૧૦[1] મુંબઈ :

૧૧ મુંબઈ : આબીદઅલીને[2] જોવા ગયા. ● વર્કીંગ કમિટીની બેઠક. ● વાઈસરૉયને તાર :-મુંબઈ સરકારનો જવાબ અતિશય અસંતોષકારક; આ મુજબ તો એક જ સત્તા ફરિયાદી અને ન્યાયાધીશ બને છે; કોંગ્રેસ આ સ્વીકારી શકે નહિ; હું લંડન જઈ શકીશ નહિ. ● મુંબઈ સરકારના ગઈ કાલના પત્રના જવાબમાં તાર-જવાબ અત્યંત નિરાશાજનક, વલણ નહિ બદલો તો હું લંડન જઈ શકીશ નહિ. ● મળવા આવ્યા—માલવિયાજી, ખંભાતના નવાબ; પ્રભાશંકર પટ્ટણી અને ખુશાલ ત. શાહ.

૧૨ મુંબઈ : બેઠક ચાલુ. ● હિંદી સરકારના કાયદામંત્રી સર રામસ્વામી આયર મળવા આવ્યા.

૧૩[3] મુંબઈ : વિલાયત નહિ જવાના ગાંધીજીના નિર્ણયને વર્કીંગ કમિટીએ બહાલી આપી. ● વાઈસરૉયના તારનો જવાબ—આપણાં દૃષ્ટિબિન્દુ નિરાળાં છે; હું જઈ શકીશ નહિ. ● જયકર-સપ્રુ મળવા આવ્યા.[4]

---

૧. તા. ૪થી એ ગવર્નર સાથે થયેલી ચર્ચાનો જવાબ વાળતાં એમના મંત્રીએ લખ્યું-બહુ ખામોશી રાખ્યા પછી જ પગલાં ભર્યાં છે; કરારનો એવો અર્થ નથી કે કોંગ્રેસ કહે તેમ જ સરકારે કરવું. મહેસૂલ ઉઘરાવવાની બાબતમાં કોંગ્રેસની સલાહ મુજબ ન ચલાય. વગેરે. વગેરે.

૨. એમને દારૂની દુકાન ઉપર પિકેટિંગ કરતાં માર પડયો હતો.

૩. ગાંધીજીના ૧૧મી ના તારનો વાઈસરૉયે જવાબ આપ્યો—નહિ જાવ જાણી દિલગીરી થઈ; તમારાં કારણો વાજબી નથી. વગેરે. વગેરે.

૪. ચર્ચા બાદ એમણે વાઈસરૉયને એ મતલબનો તાર કર્યો કે ગાંધીજી સમાનાન્તર સરકાર રચવા માગતા નથી. કરારના ભંગની તપાસ કરવા માટે લવાદીને બદલે નિષ્પક્ષ તપાસ કરવાનું સરકાર સ્વીકારે તોપણ એમને સંતોષ થશે.

૧૯૩૧—ઑગસ્ટ

૧૪[1] મુંબઈ : ચર્ચા--સપ્રુ, જયકર, પ્રભાશંકર પટ્ટણી અને ડૉ. આંબેડકર સાથે. ● વર્કીંગ કમિટીની બેઠક. ● વાઈસરૉયના તા. ૩૧-૭-૩૧ ના પત્રના જવાબમાં, બનાવો અને નિર્ણયનું સ્પષ્ટીકરણ કરી લખ્યું :–સરકાર સાથેનો કરાર હજી પણ અસ્તિત્વમાં છે એમ અમારે માનવું ? સરકાર ન વર્તે પણ અમે તો એ મુજબ વર્તીશું ● અમેરિકાની મિસ ગ્રિફીન મુલાકાતે આવ્યાં, અને ત્યાંના, પ્રોફેસર ડંકને પોતાના હાથે વણેલું ગરમ કાપડ અને જાતે પકવેલું મીઠું ભેટ મોકલ્યાં હતાં તે આપ્યાં.

૧૫[2] અમદાવાદ : ઉતારો વિદ્યાપીઠમાં. ● વિલાયત જવા માટેની ટિકિટ રદ કરાવી.

૧૬ અમદાવાદ : તા. ૯મીએ લખ્યું તેના અનુસંધાનમાં લખ્યું–તમારામાંથી કોઈ સામનો કરે તો જ આ અપવિત્ર ધંધો બંધ થાય.

૧૭ થી ૧૮ અમદાવાદ.

૧૯[3] અમદાવાદ : ગાંધી-ઈરવિન કરાર સરકારે કેવી રીતે તોડ્યો એ સમજાવતા તહોમતનામાનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કર્યો.

૨૦[4] અમદાવાદ.

---

૧. તા. ૧૩ના તારનો વાઈસરૉય તરફથી જવાબ—તમે નહિ જઈ શકો એની ખબર વડા પ્રધાનને આપું છું.

૨. (૧) આ અરસામાં ગાંધીજી જંગલ સત્યાગ્રહ વિશે વિચાર કરી રહ્યા હતા; અને બીજી બાજુથી, એમની ધરપકડના ભણકારા વાગી રહ્યા હતા.
(૨) અત્યાર અગાઉ હેલન કેલરનું 'મિડસ્ટ્રીમ' ભેટ મળ્યું હતું.

૩. ૧૪મીના પત્રનો વાઈસરૉયનો જવાબ–સરકારે જે કાંઈ કર્યું છે તે કાયદેસર કર્યું છે; કરારનો ભંગ કરવા નહિ પણ રાજવ્યવસ્થા સચવાય એ માટે કર્યું છે; જે કરવું પડયું છે તેને માટે કૉંગ્રેસ જવાબદાર છે; કરારમાં નહોતી એવી ઘણી બાબતોમાં અમે છૂટ મૂકી છે; કરારનું પાલન શક્ય હશે એટલું કરીશું, જોકે, તમે ગોળમેજી પરિષદમાં જાવ એ હેતુથી જ કરાર કરવામાં આવ્યો હતો અને કૉંગ્રેસ ન જાય તેથી આ હેતુ બર આવતો નથી.

૪. બંગાળાનો બાકાનો પ્રવાસ રદ કરી વાઈસરૉય સિમલા પાછા આવ્યા.

૧૯૩૧—ઑગસ્ટ

૨૧ અમદાવાદ : વાઇસરૉયને તાર : અનેક વાતો વહેતી મૂકવામાં આવી છે; હું સ્પષ્ટ કરવા માગું છું કે સંધીના કરાર–ભંગ વિશે મતભેદ પડે તો નિષ્પક્ષ પંચ સમક્ષ એ મુકાય એ વસ્તુ કરારમાં સમાયેલી જ છે, છતાં યોગ્ય તપાસ કરવાનું સ્વીકારવામાં આવે તો એનાથી પણ મને સંતોષ થશે; તમે કહો તો તમને મળી જાઉં.

૨૨[1] અમદાવાદ.

૨૩[2] અમદાવાદ : વાઇસરૉયના તા. ૨૨મીના તારનો જવાબ તારથી :–મારી મુશ્કેલીઓથી આપ અણજાણ નથી; રૂબરૂ ચર્ચાની જરૂર છે કે નહિ એ મેં આપના ઉપર છોડયું હતું; છતાં જ્યારે બધું મારા ઉપર નાખવામાં આવે છે ત્યારે હું બધી જવાબદારી સ્વીકારું છું અને ત્યાં આવું છું. ● પ્રભાશંકર પટ્ટણી સાથે હતા, ચર્ચા.

૨૪[3] રસ્તામાં.

૨૫ સિમલા : વાઇસરૉય અને ઈમર્સન સાથે ચર્ચા.

૨૬ સિમલા : વાઇસરૉય સાથે મુલાકાત. પછી નવા કરારનો ખરડો ચર્ચાયો— રૂબરૂ, ટેલિફોનથી અને લખાણથી.

૨૭ સિમલા : નવા કરાર અંગેના પત્રોની આપલે થઈ. છેવટનો ખરડો પસાર થયો.[4] ● વાઇસરૉયને પત્ર :–બધું પાર પડયું; તમને ખૂબ

---

૧. ગાંધીજીના તા. ૨૧મીના તારનો વાઇસરૉયે જવાબ આપ્યો :–તમારી મુશ્કેલીઓ દૂર થશે એમ લાગતું હોય તો જરૂર આવો.

૨. તા. ૧૯મીએ ફરમાવેલા તહોમતનામાનો સરકારે જવાબ વાળ્યો.

૩. (૧) વિલાયતમાં મજૂર પક્ષની સરકારે રાજીનામું આપ્યું; એના નેતા અને વડા પ્રધાન રામસે મૅકડોનલ્ડે બીજા પક્ષોનું શરણું શોધ્યું.

(૨) વિલાયતની Royal Institute of International Affairs નામની સંસ્થાએ ગાંધીજીને એ વિલાયતમાં હોય તે સમય માટે, પોતાના માનાર્હ સભ્ય બનાવ્યા.

(૩) ઑક્સફર્ડ યુનિવર્સિટીની લોટસ ક્લબે અને હિંદી વિદ્યાર્થી-મંડળે ગાંધીજીને નિમંત્રણો પાઠવ્યાં.

૪. આમાં ગાંધીજીને ઘણી છૂટછાટો મૂકવી પડી. એ કહેતા કે હિંદુ-મુસ્લિમ પ્રશ્નનું નિરાકરણ થયા વિના ગોળમેજી પરિષદમાં જવાનો અર્થ નથી.

તકલીફ પડી; માફ કરશો; તમારી આશીષ સાથે જાઉં છું પણ મનમાં વસવસો બહુ છે; મારી ગેરહાજરી દરમિયાન મારા અહીંના સાથીઓ ઉપર વિશ્વાસ રાખજો. ● થી નીકળ્યા.

૨૮[1] રસ્તામાં : ઈમર્સનને પત્ર :—તમે ગચ્ચાં તો ઘણાં નાખ્યાં. પણ હું એ બધું ભૂલી જઈશ. બધું પાર ઉતર્યું. હું જાઉં છું પણ મને વસવસો બહું છે. મારી ગેરહાજરીમાં મારા અહીંના સાથીઓ ઉપર વિશ્વાસ રાખજો.

૨૯ મુંબઈ. : આવ્યા[2] સવારે; વાંદરા ઊતર્યા. ● જાહેરસભા; સ્થળ આઝાદ મેદાન. ● રાષ્ટ્રીય ક્રિશ્ચન પક્ષનું માનપત્ર. ● વાઈસરૉયને પત્રઃ- રાષ્ટ્રીય મુસ્લિમોના અંતે હિંદી વેપારી મહામંડળના પ્રતિનિધિઓની, ગોળમેજી પરિષદમાં નિમણૂક કરવા વિશે. ● નીકળ્યા. આગબોટ 'રાજપુતાના'માં—બીજી ગોળમેજી પરિષદમાં, કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે.[3]

એ નિરાકરણ ન થયું અને છતાં એ ગયા. બારડોલીની તથા બીજી જમીનોના ઝઘડા અંગે એમણે તપાસ કરવાનો આગ્રહ કર્યો પરંતુ બીજાં સ્થળોની વાત પડતી મૂકવી પડી અને ફક્ત બારડોલી પૂરતો જ આગ્રહ રાખવાનું શક્ય બન્યું. એને અંગે લવાદની સૂચના કરી હતી એ પડતી મૂકવી પડી અને છેવટે, સરકાર પોતે નિષ્પક્ષ તપાસ કરે એટલાથી સંતોષ માનવો પડયો. પોતે વિલાયતથી પાછા ફરે ત્યાં સુધી સરકાર ગમે તેમ વર્તે પણ કૉંગ્રેસે તો ઇરવિન સાથે થયેલા કરારનું પાલન કરવું જ પડે અને લડત આદરવાનો વિચાર ન કરવો એ પ્રકારની સ્થિતિ સ્વીકારવી પડી.

કૉંગ્રેસના માથે કરારભંગનું આળ ન આવે એ એક જ દૃષ્ટિ નજર સમક્ષ રાખી ગાંધીજીએ આમ ઘણું નમતું મૂક્યું. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આ બીજા કરારને ઝેરના છેલ્લા કટોરાની ઉપમા આપી છે.

૧. આધાર નં. ૨૩૪ના પા. ૧૬૫ પર જણાવ્યું છે કે દેવદાસ અને લક્ષ્મીની સગાઈ આજે કરવામાં આવી.

૨. આધાર નં. ૧૨૬ના ભાગ ૩ના પાના ૧૪૪ સામેના ચિત્ર નીચેની નોંધમાં જણાવ્યું છે કે ગાંધીજી ૨૮મીએ આવ્યા હતા; પરંતુ એ બંધબેસતું નથી.

૩. (૧) આધાર નં. ૨૩૨માં લેખક જણાવે છે કે ગાંધીજીના પાસપોર્ટમાં ધંધો 'બૅરિસ્ટર' જણાવવામાં આવ્યો હતો ! (જુઓ ૧૦-૧૧-૨૨.)

(૨) આધાર નં. ૨૩૪ના પાના ૧૬૫ ઉપર આના તારીખ ૮મી ઑગસ્ટ જણાવી છે, પણ એ ભૂલ છે.

૧૯૩૧-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૩૦ થી ૩૧[1] રસ્તામાં.

સપ્ટેમ્બર

૧ થી ૨ રસ્તામાં.

૩ એડન : સ્વાગત. ● વધારાનો સામાન મૂકી દીધો.

૪ રસ્તામાં : આગબોટનું સુકાન પકડી આગબોટને દોરી.[2]

૫ રસ્તામાં.

૬ રસ્તામાં : આગબોટમાંના દેવળમાં થયેલી પ્રાર્થનામાં હાજર. ⇕ સુએઝ : સત્કાર.

૭[3] પોર્ટ સૈયદ[4] : મિસરમાં વસતા હિંદીઓ તરફથી સત્કાર. ● રાજદ્વારી પક્ષો તરફથી સત્કારના સંદેશા. ● શૌકતઅલી (અહીંથી જોડાયા હતા) અને ભોપાળના નવાબ સાથે હિંદુ-મુસ્લિમ ઐક્ય અંગે ચર્ચા.

૮ થી ૯ રસ્તામાં. : મહેરબાબા સાથે વાતો.[5]

૧૦ રસ્તામાં.

૧૧ માર્સેલ્સ[6] : સામાન તપાસનાર જકાતી અમલદારને કહ્યું :–હું તો ગરીબ ભિખારી છું; મારા સરંજામમાં છે–છ રેંટિયા, જેલના તાંસળાં,

---

૧. દરમિયાન તા. ૩૦મીએ ચિત્તગોંગમાં એક હિંદુએ એક પોલીસ ઈન્સ્પેકટરનું ખૂન કર્યું. એ મુસલમાન હતા. આને કોમી સ્વરૂપ આપી ૩૦મીએ અને ૩૧મીએ હિંદુઓની માલમિલકત લૂંટવામાં આવી. બંને કોમોની બનેલી બિન સરકારી તપાસ સમિતિએ તપાસ કરી જણાવ્યું—૩૦મીના બનાવો માટે સરકારી અને બિન-સરકારી યુરોપિયનો અને મુસ્લિમ પોલીસ જવાબદાર હતા; તા. ૩૧મીની લૂંટ સરકારની નજર તળે અને પોલીસની ઉશ્કેરણીને આભારી હતી; હેતુ હિંદુઓને ડરાવવાનો હતો.

૨. આધાર નં. ૧૭૪માં આની તા. ૬ છે.

૩. લંડનમાં સમવાય તંત્ર સમિતિની બેઠક શરૂ થઈ. પરસ્પર સત્કારનાં ભાષણો થયાં. પછી બેઠક ૧૪મી સુધી મુલતવી રાખવામાં આવી.

૪. મિસરના એક લશ્કરી અમલદારે ગાંધીજીને એક ચોળી આપી અને એ પહેરવા કહ્યું. આ માહિતી આધાર નં. ૧૭૪માંથી લીધી છે.

૫. એ આ જ આગબોટમાં સાથી પ્રવાસી હતા.

૬. બ્રિટિશ સરકારે ગાંધીજી માટે મોકલેલા છૂપી પોલીસના બે માણસો (ઈવાન્સ અને રોજર્સ) અહીંથી સાથે થયા.

બકરીના દૂધનો એક ડબો, ૭ લંગોટીઓ અને ટુવાલ, અને મારી આબરૂ—જેની બહુ કિંમત હશે નહિ ! ● છાપા વાળાઓએ પૂછ્યું 'તમે આ લંગોટી પહેરીને લંડનમાં ફરશો ?' જવાબ—'તમે તમારા દેશમાં Plus fours[1] પહેરો છો, હું Minus fours પસંદ કરું છું.[2] ● એડમંડ પ્રિવેટ અને પત્નીનો પરિચય થયો. ● વિદ્યાર્થીઓની સભા.

૧૨ પેરીસ : હિંદી વેપારીઓ મળવા આવ્યા. ⇕ બુલોં ⇕ 'બિઆ રિટ્રઝ' આગબોટમાં ફોકસ્ટોન.[3] ⇕ લંડન : ૮૦ માઈલની મુસાફરી મોટરમાં કરીને આવ્યા.[4] ● સ્વાગત સંમેલન; સ્થળ યુસ્ટનમાં ફ્રેન્ડ્ઝ મીટીંગ હાઉસ; પ્રમુખ લૉરેન્સ હાઉસમૅન; ગાંધીજીએ જવાબ ભોંય પર બેસીને આપ્યો. ● સરઘસ આકારે ઉતારે ગયા; સ્થળ ઈસ્ટ ઍન્ડમાં આવેલું કિંગ્સલી હૉલ.[5]

૧૩ લંડન: ન્યુ યોર્કના પાદરી જ્હૉન હેન્સ હોમ્સ જે ગાંધીજીના ભક્ત

---

૧. ગૉલ્ફ રમનાર માટે સીવવામાં આવતા પોણિયા પાટલૂન માટે દરજીઓએ યોજેલો શબ્દ. આ પાટલૂનની લંબાઇ ઢીંચણ નીચે ચાર ઇંચ જેટલી રાખવામાં આવે છે.

૨. દેશપરદેશનાં છાપાંવાળાઓએ મનફાવતા સમાચાર મોકલ્યા. એકે લખ્યું :- ગાંધી તો એટલા દયાળુ છે કે પાસે રહેતી બિલાડીને એ પોતાની સાથે સુવાડે છે. બીજાએ લખ્યું :- અંગ્રેજોને ગાળોજ દે છે; કોઈ એનો સત્કાર કરતું નથી તેથી એનું મોઢું ઊતરી ગયું છે અને ક્રોધથી ધૂંધવાય છે; કાપડ વિલાયતીજ વાપરે છે-દેશી તો દેખાવ ખાતર જ છે !

૩. આધાર નં. ૭૯ના પાના ૮૪માં ડોવરનો ઉલ્લેખ છે પણ એ ભૂલ છે.

૪. આટલી લાંબી મુસાફરી મોટરમાં કરવાની ગોઠવણ બ્રિટિશ સરકારે એટલા માટે કરી હતી કે જેથી રલવે સ્ટેશને લોકો તરફના સ્વાગતને ટાળી શકાય. મોટરમાં સરકારી માણસો હતા પણ ગાંધીજીના સાથી પૈકી કોઇ નહોતા. એમને રેલગાડીમાં લાવવામાં આવ્યા હતા.

૫. કુમારી મ્યુરિયલ લેસ્ટરના ભાઈ કિંગ્સલે લેસ્ટર પહેલા વિશ્વયુદ્ધમાં મરાયા હતા. એમની યાદમાં આ સંસ્થા સ્થાપવામાં આવી હતી. સંસ્થાના પ્રાણ મ્યુરિયલે ગાંધીજીને અહીં ઉતરવાની ગોઠવણ તા. ૯-૯-૩૧ ના રોજ પાકી કરી લીધી હતી. આ સંસ્થા લંડનના ગરીબોના વસવાટ સ્થળમાં આવેલી છે. (જુઓ તા. ૨-૧૦-૨૯)

હતા તે મળવા આવ્યા.[1] ● જયકર, સપ્રુ, વિઠ્ઠલભાઈ પટેલ મળવા આવ્યા. ● અમેરિકાને સંબોધતું વાયુ પ્રવચન કર્યું.[2] ● ફિલ્મ ઉતારનાર એક કંપનીની માગણી નકારતા કહ્યું :–એક ગાંડીઘેલી પ્રેમકથા અને એક ખૂન એ બેની વચ્ચે મારે મુકાવું નથી. ● જયકર–સપ્રુ તરફથી રાખેલા ખાણાના મેળાવડામાં હાજર ● વડા પ્રધાન તથા સમવાય તંત્ર સમિતિના ચેરમેન લૉર્ડ સેંકીની મુલાકાત.

૧૪ લંડન : સમવાય તંત્ર સમિતિની બેઠકમાં હાજર; ચેરમેને આવકાર્યા; ગાંધીજીને મૌનવાર હતો.

૧૫[3] લંડન : હિંદી વજીર સર સેમ્યુઅલ હોરને મળ્યા. ● સમવાય તંત્ર સમિતિની બેઠકમાં પ્રવચન; ● ચર્ચીલના પુત્ર અને અમેરિકાના યુનાઇટેડ પ્રેસ એસોસિયેશનના પ્રમુખ મળવા આવ્યા.[4]

૧૬[5] લંડન : બેઠકમા હાજર. ● મજૂર પક્ષના સભ્યો સમક્ષ પ્રવચન; સ્થળ હાઉસ ઑફ કૉમન્સની કમિટીરૂમ.

૧૭ લંડન : બેઠકમાં હાજર; સરકારને પૂછ્યું–તમારી શું દરખાસ્તો છે એ અમને જણાવો.

૧૮ લંડન : બેઠકમાં હાજર.

---

૧. એકાદ દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૨. આધાર નં. ૭૬ના પાન ૧૪૮ ઉપરની નોંધ મુજબ આવી રેકર્ડ ઉતારવા દીધી એને ગાંધીજીએ ભૂલ માની હતી.

૩. (૧) પિકાડેલી થિયેટરમાં, નેલ્સન કીઝ નામના માણસે ગાંધીજી ઉપર રચેલું એક ગીત ગાવા સામે સરકારે પ્રતિબંધ ફરમાવ્યો.

(૨) નૅશનલ લિબરલ કલબે ગાંધીજીને હંગામી સભ્ય તરીકે ચૂંટયા.

(૩) આ અરસામાં 'માંચેસ્ટર ગાર્ડિયને' છાપી માર્યું–ગાંધીએ લંગોટી પહેરવાનું છોડી દઈ પાયજામો પહેરી લીધો છે.

૪. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૫. મીદનાપુર હિજલી અટકાયતી જેલમાં રાખેલાઓ ઉપર સરકારે અમાનુષી ગોળીબાર કરી મોત નિપજાવ્યાં અને એમને ઘાયલ કર્યા; સમય રાતના સાડા નવ.

૧૯૩૧-સપ્ટેમ્બર

૧૯ લંડન : મિસ ડોરીસમા[1] બાલમંદિરની મુલાકાત. ● જયકર-સપ્રુએ ગોઠવેલા મેળાવડામાં હાજર. ● બ્રેઈલ્સ્ફર્ડ પતિ-પત્ની મળવા આવ્યા.

૨૦[2] આર્ડમોર : હાવર્ડને મળવા ગયા; હૉરેસ એલેક્ઝાન્ડર તથા બીજાઓ હાજર હતા.

૨૧ લંડન ઉતારો, સમવાય તંત્ર સમિતિની બેઠકના સ્થળથી બહુ દૂર (લગભગ ૮ માઇલ) હતો તેથી એની નજીકમાં (નાઇટ્સ બ્રિજમાં) એક ફ્લૅટ ભાડે રાખી ત્યાં ચાલુ કામકાજ કરવા માંડયું. ● સમિતિની બેઠકમાં હાજર.

૨૨ લંડન : બેઠકમાં હાજર અને બોલ્યા. ● ચાર્લી ચેપ્લીન સાથે મુલાકાત; સ્થળ ડૉ. કાતિયાલનું ઘર.

૨૩ લંડન : બેઠક ચાલુ. ● 'સ્વેચ્છાએ સ્વીકારેલી ગરીબાઈ' ઉપર પ્રવચન; સ્થળ ગિલ્ડ હાઉસ ● પાર્લમેન્ટના સભ્યો સમક્ષ પ્રવચન; સ્થળ કમિટીરૂમ.

૨૪ લંડન : આગાખાન અને ઝીણા સાથે મસલત. ● બેઠકમાં હાજર.

૨૫[3] લંડન : લૉર્ડ ઇરવિનને મળવા ગયા, સવારે સાડા દસ વાગ્યે. ● બેઠકમાં હાજર.

૨૬[4] સ્પ્રીંગ વેઇલ ગાર્ડન વિલેજ; ગ્રીનફિલ્ડ મિલ ઈન્સ્ટીટયૂટ; હેઝફાર્મ એડલ્ટ સ્કૂલ અને ગેસ્ટ હાઉસ ⇕ વેસ્ટ બેડફર્ડ (લેંકેશાયરમાં).

---

૧. મ્યુરિયલ લેસ્ટરનાં બહેન.

૨. મધરાતથી વિલાયતની સરકારે સોનાનું ધોરણ છોડી દીધું.

૩. હિજલી ગોળીબારના વિરોધમાં, કલકત્તામાં, ટાગોરના પ્રમુખપદે જાહેર સભા.

૪. (૧) નૉટિંગહામના એક કેદખાનામાં, એફ. ડે નામના એક માણસ કેદીઓ સમક્ષ 'મહાત્મા ગાંધી' વિશે ભાષણ આપવાના હતા.

(૨) સાયકલો બનાવનાર રજ-વ્હિટવર્થ નામની પેઢી તરફથી, ગાંધીજીના વપરાશ માટે એમને એક સાયકલ ભેટ આપવા ઇચ્છા દર્શાવવામાં આવી હતી. એને જવાબ—'મારે તો નથી જોઈતી; પણ ભેટ આપી શકો તો કિંગ્સલી હૉલને આપો.' પેઢીએ એ પ્રમાણે મોકલી, તેમજ આશ્રમ માટે પણ એક સાઈકલ મોકલી.

૧૯૩૧-સપ્ટેમ્બર—ઑક્ટોબર

૨૭ વેસ્ટ બેડફર્ડ : મિલ કામદારોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.[૧]

૨૮[૨] લંડન : ગોળમેજી પરિષદમાંના મુસ્લિમ સભ્યો સાથેની ચર્ચામાં, ડૉ. અનસારીની હાજરી માટે આગ્રહ કર્યો; પણ કોઈએ એ કાને ધર્યો નહિ. ● લઘુમતિ સમિતિની બેઠકમાં હાજર.

૨૯ લંડન : સર સેમ્યુઅલ હોર સાથે ચર્ચા.

૩૦ લંડન : હિંદી વિદ્યાર્થીઓના મેળાવડામાં હાજર-પ્રશ્નોત્તર; સ્થળ રૅમ્બ્રન્ટ રૂમ. ● વડા પ્રધાનની મુલાકાત લીધી. ● હિંદી વેપારી મંડળ તરફથી માનપત્ર; સ્થળ મેટ્રોપોલ હૉટલ; પ્રમુખ એરૂલકર. ● મૌન પ્રાર્થનામાં હાજર.

ઑક્ટોબર

૧[૩] લંડન : વડા પ્રધાન સાથે ચર્ચા. ● લઘુમતિ સમિતિની બેઠકમાં હાજર. ● હિંદીઓ તરફથી વર્ષગાંઠ નિમિત્તનો સમારંભ;[૪] સ્થળ ગિલ્ડ-હાઉસ; પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ-માનપત્ર અને થેલી. ● ઑકસફર્ડ હાઉસ સેટલમેન્ટમાં પ્રવચન. ● મહેરબાબા સાથે મુલાકાત.[૫]

૨[૬] : બિન-સરકારી લઘુમતી સમિતિની સભામાં પ્રમુખપદે. મુસલમાન, દલિત વર્ગ, હિંદી ખ્રિસ્તી, ઍંગ્લો ઇન્ડિયન, યુરોપિયન, શીખ વગેરે માટે ખાસ પ્રતિનિધિત્વની માગણીની દરખાસ્ત. ગાંધીજી,

---

૧. ગાંધીજી આમ લોકસંપર્ક સાધે એ, બ્રિટિશ સરકારને ગમતી વાત નહોતી.

૨. સાયકલ કંપનીએ જવાબ આપ્યો-'એમને પણ આપીશું. અને તેમને પણ એક આપીશું કે જે તમે હિંદ પાછા જાવ ત્યારે વાપરી શકો.' આ ભેટ સ્વીકારવામાં આવી.

૩. શિકાગોની ન્યુ ઓરિએન્ટ સોસાયટીએ ગાંધીજીને એમના સભ્ય તરીકે ચૂંટ્યા.

૪. વર્ષગાંઠ બીજે દિવસે હતી.

૫. એકાદ દિવસનો ફેર હોવાનો સંભવ છે.

૬. નાર્વેની શાકાહારી મંડળીએ ગાંધીજીને એમના માનાર્હ સભ્ય બનાવ્યા.

મુસલમાન અને શીખ સિવાયનાને માટે વિરુદ્ધ. પણ ઠરખાસ્ત વધુમતીથી પસાર. ● ગાંધી જયન્તી—ગાંધી સોસાયટી અને ઈન્ડિયન કૉંગ્રેસ લીગના આશ્રયે મળેલી સભામાં પ્રવચન; પ્રમુખ ફેનર બ્રોકવે. ● ગાંધી સોસાયટી તરફથી એક જૂના અંગ્રેજ ચરખાની ભેટની જાહેરાત કરવામાં આવી. ● હિંદી સ્ત્રીઓની સભામાં પ્રવચન; થેલી; પ્ર. શ્રીમતી બ્રિજલાલ નહેરુ. ● લેડી એસ્ટર મળવા આવ્યાં.

૩ લંડન : લઘુમતી સમિતિની બેઠકમાં પ્રમુખપદે. ● 'સિમલા હાઉસ'ની મુલાકાત.[૧] ⇕ કૅંટરબરી : ઉતારો ધર્માધ્યક્ષ ડીન જૉનસનને ત્યાં. ● એન્ડ્રૂઝ રહેતા હતા ત્યાં ગયા.

૪ કૅંટરબરી : સાંજની પ્રાર્થનામાં હાજર.

૫[૨] લંડન : લઘુમતી સમિતિની પેટા સમિતિમાં પ્રવચન.

૬ લંડન : ફેલોશીપ કલબમાં પ્રવચન. ● હિંદી કચેરીમાં ચર્ચા. ● લૉર્ડ ઈરવિનના માનમાં સર બી. એન. મિત્ર તરફથી યોજવામાં આવેલા મેળાવડામાં હાજર.

૭ લંડન : મૅડમ મૉંટેસ્સોરી મળવા આવ્યાં. ● હિંદી પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● લઘુમતી પેટા સમિતિમાં પ્રવચન.

૮[૩] લંડન : લઘુમતી પેટા સમિતિની બેઠકમાં જાહેર કર્યું કે પ્રતિનિધિત્વ અંગે મડાગાંઠ પડી છે. ● આયર્લૅન્ડના શૉ ડેસ્મૉન્ડ મળવા આવ્યા. ● આંતરરાષ્ટ્રીય મિશન મંડળ સમક્ષ પ્રવચન; સમય સાંજના ૭.

---

૧. અહીં મીરાંબહેનનાં માતુશ્રીનું અવસાન થયું હતું.

૨. હિંદી સરકારના હોમ મેમ્બર સર જેમ્સ ક્રેરારનાં પત્ની જે આ વખતે વિલાયતમાં હતાં તેમણે ગાંધીજીને એક પત્ર લખી પોતાના પુત્ર માટે એમના હસ્તાક્ષર માગ્યા. ગાંધીજીએ એ મોકલી આપ્યા.

૩. આધાર નં. ૧૭૪ના પાના ૫૧ ઉપર આજની તારીખમાં નીચે મુજબનો પ્રસંગ નોંધ્યો છે :—સને ૧૮૫૭ના 'બળવા' વખતે હિંદીઓને લૂંટીને મેળવેલા ઝવેરાતમાંથી પોખરાજનો એક હાર, લૂંટનારના વારસના કુટુંબની સ્ત્રીઓ, પશ્ચાત્તાપ તરીકે, ગાંધીજીને ભેટ આપવા આવી. ગાંધીજીએ ભેટ સ્વીકારી.

૧૯૩૧—ઑક્ટોબર

૯ લંડન : સમવાય તંત્ર સમિતિમાં પ્રવચન.

૧૦ ચિચેસ્ટર.[1]

૧૧ ચિચેસ્ટર ⇕ બેન્ગલોર : 'માંચેસ્ટર ગાર્ડિયન'ના માજી તંત્રી સી. પી. સ્કૉટને મળવા ગયા ⇕ ચિચેસ્ટર : દેવળમાં પ્રાર્થનામાં હાજર. ● ધર્મગુરુ સાથે ચર્ચા.

૧૨ લંડન : નૅશનલ લેબર ક્લબ તરફથી સન્માન સમારંભ; સ્થળ કૅક્સ્ટન હૉલ, પ્રમુખ હૅન્ડર્સન.

૧૩ લંડન : London Group of African Native Affairsના મંત્રી એફ. એસ. લીવી-નોબલ્સ મળવા આવ્યા. ● સમવાય તંત્ર સમિતિની બેઠકમાં હાજર. ● હિંદી વિદ્યાર્થીઓ તરફથી સન્માન સમારંભ; સ્થળ ગાવર સ્ટ્રીટ; પ્રમુખ સર ઈવર્ટ ગ્રિવ્ઝ.

૧૪ લંડન : સર સૅમ્યુઅલ હોરે બોલાવેલા ગૃહસ્થો સાથે લશ્કરી સંબંધી મસલત. ● ઝીણા સાથે ચર્ચા. ● કોમી સમાધાન અંગે લૉર્ડ સૅંકીએ ગાંધીજી તથા બીજાઓ સાથે ચર્ચા કરી. ● સમવાય તંત્ર સમિતિની બેઠકમાં હાજર તથા નાણા સમિતિના હેવાલની ચર્ચામાં ભાગ લીધો.

૧૫ લંડન : વાતચીત :– (૧) સર સૅમ્યુઅલ હોર સાથે અને (૨) જયકર સપ્રુ સાથે. ● સમવાય તંત્ર સમિતિની બેઠકમાં હાજર. ● જુદા જુદા દેશના વિદ્યાર્થીઓની સભામાં પ્રવચન; સમય રાતના પોણા આઠ.

૧૬ લંડન : સમવાય તંત્ર સમિતિની બેઠકમાં પ્રવચન. ● અમેરિકન પત્રકારોના ખાણા સમારંભમાં હાજર; સ્થળ સૅવૉય હોટેલ; યજમાનોએ કેરી પીરસી. ● હિંદી કચેરીની મુલાકાત. ● દારૂબંધીની સભામાં પ્રવચન; પ્રમુખ લૉર્ડ રૉચેસ્ટર.

૧૭ લંડન : દુનિયાને આધ્યાત્મિક સંદેશો આપતું પ્રવચન ગ્રામોફોન કંપનીએ રેકર્ડ કર્યું;[2] અરધા કલાકના પાંચ હજાર પૌંડ કમાઈ લીધા ! ⇕ નોટિંગહામ : વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સમક્ષ પ્રવચન. ⇕ બરમીંગહામ : ઉતારો વુડબ્રુક વસાહતમાં.

---

૧. વિલાયતના પાદરીઓ તૈયાર કરવાની કૉલેજનું સ્થળ.

૨. આધાર નં. ૪૨ના વૉ. ૩૭ના અનુ. નં. ૩૮૯ મુજબ તા. ૨૦ છે, પણ એ ભૂલ છે.

૧૯૩૧—ઑક્ટોબર

૧૮ બરમીંગહામ : ક્વેકર મિત્રોની મુલાકાત. એમાં મુખ્ય હતા હૉરેસ ઍલેક્ઝાન્ડર. ● ધર્મગુરુને મળ્યા. ● માનસિક અને નૈતિક દૃષ્ટિએ અશક્ત બાળકોની શાળાની મુલાકાત. ● હિંદીઓની મુલાકાત; સ્થળ ડૉ. પારધીનું ઘર.

૧૯ બરમીંગહામ. ⇕ લંડન : ચર્ચા—(૧) ગોળમેજી પરિષદમાંના શીખ પ્રતિનિધિઓ સાથે, અને (૨) દેશી રાજાઓ સાથે, સ્થળ ક્લેરીજ હોટલ.[૧]

૨૦ લંડન[૨] : સમવાય તંત્ર સમિતિની બેઠક. ● સર સેમ્યુઅલ હોર સાથે ચર્ચા. ● કૅંટરબરીના આર્ચબિશપની મુલાકાત લીધી; સમય સાંજે સાડા પાંચ; સ્થળ લૅમ્બેથ મહેલ. ● ઉમરાવો અને શેઠ સોદાગરોની સભામાં પ્રવચન. ● Royal Institute of International Affairsની સભા સમક્ષ પ્રવચન; સમય રાતના સાડા આઠ; સ્થળ ચૅથામ હાઉસ; પ્રમુખ લૉર્ડ લોધિયન.

૨૧ લંડન : મુલાકાતો લીધી :—(૧) માજી વાઇસરૉય લૉર્ડ ઇરવિનની તથા (૨) કર્નલ મૅડૉકની.[૩] ● સમવાય તંત્ર સમિતિના બેઠક. ● પાદરીઓની સભા; પ્રમુખ ઇંગ્લાંડના ધર્માધ્યક્ષ. ● કુચ બિહારનાં રાણીને મળવા ગયા.

૨૨ લંડન : સમવાય તંત્ર સમિતિની બેઠક. ● સર મિરઝાં ઈસ્માઈલ, સપ્રુ વગેરે સાથે ચર્ચા. ● બિકાનેર નરેશની પાર્ટીમા હાજર.

૨૩ લંડન : સપ્રુ વગેરે સાથે લશ્કર વિશે ચર્ચા. ● સમવાય તંત્ર સમિતિની બેઠકમાં પ્રવચન. ● આઈલીંગ્ટન ડેરી[૪] તરફથી ભરવામાં આવેલા ખેતી–પ્રદર્શનની મુલાકાત; સમય સાંજ. ⇕ ઈટન : લૉર્ડ ઈરવિનના બીજા પુત્ર પિટર વૂડને (જે ત્યાં ભણતા હતા, તેમને) એમના નિમંત્રણથી મળ્યા. ● વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

---

૧. 'ઇન્ડિયન રિવ્યુ'ના ૧૯૩૧ના નવેમ્બર માસના અંકના પાના ૭૫૨ ઉપર આની તા. ૨૦ જણાવી છે.

૨. આજે મહાદેવભાઇ વગેરેએ વર્ઝવૂડ સ્ક્રબ્સ જેલની મુલાકાત લીધી.

૩. જુઓ તા. ૧૨–૧–૨૪.

૪. ગાંધીજી માટે જોઇતું દૂધ આ સંસ્થાની બકરીઓનું મોકલવામાં આવતું હતું. જે બકરીને સૌથી પહેલું ઇનામ મળ્યું તેનું નામ LUCILLE હતું. આજે તેનું નામ 'મહાત્મા ગાંધી' પાડવામાં આવ્યું.

૧૯૩૧—ઑકટોબર

૨૪ ઇટન. ⇕ શિનફિલ્ડ[1] : રિસર્ચ ઇન્સ્ટીટયૂટમાં કર્નલ મૅડૉકને મળ્યા. ● ઍલેકને[2] ઘેર ભોજન લીધું. ⇕ ઑક્સફર્ડ : હિન્દી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ.

૨૫ ઑકસફર્ડ : પ્રો. મરે, સેડલર (? સ્લેટર)[3] વગેરેની મુલાકાત. ● ફાધર એલ્વિનની માતા સાથે મુલાકાત. ● સર હેન્રી લૉરેન્સ સાથે સ્ત્રીઓના મતાધિકાર અંગે ચર્ચા. ● રસ્કીન સોસાયટીમાં પ્રવચન. ● વિદ્યાર્થીઓ સાથે ચર્ચા. ● રોડ્ઝ સ્કૉલરો સાથે વાર્તાલાપ; સ્થળ રેલે કલબ.[4]

૨૬ લંડન : સપ્રુની મુલાકાત. ● સમવાય તંત્રની સમિતિની બેઠક.

૨૭ લંડન : એ જ બેઠક. ● પોલકને ત્યાં ગયા.[5]

૨૮[6] લંડન : સમવાય તંત્ર સમિતિની બેઠક. ● દુનિયાભરના મૉંટેસ્સોરી પદ્ધતિથી શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સભામાં પ્રવચન; પ્રમુખ મૅડમ મૉંટેસ્સેરી, સ્થળ યુનિવર્સિટી હોટલ. (? હૉસ્ટેલ)

૨૯[7] લંડન : ચર્ચા :–(૧) સપ્રુ સાથે અને (૨) સર બેસિલ બ્લૅકેટ સાથે.

૩૦ લંડન : શાકાહારી સંસ્થા તરફથી આપવામાં આવેલા બપોરના ખાણામાં હાજર; સ્થળ ગ્રોવનોર હાઉસ હોટલ;[8] દારૂના નહિવત્

---

૧. અગર સ્પ્રિંગફિલ્ડ હોય.

૨. મીરાંબેનના મામા. ગાંધીજીએ રાખેલી ડાયરીમાં 'કાકા' લખ્યું છે પણ એ ખરેખર મામા હતા.

૩. ડૉ. ગિલબર્ટ મરે, ડા. ગિલ્બર્ટ સ્લેટર.

૪. આધાર નં. ૪૨ના વો. ૪૮ના અનુ. ૧૫૦ અને ૧૫૧ મુજબ આની તા. ૨૪મી જણાવી છે પણ એ ભૂલ છે.

૫. જુઓ તા. ૧૩-૧૧-૧૬ની પાદટીપ.

૬. એલ. જી. દુરનો નામના ઢાકાના યુરોપિયન મૅજીસ્ટ્રેટ ઉપર ગોળીબાર; પોલીસના અત્યાચારો શરૂ થયા.

૭. (૧) વાઇસરૉયે, Bengal Criminal Law Ordinance બહાર પાડી, ગમે એને પકડવાની સત્તા પોલીસને આપી.

(૨) કલકત્તાના યુરોપિયન એસોસિયેશનના પ્રમુખ મિ. વિલીયર્સ ઉપર ગોળીબાર.

૮. બીજા એક આધારમાં ડૉરચેસ્ટર હોટલ છે. પ્રમુખ સ્થાને ડા. જોશિઆ ઓલ્ડફીલ્ડ હતા.

અર્કવાળા સફરજનનો રસ પીધો. ● Commonwealth of India League સમક્ષ પ્રવચન; બંગાળનો ઑર્ડિનન્સ વખોડ્યો. ● સમ્રાટ્ જ્યૉર્જ તા. ૫-૧૧-૩૧ના રોજ રાખેલા સત્કાર સમારંભનું નિમંત્રણ મળ્યું.

૩૧ લંડન : ક્વેકર મિત્રોની મુલાકાત; સ્થળ ફ્રેન્ડ્ઝ હાઉસ[1]. ● વલ્લભભાઈને તાર :–દમન વગેરેથી હતાશ થયો છું, પણ અહીંનું કામ છોડવું ઠીક નથી; થોડુંક રોકાણ યુરોપમાં થશે; તમારો અભિપ્રાય આપો. ● કેંબ્રીજ.

નવેમ્બર

૧[2] કેંબ્રીજ : સભા અને ચર્ચા, સ્થળ પેમ્બ્રોક કૉલેજ. ● ઍન્ડ્રૂઝની પુરાણી કોટડી જોઈ. ● હિંદી વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

૨ લંડન : સમવાય તંત્ર સમિતિની બેઠક. ● માલવિયાજીને મળ્યા. ● જીવરાજ, બમનજી વગેરે મળવા આવ્યા.

૩[3] લંડન : ચર્ચા–(૧) વિલાયતના વડાપ્રધાન; (૨) હિંદી વજીર, (૩) અલી ઈમામ (૪) બમનજી વગેરે સાથે.●આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના મેળાવડામાં.

૪ લંડન : હિંદી તબીબી મંડળ તરફથી સ્વાગત સમારંભ; સ્થળ સ્વામી રૅસ્ટોરાં. ● ગોળમેજી પરિષદના સભ્યો સાથે ચર્ચા. ● સમવાય તંત્ર સમિતિની બેઠક.

---

૧. કાર્લ હીથ સંસ્થાના મંત્રી હતા.

૨. દક્ષિણ હિંદમાં આવેલા ગુરુવાયુર મંદિરમાં હરિજનોના પ્રવેશ માટે સત્યાગ્રહ શરૂ થયો.

૩. તા. ૩૧-૧૦-૩૧ના તારના જવાબમાં વલ્લભભાઈએ જણાવ્યું–સ્થિતિ કથળતી જાય છે; અંગત અભિપ્રાય એવો છે કે તમે પાછા આવો કારણ, ત્યાં કાંઈ વળવાનું નથી. તા. ૭મીએ વર્કીંગ કમિટીની બેઠક છે. એનો અભિપ્રાય જાણ્યા પછી છેવટનું જણાવીશ.

૧૯૩૧—નવેમ્બર

૫ લંડન : સમ્રાટ્ જ્યોર્જે ગોઠવેલા સત્કાર સમારંભમાં હાજર; સમય સાંજના ચાર; સ્થળ બંકીંગહામ મહેલ; ગાંધીજી ઉઘાડા માથે અને લંગોટીમાં હતા અને શરીરે એમણે શાલ ઓઢેલી હતી.[1] ● ટપાલીઓના મંડળ સમક્ષ પ્રવચન.

૬ લંડન : બર્નાર્ડ શૉ અને એમનાં પત્ની મળવા આવ્યાં. ● સપ્રુ વગેરે મળ્યા.

૭ ઑક્સફર્ડ : તાઃ ૨-૧૦-૩૧ના રોજ જાહેર થયેલ ભેટ (ચરખો) આવી.[2] ● માલ્કમ મૅકડોનલ્ડ, લૉર્ડ લોધિયન વગેરે સાથે ચર્ચા.

૮[3] ઑક્સફર્ડ : આખો દિવસ ચર્ચાઓ.

૯ લંડન : પુરુષોત્તમદાસની પાર્ટીમાં. ● રામેશ્વરદાસને ત્યાં પ્રાર્થના અને ખાણું. ● Fellowship of Reconciliation સમક્ષ પ્રવચન; સ્થળ ફ્રેન્ડઝ હાઉસ; પ્રમુખ રેવ. જેમ્સ ફ્રેઝર. ● યુરોપમાંથી નિમંત્રણો મોકલનારને તાર કરી દીધા–હિંદમાંની કટોકટીભરી સ્થિતિને કારણે યુરોપનો પ્રવાસ રદ કર્યો છે. ● રેજીનલ્ડ રેનોલ્ડ્સ[4] મળવા આવ્યા.

૧૦ લંડન : લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સ ઍન્ડ પોલીટીકલ સાયન્સના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન. ● સપ્રુ સાથે ચર્ચા.

૧૧ લંડન : ચર્ચા–સર મિરઝાં ઈસ્માઈલ અને માલવિયાજી સાથે. ● લેડી એસ્ટરને મળવા ગયા. ● રેડ ક્રોસ લીગની સ્ત્રીઓની સભામાં. ●

---

૧. તા. ૩૦-૧૦-૩૧ની નિમંત્રણ પત્રિકામાં જણાવ્યું હતું કે Morning Dress પહેરીને આવવું. ગાંધીજીએ જવાબમાં જણાવ્યું હતું કે અમે અમારા ચાલુ પોશાકમાં આવીશું.

૨. આધાર નં. ૨૭૧માં તા. ૮ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૩. મુંબઈમાં મળેલી વર્કીંગ કમિટીએ ચિત્તાગોંગમાં સરકારે કરેલા અત્યાચારો, બેંગાલ ઓર્ડિનન્સ, યુરોપિયનોના ખૂન વગેરે વખોડયાં; અને 'તમારા ત્યાં વધુ રોકાવાથી કાંઇ લાભ થવાની અમને આશા નથી; છતાં તમે સ્થળ પર છો એટલે યોગ્ય લાગે તે કરશો. અહીંની સ્થિતિ દિન-પ્રતિદિન બગડતી જાય છે' એ મતલબનો તાર ગાંધીજીને મોકલવા ઠરાવ્યું.

૪. જુઓ તા. ૨-૩-૩૦.

૧૯૩૧–નવેમ્બર

૧૨ લંડન : ચર્ચાઓ–(૧) માલવિયાજી, (૨) સર સેમ્યુએલ હોર અને (૩) ડૉ. સ્ટેન્લી રીડ સાથે.

૧૩ લંડન : સ્મટ્સ મળવા આવ્યા. ● આગાખાન અને લૅન્સબરી સાથે વાતચીત Commonwealth of India Leagueની કારોબારી અને પાર્લમેન્ટરી કમિટી સાથે મસલત. ● વેસ્ટ મિનિસ્ટર સ્કૂલમાં ચર્ચા. ● 'ન્યુઝ ક્રોનિકલ'ના પ્રતિનિધિને મુલાકાત આપી. ● હિંદી વજીર સાથે ચર્ચા. ● લઘુમતિઓની પેટા સમિતિમાં જાહેર કર્યું—દલિત કોમો માટે અલગ મતાધિકારનો હું મારા જીવના જોખમે સામનો કરીશ.

૧૪ લંડન : લૉર્ડ ઈરવિનને મળ્યા. ● વેજવૂડ બેન, લી-સ્મિથ, આગાખાન, ડૉ. મુંજે અને માલવિયાજી સાથે ચર્ચા.

૧૫ લંડન : શ્રી નિવાસ શાસ્ત્રી, માલવિયાજી અને હિંદી વજીર સાથે મસલત. ● મુસ્લિમ સભ્યો સાથે ચર્ચા.

૧૬ લંડન : લઘુમતી સમિતિની બેઠકમાં. ● લૉર્ડ રીડિંગ સાથે મસલત.

૧૭[૧] લંડન : સમવાય તંત્ર પેટા સમિતિની બેઠકમાં બોલ્યા–હિંદમાં આજે જે લશ્કર છે તે અમને દબાવવા માટે છે;[૨] લશ્કર ઉપર અમારો કાબૂ હોવો જોઈએ ● વડા પ્રધાન સ્મટ્સ, લૉર્ડ લોધીઅન અને લેડી ઍસ્ટરને મળ્યા.

---

૧. (૧) બ્રિટિશ સરકારે, આજે, ગોળમેજી પરિષદના સભ્યોને પાર્ટી આપી; ગાંધીજી એમાં હાજર નહોતા રહ્યા.

(૨) રેવ. ફ્રેડ ફિશર નામના એક અમેરિકન પાદરી જે ગાંધીજીને આ અગાઉ મળ્યા હતા તેમણે અમેરિકાની મુલાકાત લેવા ૧૨૦ ડૉલર ખરચીને ગાંધીજીને તાર કર્યો. ગાંધીજીએ જવા અશક્તિ દર્શાવી. ખરચ અંગે બોલ્યા 'આ ઠીક નહિ. આટલા પૈસા ઍટલાંટિક મહાસાગરમાં નાખવાને બદલે એનો વધુ સદુપયોગ થઇ શક્યો હોત.'

૨. Army of Occupation.

૧૯૩૧—નવેમ્બર

૧૮ લંડન : સમવાય તંત્ર પેટા સમિતિની બેઠકમાં હાજર.[1] ● Women's India Councilના આશ્રયે મળેલી સભામાં પ્રવચન; સ્થળ મોરલે કૉલેજ. ● રેડ ક્રોસના કાર્યકર્તાઓ સમક્ષ પ્રવચન. ⇕ ચર્ટ : લૉઇડ જ્યૉર્જને મળવા ગયા; ચાર કલાક રોકાયા; રાત્રે એક વાગ્યે નીકળ્યા ત્યારે આખું—કુટુંબ નોકરો સુદ્ધાં–વળાવા આવ્યા.[2]

૧૯ લંડન : સમવાય તંત્ર પેટા સમિતિની બેઠકમાં આગલા દિવસે યુરોપિયનોએ જે માંગણી મૂકી હતી તેના જવાબમાં જણાવ્યું-આવી કોઈ બાંયધરી આપી શકાય નહિ; અલબત એટલી બાંયધરી જરૂર આપી શકાય કે જાતિ કે ધર્મના કારણે કોઈનેય ખોટા લાભ નહિ અપાય. ● ફ્રેનર બ્રૉકવેને મળ્યા.

૨૦ લંડન : કેટલીક મુલાકાતો. ● શાકાહારીઓની સભામાં; સમય રાતના સાડા સાત; સ્થળ ચેલસી ટાઉન હૉલ.

૨૧ લંડન : ચર્ચાઓ–(૧) સર જ્યૉર્જ શુસ્ટર, (૨) પુરૂષોત્તમદાસ, (૩) બ્રહ્મદેશના નેતાઓ વગેરે સાથે. ● વલ્લભભાઈને તાર–પરિસ્થિતિની માહિતી આપો. ● વાઈસરૉયને તાર-વલ્લભભાઈ જે

---

૧. આ બેઠકમાં 'હિંદમાંના અમારા હકો સંરક્ષિત રહેવા જોઈએ' એ મતલબની માંગણી હિંદમાંના યુરોપિયનોએ મૂકી.

૨. આ મુલાકાત અંગે માંચેસ્ટર ગાર્ડિયને નીચેની વાત કહી–ગાંધીજી આવવાના હતા એના થોડા દિવસ અગાઉથી એક અજાણી બિલાડી આમના ઘેર રોજ આવે અને એક સ્થળે બેસે. એને કાઢી મૂકવામાં આવે તો પણ એ ફરી આવે અને ત્યાં જ બેસે. ગાંધીજી આવ્યા ત્યારે લૉઈડ જ્યૉર્જે આ વાત કાઢી અને કહ્યુ 'તમે અત્યારે જ્યાં બેઠા છો ત્યાં જ એ આવીને બેસતી!' એ જ વખતે એ બિલાડી બારીમાંથી આવી અને ગાંધીજીના ખોળામાં બેસી ગઇ. ગાંધીજી ગયા ત્યાં સુધી એ ત્યાં જ બેઠી રહી અને પછી એ દેખાઈ જ નહિ !

આની વધુ વાત આગળ આવશે.

જવાબ આપે તેમાં કાપકૂપ કર્યા વિના મોકલવાની ગોઠવણ કરવા વિનંતિ છે.

૨૨ લંડન : મળવા આવ્યા:—રેન્ડૉલ્ફ ચર્ચીલ અને સેન ગુપ્તા. ● માલવિયાજીને ત્યાં ચર્ચા.

૨૩ લંડન : પોલકને મળ્યા.

૨૪ લંડન : વડાપ્રધાન, લૉર્ડ સેંકી, હિંદી પ્રધાન, સપ્રુ તથા લી-સ્મિથ સાથે ચર્ચા. ● સાયકલ બનાવનાર રજ-વ્હિટવર્થ તરફથી મોકલવામાં આવેલા કેટલૉગમાંથી આશ્રમ માટેની સાયકલ પસંદ કરી. ● તા. ૨૧મીએ કરેલા તારનો વલ્લભભાઈ તરફથી જવાબ મળ્યો—સ્થિતિ સ્ફોટક છે; બંગાળ વગેરે સ્થળોમાં દમનરાજ ચાલે છે; ત્યાંના યુરોપિયનો વધુ સખતાઈ કરવા માટે દબાણ કરે છે. વગેરે. વગેરે. ● આની નકલ હિંદી વજીરને મોકલી.

૨૫ લંડન : હિંદી વજીરની મુલાકાત લીધી. ● સમવાય તંત્ર પેટા સમિતિની બેઠકમાં બંગાળના મામલા વિશે માહિતી આપી અને કહ્યું—તમે બંગાળાને છૂટું પાડવા માગો તો એ બનશે નહિ; ત્યાં લશ્કરી દેખાવો કરવાથી કોઈ ડરશે નહિ; હિંસાવાદીઓ હિંસા કરતા અટકશે નહિ અને કૉંગ્રેસ પોતાના અહિંસક માર્ગમાંથી ચળશે નહિ. ● સર મિરઝા ઈસ્માઈલ અને ડૉ. આંબેડકર સાથે ચર્ચા. ● કેથલિક દેવળમાં હાજર.

૨૬ લંડન : સમવાયતંત્ર પેટા સમિતિની બેઠક. ● લૉર્ડ ઈરવિનને મળ્યા. ● દીપચંદ ઝવેરીને ત્યાં ગયા.

૨૭ લંડન : હિંદી વજીર અને લેન્સબરીને મળ્યા. ● ભંડારીને ત્યાં ગયા.

૨૮ લંડન : ગોળમેજી પરિષદની બેઠક; પ્રમુખપદે વડા પ્રધાન. ● હિંદી વજીર સાથે મુલાકાત; એમણે બાદશાહનો ઉપકાર માનવાના ઠરાવની વાત કાઢી. ગાંધીજીએ કહ્યું એ ઠરાવ કરવાનો હશે તો હું હાજર રહી શકીશ નહિ. ● લેન્સબરી સાથે મુલાકાત.

૧૯૩૧–નવેમ્બર—ડિસેમ્બર

૨૯ લંડન : કેટલીક મુલાકાતો.

૩૦[1] લંડન : Commonwealth of India Leagueની સભામાં પ્રવચન. ● ગોળમેજી પરિષદની બે બેઠકો—બીજી મધરાત સુધી પૂરી ન થઈ.

ડિસેમ્બર

૧ લંડન : બેઠક સવારે અઢી વાગ્યે પૂરી થઈ. વિલાયતના વડા પ્રધાને છેવટની વાતો કહી. ગાંધીજીએ એમનો ઉપકાર માનતાં કહ્યું–મને તો લાગે છે, આપણી વચ્ચે ઉગ્ર મતભેદો છે અને મેળ ખાવાનું શક્ય નથી. ● ક્વેકર પત્રકારો સમક્ષ પ્રવચન. ● ગોળમેજી પરિષદની છેલ્લી બેઠક; ગાંધીજીએ વડા પ્રધાનનો આભાર માન્યો. ● વડા પ્રધાને, પોતે લખેલું Wanderings and Excursions નામનું પુસ્તક ભેટ આપ્યું. ● માલવિયાજી, સપ્રુ તથા હિંદી વજીર સાથે ચર્ચા.

૨ લંડન : તબિયત નરમ. ● ક્વેકરોની મૌન પ્રાર્થનામાં.

૩ લંડન : લૉર્ડ લોધીઅન સાથે ચર્ચા. ● કૉમન વૅલ્થ ઑફ ઇન્ડિયા લીગના વિદાયના સમારંભમાં ચર્ચા મધરાત સુધી ચાલી.

૪ લંડન : કિંગ્સલી હૉલ બહાર વૃક્ષારોપણ. ● વડા પ્રધાન અને હિંદી પ્રધાનની મુલાકાત. ● હિંદી પ્રધાને કહ્યું—વડા પ્રધાનના તથા મારા વક્તવ્યનો એવો અર્થ નથી કે સલામતીઓ વિશે ચર્ચાનાં દ્વાર બંધ થાય છે. ઊલટું, હવે પછી નિમાનાર કારોબારી સમિતિ આ પ્રશ્નો અંગે તેમજ આર્થિક બાબતો અંગે જે વલણ અપનાવશે તેના ઉપર સંપૂર્ણપણે વિચાર કરવામાં આવશે. ● ઍગથા હેરિસનને કહ્યું—હિંદ અને બ્રિટન વચ્ચેના સંબંધો સારા રહે એ મુજબ કામ કરજો.

---

૧. વાઇસરૉયે, તા. ૨૯–૧૦–૩૧ના ઑર્ડિનન્સને પૂરક નવો ઑર્ડિનન્સ બહાર પાડ્યો–કોઇપણ માણસને ગમે એ વખતે પકડી ગમે એટલો વખત જેલમાં પૂરી દઈ શકાય.

૧૯૩૧-ડિસેમ્બર

૫[1]લંડન : અંધ જ્હોન મોરિસની મુલાકાત લીધી. ● થી નીકળ્યા સવારે નવ વાગ્યે.[2] ⇕ પેરીસ : સાંજે આવ્યા.[3] ● હિંદીઓ તરફથી સ્વાગત અને સભા. ● જાહેર સભામાં પ્રવચન અને પ્રશ્નોત્તર; સ્થળ ડાન્સ હૉલ. ● મૅડમ લુઈસે ગુઈસેને ત્યાં રાત રહ્યા.[4]

---

૧. વિલાયતના વસવાટ દરમિયાન :—

(૧) છબીઓ દોરવા દેવાની અને પૂતળાં બનાવવા દેવાની માગણીઓ અનેક વ્યક્તિઓ તરફથી આવી હતી. મિસિસ ક્લેર શેરડીને, સિસ ક્લેર લેટને, જે. ડેવિડસને વગેરેએ એમની અર્ધમૂર્તિ બનાવી હતી. એમની ટૉકી ફિલ્મ ઉતારવા દેવા પણ માગણી થઈ હતી.

(૨) એક વખત ઝીણાને જમવા નોતર્યા. ગાંધીજીના ગરીબ નિવાસ-સ્થાન ઈસ્ટ ઍન્ડમાં આવવું એમને ફાવે એમ નહોતું. એટલે એમની સગવડ ખાતર ફૅશનેબલ વેસ્ટ ઍન્ડમાં ગોઠવ્યું, અને એમને માંસ અને મદિરા પીરસવામાં આવ્યાં.

(૩) યુનાઈટેડ સ્ટેટ્સ આફ અમેરિકામાંથી અને યુરોપના ઘણા દેશોમાંથી–ખાસ કરીને જર્મની, નૉર્વે, સ્વિડન, ઑસ્ટ્રીયા, પોલૅંડ, હંગરી અને ડેન્માર્કમાંથી–એ દેશોની મુલાકાત લેવા માટે અનેક નિમંત્રણો આવ્યાં હતાં. શૈલેન્દ્ર ઘોષે તો પોતાની બે પુત્રીઓને આ માટે ખાસ, અમેરિકાથી લંડન મોકલી હતી. પણ, સાથે સાથે અમેરિકાથી કેટલાક મિત્રોના એવા કાગળો પણ આવ્યા હતા કે તમે આવશો નહિ; અહીંના લોકો તમે શું કહેશો એ સમજવા માટે નહિ પણ તમને અને તમારા વેશને જોવા કુતૂહલભર્યા ભેગા થશે. કેટલાક આમાંથી પોતાનો સ્વાર્થ સાધશે; એઓ મોટા તમાશા કરશે અને પૈસા કમાશે. જર્મની ન જવા માટે પણ ચેતવણીઓ આવી હતી–ખાસ કરીને રાજદ્વારી કારણોસર. ગમે તેમ પણ ગાંધીજીએ આ મુસાફરીઓનો વિચાર માંડી વાળ્યો. હિંદમાંની સ્ફોટક પરિસ્થિતિને કારણે પણ કદાચ આમ કર્યું હોય.

૨. એક ધાબળો અને એક બૅગ લંડન ભૂલી આવ્યા હતા, જે પાછળથી મળી આવ્યાં હશે.

૩. આધાર નં. ૮૯ના પાના ૧૪૪ ઉપર સવારના સાડા ત્રણ લખ્યા છે પણ એ મુદ્રણદોષ લાગે છે.

૪. 'મુલાકાતીઓના દરોડાથી અમને દખલ થઈ હતી' એ મતલબની ફરિયાદ, આ બાઇ જે ઘરમાં રહેતી તેના ભાડૂતોએ, ગાંધીજી ઉપર અને યજમાન બાઇ ઉપર મૂકી. ગાંધીજી યુરોપના વતની નહિ હોવાથી એમના ઉપરની ફરિયાદ કાઢી નાખવામાં આવી. યજમાન ઉપરની ફરિયાદનું શું થયું એ માહિતી મળી નથી.

૧૯૩૧—ડિસેમ્બર

૬ પેરીસ. ⇕ વીલેનેવ : ઉતારો રોમાં–રોલાં સ્ટેશને આવકાર આપવા હાજર. ઉતારો એમને ત્યાં.

૭ વીલેનેવ : સેમ્યુઅલ હોરને પત્ર લખી, એમણે તા. ૪થીએ જે કહ્યું હતું તે કાગળ ઉપર મૂક્યું.

૮ વીલેનેવ. ⇕ લોઝાન : આંતરરાષ્ટ્રીય કાર્યકરોની ખાનગી સભા; સ્થળ પિપલ્સ હૉલ. ● કામદારોની સભા; સ્થળ એ જ. ● જાહેર સત્કાર; સ્થળ એ જ. ⇕ વીલેનેવ.

૯[1] વીલેનેવ : મીરાંબહેનની ઓળખાણવાળી એક ગરીબ બાઈને ત્યાં ગયા; બાઈ હાથે કાંતે અને વણે. ● આંતરરાષ્ટ્રીય આરોગ્ય ભુવનની મુલાકાત.

૧૦ વીલેનેવ. ⇕ જીનીવા : શિયોં નિશાળમાં પ્રવચન. ● જાહેર સભા; સમય બપોર; સ્થળ વિક્ટોરિયા હૉલ.

૧૧[2] વીલેનેવ : સર કાવસજી મળ્યા. ● થી નીકળ્યા ત્યારે યજમાને એક નાનકડી ડબી ભેટ આપી. સ્ટેશને વિદાય આપવા આવ્યા. ● મિલાન.

૧૨[3] રોમ : ઉતારો–ત્રણ જણનો જનરલ મૉરિસને ત્યાં, બાકીનાનો હૉટલમાં.

---

૧. ઈમામસાહેબ અબ્દુલ કાદર બાવઝીરનું સાબરમતી આશ્રમમાં અવસાન, બપોરે સાડા ત્રણ વાગ્યે.

૨. ગાંધીજી અહીં રહ્યા તે દરમિયાન—

(૧) રોમાં રોલાં અને એમની વચ્ચે રોજ વાતો—ચર્ચાઓ થતી અને એકબીજા પાસેથી હૂંફ મેળવતા.

(૨) પૂનાવાળા ડૉ. જયશંકર ત્રિવેદીના પુત્ર મનુભાઈ મળવા આવ્યા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

(૩) 'હિંદના રાજા' ના ખોરાક વિશે બધી ગોઠવણ અમને કરવા દો એવી માગણી દૂધવાળાના મંડળે કરી હતી.

(૪) આધાર નં. ૭૯માં પા. ૨૯૬ થી ૨૯૮—એવી નોંધ છે કે અહિંસા, લશ્કરી નોકરી વગેરે અંગેનાં ગાંધીજીના સ્પષ્ટ વક્તવ્યથી અહીંની સરકાર અને છાપાં એટલાં ખળભળી ઊઠયાં હતાં કે બીજે દિવસે નીકળવાનું એમનું નક્કી ન હોત તો એમને હદપાર કરવા વિચારાયું હોત.

૩. નડિયાદમાં દસમી ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન શરૂ થયું.

૧૯૩૧-ડિસેમ્બર

● પોપ મળી શકે એમ નથી એવો પત્ર આવ્યો. ● વેટીકન (પોપનગર) જોયું. ● મુસોલિનીની મુલાકાત લીધી, સમય સાંજે ૭,

૧૩[૧] રોમ : ટૉલ્સ્ટોયની પુત્રી સીનોરા આલ્બર્ટીની મળવા આવી. ● ૭ થી દસ વર્ષ સુધીનાં બાળકોને લશ્કરી તાલીમ આપતા કેન્દ્રની મુલાકાત. ● અફઘાનિસ્તાનના માજી રાજા અમાનુલ્લાના મંત્રી મળવા આવ્યા. ● ઈટલીના વિદેશ પ્રધાન સ્કાર્પા તરફથી મેળાવડો. ● ઈટલીની શાહજાદી મેરિઆ મુલાકાતે આવી, અને સાંજની પ્રાર્થનામાં હાજર રહી. ● થી નીકળ્યા.[૨]

૧૪ બ્રિંડીઝી : ઇતિહાસ અને કલામંડળ તરફથી ગોઠવેલા સમારંભમાં હાજર. ● ગાંધીજીને ઇ. સ. પૂર્વે પાંચમી સદીમાં બનાવેલા પ્યાલામાં દૂધ આપ્યું.[૩] ● ઇવાન્સ અને રોજર્સ જેમને ગાંધીજીની વિનંતિથી, બ્રિટિશ સરકારે અહીં સુધી આવવા દીધા હતા તે અહીંથી વિલાયત પાછા ફર્યા.[૪] છૂટા પડતી વખતે ગાંધીજીએ કહ્યું–'તમારી સેવાની કિંમત આંકી જાય એમ નથી. પૈસા તો મારી પાસે નથી. તમને શું આપું ? જવાબ મળ્યો–:અમને ઘડિયાળો આપો. એમાં તમારું નામ કોતરાવજો. અમારાં

---

૧. કુમિલ્લામાં સુનીતિ ચૌધરી અને શાંતિ ઘોષ નામની બે સ્ત્રીઓએ ગોળીઓ મારી મેજિસ્ટ્રેટ સી. જી. બી. સ્ટીવન્સનું ખૂન કર્યું.

૨. (૧) ઈટલીના એક પત્રકારે એવી મતલબનો સંદેશો મોકલ્યો કે ગાંધી કહે છે કે હિંદ પહોંચ્યા પછી હું ઈંગ્લાંડ સામેની લડત ફરી શરૂ કરીશ. વગેરે, વગેરે. ગાંધીજીએ આવું કહ્યું નહોતું.

(૨) સીનેટર ગીઓવાની જેન્ટાઈલ તરફથી ભાષણ માટે આવેલું નિમંત્રણ 'ફાસીઝમ અંગે બોલે તો વાંધો ન હોય તો' સ્વીકાર્યું. એમના તરફથી જવાબમાં જણાવવામાં આવ્યું કે સીનેટરને અચાનક કામ આવી પડવાથી એ રોમમાં હશે નહિ !

૩. ઈટલીમાં બધી મુસાફરી મફત કરવાની ગોઠવણ ત્યાંની સરકારે કરી હતી. રેલવે ગાડીમાં પહેલાં વર્ગનાં બે ખાનાંઓ ગાંધીજી અને સાથીઓ માટે રાખવામાં આવતાં હતાં.

૪. આ બે માણસો બ્રીટીશ સરકારના છૂપી પોલીસના માણસો હતાં. તા. ૪-૧૧-૩૧થી ગાંધીજી સાથે હતાં. તેમના અંગે બ્રિટિશ સરકારને ત્રણસો પાઉન્ડનું ખરચ થયું હતું.

૧૯૩૧-ડિસેમ્બર

છોકરાંનાં છોકરાંઓ એક અમૂલ્ય વારસા તરીકે એ સાચવશે.'
ગાંધીજી–'જરૂર, અને તે પણ ઈંગ્લાંડની બનાવટનાં જ મોકલીશ.'
● થી નીકળ્યા, આગબોટ 'પિલ્સાના'માં.

૧૫[1] બોટ પર સર રુસ્તમ મસાણી સાથે ચર્ચા.
૧૬ રસ્તામાં.
૧૭ પોર્ટ સૈયદ : હિંદી વેપારીઓ તરફથી સ્વાગત.
૧૮ સુએઝ.[2]
૧૯ થી ૨૧ રસ્તામાં.
૨૨[3] એડન.
૨૩ રસ્તામાં.
૨૪ રસ્તામાં : મેરી બારનો પરિચય થયો.
૨૫ થી ૨૭[4] રસ્તામાં.

---

૧. આનંદભવન અને સ્વરાજભવનની જડતી લેવામાં આવી.

૨. કૈરોમાંના હિંદી વેપારીઓ તરફથી તથા મિસરના નેતા નહાસ પાશા તરફથી કૈરો આવવા માટે ગાંધીજીને નિમંત્રણ મળ્યાં હતાં; પરંતુ આગબોટ કંપનીએ જણાવ્યું કે આગબોટ સુએઝ બંદરે રોકાવાની નથી; એટલે કૈરોની મુલાકાત માંડી વાળવી પડી. હકીકતમાં, બ્રિટિશ સરકારના દબાણથી કંપનીએ આવું કહ્યું હતું. બાકી ખરેખર, આગબોટ, સુએઝ બંદરે રોકાઈ જ હતી.

૩. (૧) જવાહરલાલ નહેરુ પર હુકમ–તમારે અલાહાબાદની હદ છોડવી નહિ.

(૨) સરહદ પ્રાંતમાં નવા સુધારા દાખલ કરવા માટે ગવર્નરે બોલાવેલા દરબારમાં, ખાન અબ્દુલ ગફારખાન, નિમંત્રણ છતાં ગયા નહિ. એ એમનો વાંક ગણવામાં આવ્યો.

૪. દરમિયાન—

(૧) તા. ૨૫મીએ ખાન અબ્દુલ ગફાર ખાનની ધરપકડ કરવામાં આવી.

(૨) તા. ૨૬મીએ જવાહરલાલ નહેરુની અલાહાબાદથી ૧૧ માઈલ ઈરાદટગંજ સ્ટેશને ધરપકડ કરવામાં આવી. એ ગાંધીજીને લેવા મુંબઈ આવતા હતા.

(૩) તા. ૨૭મીએ બપોરથી મૌન લીધું. સાધારણ રીતે ત્રણ વાગ્યાથી લેતા હતા.

૧૯૩૧—ડિસેમ્બર; ૧૯૩૨—જાન્યુઆરી

૨૮ મુંબઈ : આવ્યા, ઉતારો મણિભુવનમાં. ● પત્રકારોની મુલાકાત. ● હરિજનોની અનેક સંસ્થાઓ તરફથી માનપત્ર—એમાં ક. મા. મુનશીની પણ સહી હતી. ● ભાષણ, સ્થળ આઝાદ મેદાન. ● **Welfare of India League** ના સભ્યો સમક્ષ પ્રવચન; સમય રાતના દસ; સ્થળ હોટલ મેજેસ્ટિક.

૨૯ મુંબઈ : હિંદુસ્તાન સેવાદળની સેવિકાઓ સમક્ષ પ્રવચન. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● વાઈસરૉયની મુલાકાત માગતો તાર કર્યો. ● સુભાષચંદ્ર બોઝ સાથે મસલત.

૩૦ મુંબઈ : ઇવાન્સ અને રોજર્સ માટે ઉત્તમ બનાવટનાં ઈંગ્લિશ બનાવટનાં ઘડિયાળો ખરીદી મોકલવા માટે તાકીદ કરી–'આપણે પકડાઈ જઈએ એ પહેલાં આ કામ પતવવું જોઈએ.' ● વર્કીંગ કમિટીની બેઠક. ● સ્ત્રી સેવાદળ સમક્ષ પ્રવચન; સ્થળ માટુંગા. ● સર ચીનુભાઈની ખબર કાઢવા ગયા. ● જયપ્રકાશ નારાયણ સાથે મસલત.

૩૧ મુંબઈ : વાઈસરૉય તરફથી ૨૯મીના તારનો જવાબ આવ્યો–દેશમાં જે પગલાં ભરવામાં આવ્યાં છે તે વિલાયતની સરકારની સંમતિથી ભરવામાં આવ્યાં છે. તમારી સાથે ચર્ચા કરવાની જરૂર નથી. ● વર્કીંગ કમિટીની બેઠક; સત્યાગ્રહ શરૂ કરવાનો નિર્ણય. ● લેડી નૉર્થકોટ અનાથાશ્રમની મુલાકાત લીધી; સમય સાંજ. ● માંદા સરલાદેવી સારાભાઈની ખબર કાઢવા ગયા. ● વાઈસરૉયને તાર[1]–ફરીથી વિચાર કરવા વિનવું છું.

૧૯૩૨-જાન્યુઆરી

૧ મુંબઈ : વાઈસરૉયને કરેલા તારની ખબર, છાપાંવાળાને સવારે બે વાગ્યે આપી. ● કાપડના, સોનાના અને બીજા અનેક વેપારીઓ તથા ગોળમેજી પરિષદમાંના યુરોપિયન પ્રતિનિધિઓ મળવા આવ્યા. ● ભૂલાભાઈ સાથે ચર્ચા ● વર્કીંગ કમિટીએ ઠરાવ કર્યો–સરકારે પોતાના કૃત્યોથી ગાંધી-ઇરવિન કરારનો ભંગ કર્યો છે; એ પોતાની નીતિ ન બદલે તો સત્યાગ્રહની લડત ચાલુ રાખવી, પણ એમાં સાધનો શુદ્ધ અને અહિંસક હોવાં જોઈએ, અને ત્યાગની વૃત્તિ હોવી જોઈએ; દારૂ અને પરદેશી કાપડની ચોકી ચાલુ રાખવી; હિંસક કૃત્યો જરાય હોવાં જોઈએ નહિ. વગેરે. વગેરે.

---

૧. આ તાર ૧૨૦૦થી વધુ શબ્દોનો હતો.

૧૯૩૨—જાન્યુઆરી

૨ મુંબઈ : Welfare of India Leagueનું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું:[1] ● મહેરબાબા આવ્યા. ● વાઈસરૉય તરફથી, તા. ૩૧મીના તારનો જવાબ નકારમાં આવ્યો. ● માંદા ભત્રીજા વેણીલાલની ખબર કાઢી.

૩ મુંબઈ : વાઈસરૉયને તાર—તમે મને સાંભળવાની પણ ના પાડી છે; અમારા માટે હવે, લડત ચાલુ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ● અનેક બિન-કૉંગ્રેસી નેતાઓ—સર પુરુષોત્તમદાસ, સર કાવસજી, ફિરોઝ શેઠના, જયકર વગેરે—આવ્યા, અને હમણાં મુંબઈ ન છોડવા વિનંતિ કરી. કહે 'અમે વાઈસરૉય સાથે સંદેશા ચલાવીએ છીએ.' ગાંધીજીએ વિનંતિ સ્વીકારી.

૪[2] મુંબઈ : સવારે ત્રણ વાગ્યે ધરપકડ કરવામાં આવી—સને ૧૮૨૭ના રેગ્યુલેશન નં. ૨૫ મુજબ.[3] ⇕ યરોડા જેલ.

૫ થી ૧૧[4] યરોડા જેલ.

---

૧. આ સંસ્થાના પ્રમુખ સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ અને મંત્રી સર રૂસ્તમ મસાણી હાજર હતા.

૨. (૧) સરદાર વલ્લભભાઈની ધરપકડ કરવામાં આવી.

(૨) જવાહરલાલને બે વર્ષની કેદ અને રૂ. ૫૦૦નો દંડ, દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા કરવામાં આવી.

(૩) સરકારે ચાર નવા ઑર્ડિનન્સ બહાર પાડયા.

(૪) સરકારે કૉંગ્રેસ સંસ્થાઓને ગેરકાયદે જાહેર કરી, પણ કૉંગ્રેસને અને એના વાવટાને ગેરકાયદે જાહેર કર્યાં નહિ !

૩. (૧) આ એમની પાંચમી ધરપકડ હતી.

(૨) તા. ૪-૫-૩૦ના રોજ પણ આ જ કાયદા મુજબ ધરપકડ કરવામાં આવી હતી.

(૩) 'ભૂલચૂક થઈ હોય તો માફ કરજો' કહી કસ્તૂરબાએ વિદાય આપી.

૪. દરમિયાન—(૧) તા. ૫મીએ વિદ્યાપીઠને ગેરકાયદે જાહેર કરી અને તા. ૧૦મીએ એનો કબજો લીધો.

(૨) તા. ૭મીએ મહાદેવભાઈ અને કાકા કાલેલકરની ધરપકડ થઈ.

(૩) તા. ૯મીએ માનવેન્દ્ર નાથ રૉયને બાર વર્ષની દેશનિકાલની સજા ફરમાવવામાં આવી (જુઓ તા. ૨૧-૭-૩૧ની પાદટીપ.)

(૪) તા. ૧૦મીએ 'નવજીવને' જાહેર કર્યું કે સરકાર ગમે તે દિવસે ઘા કરે; કરશે ત્યારે છપાતું બંધ થશે પણ હસ્તલિખિત નીકળશે; લોકોએ એની નકલો કરી વહેંચવી.

(૫) ગાંધીજી ઉપર આવેલો એક કાગળનો સરકારે નાશ કર્યો.

૧૯૩૨—જાન્યુઆરી

૧૨ યરોડા જેલ : કાગળો લખવાની રજા મળી.

૧૩[૧] યરોડા જેલ : વાઇસરૉયને લખવાના કાગળનો મુસદ્દો ઘડવા માંડયો.

૧૪ યરોડા જેલ : કાગળ પૂરો કર્યો.

૧૫ થી ૨૨[૨] યરોડા જેલ.

૨૩ યરોડા જેલ : ઑર્ડિનન્સોની રૂએ મળેલી સત્તાનો સરકારના અધિકારીઓએ કરેલા દુરૂપયોગના દૃષ્ટાંતો આપી મુંબઈના ગવર્નરને વિનંતિ કરી કે આ બધું રોકો અને સુધારો, કે જેથી અંતે કોઈ પક્ષને એવું કહેવાનો વખત ન આવે કે સામા પક્ષે બધું દુષ્ટતાથી કર્યું હતું.

૨૪ યરોડા જેલ : અઠવાડિયામાં એક મુલાકાત લેવા રજા મળી.

૨૫ થી ૩૧[૩] યરોડા જેલ.

---

૧. (૧) સરકારે નવજીવન છાપખાનાનો અને સ્વરાજ ભવનનો (અલાહાબાદ) કબજો લીધો.

(૨) ગોળમેજી પરિષદની કમિટીઓના સભ્યોનાં નામ જાહેર થયાં.

૨. દરમિયાન—

(૧) તા. ૧૫મીએ કસ્તૂરબાને છ અઠવાડિયાંની સજા કરવામાં આવી.

(૨) તા. ૨૦મીએ સાબરમતી આશ્રમ પર સરકારે દરોડો પાડયો.

૩. દરમિયાન—

(૧) તા. ૨૭મીએ મુંબઈ સરકારે, અટકાયતમાં રાખેલાઓના વર્ગીકરણને લગતા નિયમો બહાર પાડયા.

(૨) તા. ૨૭મીએ વિલાયતમાં ભાષણ કરતાં, લૉર્ડ ઇરવિને, લૉર્ડ વિલીંગ્ડનની પીઠ થાબડી અને કૉંગ્રેસનો વાંક કાઢયો.

(૩) સ્ટીવન્સનું ખૂન કરવા માટે બંને સ્ત્રીઓને ૨૭મીએ જન્મ દેશનિકાલની સજા ફરમાવવામાં આવી, (જુઓ તા. ૧૩-૧૨-૩૧ની પાદટીપ).

(૪) વિલાયતમાં હિંદ વિષે તા. ૨૯મીએ બોલતાં, હિંદી વજીર સર સેમ્યુઅલ હોરે કહ્યું-'કૂતરાંઓ ભલે ભસે, વણઝાર તો ચાલતી જ રહેશે.'

૧૯૩૨ ફેબ્રુઆરી-માર્ચ

૧ થી ૪[1] યરોડા જેલ.

૫[2] યરોડા જેલ : જેલ અધિકારીને વિનંતિ કરી–સાથી સત્યાગ્રહી કેદી-ઓને મને મળવા દો.

૬ થી ૨૯[3] યરોડા જેલ.

માર્ચ

૧ યરોડા જેલ : જમણા હાથની કોણીમાં દુ:ખાવો; ડાબા હાથે લખવા માંડયું.

૨ થી ૧૦[4] યરોડા જેલ.

૧૧ યરોડા જેલ : હોરને પત્ર–હરિજનો માટે અલગ મતદાર મંડળ રચશો તો હું આમરણાંત ઉપવાસ કરીશ.[5]

૧૨ થી ૧૭[6] યરોડા જેલ.

૧૮ યરોડા જેલ : રાજદ્વારી બાબતો નહિ ચર્ચવાની શરતે, દર પખવાડિયે ત્રણ કેદીઓને મળવાની છૂટ મળી.[7]

---

૧. (૧) દરમિયાન તા ૨જીએ દેવદાસની ધરપકડ થઇ.

(૨) મહાદેવભાઇને પેરોલ પર છોડયા. એમણે પેરોલની શરતો ન પાળી, એટલે સાંજે ધરપકડ થઈ.

૨. મહાદેવભાઇને અમદાવાદમાં દોઢ વર્ષની સજા અને રૂાં. ૨૦૦નો દંડ.

૩. (૧) દરમિયાન તા. ૬ઠ્ઠીએ વીણાદાસે બંગાળના ગવર્નર પર ગોળી-બાર કર્યો; નિષ્ફળ ગયો. બાઇને ૧૬મીએ નવ વર્ષની સજા કરવામાં આવી.

(૨) તા. ૧૮મીએ મીરાં બહેનને ત્રણ માસની સજા થઈ.

૪. દરમિયાન—

(૧) માંદા વિઠ્ઠલભાઈ પટેલને બીજી તારીખે યરોડા જેલમાંથી મુંબઈ લાવી, હોસ્પિટલની હદ નહિ છોડવાની શરતે-સિવાય કે એ પરદેશ જાય-છોડયા; તા. ૫મીએ પરદેશ ગયા.

(૨) તા. ૫મીએ નવજીવન પ્રેસ પાછું સોંપ્યું.

(૩) તા. ૧૦મીએ મહાદેવભાઇને લાવીને ગાંધીજી સાથે રાખ્યા.

૫. જુઓ તા. ૧૩–૧૧–૩૧.

૬. (૧) દરમિયાન તા. ૧૫મીએ કસ્તૂરબાને ૭ માસની સજા અને રૂપિયા પચાસ દંડ અગર દોઢ માસની વધુ સજા થઈ.

(૨) તા. ૧૬મીએ ઇવાન્સ અને રોજર્સને ઘડિયાળો મળી ગયાની અને એ માટેની એમની કદરદાનીની ખબર આપી.

(૩) તા. ૧૭મીએ દક્ષિણ આફ્રિકાના સાથી મદનજીત મયાશંકર વોરાનું અવસાન થયું.

૭. જુઓ તા. ૫–૨–૩૨.

૧૯૩૨-માર્ચ થી મે

૨૫ યરોડા જેલ.

૨૬ યરોડા જેલ : સાથી સત્યાગ્રહી કેદીઓને ગાંધીજી લખી શકે એવી છૂટ મળી.

૨૭ થી ૩૧ યરોડા જેલ.

એપ્રિલ

૧ થી ૩૦[1] યરોડા જેલ.

મે

૧ થી ૧૭ યરોડા જેલ.

---

૧. દરમિયાન—

(૧) સરોજિની નાઈડુને તા. ૪થીએ લખેલા એક પત્રમાં મૌલાના શૌકતઅલીએ જણાવ્યું—પરદેશી કાપડની દુકાનો ઉપર ચોકીપેરો એટલે મુસલમાનોની દુકાનો ઉપર ચોકીપેરો !

(૨) દિલ્હીમાં, કૉંગ્રેસની બેઠક માટે તા. ૫મીએ જમીનની માગણી કરવામાં આવી, પણ સરકારે બેઠક જ ભરવા દેવા ના પાડી-કૉંગ્રેસ ગેરકાયદે જાહેર થઈ નહોતી છતાં. વરાયેલા પ્રમુખ પંડિત માલવિયાજીની તા. ૨૨મીએ ધરપકડ થઈ છતાં તા. ૨૪મીએ શેઠ રણછોડલાલ અમૃતલાલના પ્રમુખપદે બેઠક ભરાઈ. હાજર રહેલા સૌની ધરપકડ કરવામાં આવી.

(૩) તા. ૧૧-૩-૩૨ના પત્રનો હોરે ૧૪મીએ જવાબ આપ્યો— હજી અમે નિર્ણય લીધો નથી.

(૪) માનવસેવા માટે જગતના સર્વશ્રેષ્ઠ પુરુષ તરીકે ગાંધીજીને ચાંદ આપવાની વિધિ ન્યુયોર્કના કોમ્યુનીટી દેવળમાં તા. ૨૪મીએ થઈ. ગાંધીજી વતી, ચાંદ, દાંડીકૂચના એક સાથી, શ્રી હરિદાસ મજમુદારે સ્વીકાર્યો.

(૫) તા. ૨૮મીએ લંડનમાં કરેલા એક ભાષણમાં લૉર્ડ ઈરવિને ગાંધીજીને વખોડયા.

(૬) તા. ૩૦મીએ, મીદનાપુરના ડિસ્ટ્રીકટ મૅજીસ્ટ્રેટ મિ. ડગ્લાસ ઉપર ગોળીબાર થયો; સખત ઘાયલ થયા.

૧૯૩૨-મે-જૂન

૧૮ યરોડા જેલ : જેલમાંથી છૂટેલાં મીરાંબહેન ગઈ કાલે મુલાકાતે આવ્યાં હતાં પણ મળવા દીધાં નહોતાં એ વિશે લખ્યું-એને મુલાકાત ન મળે તો મારે બીજી મુલાકાતો જોઈતી નથી.

૧૯ થી ૨૮[1] યરોડા જેલ.

૨૯ યરોડા જેલ : ૧૮મીએ લખેલા પત્રનો જવાબ નહિ આવવાથી આજથી મુલાકાતો લેવાનું બંધ કર્યું.[2] ● ડાબા હાથની કૂણીના દુઃખાવાના કારણે આજથી કપડાં ધોવાનું બંધ કર્યું.

૩૦ થી ૩૧ યરોડા જેલ.

જૂન

૧ થી ૩[3] યરોડા જેલ.

૪ યરોડા જેલ : તા. ૧૮-૫-૩૨ના પત્રનો જવાબ એવી મતલબનો આવ્યો હતો કે મીરાંબહેન રાજકીય પ્રવૃત્તિ ચલાવે છે તેથી મુલાકાત લેવા દેવાય નહિ; એનો જવાબ :-આમ હોઈ શકે નહિ કારણ કે એમને ફક્ત ખાદીનું જ કામ કરવાનું કહેવામાં આવ્યું છે.

૫ થી ૩૦[4] યરોડા જેલ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૦મીએ બીપીન ચંદ્ર પાલનું અવસાન થયું.

(૨) તા. ૨૨મીના અરસામાં પોતાના પત્રોમાં તિથિ લખવાનો આગ્રહ છોડી દીધો અને બધા જ પત્રોમાં તારીખ લખવાનું શરૂ કર્યું.

૨. 'ઇન્ડિયન રિવ્યુ'ના ૧૯૩૨ના જુલાઈના અંકના પાના ૪૯૬ ઉપર આની તા. ૭-૬-૩૨ જણાવી છે. પણ ગાંધીજીની આ સમયની ડાયરી ઉપરથી અને એમણે મીરાંબહેનને લખેલા પત્ર ઉપરથી જણાય છે કે મુલાકાતો લેવાનું આજની બંધ કર્યું છે. આને પ્રમાણભૂત માન્યું છે.

૩. દરમિયાન તા. ૧લીએ સરકારે વર્ધા આશ્રમનો કબજો લીધો.

૪. દરમિયાન તા. ૮મીએ રેવ. ફ્રેડ ફિશરે લખેલું પુસ્તક જે એમણે ભેટ તરીકે મોકલ્યું હતું તેની ઉપર સરકારે પ્રતિબંધ મૂક્યો. (આધાર નં. ૨૭૪).

૧૯૩૨—જુલાઈ—ઑગસ્ટ

૧ થી ૨૩[1] યરોડા જેલ.

૨૪ યરોડા જેલ : પત્રવ્યવહારની ચકાસણી અંગે થતી અતિશય ઢીલ વિશે ફરિયાદ કરી.

૨૫ થી ૩૧[2] યરોડા જેલ.

ઑગસ્ટ

૧ થી ૧૬[3] યરોડા જેલ.

૧૭[4] યરોડા જેલ : વડા પ્રધાન રામસે મૅકડોનલ્ડે હરિજનો માટે અલગ મતદાર મંડળો સ્થાપવાનો ચુકાદો આપ્યો છે એવા સમાચાર આવ્યા.[5]

૧૮ યરોડા જેલ : વડાપ્રધાનને પત્ર—તમારા ચુકાદાની વિરુદ્ધમાં હું તા. ૨૦-૯-૩૨થી આમરણાંત ઉપવાસ પર ઉતરીશ.[6] જો સરકાર પોતાની મેળે, અથવા પ્રજામતને વશ થઈને આ યોજના રદ કરશે તો ઉપવાસ અટકશે. હું તો કેદી છું એટલે આ વાત બહાર પાડી શકું નહિ, પરંતુ લોકમત પર અસર પડે એ

---

૧. દરમિયાન-(૧) તા.૧લીએ ગોળમેજી પરિષદ બંધ કરવામાં આવી.

(૨) તા. છઠ્ઠીએ ડા. અનસારી છૂટયા અને તા. ૭મીએ પરદેશ ગયા. એ પહેલાં ગાંધીજીને મળવા દેવાની રજા માગી, પણ મળી નહિ.

(૩) સપ્રુ, જયકર અને નારાયણ મલ્હાર જોષીએ ગોળમેજી પરિષદની સલાહકાર સમિતિમાંથી તા. ૮મીએ રાજીનામાં આપ્યાં.

(૪) તા. ૯મીએ રાજાજી છૂટયા.

૨. દરમિયાન-(૧) તા. ૨૯થી પત્ર વ્યવહારની ચકાસણી અંગેના નિયમો સરકારે ઢીલા કર્યા.

(૨) લાખ રૂપિયાની ઈનામી રેંટિયાની હરીફાઈ બંધ કરવામાં આવી છે. એવી જાહેરાત તા. ૩૧મીએ કરવામાં આવી.

૩. (૧) દરમિયાન તા. ૧લીએ દેવદાસ છૂટયા.

(૨) તા. ૩જીએ ગાંધીજીના મિત્ર ડૉ. પ્રાણજીવનદાસ મહેતાનું રંગૂનમાં અવસાન થયું.

૪. મીરાં બહેનની મુંબઈમાં ધરપકડ થઈ.

૫. આવો ચુકાદો આપવાનો નિર્ણય બ્રિટિશ પ્રધાન મંડળે તા. ૪થીએ લીધો હતો પણ એ તા. ૧૬મીએ બહાર પાડવામાં આવ્યો.

૬. જુઓ તા. ૧૩-૧૧-૩૧ અને ૧૧-૩-૩૨.

માટે તમે એ બહાર પાડો એવી વિનંતી છે. સરકારે આ આખો પત્ર કેબલથી વિલાયત મોકલ્યો.

૧૯ થી ૨૫[1] યરોડા જેલ.

૨૬ યરોડા જેલ : જેલ ખાતાના વડા, ડૉઈલ આવ્યા અને બીજી બાબતોની સાથે ઉપવાસ વિશે પણ વાતો કરી. ● આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રાયની જયન્તી અંગે સંદેશો મોકલ્યો.

૨૭ થી ૩૧ યરોડા જેલ.

સપ્ટેમ્બર

૧ થી ૭ યરોડા જેલ.

૮ યરોડા જેલ : ડૉઈલ સાથે ઉપવાસ વિશે ફરી ચર્ચા.

૯ યરોડા જેલ : ૧૮-૮-૩૨ ના પત્રનો, વડા પ્રધાને તા. ૮મીએ તારથી આપેલો જવાબ આજે મળ્યો -અમારે આ પગલું ન છૂટકે અને તે પણ અસ્પૃશ્યોના લાભ માટે જ લેવું પડયું છે. આના જવાબમાં લખ્યું-તમારા ચુકાદાથી એમને લાભ છે અને મારા ઉપવાસથી એ લાભ એઓ ગુમાવશે એમ કહી તમે મારાં કથનોનો અવળો અર્થ કરો છો. તમારા ચુકાદાથી હિંદુ સમાજમાં ધીમું ઝેર રેડાય છે અને પરિણામે એ છિન્નભિન્ન થઈ જશે.

૧૦ થી ૧૪[2] યરોડા જેલ

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ મીરાંબહેનને એક વર્ષની સજા થઈ.

(૨) India League ના પ્રતિનિધિ મંડળને, ગાંધીજીને મળવા દેવાની, તા. ૨૫મીએ સરકારે ના પાડી.

૨. દરમિયાન તા. ૧૩મીએ ઉપવાસની વાત જાહેર થઈ ગઈ.

૧૯૩૨–સપ્ટેમ્બર

૧૫[1] યરોડા જેલ : આવતા ઉપવાસ વિશે મુંબઈ સરકારને નિવેદન મોકલ્યું, અને એ પ્રસિદ્ધ કરવા વિનંતી કરી.[2]

૧૬ યરોડા જેલ : ગૃહ પ્રધાનની જાહેરાતની જાણ થતાં તારથી ખબર આપી કે આ રીતે છૂટવા હું તૈયાર નથી.[3]

૧૭ યરોડા જેલ.

૧૮ થી ૧૯[4] યરોડા જેલ : ઘનશ્યામદાસ બિરલા, પુરુષોત્તમદાસ ઠાકોરદાસ વગેરે સાથે ચર્ચા—બંને દિવસો.

---

૧. વડી ધારાસભામાં ગૃહ પ્રધાને જાહેર કર્યું—ઉપવાસ શરૂ થતાં ગાંધીજીને બીજે સ્થળે ખસેડવામાં આવશે, અને ત્યાંથી એ બીજે ન જાય એટલો પ્રતિબંધ મૂકી એમને છોડી દેવામાં આવશે.

૨. પણ તા. ૨૧મી સુધી સરકારે એ પ્રસિદ્ધ ન કર્યું.

૩. આધાર નં. ૯૩ના ૧૯૩૨ના બીજા ભાગના પાના ૨૪૪ ઉપર આની તા. ૧૫ જણાવી છે પણ અસલ પત્રમાં ૧૬ છે એટલે એ સ્વીકારી છે.

૪. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ, અલાહાબાદમાં ૧૨ મંદિરો (જેમાંનું એક પંડિત માલવિયાજીની માલિકીનું હતું તે); અને અયોધ્યામાં બધાં મંદિરો હરિજનો સુદ્ધાં બધા હિંદુઓ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં.

(૨) તા. ૧૯મીએ, અમદાવાદમાં ડોશીવાડાની પોળમાં આવેલું શેઠ અંબાલાલ સારાભાઈની માલિકીનું અષ્ટાપદજીનું જૈન મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું.

(૩) તા. ૧૯મીએ મુંબઈમાં, માલવિયાજી, ડા. આંબેડકર વગેરેએ ચર્ચાઓ શરૂ કરી.

૧૯૩૨—સપ્ટેમ્બર

૨૦[1] યરોડા જેલ : ઉપવાસ શરૂ[2]. ● જેલ ખાતાના વડા આવ્યા અને સરકારે કરવા ધારેલું નિવેદન આપ્યું.[3] ● છાપાંના પ્રતિનિધિઓ સમક્ષ લંબાણથી નિવેદન કર્યું.

૨૧ થી ૨૨[4] યરોડા જેલ : ઉપવાસ ચાલુ. ● નેતાઓ સાથે ચર્ચા ચાલુ.

૨૩ યરોડા જેલ : ઉપવાસ ચાલુ, તબિયત બગડી. ● નેતાઓ સાથે ચર્ચા ચાલુ. ● પૂનાના વેપારીઓનું પ્રતિનિધિમંડળ ઉપવાસ છોડવાનું કહેવા આવ્યું.

૨૪[5] યરોડા જેલ : ઉપવાસ ચાલુ.

---

૧. (૧) ચર્ચા ચાલુ.

(૨) ગુરુવાયુરમાં આવેલું કૃષ્ણ મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવા કેલાપ્પને ઉપવાસ શરૂ કર્યા.

(૩) રત્નાગિરિ જેલમાં, અપ્પાસાહેબ પટવર્ધન ઝાડુ વાળવાનું વગેરે પ્રકારનું કામ કરતા હતા તે સરકારે બંધ કરાવ્યું હતું. એ કરવા દેવા માટે એમણે પરવાનગી માગી પણ સરકારે ના પાડી.

૨. (૧) આધાર નં. ૯માંના પત્ર ૮૮ નીચે પાદટીપમાં આની તા. ૨૨ જણાવી છે પણ એ બરાબર નથી.

(૨) આધાર નં. ૯ના પાના ૧૩૮ ઉપર તા. ૨૦-૯-૩૦ છપાયું છે એ મુદ્રણદોષ છે.

૩. આમાં સરકારે પાછલી વિગતો આપી; અને ઉમેર્યું—ગાંધીજીનો તા ૧૯મીનો તાર જોતાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે એ જ્યાં છે ત્યાં જ રહેશે અને આ પ્રશ્ન અંગે એમને જે કાંઈ વાટાઘાટો કરવી હશે તે કરવા દેવામાં આવશે.

૪. દરમિયાન (૧) ૨૧મીએ અમદાવાદના ચાર અગ્રગણ્ય નાગરિકોએ, ગાંધીજીનાં સગાંને એમની પાસે રહેવા દેવા, સરકારને પત્ર લખ્યો.

(૨) તા. ૨૨મીએ કસ્તૂરબાને સાબરમતી જેલમાંથી લાવીને ગાંધીજી સાથે રાખ્યાં.

૫. પૂનામાં નેતાઓ વચ્ચે સમજૂતી થઈ ગઈ; વિલાયત વડા પ્રધાનને કરવાનો તાર સરકારી મહેલે પહોંચાડયો :–ગાંધીજીને ખોવા કોઇને પાલવે એમ નથી; અમે સૌ સંમત થઈ વિનંતિ કરીએ છીએ કે આપનો ચુકાદો પાછો

૧૯૩૨-સપ્ટેમ્બર

૨૫[1] યરોડા જેલ : ઉપવાસ ચાલુ. ● India Leagueનું પ્રતિનિધિ મંડળ મુલાકાતે આવ્યું.

૨૬[2] યરોડા જેલ : ઉપવાસ છોડતાં પહેલાં જેલોના વડાને સ્પષ્ટતાથી કહ્યું :-મેં જેને માટે-હરિજનોના કલ્યાણ માટે-ઉપવાસ કર્યો હતો તેના અંગેનું કામ કરવા માટે એટલે કે તેના અંગેના પત્રવ્યવહાર અને મુલાકાતો માટે મને સંપૂર્ણ છૂટ હોવી જોઈએ. ● ઉપવાસ છૂટયા; કવિવર ટાગોર હાજર.

૨૭ યરોડા જેલ : કેલાપ્પનના ઉપવાસ વિશે (જુઓ તા. ૨૦-૯-૩૨ની પાદટીપ) ઝામોરીનને તાર કર્યો હતો તેનો જવાબ આવ્યો : સવર્ણ હિંદુઓની લાગણી દૂભવીને મારાથી મંદિર ખુલ્લુ મૂકી શકાય નહિ; ઉપવાસ મુલતવી રાખવા કેલાપ્પનને સલાહ આપો.

૨૮ યરોડા જેલ : ઉપવાસ થોડા માસ મુલતવી રાખવાની ઝામોરીનની સૂચના કેલપ્પનને તારથી જણાવી.

૨૯[3] યરોડા જેલ : જેલ અધિકારી તરફથી સમાચાર મળ્યા :-તા. ૨૦મીએ આપેલી છૂટ (જુઓ એ દિવસની પાદટીપ ૩) પાછી ખેંચી લેવામાં આવી છે.[4]

ખેંચો અને અમારી યોજના સ્વીકારો; હરિજનો માટે અલગ બેઠકો રહે પણ અલગ મતદાર મંડળ નહિ.

૧. આને મુંબઈમાં મળેલા સૌ નેતાઓએ બહાલી આપી.

૨. વડા પ્રધાને આ સમજુતી સ્વીકારી.

૩. કેલાપ્પનને ઝામોરીને તાર કર્યો :-તમે ઉપવાસ છોડશો (ગાંધીજીને એમણે કરેલા તારમાં ઉપવાસ મુલતવી રાખવાની વાત હતી !) તો બાજા ટ્રસ્ટીઓને પૂછી, કાયદેસર જે થઈ શકતું હશે તે કરીશ.

૪. કસ્તૂરબાને પણ ગાંધીજી પાસેથી કાઢયાં.

૧૯૩૨-સપ્ટેમ્બર-ઑક્ટોબર

૩૦[1] યરોડા જેલ : એની સામે વિરોધ કરતો પત્ર લખ્યો.

ઑક્ટોબર

૧ થી ૨[2] યરોડા જેલ.

૩ યરોડા જેલ : ઝામોરીનને તાર :–તમારા બોલ્યા મુજબ વર્તો અને મંદિર પ્રવેશને અંતરાયરૂપ બધી બાબતોનો નિકાલ કરો.

૪ થી ૬[3] યરોડા જેલ.

૭ યરોડા જેલ : શૌકતઅલીને જવાબ[4]:–હું તો હજી તમારા ખિસ્સામાં જ છું.

---

૧. (૧) All India Anti-Untouchability League નામની સંસ્થા સ્થાપવામાં આવી; પ્રમુખ ઘનશ્યામદાસ બિરલા, મંત્રી ઠક્કર બાપા. પાછળથી નામ બદલીને Servants of untouchables Society (હરિજન સેવક સંઘ) રાખ્યું.

(૨) કસ્તૂરબાને છોડયાં, અને ગાંધીજીને મળવા આવવા રજા આપી.

(૩) કેલાપ્પને ઝામોરીનને જવાબ આપ્યો :–તમે ખોટા વાંધા ઊભા કરો છો. હું મારી જાતને હોમતાં અચકાઈશ નહિ.

૨. દરમિયાન તા. ૧લીએ, કેલાપ્પને, ગાંધીજીની સૂચના અનુસાર ઉપવાસ છોડયા.

૩. દરમિયાન—

(૧) તા. ૪થીએ કેલાપ્પને ઝામોરીનને લખ્યું :–સત્યાગ્રહ ત્રણ માસ સુધી મોકૂફ રાખું છું. આશા રાખું છું ત્યાર સુધીમાં તમે મંદિર ખુલ્લું મૂકશો.

(૨) તા. ૪થીએ મુંબઈ સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસને ત્યાં; હરિજન સેવક સંઘની પહેલી બેઠક થઈ.

(૩) તા. ૬ઠ્ઠીએ શૌકતઅલીએ વાઈસરોયને તાર કર્યો :– કોમી સમાધાનની વાટાઘાટો કરવામાટે ગાંધીજીને છોડો અગર એમને છૂટથી મળવા દો; અને ગાંધીજીને પણ તાર કર્યો :–સમાધાની માટે શકય એટલા પ્રયાસો કરો. હું તો પરદેશ જાઉં છું. ગાંધીજીને કરેલો તાર સરકારે રોકી રાખ્યો પણ છાપામાં છપાઈ ગયો !

૪. આ તાર પણ સરકારે જવા ન દીધો, પણ છાપામાં છપાઈ ગયો.

૧૯૩૨—ઑક્ટોબર

૮ થી ૯[1] યરોડા જેલ.

૧૦ યરોડા જેલ : મણિલાલ[2] મળવા આવ્યા.

૧૧ થી ૧૬ યરોડા જેલ.

૧૭ યરોડા જેલ : આંબેડકર મળવા આવ્યા; (સરકારે એમને ચેતવણી આપેલી કે માત્ર અસ્પૃશ્યતા નિવારણની વાત કરજો, અને તે પણ પ્રગટ કરશો નહિ.) એમણે કહ્યું:-હું તો તમને ગોળમેજી પરિષદમાં જવા સમજાવવા આવ્યો હતો; અલબત્ બીજી વાતો પણ કરવી છે.

૧૮ યરોડા જેલ : ડૉ. કાતિયાલ[3] મળવા આવ્યા.

૧૯ થી ૨૩[4] યરોડા જેલ.

૨૪ યરોડા જેલ : અસ્પૃશ્યતા નિવારણ અંગે પત્રવ્યવહાર અને મુલાકાતો અંગે (જુઓ તા. ૨૬-૯-૩૨) સરકારે લીધેલો નિર્ણય સુપરિન્ટેન્ડેન્ટે સંભળાવ્યો પણ એની નકલ આપવા ના પાડી. • આને અંગે જેલ ખાતાના વડાને પત્ર—એમાં નકલ નહિ આપવા માટે કડક શબ્દો વાપર્યા અને બીજું પણ લખ્યું. રાત્રે અગિયાર વાગ્યે વડાએ કહેવડાવ્યું :—આ કાઢી નાંખો; નકલ લેવા દઈશું.

---

૧. દરમિયાન તા. ૯મીએ, શૌકતઅલીએ દિલ્હીએ કરેલા તારનો જવાબ વાઈસરૉયે આપ્યો :-તમને ખાતરી છે કે તમે બધા મુસલમાનો વતી બોલો છો?

૨. ગાંધીજીના બીજા પુત્ર. એ દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા.

૩. જુઓ તા. ૨૨-૯-૩૧.

૪. દરમિયાન તા. ૨૨મીએ—

(૧) ત્રીજી ગોળમેજી પરિષદના સભ્યોના નામ સરકારે જાહેર કર્યાં. આમાં ઝીણાનું નામ નહોતું.

(૨) શૌકતઅલીને કોમી સમાધાનીની શકયતા લાગવાથી એમણે પરદેશ જવાનું માંડી વાળ્યું.

(૩) ગાંધીજીના મિત્ર પુંજાભાઈ હીરાચંદનું અમદાવાદમાં અવસાન થયું.

૧૯૩૨—ઑક્ટોબર-નવેમ્બર

૨૫ યરોડા જેલ : સુધારેલો પત્ર મોકલ્યો :–આ અંગે, હું ઇચ્છું એને ન મળવા દો અને ઇચ્છું તે ન છાપવા દો તો સરકાર સાથેનો સહકાર છોડી દઈશ, ક વર્ગનો ખોરાક લઈશ .....વલી પહેલાં જવાબ આપો.

૨૬ થી ૩૦[1] યરોડા જેલ.

૩૧ યરોડા જેલ : સુપરિન્ટેન્ડેન્ટને પત્ર :–અસ્પૃશ્યતા નિવારણના કામ અંગે કાગળો અને મુલાકાતો વિશેનો પત્રવ્યવહાર સરકારે છાપવો જોઈએ; અથવા મારી માગણી અને સરકારની ના બંને સરકારે જાહેર કરવાં જોઈએ. ● રૂબરૂમાં કહ્યું :– ક વર્ગનો ખોરાક ચાર દિવસ લઈશ, પછી, મારો અસહયોગ ઉત્તરોત્તર વધતો જશે.

નવેમ્બર

૧[2] યરોડા જેલ : ક વર્ગનો ખોરાક શરૂ કર્યો; પછી સરકાર તરફથી જવાબ :–અમે વિચાર કરી રહ્યા છીએ, દરમિયાન આ મોકૂફ રાખો.

---

૧. દરમિયાન—

(૧) વાઇસરૉયના તા. ૯મીના તારના જવાબમાં શૌકતઅલીએ તા. ૨૯મીએ, તા. છઠ્ઠીએ કરી હતી તેવી માગણી કરી. બીજે દિવસે વાઇસરૉયે જવાબ આપ્યો :–જ્યાં સુધી ગાંધી, સવિનય ભંગની હિલચાલમાંથી ચોક્કસ રીતે ખસી જાય નહિ ત્યાં સુધી આ ન બને. તા. ૨૯મીએ મૌલાનાએ, ગાંધીજીને મળવા દેવાની રજા માગી. તા. ૩૦મીએ જવાબ મળ્યો :–ના, તા. ૨૭મીનો જવાબ જુઓ.

(૨) તા. ૨૯મીએ સર અલી ઈમામનું રાંચીમાં અવસાન થયું.

૨. અસ્પૃશ્યોને મંદિર-પ્રવેશનો હક આપતો કાયદો ઘડવાની વિનંતિ કરતી, ડૉ. સુબ્બરાયનની દરખાસ્ત, મદ્રાસ ધારાસભામાં પસાર થઈ.

૧૯૩૨—નવેમ્બર

૨[1] યરોડા જેલ : ક વર્ગનો ખોરાક લેવાનું મોકૂફ રાખ્યું.

૩ યરોડા જેલ : તા. ૨૫મીએ મૂકેલી માગણી સરકારે સ્વીકાર્યાની ખબર મળી.

૪ યરોડા જેલ : હરિજન ઉદ્ધાર અંગેની લેખમાળા શરૂ કરી, પ્રસિદ્ધિ સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી મારફતે.[2]

૫ યરોડા જેલ : ગુરુવાયુર મંદિર-પ્રવેશ અંગે જાહેર કર્યું :—કેલાપ્પનને આપેલી ત્રણ માસની મુદત પૂરી થયે જો મંદિર ખુલ્લું નહિ મુકાય તો તા. ૧-૧-૩૩થી એ ઉપવાસ કરશે; અને હું પણ કરીશ કારણ કે એના ઉપવાસ મેં બંધ કરાવ્યા હતા.

૬ થી ૧૦[3] યરોડા જેલ.

૧૧ યરોડા જેલ : લલ્લુભાઈ શામળદાસ મળવા આવ્યા. ● પૂનાના All India Depressed Class Associationના પ્રમુખ પી. એન. રાજભોજ મળવા આવ્યા; લાંબી પ્રશ્નોત્તરી.[4]

૧૨ યરોડા જેલ : 'હિંદુ'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

---

૧. આ અરસામાં વડોદરાના ગાયકવાડે અને કાશ્મીરના મહારાજાએ પોતપોતાનાં રાજ્યમાં આવેલાં મંદિરો હરિજનો માટે ખુલ્લાં મૂક્યાં.

૨. પહેલું નિવેદન તા. ૫મીએ બહાર પાડયું.

૩. દરમિયાન તા. ૧૦મીએ, અપ્પાસાહેબ પટવર્ધનને, એમની તા. ૨૦-૯-૩૨ના રોજ નકારાયેલી માગણી અંગે સુધારેલી માગણી રજૂ કરી —બધાનું નહિ તો છેવટે મારું પોતાનું ભંગી કામ મને કરવા દો. જેલ બહાર હું એ કરતો હતો. પંદર દિવસમાં જવાબ આપશો. જો ના પાડવામાં આવશે તો હું અલ્પાશન કરીશ-પ્રથમ અરધા પ્રમાણમાં અને પછીથી એમાં પણ ઘટાડો.

૪. આધાર નં. ૧૯૯ના પાના ૭૦ ઉપર આની તા. ૧૫ જણાવી છે પણ ગાંધીજીની ડાયરીમાં તથા બીજા આધારોમાં તા. ૧૧ છે. આને પ્રમાણભૂત માની છે.

૧૯૩૨—નવેમ્બર—ડિસેમ્બર

૧૩ થી ૨૦[1] યરોડા જેલ.

૨૧ યરોડા જેલ : 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના પ્રતિનિધિને મુલાકાત આપી.

૨૨ થી ૨૭ યરોડા જેલ.

૨૮ યરોડા જેલ : જેલ ખાતાના વડાને અપ્પાસાહેબના અલ્પાશન વિશે લખ્યું :– તમારા વલણથી અસ્પૃશ્યતા નિવારણના કામમાં તમે અંતરાય ઊભા કરો છો.

૨૯[2] યરોડા જેલ : એમનો જવાબ :– અપ્પાસાહેબની માગણી સ્વીકારવામાં નહિ આવે તો હું કામ માગીશ અને તમે ના પાડશો તો તા. ૩જીથી હું ઉપવાસ પર ઉતરીશ.

૩૦ યરોડા જેલ.

ડિસેમ્બર

૧ થી ૨ યરોડા જેલ.

૩ યરોડા જેલ : ઉપવાસ શરૂ. ● તા. ૨૯મીના પત્રનો જવાબ મળ્યો:– તમારે ભંગી કામ કરવું હોય તો કરો પણ કેદી અપ્પાસાહેબની બાબતમાં તમારી દરમિયાનગીરી સ્વીકારાય નહિ. ● જવાબ :– તમારું દૃષ્ટિબિંદુ સ્વીકારાય નહિ; કેદીઓ અંગે દરમિયાનગીરી

---

૧. દરમિયાન—

(૧) અપ્પાસાહેબની તા. ૧૦મીની માગણી નકારવામાં આવી; વધુમાં જણાવ્યું :–અલ્પાશન કરવું એ જેલ નિયમનો ભંગ છે, ભંગ માટે શિક્ષા થશે. છતાં અપ્પાસાહેબે અલ્પાશન શરૂ કર્યું.

(૨) તા. ૧૭મીથી લંડનમાં ત્રીજી ગોળમેજી પરિષદ થઈ.

૨. તા. ૨૮મીના પત્રનો જેલ ખાતાના વડા તરફથી જવાબ :–અપ્પાસાહેબ જેલમાં ભંગીનું કામ કરતા હતા અને પછી લઈ લેવામાં આવ્યું હતું એ વાત ખોટી છે. (આ એક જુઠાણું હતું. આની વાત આગળ આવશે). એમની માગણી ન સ્વીકારી કારણ કે એમ કરવા દેવામાં આવે તો જેલ-વ્યવસ્થા તૂટી પડે.

થઈ શકે એ સને ૧૯૨૨માં સરકારે સ્વીકાર્યું છે.[1] વગેરે. વગેરે. ● વૈકુંઠ મહેતા મુલાકાતે આવ્યા.

૪ યરોડા જેલ : જેલ ખાતાના વડા આવીને કહી ગયા :–અપ્પાસાહેબની માગણી સ્વીકારી છે. બધાને આવી છૂટ આપવા માટે સરકારનો હુકમ મેળવીશ. ● બપોરે એક વાગ્યે ઉપવાસ છૂટયો.[2] ● અસ્પૃશ્યતા નિવારણ સંઘની બેઠક. ગઈ કાલે ઉપવાસની વાત ફૂટી ગઈ હતી, આજે જાહેર થઈ. ● અપ્પાસાહેબને બધી વાતની જાણ કરતો પત્ર લખ્યો.

૫ થી ૭ યરોડા જેલ.

૮ યરોડા જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટને લખ્યું :–આવતી તા. ૨જીએ મારા ઉપવાસ શરૂ થાય છે એ જોતાં ભંગી કામ કરવા દેવાની બધાને છૂટ આપવા વિશેનો નિર્ણય ક્યારે લેવાશે એ[3] જણાવવા વિનંતી છે.

૯ થી ૧૨[4] યરોડા જેલ.

---

૧. જુઓ તા. ૧૦–૨–૨૩ અને પછીની દિનવારી. ગાંધીજીના જે પત્રમાંથી આ માહિતી લીધી છે તેમાં પણ ૧૯૨૨નો ઉલ્લેખ છે. એનો એટલો જ અર્થ છે કે ૧૯૨૨માં થયેલી સજાનો નિર્દેશ છે. ખરેખર, એ, ઝઘડાના નિકાલ માટે વચ્ચે તો, તા. ૧૦–૨–૨૩થી જ પડયા હતા.

૨. આધાર નં. ૯માંનાં પત્ર ૧૦૧ની પાદટીપમાં ઉપવાસની તારીખો ૨૨–૨૩ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૩. આધાર નં. ૪૫ના ભાગ ૨ના પાના ૩૧૫ ઉપર 'તા. ૨૫મી સુધીમાં' જણાવ્યું છે પરંતુ અસલ પત્રમાં આ પ્રમાણે છે તેથી એ સ્વીકાર્યું છે.

૪. દરમિયાન—

(૧) તા. ૧૦મીએ, હિંદી સરકારે, ગાંધીજીના તા. ૮મીના પત્ર અંગે પ્રાંતિક સરકારોના અભિપ્રાય માગ્યા.

(૨) છગનલાલ જોષીને લાવીને ગાંધીજી સાથે રાખવામાં આવ્યા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

૧૯૩૨—ડિસેમ્બર

૧૩ યરોડા જેલ. અપ્પાસાહેબ જેલમાં ભંગીકામ કરતા હતા અને પછીથી એ લઈ લેવામાં આવ્યું હતું એની ખાતરી થતાં જેલ ખાતાના વડાને લખ્યું :–તમારા તા. ૨૯–૧૧–૩૨ના પત્રથી તમે મને છેતર્યો છે. ● એ કહે:–મને આની ખબર જ નહોતી.[૧]

૧૪ યરોડા જેલ.

૧૫ યરોડા જેલ : હરિજન પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૬ થી ૨૨[૨] યરોડા જેલ.

૨૩ યરોડા જેલ : હરિજનોના મંદિર–પ્રવેશ અંગે સનાતની શાસ્ત્રીઓ સાથે ચર્ચા.

૨૪ થી ૨૭[૩] યરોડા જેલ.

૨૮ યરોડા જેલ : તા. ૮મીના પત્ર અંગે જવાબ મળ્યો :– હિંદી સરકાર તાકીદે નિર્ણય લેશે.

૨૯ યરોડા જેલ : ડૉ. સુબારાયની દરખાસ્ત ઉપરથી પસાર થયેલા ઠરાવ[૪] મુજબ ઘડવામાં આવેલો ખરડો[૫] ધારાસભામાં રજૂ કરવાની પરવાનગી અંગેનો નિર્ણય વાઈસરૉય તા. ૧૫–૧–૩૩ સુધી નહિ આપી શકે એવું જાણવામાં આવતાં, અને ગુરુવાયુર મંદિર વિસ્તારના લોકોની વધુમતીએ મંદિર પ્રવેશની તરફેણમાં મત આપ્યા છે એ કારણે,ઉપવાસ મુલતવી રાખવાનું જાહેર કર્યું.

૩૦ યરોડા જેલ : એ મતલબનો તાર વાઈસરૉયને કર્યો.

૩૧ યરોડા જેલ.

---

૧. જુઓ તા. ૨૯–૧૧–૩૨ની પાદટીપ.

૨. દરમિયાન તા. ૨૦મીએ, જમનાલાલ બજાજને (જે આ જ જેલમાં હતા તેમને) ગાંધીજીને મળવાની છૂટ મળી.

૩. દરમિયાન—

(૧) ત્રીજી ગોળમેજી પરિષદ તા. ૨૪મીએ પૂરી થઈ.

(૨) તા. ૨૫મીથી વિનોબા નાલવાડી (વર્ધાથી દોઢ માઇલ દૂર આવેલું કેવળ હરિજનોનું ગામડું) રહેવા ગયા.

૪. જુઓ તા. ૧–૧૧–૩૨.

૫. આને આખરી સ્વરૂપ આપવામાં રાજાજીનો ફાળો મહત્ત્વનો હતો.

૧૯૩૩-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૧ થી ૩ યરોડા જેલ.

૪[1] યરોડા જેલ : સાબરમતી આશ્રમનો કબજો સરકાર લઈ લે એવી ઇચ્છા પ્રદર્શિત કરી.

૫ થી ૧૨[2] યરોડા જેલ.

૧૩[3] યરોડા જેલ : પોલક મુલાકાતે આવ્યા.

૧૪ થી ૨૦[4] યરોડા જેલ.

૨૧ યરોડા જેલ : જાહેરાત કરી—મંદિર પ્રવેશનાં બિલો પાછળ રાજકીય હેતુ છે એ માન્યતા અગર ડર સાવ ખોટાં છે ● લખનૌથી એક સ્વદેશી પેન મળી.

૨૨ યરોડા જેલ.

૨૩[5] યરોડા જેલ : હરિજન સાપ્તાહિક કાઢવા વિચાર્યું.

૨૪ યરોડા જેલ : વાઇસરૉયના નિર્ણય અંગે કહ્યું :– મંદિર પ્રવેશ ચળવળ હવે ફક્ત ગુરુવાયુર પૂરતી મર્યાદિત ન રહેતાં સારા દેશને સ્પર્શશે. ● ઉપવાસ મુલતવી રાખવા વિશે નિવેદન કર્યું.

૨૫ થી ૩૧ યરોડા જેલ.

ફેબ્રુઆરી

૧ યરોડા જેલ : વાઇસરૉયને પત્ર :– જે બિલ તમે મંજૂર રાખ્યું તેને વેગ આપવા તમારી સૌ સત્તા વાપરો.

૨ થી ૩ યરોડા જેલ.[6]

---

૧. નરહરિભાઈ છૂટયા.

૨. દરમિયાન તા. ૧૧મીએ પ્યારેલાલને એક વર્ષની સજા થઈ.

૩. કૃપલાનીને પાંચ માસની સજા થઈ.

૪. દરમિયાન તા. ૧૮મીએ રાજેન્દ્રબાબુને પંદર માસની સજા થઈ.

૫. ડૉ. સુબારાયનના ખરડા અંગે વાઇસરૉયે ના પાડી. (જુઓ તા. ૨૯-૧૨-૩૨) પણ અસ્પૃશ્યતા નિવારણના શ્રી રંગા આયરના ખરડાને મધ્યસ્થ ધારાસભામાં રજૂ કરવા દેવા પરવાનગી આપી.

૬. દરમિયાન તા. ૨જીએ સિમલાવાળા લાલા મોહનલાલના અવસાનના સમાચાર આવ્યા.

૧૯૩૩—ફેબ્રુઆરી

૪ યરોડા જેલ : ડૉ. આંબેડકર મુલાકાતે આવ્યા.

૫ થી ૭ યરોડા જેલ.

૮[૧] યરોડા જેલ: જેલ સુપરિન્ટેન્ડેન્ટ કહી ગયા કે અપ્પાસાહેબે ગાંધીજીને લખેલો પત્ર ગાંધીજીને આપવાનો નથી એવો નિર્ણય સરકારે લીધો છે.

૯ યરોડા જેલ : અપ્પાસાહેબ વિશે સરકારને પત્ર લખી માહિતી માગી.

૧૦ યરોડા જેલ : અપ્પાસાહેબને, અમુક શરતોએ ભંગીકામ કરવા દેવામાં આવશે એ પ્રકારના સરકારના જવાબ વિશે જેલ અધિકારી માહિતી આપી ગયા; પણ આગલા દિવસના કાગળનો જવાબ ન આપ્યો.

૧૧[૨] યરોડા જેલ.

૧૨ યરોડા જેલ : તા. ૯મીના પત્રનો જવાબ મળ્યો : અપ્પાસાહેબ ભંગીનું કામ કરે છે, રોજનો ખોરાક લે છે, તબિયત સારી છે.

૧૩ થી ૧૮[૩] યરોડા જેલ.

૧૯ યરોડા જેલ : વાઇસરૉયના તા. ૧૬મીના પત્રનો જવાબ :–હરિજનોની કેળવણી અને બીજી બાબતોમાં ઉત્કર્ષ, એ બંને બાબતોમાં હું પ્રયત્ન કરતો જ રહ્યો છું; મંદિરો ખુલ્લાં મૂકવામાં આવે તો એને વેગ મળે; આ ખરડાઓ હિંદુ કોમના ધાર્મિક રિવાજો અને રૂઢિઓને સ્પર્શ કરતા જ નથી, ઊલટું એ બાબતો કોમ ઉપર છોડવામાં આવી છે; અને કોમ ઉપર હાલ જે કાયદાનાં બંધનો છે તેમાંથી એને મુક્ત કરવાનો હેતુ છે.

---

૧. (૧) કસ્તૂરબાને છ માસની સજા થઈ.

(૨) અપ્પાસાહેબે ઉપવાસ શરૂ કર્યા.

૨. અંગ્રેજી Harijan શરૂ થયું; તંત્રી રામચન્દ્ર શાસ્ત્રી; પૂનાથી દર શનિવારે નીકળશે.

૩. દરમિયાન તા. ૧૬મીએ, ગાંધીજીના તા. ૧લીના પત્રના જવાબમાં વાઇસરૉયે જણાવ્યું :- બિલોને જાહેરમાં ફેરવ્યા વિના નહિ ચાલે.

૧૯૩૩–ફેબ્રુઆરી–માર્ચ

૨૦ યરોડા જેલ.
૨૧ યરોડા જેલ : નીલા નાગિની[1] મળવા આવી.
૨૨ થી ૨૮[2] યરોડા જેલ.

માર્ચ

૧ થી ૧૬[3] યરોડા જેલ.
૧૭ યરોડા જેલ : પુનમચંદ રાંકાને ઉપવાસ છોડવા તાર કર્યો.[4]
૧૮ થી ૨૨ યરોડા જેલ.
૨૩ યરોડા જેલ : પુનમચંદ રાંકાને કરેલો તાર સરકારે ન જવા દીધો એ અંગે સરકારને લખ્યું.

---

૧. નીલા ક્રેમ કૂક નામની અમેરિકાની એક બાઈ. એણે એન પતિને ફારગતી આપી હતી; હિંદુસ્તાનમાં આવી હિંદુ ધર્મ સ્વીકાર્યો હતો; અનેક યાત્રાસ્થળોએ ફરી હતી અને આ વખતે મ્હૈસૂર રાજ્યમાં હરિજન–કાર્ય કરતી હતી.

૨. દરમિયાન તા. ૨૩મીએ, તબિયતના કારણે કેદી સુભાષ બોઝ વિલાયત જવા નીકળ્યા; આગબોટ ભરદરિયે ગઈ પછી એમને 'છોડ્યા'.

૩. દરમિયાન –

(૧) તા. ૪થીએ સીવની જેલમાં પુનમચંદ રાંકાએ ઉપવાસ શરૂ કર્યા—કેદીઓના વર્ગીકરણના, અને મુલાકાત વખતે જાળી રાખવામાં આવતી હતી એના વિરોધમાં.

(૨) તા. ૧૨મીથી ગુજરાતી 'હરિજન બંધુ' શરૂ થયું, પૂનાથી.

(૩) તા. ૧૪મીએ પાલિત પુત્રી લક્ષ્મી (હરિજન)નાં લગ્ન મારુતિદાસ (બ્રાહ્મણ) સાથે સાબરમતી આશ્રમમાં થયાં; એ અંગે સંદેશો મોકલ્યો. લગ્ન વખતે દેવદાસ હાજર રહેવાના હતા.

(૪) રાજકીય સુધારા અંગેના શ્વેતપત્રમાં તા. ૧૫મીએ સહી થઈ, તા. ૧૭મીએ એ બહાર પાડવામાં આવ્યો અને એની વિગતો હિંદમાં તા. ૧૯મીએ જાહેર કરવામાં આવી.

૪. પણ સરકારે એ મોકલ્યો નહિ.

૧૯૩૩—માર્ચ–એપ્રિલ

૨૪ યરોડા જેલ.

૨૫ યરોડા જેલ : પોલક મળવા આવ્યા.

૨૬ થી ૨૭[1] યરોડા જેલ.

૨૮ યરોડા જેલ : તા. ૨૩મીના પત્રનો જવાબ નહિ આવવાથી લખ્યું :– મને કાલ સુધીમાં જવાબ મળવો જ જોઈએ. જેલ સત્તાવાળા કહી ગયા 'હિંદુસ્તાનની સરકાર સાથે પત્રવ્યવહાર ચાલે છે.' ગાંધીજી :— 'આ ન ચાલે, સ્થિતિ ગંભીર છે, મુંબઈ સરકારે પોતાની જવાબદારી ઉપર રાંકા સાથે પત્રવ્યવહાર કરવાની પરવાનગી મને આપવી જ જોઈએ.'

૨૯ થી ૩૧ યરોડા જેલ.

એપ્રિલ

૧[2] યરોડા જેલ : મેરી પિટર્સન મળવા આવ્યાં.

૨ યરોડા જેલ.

૩ યરોડા જેલ : બહેરામ ખંભાતા મળવા આવ્યા.

૪ થી ૭[3] યરોડા જેલ.

૮ યરોડા જેલ : શ્વેતપત્ર વિશે વાઈસરૉયને પત્ર :— સાથીઓ સાથે મસલત કર્યા વિના અભિપ્રાય આપી શકાય નહિ.

૯ થી ૧૪[4] યરોડા જેલ.

૧૫ યરોડા જેલ : લક્ષ્મી અને મારુતિદાસ મળવા આવ્યાં.

---

૧. દરમિયાન તા. ૨૭મીએ પોલકે હિંદ છોડયું.

૨. સરકારના વિરોધ છતાં કલકત્તામાં કૉંગ્રેસની 'બેઠક' મળી. વરાયેલા પ્રમુખ માલવિયાજીની ધરપકડ કરવામાં આવેલી હોવાથી નેલી સેનગુપ્તાએ પ્રમુખસ્થાન લીધું.

૩. દરમિયાન, દંડ રૂ. ૨૫૦ વસૂલ થઈ જવાથી તા. ૫મીએ જમનાલાલ બજાજ છૂટયા.

૪. દરમિયાન તા. ૧૨મીએ સરોજિની નાઇડુ છૂટયાં.

૧૯૩૩–એપ્રિલ-મે

૧૬ થી ૨૨[1] યરોડા જેલ.

૨૩ યરોડા જેલ : આંબેડકર મળવા આવ્યા.–પૂના કરારમાં ફેરફાર કરાવવા માટે.

૨૪ થી ૨૮[2] યરોડા જેલ.

૨૯ યરોડા જેલ : મધરાતે ૨૧ દિવસના ઉપવાસનો નિર્ણય લીધો.

૩૦[3] યરોડા જેલ.

મે

૧ યરોડા જેલ : ઉપવાસ વિશે નિવેદન–તા. ૮થી શરૂ થતા ૨૧ દિવસના ઉપવાસ બિનશરતી અને અફર છે; એ કોઈ એક વ્યક્તિની સામે નથી પણ મારી અને સાથીઓની આત્મશુદ્ધિ માટે છે. • આ મુજબ સરકારને તારથી ખબર આપી.

૨ યરોડા જેલ : સરકારે પૂછ્યું :– અહીં, સત્તાવાળાઓને બહુ તાણ પડવાનો ડર છે, તો તમને બીજે ખસેડીએ તો તમને કઈ જગ્યા પસંદ પડે? ગાંધીજીએ કહ્યું :– હું કેદી છું ત્યાં સુધી મારી પસંદગીની વાત હોય નહિ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૯મીએ હસન ઈમામનું પટણામાં અવસાન થયું.

(૨) તા. ૨૦મીએ જોઈન્ટ સિલેક્ટ કમિટીના સભ્યોનાં નામ જાહેર થયાં.

૨. (૧) આધાર નં. ૧૨૯ના ભાગ ૩ના પાના ૨૫૬ પછીનાં ચિત્રો પૈકી એકમાં ગાંધીજીએ મીરાંબહેનને લખેલા બે કાગળો છે. એમાંના એકની તા. ૨૪–૪–૩૩ છે અને ચિત્ર નીચેની નોંધમાં જણાવ્યું છે કે એ પૂનાથી લખ્યો હતો. પણ આ બંધબેસતું નથી.

(૨) દરમિયાન તા. ૨૭મીએ નરહરિભાઈને સજા થઈ—બે વર્ષની કેદ અને રૂ. ૫૦ દંડ; દંડ ન ભરે તો વધુ છ માસની કેદ.

૩. માનવેન્દ્રનાથ રૉયની ૧૨ વર્ષની સજા ઘટાડીને છ વર્ષની કરવામાં આવી. (જુઓ તા. ૯–૧–૩૨ની પાદટીપ.)

૧૯૩૩-મે

૩ થી ૭[1] યરોડા જેલ.

૮ યરોડા જેલ : ઉપવાસ શરૂ.[2] જેલમાંથી છોડયા સાંજે ૭ વાગ્યે. સરકાર કહે – ઉપવાસનો પ્રકાર અને હેતુ જોતાં અને એમનું માનસિક વલણ જોતાં છોડવા મુનાસીબ માન્યું છે. ⇕ પૂના : 'પર્ણકુટી' (લેડી ઠાકરસીનો બંગલો) લઈ જવામાં આવ્યા–રાત્રે નવ વાગ્યે. ● કૉંગ્રેસના પ્રમુખ માધવ શ્રી હરિ અણેને, સત્યાગ્રહની લડત એક માસ અગર ૭ અઠવાડિયાં માટે કામચલાઉ બંધ રાખવા સલાહ આપી. એમણે ૭ અઠવાડિયાં માટે બંધ રાખી.

૯ થી ૧૩[3] પૂના : ઉપવાસ ચાલુ.

૧૪ પૂના : ઉપવાસ ચાલુ. ● કસ્તૂરબા અને હરિલાલ ગાંધી મળવા આવ્યા.

૧૫ થી ૧૮ પૂના : ઉપવાસ ચાલુ.

૧૯ પૂના : ઉપવાસ ચાલુ. ● મહાદેવભાઈ મળવા આવ્યા–આજે જ છૂટયા હતા.

૨૦ થી ૨૫[4] પૂના : ઉપવાસ ચાલુ.

૨૬ પૂના : ઉપવાસ ચાલુ. ● મહાદેવભાઈ સાથે આશ્રમની વ્યવસ્થા વિશે ચર્ચા.

---

૧. દરમિયાન—

(૧) તા. ૪થીએ પુનમચંદ રાંકાને છોડયા.

(૨) તા. ૫મીએ હરિલાલ ગાંધીએ લખેલા એક કાગળમાં પોતાનું સરનામું 'નિઝામિયા હોટલ, મુંબઈ' આપ્યું.

૨. આધાર નં. ૩ના પાના ૨૦ ઉપર તા. ૯ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૩. દરમિયાન—

(૧) તા. ૯મીએ સરકારે કહ્યું :– ચળવળ સદંતર બંધ કરી નથી એટલે અમારે કાંઈ કરવાનું નથી.

(૨) તા. ૧૩મીએ કસ્તૂરબાને છોડયાં.

૪. દરમિયાન તા. ૨૦મીએ મહાદેવભાઈ અમદાવાદ ગયા અને ૨૫મી સુધીમાં પાછા આવ્યા.

૧૯૩૩—મે થી જુલાઈ

૨૭ થી ૨૮ પૂના : ઉપવાસ ચાલુ.
૨૯ પૂના : ઉપવાસ છૂટયા.
૩૦ થી ૩૧[1] પૂના.

જૂન

૧ થી ૧૫ પૂના.[2]
૧૬ પૂના : લક્ષ્મી તથા દેવદાસના લગ્ન પ્રસંગે હાજર.
૧૭ થી ૩૦[3] પૂના.

જુલાઈ

૧ થી ૧૦[4] પૂના.
૧૧ પૂના : માલવીયાજી મળવા આવ્યા.

---

૧. દરમિયાન તા. ૩૧મીએ એક માણસે, કાગળ લખી, આશ્રમનું નામ 'હરિજન આશ્રમ' રાખવા સૂચવ્યું.

૨. દરમિયાન—

(૧) તા. ૫મીએ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને બીજા ૭૦ જાહેર પુરુષોએ, સત્યાગ્રહી કેદીઓને છોડવા, બ્રિટિશ સરકારને વિનંતિ કરી.

(૨) તા. ૬ઠ્ઠીએ, દેવદાસે, લક્ષ્મી (રાજાજીની પુત્રી) સાથેના લગ્ન અંગે, પૂનાના, સિવિલ લગ્નોના રજીસ્ટ્રાર સમક્ષ નોટિસ રજૂ કરી.

૩. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ, ચળવળ જુલાઈની ૩૧મી સુધી બંધ રાખવા કાંગ્રેસ પ્રમુખે ફરમાવ્યું.

(૨) તા. ૨૧મીએ લક્ષ્મી-દેવદાસનું લગ્ન રજીસ્ટર કરવામાં આવ્યું.

૪. દરમિયાન તા. ૧લીના અરસામાં All India Anti-Untouchability League નું નામ બદલી Servants of Untouchables Society રાખ્યું.

૧૯૩૩-જુલાઈ

૧૨ પૂના : કૉંગ્રેસી નેતાઓ સાથે ચર્ચા; એમની અવિધિપુરઃસરની સભામાં પ્રવચન; સ્થળ ટિળક મંદિર;– બેઠક ખાનગી.

૧૩ પૂના : બેઠક ચાલુ. ● 'કેસરી' પત્રની કચેરીમાં ગોઠવેલા સમારંભમાં હાજર.

૧૪ પૂના : બેઠક ચાલુ; સરકાર સાથે માનભરી સુલેહ કરવા, વાઈસરૉય સાથે બિન-શરતી ચર્ચા કરવા ગાંધીજીને અનુરોધ. ● એ મુજબ તાર મોકલ્યો. ● ટિળક સ્મારક મંદિરમાં પ્રવચન.

૧૫ થી ૧૬ પૂના.

૧૭[1] પૂના : ગાંધીજીએ તારથી જણાવ્યું :–અવિધિપુરઃસરની બેઠકમાં થયેલા ઠરાવના બિન–સત્તાવાર હેવાલો તમારે ધ્યાનમાં લેવા જોઈએ નહિ; હું સુલેહ ઇચ્છું છું; મુલાકાત આપો. ● વાઈસરૉયનો જવાબ :– ના, પ્રથમ સત્યાગ્રહ પાછો ખેંચો.

૧૮ પૂના.[2] ⇕ મુંબઈ.

૧૯ અમદાવાદ : ઉતારો શેઠ રણછોડલાલના 'અમૃતભુવન'માં. ● આશ્રમની મુલાકાત, ચાર કલાક ગાળ્યા.

૨૦ અમદાવાદ : આશ્રમમાં ચાર કલાક ગાળ્યા. ● રાત્રે શેઠ વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ અને ચીનાઈ પ્રસૂતીગૃહની મુલાકાત; રમાબહેન જોષીની ખબર કાઢી; હૉસ્પિટલની મુલાકાત પોથીમાં લખ્યું–'સરદાર વલ્લભભાઈની જય હો.[3] આ ઇસ્પિતાલ જોઈને હું રાજી થયો છું'.

---

૧. સત્યાગ્રહ ચળવળ સંપૂર્ણપણે પાછી ખેંચી લેવામાં આવી નથી એમ કહી મુલાકાત આપવા વાઈસરૉયે ના પાડી.

૨. 'હરિજન બંધુ'ના તા. ૩-૯-૩૩ના અંકના પાના ૨૦૧ ઉપર ગાંધીજીના પૂનાથી નીકળવાની તા. ૧૯ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૩. આ હૉસ્પિટલ માટે દાન મેળવી આપવામાં સરદાર વલ્લભભાઈનો પૂરો હિસ્સો હતો.

૧૯૩૩-જુલાઈ

૨૧ અમદાવાદ : સાબરમતી જેલમાં મીરાંબહેનને મળવા ગયા. ● આશ્રમમાં ત્રણ કલાક ગાળ્યા. ● આશ્રમનું બલિદાન દેવા વિશે હૃદયમંથન.[1]

૨૨[2] અમદાવાદ : હરિજન પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા. ● આશ્રમનું બલિદાન દેવા નિર્ણય લીધો.

૨૩ થી ૨૫[3] અમદાવાદ.

૨૬ અમદાવાદ : વિખેરાતા આશ્રમનો કબજો લેવા સરકારને લખ્યું. ● આશ્રમ વિસર્જન અંગે દલિત નેતા રાજભોગ સાથે તથા પત્રકારો સાથે ચર્ચા. ● કોંગ્રેસ પ્રમુખના તા. ૨૨મીના નિર્ણયનું સમર્થન કર્યું.

૨૭ થી ૨૮ અમદાવાદ.

૨૯ અમદાવાદ : શારદા મંદિરના સ્થાપના દિનના ઉત્સવ અંગે સંસ્થાની મુલાકાત લીધી.

૩૦ અમદાવાદ : આશ્રમનું પુસ્તકાલય સ્વીકારવા અમદાવાદ મ્યુનિસિપાલિટીને લખ્યું. ● ૧લી ઑગસ્ટથી આશ્રમ સદંતર ખાલી કરી, રાસ ગામ તરફ કૂચ કરવાના નિર્ણયની ખબર સરકારને આપી. ● તા. ૨૬મીએ લખેલા કાગળની સરકારે તા. ૨૮મીએ લખેલી પહોંચ મળી. ● જમનાલાલ બજાજ મુલાકાતે આવ્યા.

૩૧ અમદાવાદ : સાબરમતી જેલમાં મીરાંબહેનની મુલાકાત લીધી. ● વ્યક્તિગત સવિનય ભંગની લડત શરૂ થઈ; આશ્રમ ખાલી કરીને જનારને વિદાય આપી.

---

૧. જુઓ તા. ૪-૧-૩૩.

૨. કોંગ્રેસ પ્રમુખે જાહેર કર્યું-સામુદાયિક સત્યાગ્રહ બંધ કરવામાં આવે છે.

૩. દરમિયાન તા. ૨૩મીએ જતિન્દ્ર મોહન સેનગુપ્તાનું રાંચીમાં અવસાન થયું.

૧૯૩૩—ઑગસ્ટ

૧ અમદાવાદ. ⇕ સાબરમતી જેલ : વહેલી સવારે ધરપકડ કરી જેલમાં લઈ જવામાં આવ્યાં.[1] ● હરિજન સેવા અંગે જે છૂટો, ગયા છુટકારા પહેલાં મળતી હતી તે આપવા જેલ અધિકારીને લખ્યું.

૨[2] યરોડા જેલ.

૩ યરોડા જેલ : મુંબઈ સરકારને પત્ર :–છાપામાં સમાચાર છે કે મને છોડી, હદ છોડવા ફરમાવશો, અને નહિ છોડું તો પકડશો. આ બધું શા માટે? એમ ને એમ જ પકડી લો. હું હદ છોડવાનો નથી.

૪ યરોડા જેલ–યરોડા જેલ : સવારે નવ વાગ્યે છોડ્યા : સાડા નવ સુધીમાં યરોડાની હદ છોડવાનું ફરમાન; ન પાળ્યું; ૯–૫૦ વાગ્યે ધરપકડ;[3] એક વર્ષની સજા.[4] ● તા. ૧લીએ જે સવલતો માગી હતી તે ફરીથી માગી અને ૭મી સુધીમાં જવાબ માગ્યો.

૫ થી ૭[5] યરોડા જેલ.

૮[6] યરોડા જેલ : તા. ૪થીના પત્ર વિશે યાદ દેવડાવ્યું.

૯ યરોડા જેલ.

---

૧. (૧) આ એમની છઠ્ઠી ધરપકડ હતી.
(૨) મહાદેવભાઈની પણ આ જ વખતે ધરપકડ થઈ.

૨. આશ્રમનો કબજો લેવાની સરકારે ના પાડી.

૩. આ એમની સાતમી ધરપકડ હતી.

૪. (૧) સને ૧૯૩૨ના Bombay Special Powers Act ની કલમ ૧૪ના ભંગ માટે આ સજા કરવામાં આવી. એમને 'અ' વર્ગ આપવામાં આવ્યો.
(૨) મહાદેવભાઈને પણ એમ જ. એમને 'બ' વર્ગ આપ્યો.

૫. દરમિયાન તા. ૭મીએ રાજગોપાલાચાર્યને છ માસની સજા થઈ. (આધાર નં. ૬૩ના ૧૯૩૩ના વો. બેના પાના પાંચ ઉપર છ વર્ષ છે; એ મુદ્રણદોષ છે.)

૬. કસ્તૂરબાને છ માસની સજા થઈ. એમને સાબરમતી જેલમાં રાખ્યાં.

૧૯૩૩-ઑગસ્ટ

૧૦[1] યરોડા જેલ : તા. ૪થીના પત્ર વિશે ફરીથી યાદ દેવડાવ્યું.

૧૧ થી ૧૩ યરોડા જેલ.

૧૪ યરોડા જેલ : તા. ૪થીના પત્ર અંગે જણાવ્યું :– તા. ૧૬ સુધીમાં જવાબ નહિ મળે તો આમરણાંત ઉપવાસ ઉપર ઊતરીશ.

૧૫ યરોડા જેલ.

૧૬[2] યરોડા જેલ : સરકારે શરતી છૂટ આપી; એ યોગ્ય નહિ લાગવાથી ઉપવાસ શરૂ.

૧૭ યરોડા જેલ : ઉપવાસ ચાલુ.

૧૮ થી ૧૯[3] યરોડા જેલ : ઉપવાસ ચાલુ. ● ઍન્ડ્રૂઝ મળવા આવ્યા[4] બંને દિવસ.

૨૦ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : ઉપવાસ ચાલુ; તબિયત બગડી; સાસૂન હૉસ્પિટલમાં ખસેડ્યા. ● કસ્તૂરબા મળવા આવ્યાં.[5]

૨૧ યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : ઉપવાસ ચાલુ. ● ઍન્ડ્રૂઝ તથા કસ્તૂરબા[6] મળવા આવ્યાં. ● તબિયત બહુ ખરાબ; મૃત્યુ પાસે આવ્યું લાગ્યું; ● અંગત વપરાશની ચીજો હૉસ્પિટલના સારવાર કરનારાઓને વહેંચી દીધી.

---

૧ દેવદાસને છ માસની સજા થઈ.

૨. અણેને છ માસની સજા થઈ.

૩. દરમિયાન તા. ૧૮મીએ સરકારે કહ્યું :– ગાંધી સવિનય ભંગની ચળવળ છોડી દે તો એને છોડીએ.

૪. એ, વિલાયતથી તા. ૧૭મી મુંબઈ આવ્યા હતા.

૫ એમને તા. ૧૯મીએ સાબરમતીથી લઈ જઈ, યરોડા જેલમાં કેદી તરીકે લાવી રાખ્યા હતા. (આધાર નં. ૧૦૧ના પાના ૧૭૭ ઉપર જણાવ્યું છે કે કસ્તૂરબાને સાબરમતી જેલમાંથી છોડયાં હતાં; પણ એ બરાબર નથી.)

૬. એમને આજે છોડયાં, પણ છુટકારો આખરી નહોતો. આની વાત આગળ આવશે.

૧૯૩૩—ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૨[1] યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : ઉપવાસ ચાલુ.

૨૩[2] યરોડા જેલ (સાસૂન હૉસ્પિટલ) : બપોરે ૩-૪૫ વાગ્યે છોડયા.[3]
● હૉસ્પિટલમાં નારંગીનો રસ લઈને ઉપવાસ છોડયો. ⇕
પૂના : લેડી ઠાકરસીના બંગલે ગયા.

૨૪ પૂના : સરોજિની નાયડુ મળવા આવ્યાં.

૨૫ થી ૨૬ પૂના : પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યા—બંને દિવસે.

૨૭ પૂના.

૨૮ પૂના : જમશેદ મહેતા મળવા આવ્યા.

૨૯ થી ૩૧[4] પૂના.

સપ્ટેમ્બર

૧ થી ૮[5] પૂના.

૯ થી ૧૦ પૂના : જવાહરલાલ સાથે ચર્ચા, બંને દિવસો.

૧૧ પૂના : સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીની મુલાકાત લીધી. ●
ચર્ચા ચાલુ.

---

૧. (૧) મીરાંબહેન છૂટયાં.

(૨) મહાદેવભાઈ, જે, ગાંધીજીની સારવારમાં હતા તેમને બેળગાંવ જેલમાં ખસેડયા.

૨. મીરાંબહેન પૂના આવ્યાં.

૩. આ છુટકારો એન્ડ્રૂઝના પ્રયત્નોને આભારી હતો.

૪. (૧) તા. ૩૦મીએ જવાહરલાલને, એમનાં માતાની માંદગીને કારણે, સજાની મુદ્દત પૂરી થતાં પહેલાં છોડયા.

(૨) તા. ૩૦મીએ મહારાષ્ટ્ર ડેમોક્રેટિક પાર્ટીની રચના માટે મુંબઈમાં પ્રારંભિક ચર્ચાઓ શરૂ થઈ.

૫. દરમિયાન—

(૧) તા. ૨જીએ જનરલ અવારી છૂટયા.

(૨) તા. ૪થીએ મણિલાલ કોઠારી છૂટયા.

૧૯૩૩—સપ્ટેમ્બર

૧૨ પૂના : ચર્ચા ચાલુ. ● નિચિદાત્સુ ફુજીઈ નામના
મળવા આવ્યા.

૧૩ પૂના : ચર્ચા ચાલુ.

૧૪ પૂના : નિવેદન કર્યું :– મારી સજાની મુ
એટલે કે તા. ૩–૮–૩૪ સુધી—હું
જેલ વહોરીશ નહિ.[૧]

૧૫ પૂના ⇕ મુંબઈ.[૨] ઉતારો મણિભુવનમા.

૧૬ મુંબઈ[૩] : જવાહરલાલ, સરોજિની નાઇડુ, ઘનશ્યામ..
કાવસજી જહાંગીર (જુનિયર) વગેરે સાથે ચર્ચા.

૧૭ થી ૧૮ મુંબઈ.

૧૯ મુંબઈ : અમદાવાદ મિલમાલિક મંડળના તથા મજૂર મહાજનના
પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૨૦[૪] મુંબઈ.

૨૧ અમદાવાદ : ઉતારો શેઠ રણછોડલાલને ત્યાં. ● સરદાર ચીનુભાઈ માધવ-
લાલના બાવલાની ઉદ્‌ઘાટન વિધિ કરી. ● માણેકલાલ જેઠાલાલ
પુસ્તકાલયનું[૫] ખાતમુહૂર્ત કર્યું.

૨૨ મુંબઈ : તા. ૧૯મીની ચર્ચા ચાલુ.

૨૩ થી ૨૯ વર્ધા.

૩૦ વર્ધા : સાબરમતી આશ્રમ, હરિજન સેવક સંઘને અર્પતો પત્ર લખ્યો.

---

૧. મતલબ કે આ સમયમાં કેવળ હરિજન સેવા જ કરીશ.

૨. આધાર નં. ૧૮૬ના પાના ૩૮ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી ૧૯ મીએ મુંબઇ આવ્યા હતા. આ અંગે લેખકને પૂછતાં જવાબ આવ્યો કે ખરી તા. ૧૬ છે. જોકે ખરી તારીખ ૧૫ હતી.

૩. આજે તિથિ મુજબ ગાંધીજીની વર્ષગાંઠ. આ દિવસ 'રેંટિયા બારસ' તરીકે ઉજવવાનું ઘણે ભાગે આજથી શરૂ થયું.

૪. એની બીસન્ટનું અવસાન, અડયાર આશ્રમમાં.

૫. આશ્રમનાં પુસ્તકો અહીં રાખવા નક્કી થયું હતું. (જુઓ તા. ૩૦–૭–૩૩).

૧૯૩૩-ઑક્ટોબર-નવેમ્બર

ઑક્ટોબર

૧ થી ૩ વર્ધા.
૪ વર્ધા : બે જાપાનીસ સાધુઓ મળવા આવ્યા.
૫ થી ૧૭[1] વર્ધા.
૧૮ વર્ધા : પ્રભુદાસ ગાંધીનાં લગ્ન અંબાદેવી સાથે થયાં એ પ્રસંગે હાજર.
૧૯ થી ૨૨[2] વર્ધા.
૨૩ અને ૨૪ વર્ધા : અમદાવાદ મિલમાલિક મંડળના અને મજૂર મહાજનના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.
૨૫ થી ૩૧[3] વર્ધા.

નવેમ્બર

૧ વર્ધા : એન્ડ્રૂઝ મળવા આવ્યા.
૨ થી ૬ વર્ધા.
૭[4] વર્ધા. ⇕ સેલુ.
૮ વર્ધા ⇕ ધનતોલી. ⇕ લેંઢરા ⇕ કટોલ. ⇕ મોપા ⇕ કમલેશ્વર. ડોરલી. ⇕ નાગપુર : જાહેર સભા; સ્થળ ચિટ્નવીસ પાર્ક.
૯[5] નાગપુર : અનાથ વિદ્યાર્થીગૃહ અને બીજી સંસ્થાઓની મુલાકાત. ● હરિજન સેવકોની સભા. ● યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સભા. ⇕ સાવનેર. ⇕ કાંપટી. ⇕ રામટેક. ⇕ ડુમરી.
૧૦[6] તુમસર. ⇕ ભંડારા. ⇕ મોહાલી ⇕ શિહોરા. ⇕ લાખાણી. ⇕ ગોંદિયા. ⇕ વર્ધા.

---

૧. દરમિયાન તા. ૭મીએ નીલા નાગિની વર્ધા આશ્રમમાંથી નાસી ગઈ.

૨. દરમિયાન તા. ૨૨મીએ, વિયેનામાં, વિઠ્ઠલભાઇ પટેલનું અવસાન થયું.

૩. દરમિયાન તા. ૨૭મીથી Harijan મદ્રાસથી દર શુક્રવારે પ્રસિદ્ધ થવા લાગ્યું. (જુઓ તા. ૧૧-૨-૩૩ની પાદટીપ).

૪. આજથી, લગભગ નવ માસનો હરિજન પ્રવાસ શરૂ થયો.

૫. વિઠ્ઠલભાઈ પટેલનું શબ મુંબઇ લાવવામાં આવ્યું.

૬. વિઠ્ઠલભાઇના શબને ડાહ્યાભાઇએ આગ મૂકી; સરદારને, શરતો સાથે, બે દિવસ માટે છોડવા સરકારે ઇચ્છા દર્શાવી પણ એવી રીતે છૂટવા સરદારે ના પાડી.

૧૯૩૩-નવેમ્બર[1]

૧૧ વર્ધા. દેવળી.[2]

૧૨ વર્ધા.

૧૩ વર્ધા. હિંગનઘાટ. ચાંદા.

૧૪ ચાંદા. મૂળ. સાવલી.

૧૫ વરોરા. બ્રાની. વાન. યવતમાલ.

૧૬ ધામણગાંવ. ચાંદૂર. અમરાવતી.

૧૭ લોણી. કારંજા. મુરતઝાપુર. શેગાંવ. લાસુરા. બાલાપુર.
વાડેગામ. વલ્લાયા. ખામગાંવ.

૧૮ અકોલા : ઉતારો નાનાભાઈ મશરૂવાળાને ત્યાં. ● લાલનાથ સાથે ચર્ચા.[3]

૧૯ ઉગવા. કેળીવેળી. અકોટ. અંજનગાંવ. પથરોટ. ચિખલડા.

૨૦ ચિખલડા.

૨૧ ચિખલડા. ઈલીચપુર. ઉતખેડ. ચાંદૂર બજાર. મોરસી. બડનેરા.

૨૨ દૂર્ગ. રાયપુર.

૨૩ રાયપુર.

૨૪[4] ધમતરી. રાજીમ. રાયપુર.

૨૫ બલોડા બજાર. ભાટાપાડા. સાક્ટી. બેથલપુર. ચાંદપુરી-રક્તપિત્ત રૂગ્ણા-
લયની મુલાકાત બિલાસપુર, રાયપુર.

૨૬ રાયપુર : સ્વદેશી પ્રદર્શનનું ઉદ્ઘાટન.

૨૭ રાયપુર. આમગાંવ.

૨૮[5] આમગાંવ. લાંજી. કિરણાપુર. બાલાઘાટ. વાડાસેવની. સેવની.

---

૧. તા. ૧૧ થી ૨૮માં જે નામો છે તે ગામનાં નામો છે.

૨. પંડિત લાલનાથનું તોફાન અહીંથી શરૂ થયું. વધુ વાત આગળ આવશે.

૩. એમણે અને એમની નેતાગીરી નીચે કેટલાક સનાતનીઓએ અકોલા આવતાં, માર્ગમાં અંતરાયો નાખવા શરૂ કર્યા હતા.

૪. વિખેરેલો સાબરમતી આશ્રમ આ અરસામાં હરિજન આશ્રમ નામથી ઓળખાતો થયો. (જુઓ તા. ૩૧-૫-૩૩ની પાદટીપ).

૫. રાસ નહિ જવાની નોટિસનો ભંગ કરી ત્યાં જતા હતા ત્યારે કસ્તૂરબાની ધરપકડ કરવામાં આવી.

૨૯ સેવની. ⇕ છીંદવાડા : ઉતારો પંડિત રઘુનંદને ત્યાં. ⇕ ખેરવાણી. ⇕ મૂળતાપી. ⇕ બેતુલ : મોરીઆરની સંસ્થાની મુલાકાત લીધી.
૩૦ બેડી. ⇕ સાવલીગઢ. ⇕ બારાલિહંગ. ⇕ બેતુલ. ⇕ ઈટારસી.

ડિસેમ્બર

૧[1] ઈટારસી. ⇕ કરેલી : નર્મદા નદી ઓળંગવાની. હોડીવાળો કહે 'પગ ધોવા દો તો જ લઈ જઉં';–ધોવા દેવા પડ્યા. ⇕ દેવરી. ⇕ અનંતપુર.
૨ અનંતપુર. ⇕ ગાધાકોટા. ⇕ સાગર.
૩ કટની. ⇕ સિહોરા. ⇕ બુઢાગર. ⇕ પાનાગાર. ⇕ જબલપુર.
૪ થી ૫ જબલપુર : જવાહરલાલ, અબુલ કલામ આઝાદ, ડૉ. સૈયદ મહેમૂદ અને જમનાલાલ બજાજ સાથે ચર્ચા.
૬ મંડલા. ⇕ નારાયણગંજ. ⇕ બરેલા. ⇕ જબલપુર.
૭ જબલપુર. ⇕ સોહાગપુર. ⇕ બાબઈ. ⇕ સોહાગપુર.[2]
૮ હરદા. ⇕ હરસુદ. ⇕ ખંડવા. ⇕ બુરાનપુર.
૯ બુરાનપુર. ⇕ બસોદા. ⇕ ભોપાળ ⇕ ભેલસા. ⇕ ઝાંસી
૧૦ દિલ્હી : ન્યુ દિલ્હી સ્ટેશને ઊતરી ગયા. ● બ્રિજકૃષ્ણ ચાંદીવાલાની તબિયત જોવા ગયા. ● હરિજન વાસો, ખાદી ભંડાર અને જામિયા મિલિયા ઇસ્લામિયાની મુલાકાત. ● Servants of Untouchability Society ની મધ્યવર્તી સભાની બેઠક.
૧૧ થી ૧૨ દિલ્હી : બેઠક ચાલુ; સંસ્થાનું નામ હરિજન સેવક સંઘ રાખવાનું નક્કી થયું. ● બ્રિજકૃષ્ણની ખબર કાઢવા ગયા.
૧૩ દિલ્હી : બેઠક ચાલુ; સાબરમતી આશ્રમ આ સંઘને સોંપવાના મુદ્દાની છણાવટ. ● વિદ્યાર્થીઓની સભા. ● મોતીલાલ નહેરુની છબીની અનાવરણ વિધિ, સ્થળ હિંદુ કૉલેજ. ● ચર્ચા :– (૧) જવાહરલાલ સાથે અને (૨) લાલનાથ સાથે. ● સનાતનીઓની સભામાં ⇕ અલીપુર. ⇕ દિલ્હી.

---

૧. કસ્તૂરબા સામેનો કેસ પડતો મૂકી, તા. ૨૧–૮–૩૩ના રોજ જ્યારે એમને છોડવામાં આવ્યા હતા ત્યારે જે સજા બાકી હતી તે ભોગવવા હુકમ ફરમાવ્યો. (જુઓ એ તારીખની પાદટીપ.)

૨. સ્વામી લાલનાથ અને બીજાઓ તરફથી કનડગત ચાલુ.

૧૯૩૩-ડિસેમ્બર[1]

૧૪ દિલ્હી : બ્રિજકૃષ્ણની ખબર કાઢવા ગયા. ● હરિજનોનું માનપત્ર; સ્થળ શ્રદ્ધાનંદ નગર. ● સ્ત્રીઓની સભા.

૧૫ વર્ધા.

૧૬ બેઝવાડા. પદ્દમાટાલંકા. મોગલ રાજપુરમ્. ઈડુપગલ્લુ

૧૭ મુદ્દુનુરૂ ગુડીવાડા. સિદ્ધાન્તમ્. અંગલુર. ગુદ્દલાવલેરૂ. કવુથવરમ્. (કૌતરમ્). પેદ્દાના. ચલ્લાપલ્લી. મચ્છલીપટ્ટમ્.

૧૮ બેઝવાડા.

૧૯ મચ્છલીપટ્ટમ્. કનકીપાડુ. પમારૂ. ભટલાપેનુંમારૂ. બેઝવાડા.

૨૦ મદ્રાસ : માનપત્રો—મ્યુનિસિપલ કોરપોરેશનનું અને દક્ષિણ ભારત વેપારી મંડળનું. ● સ્વદેશી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. ● અનેક સભાઓ.

૨૧ મદ્રાસ : શ્રી નિવાસ શાસ્ત્રી મળવા આવ્યા. ⇕ પેરાંબુર : રેલવે કામદારોની સભા. ● ઍની બીસન્ટની છબીની અનાવરણ વિધિ ⇕ ચુલાઈ.

૨૨ મદ્રાસ : સભાઓ—જાહેર, સ્થળ જ્યાર્જ ટાઉન; અને ગુજરાતીઓની. ● દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે.

૨૩ ગંતુર. નિદુબ્રોલુ. કવુરૂ. ભટ્ટીપ્રોલુ. રેપલ્લી. તેનાલી.

૨૪ શામળકોટ. પેદ્દાપુરમ્. કોકનાડા. ગોલ્લાપાલેમ્. રામચંદ્રપુરમ્. ધવલેશ્વરમ્. રાજમહેન્દ્રી.

૨૫ રાજમહેન્દ્રી : પોન્ડીચેરીમાં શ્રી અરવિંદ સાથે મુલાકાત ગોઠવવા શ્રી ગોવિન્દભાઈ પટેલને લખ્યું. સીતાનગર.

૨૬ સીતાનગર, રામલીંગેશ્વર. કોદંડમ્. વંગલપટ્ટુ. તલ્લાપુડી. મલકાપલ્લી. ધર્મવરમ્. નિદાદાવોલે. તાનુકુ.

૨૭ તાનુકુ. ઈલિત્તીપટ્ટુ. કવિતમ. પોદુરૂ. વેંદગી. જિન્નુનુર. પલાકોલ. બલ્લીપાડુ. ભીમાવરમ્. તદેપલ્લીગુદમ્. ઈલોર : ગોખલે હૉલની મુલાકાત. ● લાલા લજપતરાયની છબીની અનાવરણ વિધિ.

---

૧. તા. ૧૫ થી ૧૯ અને ૨૩ થી ૨૭માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૧૯૩૩—ડિસેમ્બર; ૧૯૩૪—જાન્યુઆરી[1]

૨૮[2] બીમલીપટ્ટમ્ ⇕ વિજયનગર. ⇕ વિઝાગાપટ્ટમ. : સભાઓ અને માનપત્રો. ● સ્વદેશી ભંડાર ખુલ્લો મૂકયો.

૨૯ વિઝાગાપટ્ટમ્. વિજયનગર. અનકાપલ્લી. બિટ્રાગુંટા

૩૦ કાવલી. અલ્લુર. ગંડાવરમ્. યેલ્લાયાપલમ્. બુચીરેડ્ડીપાલયમ્. નેલૂર. ગહુર. વેંકટગિરિ

૩૧[3] વેંકટગિરિ. તીરુપતિ. રેણીગુંટા. કુડાપ્પા.

૧૯૩૪-જાન્યુઆરી

૧ થી ૨[4] કુડપ્પા

૩ પેદ્દાવદ્દગુરુ. ગુટી. ગુંટકલ. પનકોંડલા. વજ્રકરૂર ઉરવાકોંડા. અનંતપુર હિંદુપુર.

૪ હિંદુપુર. ગોરીબીડનૂર. ડોડ્ડુબલ્લાપુર. તુમકુર. ત્યામાગોંડલુ. નેલમંગલા બેંગલોર. મ્હૈસૂર.

૫ તગડુર. ⇕ બદ્દનવાલ. ⇕ નંજનગડ. ⇕ મ્હૈસૂર : સરકારી ખાદી મથકની મુલાકાત. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● સભાઓ—સ્ત્રીઓની, સ્થળ જગતમોહન રાજમહેલ; જાહેર.

૬ મંડ્યા. સકૂર. મદ્દૂર. બેફ્રાલહલ્લી શિવપુરમ્. સોમણહલ્લી. ચેન્નપતન. કલોઝપેટ. કંકણહલ્લી. બિશડી. કેંગરી. બેંગલોર : ઉતારો કુમાર પાર્કમાં.[5]

૭ બેંગલોર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● મુલાકાતો—દીનસેવા સંઘની; અને કર્ણાટક છાત્રાલયની. ● જાહેર સભા.

૮ બેંગલોર.

---

૧. તા. ૨૯-૧૨-૩૩ થી તા. ૪-૧-૩૪ અને ૬-૧-૩૪માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. શ્રી અરવિંદે જવાબમાં લખ્યું કે એ કોઇને મળતા નથી.

૩. (૧) ગૂજરાત વિદ્યાપીઠનાં પુસ્તકો સરકારે પાછાં સોંપ્યાં.

(૨) આજથી લાઠીમાં શરૂ થતાં ગુજરાતી સાહિત્ય પરિષદના અગિયારમા અધિવેશનમાં ગાંધીજીનો સંદેશો વાંચવામાં આવ્યો હતો.

૪. દરમિયાન તા. ૨જીએ દેવદાસ અચાનક છૂટયા.

૫. આ મહેલ મ્હૈસૂર રાજાની માલિકીનો હતો. અહીં ગાંધીજીને ઊતરવા દીધા એ વાઈસરૉય વિલીંગ્ડનને ગમ્યું નહોતું.

૧૯૩૪-જાન્યુઆરી[1]

૯ બેંગ્લોર : અમદાવાદના મિલમાલિકોના અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૦ ઓલવાકોટ : શબરી આશ્રમની મુલાકાત. પાલઘાટ. ચિતુર. કોડુવાયુર. તેનકુરીસી. વિલ્લાયંચતુર. નેન્મુલ્લી. કરીમપુઝા. ચેરપુલાસેરી. ઓટ્ટાપાલેમ્. ગુરુવાયુર.

૧૧ ગુરુવાયુર : જાહેર સભા. ⇕ કુન્નમકુલમ્. ⇕ અક્કીકાવ. ⇕ પટ્ટાંબી : જાહેર સભા.

૧૨ પાયાનૂર. કાનાનૂર. તેલીચેરી.

૧૩ તેલીચેરી. માહે. બડગરા. પાકનારપુરમ્. કિલંદી. કાલીકટ : કે. માધવન્ નાયરની છબીઓના અનાવરણ વિધિ-ટાઉન હૉલમાં અને 'માતૃભૂમિ' કાર્યાલયમાં.

૧૪ કલપટ્ટા. ⇕ કાલીકટ : ઉતારો નાગજી પરસોતમના બંગલામાં, માનપત્રો :—મલબાર વેપારી મંડળનું; મ્યુનિસિપાલિટીનુ તથા બીજાં. ● જાહેર સભા; સ્થળ દરિયા કિનારો.

૧૫[2] કાલીકટ.

૧૬ કાલીકટ : ઝામોરીન સાથે ચર્ચા—મંદિર પ્રવેશ અને અસ્પૃશ્યતા નિવારણ વિશે. ● આ જ પ્રશ્ન અંગે શાસ્ત્રીઓ સાથે ચર્ચા કરવાનું નક્કી કર્યું હતું પરંતુ એમના તરફથી લખાણ આવ્યું- દિવસોના દિવસો સુધી અને સંસ્કૃતમાં ચર્ચા કરો તો આવીએ! ⇕ ત્રિચૂર : ઉતારો રામકૃષ્ણ ગુરુકુળ મંદિરમાં.

૧૭ ત્રિચૂર : હરિજનવાસની મુલાકાત. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ કુરૂકનચેરી. ⇕ પેરૂવનમ્. ⇕ ઇરીંજલકુલા. ⇕ ચલ્લાકુડી. ⇕ અલવાઈ : ક્રિશ્ચન કૉલેજ યુનિયન સમક્ષ પ્રવચન. ⇕ એરનાકુલમ્ : ઉતારો તાતા મિલમાં.

૧૮ ત્રીપુનીત્ર : ચલવેન્તુર. એરનાકુલમ્. કોચીન. પલ્લુરૂથી. તુરૂવુર. અલેપ્પી. નેડુમુડી : અબ્બાસ તૈયબજીને ૮૦ વર્ષ થયાં એ નિમિત્તે અભિનંદનનો સંદેશો મોકલ્યો.

---

૧. તા. ૧૦, ૧૨, ૧૩ અને ૧૮માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. બિહારમાં ધરતીકંપ થયો.

૧૯૩૪—જાન્યુઆરી[1]

૧૯ કોટ્ટયમ્ : માનપત્ર. ⇕ ચંગનાચેરી : આનંદાશ્રમનું ઉદ્ઘાટન. ⇕ ઓડૂર. ⇕ પનમના.

૨૦ પનમના. ⇕ ક્વિલોન. ⇕ શિવગિરિ : હરિજન વસાહતની મુલાકાત. ⇕ વરકલા : નારાયણ ગુરૂ સ્વામીના આશ્રમની મુલાકાત. ⇕ ત્રિવેન્દ્રમ્. : જાહેર સભા. ● શ્રી અરવિન્દની મુલાકાત લેવા દેવાની વિનંતી માન્ય ન રાખતો એમનો તા. ૨૮મીનો પત્ર ફરતો ફરતો આજે મળ્યો.

૨૧ ત્રિવેન્દ્રમ્ : હરિજન છાત્રાલયની મુલાકાત. ● સ્ત્રીઓની સભા. ⇕ નેય્યાથંગરા. ⇕ પપાનમ્ અમરાવીલાઈ : ખ્રિસ્તી હરિજનો તરફથી માનપત્ર. ⇕ કુઝુથેરાઈ. ⇕ તક્કલાઈ. ⇕ નાગરકોઈલ : હરિજન વસાહતની મુલાકાત. ● જાહેર સભા. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ⇕ કન્યાકુમારી : ઉતારો ધર્મશાળામાં.

૨૨ કન્યાકુમારી.

૨૩ કન્યાકુમારી. નંગનેરી. વલીયુર. તીનેવેલી.

૨૪ તીનેવેલી. પાલમકોટા. ટેંકાશી. તુતિકોરિન.

૨૫[2] તુતિકોરિન. એટ્ટીયાપુરમ્. કોવીલપટ્ટી. શંકરનકોઈલ. રાજપાલયમ્. શિવકાશી. વિરૂધુનગર. કલ્લીગુડી; તિરૂમંગલમ્. તીરુપરનકુંદ્રમ્. મદુરા.

૨૬[3] મદુરા : જાહેર સભા. ● માનપત્રો–વેપારી મંડળ, મ્યુનિસિપાલિટી અને વિદ્યાર્થીઓ તરફથી.

૨૭ મદુરા. તેરુકુવેરુ. કલાવર. કરાઈકુડી. દેવકોટા. ચિત્તાનુર. તિરુપત્તુર. પગનેરી. શિવગંગા. મનમદુરાઈ.

૨૮ પોલાચી. ⇕ પોદનૂર.

૨૯ મેટ્ટાપાલયમ્. ⇕ કુનૂર : ઉતારો નાગેશ્વરરાવને ત્યાં.

૩૦ કુનૂર.

૩૧ કુનૂર. ⇕ રામનગર : હરિજન શાળાનો પાયો નાંખ્યો.

---

૧. તા. ૨૩ થી ૨૫ અને ૨૭માં જે નામો છે તે, ગામનાં નામો છે.
૨. અણેને છોડયા–મુદત પૂરી થયા પહેલાં.
૩. પુનમચંદ રાંકાને છ માસની સજા થઈ.

૧૯૩૪–ફેબ્રુઆરી[1]

૧ કુનૂર.

૨ કુનૂર. ↕ કોટાગિરિ.

૩ કુનૂર.

૪ કુનૂર. ↕ ઉટાકમંડ : મુલાકાત લીધી–રામકૃષ્ણ આશ્રમની અને દક્ષિણેશ્વર આશ્રમની.

૫[2] કુનૂર.

૬ ઇરોડ. ↕ તિરુપુર : મ્યુરિયલ લેસ્ટર મળવા આવ્યાં અને સાથે થયાં. ↕ કોઈમ્બતુર. ↕ પોદનૂર.

૭ પોદનૂર. પોલાચી. ઉદામલપેટ. વાણીવલાસી. ડીંડીગલ.

૮ બાટલાગુંડુ. વગુડપટ્ટી. પેરિયાકુલમ્. તેની. કંબમ્.

૯ કંબમ્ ↕ થેવરમ્ : ઉતારો સી. ગુરુસ્વામી પિલાઈને ત્યાં. • સ્ત્રીઓની સભા; સ્થળ ઝામોરીનનો મહેલ. ↕ બોડીનાયકાનૂર ↕ થેણી ↕ શોલાવંદન : ઉતારો ગોપાળ સ્વામી આયરને ત્યાં.

૧૦ ત્રિચિનાપલી : પીરધન જુહરમલ એન્ડની મુલાકાત. ↕ શ્રીરંગમ્ ↕ માનચન્નાલુર. ↕ સમયપુરમ્. ↕ ચિંતામણિ. ↕ ત્રિચિનાપલી : નૅશનલ કૉલેજની મુલાકાત. • મ્યુનિસિપાલિટીનું માનપત્ર. • જાહેર સભા; સ્થળ પુથુર મેદાન.

૧૧[3] ત્રિચિનાપલી. ↕ કુલીતલાઈ. ↕ માયાનુર. ↕ કરુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર. • જાહેર સભા. ↕ કોડુમુડી. ↕ ઈરોડ ↕ ભવાની. ↕ તીરુચેન્ગોડુ. ↕ પુદુપાલયમ્.

૧૨[4] પુદુપાલયમ્.

---

૧. તા. ૭ અને ૮માં જે નામો છે તે. ગામોનાં નામો છે.

૨. 'હિંદુ'ના તંત્રી રંગાસ્વામી આયંગરનું અવસાન.

૩. નીલા નાગિની અને એના પુત્રને અમેરિકન એલચી ખાતાએ અમેરિકા મોકલી દીધાં.

૪. જવાહરલાલની અલાહાબાદમાં ધરપકડ કરી એમને કલકત્તા લઈ ગયા.

૧૯૩૪–ફેબ્રુઆરી[1]

૧૩ પુદુપાલયમ્. : જાહેર સભા.

૧૪ પુદુપાલયમ્. ⇕ નામક્કલ ⇕ સેંથમંગલમ્. ⇕ સાલેમ : ઉતારો નટેસા પાંડારમને ત્યાં. ● સિદ્ધલિંગમના પુત્રનું નામ યોગીદાસ પાડયું.

૧૫ તાંજોર.[2] કુંભકોણમ્. તિરુવરુર. નેગાપટ્ટમ્.

૧૬[3] નાગોર ⇕ કારાઇકલ. ⇕ તિલ્લવાડી. ⇕ માયાવરમ. ⇕ શિયાલી. ⇕ ચિદમ્બરમ્ : અન્નમલાઇ યુનિવર્સિટીની મુલાકાત; વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન. ⇕ કુડાલોર.

૧૭[4] પાંડીચેરી.[5] સના. ગાંધીકુપ્પમ્. તિરુવણ્ણમલાઇ. વેલોર.

૧૮ વેલોર. ⇕ કાટપાડી. ⇕ અંબુર. ⇕ તિરુપત્તુર : ક્રાઇસ્ટકુલા આશ્રમની મુલાકાત ● મ્યુરિયલ લેસ્ટર, બંગાળના ગવર્નરને મળીને આવ્યાં. ⇕ જાલારપેટ.

૧૯ મદ્રાસ : વિજયનગરના મહારાણી મળવા આવ્યાં.

૨૦ મદ્રાસ : સ્વ. રંગાસ્વામી આયંગરનાં કુટુમ્બીઓને દિલાસો આપવા ગયા.

૨૧ કાંજીવરમ્. ચેંગલપેટ. વાલજાપેટ. રાણીપેટ. આરકટ. આની', આરકોનમ્

૨૨ મ્હૈસૂર. ⇕ ટીટ્ટીમટ્ટી. ⇕ કૈકેરી. ⇕ પન્નમપેટ : ઉતારો રામકૃષ્ણ આશ્રમમાં. ⇕ હુડીકેરી.

૨૩ વીરાજપેટ. બેલુર. સોમવારપેટ. ગંડુકુટ્ટી. મરકરા.

૨૪ મરકરા. સંપાજે. સલ્લિયા. પુત્તૂર[6]. ઉપ્પીનગડી. વિટ્ઠલગબ્બકા. કન્નડકા પનેમેંગલોર. બંટવાલ. મેંગલોર.

---

૧. તા. ૧૫, ૧૭, ૨૧, ૨૩ અને ૨૪માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. આધાર ન. ૬૩ના ૧૯૩૪ના પહેલા ભાગના પાના ૨૧ ઉપર અહીં આવ્યાની તા. ૧૬ જણાવી છે, પણ 'હરિજન બંધુ'માં તા. ૧૫મી છે, અને એ આધારભૂત માની છે.

૩. જવાહરલાલને કલકત્તામાં બે વર્ષની સજા થઇ.

૪. કાકા કાલેલકરને બે વર્ષની સજા થઇ.

૫. શ્રી અરવિંદનો આશ્રમ જોવા જવા ઇચ્છા હતી, પણ પરવાનગી ન મળવાથી જઇ શકયા નહિ.

૬. 'હરિજન-બંધુ'ના તા. ૧૧-૩-૩૪ના અંકમાં મુત્તૂર છે પણ ખરું નામ પુત્તૂર છે.

૧૯૩૪—ફેબ્રુઆરી-માર્ચ[1]

૨૫ મેંગલોર : સ્વ. વિઠ્ઠલભાઈ પટેલની છબીની અનાવરણવિધિ. ગુરપુર. બાજપે. યેક્કર. કાટીલ. કેનીગોલી, મુલકી. પડબિદ્રી. કોપ. કાટવાડી. ઉદ્યાવર. ઉડીપી. બ્રહ્માવર. કુંદાપુર.

૨૬ કુંદાપુર.

૨૭ કુંદાપુર. ભાટકલ. હોનાવર. તાદરી. કારવાર.

૨૮ કારવાર. બીનાગે. ચેંન્ડયા. અંકોલા. હીરાગુટ્ટી. માતનગિરિ કુમઠા. અમીનપલ્લી. હેગડે. સીરસી.

માર્ચ

૧ સીરસી. કાનાસુરઈ. સિદ્દાપુર, હાસનકોપ. ઈસલૂર. એક્કુંબી. સમસજે અલૂર. દેવીહોસૂર. હાવેરી. બ્યાડગી. મોતીબેનૂર. મુરગીમઠ.

૨ હાવેરી. રાણી બેનૂર. હરિહર. દાવણગિરિ. દુગથી. બેન્નીપલ્લી. હરપનહલ્લી. કોટ્ટૂરુ. કુડીલગી. કનવેહલ્લી. સંદૂર.

૩ સંદૂર બેલારી. હોસ્પેટ. ભાણાપુર. ગડગ. જકલી. હુબલી.

૪ હુબલી. ધારવાડ મારેવાડી. અમીનાભાંવી. મોરાબ હરોબીડહેંગલ. ઉપીનબેટાગિરિ. હીરેઉલ્લેગિરિ. સૌદંતી. ગુરુહોસુર હોસુર બૈલ-હોંગલ. સંપગામ. બાગેવાડી. બેળગાંવ.

૫ બેળગાંવ.[2]

૬ બેળગાંવ. ટોંડીકટ્ટી.

૭ બેળગાંવ. યમકનમર્ડી. વંટમારી. હુકેરી. ગોકાક. સંકેશ્વર ગઢહિંગ-લાજ. કનગલ્લો. ⇕ નિપાણી : ઉતારો અક્ષય ચંદ્રને ત્યાં. ⇕ ભોજ. નવલીહાલ. કોથળી. દોલગરવાડી ચીકોડી. અંકલી. શેડબલ.

૮ શેડબલ. મંગસોલી. બનહટ્ટી અથની. હોનવાડ. ટીકોટા. ⇕ તોરવી. ⇕ બીજાપુર : મ્યુનિસિપાલિટીનું માનપત્ર ⇕ ઈલ્કલ. ⇕ જોરાપુર.

૯ હૈદરાબાદ : ઉતારો સરોજિની નાયડુને ત્યાં. ● સભાઓ - સ્ત્રીઓની અને જાહેર. ● હરિલાલ મળવા આવ્યા. ⇕ સીકંદરાબાદ.

૧૦ રસ્તામાં.

૧૧ અલાહાબાદ : જવાહરલાલનાં માતા અને પત્નીને મળવા ગયા. ⇕ પટણા.

---

૧. તા. ૨૫-૨-૩૪ થી ૮-૩-૩૪માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. મહાદેવભાઈ અહીંની જેલમાં હતા પણ એમને મળવા દેવાની વિનંતી સરકારે માન્ય રાખી નહિ.

૧૯૩૪-માર્ચ[1]

૧૨ થી ૧૩ પટણા.

૧૪[2] પટણા. રાણીઘાટ. હાજીપુર. ચતરા. લાલગંજ. મોતીહારી.

૧૫[3] મોતીહારી.

૧૬ પટણા. ⇕ મુઝફ્ફરપુર : ઉતારો મહેશ પ્રસાદ સિંહાને ત્યાં. ⇕ છપરા.

૧૭ પટણા : ડૉ. બી. સી. રૉય મળવા આવ્યા.

૧૮ થી ૧૯ પટણા : ધરતીકંપ રાહત સમિતિની બેઠકો, સ્થળ રાધિકા ઈન્સ્ટીટયૂટ.

૨૦ પટણા : ગુરુદ્વારાની મુલાકાત.[4] ● જાહેર સભા, સ્થળ મંગલ્લા તળાવ.

૨૧ પટણા : દરભંગાના મહારાજા મળવા આવ્યા.

૨૨ થી ૨૩ પટણા.

૨૪ પટણા. ⇕ દીનાપુર.

૨૫ થી ૨૬ પટણા.

૨૭ પટણા : હિંદી સરકારના નાણામંત્રી સર જ્યોર્જ શુસ્ટરને પત્ર : ગાંધી-ઈર્વિન કરાર અનુસાર, ગરીબોને અપાયેલી, મફત મીઠાની છૂટ ભીડી ગઈ ? એમ જણાય છે કે કેટલેક ઠેકાણે આ છૂટ પાછી ખેંચી લેવામાં આવી છે. કાંઈ કરી ન શકાય ? ⇕ સોનપુર. ⇕ સરાયા. ⇕ પરશુરામપુર. ⇕ પાનપુર. ⇕ છપરા : ઉતારો ડૉ. મહમૂદને ત્યાં.

૨૮ છપરા. ⇕ મુઝફ્ફરપુર. ⇕ બાલઘાટ : ઉતારો આશ્રમમાં.

૨૯ મુઝફ્ફરપુર. બેદાઉલ. બારથુઆચાર. બેલસંદ. ચંદાઉલી. સીતામઢી.

૩૦ સીતામઢી. ⇕ કામતૌલ. ⇕ કોરીયાપીરા. ⇕ સુરસંદ. ⇕ પુપરી. ⇕ દરભંગા : ઉતારો મહારાજાને ત્યાં.

૩૧[5] દરભંગા. ⇕ મધુબની : સભા ચાલતી હતી ત્યાં ગાંધીજી સામે કાળા વાવટાના દેખાવો. ⇕ રાજનગર.

---

૧. તા. ૧૪ અને ૨૯માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. અમેરિકાના Christian Century નામના સામાયિકે નોબેલ ઈનામ માટે ગાંધીજીનું નામ સૂચવ્યું.

૩. એગથા હેરિસન વિલાયતથી હિંદ આવ્યાં.

૪. આજે ગુરુ ગોવિંદસિંહનો જન્મદિન હતો અને પટણા એમનું જન્મ સ્થાન હતું.

૫. આજે અને એપ્રિલ માસની તા. ૧ અને ૨ના રોજ દિલ્હીમાં, ડૉ. અનસારીના નિવાસસ્થાને, કેટલાક કોંગ્રેસી નેતાઓ મળ્યા અને જૂની સ્વરાજ પાર્ટીને સજીવન કરવા ઠરાવ્યું.

૧૯૩૪—એપ્રિલ[1]

૧ નિરમાલી. ⇕ સહરસા.

૨ સહરસા : સ્વરાજ મેળવવા માટે જ ચાલતી સત્યાગ્રહની લડત બંધ કરવા, લડત અંગત રીતે ચલાવવાનું પોતાના જ ઉપર છોડવા, અને સ્થાનિક દુઃખોના નિવારણ માટે આ પ્રતિબંધ નથી; વગેરે મુદ્દાઓ સમાવતું નિવેદન ઘડયું. ⇕ બીહપુર. ⇕ ભાગલપુર : ઉતારો દીપ નારાયણ સિંહને ત્યાં.

૩ મોંઘીર.

૪ પટણા : ડૉ. અનસારી, ભૂલાભાઈ દેસાઇ વગેરે મળવા આવ્યા અને સ્વરાજ પાર્ટી સજીવન કરવા વિશેની ચર્ચાથી વાકેફ કર્યા. ⇕ જમાલપુર. ⇕ મોકામેહ. ⇕ પુનારક ⇕ બાર. ⇕ બખ્તીયારપુર. ⇕ પટણા.

૫ પટણા : સ્વરાજ પાર્ટી સજીવન કરવા સંમતિ આપી. ● અમદાવાદના મિલમાલિકો અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૬[2] પટણા : ચર્ચા ચાલુ. ● તા. ૨જીએ ઘડેલું નિવેદન બહાર પાડયું.

૭ પટણા.

૮ પટણા : ડૉ. અનસારીને પત્ર :—મને પોતાને ધારાસભાનો મોહ નથી, પણ બીજાઓ જેઓ એમાં જવાના મતના હોય તેઓ એમ કરે એમાં મને વાંધો નથી. ⇕ કટીહાર. ⇕ ફોરબસગંજ. ⇕ કુલકાના. ⇕ અરારિયા : ઉતારો બાબુ તારા પ્રસાદ દાસગુપ્તાને ત્યાં.

૯ અરારિયા. ⇕ પૂર્ણિયા : ઉતારો બાબુ ગોકુળ કૃષ્ણ રાયને ત્યાં.

૧૦ ટિકાપટ્ટી. ⇕ રૂપસી.

૧૧ રૂપસી. ધુબડી. ગૌરીપુર બાંસબારી. ચાપરાકાટા. સોરભોગ. હાઉલી. સોરુપેટા. બરપેટારોડ. બરપેટા. બરપેટારોડ.

૧૨ બરપેટારોડ. રંગિયા. ગોરેશ્વર. ટાંગલા. ઓદલગુરી. બીંદુકુદ઼ી. રાંગાવાડા. તેજપુર.

---

૧. તા. ૧૧ અને ૧૨માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. તા. ૨૭-૩-૩૪ના પત્રનો જવાબ આવ્યો - છૂટ ઊડી ગઈ નથી; પણ કેટલેક ઠેકાણે જ્યાં એનો દુરૂપયોગ થયો છે ત્યાં એ પાછી ખેંચી લેવામાં આવી છે.

૧૯૩૪-એપ્રિલ

૧૩ ગોહાટી. : સેવાશ્રમનું ઉદ્‌ઘાટન, ● રક્તપિત્તીયાના આશ્રમની મુલાકાત.

૧૪ ગોહાટી : છઠ્ઠીએ આવેલા પત્રના જવાબમાં લખ્યું—જ્યાં છૂટ પાછી ખેંચી લેવામાં આવી છે ત્યાં, એ, પાછી કેવી રીતે મેળવી શકાય ?[1] ⇕ છાપરમુખ. ⇕ ખેર્ગી. ⇕ નૌગાવ. ⇕ છાપરમુખ. ⇕ ફરકાટીંગ.

૧૫ ગોલાઘાટ. ⇕ ગણકપુખરી. ⇕ દેરગામ; ⇕ જોરહટ.

૧૬ થી ૧૭[2] જોરહટ.

૧૮ જોરહટ. ⇕ ચારીંગ ⇕ શિવસાગર.

૧૯ શિવસાગર. ⇕ દીમાઉ. ⇕ સેપોં. ⇕ કવાંગ. ⇕ દીહીંગ. ⇕ દિબ્રુગઢ: ધારાસભાના પ્રમુખ તરફથી અપાયેલી પાર્ટીમાં હાજર.

૨૦ દિબ્રુગઢ. ⇕ છાબવા. ⇕ તિનસુખિયાં.

૨૧ ગોહાટી.

૨૨[3] મુઝફ્ફરપુર : ઉતારો ગોખલેપુરીમાં.

૨૩ મુઝફ્ફરપુર : ધરતીકંપ રાહત અંગે 'ગોખલેપુરી' વસાહતનું ઉદ્‌ઘાટન.

૨૪[4] મુઝફ્ફરપુર. ⇕ પટણા.

૨૫ પટણા. ⇕ કુલહારીઆ. ⇕ જમરીઆ ⇕ આરા : રસ્તામાં સનાતનીઓ ગાંધીજીની મોટરગાડીનાં પૈડાં પકડે, એમને ખસેડવા પડે, બહુ સમય બગડે.

---

૧. 'હરિજન બંધુ'ના તા. ૨-૧૨-૩૪ના અંકના પાના ૨૯૭ ઉપર અને 'Harijan'ના તા. ૩૦-૧૧-૩૪ના અંકના પાના ૩૩૩ ઉપર, આ પત્ર પટણાથી લખવામાં આવ્યો હતો એમ જણાવ્યું છે; પણ એ બંધબેસતું નથી.

૨. દરમિયાન તા. ૧૬મીએ વડી ધારાસભામાં ગૃહમંત્રીએ જાહેર કર્યું—'ગાંધીજીનું તારીખ છઠ્ઠીનું નિવેદન સ્વીકારવા માટે એ. ઈ. કાં. ક. મળશે તો એની સામે પ્રતિબંધ મૂકવામાં આવશે નહિ.

૩. ગાંધીજીના તા. ૧૪મીના પત્રનો જવાબ સરકારે આપ્યો—દુરૂપયોગ થવાનું જ્યાં માલૂમ પડ્યું હતું તેની યાદી આ સાથે સામેલ છે; છૂટ પાછી મેળવવા સ્થાનિક અમલદારોને અરજી કરી શકાય છે.

૪. શંકરન્ નાયરનું અવસાન.

૧૯૩૪—એપ્રિલ—મે[૧]

⇕ બકસર. ⇕ જશીદી : પંડિત લાલનાથની આગેવાની નીચે સનાતનીઓનો હુમલો, મોટરગાડી ઉપર લાકડીઓના પ્રહારો.

૨૬ દેવગઢ. ⇕ ગયા.

૨૭ ચતરા. ⇕ હઝારીબાગ.

૨૮ બરમો. ⇕ ઝરીયા.

૨૯ પુરૂલિયા. ⇕ રાંચી.

૩૦ રાંચી.

મે

૧ અને ૨ રાંચી : સ્વરાજ પાર્ટીના નેતાઓ સાથે ચર્ચા.

૩[૨] રાંચી : ઉદ્ઘાટનો—નિવારણ આશ્રમનું અને હરિજન ઉદ્યોગશાળાનું.

૪ રાંચી. : રસ્તામાં મોટરને અકસ્માત ⇕ જમશેદપુર.

૫ ઝારસુગુડા. ⇕ સંબલપુર : રક્તપિત્તિયા ઋગ્ણાલયની મુલાકાત. ⇕ બામુર.

૬ બામુર. અંગુલ[૩]. મેરમંડલાઈ. બાનુરપાલ. હિંડોલ. સદાશિવપુર. કટક. (રવિવાર) મધરાતે આવ્યા પછી મૌન લીધું.

૭ પુરી.

૮[૪] પુરી : ગોપબંધુ દાસની છબીની અનાવરણ વિધિ.

૯[૫] પુરી. ગોપીનાથપુર. હરિકૃષ્ણપુર. ચંદનપુર.

૧૦ ચંદનપુર. ⇕ વીરગોવિંદપુર. ⇕ સાક્ષીગોપાળ. ⇕ કદવા : ઉતારો ગોપબંધુ સેવા સદનમાં. ⇕ વીરપુરુષોત્તમપુર.

૧૧ વીરપુરૂષોત્તમપુર. ⇕ દાંડમુકુન્દપુર : ઉતારો કૃષ્ણ મંદિરની ધર્મશાળામાં; સતીશ બાબુ જોડાયા. ⇕ પીપલી. ⇕ બાલાસોર. ⇕ પીપલી.

---

૧. તા. ૬–૫–૩૪ અને ૯–૫–૩૪માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. તા. ૨ તથા ૩, રાંચીમાં સ્વરાજ પાર્ટીની પરિષદ મળી.

૩. આજે રવિવાર હતો છતાં, આ ગામે શાળાઓ ખુલ્લી રાખવામાં આવી હતી અને પરીક્ષાઓ લેવાઈ હતી, કે જેથી, વિદ્યાર્થીઓ ગાંધીજીની સભામાં જઈ શકે નહિ !

૪. બંગાળના ગવર્નર સર જહોન એન્ડરસન ઉપર ગોળીબાર–નિષ્ફળ.

૫. આજથી ૧૬મી સુધીનો પ્રવાસ પગપાળા કર્યો.

૧૯૩૪—મે[1]

૧૨ પીપલી. સેવલા. બાલકાટી.

૧૩ બાલકાટી. સત્યભામાપુર. બાલીઅંતા.

૧૪ બાલીઅંતા. : કૃષ્ણની મૂર્તિની સ્થાપના કરી.

૧૫ બાલીઅંતા. તેલંગાપેઠ.

૧૬[2] તેલંગાપેઠ. કાજીપટ. : પંડિત લાલનાથે અંતરાયો નાખ્યા. કટક. : સભાઓ જાહેર અને સ્ત્રીઓની (રામચંદ્ર ભવનમાં) ● ભિખારી બાબુની ગૃહઉદ્યોગ સંસ્થાની મુલાકાત.

૧૭ પટણા.[3]

૧૮ પટણા : વર્કીંગ કમિટીની અને ઑ. ઈ. કૉં. ક. ની બેઠકોમાં હાજર; સ્થળ રાધિકાસિંગ લાયબ્રેરીનું મકાન; ઠરાવ્યું–સવિનય ભંગની ચળવળ પાછી ખેંચી લેવી.

૧૯ પટણા : બંનેની બેઠકોમાં હાજર; ઠરાવ્યું–ધારાસભામાં જવા ઘણા કૉંગ્રેસીઓ ઇચ્છે છે તેથી પાર્લમેન્ટરી બૉર્ડ સ્થાપવું.

૨૦ પટણા.

૨૧[4] બરી. ⇕ ચંપાપુરહાટ : ઉતારો ગોવિન્દજીના આશ્રમમાં.

૨૨ ચંપાપુરહાટ. ભેર્ડા.

૨૩ ભેર્ડા. માલા. લખમણપુર.[5] ગોપીનાથપુર.

૨૪ ગોપીનાથપુર. લક્ષ્મીનારાયણપુર. બહુકુદ[6] : મીનુ મસાણી આવ્યા. સીસવા.

૨૫ સીસવા. પાટપુર. નિશ્ચિન્તકોઇલી.

૨૬ નિશ્ચિન્તકોઇલી. કાકટિયા. સલાર.

૨૭ સલાર. ભાગવતપુર. કેન્દ્રપાડા.

૨૮ કેન્દ્રપાડા.

૨૯ કેન્દ્રપાડા. બરીમૂલ.

---

૧. તા. ૧૨ થી ૧૬ અને ૨૨ થી ૨૯માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. કસ્તૂરબા છૂટયાં.

૩. અખિલ ભારત કૉંગ્રેસ સમાજવાદી પરિષદનું પહેલું અધિવેશન પટણામાં મળ્યું; પ્રમુખ આચાર્ય નરેન્દ્ર દેવ. (આધાર નં. ૬૩ના ૧૯૩૪ના પહેલા ભાગના પાના ૩૨ ઉપર આની તા. ૧૫ જણાવી છે પણ એ બરાબર નથી).

૪. આજથી તા. ૭–૬–૩૪ સુધીનો પ્રવાસ પગપાળા કર્યો.

૫. અહીંથી પીઅરે સેરેસોલ જોડાયા.

૬. ગાંધીજીની હજામત એક બાઇએ કરી !

૧૯૩૪—મે—જૂન[1]

૩૦ બરીમૂલ. : ઉડિયા મૂળાક્ષર શીખવા શરૂ કર્યા. ઇંદુપુર. કલ્યાણપુર. કાલામટિયા. કૈપાડા. અંગાઈચીપુર.

૩૧ અંગાઈચીપુર. બરી. નેવલા. સાહસપુર.

જૂન

૧ સાહસપુર. પુરુષોત્તમપુર. કબીરપુર. બુઢાઘાટ.

૨ બુઢાઘાટ. જાજપુર. મંજુરી.

૩ મંજુરી. ભંડારીપોખરી. : ઘનશ્યામદાસ બિરલા આવ્યા. તોડંગ.

૪ તોડંગ.

૫ તોડંગ. ભદ્રક. ગરદપુર : ઉતારો જીવરામભાઈના આશ્રમમાં, તથા મહેતાબને ત્યાં.

૬[2] ગરદપુર.

૭ ગરદપુર. ભદ્રક[3].

૮ ભદ્રક. મારકોના. સોરો. ખાંતાપાડા. બાલાસોર. હલદીપાડા. અમરડારોડ. જલેશ્વર. ખડગપુર.

૯ વર્ધા.

૧૦ વર્ધા. ⇕ નલવાડી : વિનોબાના આશ્રમની મુલાકાત.

૧૧ વર્ધા.

૧૨ વર્ધા : મ્યુ. નું માનપત્ર; વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૩ વર્ધા : વર્કિંગ કમિટીની બેઠકોમાં હાજર.

૧૪ મુંબઇ : ચર્ચા–પ્રાંતિક હરિજન સેવક સંઘ સાથે અને ગાંધી સેવા સેના સાથે.

૧૫ મુંબઇ : જુદીજુદી હરિજન સંસ્થાઓ સાથે ચર્ચા. • સ્ત્રીઓની સભા, સ્થળ રોયલ ઑપેરા હાઉસ.

૧૬[4] મુંબઇ : ડૉ. આંબેડકર વગેરે મળવા આવ્યા. • કોંગ્રેસના પાર્લમેન્ટરી બોર્ડની બેઠકમાં હાજર. • વાલપાખડીના હરિજનવાસની મુલાકાત લીધી.

---

૧. તા. ૩૦–૫–૩૪ થી ૮–૬–૩૪માં જે નામો છે તે, ગામનાં નામો છે.

૨. સરકારે કોંગ્રેસની બધી સંસ્થાઓ ઉપરથી પ્રતિબંધ ઉઠાવી લીધો.

૩. પગપાળા મુસાફરીનો અંત આવ્યો.

૪. મ્યુરિયલ લેસ્ટર અને ઍગથા હૅરિસન વિલાયત જવા મુંબઈથી નીકળ્યાં.

૧૯૩૪–જૂન

૧૭ મુંબઇ : ખારમાં સાક્ષર નરસિંહરાવને મળવા ગયા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર અને ભાગ લીધો. ● કોંગ્રેસનો ચૂંટણી–ઠરાવ મંજૂર રાખ્યો. ● હરિજન બોર્ડની સભામાં હાજર. સ્થળ સાંતાક્રુઝ. ● ઑલ ઇન્ડિયા સ્વદેશી લીગના કેટલાક સભ્યોને સંબોધન.

૧૮ મુંબઇ[1] : વર્કીંગ કમિટીની બેઠક. (ચાલુ). ● મળવા આવ્યા. માલવિયાજી અને શૌકતઅલી.

૧૯ મુંબઇ. ⇕ પૂના : ઉતારો લેડી ઠાકરસીના બંગલે, મુલાકાતો કરશનદાસના બંગલે.

૨૦[2] પૂના : ચર્ચા—રચનાત્મક કાર્યકરો સાથે અને દેશી રાજ્યોની પ્રજાના પ્રતિનિધિઓ સાથે.

૨૧[3] પૂના : મુલાકાતો લીધી—હરિજન વાસો; નાથીબાઇ મહિલા વિદ્યાપીઠ; મહિલા પાઠશાળા; મહિલા આશ્રમ, હિંગણે સ્ત્રી શિક્ષણ સંસ્થા, ક્રાઇસ્ટ સેવા સંઘ વગેરેની. ● જાહેર સભા.

૨૨ પૂના : ક્રાઇસ્ટ સેવા સંઘ આશ્રમની મુલાકાત. ● નવા હરિજન વાસનો પાયો નાખ્યો. ● અહલ્યાશ્રમમાં હરિજન કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન. ● મુલાકાતો અને સભાઓ.

૨૩ પૂના : અંજુમને ફિદાયે ઇસ્લામના આશ્રય હેઠળ, બારા વફાતના પ્રસંગે પ્રવચન; સ્થળ ગણેશપેઠ. ● મુલાકાતો લીધી—મહારાષ્ટ્રીય મંડળનો અખાડો અને તારાચંદ રામનાથ ધર્માદા આયુર્વેદિક હૉસ્પિટલની.

૨૪ પૂના : મુલાકાતો, સભાઓ અને માનપત્રો.

૨૫ પૂના[4] : મ્યુનિસિપાલિટીનું માનપત્ર; એ લેવા જતા હતા ત્યાં, ગાંધીજી ઉપર બૉમ્બ ફેંકવામાં આવ્યો; બીજી ગાડી ઉપર પડ્યો; ગાંધીજી બચી ગયા. ● સેવાસદનની મુલાકાત.

---

૧. મુંબઇમાં 'મણિભુવન'માં આ એમનો છેલ્લો ઉતારો હશે.

૨. સરકારે, ગુજરાત પ્રાંતિક સમિતિનો કબજો સોંપ્યો.

૩. મીરાંબહેન વિલાયત જવા મુંબઈથી નીકળ્યાં.

૪. પુનાના આ વસવાટ દરમિયાન, વિજય મરચંટે ઑટોગ્રાફ માટે માગણી કરતાં, જે પાના ઉપર M.C.C.ના ખેલાડીઓના હસ્તાક્ષર હતા તે પાના ઉપર છેલ્લા 'ખેલાડી' તરીકે સહી કરી આપી.

૧૯૩૪-જૂન-જુલાઈ

૨૬ મુંબઈ. ⇕ અમદાવાદ : આવ્યા રાત્રે; ઉતારો સાબરમતી આશ્રમ પાસે બુધાભાઈ મહાસુખરામના મકાનમાં.

૨૭ અમદાવાદ[1] : વાડજ હરિજન વાસની મુલાકાત. ● ચર્ચા—હરિજન સેવક સંઘ સાથે; અને મિલમાલિક મંડળના પ્રતિનિધિઓ સાથે. ● સ્ત્રીઓની સભા; સ્થળ કૃષ્ણ થિયેટર.

૨૮ અમદાવાદ : અસ્પૃશ્યતા નિવારણ સંઘની બેઠકમાં હાજર.

૨૯ અમદાવાદ : મુલાકાતો લીધી—કોચરબ હરિજન બાલમંદિર; દલિત છાત્રાલય, કલ્યાણગ્રામ; અનસૂયાબહેનનું બાલગૃહ; હરિજન કન્યા છાત્રાલય; વણકર વિદ્યાર્થી આશ્રમ; જ્યોતિસંઘ; પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ; વગેરેની. ● મિલ કામદારો સમક્ષ પ્રવચન. ● જાહેર સભા. ● મિલમાલિકો તથા મજૂરો વચ્ચેના ઝઘડા અંગે પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૩૦ **અમદાવાદ : કૉંગ્રેસ સમાજવાદી** પક્ષના સભ્યો સાથે ચર્ચા કરતાં જણાવ્યું—જુદા મતવાળા હોય એ સમજી શકાય, પણ અહિંસા મટી જતી હોય તો એ, કૉંગ્રેસને ખપે નહિ.[2] ● ચર્ચાઓ-આશ્રમવાસીઓ સાથે, કૉંગ્રેસ કાર્યકર્તાઓ સાથે અને મિલમાલિકો તથા મજૂરોના પ્રતિનિધિઓ સાથે.

જુલાઈ

૧ ભાવનગર : ઉતારો સર પ્રભાશંકર પટ્ટણીને ત્યાં. ● ભંગીવાસનો પાયો નાખ્યો. ● સનાતનીઓની સભા રાખી હતી પણ કોઈ આવ્યું નહિ. ● **જાહેર સભા.**

---

૧. આધાર નં. ૩માંનો પત્ર નં. ૫૫ આજે 'પર્ણકુટી, પૂના'થી લખ્યો હતો એમ જણાવ્યું છે. પણ એ બંધબેસતું નથી. એ પત્ર કદાચ ૨૦મીએ લખાવ્યો હશે.

૨. આધાર નં. ૬૩ના સને ૧૯૩૪ના ભાગ બેના પાના ૨૫ ઉપર આની તા. ૧-૭-૩૪ જણાતી છે, પણ એ બંધબેસતું નથી.

૧૯૩૪–જુલાઈ

૨[1] ભાવનગર : કાઠિયાવાડ હરિજન સેવક સંઘ તથા રાજકીય પરિષદની હરિજન સમિતિની સંયુક્ત બેઠક.

૩[2] ભાવનગર : મુલાકાતો લીધી–ઠક્કર હરિજન આશ્રમ અને શામળદાસ કૉલેજની. ● સ્ત્રીઓની સભા.

૪ અજમેર[3] : સરધાણા સ્ટેશને ઊતરી ગયા.

૫[4] અજમેર : સ્ત્રીઓની સભા. ● અર્જુનલાલ શેઠીને મળવા ગયા. ● મુલાકાતો. ● જાહેર સભા અને માનપત્રો–સભામાં પંડિત લાલનાથ તથા સનાતનીઓનું તોફાન; મારામારી; પંડિતને વાગ્યું; ગાંધીજીનો બળાપો અને ઠપકો.

૬ અજમેર. ⇕ બીઆવર : સભા; જૈન સાધુઓ તથા બીજાઓનાં માનપત્રો. ● ટ્રેનમાં પંડિત લાલનાથ સાથે ચર્ચા.

૭ હૈદરાબાદ (સિંધ). ⇕ કરાંચી : મલીર સ્ટેશને ઊતરી ગયા. ● ઉતારો શારદા મંદિરમાં. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૮[5] કરાંચી : વેપારી મંડળના મકાનનું ખાત મુહૂર્ત. ● સભાઓ અને માનપત્રો.

૯ કરાંચી : આખો દિવસ મોહતા મહેલમાં ગાળ્યો.

૧૦ કરાંચી : વિઠ્ઠલભાઈ પટેલની છબીની અનાવરણવિધિ; સ્થળ દયારામ જેઠમલ સિંધ કૉલેજ. ● શારદા મંદિરના ચોગાનમાં વૃક્ષારોપણ.

---

૧. જયરામદાસ દોલતરામ સિંધ (હૈદરાબાદ) જેલમાંથી છૂટયા.

૨. (૧) કાકા કાલેલકર એ જ જેલમાંથી અને મોરારજી દેસાઈ યરોડા જેલમાંથી છૂટયા.

(૨) આ અરસામાં ભણુશાળી મળવા આવ્યા.

૩. 'ગુજરાત સમાચાર'ના તા. ૬ઠ્ઠીના અંકના પાના ૫ ઉપર અહીં આવ્યા તા. ૫ જણાવી છે, પણ 'હરિજન બંધુ'ના તા. ૧૫મીના અંકના પાના ૧૩૮ ઉપર તા. ૪થીની રાત જણાવી છે; આને પ્રમાણભૂત માની છે.

૪. મીરાંબહેન લંડન પહોંચ્યાં.

૫. મહાદેવભાઈ હિંડલગા જેલમાંથી છૂટયા.

૧૯૩૪—જુલાઈ

● મહિલા મંડળની મુલાકાત. ● તા. ૫મીએ બનેલા બનાવના પ્રાયશ્ચિત રૂપે તા. ૭-૮-૩૪થી સાત દિવસના ઉપવાસની જાહેરાત.

૧૧[1] કરાંચી : મુલાકાતો લીધી—હરિજન શિલ્પશાળા; ગુજરાત વિદ્યાલય, કન્યા મહાવિદ્યાલય; વગેરેની. ● પારસીઓની સભા; સ્થળ જહાંગીર રાજકોટવાળાનો બાગ. ● એક સનાતની મળવા આવ્યો, એના હાથમાં કુહાડી હતી તે, પોલીસે લઈ લીધી. ● થી નીકળ્યા; એંજિનનું પૈડું તૂટયું છતાં એ આશરે સો માઈલ ચાલ્યું; અદ્ભુત બચાવ.

૧૨ લાહોર : ઉતારો સર્વન્ટ્સ ઑફ પીપલ્સ સોસાયટીના લજપતરાય ભવનમાં.

૧૩ લાહોર : મુલાકાતો લીધી—દયાનંદ એ. વી. સ્કૂલ અને કૉલેજ, સનાતન ધર્મ કૉલેજ; ફૉર્મન ક્રિશ્ચન કૉલેજ; દયાલસિંહ હાઇસ્કૂલ વગેરે.

૧૪[2] લાહોર : મુલાકાતો—કન્યા મહાવિદ્યાલય; પુત્રી પાઠશાળા; સર ગંગારામ કન્યાશાળા; વગેરેની ● સભાઓ અને માનપત્રો.

૧૫ લાહોર : ગુજરાતી બંધુસમાજ તરફથી સત્કાર. ● જાહેર સભા.

૧૬ લાહોર.

૧૭[3] લાહોર : મુલતાન દયાનંદ સ્કૂલની મુલાકાત. ● ગુલાબદેવી હૉસ્પિટલ તથા લાલા લજપતરાયની છબી ખુલ્લાં મૂકયાં.

૧૮[4] રસ્તામાં.

૧૯ કલકત્તા : આવ્યા સવારે; બેલુર સ્ટેશને ઉતર્યા; ઉતારો જીવણલાલને ત્યાં. ● કવિવર ટાગોર મળવા આવ્યા. ● 'વિશ્વામિત્ર' દૈનિક હિંદી પત્રની કચેરીની મુલાકાત. ● સ્ત્રીઓની સભા; સ્થળ આલ્બર્ટ હૉલ.

---

૧. અલાહાબાદમાં આવેલું સ્વરાજ ભવન સરકારે પાછું સોંપ્યું.

૨. સરદાર વલ્લભભાઇને નાશિક જેલમાંથી છોડવામાં આવ્યા.

૩. લાહોરના વસવાટ દરમિયાન સવારના ૧૦ થી સાંજના ૩ સુધી મૌન પાળતા.

૪. આધાર નં. ૩૯ના પાના ૨૨૯ ઉપરની પાદટીપમાં જણાવ્યું છે કે આજે ગાંધીજી કલકત્તા હતા; પણ એ બંધબેસતું નથી.

૧૯૩૪-જુલાઈ

૨૦ કલકત્તા : નેલીસેન ગુપ્તાને ત્યાં જતીન મોહન સેનગુપ્તાના અવસાન અંગે ખરખરો કરવા ગયાં[1]. ● કાર્યકર્તાઓ સાથે ચર્ચા. ● 'સ્ટેટ્સમેન'ના તંત્રીએ મુલાકાત લીધી.

૨૧ કલકત્તા : ચિત્તરંજન સેવા સદનમાં, બાળકો માટેના નવા વિભાગનો પાયો નાખ્યો. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર; સ્થળ ટાઉન હૉલ. ● જાહેર સભા; સ્થળ દેશબંધુ પાર્ક. ● કોંગ્રેસમાંથી નીકળી જવાનો વિચાર આવ્યો.

૨૨ અલાહાબાદ-સ્ટેશનને સભા. ⇕ કાનપુર : માનપત્રો અને સભા.

૨૩[2] કાનપુર.

૨૪ કાનપુર : તિલક હૉલ ખુલ્લો મૂક્યો. ● સભાઓ અને માનપત્રો.[3]

૨૫ કાનપુર. ⇕ લખનૌ : સભાઓ-સ્ત્રીઓની, જનાના પાર્કમાં; જાહેર, અમીનુદ્દૌલા પાર્કમાં. ⇕ કાનપુર : ગુજરાતીઓનું માનપત્ર. ● જમીનદારો મુલાકાતે આવ્યા.

૨૬ કાનપુર : સ્ત્રીઓની સભા ● લાલા કમલાપતની મુલાકાત લીધી.

૨૭ બનારસ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; સ્થળ કાશી વિદ્યાપીઠ. ● સમાજવાદીઓ સાથે ચર્ચા.

૨૮ બનારસ : બેઠક ચાલુ. ● સમાજવાદીઓ સાથે ફરીથી ચર્ચા. ● હરિજન સેવક સંઘની મધ્યસ્થ બોર્ડની બેઠક.

૨૯ બનારસ : સંઘની બેઠક ચાલુ. ● વર્કીંગ કમિટી અને પાર્લામેન્ટરી બોર્ડની સંયુક્ત બેઠકમાં પ્રવચન.

૩૦ બનારસ : વર્કીંગ કમિટીની બેઠક ચાલુ.

૩૧[4] બનારસ : બાબા કાલભૈરવના 'હૂકમ'થી ગાંધીજીને 'પકડવા' 'વારન્ટ' લઈને મણિલાલ શર્મા આવ્યા; વારન્ટમાં એવો હૂકમ હતો કે ગાંધીજીને કબજે કરવા અને એ તાબે ન થાય તો એમના ચિત્રને શિક્ષા કરવી. ગાંધીજીએ તાબે થવા ના પાડી.[5] ● વિદ્વાન પંડિતોનું

---

૧. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૨. સામ્યવાદી પક્ષને, સરકારે, ગેરકાયદે જાહેર કર્યો.

૩. ભેટ મળેલી સ્થાનિક બનાવટની ફાઉન્ટન પેન અને બકરી, હરાજ કરી વેચી દીધી.

૪. માલવિયાજી અને અણેએ Nationalist Party નામનો પક્ષ રચ્યો.

૫. એટલે ગાંધીજીના ફોટાને પાંચ કલાક સુધી ઊંધો ટાંગી રાખ્યો અને બીજે દિવસે બાળ્યો !

૧૯૩૪-જુલાઈ-ઑગસ્ટ

માનપત્ર: સમારંભમાં સનાતનીઓના અધિકૃત પ્રતિનિધિઓ મંચ ઉપર બિરાજ્યા હતા.[૧] ● જાહેર સભા; સ્થળ સેન્ટ્રલ હિંદુ સ્કૂલ. ગાંધીજીએ જાહેર કર્યું કે આજથી કેવળ હરિજન સેવાના સોગંદનો અંત આવે છે.[૨]

ઑગસ્ટ

૧ બનારસ : વિદ્યાર્થીઓની સભા અને માનપત્ર; સ્થળ હિંદુ યુનિવર્સિટી. ● કાર્યકર્તાઓ સાથે વાતચીત. ● કબીર મઠની મુલાકાત.

૨ બનારસ : સ્ત્રીઓની સભા; સ્થળ હરિશ્ચન્દ્ર હાઈસ્કૂલ. ⇕ પટણા.

૩ પટણા : ધરતીકંપ રાહત સમિતિની બેઠકમાં હાજર.

૪ પટણા.

૫ થી ૬ વર્ધા.[૩]

૭ વર્ધા : ઉપવાસ શરૂ.[૪] સ્થળ મહિલા આશ્રમ.

૮ થી ૧૩[૫] વર્ધા : ઉપવાસ ચાલુ.

૧૪ વર્ધા : ઉપવાસ છૂટયા. નિર્વિઘ્ને પૂરા થયા તે માટે અભિનંદન આપતો પંડિત લાલનાથનો તાર આવ્યો.

---

૧. 'હરિજન બંધુ'ના તા. ૧૨-૮-૩૪ના અંકના પાના ૧૭૧ ઉપર આની તા. ૨-૮-૩૪ જણાવી છે પરંતુ સાચી તા. ૩૧-૭-૩૪ છે.

૨. જુઓ તા. ૧-૮-૩૩ અને ૧૪-૯-૩૩.

૩. આધાર નં. ૧૪૬ના પાના ૧૮૩-૧૮૫ અનુસાર, આ દિવસોમાં ગાંધીજી મુંબઈ હતા. પરંતુ આ બંધબેસતું નથી.

૪. (૧) જુઓ તા. ૧૦-૭-૩૪.

(૨) આધાર નં. ૬૩ના સને ૧૯૩૪ના ભાગ બીજાના પાના ૨૬ ઉપર આની તા. ૭-૭-૩૪ જણાવી છે; એ મુદ્રણદોષ લાગે છે.

૫. દરમિયાન તા. ૧૨મીએ જવાહરલાલને, એમનાં પત્નીની માંદગીના કારણે કામચલાઉ છોડયા.

૧૯૩૪—ઑગસ્ટ—સપ્ટેમ્બર

૧૫ થી ૨૪[1] વર્ધા.

૨૫[2] વર્ધા : રાજાજી મળવા આવ્યા.

૨૬ વર્ધા.

૨૭[3] વર્ધા : ઍન્ડ્રૂઝ મળવા આવ્યા.

૨૮ થી ૩૧ વર્ધા.

સપ્ટેમ્બર

૧ વર્ધા.

૨ વર્ધા : હરિસીંગ ગૌર મળવા આવ્યા.

૩ વર્ધા.

૪ વર્ધા : ખાન અબ્દુલ ગફાર ખાન અને એમના ભાઈ ડૉ. ખાન સાહેબ મળવા આવ્યા.

૫ થી ૬ વર્ધા.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ નૅશનાલિસ્ટ પાર્ટીનું અધિવેશન કલકત્તામાં ભરાયું, (જુઓ તા. ૩૧–૭–૩૪.)

(૨) તા. ૨૧મી પહેલાં કાકા કાલેલકરે વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળમાંથી રાજીનામું આપ્યું.

(૩) તા. ૨૩મીએ જવાહરલાલને ફરીથી પકડીને જેલમાં લઈ ગયા.

(૪) તા. ૨૩મીએ રંગા આયરે મંદિર પ્રવેશનું બિલ પાછું ખેંચી લીધું. (જુઓ તા. ૨૩–૧–૩૩.)

૨. (૧) આધાર નં. પાંચમાંનો પત્ર નં. ૧૩૧ આજે કાનપુરથી લખ્યો એમ જણાવ્યું છે. આ બંધબેસતું નથી.

(૨) ઍન્ડ્રૂઝ, દક્ષિણ આફ્રિકાથી, મુંબઈ આવ્યા.

૩. ખાન અબ્દુલ ગફાર ખાન અને એમના ભાઈ ડૉ. ખાન સાહેબનો હઝારીબાગ જેલમાંથી શરતી છુટકારો-સરહદ પ્રાંત અને પંજાબમાં જવું નહિ.

૧૯૩૪-સપ્ટેમ્બર

૭ વર્ધા : માલવિયાજી સાથે ચર્ચા. ● પાર્લામેન્ટરી બોર્ડ અને વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૮ વર્ધા.

૯ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૦ વર્ધા.

૧૧ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૨ થી ૧૬ વર્ધા.

૧૭ વર્ધા : જાહેર નિવેદન-હું કોંગ્રેસમાંથી છૂટો થવાનો છું; મારી અને એના મોવડીઓ વચ્ચે તાત્ત્વિક મતભેદો છે; રચનાત્મક કાર્યક્રમને એમની સહાનુભૂતિ માત્ર મોઢાની જ છે; કામ કરવા કોઈ તૈયાર નથી; એમનાં મન, વચન અને કર્મમાં અહિંસા નથી; આવી અહિંસાની પ્રતીતિ સરકારને અને હિંસાવાદીઓને મારે કરાવવી છે; વગેરે. વગેરે.[1]

૧૮ વર્ધા.

૧૯ થી ૨૪[2] વર્ધા.

૨૫ થી ૨૮ વર્ધા : સરદાર, ઍન્ડ્રૂઝ, રાજેન્દ્ર બાબુ વગેરે સાથે ચર્ચાઓ.

૨૯ થી ૩૦[3] વર્ધા.

---

૧. જુઓ તા. ૨૧-૭-૩૪.

૨. દરમિયાન—

(૧) વિલાયતમાંના હિંદના એક મિત્ર તરફથી એક એવી સૂચના થઈ કે કસ્તૂરબાને વિલાયત મોકલવાં, એ ગુજરાતીમાં ભાષણ આપે અને મીરાંબહેન એનો અંગ્રેજીમાં અનુવાદ કરે. ગાંધીજીએ આ સૂચના નકારી કાઢી.

(૨) માંદાં કમલા (જવાહરલાલનાં પત્ની)ને મળવા માટે જવાહરલાલને તા. ૨૩મીએ ત્રણ કલાક માટે લાવવામાં આવ્યાં.

૩. આ અરસામાં કાલાકાંકરના રાજાનું અવસાન થયું.

૧૯૩૪-ઑક્ટોબર

૧ થી ૧૪[1] વર્ધા.

૧૫ વર્ધા : નિવેદન-ચર્ચાઓ થઈ છે છતાં, હું, કૉંગ્રેસની આવતી બેઠક બાદ તરત જ એમાંથી નિવૃત્ત થઈશ.

૧૬ વર્ધા : અણે, ખાન અબ્દુલ ગફાર ખાન અને ડૉ. ખાન સાહેબ સાથે ચર્ચા.

૧૭ થી ૧૯ વર્ધા.

૨૦ મુંબઈ : ઉતારો અબ્દુલ ગફાર ખાન નગરમાં (જ્યાં કૉંગ્રેસનું અધિવેશન ભરાવાનું હતું). ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૧[2] મુંબઈ : બેઠક ચાલુ; એમાં બોલ્યા.

૨૨ મુંબઈ : બેઠકમાં હાજર. ● વિઠ્ઠલભાઈ પટેલની સંવત્સરી નિમિત્તની સભામાં પ્રવચન; સ્થળ આઝાદ મેદાન; પ્રમુખ ડૉ. અનસારી.

---

૧. દરમિયાન—

(૧) તા. ૩જીએ અને ૮મીએ જવાહરલાલને એ પ્રમાણે લાવવામાં આવ્યા અને લઈ જવામાં આવ્યા.

(૨) તા. ૪ પહેલાં, મીરાંબહેન ચર્ટમાં લૉઈડ જ્યૉર્જને મળવા ગયાં હતાં. આ મુલાકાત અંગે આધાર નં. ૫૮ના પાના ૬૫ ઉપર એ મતલબનું લખ્યું છે કે ગાંધીજીના ખોળામાં જે બિલાડી આવીને બેઠી હતી (જુઓ તા. ૧૮-૧૧-૩૧ની પાદટીપ) તે જ બિલાડી આ વખતે પણ આવી હતી, એવું, લૉઇડ જ્યૉર્જે, એમને (લેખક, લુઈ ફિશરને) કહ્યું હતું. આધાર નં. ૧૦૧ના પાના ૧૮૫ ઉપર લૉઇડ જ્યૉર્જ સાથેની એમની મુલાકાતની, અને ગાંધીજી આવ્યા ત્યારે બનેલા બિલાડીના પ્રસંગની નોંધ છે. પણ પોતે (મીરાંબહેન) ગયાં તે વખતે તે જ બિલાડી આવી હતી એવી કોઈ નોંધ નથી.

(૩) મીરાંબહેન અમેરિકા જવા લંડનથી તા. ૪થીએ નીકળ્યાં અને તા. ૧૦મીએ ન્યુ યૉર્ક પહોંચ્યાં.

(૪) તા. ૬ઠ્ઠીએ ઍન્ડ્રૂઝ મુંબઈથી વિલાયત ગયા.

૨. આધાર નં. ૨૭માંના આજે લખેલા પત્ર નં. ૫નું સ્થળ વર્ધા જણાવવામાં આવ્યું છે પણ એ બંધબેસતું નથી.

૧૯૩૪—ઑક્ટોબર-નવેમ્બર

૨૩ મુંબઈ : વર્કિંગ કમિટીની બેઠકમાં બોલ્યા. ● ઑ. ઈ. કૉં. ક. માં નિવૃત્તિ અંગે નિવેદન કર્યું.

૨૪[1] મુંબઈ : વિષય વિચારિણી સમિતિમાં, અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ સ્થાપવા વિશે પ્રસ્તાવ રજૂ કર્યો.

૨૫[2] મુંબઈ : વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૬ મુંબઈ : વર્કિંગ કમિટીની તથા કૉંગ્રેસની ખુલ્લી બેઠકમાં હાજર.

૨૭[3] મુંબઈ : ખુલ્લી બેઠકમાં, ગ્રામોદ્યોગ સંઘ સ્થાપવાનો ઠરાવ રજૂ કર્યો.

૨૮ મુંબઈ : સ્વદેશી બજારમાં સભા. ● છેલ્લી બેઠકમાં આગલા દિવસનો ઠરાવ મંજૂર થયો અને એને અંગે સઘળી સત્તા ગાંધીજીને આપવામાં આવી. ● કૉંગ્રેસનાં બંધારણમાં ફેરફાર કરવાનો ઠરાવ રજૂ કર્યો. ● કૉંગ્રેસમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી.

૨૯[4] મુંબઈ.

૩૦[5] વર્ધા : નિવેદન—મને હવે રચનાત્મક કાર્યક્રમમાં જ રસ છે; પરદેશી બધું જ ન જોઈએ એમ મારું કહેવું નથી; આપણને એમની ધૂંસરી ન જોઈએ; મિત્રાચારી જરૂર ઇચ્છીએ; હું કૉંગ્રેસના કાર્યક્રમમાં માર્ગદર્શક નહિ બની શકું;—એના હિતમાં રસ જરૂર લઈશ. ● કૉંગ્રેસમાંથી રાજીનામું આપતા પત્રો લખ્યા.[6]

૩૧ વર્ધા.

---

૧. મીરાંબહેન વિલાયત જવા ન્યુ યૉર્કથી નીકળ્યાં.

૨. ગૂજરાત વિદ્યાપીઠને ગેરકાયદે સંસ્થા ઠરાવતો પોતાનો હુકમ સરકારે રદ કર્યો. (જુઓ તા. ૫-૧-૩૨).

૩. જવાહરલાલને નૈની જેલમાંથી અલ્મોડા જેલમાં (કમલા રહેતાં હતાં એની નજીકમાં) લાવવામાં આવ્યા.

૪. મુંબઈના વસવાટ દરમિયાન સ્ત્રીઓની હાથકારીગરીના પ્રદર્શનની મુલાકાત લીધી.

૫. મીરાંબહેન વિલાયત આવ્યાં.

૬. આ પછી છેક, એમનું ખૂન થયું ત્યાર સુધી એ, કૉંગ્રેસના વિધિપૂર્વકના સભ્ય બન્યા નહિ.

૧૯૩૪-નવેમ્બર

૧ થી ૧૪[1] વર્ધા.

૧૫ વર્ધા : વાયવ્ય સરહદ પ્રાંતની મુલાકાતે જવાના ઇરાદા વિશે સરકારને જાણ કરી. ● વિલાયત લખેલા એક પત્રમાં લખ્યું :—જોઇન્ટ સિલેક્ટ કમિટીનો હેવાલ બહાર પડશે પછી જે બનશે તે કરીશ. દરમિયાન એન્ડ્રૂઝ અહીં આવવા માગે તો ભલે આવે.

૧૬ થી ૨૬[2] વર્ધા.

૨૭[3] વર્ધા : ગાંધી સેવાસંઘની બેઠકમાં હાજર.

---

૧. દરમિયાન તા. ૧૩મીએ ગૂજરાત વિદ્યાપીઠનું મકાન સરકારે પાછું સોંપ્યું; નરહરિભાઈએ કબજો લીધો.

૨. દરમિયાન—

(૧) તા. ૨૧મીએ મીરાંબહેન હિંદ આવ્યાં.

(૨) તા. ૨૧મીએ જોઇન્ટ સિલેક્ટ કમિટીનો હેવાલ બહાર પડયો. (આધાર નં. ૬૩ના ૧૯૩૪ના ભાગ બેના પાના ૩૯ ઉપર આની તારીખ બાવીસ જણાવી છે પણ તારીખ એકવીસ સાચી છે.)

(૩) તારીખ બાવીસમીએ મીરાંબહેન વર્ધા પહોંચી ગયાં.

(૪) તારીખ ત્રેવીસમીએ હિંદી સરકારે, બધી સરકારી કચેરીઓ ઉપર એક ખાનગી પરિપત્ર મોકલી એમને જણાવ્યું કે ગ્રામોદ્ધાર યોજનાથી ચેતતા રહેજો; ગાંધી કાબેલ રાજકીય નેતા છે; આ પ્રવૃત્તિ રાજકીય છે; વગેરે.

(૫) તા. ૧૫મીના પત્રનો સરકારે તા. ૨૫મીએ જવાબ આપ્યો—અત્યારે તમે સરહદ પ્રાંતમાં જાવ એ સલાહભર્યું નથી.

૩. (૧) કેદી જવાહરલાલને કમલા પાસે લઈ જવામાં આવ્યા.

(૨) એન્ડ્રૂઝ વર્ધા હતા.

૧૯૩૪–નવેમ્બર-ડિસેમ્બર

૨૮ વર્ધા : બેઠક ચાલુ. ● સરકારના તા. ૨૫મીના પત્ર અંગે લખીને પૂછ્યું :–તો પછી હું સરહદ પ્રાંતમાં ક્યારે જઉં ? અત્યારે જવું સલાહભર્યું નથી એવા તમારા મંતવ્યનું કારણ જણાવશો તો આભાર થશે.

૨૯ થી ૩૦ વર્ધા : બેઠક ચાલુ.

ડિસેમ્બર

૧ થી ૬[1] વર્ધા.

૭[2] વર્ધા : તા. ૨જીના પત્રનો ઉલ્લેખ કરી સરકારને તાર—છાપામાં તરેહતરેહના ગપગોળા આવે છે તો આપણો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કરવા રજા આપો.

૮ વર્ધા : એન્ડ્રૂઝ મળવા આવ્યા. ⇕ નાગપુર : માંદા અભ્યંકરને જોવા ગયા.

૯ થી ૧૩[3] વર્ધા.

૧૪ વર્ધા : અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ સ્થાપ્યો.

૧૫[4] વર્ધા : એના બંધારણ, નિયમો વગેરે જાહેર કર્યા.

૧૬ થી ૨૮ વર્ધા.

૨૯[5] દિલ્હી : ઉતારો કિંગ્સવે હરિજન આશ્રમમાં.

૩૦ થી ૩૧ દિલ્હી.

---

૧. દરમિયાન તા. ૨૮–૧૧–૩૪ના પત્રનો જવાબ સરકારે તા. ૨જીએ એ મતલબનો આપ્યો કે એમને વાજબી ન લાગે ત્યાં સુધી તમે ન જઈ શકો. બધો વિચાર કરીને અમે તમને સલાહ આપી છે.

૨. (૧) ખાન અબ્દુલ ગફારખાનની ધરપકડ થઈ.
(૨) એન્ડ્રૂઝ મુંબઈ આવ્યા.

૩. દરમિયાન તા. ૧૦મીએ. સરકારે, તા. ૭મીએ માગેલી પરવાનગી આપી.

૪. ખાન અબ્દુલ ગફાર ખાનને બે વર્ષની સજા કરવામાં આવી.

૫. એન્ડ્રૂઝ મુંબઈથી વિલાયત ગયા.

૧૯૩૫ જાન્યુઆરી

૧ દિલ્હી.

૨ દિલ્હી : હરિજન સેવક સંઘનું નવું બંધારણ મંજૂર કરવામાં આવ્યું. ● હરિજન નિવાસનો પાયો નાખ્યો.

૩ થી ૪[1] દિલ્હી.

૫ દિલ્હી : અખિલ હિંદ હરિજન સેવક સંઘની મધ્યસ્થ સમિતિની બેઠક.

૬ દિલ્હી.

૭ દિલ્હી : અમદાવાદના મજૂર નેતાઓ સાથે ચર્ચા.

૮ દિલ્હી : ચર્ચા ચાલુ; મિલમાલિકોના પ્રતિનિધિઓ પણ હાજર. ● તુર્ક મહિલા હલીદે અદીબ હનુમ્ સાથે મુલાકાત.[2] ● British Commonwealth Leagueના પ્રમુખ મિસિસ કારબેટ એશબી મળવા આવ્યાં.

૯[3] દિલ્હી.

૧૦ દિલ્હી : રાણી રાજવડે મળવા આવ્યાં.

૧૧[4] દિલ્હી : અમદાવાદના મિલમાલિકોના અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૨ દિલ્હી : ઢોર ઉછેર સંસ્થાની મુલાકાત લીધી.

૧૩ દિલ્હી : અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચે સમાધાન કરાવ્યું.

૧૪ દિલ્હી.

૧૫ દિલ્હી[5] : મૉડર્ન હાઈસ્કૂલની મુલાકાત લીધી. ● રાજેન્દ્ર બાબુ અને રાજાજી મળવા આવ્યા.

---

૧. આ અરસામાં-ગાંધીજીની ગ્રામોદ્ધારની યોજનાની ભડક અંગે તા. ૨૩-૧૧-૩૪ના રોજ સરકારે કાઢેલો ખાનગી પરિપત્ર જાહેર થઈ ગયો.

૨. અને પછી એમની સાથે વારંવાર ચર્ચાઓ થઈ.

૩. સુભાષ ચંદ્ર બોઝને કેદી તરીકે મુંબઈ લાવવામાં આવ્યા; ત્યાંથી એ યુરોપ ગયા.

૪. આ અરસામાં ડૉ. મૉડ રોયડન મળવા આવ્યાં.

૫. આજે અગર અત્યાર અગાઉ એક સડી ગયેલો દાંત કઢાવ્યો.

૧૯૩૫ જાન્યુઆરી

૧૬ થી ૧૭ દિલ્હી[1] : કૉંગ્રેસની વર્કીંગ કમિટી સાથે ચર્ચા.

૧૮ દિલ્હી : ચર્ચા ચાલુ. ● વાઈસરૉય અને લેડી વિલીંગડનના માનમાં ઈમ્પીરિયલ જીમખાનામાં, દક્ષિણ આફ્રિકામાં હિંદી સરકારના પ્રતિનિધિ તરીકે નિમાયેલા, સૈયદ રઝાઅલી તરફથી આપવામાં આવેલી પાર્ટીના નિમંત્રણના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું–'દિલગીર છું, હાજર રહી શકીશ નહિ; બંને મહેમાનોની માફી માગું છું'.[2]

૧૯ દિલ્હી : મૅડમ્ હલીદે અદીબના વ્યાખ્યાનમાં પ્રમુખપદે; સ્થળ જામિયા મિલિયા; વિષય-તુર્કમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સમાધાન.

૨૦ થી ૨૧[3] દિલ્હી.

૨૨ દિલ્હી : સરકારના તા. ૨૩–૧૧-૩૪ ના ખાનગી પરિપત્રને અનુલક્ષીને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ અંગે સ્પષ્ટતા કરી-ભવિષ્યમાં ક્યારેય પણ જો મારે સવિનય ભંગની લડત ઉપાડવી પડે તો તે, બીજી કોઈ-પણ પ્રવૃત્તિથી બિલકુલ સ્વતંત્ર હશે... જિંદગીમાં મેં ક્યારેય આડકતરી રીતે કશું કર્યું નથી; ગ્રામોદ્યોગ સંઘ કેવળ ગ્રામોદ્યોગ માટે જ છે.

૨૩[4] દિલ્હી. ⇕ નરેલા. ⇕ બખનીર. ⇕ દિલ્હી.

૨૪[5] દિલ્હી. ⇕ થડ. ⇕ સુલતાનપુર. ⇕ બુવાના. ⇕ દિલ્હી.

---

૧. આધાર નં. ૨૩૨ના પા. ૨૯૮ ઉપર જણાવ્યું છે કે તા. ૧૭મીએ ગાંધીજી મુંબઈ હતા, પણ એ ભૂલ છે.

૨. આ કારણે, ગાંધીજીના ઉપર એવો આક્ષેપ થયો કે એમણે વાઇસરાયને મળવાની તક જવા દીધી. એના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું—જ્યારે એવો કોઈ હેતુ હોય છે ત્યારે મને અગાઉથી ખબર આપવામાં આવે છે અને હું એનો લાભ ઉઠાવું જ છું; પરંતુ આમાં એવું કાંઈ નહોતું; નિમંત્રણ વિધિપૂર્વકનું હતું એટલે હું ગયો નહિ; અને ગયો હોત તો બંને મહેમાનો ઊલટા મૂંઝવણમાં મુકાત.

૩. દરમિયાન તા. ૨૦મીના અરસામાં કૃત્રિમ સાધનોથી સંતતિ-નિયમનના પ્રચારક ઍડિથ હોવે માર્ટિન મળવા આવ્યાં.

૪. કૉંગ્રેસના પ્રમુખ રાજેન્દ્ર બાબુ અને મુસ્લિમ લીગના પ્રમુખ ઝીણા વચ્ચે કોમી સંપ અંગે ચર્ચા શરૂ થઈ.

૫. હિંદને આપવાના રાજકીય સુધારાનો ખરડો વિલાયતમાં બહાર પાડવામાં આવ્યો.

૧૯૩૫-જાન્યુઆરી થી માર્ચ

૨૫ દિલ્હી. ⇕ હુમાયુપુર. ⇕ મુનીરકા. ⇕ રામતાલ. ⇕ દિલ્હી.
૨૬ દિલ્હી.
૨૭ દિલ્હી : વડી ધારાસભામાં ચુંટાયેલા સભ્યો સમક્ષ પ્રવચન.
૨૮ દિલ્હી.[૧]
૨૯ થી ૩૧[૨] વર્ધા.

ફેબ્રુઆરી

૧ થી ૫[૩] વર્ધા : ગ્રામોદ્યોગ સંઘની કારોબારીમાં હાજર.
૬ થી ૮ વર્ધા.
૯ વર્ધા : ઍડિથ હૉવે માર્ટિન ફરીથી મળવા આવ્યાં.
૧૦ વર્ધા.
૧૧ વર્ધા : લક્ષ્મીનારાયણ મંદીરની સ્થાપનાની સંવત્સરી પ્રસંગે પ્રવચન.
૧૨ થી ૨૨[૪] વર્ધા.
૨૩ વર્ધા ⇕ નાગપુર : ઉતારો ગણપતરાવ ટીકેકરને ત્યાં, ● ચર્માલય અને હરિજન શાળાની મુલાકાત. ● ત્રીજો ખાદી ભંડાર ખુલ્લો મૂકયો. ● જાહેર સભા.
૨૪ થી ૨૮ વર્ધા.

માર્ચ

૧[૫] વર્ધા : અમદાવાદ મ્યુનિસિપાલિટીની શતાબ્દીની ઉજવણી અંગે સંદેશો મોકલ્યો.

---

૧. અત્યાર અગાઉ પૅન-ટાંક છોડી કલમ વાપરવાનું શરૂ કર્યું.

૨. દરમિયાન તા. ૩૧મીએ જવાહરલાલને, કમલાને મળવા લાવવામાં આવ્યા.

૩. દરમિયાન તા. ૧લીએ, સુધારાનો ખરડો હિંદમાં બહાર પાડવામાં આવ્યો.

૪. દરમિયાન સુરતમાં મળેલી રાની પરજ પરિષદને સંદેશો મોકલ્યો. આ પરિષદ તા. ૧૯ના રોજ મળી હતી. 'હરિજન બંધુ'ના તા. ૩-૩-૩૫ના અંકના પાના ૪૦૧ ઉપર આની તા. ૯ છપાયેલી છે એ મુદ્રણદોષ લાગે છે.

૫. રાજેન્દ્ર બાબુ અને ઝીણા વચ્ચે મસલત પડી ભાંગી.

૧૯૩૫—માર્ચ—એપ્રિલ

૨ થી ૮[1] વર્ધા.

૯ વર્ધા : તુર્કસ્તાનની બેગમ ખાલીદા હાતૂન મળવા આવ્યાં.

૧૦ વર્ધા.

૧૧ થી ૧૨[2] વર્ધા : શ્રી નિવાસ શાસ્ત્રી સાથે ચર્ચા.

૧૩ વર્ધા.

૧૪ થી ૧૮ વર્ધા : ગ્રામોદ્યોગ સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠકોમાં હાજર.[3]

૧૯ થી ૨૧ વર્ધા.

૨૨[4] વર્ધા : ચાર અઠવાડિયાનું મૌન લીધું.

૨૩ થી ૩૧ વર્ધા.

એપ્રિલ

૧ વર્ધા : લૉર્ડ ફેરિંગન મળવા આવ્યા.

૨ થી ૧૬[5] વર્ધા.

---

૧. દરમિયાન તા. ૪થીના અરસામાં જવાહરલાલને કમલા પાસે લઈ જવામાં આવ્યા.

૨. દરમિયાન તા. ૧૨મીએ ગાંધી સેવાસંઘની બેઠક મળી; ગાંધીજી એમાં હાજર હશે.

૩. આ વખતે, શેરડી પીલવાનો કિર્લોસ્કર કંપનીએ બનાવેલો સંચો, ગાંધીજીએ અને નેતાઓએ, બળદની જગ્યાએ પોતે જોડાઇને ફેરવી જોયો.

૪. **(૧)** ટી. એ. કે. શેરવાણી ગુજર્યા.

(૨) વિઠ્ઠલભાઈ પટેલ, જીનીવામાં જે સ્થળે ગુજર્યા હતા તે સ્થળે, એમનું બાવલું, સુભાષચંદ્ર બોઝના હાથે ખુલ્લું મૂકવામાં આવ્યું.

૫. દરમિયાન—

(૧) તા. ૧૨મીએ જવાહરલાલને કમલા પાસે લઈ જવામાં આવ્યાં.

(૨) તા. ૧૩મીથી Harijan પૂનાથી પ્રસિદ્ધ થવા લાગ્યું.

(૩) તા. ૧૪મીના અરસામાં, એક લાખ રૂપિયાના ઈનામવાળી રેંટિયા હરિફાઈ, શરતો મુજબનો રેંટિયો અત્યાર સુધી કોઇ બનાવી શક્યું નહિ તેથી બંધ કરવામાં આવી. (જુઓ તા. ૧–૮–૨૯.)

૧૯૩૫—એપ્રિલ—મે

૧૭ વર્ધા : અમેરિકન ઉપદેશિકા કુ. ઍની મૅક્ફરસન મળવા આવ્યાં.

૧૮ વર્ધા.

૧૯ વર્ધા : મૌન છૂટયું.

૨૦ ઇંદોર : ઉતારો હીરાલાલ કલ્યાણમલને ત્યાં. ● અખિલ હિંદ ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્ઘાટન. આ પ્રકારનું, આ સૌથી પહેલું પ્રદર્શન હતું. ● હિંદી સાહિત્ય સંમેલનમાં પ્રમુખસ્થાને.

૨૧ ઇંદોર : સર હુકમચંદને ત્યાં ભોજન સમારંભ. ગાંધીજી માટે સોનાના વાસણ. પણ પોતે જેલનાં લાવેલા. યજમાનના આગ્રહના જવાબમાં કહ્યું 'આ સોનાના મને લઈ જવા દો તો એમાં જમું.' યજમાને જવાબ ન આપ્યો.[1]

૨૨ ઇંદોર : સંમેલન (ચાલુ).

૨૩ ઇંદોર : ગ્રામોદ્યોગ વિશે ભાષણ; સ્થળ સંમેલનનો મંડપ.

૨૪ ઇંદોર : શારદા રાજે હરિજન કન્યાછાત્રાલયની મુલાકાત. ● ગુજરાતીઓની સભા.

૨૫ થી ૩૦ વર્ધા.

મે

૧ થી ૧૫[2] વર્ધા.

૧૬ વર્ધા : જોવ વિલ્કિન્સન અને ડૉ. પિયારે સેરેસોલ મળવા આવ્યા.

૧૭ થી ૨૧ વર્ધા.

૨૨[3] મુંબઈ : પરદેશ જતાં કમલા નહેરુને મળ્યા. ● હાફ્કીન ઈન્સ્ટીટયૂટની મુલાકાત. ● કોંગ્રેસ હાઉસમાં પ્રાર્થના અને પ્રવચન.

૨૩[4] બોરસદ : ગુજરાતના સમાજવાદીઓ સાથે ચર્ચા.

---

૧. આ માહિતી આધાર નં ૨૭૯માંથી લીધી છે.

૨. દરમિયાન—

(૧) તા. ૯મીએ એન્ડ્રૂઝ વિલાયતથી હિંદ આવ્યા.

(૨) તા. ૧૧મીએ રાજાજીએ રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

(૩) તા ૧૫મીએ મોહનલાલ કામેશ્વર પંડયા (ખેડા સત્યાગ્રહનાં 'ડુંગળીચોર')નું નડિયાદમાં અવસાન થયું.

૩. આધાર નં. ૨૯માં પત્ર નં ૨૪૦નાં સ્થળ અને તારીખ અનુક્રમે બોરસદ અને ૨૨ છે. કાગળની વિગતો પરથી જણાય છે કે સ્થળ સાચું છે, પણ તારીખ બંધબેસતી નથી

૪. કમલા નહેરુ યુરોપ ગયાં.

૧૯૩૫–મે–જૂન

૨૪ બોરસદ. ⇕ વહેરા. ⇕ બોરસદ.

૨૫ બોરસદ. ⇕ દેદરડા. ⇕ આંકલાવ. ⇕ બોરસદ.

૨૬[1] બોરસદ. ⇕ બોચાસણ. ⇕ પંડોળી. ⇕ બોરસદ.

૨૭ થી ૨૮ બોરસદ.

૨૯ બોરસદ ⇕ બોદાલ. ⇕ બોરસદ.

૩૦ બોરસદ. ⇕ રાસ. ⇕ બોરસદ.

૩૧[2] બોરસદ. ⇕ નડિયાદ : મુલાકાતો લીધી–હરિજનોના રામજી મંદિરની અને ફુલચંદ બાલમંદિરની. ● વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનું ઉદ્‌ઘાટન. ⇕ અમદાવાદ : ઉતારો આશ્રમ નજીક બુધાભાઈના મકાનમાં. ● સાબરમતી જેલમાં ખાન અબ્દુલ ગફાર ખાનની મુલાકાત લીધી ● જ્યોતિસંઘની બહેનો સમક્ષ પ્રવચન; સ્થળ કોંગ્રેસ હાઉસ. ● આશ્રમમાં પ્રાર્થના. ● મિલમાલિકો અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

જૂન

૧ વડોદરા : ઉતારો કારેલીબાગ આશ્રમમાં. ● આર્ય કન્યા વિદ્યાલયની મુલાકાત.

૨[3] સુરત : ઉતારો કનૈયાલાલ દેસાઈને ત્યાં.

---

૧. આધાર નં. ૨૭માંનો પત્ર નં. ૨૯ આજે વર્ધાથી લખવામાં આવ્યો હતો એમ છપાયું છે. આ બંધબેસતું નથી.

૨. (૧) ક્વેટામાં ધરતીકંપ થયો.

(૨) એપ્રિલ અગર મે માસમાં જાપાનીસ સાધુ રેવરન્ડ ફ્યુજી ગાંધીજી સાથે રહેવા આવ્યા.

૩. આધાર નં. ૨૭માંનો પત્ર નં. ૩૦ આજે બોરસદથી લખવામાં આવ્યો હતો એમ છપાયું છે. આ, બંધબેસતું નથી.

૧૯૩૫-જૂન

૩ થી ૧૨[1] વર્ધા.

૧૩ વર્ધા : ક્વેટા જવા પરવાનગી આપવા ના પાડી તે અંગે ચર્ચા કરવા કૉંગ્રેસ પ્રમુખ રાજેન્દ્ર બાબુ આવ્યા.

૧૪ થી ૧૭[2] વર્ધા.

૧૮ વર્ધા. : મુંબઈના ખાદી ભંડારના સંચાલકો અને સેવકો વચ્ચે ઉભા થયેલા વિખવાદ અંગે ચુકાદો આપ્યો.

૧૯ થી ૨૧[3] વર્ધા : ગ્રામોદ્યોગ સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક.

૨૨ થી ૩૦[4] વર્ધા.

---

૧. દરમિયાન—

(૧) તારીખ પાંચમીએ, રાજકીય સુધારાનો ખરડો, હાઉસ ઑફ કૉમન્સમાં પસાર થયો.

(૨) તા. ૬ઠ્ઠીએ કૉંગ્રેસે, ક્વેટામાં રાહતકાર્ય માટે ટુકડી લઈ જવા પરવાનગી માગતો તાર, સરકારને કર્યો. બીજે દિવસે જવાબ નકારમાં આવ્યો.

૨. દરમિયાન—

(૧) તા. ૧૬મીએ, ગાંધીજીએ પણ ક્વેટા જવા પરવાનગી માગેલી અને સરકારે ના પાડેલી એ વાત, બહાર આવી.

(૨) દેશબંધુ દાસના સ્મારકનું ઉદ્‌ઘાટન તા. ૧૭મીએ થયું એ અંગે સંદેશો મોકલ્યો.

૩. દરમિયાન તા. ૨૦મીએ, રાજકીય સુધારાનો ખરડો હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં પસાર થયો.

૪. દરમિયાન—

(૧) તા. ૨૨મીએ ગુજરાતના સમાજવાદીઓની પરિષદ અમદાવાદમાં મળી.

(૨) તા. ૨૫ અને ૨૬ના રોજ હિંદી લિપી સુધારણા સમિતિની બેઠક ઇંદોરમાં ગાંધીજીની હાજરીમાં મળી હતી એવો હેવાલ 'મુંબઈ ગુજરાતી'ના તા. ૨૧-૭-૩૫ના અંકના પાના ૧૦૪૩ ઉપર છે. પણ આ બંધબેસતું નથી.

૧૯૩૫—જુલાઈ—ઑગસ્ટ

૧ થી ૨૪[1] વર્ધા.
૨૫ વર્ધા : મૅડમ લુઇસે ગુઇસેને પત્ર લખી જણાવ્યું કે જો ગ્રાહક ન હોય તો પોતાનું પત્ર બંધ કરવું. (News of India માં)
૨૬ થી ૩૦ વર્ધા.
૩૧ વર્ધા : વર્કીંગ કમિટીના (જે તા. ૨૯મીથી વર્ધામાં મળી રહી હતી તેના) સભ્યોને 'ગરીબ માણસનું ખાણું' ખવરાવ્યું.

ઑગસ્ટ

૧ થી ૩[2] વર્ધા.
૪ વર્ધા : નાગપંચમી—સર્પોને ઉછેરનાર પાંચલેગાંવકર જીવતા સાપને લઇને આવ્યા અને એક સાપ ગાંધીજીના ગળે વીંટાળ્યો !
૫ થી ૮ વર્ધા.
૯ વર્ધા : ગાંધીજી, એબીસીનીયા માટે હિંદમાં ફાળો ઉઘરાવે છે એવા, પરદેશમાં વહેતી મૂકવામાં આવેલી અફવાઓનો રદિયો આપ્યો.[3]
૧૦ વર્ધા : એન્ડ્રૂઝ સાથે ચર્ચા.
૧૧ થી ૨૧[4] વર્ધા.
૨૨ થી ૨૩ વર્ધા : અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની બેઠક.
૨૪ થી ૨૫ વર્ધા.
૨૬ થી ૨૭ વર્ધા : કૅલીફોર્નિયા યુનિવર્સિટીના સ્વામી યોગાનંદ સાથે ચર્ચા.
૨૮ થી ૨૯ વર્ધા.
૩૦ થી ૩૧ વર્ધા : હરિજન સેવક સંઘના મધ્યવર્તી મંડળની કાર્યવાહક સમિતિની બેઠક.

---

૧. દરમિયાન તા. ૧૬મીના અરસામાં સર તેજબહાદુર સપ્રુ મળવા આવ્યા.

૨. દરમિયાન તા. ૨જીએ, રાજકીય સુધારાના ખરડાને શાહી સંમતિ મળી—એ, કાયદો બન્યો.

૩. એબીસીનીયા ઉપરના ઇટલીના હુમલાના ભણકારા વાગી રહ્યા હતા.

૪. એબીસીનીયા માટે ગાંધીજી સારવાર ટુકડી ઊભી કરે છે એવી વાતનો રદિયો મહાદેવભાઇએ, વર્ધાથી, તા. ૧૯મીએ આપ્યો.

૧૯૩૫-સપ્ટેમ્બર—ઑક્ટોબર

૧ થી ૨[1] વર્ધા : બેઠક ચાલુ.

૩ થી ૩૦[2] વર્ધા.

ઑક્ટોબર

૧ થી ૪[3] વર્ધા.

૫ થી ૬ વર્ધા : નવા બંધારણ મુજબના હોદ્દા સ્વીકારવા વિશે કૉંગ્રેસના આગેવાનો સાથે ચર્ચા.

૭ થી ૧૦[4] વર્ધા.

---

૧. કમલાની તબિયત વધુ બગડી હોવાના સમાચાર આવતા તા. ૨જીએ સરકારે જાહેર કર્યું—જવાહરલાલને યુરોપ જવું હશે તો તુરત જ પરવાનગી આપવામાં આવશે.

૨. દરમિયાન—

(૧) તા. ૩જીએ જવાહરલાલને, બાકીની સજા મોકૂફ રાખીને છોડયા. તા. ૪થીએ એ યુરોપ જવા નીકળ્યા.

(૨) કલકત્તામાં કાળી માતાના મંદિરમાં થતા પશુવધના વિરોધમાં પંડિત રામચંદ્રે તા. ૫થી ઉપવાસ શરૂ કર્યા.

(૩) તા. ૬થી વિનોબા ભાવેએ રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

(૪) તા. ૧૨મીથી, છોકરીઓના ખભે હાથ મૂકી ચાલવાનું બંધ કર્યું.

(૫) તા. ૨૭મીએ, આગામી ગુજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખપદે ગાંધીજીને ચૂંટવામાં આવ્યા. (જુઓ તા. ૨૨-૮-૧૯)

(૬) તા. ૩૦મીએ, શિલ્પકાર, કે. એસ. સાવન્તને, બાવલું બનાવવા દેવા પોતાના ખંડમાં બેસવા દીધા.

૩. દરમિયાન તા. ૨જીએ, ઇટલીએ, એબીસીનીયા ઉપર આક્રમણ કર્યું.

૪. આ દિવસો દરમિયાન, સ્ત્રીઓએ સિનેમા ફિલ્મમાં કામ કરવા વિશેના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું – હું કોઈ દિવસ સિનેમામાં ગયો નથી; મને આ ગમતું નથી; પણ હું તો ગામડિયો; હું શું કહી શકું? અલબત્ કોઇપણ સુધારો સત્ય અને અહિંસા ઉપર રચાયેલો હોય તો એ મને ગમે.

૧૯૩૫-ઑક્ટોબર—નવેમ્બર

૧૧ થી ૧૨ વર્ધા : ચરખા સંઘની બેઠક; કાંતનારનું વેતન વધારવા વિશે ચર્ચા.

૧૩[1] વર્ધા : બેઠક ચાલુ, વેતન વધારવા નિર્ણય લેવાયો. ● શાંતિનિકેતનની આર્થિક ભીંસ અંગે ટાગોરને લખ્યું :-તમે ચિન્તા કરશો નહિ, મારાથી બનતું કરીશ. ⇕ સિન્દી ⇕ વર્ધા.

૧૪ વર્ધા : ડૉ. આંબેડકરની ઘોષણા અંગે એક મુલાકાતમાં જણાવ્યું-ધર્મ બદલવાથી કાર્ય નહિ સધાય; ધર્મ કાંઈ મકાન કે ઝભ્ભો નથી.

૧૫ થી ૨૧[2] વર્ધા.

૨૨ વર્ધા, ⇕ સિન્દી, ⇕ વર્ધા.

૨૩-૨૪ વર્ધા.

૨૫ વર્ધા : જસ્ટીસ મડગાંવકર ચર્ચા કરવા આવ્યા.

૨૬ થા ૨૮ વર્ધા.

૨૯ વર્ધા - રાધાકૃષ્ણ (જમનાલાલ બજાજના ભત્રીજા) અને અનસૂયા (કૃષ્ણદાસ જાજુની પુત્રી) ના સગપણ વખતે હાજર.

૩૦ થી ૩૧ વર્ધા.

નવેમ્બર

૧ થી ૬ વર્ધા.

૭ થી ૮ વર્ધા : ગ્રામોદ્યોગ સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક.

૯ વર્ધા.

૧૦ વર્ધા : રાજચંદ્ર જયંતી અંગે પ્રવચન.

૧૧ થી ૨૯[3] વર્ધા.

૩૦ વર્ધા.

---

૧. હરિજનોએ હિંદુ ધર્મ છોડવો જોઈએ એવી ઘોષણા ડૉ. આંબેડકરે યેઓલામાં કરી.

૨. દરમિયાન તા. ૧૫મીએ, આંબેડકરે જણાવ્યું—અમે કયો ધર્મ સ્વીકારીશું એ નક્કી કર્યું નથી; પણ હિંદુ ધર્મ અમારે માટે સારો નથી એ નક્કી કર્યું છે.

૩. દરમિયાન—

(૧) ૧૯મીએ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના પ્રમુખ જી. કે. દેવધરનું મુંબઇમાં અવસાન થયું.

(૨) તા. ૨૫મીએ કૃત્રિમ સાધનોથી સંતતિ નિયમનના પ્રચારક માર્ગરેટ સેંગર હિંદ આવ્યાં.

૧૯૩૫—ડિસેમ્બર; ૧૯૩૬—જાન્યુઆરી

૧ થી ૨ વર્ધા.

૩ વર્ધા : માર્ગરેટ સૅંગર સાથે ચર્ચા.

૪ વર્ધા : ચર્ચા ચાલુ. ● વિદ્યાબહેન મણિમહોત્સવ અંગે સંદેશો મોકલ્યો. ● તબિયત બગડી–બે માસ સુધી સંપૂર્ણ આરામ લેવાની સલાહ મળી.

૫[1] વર્ધા.

૬ વર્ધા : વિનોબા સાથે ચર્ચા.

૭ થી ૧૨ વર્ધા.

૧૩ વર્ધા : રાજેન્દ્ર બાબુ મળવા આવ્યા.

૧૪ થી ૩૦[2] વર્ધા.

૩૧ વર્ધા : જાપાની કવિ યૉન નાગચી અને આંતર રાષ્ટ્રીય ધર્મ બંધુત્વ સંઘના સભ્યો મળવા આવ્યા.[3]

જાન્યુઆરી

૧ થી ૬ વર્ધા : તબિયત નરમ.

૭ વર્ધા : મ્યુરિયલ લેસ્ટર, ડૉ. ટૉમીકો કોરા (જાપાનીસ બહેન) અને મિસિસ તીયો (ચીની બહેન) મળવા આવ્યાં.

૮ થી ૧૬ વર્ધા[4] : તબિયત વધુ નરમ.

૧૭[5] મુંબઈ : આવ્યા; ઉતારો ભૂલાભાઈ દેસાઈને ત્યાં.

---

૧. દરમિયાન લંડનથી તા. ૫મીએ મૂકેલો સંદેશો આવ્યો—ગૅરિક થિયેટરમાં 'વીકી' નામના નાટકમાં એક નાના હજુરિયાનું નામ 'હેઝીકિયાહ હિટલર' રાખવા સામે, જર્મન એલચીએ, આ નામ યહૂદીપણું સૂચવે છે એ મુદ્દા ઉપર, ગયા અઠવાડિયે વાંધો ઉઠાવ્યો હતો...બ્રિટિશ સરકારે ઉલ્લેખ કાઢી નાખવા હુકમ કર્યો...એટલે નાટકવાળાએ 'જ્યૉર્જ બર્નાર્ડ ગાંધી' નામ રાખ્યું !

૨. દરમિયાન તા, ૨૮મીએ કાંગ્રેસની સુવર્ણ જયંતી આખા દેશમાં ઉજવવામાં આવી.

૩. આ સંસ્થાની પરિષદ, તા. ૨૭ થી ૩૧ના દિવસોમાં, ગાંધીજીના બોલાવ્યાથી વર્ધામાં ભરાઇ હતી; પરંતુ તબિયત નરમ હોવાને કારણે એ પોતે એમાં હાજર રહી શક્યા નહોતા.

૪. તા. ૯મીએ બે દાંત કઢાવ્યા.

૫. શાપુરજી સકલાતવાળાનું લંડનમાં અવસાન.

૧૯૩૬-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૧૮ મુંબઈ.
૧૯ મુંબઈ : બાકી રહેલા બધા દાંત કઢાવ્યા.
૨૦[1] મુંબઈ .
૨૧ મુંબઈ : શહેનશાહના અવસાન અંગે દિલાસોજીનો સંદેશો મોકલ્યો.
૨૨ અમદાવાદ : ઉતારો ગૂજરાત વિદ્યાપીઠમાં.
૨૩ થી ૩૧[2] અમદાવાદ.

ફેબ્રુઆરી

૧ થી ૮[3] અમદાવાદ.
૯ અમદાવાદ : મ્યુરિયલ લેસ્ટર મળવા આવ્યાં.
૧૦ થી ૧૧ અમદાવાદ.
૧૨ અમદાવાદ : પ્રભાશંકર પટ્ટણી મળવા આવ્યાં.
૧૩ થી ૧૫ અમદાવાદ.
૧૬ અમદાવાદ : હરિજન આશ્રમની મુલાકાત લીધી.
૧૭ થી ૧૮[4] અમદાવાદ.
૧૯ અમદાવાદ : દિનશા વાચ્છાને અંજલી આપતું નિવેદન કર્યું. ● મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.
૨૦ બારડોલી[5] : ઉતારો પાટીદાર જિનમાં.[6]

---

૧. રાજા પાંચમા જ્યોર્જનું લંડનમાં અવસાન.

૨. દરમિયાન તા. ૨૮મીએ કૃષ્ણદાસ ગાંધી અને મનોજ્ઞાની સગાઈ નક્કી થઈ.

૩. દરમિયાન—

(૧) તા. ૧લીએ જવાહરલાલ, કૉંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખ ચૂંટાયા.

(૨) તા. ૫મીએ મીરાંબહેન આવ્યાં અને બીજે દિવસે ગયાં.

(૩) એક હેવાલ—તા. ૭મીએ, નાગપુરમાં, હરિલાલે જાહેર કર્યું કે એ ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાના છે.

૪. દરમિયાન તા. ૧૭મીએ દિનશા વાચ્છાનું મુંબઈમાં અવસાન થયું.

૫. 'ગુજરાત સમાચાર'ના તા. ૨૨મીના અંકમાં પાના ૫ ઉપર અહીં આવ્યા તા. ૨૧ જણાવી છે, પણ એ બંધબેસતું નથી.

૬. બારડોલી આશ્રમ હજી સરકારને કબજે હતો.

૧૯૩૬—ફેબ્રુઆરી—માર્ચ

૨૧ બારડોલી, ⇕ વેડછી ⇕ બારડોલી : અમેરિકન હબસી પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું.

૨૨ બારડોલી : ગ્રામસેવકો સાથે ચર્ચા.

૨૩ થી ૨૭[૧] વર્ધા.

૨૮[૨] વર્ધા. ⇕ સાવલી.

૨૯ સાવલી : ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. ● ગાંધી સેવા સંઘના સભ્યો અને બીજા ગ્રામસેવકોનું સંમેલન; ગાંધીજી હાજર.

માર્ચ

૧ થી ૪ સાવલી : સંમેલન ચાલુ.

૫ સાવલી : સંમેલન ચાલુ. ● કૃષ્ણદાસ ગાંધી અને મનોજ્ઞાના લગ્નમાં હાજર.[૩] ● એક પત્રમાં—દરેક ચીજ લેવામાં આપણે ગામડિયાનો વિચાર રાખીએ.

૬ સાવલી. ⇕ વર્ધા.

૭[૪] વર્ધા.

૮ દિલ્હી : નિઝામુદ્દીન સ્ટેશને ઉતર્યા; ઉતારો હરિજન કૉલોનીમાં. ● લાયોનલ ફીલ્ડન મળવા આવ્યા.[૫]

૯ દિલ્હી : ફીલ્ડન ફરીથી મળવા આવ્યા.

૧૦ થી ૧૬[૬] દિલ્હી.

૧૭ દિલ્હી : જવાહરલાલ મળવા આવ્યા.

---

૧. દરમિયાન તા. ૨૬મીએ હરિલાલે નિવેદન કર્યું—મારે ખ્રિસ્તી થવું નથી; ધર્મપરિવર્તનમાં હું માનતો નથી.

૨. કમલા નહેરુનું જીનીવામાં અવસાન થયું.

૩. જુઓ તા. ૨૮-૧-૩૬.

૪. લંડન રાષ્ટ્રીય કૉંગ્રેસે પોતાનું નામ બદલી ઇન્ડિયન સ્વરાજ લીગ રાખ્યું.

૫. ઑલ ઈન્ડિયા રેડિયોના નિયામક. આ મુલાકાત રવિવારે અને સોમવારે થઈ હતી. એટલે તા. ૧૫-૧૬ અગર ૨૨-૨૩ પણ હોઈ શકે.

૬. દરમિયાન—

(૧) તા. ૧૧મીએ જવાહરલાલ સદ્‌ગત કમલાનાં અસ્થિ લઈને વિમાનમાં અલાહાબાદ આવ્યા.

(૨) આ અરસામાં ગાંધીજી સવારના ૧૦ થી સાંજના ૫ સુધી મૌન પાળતા.

૧૯૩૬—માર્ચ—એપ્રિલ

૧૮ થી ૨૧ દિલ્હી.

૨૨ દિલ્હી : હરિજન સેવક સંઘની બેઠકમાં હાજર.

૨૩ થી ૨૪ દિલ્હી.[1]

૨૫ દિલ્હી : શાંતિનિકેતનની આર્થિક ભીંસ અંગે કવિવર ટાગોર સાથે ચર્ચા. ગાંધીજીએ કહ્યું :- આ ઉંમરે તમારે ભીખ માગવાની હોય નહિ;[2] એ અમારા જેવા માટે છે. બનતું કરીશ.

૨૬ દિલ્હી.

૨૭ : કવિવરને રૂા. ૬૦,૦૦૦નો ડ્રાફ્ટ મોકલ્યો.[3]

૨૮ લખનૌ : કાનપુર નજીક અજગેઈન સ્ટેશને ઉતરી, મોટરમાં આવ્યા. ● ઉતારો ગોમતી નદીના કિનારે એક મકાનમાં. ● સ્વદેશી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. ● ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન, સ્થળ મોતીનગર.

૨૯ થી ૩૧ લખનૌ.

એપ્રિલ

૧ થી ૨[4] લખનૌ.

૩ લખનૌ : હરિજન શાળાની મુલાકાત.

૪ અલાહાબાદ.

---

૧. તા. ૨૧ થી ૨૪ સુધી વર્કીંગ કમિટીની બેઠકો હરિજન કૉલોનીમાં મળી. ગાંધીજી હાજર નહોતા રહેતા પણ સભ્યો એમની સાથે ચર્ચા કરવા આવતા.

૨. આ વખતે કવિવર, પૈસા માટે, દિલ્હીમાં હતા અને 'ચિત્રાંગદા' નાટક ભજવવામાં આવ્યું હતું.

૩. આ રકમના દાતાનું નામ જાહેર કરવામાં આવ્યું નહોતું; પણ એ, બિરલા બ્રધર્સ હશે એવી માહિતી મળે છે. પત્ર તથા ડ્રાફ્ટ મહાદેવભાઇએ જાતે પહોંચાડયા હતા.

૪. દરમિયાન તા. ૧લીથી સિંધ અને ઓરિસ્સાના અલગ પ્રાંતો બનાવવામાં આવ્યાં. ઓરિસ્સાનો અમલ તા. ૬થી થયો.

૧૯૩૬—એપ્રિલ

૫ અલાહાબાદ : દક્ષિણ આફ્રિકાના, કૉંગ્રેસ માટેના પ્રતિનિધિ ભવાની દયાળ મળવા આવ્યા. ● અખિલ હિંદ હિંદી સાહિત્ય સંમેલનના પુસ્તકાલય અને સંગ્રહસ્થાનનું ઉદ્‌ઘાટન.

૬ અલાહાબાદ[1] : હરિજન કૉલોનીની મુલાકાત ● સપ્રુ મળવા આવ્યા.

૭ અલાહાબાદ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● કમલા નહેરુ સ્મારક ટ્રસ્ટની બેઠકમાં હાજર.

૮ થી ૧૧[2] લખનૌ.

૧૨[3] લખનૌ : પ્રદર્શનમાં સ્વદેશી વિશે ભાષણ. ● કૉંગ્રેસની બેઠકમાં હાજર.[4]

૧૩ લખનૌ.[5]

૧૪ લખનૌ : બ્રેલ્વી અને અમૃતલાલ શેઠ મળવા આવ્યા. ● અમૃતલાલ શેઠ તથા બળવંતરાય મહેતા સાથે ચર્ચા. ● જિલ્લા બોર્ડનું માનપત્ર; સ્થળ ગાંધીજીનો મુકામ. ● અખિલ હિંદ દલિત વર્ગોની પરિષદમાં હાજર; સ્થળ આર્યસમાજનો મંડપ.

૧૫ લખનૌ : પ્રદર્શન અંગે ભાષણ.

૧૬[6] લખનૌ.

---

૧. વર્કીંગ કમિટીની બેઠક મળી.

૨. દરમિયાન તા. ૮મીએ સુભાષચંદ્ર બોઝ મુંબઈ આવ્યા; તુરત એમની ધરપકડ કરવામાં આવી.

૩. મુંબઈમાં મુસ્લિમ લીગે ઠરાવ કર્યો કે નવું બંધારણ એમને સ્વીકાર્ય નથી.

૪. (૧) ગાંધીજી કૉંગ્રેસના સભ્ય નહોતા એટલે સ્વાગત સમિતિએ એમને કૉમ્પ્લીમેન્ટરી ટિકિટ મોકલી હતી. પરંતુ ગાંધીજીએ એ સ્વીકારી નહોતી અને હાજર રહેવા માટે ટિકિટ ખરીદી હતી.

(૨) કૉંગ્રેસનું અધિવેશન તા. ૧૨થી તા. ૧૫ સુધી મળ્યું હતું.

૫. કૉંગ્રેસે ઠરાવ કર્યો કે નવું બંધારણ એમને સ્વીકાર્ય નથી.

૬. આધાર નં. ૭૧ના પાના ૪૩ ઉપર, નં. ૭૨ના પાના ૪૫ ઉપર અને નં. ૮૪ના પાના ૧૦૧ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી લખનૌમાં ૨૦મી સુધી હતા, પરંતુ આ બંધબેસતું નથી.

૧૯૩૬—એપ્રિલ—મે

૧૭ થી ૨૨[1] વર્ધા.

૨૩ વર્ધા. ⇕ નાગપુર.

૨૪ થી ૨૫ નાગપુર : ભારતી સાહિત્ય સંમેલનમાં પ્રમુખપદે. ● હિંદી સાહિત્ય સંમેલનમાં હાજર અને પ્રવચન.

૨૬ નાગપુર.[2] ⇕ વર્ધા.

૨૭ વર્ધા.

૨૮ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૯ વર્ધા.[3] જયપ્રકાશ નારાયણ મળ્યા

૩૦ સેગાંવ : રહેવા આવ્યા.

મે

૧ સેગાંવ : ડૉ. આંબેડકર અને વાલચંદ હીરાચંદ મળવા આવ્યા.

૨ સેગાંવ.

૩ સેગાંવ. ⇕ વર્ધા : ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્ઘાટન.

૪ થી ૫ સેગાંવ.

૬ સેગાંવ. ⇕ પવનાર. ⇕ સેગાંવ.

૭ સેગાંવ : અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની વાર્ષિક સભામાં પ્રવચન.

૮ સેગાંવ.

૯ રસ્તામાં.

૧૦[4] મદ્રાસ : ઉતારો કે. ભાષ્યમ્ આયંગરને ત્યાં. ⇕ બેંગલોર : ઉતારો કુમાર પાર્કમાં. ⇕ નંદીદુર્ગ.

---

૧. દરમિયાન તા. ૧૮મીએ વાઇસરૉય લૉર્ડ વિલીંગ્ડન ગયા અને નવા વાઈસરૉય તરીકે મારક્વીસ લિનલિથગો આવ્યા.

૨. નાગપુરના વસવાટ દરમિયાન હરિલાલ મળવા આવ્યા હતા.

૩. આ અરસામાં શ્રીમન્ નારાયણનો પ્રથમ પરિચય થયો.

૪. ડૉ. અનસારીનું, દેહરાદૂનથી દિલ્હી જતાં, ટ્રેનમાં અવસાન.

૧૯૩૬-મે-જૂન

૧૧ થી ૨૩[1] નંદીદુર્ગ.
૨૪ નંદીદુર્ગ : ડૉ. અનસારીના પુત્રને ખરખરાનો કાગળ લખ્યો.
૨૫ થી ૩૦ નંદીદુર્ગ
૩૧ નંદીદુર્ગ. ⇕ ચીકબાલાપુર ⇕ સિદ્ધાલાઘાટ ⇕ ચિંતામણિ. ⇕ કોલર : સોનાની ખાણોમાં કામ કરતા મજૂરોના વસવાટની મુલાકાત. ⇕ રોબર્ટસન પેઠ ⇕ બેંગલોર

જૂન

૧ બેંગલોર.
૨ બેંગલોર : હરિલાલના ધર્મપલટા વિશે નિવેદન 'મારા સંખ્યાબંધ મુસ્લિમ મિત્રોને—જો ધર્મપલટો હૃદયપૂર્વકનો હોય તો મારો કોઈ વિરોધ નથી.'
૩ બેંગલોર.
૪ બેંગલોર : રાજકુમારી અમૃતકુંવરે મંગાવેલી હાથીદાંતની ચીજો પસંદ કરી.
૫ થી ૯[2] બેંગલોર.
૧૦ બેંગલોર : અબ્બાસ તૈયબજીના કુટુમ્બને દિલાસાનો સંદેશો મોકલ્યો. ⇕ કેંગરી : દક્ષિણ હિંદના હરિજન કાર્યકરોની પરિષદમાં પ્રવચન
૧૧ કેંગરી : પરિષદ (ચાલુ).

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૪મીના અરસામાં હરિલાલે નાગપુરમાં (બીજા હેવાલમાં, કેરાલામાં આવેલા પોતાની નામના ગામમાં) મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો. (જુઓ તા. ૫-૫-૩૩ની પાદટીપ). પછી તા. ૨૯મીએ મુંબઈ જુમ્મા મસીદમાં પોતે એની જાહેરાત કરી. નામ અબ્દુલ્લા રાખ્યું. આધાર નં. ૨૩૪ના પા. ૧૮૮-૧૮૯ ઉપર જણાવ્યું છે કે આ પછી મુંબઈમાં જનાબ ઝકરિયાને ત્યાં રામદાસ ગાંધી હરિલાલને મળ્યા હતા. આ મુલાકાત તા. ૧૦-૬-૩૬ના અરસામાં થઈ હશે ત્યાર પછી હરિલાલના પુત્ર કાંતિભાઈ અને એમના ભાવિ પત્ની સરસ્વતી પણ હરિલાલને મુંબઈમાં ટોપીવાળા બિલ્ડીંગમાં મળ્યા હતા.

(૨) હરદ્વાર જતાં મેરી ચેઝલી (તારાબહેન)નું અવસાન થયું તેના સમાચાર તા. ૧૫મીએ આવ્યા.

૨. દરમિયાન તા. ૯મીએ, અબ્બાસ તૈયબજીનું મસુરીમાં અવસાન થયું.

૧૯૩૬–જૂન-જુલાઈ

૧૨[1] કૂંગરી : પરિષદ ચાલુ; ઉપસંહારનું ભાષણ. ⇕ બેંગલોર : કર્ણાટકી હિંદી પ્રચાર સભાના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે; સ્થળ પુતના ચેટ્ટી હાઉસ.

૧૩ મદ્રાસ : હિંદી પ્રચાર સભાનું બંધાતું મકાન જોયું.

૧૪ થી ૧૫ વર્ધા.

૧૬ સેગાંવ : પોતાના માટે તૈયાર થયેલી ઝુપડીમાં રહેવા ગયા.

૧૭ થી ૨૮[2] સેગાંવ. ⇕ વર્ધા.

૨૯ થી ૩૦ વર્ધા[3] : જવાહરલાલ સાથે ચર્ચા.

જુલાઈ

૧ થી ૩ વર્ધા. ⇕ સેગાંવ.

૪ સેગાંવ. ⇕ વર્ધા : 'ભારતી સાહિત્ય સંમેલન' અને 'હિન્દી પ્રચાર'ની સભામાં પ્રમુખપદે.

૫ થી ૨૨[4] સેગાંવ, વર્ધા.

૨૩ સેગાંવ, વર્ધા : કમલનયન બજાજ અને સાવિત્રી પોદ્દારની સગાઈ ગાંધીજીની રૂબરૂ નક્કી થઈ.

૨૪ થી ૩૧ સેગાંવ અને/અગર વર્ધા.

---

૧. (૧) આધાર નં. ૨૭માં પત્ર નં. ૮૩ની તા. ૧૨ અને સ્થળ સેગાંવ છે. પણ આ બંધબેસતું નથી.

(૨) આ અરસામાં બેંગ્લોરની સાયન્સ ઇન્સ્ટીટયૂટની મુલાકાત લીધી.

૨. (૧) આધાર નં. ૧૨૨ના પાના ૩૨૬ ઉપર છાપેલા એક કાગળની તા. ૨૦ અને સ્થળ બારડોલી છે. પણ આ બંધબેસતું નથી.

(૨) તા. ૨૫મીએ તુકડોજી મહારાજ રહેવા આવ્યા.

૩. આ દિવસોએ અહીં વર્કીંગ કમિટીની બેઠક મળી. એમાં ગાંધીજી હાજર નહોતા રહેતા, પણ એમની સલાહ લેવામાં આવતી હતી.

૪. દરમિયાન તા. ૧૫મીએ કલકત્તામાં, કવિવર રવીન્દ્રનાથ ટાગોરના પ્રમુખપદે મળેલી જાહેર સભાએ ઠરાવ કર્યો કે બંગાળ પૂરતો, કોમી ચુકાદો ફેરવવા અગર મોકૂફ રાખવા બ્રિટિશ સરકારને વિનંતિ કરવી.

૧૯૩૬-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૧ થી ૩[1] સેગાંવ.

૪ સેગાંવ : મળવા આવ્યા-ધર્માનંદ કોસંબી અને ખાન અબ્દુલ ગફારખાન.

૫ થી ૧૫[2] સેગાંવ. ⇕ વર્ધા.

૧૬ સેગાંવ. વર્ધા : મળવા આવ્યા— રાજાજી અને જવાહરલાલ.

૧૭ થી ૨૬ સેગાંવ. ⇕ વર્ધા.

૨૭ સેગાંવ. ⇕ વર્ધા : ચરખા સંઘની બેઠકમાં હાજર.

૨૮ વર્ધા : બેઠક (ચાલુ) તથા ગાંધી સેવા સંઘની બેઠક.

૨૯ સેગાંવ : ગાંધી સેવા સંઘની બેઠક ચાલુ.

૩૦[3] સેગાંવ. વર્ધા : જયપ્રકાશ નારાયણ આવ્યા.

૩૧ સેગાંવ : તાવ લાગુ પડ્યો.

સપ્ટેમ્બર

૧ થી ૨ સેગાંવ : તાવ ચાલુ.

૩ થી ૫ વર્ધા : હૉસ્પિટલમાં.

૬ વર્ધા : ચૌધરી મૅજિસ્ટ્રેટ હૉસ્પિટલમાં કેટલાક સાપ લઈને આવ્યા અને એમને ગાંધીજીની પથારીમાં અને નીચે, છૂટા મૂકી દીધા![4]

૭ થી ૧૧ વર્ધા : હૉસ્પિટલમાં.

૧૨ થી ૧૭ સેગાંવ.[5]

૧૮ સેગાંવ : આજે ગાંધીજીના જીવનું જોખમ છે એવી આગાહી એક જોશીએ કરી હતી. એ વિષે વાત નીકળતાં કહે જુન ૧૯૩૭ સુધી જો એવું કાંઈ ન બને તો પછી પાંચ-સાત વર્ષ કાંઈ થશે નહીં.

૧૯ થી ૩૦ સેગાંવ.[6]

---

૧. દરમિયાન તા. ૨જીએ ખાન અબ્દુલ ગફાર ખાનને અલ્મોડા જેલમાંથી છોડ્યા પણ પંજાબ અને વાયવ્ય સરહદ પ્રાંતમાં દાખલ થવા ઉપર પ્રતિબંધ મૂક્યો.

૨. દરમિયાન તા. ૧૧મીએ રાજાજીએ કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું.

૩ આ અરસામાં, એરનાકુલમમાં, અબ્દુલ્લા (હરિલાલ) ગાંધી, ઇસ્લામના પ્રચારાર્થે આવ્યા; માનપત્ર; બોલ્યા—હવે હું વાણિયો નથી રહ્યો.

૪. એક આધારમાં આની તા. ૫ છે.

૫. દરમિયાન—

(૧) તા. ૧૬મીના અરસામાં અબ્દુલ્લા (હરિલાલ) ગાંધી મુસ્લિમ પ્રચારાર્થે કાલીકટ આવ્યા.

(૨) તા. ૧૭મીએ મદ્રાસમાં પીધેલી હાલતમાં હોવાને કારણે એમનો દંડ થયો.

૬. તા. ૨૭મીએ કસ્તૂરબાએ, હરિલાલને એક હૃદયદ્રાવક પત્ર લખ્યો.

૧૯૩૬—ઑક્ટોબર

૧ થી ૨[1] સેગાંવ.

૩ સેગાંવ : જવાહરલાલ, સરદાર વલ્લભભાઇ, રાજેન્દ્ર બાબુ વગેરે સાથે ચર્ચા.

૪ થી ૬ સેગાંવ : માંદા આશ્રમવાસીઓની ચાકરી.

૭ સેગાંવ : ચાકરી ચાલુ, ● ગ્રામોદ્યોગ સંઘના વ્યવસ્થાપક મંડળની બેઠક.

૮ થી ૧૧ સેગાંવ : ચાકરી ચાલુ.

૧૨ સેગાંવ : વર્ધાના મારવાડી વિદ્યાલયના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળવાં આવ્યાં.

૧૩ થી ૨૩ સેગાંવ. ⇕ વર્ધા.

૨૪ બનારસ : ઉતારો બાબુ શિવપ્રસાદ ગુપ્તાને ત્યાં.

૨૫ બનારસ : એમણે બંધાવેલા ભારત માતાના મંદિરનું ઉદ્‌ઘાટન. ● કવિ મૈથીલીશરણને એમની સુવર્ણ જયંતિ પ્રસંગે અભિનંદન ગ્રંથની સમર્પણ વિધિ કરી. ● મુલાકાતો—કલાભુવનની અને નાગરી પ્રચારિણી સભાની.

૨૬ બનારસ.

૨૭ દિલ્હી : બેગમ અનસારીને ત્યાં, ડૉ. અનસારીના અવસાનનો ખરખરો કરવા ગયા. ● બ્રિજકૃષ્ણ ચાંદીવાલાની બીમાર માની ખબર કાઢી. ● હરિજન વાસની મુલાકાત.

૨૮ અમદાવાદ.

૨૯ રાજકોટ : મોટાભાઈ ખુશાલચંદને મળવા આવ્યા.

૩૦ નડિયાદ : વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના 'મનસુખભાઇ હિન્દુ છાત્રાલય'ની, જમનાલાલ બજાજના હાથે ઉદ્‌ઘાટન વિધિ થઇ તે વખતે આશીર્વચન કહ્યાં[2] ⇕ અમદાવાદ : આવ્યા; સાથે ખાન અબ્દુલ

---

૧. દરમિયાન તા. ૧લીએ, કસ્તૂરબાના પત્રનો હરિલાલે જવાબ આપ્યો—મારો દારૂ છોડાવવો હોય તો મારાં માબાપ પ્રથમ મુસલમાન બને; હવે હું હરિલાલ નથી—અબ્દુલ્લા છું.

૨. ખાન અબ્દુલ ગફાર ખાન હાજર હતા.

ગફાર ખાન. ● સોમનાથ ભૂદરભાઈ સરસ્વતી મંદિર (મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલનું મકાન)ની ઉદ્‌ઘાટન વિધિ. ● એ ગૃહસ્થની છબીની અનાવરણ વિધિ.

૩૧ અમદાવાદ: મિલમજૂરો સમક્ષ પ્રવચન. ● કલા પ્રદર્શનની મુલાકાત. ● બારમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાને.

નવેમ્બર

૧ અમદાવાદ : વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે.[1] ● સાહિત્ય પરિષદની વિષય વિચારિણી સમિતિની બેઠકમાં હાજર.

૨ અમદાવાદ : પરિષદની બેઠકમાં ઉપસંહારનું પ્રવચન કર્યું. ● મિલ-માલિકો અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● આશ્રમમાં વાર્તાલાપ—આશ્રમવાસીઓ સાથે અને જ્યોતિસંઘની બેનો સાથે. ⇕ વડોદરા : અબ્બાસ તૈયબજીના કુટુંબીઓને, એમના અવસાનનો ખરખરો કરવા ગયા.

૩ રસ્તામાં.

૪ થી ૮[2] સેગાંવ.

૯ સેગાંવ : ઍન્ડ્રૂઝ અને કાળીદાસ નાગ આવ્યા.

૧૦ થી ૧૬[3] સેગાંવ.

---

૧. મગનભાઈ દેસાઈને આ વખતે પારંગતની પદવી એનાયત થઈ.

૨. દરમિયાન તા. ૮મીએ વાત બહાર આવી કે હરિલાલ હિંદુધર્મ ફરીથી સ્વીકારવાના છે.

૩. દરમિયાન—

(૧) તા ૧૦મીએ હરિલાલે જાહેર કર્યું કે આ વિશે હું ગંભીરપણે વિચાર કરું છું.

(૨) તા. ૧૨મીએ ત્રાવણકોર નરેશે જાહેર કર્યું કે રાજમાંના સઘળાં હિંદુ મંદિરો સઘળાં હિંદુઓ માટે ખુલ્લાં રહેશે.

(૩) તા. ૧૨મીના અરસામાં હરિલાલે હિંદુધર્મ ફરીથી સ્વીકાર્યો.

૧૯૩૬—નવેમ્બર–ડિસેમ્બર

૨૭ સેગાંવ : ત્રાવણકોર નરેશને ધન્યવાદ આપતું નિવેદન કર્યું. ● કોંગ્રેસના આગામી અધિવેશન અંગે નેતાઓ સાથે ચર્ચા.

૨૮ થી ૨૫[૧] સેગાંવ.

૨૬ સેગાંવ : કોંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખ અંગે નેતાઓ સાથે ચર્ચા.

૨૭ થી ૩૦[૨] સેગાંવ.

ડિસેમ્બર

૧ સેગાંવ.

૨ થી ૪ સેગાંવ : અમદાવાદના મિલમાલિકો અને મજુરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૫ સેગાંવ : ઍન્ડ્રૂઝ, ઍગથા હેરિસન અને કાર્લ હીથ આવ્યાં.

૬ થી ૧૯[૩] સેગાંવ.

૨૦ ટિળકનગર[૪] : આવ્યા.

૨૧ ટિળકનગર : કોંગ્રેસના સફાઈ કાર્યકરોને ઉદ્બોધન. ⇕ ખિરોડા. ⇕ ટિળકનગર.

---

૧. દરમિયાન તા. ૨૦મીએ માનવેન્દ્ર નાથ રૉય છૂટયા. (જુઓ તા. ૩૦-૪-૩૩).

૨. દરમિયાન તા. ૨૭મીએ, ગ્રેટબ્રિટનના રાજા એડવર્ડ આઠમાના લગ્ન અંગે ત્યાંના પ્રધાનમંડળમાં ગંભીર ચર્ચા શરૂ થઈ.

૩ દરમિયાન તા. ૧૦મીએ—

(૧) એડવર્ડ આઠમાએ ગાદીત્યાગ કર્યો.

(૨) કોંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખ તરીકે જવાહરલાલ ફરીથી ચૂંટાયા.

૪. ફૈઝપુર નજીક વસાવેલું ગામડું. ગામડામાં, કોંગ્રેસની આ પહેલી બેઠક હતી.

૧૯૩૬-ડિસેમ્બર; ૧૯૩૭-જાન્યુઆરી

૨૨[1] ટિળકનગર.

૨૩ થી ૨૪[2] ટિળકનગર : માનવેન્દ્ર નાથ રૉય સાથે ચર્ચા.

૨૫ ટિળકનગર : ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.[3] ● નેતાઓ સાથે ચર્ચા.

૨૬ ટિળકનગર : પ્રદર્શનની મુલાકાત અને ત્યાં પ્રવચન. ● ચર્ચા ચાલુ.

૨૭ ટિળકનગર : પ્રદર્શન અંગે જાહેર સભા. ● કૉંગ્રેસની બેઠકમાં બોલ્યા.

૨૮ ટિળકનગર : હિંદી પરિષદને સંદેશો મોકલ્યો.

૨૯ ટિળકનગર : સ્વયંસેવકોની છાવણીની મુલાકાત.

૩૦ થી ૩૧ સેગાંવ.

જાન્યુઆરી

૧ થી ૨ સેગાંવ. ● વર્ધા.

૩ સેગાંવ : પોલક અને ઍગથા હેરિસન મળવા આવ્યાં.

૪ થી ૬ સેગાંવ.

૭ પૂના : કલ્યાણ સ્ટેશને ઉતરી મોટરમાં આવ્યા; ઉતારો પર્ણકુટિમાં. ● અમદાવાદના મિલમાલિકો અને મજૂરોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૮ પૂના : હરિભાઉ ફાટક અને બાળુકાકા કાનિટકર મળવા આવ્યા. ● આગલા દિવસની ચર્ચા ચાલુ.

૯ પૂના : ચર્ચા ચાલુ.

૧૦ પૂના : જસ્ટીસ મડગાંવકરના નિવાસસ્થાને સ્વાગત સમારંભમાં હાજર.

૧૧ મદ્રાસ.

---

૧. આ અરસામાં, તા. ૨૩મીએ અમદાવાદમાં મળનારી અખિલ હિંદ મહિલા પરિષદને સંદેશો મોકલ્યો.

૨. દરમિયાન તા. ૨૪મીએ વીસ વર્ષ દેશવટો ભોગવ્યા બાદ શૈલેન્દ્ર ઘોષ હિંદ પાછા ફર્યા.

૩. આધાર નં. ૬૩ના ૧૯૩૭ ભાગ ૨ના પાના ૧૪ ઉપર આની તા. ૧૬ જણાવી છે પણ એ બરાબર નથી.

૧૯૩૭—જાન્યુઆરી

૧૨ ત્રિવેન્દ્રમ્ : સ્વાગત. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૧૩ ત્રિવેન્દ્રમ્ : હિંદી પદવીદાન સમારંભમાં પ્રમુખપદે. ● મુલાકાતો—અનન્ત પદ્મનાભના મંદિરની અને હરિજન છાત્રાલયની. ● જાહેર સભા, માનપત્ર. ● એસ. કે. જ્યૉર્જનાં પત્નીની ખબર કાઢવા ગયા.

૧૪[1] ત્રિવેદ્રમ્. ⇕ બલરામપુરમ્. ⇕ નેવાટિંકરાઇ. ⇕ વેંગાનૂર. ⇕ ટેકલાઈ. ⇕ તિરુવટ્ટાર. ⇕ નાગરકોઈલ : સભા, માનપત્રો. ⇕ કન્યાકુમારી.

૧૫ કન્યાકુમારી. ⇕ ત્રિવેન્દ્રમ્.

૧૬ ત્રિવેન્દ્રમ્. ⇕ અટીંગલ ⇕ વરકલા : શિવગિરિ મઠમાં સભા. ⇕ પારીપલ્લી. ⇕ કિવલોન : સભા અને માનપત્રો.

૧૭ થથરામપલ્લા. ⇕ હરિપાદ.

૧૮ તકાઝી. ⇕ શેરથાલાઈ. ⇕ વાઇકોમ : સભા, માનપત્ર.

૧૯ એતમાનૂર. ⇕ કુમારનેલૂર. ⇕ થીરૂવારપુ. ⇕ કોટ્ટયમ્. : ખ્રિસ્તી પાદરીઓ સાથે ચર્ચા, સ્થળ પાદરી મૂરનું ઘર. ● સભાઓ—સ્ત્રીઓની અને જાહેર.

૨૦ ચંગનચેરી. ⇕ થીરૂવલ્લા. ⇕ ચેંગાનૂર. ⇕ અરનમુલ્લા. ⇕ એલાંથૂર. ⇕ પંથલમ્.

૨૧ કોટ્ટારાકરાઈ.

૨૨ મદ્રાસ.

૨૩ ગંતુર.

૨૪ થી ૩૧ સેગાંવ.

---

૧. (૧) સાક્ષર નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાનું મુંબઈમાં અવસાન થયું.

(૨) ડૉ. કઝિન્સે હિંદુધર્મ સ્વીકારી 'જયરામ' નામ ધારણ કર્યું.

૧૯૩૭—ફેબ્રુઆરી-માર્ચ

૧ થી ૨૫[1] સેગાંવ.
૨૬ સેગાંવ : જવાહરલાલ વગેરે નેતાઓ મળવા આવ્યા.
૨૭ થી ૨૮ સેગાંવ. ⇕ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

માર્ચ

૧ થી ૧૪[2] સેગાંવ.
૧૫ દિલ્હી : ઉતારો હરિજન નિવાસમાં. ● વર્કીંગ કમિટીની બેઠકમાં ભાગ લીધો.
૧૬ દિલ્હી : બેઠક ચાલુ; નિર્ણય—જ્યાં કોંગ્રેસ વધુમતીમાં હોય અને પોતાની ખાસ સત્તાઓ નહિ વાપરવાની અને પ્રધાનોની સલાહ નહિ અવગણવાની ખાતરી ગવર્નર આપે, ત્યાં હોદ્દા સ્વીકારવા.
૧૭ થી ૧૮[3] દિલ્હી : બેઠક ચાલુ.
૧૯ દિલ્હી : બેઠક ચાલુ. ● જલિયાંવાલા બાગના સ્મારકના ટ્રસ્ટીઓની સભામાં પ્રમુખપદે.
૨૦ થી ૨૨ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠક ચાલુ.
૨૩ વર્ધા : ચરખા સંઘની અને ગ્રામોદ્યોગ સંઘની બેઠકોમાં હાજર.
૨૪ વર્ધા : બાબલા[4]ને મદ્રાસ લઈ જવાનો નિર્ણય, સિક્કો ઉછાળીને લીધો.

---

૧. દરમિયાન—

(૧) જુઓ તા. ૩૧-૧૨-૨૯ની પાદટીપ ૨(૨).

(૨) તા. ૭મીએ હરિલાલે બે પત્રો લખ્યા—ગાંધીજીને અને કસ્તૂરબાને. એમાં કસ્તૂરબાને, દરવાજો તોડનાર હાથીના માથાને દરવાજા ઉપર લગાવેલા ખીલાથી ઇજા ન થાય તે માટે આડે ધરવામાં આવતા—અને એ કારણે મરી જતા—ઊંટની ઉપમા આપી.

(૩) તા. ૧૦મીના અરસામાં શાંતિનિકેતન—વિશ્વભારતીના ટ્રસ્ટી તરીકે ગાંધીજીની વરણી થઈ.

(૪) તા. ૧૩મીએ લાલા હરકીશનલાલનું લાહોરમાં અવસાન થયું.

૨. દરમિયાન તા. ૧૨મીએ મુંબઈ કોંગ્રેસ પક્ષના નેતા તરીકે બાળાસાહેબ ખેર ચૂંટાયા; સરદાર—નરિમાન પ્રકરણ શરૂ થયું.

૩. દરમિયાન તા. ૧૭મીએ સુભાષ ચન્દ્ર બોઝને છોડવામાં આવ્યા.

૪. નારાયણભાઈ; મહાદેવભાઈ દેસાઈના પુત્ર.

૨૫[1] રસ્તામાં.

૨૬ મદ્રાસ : દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભાના પદવીદાન સમારંભમાં વ્યાખ્યાન.

૨૭ થી ૨૮[2] મદ્રાસ : ભારતી સાહિત્ય પરિષદમાં પ્રમુખસ્થાને.

૨૯ મદ્રાસ.

૩૦ મદ્રાસ : કૉંગ્રેસે માગ્યા મુજબની બાંયધરી નહિ આપવાના ગવર્નરોના વલણ અંગે છાપાંના પ્રતિનિધિઓને મુલાકાત આપતાં કહ્યું કે બ્રિટિશ સરકાર અમારા કાનમાં બોલતી હતી તો મીઠું મીઠું, પણ એણે અમારા હૃદય ઉપર કારી ઘા કર્યો છે. એ કહેતી હતી કે એણે પ્રાંતિક સ્વરાજ આપ્યું છે; અને હવે, પોતે જ એ વચન ગળી જાય છે.

૩૧ સેગાંવ.

એપ્રિલ

૧ થી ૧૪ સેગાંવ.

૧૫ પૂના : કલ્યાણ સ્ટેશને ઉતરી મોટરમાં આવ્યા; ઉતારો પર્ણકુટિમાં.

૧૬ હૂદલી.

૧૭ હૂદલી : ગાંધી સેવા સંઘના અધિવેશન અંગે કૂવો ખોદવાના શ્રમયજ્ઞમાં ભાગ લીધો. ● અધિવેશનનું પ્રારંભિક વ્યાખ્યાન આપ્યું. સ્થળ કુમરી આશ્રમ.

૧૮ હૂદલી : પૌત્રી (હરિલાલનાં પુત્રી) મનુનાં, સુરેન્દ્ર મશરૂવાળા સાથે લગ્ન; નિર્મળાનાં (મહાદેવભાઈની બહેનના), ઈશ્વરલાલ સાથે લગ્ન; અને નારાયણનાં (મહાદેવભાઈના પુત્રનાં), યજ્ઞોપવિત–બધા પ્રસંગોએ હાજર રહ્યા અને આશીર્વાદ આપ્યાં. સ્થળ કુમરી આશ્રમ.

---

૧. મુંબઈના ગવર્નરે, કૉંગ્રેસ પક્ષના નેતા બાળાસાહેબ ખેર સાથે પ્રધાનમંડળ રચવા વિશે અવિધિપૂર્વક ચર્ચા કરી. ખેરે વર્કીંગ કમિટીના તા. ૧૬મીના ઠરાવ મુજબ બાંયધરી માગી. ગવર્નરે એ આપવા ના પાડી.

૨. તા. ૨૭મીએ, તા. ૨૫મીનું, વિધિપૂર્વક પુનરાવર્તન થયું.

૧૯૩૭—એપ્રિલ-મે

૧૯ હૂદલી : ગોસેવા સંઘ સમક્ષ પ્રવચન.

૨૦ હૂદલી : ગાંધી સેવા સંઘના અધિવેશનમાં ઉપસંહારનું પ્રવચન. ● 'હિંદુ' અને 'માંચેસ્ટર ગાર્ડિયન'ના પ્રતિનિધિ બી. શિવરાવ, કોંગ્રેસ પ્રધાનપદાં સ્વીકારાશે કે નહિ એ વિષે અભિપ્રાય જાણવા, વાઇસરૉયના મોકલ્યા આવ્યા અને ચર્ચા કરી.

૨૧ હૂદલી : બી. શિવરાવ સાથે ચર્ચા ચાલુ. ● રચનાત્મક કાર્ય કરવા લોકોને ઉપદેશ. ● ગ્રામોદ્યોગ પ્રદર્શન ખુલ્લુ મૂક્યું.

૨૨ પૂના : ઉતારો લેડી ઠાકરસીના બંગલામાં. ● બી. શિવરાવ સાથે ચર્ચા ચાલુ.

૨૩ થી ૨૫ સેગાંવ.

૨૬ અલાહાબાદ : સુભાષ ચંદ્ર બોઝ મળવા આવ્યા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં (ખાસ નિમંત્રણથી) હાજર.

૨૭ થી ૨૯[1] અલાહાબાદ : બેઠક ચાલુ.

૩૦ અલાહાબાદ.

મે

૧ થી ૬ સેગાંવ.

૭ સેગાંવ : હરિજન નેતા રાજભોજ મળવા આવ્યા.

૮ થી ૯ સેગાંવ.

૧૦[2] બારડોલી : સ્વરાજ આશ્રમમાં વિધિપૂર્વક પ્રવેશ.

૧૧ બારડોલી : કોંગ્રેસની આગામી બેઠક માટે સ્થળો જોયાં—હરિપુરા પસંદ કર્યું.

૧૨ બારડોલી ⇕ નવસારી : ઉતારો ઇન્ડિયન કૉટન સીડ ઑઇલ મિલવાળા મયાભાઈને ત્યાં. ● માંદા મણિલાલ કોઠારીને જોવા ગયા. ⇕ તિથલ[3] : ઉતારો ભૂલાભાઈ દેસાઈના બંગલામાં.

---

૧. આ અરસામાં બારડોલીનો સ્વરાજ આશ્રમ સરકારે પાછો સોંપ્યો.

૨. રત્નાગિરિમાં નજરકેદ ભોગવતા વિનાયક સાવરકરને બિનશરતે છોડયા.

૩. સુરત સ્ટેશને ગાંધીજીના સામાનમાંથી એક બૅગ ગૂમ થઈ.

૧૯૩૭—મે થી જુલાઈ

૧૩ થી ૨૦[1] તિથલ.

૨૧ તિથલ : કૅલનબૅક મળવા આવ્યા અને સાથે રહ્યા.

૨૨ તિથલ : ગુજરાતી રાષ્ટ્રીય શાળાઓના શિક્ષકોના સંમેલનમાં પ્રવચન.

૨૩ થી ૨૮ તિથલ.

૨૯ થી ૩૧ તિથલ : રાજાજી સાથે ચર્ચા.

જૂન

૧ થી ૧૦ તિથલ.

૧૧ થી ૩૦ સેગાંવ.

જુલાઈ

૧ સેગાંવ.

૨ થી ૩ સેગાંવ : જવાહરલાલ સાથે ચર્ચા.

૪ સેગાંવ : જવાહરલાલ, સરદાર, ભૂલાભાઈ વગેરે સાથે ચર્ચા. ● આ કારણે મૌન છેક સાંજે લીધું.

૫[2] સેગાંવ : ચર્ચા ચાલુ.

૬ સેગાંવ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૭[3] સેગાંવ : બેઠક ચાલુ; હોદ્દા સ્વીકારવાનો નિર્ણય લેવાયો. ● રાષ્ટ્ર-ભાષા અધ્યાપન મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું.

---

૧. દરમિયાન તા. ૨૦મીએ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી હરમેન કૅલનબૅક હિંદ આવ્યા.

૨. કૅલનબૅક સેગાંવથી ગયા.

૩. આ અરસામાં તાત્યા સાહેબ કેળકરના માનમાં પૂનામાં યોજાયેલા એક સમારંભમાં એ એવી મતલબનું બોલ્યા કે સાવરકરને છોડવા માટેની એક જાહેર અરજીમાં સહી કરવાની ગાંધીએ ના પાડી હતી; ગાંધી વારંવાર ટિળકના નામનો નિર્દેશ કરે છે પણ એ તો મહારાષ્ટ્રને છેતરવા માટે ખાલી શબ્દો જ છે. વગેરે. વગેરે. આને અંગે શંકરરાવ દેવ અને ગાંધીજી વચ્ચે પત્રવ્યવહાર થયો. છેવટે ગાંધીજીએ જાહેર કર્યું—મેં સહી કરવા ના પાડી હતી કારણ કે ટૂંક સમયમાં એમનો છુટકારો થશે એની મને ખાતરી હતી; મારા આશય અને વલણનો શ્રી કેળકરે ક્રૂર અર્થ કર્યો છે; પણ હું તો મૌન જ સેવીશ.

૧૯૩૭-જુલાઈ—ઑગસ્ટ

૮ સેગાંવ : બેઠક ચાલુ.

૯ થી ૩૧[1] સેગાંવ.

૧૯૩૭—ઑગસ્ટ

૧ થી ૩ સેગાંવ.

૪ દિલ્હી : વાઇસરૉયના નિમંત્રણથી આવ્યા; નિઝામુદ્દીન સ્ટેશને ઊતર્યા; ઉતારો હરિજન કૉલોનીમાં ● વાઇસરૉય (જે ખાસ સિમલાથી આવ્યા હતા તેમની) સાથે મંત્રણા.

૫[2] સેગાંવ.

૬ થી ૧૩ સેગાંવ.

૧૪ થી ૧૭ સેગાંવ : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૧૮ થી ૨૬[3] સેગાંવ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ મુંબઈનું પ્રધાનમંડળ રચવા બાળા સાહેબ ખેરે સ્વીકાર્યું.

(૨) તા. ૨૧મીએ દાદાસાહેબ માવળંકર મુંબઈ ધારાસભાના સ્પીકરપદે ચૂંટાયા.

(૩) પોતાના છુટકારા માટે અને દમનકારી કાયદાઓ નાબૂદ કરવા માટે આંદામાનના રાજદ્વારી કેદીઓએ તા. ૨૪થી ભૂખહડતાળ શરૂ કરી.

(૪) 'નવજીવન' પર બજાવવામાં આવેલી જામીનગીરીની નોટિસ તા. ૩૦મીએ રદ થઈ.

૨. એન્ડ્રૂઝ હિંદ આવ્યા.

૩. દરમિયાન—

(૧) હિંદી લશ્કર ચીનમાં મોકલ્યું છે એવી જાહેરાત હિંદી સરકારે તા. ૨૧મીએ કરી.

(૨) વાયવ્ય સરહદ પ્રાંતમાં પ્રવેશ કરવા સામે, ખાન અબ્દુલ ગફાર ખાન ઉપર મૂકેલો પ્રતિબંધ તા. ૨૨મીએ ઉઠાવી લેવામાં આવ્યો.

(૩) આધાર નં. ૫માંનો પત્ર નં. ૧૩૪ તા. ૨૬મીએ કાનપુરથી લખવામાં આવ્યો હશે એમ જણાવ્યું છે; પણ એ બંધબેસતું નથી.

૧૯૩૭–ઑગસ્ટ થી ઑક્ટોબર

૨૭ સેગાંવ : આંદામાનના રાજદ્વારી કેદીઓને, ઉપવાસ છોડવા વિનંતિ કરતો તાર, વાઇસરૉય મારફત મોકલ્યો.

૨૮ સેગાંવ.

૨૯ સેગાંવ : આ કેદીઓમાંના સાત સિવાય બાકીનાઓએ ઉપવાસ છોડયાના ખબર આવ્યા.

૩૦ સેગાંવ : એ સાતને, ઉપવાસ છોડવા વિનંતિ કરતો તાર કર્યો.

૩૧ સેગાંવ.

સપ્ટેમ્બર

૧ થી ૧૪[૧] સેગાંવ.

૧૫ સેગાંવ : જસ્ટીસ મડગાંવકર મળવા આવ્યા.

૧૬ થી ૩૦[૨] સેગાંવ.

ઑક્ટોબર

૧ થી ૧૫[૩] સેગાંવ.

૧૬ સેગાંવ : સરદાર–નરિમાન પ્રકરણ અંગેના ગાંધી-બહાદુરજીના ચુકાદા અંગે નિવેદન કર્યું.

૧૭ થી ૧૮ સેગાંવ.

૧૯ સેગાંવ : હિંદુ–મુસ્લિમ પ્રશ્ન અંગે ઝીણાને પત્ર લખ્યો.

૨૦ થી ૨૧ સેગાંવ.

---

૧. દરમિયાન તા. ૯મીએ વાયવ્ય સરહદ પ્રાંતમાં કૉંગ્રેસવાદી પ્રધાન-મંડળ રચાયું.

૨. દરમિયાન તા. ૨૩મીએ જપ્ત કરવામાં આવેલી જમીનો પાછી આપવાની નીતિ મુંબઈની નીચલી ધારાસભામાં મંજૂર થઈ; અને બીજે દિવસે ઉપલી ધારાસભામાં મંજૂર થઈ.

૩. દરમિયાન તા. ૧૧મીએ, મણિલાલ કોઠારીનું અમદાવાદમાં અવસાન થયું.

૧૯૩૭—ઑક્ટોબર—નવેમ્બર

૨૨ સેગાંવ : આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય મળવા આવ્યા. ● મારવાડી કેળવણી મંડળના આશ્રયે મળેલી કેળવણી પરિષદમાં પ્રમુખપદે; બુનિયાદી કેળવણીની યોજના સમજાવી.

૨૩ સેગાંવ : પરિષદ ચાલુ.

૨૪ થી ૨૫ સેગાંવ.

૨૬ કલકત્તા : રામરાજતલા સ્ટેશને ઊતર્યા; ઉતારો શરદ્‌બાબુને ત્યાં. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● કવિવર ટાગોર સાથે મંત્રણા.

૨૭ કલકત્તા : બેઠક ચાલુ. ● આંદામાનમાંના રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે, પ્રધાનો સાથે ચર્ચા.

૨૮ કલકત્તા : બેઠક ચાલુ. ● નાણાંમંત્રી નલિની રંજન સરકાર મળવા આવ્યા.

૨૯ કલકત્તા.

૩૦ કલકત્તા : આંદામાનથી લાવીને, અલીપુર જેલમાં રાખેલા રાજદ્વારી કેદીઓની; જેલમાં મુલાકાત લીધી.

૩૧ કલકત્તા.

નવેમ્બર

૧[૧] કલકત્તા : થી આજે નીકળવાના હતા પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તબિયત નરમ રહેતી હોવાથી નીકળી શક્યા નહિ.

૫[૨] કલકત્તા.

૬ કલકત્તા : શાંતિનિકેતનની આર્થિક જરૂરિયાતો માટે ટાગોરને રૂ. ૧૩,૦૦૦ નો ચેક મોકલ્યો અને ભવિષ્ય માટે ગોઠવણ કરી.[૩]

૭ થી ૮ કલકત્તા.

૯[૪] કલકત્તા : કેદીઓ અને નજરકેદીઓને રાહત આપવા વિશે ગવર્નર સાથે ચર્ચા.

---

૧. આધાર નં. ૩ના અનુ. નં. ૧૫૧નાં સ્થળ અને તારીખ સેગાંવ અને ૧-૧૧-૩૭ જણાવ્યાં છે; પરંતુ આ દિવસે ગાંધીજી કલકત્તા હતા.

૨. ઝીણાએ, ગાંધીજીના તા. ૧૯-૧૦-૩૭ના પત્રના જવાબમાં લખ્યું- તમે ભલે એમ માનતા હો કે તમે કૉંગ્રેસ અને લીગ વચ્ચે સેતુ બનવા માગો છો; પણ મને તો લાગે છે કે-તમે કૉંગ્રેસના ચાર આનાના પણ સભ્ય નથી તો પણ—તમે કૉંગ્રેસી નેતાઓની જ હરોળમાં છો.

૩. આ મદદ બિરલા કુટુંબને આભારી હતી; (જુઓ તા. ૨૭-૩-૩૬).

૪. રામસે મૅકડોનલ્ડનું લંડનમાં અવસાન થયું.

૧૯૩૭—નવેમ્બર—ડિસેમ્બર

૧૦[1] થી ૧૧ કલકત્તા.

૧૨ કલકત્તા : હેવલી નજરકેદીઓની છાવણીમાંથી, પ્રેસિડન્સી જેલમાં લાવવામાં આવેલા આશરે પંદર નજરકેદીઓની, જેલમાં મુલાકાત લીધી. ● સરાઈ કેલા નૃત્યકારોનું નૃત્ય જોયું.

૧૩ થી ૧૪[2] કલકત્તા.

૧૫ કલકત્તા : રાત્રે દત્તની સંસ્થાના માણસો આવ્યા અને પોતાની કસરતો અને નાચ કરી બતાવ્યા.

૧૬ કલકત્તા : નજરકેદીઓના છુટકારા અંગે બંગાળના નાણાં પ્રધાન નલિની રંજન સરકાર સાથે એમના નિવાસસ્થાને ચર્ચા.

૧૭ કલકત્તા. ⇕ ખડગપુર : હિજલીમાંની નજરકેદીઓની છાવણીની મુલાકાત.

૧૮ થી ૩૦[3] સેગાંવ.

ડિસેમ્બર

૧ સેગાંવ : નાગપુર યુનિવર્સિટી, ગાંધીજીને, ડૉક્ટર ઑફ લૉઝની ઉપાધિ આપવા માગતી હતી પરંતુ ગાંધીજીએ કહ્યું 'હું એને લાયક નથી.

૫ થી ૬ સેગાંવ.

૭ થી ૧૩ મુંબઈ : તબિયત અંગે જુહુ રહ્યા.

૧૪ મુંબઈ : આગાખાન અને એમના પુત્ર અલીખાં મળવા આવ્યાં.

૧૫ થી ૨૦ મુંબઈ.

૨૧ મુંબઈ : રેવાના મહારાજા મળવા આવ્યા.

૨૨ થી ૩૧ મુંબઈ[4] : તબિયત સુધારા ઉપર.

---

૧. સમાચાર આવ્યા કે કમલા લેક્ચર આપવાની કલકત્તા યુનિ. તરફથી ફરીથી અવિધિસર સૂચના થઈ. (જુઓ તા. ૧-૫-૨૮). એનું શું પરિણામ આવ્યું એ માહિતી મળી નથી.

૨. દરમિયાન તા. ૧૪મીએ અમદાવાદમાંનું નવજીવનકાર્યાલય આગથી નાશ પામ્યું.

૩. દરમિયાન—(૧) તા. ૧૮મીએ બંગાળા સરકારે, નજરકેદીઓના છુટકારા અંગેના ગાંધીજીના પ્રયાસોની જાહેર નિવેદન દ્વારા કદર કરી અને આવા ૧,૧૦૦ કેદીઓને છોડવા હુકમ કર્યો.

(૨) તા. ૨૩મીએ જગદીશ ચંદ્ર બોઝનું ગીરીદીહમાં અવસાન થયું.

(૩) તા. ૨૯મીએ વાઈસરૉયે, ગાંધીજીની તબિયત ઠીક થઈ તે અંગે શુભેચ્છાનો સંદેશો મોકલ્યો.

(૪) આ અરસામાં લૉર્ડ લોથિયન હિન્દ આવ્યા.

૪. દરમિયાન તુકારામની ફિલ્મમાં એમની ભૂમિકા ભજવનાર પાગનીસ. આવ્યા અને ભજનો સંભળાવ્યાં.

૧૯૩૮—જાન્યુઆરી—ફેબ્રુઆરી

૧ મુંબઈ.
૨ થી ૩ મુંબઈ : વર્કીંગ કમિટીના સભ્યો ચર્ચા કરવા આવ્યા.[1]
૪ મુંબઈ.
૫ મુંબઈ : રાજેન્દ્ર બાબુ સાથે ચર્ચા.
૬ મુંબઇ.
૭ મુંબઈ : રાજાજી મળવા આવ્યા.
૮ થી ૧૭[2] સેગાંવ.
૧૮ થી ૨૦[3] સેગાંવ : લૉર્ડ લોધિયન સાથે ચર્ચા.
૨૧ થી ૨૩[4] સેગાંવ.
૨૪ સેગાંવ : બંગાળાના નાણાપ્રધાન નલિની રંજન સરકાર અને ડૉ. બી. સી. રૉય સાથે, નજરકેદીઓ અને રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે ચર્ચા.
૨૫ થી ૩૧ સેગાંવ.

ફેબ્રુઆરી

૧ સેગાંવ.

---

૧. આ વખતે ભોળાનાથ આખલાનો પ્રયોગ જોયો.

૨. દરમિયાન—

(૧) પરદેશથી આવેલા, ન્યુ ઍજ્યુકેશન ફેલોશીપના ત્રણ સભ્યો મળવા આવ્યા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

(૨) તા. ૧૦મીએ સ્વરૂપરાણી નહેરુનું અવસાન થયું.

(૩) તા. ૧૬મીએ, માલવિયાજીએ કાયાકલ્પનો પ્રયોગ શરૂ કર્યો.

૩. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ સુભાષ ચંદ્ર બોઝ કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા.

(૨) તા. ૨૦મીએ માનવેન્દ્ર નાથ રૉય ૨૫ વર્ષ બાદ એમના જન્મ-પ્રાંત બંગાળમાં આવ્યા.

૪. દરમિયાન તા. ૨૩મીએ સુભાષ ચંદ્ર બોઝ, પરદેશથી હિંદ આવ્યા.

૧૯૩૮–ફેબ્રુઆરી

૨ સેગાંવ : સુભાષચંદ્ર બોઝ સાથે ચર્ચા.

૩ સેગાંવ : ચર્ચા ચાલુ. ● હિંદુ–મુસ્લિમ પ્રશ્ન અંગે ઝીણાના તા. ૫–૧૧–૩૭ના પત્રના જવાબમાં લખ્યું :– અત્યારે તો કાંઈપણ કામ માટે હું નિરૂપાય બની ગયો છું. જ્યારે મને એમ લાગશે કે હું કાંઈપણ કરી શકું એમ છું ત્યારે જરાય રાહ જોયા વિના કામે લાગી જઈશ... ...તમારા ભાષણોમાં મને એ પુરાતન રાષ્ટ્રીય ઝીણા દેખાતા નથી. ઘૂંટણીએ પડીને તમને વિનવું છું કે તમે હતા એવા બનો.

૪ સેગાંવ : વર્કીંગ કમિટીના સભ્યો સાથે ચર્ચા.

૫[1] સેગાંવ : ચર્ચા ચાલુ. ● ગાંધીજીએ તથા જવાહરલાલે, મુસ્લિમ લીગની માગણીઓ સ્પષ્ટપણે જણાવવા ઝીણાને પત્ર લખ્યો.

૬ થી ૮[2] સેગાંવ.

૯ હરિપુરા : પંડિત ખરેનાં વિધવા લક્ષ્મીબાઈને મળી દિલાસો આપ્યો.

૧૦ હરિપુરા : ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.

૧૧ હરિપુરા : આનંદી આશર અને પુરાતન બુચનાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપ્યા. ● સ્વચ્છતા વિભાગના કાર્યકરોને સંબોધન.

૧૨ હરિપુરા : પ્રદર્શનનું નિરીક્ષણ.

૧૩ હરિપુરા : ગૌશાળાની મુલાકાત અને પ્રવચન.

૧૪ હરિપુરા.

૧૫[3] હરિપુરા : સ્વયંસેવકોને ઉદ્‌બોધન.

---

૧. મણિલાલ ગાંધી, દક્ષિણ આફ્રિકાથી, હિંદ આવ્યા.

૨. દરમિયાન તા. છઠ્ઠીએ પંડિત નારાયણ મોરેશ્વર ખરેનું હરિપુરામાં અવસાન થયું.

૩. (૧) તા. ૩જીના પત્રનો ઝીણાએ તોછડો જવાબ આપ્યો—રાષ્ટ્રીયતા કોઈ એકનો ઇજારો નથી. (Nationalism is not the monopoly of any single individual).

(૨) રાજકીય કેદીઓને છોડવાનો, બિહારના વડાપ્રધાને હુકમ કર્યો, પણ ગવર્નરે ના પાડી. એ કારણે પ્રધાનોએ રાજીનામાં આપ્યાં. સંયુક્ત પ્રાંતમાં આમ થવાનો ડર જાગ્યો.

૧૯૩૮—ફેબ્રુઆરી-માર્ચ

૧૬[1] હરિપુરા : પ્રધાનોનાં રાજીનામાંના સમર્થનમાં નિવેદન કર્યું. ● પ્રદર્શનની ભૂમિ ઉપર ભાષણ.

૧૭ હરિપુરા : 'અમૃત બઝાર પત્રિકા'ના તંત્રી તુષાર કાંતિ ઘોષ મુલાકાતે આવ્યા.

૧૮ હરિપુરા.

૧૯ હરિપુરા : કૉંગ્રેસની બેઠકમાં હાજર[2].

૨૦ હરિપુરા : મુક્તિ માટે ભૂખમરાની હડતાળ ઉપર ઊતરેલા પંજાબના રાજદ્વારી કેદીઓ, હડતાળ છોડી દે એવી વિનંતિ કરતો પત્ર લાલા શ્યામલાલને લખ્યો—'મારાથી બનતું કર્યું છે અને કરીશ.'

૨૧ હરિપુરા.

૨૨ હરિપુરા : સ્વયંસેવકો સમક્ષ પ્રવચન.

૨૩ સેગાંવ.

૨૪ સેગાંવ : ઝીણાના તા. ૧૫મીના જવાબમાં લખ્યું-'તમે કહો ત્યારે મળવા તૈયાર છું.'

૨૫ થી ૨૮[3] : સેગાંવ.

માર્ચ

૧ થી ૩[4] સેગાંવ.

---

૧. પ્રભાશંકર પટ્ટણીનું શિહોરમાં અવસાન થયું.

૨. (૧) આ બેઠકમાં, વિલાયતના વિનીત પક્ષના નેતા લૉર્ડ સેમ્યુઅલ હાજર હતા.

(૨) આ બેઠકની કાર્યવાહી, ઇતિહાસમાં સૌપ્રથમ વાર બ્રૉડકાસ્ટ થઈ.

૩. દરમિયાન—

(૧) તા. ૨૫મીએ બિહારની કટોકટી નિવારાઈ; કેદીઓ છૂટવા માંડ્યા; પ્રધાનો પાછા ગાદી ઉપર.

(૨) તા. ૨૮મીએ માલવિયાજીનો કાયાકલ્પ પૂરો થયો.

૪. ગાંધીજીના તા. ૨૪-૨-૩૮ના પત્રના જવાબમાં તા. ૩જીએ ઝીણાએ લખ્યું—મુસ્લિમ લીગ જ મુસ્લિમો વતી બોલી શકે અને કૉંગ્રેસ હિંદુઓ વતી જ બોલી શકે એ સ્થિતિ તમે સ્વીકારતા હો તો જ વાત આગળ ચાલી શકે.

૧૯૩૮—માર્ચ

૪ સેગાંવ : પરદેશના વેપારીઓનું, હિંદમાં શું સ્થાન હોઈ શકે એ વિશે ચર્ચા કરવા, શાંતિકુમાર અને ગગનવિહારી આવ્યા.

૫ થી ૭[૧] સેગાંવ.

૮ સેગાંવ : ઝીણાના તા. ૩જીના પત્રના જવાબમાં જણાવ્યું :- તમે કહો ત્યારે મળીશું. હું સ્પષ્ટ કરું છું કે કૉંગ્રેસ વતી કે બીજા કોઇ હિંદુ વતી બોલાવવાનો મને કોઈ અધિકાર નથી.

૯ થી ૧૦ સેગાંવ.

૧૧ થી ૧૨[૨] સેગાંવ : સરદાર સાથે ચર્ચા.

૧૩ થી ૧૫[૩] સેગાંવ.

૧૬ કલકત્તા : ઉતારો શરદ્ ચંદ્ર બોઝને ત્યાં.

૧૭[૪] કલકત્તા : ગોવિંદ ચરણ કાર[૫] મળવા આવ્યા.

૧૮ કલકત્તા : ઍન્ડ્રૂઝ મળવા આવ્યા. ● બંગાળા ધારાસભાના હરિજન સભ્યો મળવા આવ્યા. ● બંગાળાના રાજદ્વારી કેદીઓના છુટકારા વિશે ચર્ચા કરવા, ગૃહપ્રધાન નઝમુદ્દીનને મળવા, એમને ઘેર ગયા.

૧૯ કલકત્તા : ધારાસભ્યો, સુભાષ ચંદ્ર બોઝ, મૌલાના આઝાદ વગેરે સાથે ચર્ચા.

૨૦ કલકત્તા : ગૃહપ્રધાન, રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે ચર્ચા કરવા આવ્યા.

૨૧ કલકત્તા.

---

૧. દરમિયાન તા. ૫મીએ જ્યૉર્જ જોસેફનું, મદુરામાં અવસાન થયું.

૨. દરમિયાન તા. ૧૧મીએ, સુભાષ ચંદ્ર બોઝે તથા એમના ભાઇઓએ, કટકમાં આવેલું એમનું મકાન, કૉંગ્રેસને ભેટ ધર્યું.

૩. દરમિયાન તા. ૧૩મીએ સાક્ષર કેશવ હર્ષદ ધ્રુવનું અમદાવાદમાં અવસાન થયું.

૪. ગાંધીજીના તા. ૮મીના પત્રના જવાબમાં ઝીણાએ લખ્યું—ચર્ચામાંથી કાંઈ નીકળવાનો સંભવ નથી; છતાં એપ્રિલમાં મુંબઈમાં મળીશું.

૫. કાકોરી ખટલામાંના એક.

૧૯૩૮—માર્ચ

૨૨ કલકત્તા : રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે ગવર્નરને મળ્યા.[1] ● કવિવર ટાગોર મળવા આવ્યા.

૨૩ કલકત્તા : લૉર્ડ બિશપ મળવા આવ્યા.

૨૪ કલકત્તા : ઝીણાના ૧૭મીના પત્રના જવાબમાં લખ્યું—હું તમને મુલાકાતની તારીખ ટૂંક સમયમાં જણાવીશ. ● રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે નિવેદન—દેખાવો નહિ કરવા, લોકોને; અને ધીરજ ધરવા, કેદીઓને વિનંતિ કરી.

૨૫ દેલાંગ : ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન. ● ગાંધી સેવા સંઘના વાર્ષિક સંમેલનમાં પ્રવચન.

૨૬ થી ૨૭ દેલાંગ : સંમેલનમાં હાજર.

૨૮[2] દેલાંગ : સંમેલનમાં પ્રવચન.

૨૯ દેલાંગ : પુરીના મંદિરના મહન્ત મળવા આવ્યા; ગાંધીજીએ, મંદિર, હરિજનો માટે ખુલ્લું મૂકવા સૂચના કરી; મહન્તે સ્વીકારવા ના પાડી.● આગલા દિવસે આ મંદિરમાં જનારને (કસ્તૂરબા વગેરેને) જાહેરમાં સખત ઠપકો આપ્યો. ● સંમેલનમાં હાજર.

૩૦ દેલાંગ : કસ્તૂરબા વગેરે મંદિરમાં ગયા તે અંગે ગાંધી સેવા સંઘ સમક્ષ મહાદેવભાઈનો ખુલાસો અને એ ખુલાસાનો ગાંધીજીનો રદિયો. ● સંમેલનમાં હાજર.

૩૧ દેલાંગ : આજે ગુરુવાર છતાં મૌન લીધું—કસ્તૂરબા વગેરે મંદિરમાં ગયા તેથી અત્યન્ત વ્યગ્ર. ● મહાદેવભાઈ એ લખેલો પત્ર મળ્યો—હું તમારી પાસે રહેવા લાયક નથી; મને વિદાય આપો, વગેરે, વગેરે. એને જવાબ—મારાથી તમારો ત્યાગ થાય એમ નથી. ભક્તને હાથે મરવું ભલું; અભક્તને હાથે તરવું ય મરવા સમાન છે; તમે તો કવિ છો; ઓછું વાંચો અને વધુ વિચારો વગેરે વગેરે.

---

૧. આધાર નં. ૬૩ના ૧૯૩૮ના પહેલા ભાગના ૫૧-૧૩ ઉપર આની તા. ૨૧ જણાવી છે.

૨. કસ્તૂરબા, દુર્ગાબહેન વગેરે, પુરીના મંદિરમાં જઈ દર્શન કરી આવ્યાં.

૧૯૩૮-એપ્રિલ

૧ કલકત્તા : ઉતારો શરદ બાબુને ત્યાં.

૨ કલકત્તા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● મુલાકાતે આવ્યા:– દરભંગાના મહારાજા; અને 'સ્ટેટ્સમેન'ના તંત્રી મિ. મૂર. ● નજરકેદીઓના છુટકારા અંગે ચર્ચા કરવા ગૃહપ્રધાન નઝમુદ્દીન આવ્યા.

૩ કલકત્તા : બેઠક ચાલુ.

૪ થી ૬ કલકત્તા.

૭ કલકત્તા : તબિયત નાદુરસ્ત છતાં રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે ગવર્નર સાથે બે કલાક ચર્ચા. ● મૌલાના આઝાદ અને 'અમૃત બઝાર પત્રિકા'ના તંત્રી તુષાર કાંતિ ઘોષ સાથે ચર્ચા.

૮ કલકત્તા : રાજદ્વારી કેદીઓ, જેમને હિજલી છાવણીમાં રાખેલા હતા અને હાલ પ્રેસિડન્સી જેલમાં લાવવામાં આવ્યા હતા તેમની, આ જેલમાં મુલાકાત લીધી.

૯ કલકત્તા : ગૃહપ્રધાન વાટાઘાટો માટે આવ્યા. ● અલીપુર જેલમાં રાખેલા રાજદ્વારી કેદીઓની મુલાકાત લીધી.

૧૦ કલકત્તા : એમની ફરી મુલાકાત લીધી. ● સોદપુર : ખાદી પ્રતિષ્ઠાનની મુલાકાત. ● રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે ચર્ચા કરવા, ગૃહપ્રધાનના ઘેર ગયા.

૧૧ કલકત્તા : આંદામાનથી લાવીને ડમડમ જેલમાં રાખેલા રાજદ્વારી કેદીઓની મુલાકાત લીધી.[૧] ● અલીપુર જેલમાંના આવા કેદીઓની મુલાકાત લીધી.

૧૨ કલકત્તા : ગૃહપ્રધાનને એમના ઘેર મળવા ગયા. ● પ્રેસિડન્સી જેલમાં બે, રાજદ્વારી સ્ત્રી કેદીઓની[૨] મુલાકાત લીધી;

૧૩ કલકત્તા.

૧૪ દિલ્હી.

---

૧. ગાંધીજી માટે ફળ અને બકરીના દૂધની વ્યવસ્થા આ કેદીઓએ કરી હતી.

૨. વીણા દાસ અને ઉજ્જવલા મઝુમદાર.

૧૯૩૮-એપ્રિલ

૧૫ દિલ્હી : તા. ૨૪-૩-૩૮ના પત્રના અનુસંધાનમાં ઝીણાને તાર– મુંબઈ જતાં વર્ધા આવી શકો તો આભાર થશે[1] મુસાફરીના થાકથી હું બચી શકું; મૌલાના આઝાદ મારી સાથે આવે તો વાંધો છે ? ● વાઈસરૉય સાથે ચર્ચા.

૧૬ થી ૧૭[2] સેગાંવ.

૧૮ સેગાંવ : ઝીણાના તા. :–૧૬મીના તારના જવાબમાં :–૨૮મીએ મુંબઈ આવીશ.

૧૯[3] સેગાંવ.

૨૦ સેગાંવ : ઝીણાના ૧૯મીના તારના જવાબમાં :–સારું, ૨૮મીએ તમારા ઘેર મળવા આવીશ.

૨૧[4] સેગાંવ : વર્ધામાં વિદ્યામંદિર શાળાનું ઉદ્ઘાટન.

૨૨ થી ૨૩[5] સેગાંવ.

૨૪ વર્ધા : હિંદુસ્તાની તાલીમી સંઘની બેઠકમાં પ્રવચન.

૨૫ થી ૨૭ સેગાંવ.

૨૮ મુંબઈ :.ઉતારો જુહુમાં. ● ઝીણા સાથે હિંદુ-મુસ્લિમ ઐક્ય અંગે ચર્ચા.

૨૯ મુંબઈ : ઝીણા સાથે વાટાઘાટો ચલાવવા કોંગ્રેસના પ્રમુખ, સુભાષચંદ્ર બોઝને તાર કર્યો. ● મ્હૈસૂરમાં કરેલા ગોળીબાર અંગે, સરકારના આપખુદી તંત્ર સામે નિવેદન કર્યું.[6]

૩૦ રસ્તામાં.

---

૧. ઝીણા આ વખતે કલકત્તા હતા.

૨. દરમિયાન ઝીણાએ, તા. ૧૬મીએ, ગાંધીજીના તા. ૧૫મીના તારના જવાબમાં જણાવ્યું :–વર્ધા આવવું મને અનુકૂળ નથી; અને તમે એકલા જ આવો એમ હું ઇચ્છું છું.

૩. ગાંધીજીના તા. ૧૮મીના તારના જવાબમાં ઝીણાએ જણાવ્યું :— ૨૮મીએ મુંબઈ મારા ઘેર મળવા આવજો.

૪. ઉર્દૂ કવિ મહંમદ ઈકબાલનું લાહોરમાં અવસાન.

૫. દરમિયાન તા. ૨૩મીએ, વર્ધામાં, હિંદુસ્તાની તાલીમી સંઘની સ્થાપના થઈ.

૬. ત્યાંની સરકારે, રાષ્ટ્રધ્વજ ફરકાવવા સામે, અને સભાઓ ભરવા અને ભાષણો કરવા સામે ફરમાવેલા પ્રતિબંધનો ભંગ વિદુરસ્વાથમ (કોલર જિલ્લો)ના લોકોએ તા. ૨૬મી કર્યો; રાજ્યે ગોળીબાર કર્યો, અને પકડાપકડી કરી.

૧૯૩૮–મે

૧ નૌશેરા : ખાન અબ્દુલ ગફાર ખાન વગેરે તરફથી ભવ્ય સ્વાગત. ⇕ પેશાવર : પચીસ માઈલની મુસાફરી મોટરમાં કરીને આવ્યા, ઉતારો ડૉ. ખાન સાહેબને ત્યાં.

૨ થી ૩ પેશાવર.

૪ પેશાવર : પ્રાંતના ગવર્નરની મુલાકાત લીધી. ● ખૈબર યુનિયન તરફથી સ્વાગત, સ્થળ ઇસ્લામિયા કૉલેજ.

૫ પેશાવર : ખૈબર ઘાટની મુલાકાત. ⇕ તોરખાન. ⇕ પેશાવર : સ્વાગત અને માનપત્ર, એડવર્ડ મિશન કૉલેજ તરફથી.

૬ પેશાવર. ⇕ કુલાશાબેગ. ⇕ સાઉદઝાઈ. ⇕ શબકદર. ⇕ ટાંગી ⇕ ચારસડા : સભા ⇕ ઉતમાનઝાઈ.[૧]

૭ ઉતમાનઝાઈ : આઝાદ સ્કૂલનું માનપત્ર. ⇕ મારદાન : જાહેર સભા.

૮ પેશાવર : રાજકીય પરિષદમાં હાજર. ● જાહેર સભા, માનપત્રો.

૯ થી ૧૦ રસ્તામાં.

૧૧ મુંબઈ[૨] : ઉતારો જુહુમાં બિરલાના 'વિશ્રામ વાટિકા' માં.

૧૨ થી ૧૬ મુંબઈ : આ દિવસોમાં, રાષ્ટ્રપતિ સુભાષચંદ્ર બોઝ અને ઝીણા વચ્ચે કોમી મતભેદ નિવારવા અંગે ચર્ચાઓ ચાલી; એનો ખ્યાલ સુભાષ બાબુ ગાંધીજીને આપતા અને ગાંધીજી સાથે નેતાઓ ચર્ચા કરતા. ચર્ચા દરમિયાન ઝીણાએ, મુસલમાનોની માગણીઓની યાદી રજૂ કરી; એમાં બીજી બાબતો સાથે એક વાત એ હતી કે મુસ્લિમો વતી એકલી લીગ જ બોલી શકે એ વસ્તુ કૉંગ્રેસે સ્વીકારવી જોઈએ. બોઝે કૉંગ્રેસ તરફથી વળતી દરખાસ્તો મૂકી.

૧૭ મુંબઈ : નેતાઓ સાથે ચર્ચા. ઝીણાએ, સાથીઓ સાથે ચર્ચા કરવા સમય માગ્યો. વાટાઘાટો મુલતવી. ● રાત્રે પૃથ્વીસિંહ[૩] મળવા આવ્યા.

---

૧. ખાન અબ્દુલ ગફાર ખાનનું વતન.

૨. આધાર નં. ૨૩૨ના પાના ૩૧૫ ઉપર તા. ૮ છે. પણ એ ભૂલ છે.

૩. આ ગૃહસ્થ બર્માના વતની હતા, પહેલા લાહોર કાવતરા કેસમાં, સન ૧૯૧૫માં એમને જીવનભરની સજા થઈ હતી, ૧૯૨૨માં એ નાસી છૂટયા; પછી ૧૬ વર્ષ જુદી જુદી શાળાઓમાં 'સ્વામીરાવ'ના નામે વ્યાયામ શિક્ષક તરીકે કામ કર્યું. (ઘણે ભાગે આ વખતે એમણે પોતાનું નામ 'સ્વામીરાવ' રાખ્યું હતું.) પોતે હિંસાત્મક લડાઈમાં માનનાર હતા પણ ખૂના નહોતા. સમય જતાં અહિંસા તરફ ઢળ્યા અને આખરે સ્વેચ્છાએ ગાંધીજીને તાબે થયા. ગાં. દિ. ૫૪

૧૯૩૮-મે-જૂન

૧૮ મુંબઈ : ચર્ચાઓ ચાલુ; રાત્રે પૃથ્વીસિંહ ફરીથી આવ્યા.[1] એમની સાથે ખૂબ વાતો અને ચર્ચા, પૃથ્વીસિંહ ગાંધીજીને ચરણે.

૧૯ મુંબઈ : સરકારને પત્ર :– પૃથ્વીસિંહની મુક્તિ માટે હું હિંદી સરકારને લખવાનો છું; દરમિયાન મારા કબજા હેઠળ એમને રાખી શકતા હોય તો રહેવા દો અને નહિ તો એમનો કબજો તમે લો.[2]

● જવાહરલાલ સાથે ચર્ચા.

૨૦ મુંબઈ : ઝીણાની માગણીથી એમના નિવાસ સ્થાને ચર્ચા માટે ગયા.

૨૧ થી ૨૬ સેગાંવ.

૨૭ થી ૩૧ સેગાંવ.

જૂન

૧ થી ૧૧[3] સેગાંવ.

૧૨ સેગાંવ : મધ્ય પ્રાંતના વડા પ્રધાન ડૉ. ખરે મળવા આવ્યા.

૧૩ થી ૧૭ સેગાંવ.

૧૮ સેગાંવ : ભૂલાભાઈ મળવા આવ્યા.

૧૯ થી ૨૦ સેગાંવ.

૨૧ સેગાંવ : કેળવણીની વર્ધા યોજના મુજબ તાલીમ લેનારા સાથે ચર્ચા.

૨૨ થી ૨૩ સેગાંવ : બંગાળાના રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે અને હિંદુ મુસ્લિમ ઐકય અંગે નેતાઓ સાથે ચર્ચા.

૨૪ થી ૨૭ સેગાંવ.

૨૮ થી ૨૯ સેગાંવ : ડૉ. ખરે મળવા આવ્યા.

૩૦ સેગાંવ.

---

૧. તા. ૨૦-૫-૩૮ના રોજ ગાંધીજીએ બહાર પાડેલા નિવેદનમાં છે—૧૮મીની સવારે આવ્યા.

૨. મુંબઈ સરકારે તા. ૧૯મીએ પૃથ્વીસિંહને પોતાના કબજામાં લીધા અને પછી રાવળપિંડી જેલમાં મોકલી દીધા. તા. ૨૦મીના ગાંધીજીના નિવેદનમાં 'આજે' ધરપકડ થઈ એમ જણાવ્યું છે.

૩. દરમિયાન તા. ૨જીએ જવાહરલાલ યુરોપ જવા નીકળ્યા.

૧૯૩૮—જુલાઈ—ઑગસ્ટ

૧ થી ૨૪[1] સેગાંવ.

૨૫[2] સેગાંવ : સર્વ મુસલમાનોની એક માત્ર પ્રતિનિધિ સંસ્થા તરીકે મુસ્લિમ લીગને સ્વીકારી શકાય નહિ એ મતલબનો પત્ર ઝીણાને લખ્યો. ● ડૉ. ખરે મળવા આવ્યા.

૨૬ થી ૩૧[3] સેગાંવ.

ઑગસ્ટ

૧ થી ૫ સેગાંવ.

૬ સેગાંવ : ડૉ. ખરેના વર્તનને વખોડતું નિવેદન કર્યું.

૭ થી ૧૭[4] સેગાંવ.

૧૮ સેગાંવ : કેટલાક વખતથી તબિયત નરમ રહેતી હોવાથી અચોક્કસ મુદત સુધી અખંડ મૌન શરૂ કર્યું અને જરૂર પડે તો જ અપવાદરૂપે બોલવાનું રાખ્યું.

---

૧. દરમિયાન તા. ૨૦મીએ ડૉ. ખરેએ વડા પ્રધાનપદનું અને બીજા બેએ પ્રધાનપદનાં રાજીનામાં આપ્યાં; બાકીના પ્રધાનોએ કૉંગ્રેસના આદેશ વિના રાજીનામાં આપવા ના પાડી એટલે એમને રુખસદ આપવામાં આવી. બીજે દિવસે ડૉ. ખરેએ નવું પ્રધાનમંડળ રચ્યું. કૉંગ્રેસના નેતાઓમાં આ પગલાંએ ખળભળાટ મચાવ્યો; અને ડૉ. ખરેનો ખુલાસો માગ્યો. નવું પ્રધાનમંડળ રચવામાં મેં ભૂલ અને ઉતાવળ કરી છે એમ જણાવી તા. ૨૩મીએ એમણે ફરીથી રાજીનામું આપ્યું.

૨. ગાંધી સેવા સંઘની સમિતિની બેઠક વર્ધામાં મળી. એમાં ગાંધીજી હાજર હતા કે નહિ એ માહિતી મળી નથી.

૩. દરમિયાન—

(૧) તા. ૨૬મીએ, વર્કિંગ કમિટીએ, પ્રધાનમંડળ રચવા અંગેના ડૉ. ખરેના વર્તનને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું.

(૨) તા. ૨૯મીએ, મધ્ય પ્રાંતમાં, પંડિત રવિશંકર શુક્લે નવું પ્રધાનમંડળ રચ્યું.

૪. દરમિયાન તા. ૧૦મીના અરસામાં મહાદેવભાઈ સખત માંદા પડી ગયા; છતાં એમણે કામ ખેંચ્યે રાખ્યું.

૧૯૩૮ ઑગસ્ટ-સપ્ટેમ્બર

૧૯ સેગાંવ : ટ્રાન્સવાલ નૅશનલ કૉંગ્રેસના પ્રમુખ મળવા આવ્યા.

૨૦ સેગાંવ.

૨૧ સેગાંવ : ડૉ. ખરે અંગે વર્કીંગ કમિટીએ કરેલા ઠરાવ સામે વિરોધ દર્શાવવા દોઢસો યુવાનો ગાંધીજી સમક્ષ આવ્યા; મૌન હોવાથી ગાંધીજીએ લખી આપ્યું 'જે થયું છે તે જ બરાબર છે.'

૨૨ થી ૨૫ સેગાંવ.

૨૬ સેગાંવ : મધ્ય પ્રાંતના નવા પ્રધાન મંડળમાં એક હરિજનને પ્રધાન તરીકે લેવો જોઈએ એવી માગણી કરતા ખાંડેકરની આગેવાની નીચે, કેટલાક હરિજન 'સત્યાગ્રહીઓ' આવ્યા અને વારાફરતી ઉપવાસ કરવાની શરૂઆત કરી. ગાંધીજીએ સમજાવ્યું પણ કોઈ સમજ્યા નહિ.

૨૭ થી ૩૧ સેગાંવ.

સપ્ટેમ્બર

૧ થી ૧૩[1] સેગાંવ.

૧૪ સેગાંવ : માંદા છતાં કામ ખેંચ્યે રાખતા મહાદેવભાઈને લખ્યું :— 'કામ કરવાનો તમને રોગ થયો છે..તમે અપંગ થાવ, એટલે હું તો પાંખ વગરનું પંખી થઈ જાઉં—'

૧૫ થી ૧૯[2] સેગાંવ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૭મીએ મધ્ય પ્રાંતની સરકારે હુકમ બહાર પાડયો કે જ્યાં ગાંધીજીનું નામ લખવાનું હોય ત્યાં 'મહાત્મા ગાંધી લખવું'.

(૨) તા. ૧૨મીના અરસામાં, બંને હાથને આરામ આપવા અને બોલવાની પણ તસ્દી ન લેવી પડે એ હેતુથી પાટિયા ઉપર લખેલી બારાખડી બતાવી, કાગળો લખાવવાનો પ્રયોગ શરૂ કર્યો.

૨. દરમિયાન—

(૧) તા. ૧૯મીએ આસામમાં કૉંગ્રેસે મિશ્ર પ્રધાનમંડળ રચ્યું.

(૨) તા. ૧૯મીએ હરિજન પ્રધાન માટેનો 'સત્યાગ્રહ' બંધ થયો.

૨૦ દિલ્હી : તઘલખાબાદ સ્ટેશને ઊતર્યા. ● માંદા બેગમ અનસારીને જોવા ગયા. ● ઉતારો હરિજન કૉલોનીમાં.

૨૧ થી ૨૨ દિલ્હી : નેતાઓ સાથે અહિંસક સૈન્યની રચના વિશે ચર્ચા—લેખિત.

૨૩ દિલ્હી : મૌન તોડીને, રચના વિશે ખ્યાલ આપ્યો.

૨૪ દિલ્હી : વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૫[1] દિલ્હી : બ્રિજકૃષ્ણ ચાંદીવાલાનાં માતુશ્રી જાનકીદેવીની યાદમાં હરિજન વસાહતમાં, બાંધવાના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું; મૌન હોવાથી લખેલું પ્રવચન વાંચવામાં આવ્યું. ● બેઠક ચાલુ; કૉંગ્રેસમાં પેઠેલા સડાને દૂર કરવાનાં પગલાં સમજાવ્યાં.

૨૬ થી ૩૦ : દિલ્હી.

ઑક્ટોબર

૧ થી ૩[2] દિલ્હી.

૪ દિલ્હી : બંગાળાના રાજદ્વારી કેદીઓના છુટકારા અંગે નિવેદન—આ હિંસાવાદીઓએ અહિંસાનો સ્વીકાર કર્યો છે છતાં સરકાર એમને છોડતી નથી; હું તો વચનથી બંધાઇ ચૂક્યો છું; એમને છોડાવવા માટે બનતા બધા પ્રયત્નો કરીશ.'

---

(૩) આ અરસામાં હિંદી સાહિત્ય સંમેલનના સિમલામાં ભરાયેલા અધિવેશનમાં ગાંધીજીને 'સાહિત્ય વાચસ્પતિ'ની પદવી આપવાનો ઠરાવ થયો.

૧. આ અરસામાં ગપ ઉડી કે ગાંધીજી કાયાકલ્પનો પ્રયોગ કરવાના છે.

૨. દરમિયાન—

(૧) તા. ૧લીએ લંડનમાંની Friends of India સોસાયટીએ શાંતિ માટેનું નોબેલ ઇનામ ગાંધીજીને આપવા નૉર્વે સરકારને ભલામણ કરી.

(૨) તા. ૨જીએ, વર્કિંગ કમિટીએ ડૉ. ખરેને કૉંગ્રેસ પક્ષમાંથી બરતરફ કર્યા.

૧૯૩૮—ઑક્ટોબર

૫[1] પેશાવર : ઉતારો ખાન સાહેબને ત્યાં.

૬ થી ૮[2] પેશાવર.

૯ થી ૧૩[3] ઉતમાનઝાઇ.

૧૪[4] ઉતમાનઝાઇ. ⇕ કાઇમાટેંગ : ખુદાઇ ખિદમતગારો માટેની ઉદ્યોગ-શાળાની મુલાકાત. ⇕ ઉતમાનઝાઈ.

૧૫ ઉતમાનઝાઇ. ⇕ મારદાન. ⇕ પેશાવર.

૧૬ પેશાવર. ⇕ નૌશેરા : લાલ ખમીસ નેતાઓનું માનપત્ર; વાર્તાલાપ. ⇕ મારદાન.

૧૭[5] મારદાન. ⇕ સવાલી.

૧૮ ઉતમાનઝાઈ.

૧૯ ઉતમાનઝાઈ : દાદાભાઈના જીવનચરિત્ર (બે પુસ્તક, મસાણી) નો આમુખ લખ્યો.

૨૦ ઉતમાનઝાઈ.

૨૧ પેશાવર. ⇕ કોહાટ : ઉતારો પીર શાહાનશાહને ત્યાં.

---

૧. એમ લાગે છે કે, ગાંધીજીએ, હરિજન પત્રોમાં આવતા એમનાં લખાણોમાં સ્થળ અને તારીખ લખવાની આજથી શરૂઆત કરી.

૨. દરમિયાન તા. ૭મીના અરસામાં, મહાદેવભાઈ, તબિયતના કારણે, સિમલા, રાજકુમારી અમૃતકુંવરને ત્યાં રહેવા ગયા.

૩. આધાર નં. ૩માંનો પત્ર નં. ૧૯૦ તા. ૧૩મીએ પેશાવરથી લખવામાં આવ્યો હતો એમ છપાયું છે; પણ આ બંધબેસતું નથી.

૪. (૧) જપ્ત થયેલી જમીનો ખરીદનાર પાસેથી ખરીદીને તેના મૂળ માલિકને પાછી આપવાનો કાયદો મુંબઈની નીચલી ધારાસભામાં પસાર થયો. તા. ૧૮મીએ ઉપલી ધારાસભામાં પસાર થયો. (જુઓ તા. ૨૩–૯–૩૭).

(૨) ગાંધીજીની સંમતિથી એક કાગળ લખી, મીરાંબહેને, હીટલરે સર કરેલા ઝેકોસ્લોવેકિયા દેશના નેતા બેનીસને, સેગાંવ આવવા નિમંત્રણ આપ્યું.

૫. આધાર નં. ૩૬ના પા. ૨૬૧ નીચેની પાદટીપમાં જણાવ્યું છે કે આજે મદ્રાસથી એક નિવેદન બહાર પાડ્યું. પરંતુ આ મુદ્રણદોષ લાગે છે.

૧૯૩૮—ઑક્ટોબર-નવેમ્બર

૨૨ કોહાટ : મુલાકાતો. ● જાહેર સભા.

૨૩ કોહાટ.

૨૪ બન્નુ.

૨૫ બન્નુ : જાહેર સભા; પ્રમુખ ખાન મકસુદ જનખાન.

૨૬ બન્નુ. ⇕ લક્કી : પઠાણી નૃત્ય જોયું. ● જાહેરસભા.

૨૭ લક્કી. ⇕ દેરાઇસ્માઇલખાન : ઉતારો રાયબહાદુર જશરાયને ત્યાં.

૨૮ દેરાઇસ્માઇલખાન.

૨૯ દેરાઇસ્માઇલખાન : જાહેર સભા; સ્થળ વૈશાખી મેદાન.

૩૦ દેરાઇસ્માઇલખાન : નાયબ હિંદી વજીર લેફ. કર્નલ એ. જે. મૂરહેડ મળવા આવ્યા. ● હિંદુઓનું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું. ⇕ કુલાચી. ⇕ દેરાઇસ્માઇલખાન : રાયબહાદુર જશરાયને ત્યાં પૂરતી શાંતિ નહોતી એટલે સર અહમદ નવાઝખાનને ત્યાં ઉતારો ફેરવ્યો. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર.

૩૧ દેરાઇસ્માઇલખાન. ⇕ ટાંક. ⇕ દેરાઇસ્માઇલખાન.

નવેમ્બર

૧ દેરાઇસ્માઇલખાન. ⇕ પનીઆલા. ⇕ મીરાખેલ.

૨ મીરાખેલ. ⇕ અહમદી બંદા. ⇕ પેશાવર.

૩ પેશાવર : ખાદી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.

૪[1] પેશાવર.

૫ પેશાવર : વકીલ મંડળ તરફથી માનપત્ર.

---

૧. આધાર નં. ૬૩ના સને ૧૯૩૮ના ભાગ ૨ના પાના ૨૩ ઉપર જણાવ્યું છે કે આજે ગાંધીજીએ મુંબઈમાં ભાષણ કર્યું. પણ આ બંધબેસતું નથી.

૧૯૩૮ નવેમ્બર

૬ પેશાવર : પ્રધાનમંડળની મુલાકાત. ⇕ બિભુતી. ⇕ પંજાસાહેબ : સાફાની ભેટ મળી. ⇕ હરિપુર : સરઘસ અને સભા. ● ઉતારે ખૂબ ધમાલ.

૭ હરિપુર. ⇕ એબોટાબાદ : ઉતારો રાયબહાદુર પરમાનંદને ત્યાં.

૮ એબોટાબાદ. ⇕ મનશેરા : સભા અને માનપત્રો. ⇕ એબોટાબાદ.

૯ એબોટાબાદ. ⇕ તક્ષીલા.[1]

૧૦ દિલ્હી : ગાઝીઆબાદ સ્ટેશને ઊતર્યા. ● માંદા બેગમ અનસારીને જોવા ગયા. ● ઉતારો હરિજન કૉલોનીમાં.

૧૧[2] થી ૧૩ સેગાંવ.

૧૪ સેગાંવ : રાજકોટમાં ચાલતી લડત અંગે ચર્ચા કરવા સરદાર આવ્યા.[3]

૧૫ સેગાંવ : ત્રાવણકોરના પ્રતિનિધિઓ સાથે ચર્ચા.

૧૬ સેગાંવ : ચર્ચા ચાલુ. ● સિંધના વડાપ્રધાન ખાન બહાદુર અલ્લાબક્ષ મંત્રણા કરવા આવ્યા.

૧૭ થી ૨૧[4] સેગાંવ.

---

૧. આધાર નં. ૭૨ના પાના પર ઉપર, સરહદની મુસાફરીનો સમય એપ્રિલ માસ જણાવ્યો છે. પણ એ બંધબેસતું નથી.

૨. અત્યાર અગાઉ ઍગથા હેરિસન સેગાંવ આવી ગયાં હતાં.

૩. કેટલાક વખતથી રાજકોટમાં પ્રજાતંત્રની માગણી થતી હતી. રાજને એ ખૂંચતું હતું. તા. ૧૫–૮–૩૮ના રોજ એક શાંત સભા ઉપર લાઠીઓ ચલાવી રાજ્યે લડત આદરી. તા. ૫-૯-૩૮ના રોજ રાજકોટ પ્રજા પરિષદ ભરાઈ. સરદાર વલ્લભભાઇએ એમાં હાજર રહી જવાબદાર રાજતંત્ર માગવા ઘોષણા કરી. રાજને આ કઠયું અને એણે દમનનીતિ આદરી. આને અંગે રાજના આગેવાનો સરદારની સલાહ લેતા, અને સરદાર, ગાંધીજી પાસેથી દોરવણી મેળવતા. આ વખતે રાજકોટ રાજ્યની ગાદીએ લાખાજીરાજના પુત્ર ધર્મેન્દ્રસિંહ હતા. (જુઓ તા. ૧૫–૨–૨૫).

૪. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ જવાહરલાલ, પરદેશથી, હિંદ આવ્યા.

(૨) તા. ૧૯મીના અરસામાં રાજકોટના મામલા અંગે ચર્ચા કરવા ભાવનગરના દીવાન અનંતરાય પટ્ટણી આવ્યા.

(૩) તા. ૨૧મીના અરસામાં મહાદેવભાઈ સિમલાથી આવી ગયા.

૧૯૩૮—નવેમ્બર-ડિસેમ્બર

૨૨ સેગાંવ : જવાહરલાલ મળવા આવ્યા.

૨૩ સેગાંવ : રાતના ૭થી બીજા દિવસના બપોરના ૨ સુધી મૌન શરૂ કર્યું.

૨૪ થી ૨૬ સેગાંવ.

૨૭[1] સેગાંવ : ઔંધના નેતાઓ સાથે ચર્ચા.

૨૮ સેગાંવ.

૨૯ સેગાંવ : ઔંધના રાજકુમાર સાથે બંધારણ અંગે ચર્ચા.

૩૦ સેગાંવ : એ રાજનું બંધારણ ઘડવા માંડ્યું.

ડિસેમ્બર

૧ સેગાંવ : એ રાજના રાજકુમાર સાથે ચર્ચા.

૨ સેગાંવ.

૩ સેગાંવ : રાજનંદગાંવ મિલની હડતાળ તથા સ્ટેટ કૉંગ્રેસની નીતિ અંગે ચર્ચા કરવા રૂઈકર આવ્યા.

૪ થી ૬ સેગાંવ.

૭ થી ૮ સેગાંવ : પોતાની પ્રજાને જવાબદાર તંત્ર સોંપવા અંગે ઔંધ નરેશે ચર્ચા કરી.

૯[2] સેગાંવ.

૧૦ સેગાંવ : જવાહરલાલ તથા સુભાષ ચંદ્ર બોઝ સાથે ચર્ચા.

૧૧ સેગાંવ.

૧૨ સેગાંવ : નેતાઓ સાથે ચર્ચા.

૧૩ સેગાંવ : દેશી રાજ્યો પ્રત્યેની, કૉંગ્રેસની નીતિ વિશે ઠરાવ ઘડી આપ્યો.

૧૪ સેગાંવ.

---

૧. મૌલાના શૌકતઅલીનું દિલ્હીમાં અવસાન થયું.

૨. (૧) જવાહરલાલ અને મૌલાના આઝાદ આવ્યા.
(૨) ગાંધી સેવા સંઘની સમિતિની બેઠક મળી. ગાંધીજી એમાં હાજર હશે.

૧૯૩૮—ડિસેમ્બર

૧૫[1] સેગાંવ : શરદ્ ચંદ્ર બોઝ સાથે ચર્ચા. ● કોંગ્રેસની આંતરિક શુદ્ધિના ઉપાયો યોજવા, વર્કીંગ કમિટીએ ગાંધીજી સાથે ચર્ચા કરી.

૧૬ થી ૧૭ સેગાંવ.

૧૮ સેગાંવ : બંગાળમાં સંયુક્ત કોંગ્રેસી પ્રધાન મંડળ રચવાની શકયતા અંગે ઘનસ્યામદાસ બિરલા અને નલિની રંજન સરકારે ગાંધીજી સાથે ચર્ચા કરી.

૧૯ સેગાંવ.

૨૦ સેગાંવ : સ્કાઉટ સંમેલનમાં હાજર.

૨૧ થી ૨૨[2] સેગાંવ.

૨૩ સેગાંવ : મદ્રાસ ઇલાકામાં હિંદીનું શિક્ષણ ફરજિયાત નહિ કરવાની ભલામણ કરવા સર્વપલ્લી રાધાકૃષ્ણન્ આવ્યા.

૨૪ થી ૨૬[3] સેગાંવ.

૨૭ સેગાંવ : મુલાકાતે આવ્યા—અખિલ હિંદ કિસાન સભાના મંત્રી પ્રોફેસર રંગા, રૂઈકર અને સુભાષ ચંદ્ર બોઝ.

---

૧. આ દિવસોમાં વર્કીંગ કમિટી વર્ધામાં મળતી હતી. એણે ઠરાવ્યું કે હિંદુ મહાસભા તેમજ મુસ્લિમ લીગ બંને સંસ્થાઓ કોમવાદી છે.

૨. દરમિયાન તા. ૨૧મીએ બેગમ અનસારીનું દિલ્હીમાં અવસાન થયું.

૩. દરમિયાન તા. ૨૬મીએ, જવાબદાર રાજ્યતંત્ર મેળવવા માટે રાજકોટમાં ચાલતા સત્યાગ્રહ અંગે (જુઓ તા. ૧૪-૧૧-૩૮) સમાધાન થયું. એની મુખ્ય શરતો—(૧) બધાં દમન ફરમાન પાછાં ખેંચાય, (૨) બધા રાજદ્વારી કેદીઓને છોડવામાં આવે, (૩) લડત પાછી ખેંચાય, (૪) તંત્ર માટે દસ જણની લોકસભા (કમિટી) નિમાય અને આમાં સાત જણ, સરદાર વલ્લભભાઇ સૂચવે તે જ નિમાય.

૧૯૩૮-ડિસેમ્બર; ૧૯૩૯-જાન્યુઆરી

૨૮ થી ૨૯[૧] સેગાંવ.

૩૦ સેગાંવ. ⇕ વર્ધા : ખાદી તથા ગ્રામોદ્યોગ સંગ્રહાલય તથા ઉદ્યોગ-ભવનનું ઉદ્‌ઘાટન; સ્થળ મગનવાડી. ● નાગપુરમાં ભરાયેલી આર્થિક પરિષદના સભ્યો સાથે ચર્ચા.

૩૧ સેગાંવ : જુદાં જુદાં રાષ્ટ્રોના પ્રતિનિધિ મંડળોના સંમેલનમાં ચર્ચા.

૧૯૩૯—જાન્યુઆરી

૧ સેગાંવ : સંમેલન ચાલુ.

૨ બારડોલી : ઉતારો સ્વરાજ આશ્રમમાં.

૩ બારડોલી : રાજકોટ રાજ્યના નેતાઓ સાથે ચર્ચા.

૪ બારડોલી : જયપુર રાજ્યના મામલા અંગે જમનાલાલ બજાજ સાથે ચર્ચા.

૫ થી ૭ બારડોલી.

૮ બારડોલી : ભાવનગર રાજ્યના નેતાઓ સાથે ચર્ચા.

૯ બારડોલી.

૧૦ બારડોલી : સુભાષચંદ્ર બોઝ સાથે ચર્ચા.

૧૧ થી ૧૩ બારડોલી : કૉંગ્રેસની વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૧૪ બારડોલી : કૉંગ્રેસની વર્કીંગ કમિટીમાં હાજર ● જાપાનના ડૉ. કાગાવા સાથે ચર્ચા.

૧૫ બારડોલી : ● આગાખાન સાથે લઘુમતી કોમના અને કોમી ઐક્યના પ્રશ્નો વિશે ચર્ચા; પૂર્વ આફ્રિકાનાં સંસ્થાનો જો જર્મનીને પાછાં સોંપાય તો ત્યાંના હિંદીઓને સંગઠિત કરવા સરદારને ત્યાં મોકલવા, આગાખાને માગણી કરી.

૧૬ બારડોલી.

૧૭ બારડોલી : મુંબઈના વડા પ્રધાન ખેર મળવા આવ્યા.

૧૮ બારડોલી : ધીરજલાલ અને પ્રભાવતીનાં લગ્ન વખતે હાજર, આશીર્વાદ.

૧૯ બારડોલી : કૉંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખપદ માટેની ઉમેદ-વારીમાંથી ડૉ. પટ્ટાભિ સીતારામૈયાની તરફેણમાં ખસી જવા, સુભાષ ચંદ્ર બોઝને તાર કર્યો.

---

૧. દરમિયાન તા. ૨૯મીએ, જમનાલાલ બજાજ ઉપર, જયપુર રાજ્યમાં પ્રવેશ કરવા સામે મનાઈહુકમ એ રાજ્ય તરફથી બજાવવામાં આવ્યો.

૧૯૩૯-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૨૦ થી ૨૪[1] બારડોલી.

૨૫ બારડોલી : નિવેદન કર્યું-દેશી રાજ્યોમાં ચાલતા દમન સામેની લડતમાં હિંદી સરકાર દખલ કરશે તો કોંગ્રેસ સીધી લડતમાં ઊતરશે.

૨૬[2] બારડોલી : દુબળા મુક્તિદિનના ઉત્સવમાં આશીર્વાદ આપ્યા.

૨૭ બારડોલી.

૨૮ બારડોલી : ગુજરાતની કોંગ્રેસવાદી સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓને ઉદ્બોધન.

૨૯[3] બારડોલી : જમીનો પાછી મળી એના વિજયોત્સવમાં પ્રવચન.

૩૦ થી ૩૧ બારડોલી.

ફેબ્રુઆરી

૧[4] બારડોલી.

૨ સેવાંગ.

૩[5] સેવાંવ. ⇕ વર્ધા : હિંદુસ્તાની તાલીમી સંઘ તરફથી ચાલતા અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ.

---

૧. દરમિયાન તા. ૨૧મીએ,

(૧) બળવંતરાય પરમોદરાય ઠાકોરનું અમદાવાદમાં અવસાન થયું.

(૨) ઔંધમાં બંધારણીય રાજવ્યવસ્થા સ્થપાઈ.

૨. રાજકોટમાં લડત ફરીથી ઉપડી. તા. ૨૬-૧૨-૩૮ના રોજ થયેલા સમાધાન અનુસાર સરદાર વલ્લભભાઇએ મોકલેલાં સાત નામોમાંથી ચાર નામ કમી કરી, બીજા ચાર ઉમેરી ઠાકોરસાહેબે સુધારા સમિતિ નીમી. એટલે આજથી લડત ફરી ઉપડી.

૩. કોંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખપદ માટે સુભાષ ચંદ્ર બોઝની બહુમતીથી બીજી વખત વરણી થઈ.

૪. મોતીભાઈ અમીનનું અમદાવાદમાં અવસાન થયું.

૫. રાજકોટમાં કસ્તૂરબાની ધરપકડ થઇ; એમને ત્રંબા ગામમાં એક બંગલામાં નજરકેદ રાખ્યાં.

૧૯૩૯—ફેબ્રુઆરી

૪ વર્ધા : વાર્તાલાપ ચાલુ.

૫[1] સેગાંવ

૬[2] સેગાંવ : પોતાનાં પૂતળાં–બાવલાં સામે અણગમો દર્શાવતી નોંધ 'હરિજન બંધુ'માં લખી.

૭ સેગાંવ : વિજ્યા અને શારદાના લગ્નમાં હાજર.[3]

૮ થી ૧૦ સેગાંવ.

૧૧ સેગાંવ : પગે સોજા; ડૉ. ગિલ્ડરે તપાસ્યા.

૧૨ થી ૧૩ સેગાંવ.

૧૪ થી ૧૫ સેગાંવ : સુભાષચંદ્ર બોઝ સાથે ચર્ચા.

૧૬ થી ૧૮ સેગાંવ.

૧૯ સેગાંવ : હિંદી સરકારના કેળવણી અધિકારી મિ. સાર્જન્ટ સાથે પાયાની કેળવણીની યોજના વિશે ચર્ચા.

૨૦ થી ૨૧ સેગાંવ : સુભાષ ચંદ્ર બોઝ ફરીથી કોંગ્રેસના પ્રમુખપદે ચૂંટાયા તેથી ઊભી થયેલી પરિસ્થિતિ વિશે જવાહરલાલ વગેરે સાથે ચર્ચા.

૨૨ સેગાંવ : સુભાષ બાબુની વિચારસરણી સાથે સંમત ન હોય તેમણે, એમનો માર્ગ સરળ કરવા ખાતર વર્કિંગ કમિટીમાંથી ખસી જવા સલાહ આપી, તદનુસાર ૧૫માંથી ૧૩ સભ્યોએ રાજીનામાં આપ્યાં.

૨૩ સેગાંવ.

૨૪ સેગાંવ : ચર્ચા—રાજકોટના મામલા અંગે અને દક્ષિણ હૈદરાબાદમાં આર્યસમાજીઓ તરફથી ચાલતા સત્યાગ્રહ[4] અંગે.

---

૧. જમનાલાલ બજાજની ધરપકડ.

૨. વડોદરાના સયાજીરાવ ગાયકવાડનું મુંબઇમાં અવસાન.

૩. વિજયાનું લગ્ન મનુભાઈ પંચોળી સાથે અને શારદાનું લગ્ન ગોરધનદાસ ચોખાવાળા સાથે થયાં હતાં.

૪. દક્ષિણ હૈદરાબાદ રાજ્ય કોંગ્રેસની શાંતિમય અને બંધારણીય ચળવળને રાજ્યે ગેરકાયદે કરી એટલે સત્યાગ્રહ શરૂ થયો હતો. એ જ અરસામાં રાજ્યે હિંદુઓની કેટલીક ધાર્મિક વિધિઓ અને ક્રિયાઓ ઉપર પ્રતિબંધ મૂકયો એટલે આર્યસમાજીઓએ એક પ્રકારનો સત્યાગ્રહ શરૂ કર્યો. બંને ચળવળોને એકબીજા સાથે કોઇ સંબંધ નહોતો છતાં રાજ્યે, આનું ઓઠું

૧૯૩૯–ફેબ્રુઆરી–માર્ચ

૨૫ સેગાંવ.

૨૬[1] મુંબઈ.

૨૭ રાજકોટ : ઊતર્યા સીટી સ્ટેશને; સત્કાર. ● રાજ-પ્રતિનિધિએ રાજના મહેમાન થવા નિમંત્રણ આપ્યું પણ ગાંધીજીએ ના પાડી અને રાષ્ટ્રીય શાળામાં ઉતારો રાખ્યો. ● રાજ-અમલદારો સાથે ચર્ચા. ● જેલમાંથી લાવવામાં આવેલા ઢેબરભાઈ સાથે ચર્ચા.

૨૮ રાજકોટ : બ્રિટિશ રેસિડન્ટની મુલાકાત લીધી. ● મુસલમાનો, ગરાસિયા વગેરેના પ્રતિનિધિઓ સાથે ચર્ચા. ● સત્યાગ્રહી કેદીઓની જેલમાં મુલાકાત. ● ઠાકોર સાહેબ સાથે મંત્રણા-અસંતોષકારક. ● રાત્રે સૂઈ ગયા, જસાણીના 'આનંદકુંજ' બંગલે.

માર્ચ

૧ રાજકોટ : ગામડાંઓની મુલાકાત. ● રાજકર્તાઓ સાથે ચર્ચા. ● લાવવામાં આવેલા સત્યાગ્રહી કેદીઓને મળ્યા.

૨ રાજકોટ : 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિને મુલાકાત આપી. ● રાજા-પ્રજાના કરારના યોગ્ય પાલન માટે[2] પત્ર લખી, ઠાકોરને ચોવીસ કલાકની મહેતલ આપી. ● 'આનંદકુંજ'માંથી રાષ્ટ્રીય શાળામાં રહેવા આવ્યા.

૩ રાજકોટ : ઉપવાસ શરૂ[3]-રાજકોટ નરેશે પ્રજાને જે વચન આપ્યું

લઇને રાજકીય સુધારાની વાત વેગળે મૂકી. બધો વિચાર કરી રાજ્ય કોંગ્રેસને, સત્યાગ્રહ બંધ કરવા સલાહ આપવામાં આવી એટલે એમણે એ બંધ કરી, પણ આર્યસમાજીઓએ પોતાની લડત ચાલુ રાખી. આમ થવાથી ચળવળના મુદ્દાઓ ગૂંચવાઈ ગયા.

૧. આધાર નં. ૬માંના અનુ. નં. ૨૨૬વાળો તાર તા. ૨૬મીએ રાજકોટથી ગયો છે એમ જણાવ્યું છે. પણ એ બંધબેસતું નથી.

૨. જુઓ તા. ૨૬-૧૨-૩૮.

૩. રાજકોટ નરેશનાં માતુશ્રીએ, ગાંધીજીની સહાનુભૂતિમાં ઉપવાસ કર્યો.

હતું તે મુજબ તે વર્ત્યા નહિ તેથી. ● ગાંધીજીના વૃદ્ધ બહેન મળવા આવ્યાં. ● ઠાકોરનો જવાબ આવ્યો–બધાનાં હિત સચવાય એ જોવાનું કામ મારું છે; એ કામ બીજાને સોંપાય નહિ; એ હિતો સચવાય તે મુજબ સમિતિ રચાશે.

૪ રાજકોટ : ઉપવાસ ચાલુ. ● ભાવનગરના દીવાન અનન્તરાય પટ્ટણી મુલાકાતે આવ્યા.

૫ રાજકોટ : ઉપવાસ ચાલુ. ● ત્રંબામાં નજરકેદ રાખેલાં કસ્તૂરબાને ગાંધીજી પાસે લાવવામાં આવ્યાં; એમને મૂકીને વાહન જતું રહ્યું; એમને છોડવાનો હુકમ નહિ હોવાથી રાત્રે, એમને, ગાંધીજીએ જેલમાં મોકલી દીધાં !

૬ રાજકોટ : ઉપવાસ ચાલુ. ● વિધિપૂર્વક છોડવામાં આવેલાં કસ્તૂરબા આવ્યા.

૭ રાજકોટ : રાજા–પ્રજા વચ્ચેના કરારનો અર્થ, હિંદના વડા ન્યાયાધીશ મોરિસ–ગ્વાયર જે કરે તે માન્ય રાખવાની વાઇસરૉયની દરખાસ્ત સ્વીકારી; ઉપવાસ છૂટયા.[1]

૮ થી ૧૨[2] રાજકોટ.

૧૩ રાજકોટ : ઠાકોરસાહેબ ઔપચારિક મુલાકાતે આવ્યા.

૧૪[3] રસ્તામાં : પાલણપુર નજીકના સ્ટેશનેથી પાલણપુરના નવાબ, સાથે થયા—દસેક મિનિટ વાતો થઇ.

---

૧. ઉપવાસ દરમિયાન રોજ, દુલા કાગ આવતા અને ભજનો સંભળાવતા.

૨. દરમિયાન તા. ૧૦ થી ૧૨ કૉંગ્રેસનું અધિવેશન ત્રિપુરીમાં મળ્યું; ગાંધીજી રાજકોટ પ્રકરણે રોકાયેલ હોવાથી એમા હાજર રહી શક્યા નહિ. અધિવેશનમાં પસાર થયેલા ઠરાવોમાં બે મુખ્ય હતા–એક એ મતલબનો હતો કે જૂની વર્કીંગ કમિટીમાં અમને વિશ્વાસ છે (જુઓ તા. ૨૨–૨–૩૯) અને પ્રમુખે (સુભાષ બાબુએ) નવી વર્કીંગ કમિટી ગાંધીજીની ઇચ્છાનુસાર નીમવી; અને બીજો, સ્વરાજ માટેની માગણી સ્પષ્ટતાથી રજુ કરવાને લગતો હતો.

૩. સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના વીલ અંગે, સુભાષ ચંદ્ર બોઝે માંડેલા દાવાનો

૧૯૩૯–માર્ચ

૧૫ દિલ્હી : છાવણી સ્ટેશને ઊતર્યા. ઉતારો બિરલા ભુવનમાં. ● વાઇસરૉય સાથે મુલાકાત. ● શાહી કેદીઓની જેલમાં મુલાકાત લીધી. ● દક્ષિણ હૈદરાબાદમાં ચાલતા આર્યસમાજ સત્યાગ્રહના નેતાઓ સાથે ચર્ચા. ● એક બાઇ, પોતાના સ્વ. સસરાની ઇચ્છાનુસાર, હરિજન કામ માટે રૂપિયા દસ હજાર આપી ગઇ.

૧૬ દિલ્હી : વાઇસરૉય સાથે મુલાકાત. ● આર્યસમાજ નેતાઓ સાથે ચર્ચા ચાલુ. ● ત્રાવણકોરમાં સત્યાગ્રહની લડત ઉપાડવા અંગે ત્યાંના નેતાઓ સાથે ચર્ચા.

૧૭ દિલ્હી : હિંદી સરકારના કેળવણી ખાતાના સભ્ય સર જગદીશ પ્રસાદ અને નાણા ખાતાના સભ્ય સર જેમ્સ ગ્રીગ મુલાકાતે આવ્યા.

૧૮ દિલ્હી : ઉદ્ઘાટન વિધિ કરી–લક્ષ્મીનારાયણના મંદિરની, અને બૌદ્ધ વિહારની. ● મિસરના દેશના વફદ પક્ષના શિષ્ટમંડળ સાથે ચર્ચા. ● જવાહરલાલ સાથે મંત્રણા. ● 'ભવાની સહાય, વૈશંપાયન અને જ્વાલા પ્રસાદને હવે હિંસામાં શ્રદ્ધા નથી' એ પ્રકારની ખાતરી હિંદી સરકારને આપી–ત્રણેનો છૂટકારો થયો.[1]

૧૯ દિલ્હી : જૂની વર્કીંગ કમિટીના સભ્યો તથા જવાહરલાલ સાથે ચર્ચા. ● સર જેમ્સ ગ્રીગ ફરીથી મુલાકાતે આવ્યા. ● આગલા દિવસે છૂટેલા ત્રણે જણ મળવા આવ્યા.

૨૦[2] દિલ્હી.

૨૧ દિલ્હી : મુલાકાતે આવ્યા–જયપ્રકાશ નારાયણ અને કાપડના ઉત્પાદકો.

૨૨ થી ૨૩ દિલ્હી.

૨૪ અલાહાબાદ : મૌલાના આઝાદ સાથે ચર્ચા.

બાઇની વિરુદ્ધમાં ચુકાદો આપતા હાઇકોર્ટે જણાવ્યું કે આ દાન ધર્માદા ટ્રસ્ટ નથી; તેથી રકમ વારસોમાં વહેંચાશે. અલબત્ વારસોએ સ્વગતની ઇચ્છાનુસાર એનો ઉપયોગ કરવાનો છે.

૧. Harijan માં આની તા. ૧૭ છે.

૨. નર્મદાશંકર દેવશંકર મહેતાનું અમદાવાદમાં અવસાન થયું.

૧૯૩૯—માર્ચ-એપ્રિલ

૨૫ દિલ્હી : સમાજવાદીઓ સાથે ચર્ચા.

૨૬ દિલ્હી.

૨૭ દિલ્હી : હરિજન વસાહતમાં ઉદ્યોગગૃહનું ઉદ્‌ઘાટન. ● ઍન્ડ્રૂઝે સ્ટીફન્સ કૉલેજનો પાયો નાખ્યો તે સમારંભમાં હાજર.

૨૮ દિલ્હી : સમાજવાદીઓ સાથે ચર્ચા. ● લેડી ઇરવિન કૉલેજની કન્યાઓ સાથે વાતચીત.

૨૯ થી ૩૦ દિલ્હી : સમાજવાદીઓ સાથે ચર્ચા (ચાલુ).

૩૧ દિલ્હી.

એપ્રિલ

૧ થી ૩[1] દિલ્હી.

૪ દિલ્હી : વાઇસરૉય સાથે ચર્ચા.

૫ દિલ્હી.

૬ દિલ્હી : વાઇસરૉય સાથે ફરીથી ચર્ચા.

૭ દિલ્હી.

૮ રસ્તામાં.

૯ રાજકોટ : ઉતારો 'આનંદકુંજ'માં. ● રાજચન્દ્ર સ્મારકની ઉદ્‌ઘાટન વિધિ કરી, તથા એમની મૃત્યુ તિથિ અંગે કાનજી સ્વામીએ એ જ સ્થળે આપેલા વ્યાખ્યાનમાં હાજર.

૧૦ રાજકોટ.

૧૧ થી ૧૪ રાજકોટ : મુસ્લિમોએ, ભાયાતોએ વગેરેએ આ સુધારા સમિતિમાં પ્રતિનિધિત્વ માગ્યું, પણ પ્રજાના પ્રતિનિધિઓ સાથે જ રહેવાની બાંયધરી આપવાની એમણે ના પાડી; એટલે ચર્ચા પડી ભાંગી. મુસ્લિમોએ નોકરીમાં પણ અમુક હિસ્સો માગ્યો હતો.

૧૫ રાજકોટ : સુધારા સમિતિ માટેના સાત નામો ઠાકોરસાહેબને સરદાર વતી મોકલી આપ્યાં. ● રામકૃષ્ણ આશ્રમની સાંજની પ્રાર્થનામાં હાજર.

---

૧. દરમિયાન તા. ૩જીએ વડા ન્યાયાધીશ મોરિસ ગ્વાયરે ચુકાદો આપ્યો કે સરદાર વલ્લભભાઇ સૂચવે તેમને જ નીમવા ઠાકોરસાહેબ બંધાયેલા છે.

૧૯૩૯-એપ્રિલ

૧૬ રાજકોટ : મુસ્લિમો અને ગરાસિયાઓએ, પ્રાર્થના સમયે વિરોધી દેખાવો કર્યા.

૧૭ રાજકોટ.

૧૮ રાજકોટ[1] : ઠાકોરસાહેબનો પત્ર આવ્યો—આ સાતમાંના અમુક છ જણ રાજકોટના વતની હોય તો એની સાબિતી આપો; અને આમાં મુસ્લિમો અને ગરાસિયાના પ્રતિનિધિઓ નથી એ ખેદજનક છે.

૧૯ રાજકોટ : આંબેડકર મળવા આવ્યા અને સમિતિમાં એક હરિજનને રાખવા આગ્રહ કર્યો.

૨૦ રાજકોટ : રેસિડેન્ટ ગિબ્સનને મળ્યા અને જણાવ્યું કે એ છ જણ રાજકોટના વતની નથી એ, રાજ્યે પુરવાર કરવું જોઇએ.

૨૧ રાજકોટ.

૨૨ રાજકોટ : વીરાવાળાને[2] ઘેર બે વખત ગયા—સમિતિનાં નામોની ચર્ચા.

૨૩ રાજકોટ.

૨૪ રાજકોટ : વીરાવાળા મળવા આવ્યા. ● નિવેદન :— કાઠિયાવાડના આંટીઘૂંટીવાળા રાજકારણમાં હું હાર્યો છું. મારી જુવાની હરાઇ ગઈ છે; મારી આશાઓ ભસ્મીભૂત થઇ છે; મારી આકરી કસોટી થઇ ચૂકી છે. વીરાવાળા જીત્યા છે; ભલે જીત્યા. ● થી નીકળ્યા.[3]

૨૫ મુંબઈ.

૨૬ રસ્તામાં.

૨૭ કલકત્તા : ઉતારો સોડપુર આશ્રમમાં. ● સુભાષ બોઝ અને જવાહરલાલ સાથે ચર્ચા.

૨૮ કલકત્તા : ચર્ચાઓ ચાલુ.

૨૯ કલકત્તા : સુભાષબાબુ સાથે ચર્ચા. ● એમને પત્ર—આ કામ[4] માટે હું

---

૧. ડૉ. આંબેડકર વિમાનમાં આવ્યા, દરબારી મોટરમાં આવી દરબારી ગેસ્ટ હાઉસમાં ઊતર્યા અને રાજકર્તાઓને અને ઠાકોરસાહેબને મળ્યા.

૨. રાજકોટ રાજ્યના દીવાન.

૩. 'હરિજન બંધુ'ના તા. ૧૪-૫-૩૯ના અંકના પાના ૮૧ ઉપર આની તા. ૨૩મી જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૪. નવી વર્કીંગ કમિટી ગાંધીજીની ઇચ્છાનુસાર નીમવા માટેના ઠરાવ મુજબ નામો સૂચવવાનું કામ (જુઓ તા. ૧૨-૩-૩૯ની પાદટીપ).

મારી જાતને લાયક માનતો નથી; આપણાં દૃષ્ટિબિન્દુઓ વચ્ચે રહેલો ભેદ જોતાં હું નામો સૂચવું એ વાજબી નથી તેથી તમારી પસંદગીની જ વર્કીંગ કમિટી નિમાય એ યોગ્ય છે.[1]

૩૦[2] કલકત્તા.

મે

૧ કલકત્તા.

૨ વૃન્દાવન.

૩[3] વૃન્દાવન : ઉદ્‌ઘાટન—ગાંધી સેવા સંઘના પ્રદર્શનનું અને સંઘના અધિવેશનનું.

૪ વૃન્દાવન : અધિવેશનમાં હાજર. ● અખિલ હિંદ તાલીમી સંઘના વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન.

૫ વૃન્દાવન : અધિવેશનમાં હાજર. ● ચરખા સંઘની બેઠકમાં હાજર. ● મ્હૈસૂરના કાર્યકર્તાઓ સાથે ચર્ચા.

૬ વૃન્દાવન : અધિવેશન ચાલુ.

૭ વૃન્દાવન : અધિવેશન ચાલુ. ● જાહેર સભા.

૮ વૃન્દાવન.

૯ અલાહાબાદ. ⇕ બનારસ.

૧૦ બનારસ : માલવિયાજી સાથે હિંદુ યુનિવર્સિટીના ભાવિ વિશે ચર્ચા.

૧૧ મુંબઈ : ઉતારો બિરલા હાઉસમાં.

૧૨ રાજકોટ : ઉતારો 'આનંદ ભુવન'માં. ● ચર્ચા-વીરાવાળા સાથે અને પ્રજા પરિષદના નેતાઓ સાથે.

---

૧. આ. ઈ. કૉં. ક. ની બેઠકમાં સુભાષ બાબુએ નિવેદન કર્યું અને પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું. કૉંગ્રેસ પ્રમુખ તરીકે ચુંટાયા પછી આવી રીતે રાજીનામું આપવાનો સ્વરાજ મળ્યા પહેલાં, કદાચ આ પહેલો, પ્રસંગ હશે

૨. (૧) પ્રમુખ તરીકે રાજેન્દ્ર બાબુ ચુંટાયા.
(૨) પ્રતાપસિંહરાવ ગાયકવાડ ગાદીએ બેઠા.

૩. સુભાષબાબુએ કૉંગ્રેસના એક ભાગ તરીકે ફૉરવર્ડ બ્લૉક સ્થાપ્યો.

૧૯૩૯-મે

૧૩ રાજકોટ. • ત્રાવણકોરના પ્રશ્ન અંગે ત્યાંના નેતાઓ સાથે ચર્ચા. • શહેરીઓના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા.

૧૪ રાજકોટ : વિનાતો સાથે ચર્ચા. • ત્રાવણકોરના નેતાઓ સાથે ચર્ચા. (ચાલુ).

૧૫ થી ૧૬ રાજકોટ : જુદાજુદા પક્ષો તથા વીરાવાળા સાથે ચર્ચા.

૧૭ રાજકોટ : નિવેદન કરી, મૉરિસ ગ્વાયરના ચુકાદા મુજબ મળેલા લાભ છોડી દીધા.

૧૮ રાજકોટ[૧] : વીરાવાળા મળવા આવ્યા.

૧૯ રાજકોટ.

૨૦ રાજકોટ : ઠાકોરે દરબાર ભરી પોતે નીમેલી સુધારા સમિતિના સભ્યોનાં નામ જાહેર કર્યાં; ગાંધીજી આવ્યા; ઠાકોરે એમને હારતોરા કર્યા.[૨]

૨૧ થી ૨૨ રાજકોટ.

૨૩ રાજકોટ : જાહેર સભા; સ્થળ કરણપરા ચોક; હૈયું ઠાલવ્યું—હું હાર કબૂલું છું, ત્રીજાને વચ્ચે નાખવામાં ભૂલ કરી હતી. સૌ અંદરઅંદર જ પતાવો.

૨૪ રાજકોટ : ત્રાવણકોરના નેતાઓ સાથે ચર્ચા.

૨૫ રાજકોટ : ત્રાવણકોરના નેતાઓ સાથે ચર્ચા. • પરિષદના નેતાઓને સલાહ—દરબારે નીમેલી સમિતિને સહકાર આપજો. • ઠાકોરસાહેબ તથા 'રાજકોટની પ્રજા' તરફથી અપાયેલી પાર્ટીમાં હાજર.

૨૬[૩] રાજકોટ.

૨૭ થી ૨૮ રાજકોટ : ત્રાવણકોરના નેતાઓ સાથે ચર્ચા.

૨૯ રાજકોટ : પ્રવાસી મારવાડીઓ મુલાકાતે આવ્યા.

૩૦ રાજકોટ : લખનૌના સુન્ની મુસ્લિમોના પ્રતિનિધિઓ સલાહ માટે આવ્યા. • ખાદી કાર્યકર્તાઓ તથા કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યકરો સાથે ચર્ચા. • કાનજી સ્વામીની મુલાકાત.

૩૧ રાજકોટ : ચર્ચા ચાલુ. •જાહેર સભામાં હાજર; મુખ્ય વક્તા મહાદેવભાઈ.

---

૧. ઠાકોરે ગાંધીજીનું નિવેદન વખાણ્યું, અને ગાંધીજીએ પોતાની 'ભૂલ' કબૂલ કરી એ માટે એમને મુબારકબાદી આપી !

૨. આધાર નં. ૬૩ના સને ૧૯૩૯ના ભાગ એકના પાના ૩૨ 'અ' ઉપર આની તા. ૨૧ જણાવી છે.

૩. પૌત્ર કાંતિલાલ (હરિલાલના પુત્ર) અને સરસ્વતી થંગાચીનાં લગ્ન થયાં.

૧૯૩૯-જૂન

૧ રાજકોટ.

૨ મુંબઇ : ઉતારો બિરલા ભુવનમાં. ● દારૂના વેપારીઓના મંડળના અને દારૂ ગાળવાની ભઠ્ઠીઓવાળાના પ્રતિનિધિઓ ચર્ચા કરવા આવ્યા.

૩ થી ૪ મુંબઈ.

૫ મુંબઈ : સામાન્યપણે બધાં દેશી રાજ્યોમાંની સ્થિતિ અંગે જાહેર નિવેદન કર્યું.

૬ થી ૭ મુંબઇ.

૮ થી ૧૧ સેગાંવ.

૧૨ સેગાંવ : બિહારના કેળવણી પ્રધાન ડૉ. સૈયદ મહમૂદ, પાયાની કેળવણી અંગે ચર્ચા કરવા આવ્યા.

૧૩ સેગાંવ : મૈસૂર રાજ્ય કૉંગ્રેસના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા.

૧૪ થી ૨૦ સેગાંવ.

૨૧ મુંબઈ : ઉતારો બિરલા હાઉસમાં. ● વર્કીંગ કમિટીની બેઠકમાં, ખાસ નિમંત્રણથી હાજર.

૨૨ મુંબઈ : બેઠક ચાલુ.

૨૩[1] મુંબઈ : એક પત્રમાં લખ્યું—જવાહરલાલ માને છે કે રાજકોટમાંનાં મારાં દુષ્કૃત્યોથી, પ્રગતિનું ઘડિયાળ, મેં એક સદી પાછું મૂક્યું છે.

૨૪ થી ૩૦[2] મુંબઈ.

---

૧. ગીજુભાઈ બધેકાનું અવસાન થયું.

૨. દરમિયાન—

(૧) તા. ૨૪ થી ૨૭ ઓ. ઈ. કૉં. ક. મુંબઈમાં મળી. એ વખતે એક ઠરાવ એ મતલબનો પસાર કરવામાં આવ્યો કે પ્રાંતિક સમિતિની પરવાનગી વિના કોઈએ સત્યાગ્રહ કરવો નહિ.

(૨) તા. ૨૯મીના અરસામાં જુહુમાં 'વિશ્રામ વાટિકા'માં રહેવા ગયા.

૧૯૩૯–જુલાઈ

૧ મુંબઈ : લેડી ઠાકરસી સ્ત્રી યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં હાજર.

૨ થી ૩ મુંબઈ.

૪ મુંબઈ : માંદા કવિ અરદેશર ફરામજી 'ખબરદાર'ની ખબર કાઢવા ગયા. ● કેમીકલ ઈન્ડસ્ટ્રીઅલ ઍન્ડ ફાર્માસ્યુટીકલ લૅબોરેટરીની મુલાકાત લીધી.

૫ મુંબઈ.

૬ દિલ્હી : ઉતારો હરિજન કૉલોનીમાં.

૭ તક્ષિલા : ખાન અબ્દુલ ગફાર ખાને સ્વાગત કર્યું. ⇕ એબોટાબાદ : ઉતારો રાવસાહેબ પરમાનંદને ત્યાં.

૮[1] એબોટાબાદ.

૯ એબોટાબાદ : જયપ્રકાશ નારાયણ સાથે ચર્ચા.

૧૦ એબોટાબાદ : ચર્ચા ચાલુ.●હરિપુર સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ, જેલના ઉદ્યોગ વિભાગની પ્રગતિ જોવા નિમંત્રણ આપવા આવ્યા. ગાંધીજી કહે–'મેં કોઇ ગુનો કર્યો નથી. મને જેલમાં કેમ લઈ જાવ છે!' ⇕ હરિપુર : જેલની મુલાકાત લીધી. ⇕ એબોટાબાદ.

૧૧ થી ૨૨[2] એબોટાબાદ.

---

૧. મદુરાનું મીનાક્ષી મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું.

૨. દરમિયાન—

(૧) જવાહરલાલ હિંદથી તા. ૧૫મીએ નીકળી તા. ૧૬મીએ સિલોન પહોંચ્યા.

(૨) કાશ્મીરની મુલાકાત લેવા માટે ત્યાંના રાજ તરફથી નિમંત્રણ આવ્યું; પણ ત્યાંના લોકોનો આવા નિમંત્રણ સામે વિરોધ હોવાથી ત્યાં જવાનું માંડી વાળ્યું.

(૩) દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓ સત્યાગ્રહની લડત ઉપાડવાના હતા; એ ન ઉપાડવા એમને સમજાવવા, હિંદી સરકાર તરફથી બી. શિવરાવ (જુઓ તા. ૨૦–૪–૩૭), ગાંધીજી એબોટાબાદ હતા ત્યારે આવ્યા. આવ્યાની ચોક્કસ તારીખ મળી નથી.

૧૯૩૯—જુલાઈ—ઑગસ્ટ

૨૩ એબોટાબાદ : સત્યાગ્રહની લડત ન ઉપાડવા દક્ષિણ આફ્રિકાના હિંદીઓને સલાહ આપી. ● યુરોપમાં લડાઇનાં ઈંધણ ખડકનાર જર્મન સરમુખત્યાર હેર હિટલરને પત્ર લખ્યો :—તમને ઘણાં મંથન પછી છતાં સંકોચ સાથે લખું છું. માનવને જંગલી બનાવતા યુદ્ધમાંથી આજે જો કોઇ બચાવી શકે એમ હોય તો તે તમે છો; તમારું ધ્યેય ગમે એટલું ઉમદા હોય પણ એ મેળવવા માટે માનવજાતનું આ પતન થવા દેવું એ યોગ્ય છે? અહિંસાના માર્ગે જનાર અને એમાં થોડીઘણી પણ સફળતા મેળવનાર મુજ ગરીબનું કાંઇક સાંભળશો? અવિનય થયો હોય તો માફ કરશો.[1]

૨૪ એબોટાબાદ : જાહેર સભા.

૨૫[2] એબોટાબાદ : ગોવિંદ ગર્લ્સ હાઈસ્કૂલની મુલાકાત લીધી.

૨૬ એબોટાબાદ. ⇕ તક્ષિલા.

૨૭ દિલ્હી : ગાઝીઆબાદ સ્ટેશને ઉતર્યા. ● ડૉ. અનસારીને ત્યાં ગયા. ● હરિજન કૉલોનીમાં આવેલા ઉદ્યોગગૃહના પદવીદાન સમારંભમાં પ્રમુખપદે. ● બ્રિજકૃષ્ણ ચાંદીવાલાની માતાની યાદમાં બંધાવેલા પ્રાર્થના મંદિરની મુલાકાત. ● મંત્રણાઓ–ધામી રાજ્યના[3] પ્રતિનિધિઓ સાથે (અમૃતકુંવર હાજર હતાં) અને દક્ષિણ હૈદરાબાદમાં ચાલતા આર્યસત્યાગ્રહના નેતાઓ સાથે.

૨૮ થી ૩૧[4] સેગાંવ.

ઑગસ્ટ

૧ થી ૯[5] સેગાંવ.

---

૧. આ કાગળ હિંદ સરકારે જવા દીધો નહિ. આની વાત આગળ આવશે.

૨. જવાહરલાલ સિલોનથી હિંદ આવ્યા.

૩. સિમલાની પશ્ચિમે આવેલું એક નાનું દેશી રાજ્ય.

૪. દરમિયાન તા. ૨૯મીએ, દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ, સત્યાગ્રહની લડત ઉપાડવાનું મોકૂફ રાખ્યું.

૫ દરમિયાન—

(૧) તા. ૧લીથી મુંબઈ ઇલાકામાં સંપૂર્ણ દારૂબંધી શરૂ થઈ.

(૨) તા. ૯મીએ જમનાલાલ બજાજને જયપુર જેલમાંથી છોડયા.

૧૯૩૯-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૧૦ થી ૧૨ સેગાંવ : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.[1]

૧૩ થી ૩૧[2] સેગાંવ.

સપ્ટેમ્બર

૧ થી ૨[3] સેગાંવ.

૩[4] રસ્તામાં.

---

૧. દરમિયાન તા. ૧૧મીએ, કૉંગ્રેસના પ્રમુખના ફરમાનની અવગણના કરવાના કારણે, સુભાષ ચંદ્ર બોઝને ત્રણ વર્ષ માટે કોઇપણ હોદ્દા માટે બિનલાયક કરતો ઠરાવ વર્કીંગ કમિટીએ કર્યો. આનો પાછલો ઇતિહાસ છે—તા. ૨૪ થી ૨૭ જૂન ૧૯૩૯ના રોજ મળેલી ઑ. ઇં. કાં. ક. ની બેઠકમાં થયેલા 'સત્યાગ્રહ' અંગેના ઠરાવના (જુઓ એ તારીખોની પાદટીપ) વિરોધમાં તા. ૯–૭–૩૯ના રોજ 'વિરોધદિન' પાળવા સુભાષ બાબુએ હાકલ કરી હતી. એ પોતે બંગાળ પ્રાન્તિક સમિતિના પ્રમુખ હતા એટલે આમ કરવામાં તમે શિસ્ત ભંગ કરો છો એ મતલબની ચેતવણી કૉંગ્રેસ પ્રમુખે આપી હતી પણ સુભાષ બાબુએ એ અવગણી હતી.

૨. દરમિયાન—

(૧) તા. ૧૩મીએ સેગાંવમાં ગાંધી સેવા સંઘની સમિતિ મળી. એમાં ગાંધીજી હાજર હશે.

(૨) રાજદ્વારી કેદીઓના છુટકારા માટે. પંજાબના વડા પ્રધાન સર સિકંદર હયાત ખાન સાથે ચર્ચા કરવા, મહાદેવભાઈ તા. ૧૭મીએ સિમલા આવ્યા.

(૩) ચીન જવા માટે જવાહરલાલ તા. ૨૦મીએ અલાહાબાદથી નીકળ્યા અને તા. ૨૩મીએ ત્યાં પહોંચ્યા.

(૪) નાદુરસ્ત તબિયતના કારણે પંડિત મદનમોહન માલવિયાએ બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ પદનું તા. ૨૯મીએ રાજીનામું આપ્યું.

૩. દરમિયાન તા. ૧લીએ જર્મનીએ પોલેંડ પર હુમલો કર્યો.

૪. ગ્રેટબ્રિટન અને ફ્રાંસે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું.

૧૯૩૯—સપ્ટેમ્બર

૪ સિમલા . ઉતારો રાજકુમારી અમૃતકુંવરને ત્યાં. ● વાઈસરૉય સાથે મંત્રણા.[1]

૫ સિમલા : નિવેદન—કેવળ માનવતાની દૃષ્ટિએ મારું દિલ બ્રિટન અને ફ્રાંસ તરફ છે; એમ જણાય છે કે હિટલરને મન ઈશ્વર જેવી કોઈ શક્તિ નથી અને એને મન કેવળ હિંસા જ વસી છે. ● સાબરમતી આશ્રમની બધી મિલકત હરિજનોના કામે વાપરવાનું ટ્રસ્ટ કર્યું.[2]

૬ દિલ્હી.

૭[3] સેગાંવ.

૮[4] વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૯ વર્ધા : બેઠક ચાલુ.[5] ● વાઈસરૉય સાથેની વાતચીતનો ખ્યાલ આપ્યો.

૧૦ થી ૧૩[6] વર્ધા : બેઠક ચાલુ.

---

૧. આધાર નં. ૧૨૯ના ભાગ પાંચના પાના ૨૦૦ પછીના ચિત્ર નીચે લખ્યું છે કે ગાંધીજી વાઈસરૉયને મળવા તા. ૫મીએ ગયા હતા પરંતુ બીજા આધારોમાં તા. ૪ છે અને એ સ્વીકાર્યું છે.

૨. આજથી એ હરિજન આશ્રમ નામે ઓળખાયો. આ આશ્રમનો કબજો લેવા સરકારે ના પાડી હતી (જુઓ તા. ૨૯–૭–૩૩ અને ૨–૮–૩૩) એટલે આ ટ્રસ્ટ કર્યું. પ્રથમ ટ્રસ્ટીઓ હતા–નરહરિ દ્વારકાદાસ પરીખ, ગણેશ વાસુદેવ માવળંકર અને શંકરલાલ ઘેલાભાઈ બેંકર.

૩. જવાહરલાલ કલકત્તા આવી ગયા.

૪. વાઇસરૉયને મળ્યા બાદ ઝીણાએ નિવેદન કર્યું—બ્રિટનને જો સફળતા મેળવવી હોય તો એણે મુસ્લિમ હિંદને વિશ્વાસમાં લેવું જોઈએ. અમારે ન્યાય અને વાજબી સ્થિતિ જોઈએ છે.

૫. આ બેઠકમાં સુભાષ ચંદ્ર બોઝ ખાસ નિમંત્રણથી હાજર હતા.

૬. દરમિયાન તા. ૧૧મીએ કૉંગ્રેસ પ્રમુખ રાજેન્દ્ર બાબુએ તાર કરી ઝીણાને ચર્ચા કરવા વર્ધા બોલાવ્યા. ઝીણાએ જવાબ આપ્યો––વર્ધા અવાય એમ નથી. દિલ્હી આવો એટલે ચર્ચા કરીશું.

૧૯૩૯—સપ્ટેમ્બર—ઑક્ટોબર

૧૪ વર્ધા : બેઠક ચાલુ; બ્રિટન પાસે યુદ્ધની નેમ જાણવા માગી. સેગાંવ : સુભાષ બાબુ સાથે ચર્ચા.
૧૫ વર્ધા : બેઠક ચાલુ.
૧૬ વર્ધા : નિવેદન-હિંદે બ્રિટનને જે મદદ કરવી હોય તે બિનશરતી હોવી જોઇએ; પણ આવા વલણવાળો હું એકલો જ છું. સરકારે કૉંગ્રેસનો સહકાર મેળવવો જોઇએ.
૧૭ થી ૨૧ [1] સેગાંવ.
૨૨ સેગાંવ : રાજાજી સાથે ચર્ચા.
૨૩ સેગાંવ : રાજાજી સાથે ચર્ચા ચાલુ. ● સરદાર પૃથ્વીસિંહ જેમને રાવળપિંડી જેલમાંથી વર્ધા જેલમાં લાવી આજે છોડયા હતા તે મળવા આવ્યા.[2] ● ઑક્સફર્ડ સંઘના છ સભ્યો સાથે વિચાર વિનિમય.
૨૪ સેગાંવ : નેતાઓ સાથે ચર્ચા.
૨૫ રસ્તામાં.
૨૬ સિમલા : આવ્યા, વાઇસરૉયના બોલાવ્યાથી. ● વાઇસરૉય સાથે મુલાકાત.
૨૭ દિલ્હી.
૨૮ થી ૩૦[3] સેગાંવ.

ઑક્ટોબર

૧ સેગાંવ.

---

૧. દરમિયાન તા. ૧૮મીએ, સરકારને ઉદ્દેશી મુસ્લિમ લીગે ઠરાવ કર્યો–કૉંગ્રેસવાદી પ્રધાનમંડળો મુસ્લિમોને અન્યાય કરે છે; એમને રોકો; અને અમને પૂછયા વિના બંધારણમાં કાંઈ ફેરફાર કરશો નહિ.

૨. (૧) Harijan ના તા. ૩૦-૯-૩૯ના અંકમાંના ગાંધીજીના લેખમાં છે 'તા. ૨૨મીએ સરકારે પૃથ્વીસિંહને મારે હવાલે કરી દીધા.'

(૨) આ વખતે મીરાં બહેન હાજર હતાં. પૃથ્વીસિંહને જોતાં જ એ એમની તરફ આકર્ષાયાં. મનમાં એકાદ વર્ષ મથામણ ચાલી પણ છેવટે કાંઈ પરિણામ આવ્યું નહિ.

૩. દરમિયાન તા ૨૮મીએ, સ્વ. વિઠ્ઠલભાઇ પટેલના વીલ અંગે આપેલા ચુકાદા (જુઓ તા. ૧૪-૩-૩૯ ની પાદટીપ ૨) ઉપર સુભાષ બાબુએ કરેલી અપીલનો ચુકાદો, એમની વિરુદ્ધમાં આવ્યો.

૧૯૩૯-ઑક્ટોબર

૨ દિલ્હી : નિઝામુદ્દીન સ્ટેશને ઊતર્યા; ઉતારો બિરલા હાઉસમાં. ● રાજેન્દ્રબાબુ તથા જવાહરલાલ સાથે મંત્રણા.

૩ દિલ્હી : આ બંને, વાઈસરૉયને મળી આવ્યા; પછી એમની સાથે મંત્રણા.

૪ દિલ્હી.

૫ દિલ્હી : વાઈસરૉય સાથે મંત્રણા. ● વડા ન્યાયાધીશ મૉરિસ ગ્વાયર મળવા આવ્યા.

૬ સેગાંવ : જવાહરલાલ સાથે મંત્રણા.

૭ થી ૧૦ વર્ધા[1] : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૧ વર્ધા : બેઠક ચાલુ. ● દેશી રાજ્યોની પ્રજા પરિષદની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૨ થી ૧૭[2] સેગાંવ.

૧૮ સેગાંવ : નિવેદન—વાઈસરૉયનું નિવેદન અત્યન્ત નિરાશાજનક છે; માગી હતી રોટી પણ મળ્યો પથ્થર.

૧૯ સેગાંવ.

૨૦ સેગાંવ : 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિએ મુલાકાત લીધી.

૨૧ સેગાંવ.

૨૨ સેગાંવ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. યુદ્ધની નેમ વિશે માગેલું સ્પષ્ટીકરણ સરકાર તરફથી મળ્યું નહોતું એટલે રાજીનામાં આપવાનો કૉંગ્રેસી પ્રધાનોને આદેશ આપ્યો.

૨૩ થી ૨૪ સેગાંવ : બેઠક ચાલુ.

---

૧. દરમિયાન તા. ૯ અને ૧૦ના રોજ ઑ. ઈ. કૉં. ક. ની બેઠકો મળી. એ વખતે વર્કીંગ કમિટીના તા. ૧૪-૯-૩૯ના ઠરાવને બહાલી આપવામાં આવી.

૨. દરમિયાન તા. ૧૭મીએ, ઑ. ઈ. કૉં. ક. ના ઠરાવના જવાબમાં વાઇસરૉયે નિવેદન કર્યું—લડાઇ પૂરી થશે એટલે, અને ત્યારે, બધાને માન્ય એવું બંધારણ ઘડવા વિશે જરૂર ચર્ચા કરીશું.

૧૯૩૯–ઑક્ટોબર–નવેમ્બર

૨૫ થી ૨૭[1] સેગાંવ . વર્ધા : ગાંધી સેવા સંઘની કાર્યવાહક સમિતિની બેઠકો, ચર્ચાઓ અને પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો.

૨૮ થી ૩૧[2] સેગાંવ.

નવેમ્બર

૧ દિલ્હી : નિઝામુદ્દીન સ્ટેશને ઊતર્યા. ● ઉતારો બિરલા હાઉસમાં. ● રાજેન્દ્ર બાબુ તથા ઝીણા સાથે વાઇસરૉયને મળ્યા.

૨ દિલ્હી : હરિજન નિવાસના પ્રાર્થના મંદિરનું ઉદ્‌ઘાટન. ● ઝીણાના નિવાસસ્થાને મંત્રણા. ● ઝીણા ઔપચારિક મુલાકાતે આવ્યા. ● જવાહરલાલ સાથે ચર્ચા.

૩ દિલ્હી.

૪ દિલ્હી : વાઇસરૉય સાથે મુલાકાત. ● નિવેદન—ઝીણા, મુસ્લિમોના હકોની સાચવણી માટે બ્રિટિશ સરકાર તરફ મીટ માંડે છે. કૉંગ્રેસ જે કહે અગર કબૂલે તેનાથી એમને સંતોષ નથી.

૫ થી ૯ સેગાંવ.

૧૦ સેગાંવ : મ્હૈસૂરના દીવાન મિરઝાં ઇસ્માઇલ મળવા આવ્યા.

૧૧ થી ૧૮ સેગાંવ.

૧૯ અલાહાબાદ : ઉતારો 'આનંદ ભુવન'માં. ● કમલા નહેરુ સ્મારક હૉસ્પિટલની કોનશિલા રોપી. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૦ અલાહાબાદ.

૨૧ અલાહાબાદ : સંયુક્ત પ્રાંતની પ્રાંતિક સમિતિ સમક્ષ પ્રવચન. ● બેઠક ચાલુ.

૨૨ અલાહાબાદ : બેઠક ચાલુ.

---

૧. દરમિયાન તા. ૨૫મીએ મુંબઈ સરકારે ફરમાન બહાર પાડ્યું — 'મોહમેડન'ને બદલે 'મુસ્લિમ', અને 'ઢેડ'ને બદલે 'માહ્યાવંશી' શબ્દો વાપરવા.

૨. દરમિયાન તા. ૩૧મીએ મુંબઈના કૉંગ્રેસી પ્રધાનમંડળે હોદ્દા છોડ્યા.

૧૯૩૯-નવેમ્બર—ડિસેમ્બર

૨૩ અલાહાબાદ : બેઠક ચાલુ; ઠરાવ્યું —બ્રિટિશ સરકારે દ્વાર બંધ કર્યાં છે પરંતુ અમે તો સુલેહ માટે બનતું બધું કરીશું. ● વગર સાબુએ અને દેશી અસ્ત્રાથી સરસ હજામત કરવા માટે મુન્નીલાલને[1] પ્રમાણપત્ર આપ્યું.

૨૪ અલાહાબાદ.

૨૫ સેગાંવ : લોકપ્રતિનિધિ સભા[2] માટે સૂચના કરી.

૨૬ થી ૩૦ સેગાંવ.

ડિસેમ્બર

૧ સેગાંવ.

૨ **સેગાંવ**[3] : નિવેદન—બ્રિટિશ સરકારને મૂંઝવવાના હેતુથી જ સત્યાગ્રહની લડત ઉપાડવાની સૂચના સાથે હું સંમત નથી; હાલ તુરત એવી લડત ઉપાડવાની કોઈ જરૂર નથી; પરંતુ જ્યારે એ અનિવાર્ય બનશે ત્યારે ઉપાડાશે.

૩ થી ૭[4] સેગાંવ. વર્ધા : રાજાજી સાથે મંત્રણા.

૮ સેગાંવ : હૃદયનાથ કુંઝરૂ મળવા આવ્યા.

૯ થી ૧૭[5] સેગાંવ.

---

૧. બીજા આધારમાં નામ પુનીલાલ છે.

૨. Constituent Assembly.

૩. ગાંધીજીની ઝુંપડીમાં ટેલિફોન ગોઠવવામાં આવ્યો. એનો નંબર ૪૧ (વર્ધા) હતો.

૪. દરમિયાન તા. ૭મીએ સર સ્ટેફર્ડ ક્રિપ્સ કરાંચી આવ્યા.

૫. દરમિયાન—

(૧) ક્રિપ્સ, તા. ૮મીએ અલાહાબાદ ગયા અને ૧૫મીએ મુંબઈ ગયા.

(૨) તા. ૧૦મીએ ઍન્ડ્રૂઝ સેગાંવ કલકત્તા ગયા.

(૩) ગાંધીજીની સૂચના અનુસાર, મહાદેવભાઈ, તા. ૧૧મીએ મદ્રાસમાં હતા અને તા. ૧૨મીએ બેંગ્લોરમાં દીવાન મિરઝાં ઇસ્માઈલને મળ્યા. બાર વર્ષ પહેલાંની વાત યાદ રાખી, ગાંધીજીએ, મહાદેવભાઇ નીકળ્યા ત્યારે એમને કહ્યુ 'ગેરસપ્પાનો ધોધ જોતા આવજો. બધી ગોઠવણ કરવા મેં સર મિરઝાંને લખ્યું છે' (જુઓ તા. ૧૫–૮–૨૭).

૧૯૩૯—ડિસેમ્બર; ૧૯૪૦—જાન્યુઆરી

૧૮ સેગાંવ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.
૧૯ સેગાંવ વર્ધા : બેઠક ચાલુ. ક્રિપ્સ અંગત રીતે મળવા આવ્યા.[1]
૨૦ સેગાંવ : ક્રિપ્સ સાથે ચર્ચા ચાલુ.
૨૧ થી ૨૨[2] સેગાંવ. વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.
૨૩ થી ૨૬[3] સેગાંવ.
૨૭ વર્ધા : નાગપુર પ્રાંતિક સમિતિના કાર્યકરોને સંબોધન.
૨૮ થી ૩૧[4] સેગાંવ.

૧૯૪૦-જાન્યુઆરી

૧[5] થી ૪ સેગાંવ.
૫ સેગાંવ : ચ્યાંગ-કાઈ-શેકના નિમંત્રણના જવાબમાં લખ્યું 'ત્યાં આવવું મને બહુ ગમે પણ હમણાં બને એમ નથી.'
૬ થી ૧૨ સેગાંવ.
૧૩ સેગાંવ : રાજાજી મળવા આવ્યા.
૧૪ સેગાંવ.

---

૧. એ આવ્યા ત્યારે ગાંધીજી તબિયત ઠીક નહિ હોવાથી ભોંય પર સૂતા હતા. ઊભા રહેલા ક્રિપ્સને, 'As a concession to your English bones' કહી, એમના માટે સ્ટૂલ મુકાવ્યું !

૨. દરમિયાન—

(૧) તા. ૨૧મીએ ક્રિપ્સ ગયા.

(૨) તા. ૨૧મીએ ગાંધી સેવા સંઘની સમિતિની બેઠક મળી; ગાંધીજી એમાં હાજર હશે.

(૩) તા. ૨૨મી મુસ્લિમોએ, કૉંગ્રેસ રાજમાંથી 'મુક્તિ' મળી એ નિમિત્તે 'મુક્તિદિન' તરીકે ઊજવ્યો !

(૪) તા. ૨૨મી મુંબઈના ગવર્નર સર રૉજર લુમ્લી અમદાવાદ આવ્યા; રાષ્ટ્રીય વાવટો ફરકતો હોય તેવી સંસ્થાઓની મુલાકાત લેવા એમણે ના પાડી પરંતુ હરિજન આશ્રમ ઉપર એ ઊડતો હતો છતાં મુલાકાતે આવ્યા.

૩. તા. ૨૫ના અરસામાં ચ્યાંગ-કાઈ-શેક તરફથી ચીનની મુલાકાત લેવા નિમંત્રણ મળ્યું.

૪. આ માસમાં પરચુરે શાસ્ત્રી સેગાંવ આવ્યા.

૫. આજથી શરૂ થતા, ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૪મા અધિવેશન અંગે તારથી સંદેશો મોકલ્યો.

૧૯૪૦—જાન્યુઆરી—ફેબ્રુઆરી

૧૫ સેગાંવ : રાજેન્દ્રબાબુ, રાજાજી વગેરે સાથે મંત્રણા.
૧૬ સેગાંવ : ઝીણાને પત્ર, પહેલી વખત 'કાયદે આઝમ' સંબોધન.
૧૭ થી ૧૮ સેગાંવ.
૧૯ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.
૨૦ વર્ધા : બેઠક ચાલુ. ● બંગાળાના નેતાઓ સાથે ચર્ચા.
૨૧ સેગાંવ.
૨૨ સેગાંવ : સુભાષ બાબુ સાથે મંત્રણા.
૨૩ થી ૩૧[1] સેગાંવ.

ફેબ્રુઆરી

૧ થી ૩ સેગાંવ.
૪ દિલ્હી : વાઈસરૉયના બોલાવ્યાથી આવ્યા, ઉતર્યા નિઝામુદ્દિન સ્ટેશને ઉતારો બિરલા હાઉસમાં. ● પંજાબના વડા પ્રધાન સર સિકંદર હયાત ખાન સાથે ચર્ચા.
૫ દિલ્હી : વાઈસરૉય સાથે મુલાકાત. ચર્ચા શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ સ્પષ્ટ કર્યું :— હું મારી જાત માટે જ બોલું છું; કૉંગ્રેસ તરફથી કોઈ આદેશ લઈ આવ્યો નથી.
૬ દિલ્હી : પત્રકારો સમક્ષ નિવેદન :- કૉંગ્રેસ અને વાઈસરૉય વચ્ચે મુખ્ય મતભેદ એ છે કે વાઈસરૉયના મત મુજબ હિંદનું ભાવિ બ્રિટિશ સરકાર નક્કી કરે, જ્યારે કૉંગ્રેસ કહે છે કે બીજાઓના અંતરાય વિના અમે જ નક્કી કરીએ.
૭ સેગાંવ.
૮ સેગાંવ : અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચેના ઝઘડા અંગે મજૂર મહાજનના મંત્રી ગુલઝારીલાલ નંદા ચર્ચા કરવા આવ્યા.
૯ થી ૧૫ સેગાંવ.
૧૬[2] રસ્તામાં.

---

૧. દરમિયાન તા. ૨૩મીએ, રાજકોટવાળા દરબાર વીરાવાળાનું બગસરામાં અવસાન થયું. (જુઓ તા. ૨૪-૪-૩૯).

૨. કૉંગ્રેસના આગામી (રામગઢ) અધિવેશનના પ્રમુખપદે મૌલાના અબુલ કલામ આઝાદ ચૂંટાયા.

૧૯૪૦–ફેબ્રુઆરી

૧૭ શાંતિનિકેતન.

૧૮ શાંતિનિકેતન : કવિવર સાથે ચર્ચા. ● 'ચંડિકા' નાટક જોયું.

૧૯ શાંતિનિકેતન : કવિવરે ગાંધીજીને પત્ર લખી, સંસ્થાને એમની છત્ર–છાયામાં લેવા વિનંતી કરી. ⇕ કલકત્તા : ઉતારો બિરલા પાર્કમાં. ● જનરલ હૉસ્પિટલમાં માંદા ઍન્ડ્રૂઝને જોવા ગયા.[1] માંદા નીલ રતન સરકારને જોવા ગયા. ● થી નીકળ્યા, સ્ટેશને તથા રસ્તામાં વિરોધી દેખાવો.

૨૦ મલિકાંડા : ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્ઘાટન; પ્રવચન પહેલાં વિરોધીઓનું ધાંધલ. ● ગાંધી સેવા સંઘની બેઠક. ● લેખો વગેરેના કૉપીરાઈટ હકો નવજીવન સંસ્થાને આપતું વસિયતનામું કર્યું.

૨૧ મલિકાંડા : સંઘની બેઠકમાં પ્રવચન-રાજકારણથી અલિપ્ત રહેવા સૂચવ્યું.

૨૨ મલિકાંડા : પ્રદર્શનની મુલાકાત. ● સંઘની બેઠક, પ્રવચન. ● સંઘમાંથી રાજકારણને વર્જ્ય કર્યું; રચનાત્મક કાર્ય માટે અલગઅલગ સંસ્થાઓ છે તેથી સંઘ સમેટી લેવામાં આવ્યો અને એક નાનકડી સમિતિ રાખી.

૨૩ થી ૨૪ મલિકાંડા.

૨૫ મલિકાંડા : જાહેર પ્રવચન.

૨૬ કલકત્તા.

૨૭ કલકત્તા : થી નીકળ્યા: સીરામપુર સ્ટેશને કોઈ કોંગ્રેસીએ ગાંધીજી ઉપર જોડો ફેંક્યો; એ ગાંધીજીને ન વાગતાં મહાદેવભાઈને વાગ્યો.

૨૮ પટણા : ઉતારો સદાકત આશ્રમમાં. ● વર્કીંગ કમિટીની બેઠકમાં ખાસ નિમંત્રણથી હાજર, વાઈસરૉયની સાથેની તા ૫–૨–૪૦ની ચર્ચાનો ખ્યાલ આપ્યો. ● સમાજવાદી પક્ષના નેતાઓ સાથે ચર્ચા.

૨૯ પટણા : બેઠકમાં હાજર; કમિટીએ, બંગાળ પ્રાંતિક સમિતિને સસ્પેન્ડ કરી.

---

૧. આધાર નં. ૧૨૯ના ભાગ પાંચના પાના ૩૦૫ સામેના ચિત્રમાં આની તા. ૨૦ જણાવી છે પણ એ બંધ બેસતું નથી.

૧૯૪૦—માર્ચ

૧ પટણા : બેઠકમાં હાજર; ઠરાવ્યું—સમય આવે અને બધું બરાબર ગોઠવાય તો જરૂર પડયે સત્યાગ્રહની લડત ઉપાડવા નિર્ધાર છે; હિંદુસ્તાનની સ્વતંત્રતા અને સામ્રાજ્યવાદ, એ બેની વચ્ચે કોઈ મેળ ખાય એમ નથી.

૨ કલકત્તા : ઉતારો બિરલા પાર્કમાં. • નિવેદન—મંત્રણનાં દ્વાર કૉંગ્રેસે બંધ કર્યાં નથી; તમામ રચનાત્મક સંસ્થાઓએ રાજકારણનો ત્યાગ કરવો જોઈએ.

૩ થી ૧૨[1] સેવાગ્રામ.

૧૩[2] રસ્તામાં.

૧૪ રામગઢ : સર માઈકલ ઑડવાયરના કુટુંબ પ્રત્યે દિલસોજી પાઠવી. • ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન.

૧૫ થી ૧૬ રામગઢ : વર્કીંગ કમિટીની બેઠકમાં ખાસ નિમંત્રણથી હાજર.

---

૧. દરમિયાન—

(૧) તા. ૫મીથી સેગાંવનું નામ બદલી 'સેવાગ્રામ' રાખવામાં આવ્યું.

(૨) તા. ૭મીએ જયપ્રકાશ નારાયણની ધરપકડ થઈ.

(૩) તા. ૮મીએ હરિજન આશ્રમના બાલમંદિરનું ઉદ્‌ઘાટન મૅડમ મૉંટેસ્સોરીના હાથે થયું.

(૪) તા. ૯મીએ આંધ્ર યુનિવર્સિટીએ Gandhian Readership સ્થાપી.

૨. જલિયાંવાળા બાગના હત્યાકાંડમાં મુખ્ય ભાગ ભજવનાર પંજાબના લેફ્ ગવર્નર સર માઇકલ ઑડવાયરનું લંડનમાં, મહંમદસિંગ આઝાદ (સરદાર ઉદયસિંગ) નામના એક હિંદીએ ગોળી મારી ખૂન કર્યું. લૉર્ડ ઝેટલેન્ડ અને બીજા કેટલાક પણ ઘવાયા.

૧૯૪૦—માર્ચ-એપ્રિલ

૧૭ રામગઢ[1] : વિષય વિચારણી સમિતિની બેઠકમાં હાજર.

૧૮ રામગઢ : સમિતિની બેઠકમાં બોલ્યા.[2]

૧૯ રામગઢ.

૨૦ રામગઢ[3] : કોંગ્રેસના ખુલ્લા અધિવેશનમાં બોલ્યા—હું જાણું છું કે દેશ, સત્યાગ્રહની લડત માટે હજી તૈયાર નથી; મારા લશ્કરમાં ફક્ત કાંતનાર જ હશે; 'હાર' જેવો શબ્દ મારા શબ્દકોશમાં નથી.

૨૧ રસ્તામાં.

૨૨ થી ૨૪[4] સેવાગ્રામ—વર્ધા.

૨૫ સેવાગ્રામ : નિવેદન—દરેક કોંગ્રેસ કમિટીએ પોતે સત્યાગ્રહ સમિતિ છે એમ માનવું, અને શુદ્ધ સાચા ખડા સત્યાગ્રહીઓની નોંધ રાખવી.

૨૬ થી ૩૧ સેવાગ્રામ.

એપ્રિલ

૧ સેવાગ્રામ : ગાંધી સેવા સમિતિના પ્રમુખ અને સભ્યો સાથે ચર્ચા.

૨ સેવાગ્રામ.

૩ સેવાગ્રામ : મધ્ય પ્રાંતની ધારાસભાના સ્પીકર અને આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ ધનશ્યામ સિંહ ગુપ્તા વગેરે, દેશના ભાગલા પાડવાની મુસ્લિમ લીગની સુચના અંગે ચર્ચા કરવા આવ્યા.

---

૧. આધાર નં. ૮૩ના પાના ૨૮૫ ઉપર છપાયેલા એક પત્રનાં સ્થળ અને તારીખ સેગાંવ અને ૧૭-૩-૪૦ છે. પણ આ પહેલાં સ્થળનું નામ સેવાગ્રામ રખાઈ ગયું હતું. વળી આ તારીખે ગાંધીજી ત્યાં નહોતા. એટલે છપાયેલી વિગતો બંધબેસતી નથી.

૨. લગભગ છ વર્ષ બાદ, એટલે કે કોંગ્રેસના સભાસદ તરીકે નિવૃત્ત થયા પછી પહેલી વખત આ સમિતિમાં બોલ્યા.

૩. આ અધિવેશન વખતે વરસાદને લીધે મુશ્કેલીઓ ઊભી થઈ હતી, અને છતાં રૂ. ૧૨,૫૯૧ની બચત રહી હતી.

૪. દરમિયાન તા. ૨૪મીએ, મુસ્લિમ લીગની લાહોરમાં મળેલી બેઠકમાં દેશના ભાગલા પાડવાનો ઠરાવ થયો.

૧૯૪૨—એપ્રિલ—મે

૪ થી ૧૪[1] સેવાગ્રામ-વર્ધા.
૧૫ સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.
૧૬ સેવાગ્રામ.
૧૭ સેવાગ્રામ-વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● કોંગ્રેસે નીમેલી રાષ્ટ્રીય નિયોજન સમિતિની ગૃહઉદ્યોગ પેટાસમિતિ સાથે ચર્ચા.
૧૮ થી ૨૩ સેવાગ્રામ.
૨૪ સેવાગ્રામ : કનૈયાલાલ મુનશી સાથે ચર્ચા.
૨૫ થી ૩૦ સેવાગ્રામ.

મે

૧ થી ૨ સેવાગ્રામ.
૩ સેવાગ્રામ-વર્ધા : કોંગ્રેસના સ્વયંસેવક દળની રચના અંગે રણજીત પંડિત સાથે ચર્ચા. ● અખિલ હિંદ કેળવણી મંડળની બેઠકમાં હાજર.
૪ થી ૮[2] સેવાગ્રામ.
૯ સેવાગ્રામ : 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિને કહ્યું—માનભરી રીતે સુલેહ થતી હોય તેવી સમાધાની માટે હું તૈયાર છું.
૧૦ થી ૧૪[3] સેવાગ્રામ.
૧૫ સેવાગ્રામ : એક જણને લખ્યું—મને કોઈનીય અને કશાયની ખોટ સાલતી નથી...... તદ્દન એકલા રહેવાની મને લાલસા જાગી છે ... હરિજન પત્રો આજે બંધ થાય તોયે મને કાંઈ ખૂટતું લાગશે નહિ ... મિત્ર રાજ્યો હારે એ જોવા હું ઇચ્છતો

---

૧. દરમિયાન તા. ૫મી વહેલી સવારે (૧-૪૦ વાગ્યે) એન્ડ્રૂઝનું કલકત્તામાં અવસાન થયું.

૨. આધાર નં. ૩ના પત્ર નં. ૧૭૯નાં સ્થળ અને તારીખ સેવાગ્રામ અને ૭-૫-૪૦ છપાયાં છે; પણ પત્રમાંની વિગતો જોતાં એની તા. ૭-૨-૪૦ હોવા સંભવ છે.

૩. દરમિયાન તા. ૧૦મીએ બ્રિટનના વડા પ્રધાન ચેમ્બરલેઇને રાજીનામું આપ્યું અને એ સ્થાને ચર્ચીલ નિમાયા.

નથી, પણ હિટલરને જેટલો ખરાબ ચીતરવામાં આવે છે તેટલો ખરાબ એ હોય એમ હું માનતો નથી. એ જે દાક્ષિણ્ય બતાવે છે તે આશ્ચર્ય પમાડે એવું છે અને બહુ મોટા પ્રમાણના રક્તપાત વિના, એ, જીતો મેળવતો જાય છે.

૧૬ થી ૧૭ સેવાગ્રામ : જવાહરલાલ સાથે ચર્ચા.

૧૮ થી ૩૧ સેવાગ્રામ.[૧]

જૂન

૧ થી ૧૨[૨] સેવાગ્રામ.

૧૩ સેવાગ્રામ : ટંડન સાથે ચર્ચા.

૧૪ થી ૧૬ સેવાગ્રામ.

૧૭ થી ૧૯ સેવાગ્રામ—વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૦ સેવાગ્રામ—વર્ધા : બેઠક ચાલુ. ● સુભાષબાબુ સાથે મંત્રણા.

૨૧ સેવાગ્રામ—વર્ધા : ગાંધી સેવા સમિતિની બેઠકમાં હાજર. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; ઠરાવ થયો : અહિંસા ઉત્તમ શસ્ત્ર છે, પણ પ્રજા એ પચાવી શકી નથી; તેથી; કાંગ્રેસના કાર્યક્રમ અને કારવાઈ અંગેની જવાબદારીમાંથી ગાંધીજીને મુક્ત કરવામાં આવે છે. ● આ વિશે એક જણને લખ્યું :—મને સુખ અને દુ:ખ બંને થાય છે

૨૨ થી ૨૭ સેવાગ્રામ.

૨૮ દિલ્હી : ઉતારો બિરલા હાઉસમાં. ● અસફઅલી સાથે મંત્રણા.

૨૯ સિમલા : ઉતારો રાજકુમારી અમૃતકુંવરને ત્યાં. ● વાઈસરૉયની મુલાકાત લીધી.

૩૦ દિલ્હી[૩] : ઉતારો શૌકત અનસારીને ત્યાં.

---

૧. વિજયાનગરના મહારાણી અહીં આવેલાં તે તા. ૩૦મીએ ગયા.

૨. દરમિયાન તા. ૧૧મીએ રાજકોટના ઠાકોર ધર્મેન્દ્રસિંહનું, શિકાર કરવા ગયા હતા ત્યાં હૃદય બંધ પડવાથી અવસાન થયું. (જુઓ તા. ૧૪-૧૧-૩૮ ની પાદટીપ.)

૩. આધાર નં. ૭૪ના પાના ૨૩ ઉપર એ મતલબનું લખાણ છે કે વાઈસરૉય સાથે વાટાઘાટો કરવા ગાંધીજી આજે દિલ્હી આવ્યા; પણ આ બંધબેસતું નથી.

૧૯૪૦-જુલાઈ

૧[1] દિલ્હી : ઉતારો ફેરવી બિરલા હાઉસમાં રહેવા ગયા.

૨[2] દિલ્હી : હરેક બ્રિટનવાસી પ્રત્યે ખુલ્લો પત્ર :—હિંસાના માર્ગેથી પાછા વળો, એ માર્ગે જવાથી તમે કાંઈ મેળવ્યું નથી, એ માર્ગે જનાર દેશો એક પછી એક ભરખાઈ ગયા છે, અહિંસક રીતે નાઝીવાદ સામે ઝૂઝો, તમારા ગામો અને મકાનો હિટલર અને મુસોલીનીને લેવા દો પણ તમારા આત્માને ન લેવા દેશો.[3]

૩ દિલ્હી : આ પત્રની નકલ વાઇસરૉયને મોકલી. ● વર્કીંગ કમિટીના બેઠકમાં ખાસ નિમંત્રણથી હાજર, વાઇસરૉય સાથેની ચર્ચાનો ખ્યાલ આપ્યો.

૪ થી ૬ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૭ દિલ્હી : બેઠક ચાલુ, ઠરાવ—હિંદુસ્તાનને સ્વાતંત્ર્ય બક્ષવા અંગે બ્રિટિશ સરકારે તાકીદે જાહેરાત કરવા જોઈએ; અને દરમિયાન મધ્યસ્થ સરકારમાં રાષ્ટ્રીય પ્રધાનમંડળ રચવું જોઈએ. ● બ્રિજકૃષ્ણ ચાંદીવાલાની કાંતણ કલબની મુલાકાત લીધી. ● માંદાં બેગમ મહંમદઅલીને જોવા ગયા.

૮[4] સેવાગ્રામ-વર્ધા : પોતાના લખાણોના તરજુમાનો કોપીરાઇટ જાહેર કર્યો.

---

૧. મુંબઈ ઈલાકાના દારૂનિષેધ કાયદા અંગે (જુઓ તા. ૧-૮-૩૯) એક કેસમાં મુંબઈ હાઇકોર્ટે ચુકાદો આપ્યો કે આ કાયદો ગેરકાયદે છે; વળી એનાથી મધ્યસ્થ સરકારથી આબકારી ચાદીને પણ અસર પહોંચે છે.

૨. કલકત્તાની 'કાળી કોટડી' ખસેડવા માટેના સત્યાગ્રહની લડત ચલાવવા અંગે સુભાષ બોઝની ધરપકડ થઈ. સને ૧૭૫૬ના જુન માસમાં બ્રિટિશરો અને કલકત્તાના હિન્દીઓ વચ્ચેની લડાઈ વખતે એક હિન્દી અમલદારે ૧૪૬ યુરોપિયનોને, એક રાત; એક ૧૮ × ૧૫ ફીટની કોટડીમાં પૂરી રાખ્યા હતા અને બીજે દિવસે, એમાંથી ફક્ત ૩૩ જ જીવતા રહ્યા હતા એવી વાત ઉડાડવામાં આવી હતી. પાછળથી પુરવાર થયું કે આખી વાત બનાવટી હતી.

૩. 'હરિજન બંધુ'ના તા. ૭-૭-૪૦ના અંકમાં આની તા. ૧-૭-૪૦ જણાવી છે પરંતુ એ ભૂલ લાગે છે.

૪. 'વર્કીંગ કમિટીના ઠરાવથી અહિંસા મર્યાદિત બને છે, જ્યારે હું એને વ્યાપક માનું છું' એમ જણાવી ખાન અબ્દુલ ગફારખાને કમિટીમાંથી રાજીનામું આપ્યું.

૧૯૪૦—જુલાઈ

૯ થી ૧૨[1] સેવાગ્રામ.

૧૩[2] સેવાગ્રામ : જમનાલાલ બજાજનાં પુત્રી ઉમાદેવીનાં લગ્ન પ્રસંગે હાજર.[3]

૧૪ થી ૧૯[4] સેવાગ્રામ.

૨૦[5] સેવાગ્રામ : મિસ કિન્નાર્ડ મળવા આવ્યા—ગાંધીજીને ખ્રિસ્તી બનાવવા માટે !

૨૧ થી ૩૧[6] સેવાગ્રામ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૯મીએ ઝીણાએ કહ્યું-'રાષ્ટ્રીય'ને (જુઓ તા. ૭) કાંઈ અર્થ નથી. એમ કરવામાં આવે તો હિંદુ રાજ જ થાય.

(૨) તા. ૩જીએ મોકલેલા પત્રનો વાઈસરૉયે તા. ૧૦મીએ જવાબ આપ્યો :-તમારા હેતુની કદર કરવામાં આવે છે પણ તમારી નીતિ અમલમાં મૂકી શકાય એમ નથી.

૨. ચંપારણમાં આવેલું વિદર્ભ નામનું એક ગામડું, રામનગરના મહારાજાએ થોડાક વખત ઉપર ગાંધીજીને ભેટ આપ્યું હતું. તેને, ગાંધીજીની યોજના મુજબ વિકસાવવાનું નક્કી થયું. વિકાસ સમિતિમાં રાજેન્દ્ર બાબુ હતા.

૩. એમના લગ્ન રાજનારાયણ સાથે થયાં હતાં.

૪. દરમિયાન તા. ૧૫મીના અરસામાં, મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં (મિસિસ ક્લૅર શેરીડને ભેટ આપેલું :-જુઓ તા. ૫-૧૨-૩૧ની પાદટીપ) ગાંધીજીનું બાવલું ખુલ્લું મૂકવામાં આવ્યું.

૫. 'હરિજન બંધુ' રવિવારને બદલે શનિવારથી પ્રગટ કરવાનું શરૂ થયું.

૬. દરમિયાન—

(૧) તા. ૨૫મીએ 'કાળી કોટડી' ખસેડવાનો સત્યાગ્રહ બંધ થયો (જુઓ તા. ૨-૭-૪૦); છતાં સુભાષ બાબુને છોડયાં નહિ.

(૨) તા. ૨૫ થી ૨૮, વર્કીંગ કમિટી અને ઑ. ઇ. કૉં. ક. ની બેઠકો પૂનામાં મળી.

(૩) તા. ૩૧મીએ ખાન અબ્દુલ ગફાર ખાને ઑ. ઈ. કૉં. ક.માંથી રાજીનામું આપ્યું.

૧૯૪૦—ઑગસ્ટ—સપ્ટેમ્બર

૧ સેવાગ્રામ.

૨ સેવાગ્રામ : મૌલાના અબુલ કલામ આઝાદ સાથે ચર્ચા.

૩ થી ૧૬[1] સેવાગ્રામ.

૧૭ સેવાગ્રામ : મૌલાના અબુલ કલામ અઝાદ ચર્ચા કરવા આવ્યા.

૧૮ થી ૨૩ સેવાગ્રામ–વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૪ સેવાગ્રામ.

૨૫ સેવાગ્રામ : નેતાઓ સાથે ચર્ચા.

૨૬ થી ૩૦ સેવાગ્રામ.

૩૧ સેવાગ્રામ : બનારસ હિન્દુ યુનિ.ના પદવીદાન વ્યાખ્યાન આપવાના નિમંત્રણનો અસ્વીકાર કર્યો. હું વિદ્વાન નથી વગેરે.

સપ્ટેમ્બર

૧ થી ૪ સેવાગ્રામ.

૫ સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● એના સભ્યો સાથેના મતભેદને લીધે ઉપવાસ પર ઉતરવાના વિચાર અંગે મહાદેવભાઈ સાથે ચર્ચા.

૬ સેવાગ્રામ : બેઠક ચાલુ. ● ઉપવાસનો વિચાર માંડી વાળ્યો. ● વેલાયુધન અને દાક્ષાયણીનાં લગ્ન–બંને હરિજન; ગાંધીજીએ કન્યાદાન દીધું.

૭ સેવાગ્રામ.

૮ સેવાગ્રામ : પોળા (જાનવરોને આરામનો દિવસ)ના ઉત્સવમાં હાજર.

૯ થી ૧૬[2] સેવાગ્રામ.

---

૧ દરમિયાન :—

(૧) તા. ૩જીએ મ્હૈસૂરના મહારાજા સર કૃષ્ણરાજ વડિયારનું બેંગલોરમાં અવસાન થયું.

(૨) તા. ૭મીએ વાઈસરૉયે જાહેર કર્યું–રાજ્ય બંધારણની ફેરફારીનો પ્રશ્ન, યુદ્ધ પૂરું થયા પછી હાથ ધરાશે.

(૩) આધાર નં. ૨૬૬ના પાના ૧૫૫ની પાદટીપમાં જણાવ્યું છે કે તા. ૯મીએ ગાંધીજી સિમલા હતા. પણ આ ભૂલ છે.

૨. દરમિયાન તા. ૧૧મીએ, સુભાષચંદ્ર બોઝ સામે, એમના તારીખ ૧૧–૪–૪૦ના રોજ કલકત્તામાંના ભાષણ માટે અને તા. ૧૮–૫–૪૦ના રોજ 'ફોરવર્ડ બ્લૉક' માંના The Day of Reckoning નામના લેખ માટે, ફરિયાદ દાખલ કરવામાં આવી.

૧૯૪૦—સપ્ટેમ્બર

૧૨ મુંબઈ : નેતાઓ સાથે મસલત.

૧૩ થી ૧૬ મુંબઈ : વર્કીંગ કમિટી તથા ઑ. ઈ. કૉ. ક. ની બેઠકોમ હાજર; સવિનય ભંગની તરફેણમાં બોલ્યા; સભ્યો સંમત થયા અને ગાંધીજીને ફરીથી સેનાપતિપદે સ્થાપ્યા.

૧૭ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● વાઈસરૉયની મુલાકાત માગતા પત્રનો મુસદ્દો ઘડયો.

૧૮ મુંબઈ : વાઈસરૉયને પત્ર મોકલ્યો. ● કમિટીની બેઠકમાં હાજર; ફરમાન બહાર પાડયું :—ગાંધીજી તરફથી ચોક્કસ સૂચના ન મળે ત્યાં સુધી કોઇએ સવિનય ભંગ કરવો નહિ. ● 'ન્યુઝ ક્રૉનીકલ'ના ખબરપત્રીને મુલાકાત આપી.[1]

૧૯ થી ૨૫ સેવાગ્રામ.

૨૬ દિલ્હી.

૨૭ સિમલા : ઉતારો રાજા રઘુવિરસિંહના નિવાસસ્થાન 'મૅનોર'માં. ● વાઈસરૉયની મુલાકાત લીધી.

૨૮ સિમલા.

૨૯ સિમલા : આવતી કાલે મૌનવાર (સોમવાર) હતો પણ વાઇસરૉય સાથે ચર્ચા કરવાની હતી તેથી આજે મૌન રાખ્યું.

૩૦ સિમલા : વાઈસરૉય સાથે ચર્ચા. ● વાઈસરૉય તરફથી પત્ર મળ્યો; એમાં તા ૨૭ તથા આજની ચર્ચાના સાર ઉપરાંત હતું-લડાઇ જીતવાના પ્રયત્નોમાં આડખીલીરૂપ હોય એવું કાંઈ ચલાવવા દેવાય નહિ. ● જવાબ લખ્યો—લડાઇ કેવળ શાહીવાદ ટકાવવા જ ચલાવવમાં આવે છે, અને હિંદ તો એનો શિકાર છે. બ્રિટિશ સરકાર કહે છે 'લડાઈમાં હિંદનો ટેકો છે' પણ એ સાચું નથી. દુનિયાને આ બતાવવું એ અમારી ફરજ છે.

---

૧. આધાર નં. ૬૩ના સને ૧૯૪૦ના ભાગ ૧ના પાના ૨૭ ઉપર આનાં તારીખ અને સ્થળ અનુક્રમે ૧૯ અને મુંબઈ જણાવ્યાં છે; પણ આ બંધબેસતાં નથી.

૧૯૪૦—ઑક્ટોબર

૧ દિલ્હી : ઉતારો બિરલા ભુવનમાં. ● હરિજન વસાહતની મુલાકાત લીધી. ત્યાં ખાદી-હૂંડી વેચી અને કાંતણનું પ્રદર્શન જોયું. ● કલકત્તા જતા મહાદેવભાઈ સાથે માંદા કવિવર ટાગોરને પત્ર મોકલ્યો—તમારે હજી થોડો સમય જીવવાની જરૂર છે, માનવજાતને તમારી જરૂર છે.

૨ વર્ધા : પ્રવચનો—ગ્રામ્ય સુધાર સમિતિ સમક્ષ, અને પોતાની વર્ષગાંઠની ઉજવણીની સભામાં. સેવાગ્રામ : વર્ધા આશ્રમની વિદ્યાર્થીનીઓ જન્મતિથિ નિમિત્તે દીર્ઘાયુ ઇચ્છવા આવી.

૩ થી ૧૦[૧] સેવાગ્રામ.

૧૧ થી ૧૨ સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; વાઇસરૉય સાથે થયેલી ચર્ચાનો ખ્યાલ આપ્યો.

૧૩ સેવાગ્રામ : બેઠક ચાલુ; કમિટીએ, ગાંધીજીની સત્યાગ્રહની લડતનું સ્વરૂપ સ્વીકાર્યું. ⇕ પવનાર : વિનોબા સાથે મંત્રણા.

૧૪ સેવાગ્રામ.

૧૫ સેવાગ્રામ : જાહેર કર્યું[૨] :—સીધી લડત ઉપાડવાની શરૂઆત વિનોબા કરશે અને હાલ તુરત માટે એ એમના પોતાના પૂરતી જ મર્યાદિત રહેશે.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૭એ સુભાષ બાબુ ઉપર ડિફેન્સ ઑફ ઇન્ડિયા રૂલ્સ મુજબ તહોમતનામું ફરમાવવામાં આવ્યું.

(૨) મહાદેવભાઈ તા. ૪થીએ કવિવરને મળ્યા, તા. ૫મીએ દાર્જીલિંગમાં બંગાળાના ગૃહપ્રધાનને મળ્યા, તા. ૭મીએ કલકત્તા જેલમાં સુભાષ બાબુને મળ્યા અને તા. ૮મીએ વર્ધા આવ્યા.

(૩) તા. ૧૦મીએ ગટર મુકાદમ મિસ મેયોનું ન્યુ યોર્કમાં અવસાન થયું. (જુઓ તા. ૧૫–૯–૨૭ની પાદટીપ).

૨. આધાર નં. ૨૩૨ના પા. ૩૫૨ ઉપર આની તા. ૧૩ જણાવી છે, પણ એ ભૂલ છે.

૧૯૪૦ ઑક્ટોબર-નવેમ્બર

૧૬ થી ૨૩[1] સેવાગ્રામ.
૨૪ સેવાગ્રામ : હરિજન પત્રો બંધ કરવા વિશે જાહેરાત કરી.
૨૫ થી ૨૮[2] સેવાગ્રામ.
૨૯ થી ૩૦ સેવાગ્રામ : જવાહરલાલ સાથે મંત્રણા.
૩૧[3] સેવાગ્રામ.

નવેમ્બર

૧ થી ૨ સેવાગ્રામ.
૪ થી ૬[4] સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.
૭ સેવાગ્રામ : નેતાઓ સાથે ચર્ચા. ● ડૉ. સુન્દરમ્ (બ્રાહ્મણ કન્યા) અને જી. રામચંદ્રન (નાયર)ના લગ્નમાં હાજર.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ વિનોબાએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો—પવનારમાં બોલ્યા :-ખ્રિસ્તી ધર્મ દુશ્મનને પણ ચાહવાનું કહે છે. વગેરે. વગેરે. તા. ૧૮મીએ સુરગાંવ અને તા. ૧૯મીએ શેલુમાં ભાષણો આપ્યાં. તા. ૨૧મીએ, એમને પકડીને ત્રણ માસની સજા કરવામા આવી.

(૨) તા. ૧૭મીએ, વિઠ્ઠલભાઈ પટેલના વીલની શરતો મુજબ વાપરવા માટે એક લાખ રૂપિયા વલ્લભભાઇએ ઓ. ઈ. કૉ. ક. ને આપ્યા.

(૩) તા. ૧૮મીએ હરિજન પત્રોને સરકાર તરફથી નોટિસ મળી—વિનોબાના સત્યાગ્રહ પૂર્વેના ભાષણો અને સત્યાગ્રહનાં વર્ણનો વગેરે સરકારી અધિકારીને બતાવ્યા વિના છાપશો નહિ.

(૪) યુદ્ધ સંચાલનમાં વિરોધ ઊભો થવાનો સંભવ લાગે તો, કોઈ પણ છાપાં અગર છાપખાનાને, સરકારને પૂછ્યા વિના કાંઈ નહિ છાપવાનું ફરમાવવાની સત્તા સઘળી સરકારોને આપતો વટહુકમ તા. ૨૧મીએ બહાર પડયો.

૨. ગાંધીજી ઉપવાસ ઉપર ઊતરવા વિચારે છે એ મતલબનો તાર તા. ૨૮મીના અરસામાં મહાદેવભાઇએ જવાહરલાલને કર્યો.

૩. યુદ્ધ સંચાલનના પ્રયાસોની વિરુદ્ધમાં ભાષણો કરવાના ગુનાસર જવાહરલાલની અલાહાબાદમાં ધરપકડ કરવામાં આવી.

૪. દરમિયાન તા. ૫મીએ જવાહરલાલને ચાર વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી.

૧૯૪૦—નવેમ્બર-ડિસેમ્બર

૮ સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● શરદ પારનેરકર અને ઉજ્જનવાળા માચવેના લગ્નમાં હાજર.

૯ સેવાગ્રામ : 'હરિજન બંધુ'નો છેલ્લો અંક. 'વાંચનાર પ્રત્યે'નો લેખ લખી પત્રો બંધ કરવાના કારણો સમજાવ્યાં.

૧૦ સેવાગ્રામ : ચરખા સંઘની બેઠકમાં હાજર.

૧૧[1] સેવાગ્રામ.

૧૨ થી ૧૩ સેવાગ્રામ : એક સાથીએ, બીજા એક સાથીનાં પત્ર અને પૅન ચોર્યાં હતાં એવો વહેમ પડતાં બંને દિવસ ઉપવાસ.

૧૪ થી ૧૭[2] સેવાગ્રામ.

૧૮ સેવાગ્રામ : 'સ્ટેટ્સમૅન'ના તંત્રી આર્થર મૂર મળવા આવ્યા.

૧૯ થી ૨૧ સેવાગ્રામ.

૨૨ થી ૨૩ સેવાગ્રામ : ચીનના ચાંગ-કાઈ-શેકનો સંદેશો લઈ ત્યાંના આગેવાનો મુલાકાતે આવ્યા; ચર્ચા.

૨૪ થી ૩૦[3] સેવાગ્રામ.

ડિસેમ્બર

૧ થી ૬[4] સેવાગ્રામ.

૭ સેવાગ્રામ : કોમવાર ક્રિકેટ મેચોનો વિરોધ કરતું નિવેદન કર્યું.

૮ થી ૧૩[5] સેવાગ્રામ.

---

૧. છાપાં અને છાપખાનાં ઉપર મૂકેલો પ્રતિબંધ (જુઓ. તા. ૨૧-૧૦-૪૦) સરકારે ઉઠાવી લીધો.

૨. દરમિયાન તા. ૧૭મીએ સરદાર વલ્લભભાઈની ધરપકડ થઈ; અને પછી આખા દેશમાં ધરપકડો શરૂ થઈ.

૩. દરમિયાન તા. ૨૬મીએ સુભાષ બોઝે સરકારને કાગળ લખી જણાવ્યું કે મને છોડો; નહિ તો હું ૨૯મીથી ઉપવાસ પર ઊતરીશ.

૪. દરમિયાન—

(૧) તા. ૩જીએ રમા અને શ્રીનિવાસનાં લગ્ન સેવાગ્રામમાં થયાં.

(૨) તા. ૫મીએ સુભાષ બાબુનો નજરકેદમાંથી છુટકારો થયો; અલબત્ કેસ ઊભો રહ્યો.

૫. દરમિયાન તા. ૧૧મીએ સરોજિની નાયડુને; નબળી તબિયતને કારણે જેલમાંથી છોડવામાં આવ્યાં.

૧૯૪૦—ડિસેમ્બર; ૧૯૪૧—જાન્યુઆરી

૧૪ સેવાગ્રામ : સરોજિની નાયડુ મળવા આવ્યા.

૧૫ થી ૧૬ સેવાગ્રામ.

૧૭ સેવાગ્રામ : નાતાલમાં સત્યાગ્રહ બંધ રાખવા સૂચના આપી.

૧૮ થી ૨૩[1] સેવાગ્રામ.

૨૪ સેવાગ્રામ : હિટલરને બીજો પત્ર લખ્યો.[2]

૨૫ થી ૨૮ સેવાગ્રામ.

૨૯ સેવાગ્રામ : સુભાષબાબુના તા. ૨૩મીના પત્રનો જવાબ—આપણી વચ્ચેના અગત્યના અને મૂળભૂત ભેદોને લીધે તમારી માંગણી સ્વીકારી શકાય એમ નથી.

૩૦ થી ૩૧ સેવાગ્રામ.

૧૯૪૧—જાન્યુઆરી

૧ થી ૧૨[3] સેવાગ્રામ.

૧૩ સેવાગ્રામ : નિવેદન—એક વખત આગેકદમ કર્યા પછી પીછેહઠ કરવાનો

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૦મીના અરસામાં, હિટલર તરફથી જવાબ આવી ગયો હશે એમ લાગે છે. (જુઓ તા. ૨૩-૭-૩૯. એમ જણાય છે કે એ પત્રની નકલ ઇંગ્લાંડમાં પહોંચી હતી).

(૨) તા. ૨૩મીએ વિલાયતની પાર્લમેન્ટના કેટલાક સભ્યોએ હિંદી પ્રજાને ઉદ્દેશીને એક પત્ર લખ્યો—તમને સંપૂર્ણ આઝાદી આપવાનો અમારો નિર્ધાર છે, એ પહેલાં સાંસ્થાનિક દરજ્જો આપીશું, અને વચગાળાના સમયમાં કામચલાઉ ગોઠવણ કરવી પડશે.

(૩) તા. ૨૩મીએ, સત્યાગ્રહમાં ઝંપલાવવા પોતાની તૈયારી દર્શાવતો પત્ર, સુભાષબાબુએ ગાંધીજીને લખ્યો.

૨. સરકારે એ જવા ન દીધો.

૩. દરમિયાન—

(૧) તા. ૮મીએ મૌલાના અબુલ કલામ આઝાદને ૧૮ માસની સજા થઈ.

(૨) ગાંધીજીના તા. ૨૯-૧૨-૪૦ના પત્રના જવાબમાં તા. ૧૦મીએ સુભાષ બાબુએ લખ્યું—ફરીથી વિચાર કરો, મતભેદો વચ્ચે નહિ આવે.

પ્રશ્ન જ નથી......નવા રાહબારો નહિ નિમાય. પ્રજાએ પોતે રાહબાર બનવાનું છે.

૧૪ સેવાગ્રામ.

૧૫[૧] સેવાગ્રામ. મિસ ફિન્નાર્ડ[૨] મળવા આવ્યા.

૧૬ થી ૨૪[૩] સેવાગ્રામ.

૨૫ સેવાગ્રામ : એક જણને લખ્યું—જર્મનીની રીતે લડતાં બ્રિટન જીતે તો દુનિયા વધુ સુખી થશે એમ હું માનતો નથી.

૨૬ થી ૨૭ સેવાગ્રામ.

૨૮ સેવાગ્રામ : સુભાષ બાબુના તા. ૧૦મીના પત્રનો જવાબ લખ્યો હતો પરંતુ એ ગુમ થયો છે એમ માલૂમ પડ્યું એટલે ફોરવર્ડ બ્લૉકના મંત્રીને ફરીથી લખ્યું—મતભેદો મૂળભૂત છે; હિંસાથી મેળવેલું સ્વરાજ અહિંસાથી મેળવેલા સ્વરાજથી જુદું જ હશે.

૨૯ થી ૩૧ સેવાગ્રામ.

---

૧. વિનોબા છૂટ્યા.

૨. તા. ૨૦-૭-૪૦ના રોજ મળવા આવ્યાં હતાં તે જ આ બાઈ હશે.

૩. દરમિયાન—

(૧) તા. ૧૬મીએ, મુંબઇનો દારૂબંધી કાયદો ગેરકાયદે ઠરાવતા હાઇકોર્ટનો હુકમ (જુઓ તા ૧-૭-૪૦ની પાદટીપ) સામે ફેડરલ કોર્ટને અપીલ કરવાની પરવાનગી આપવાની ના પાડવામાં આવી.

(૨) તા. ૧૭મીએ સુભાષ બાબુ અદૃશ્ય થઈ ગયા. (આધાર નં. ૨૩૨ના પા. ૩૫૩ ઉપર આની તા. ૨૭ જણાવી છે, પણ એ ભૂલ છે). એમના ઉપરના કેસની (જુઓ તા. ૫-૧૨-૪૦) મુદત તા. ૧૩-૧-૪૧ના રોજ હતી પરંતુ એ દિવસે એમની તબિયત નરમ હોવાથી કેસ તા. ૨૭-૧-૪૧ ઉપર મુલતવી રાખવામાં આવ્યો હતો.

(૩) તા. ૧૭મીએ વિનોબાએ ફરીથી સત્યાગ્રહ કર્યો. તા. ૨૨મીએ એમની ધરપકડ કરવામાં આવી અને તા. ૨૪મીએ એમને છ માસની સજા કરવામાં આવી.

૧૯૪૧—ફેબ્રુઆરી-માર્ચ

૧ થી ૩ સેવાગ્રામ.

૪ સેવાગ્રામ : સરોજિની નાઈડુ તથા કૃપલાની સાથે મસલત.

૫ થી ૧૩ સેવાગ્રામ.

૧૪ સેવાગ્રામ : વિજયનગરનાં રાણી આવ્યાં; એમના પતિ સત્યાગ્રહ કરવાની રજા માગવા આવે તો ના પાડવા વિનંતી કરી.

૧૫ થી ૨૫[1] સેવાગ્રામ.

૨૬ સેવાગ્રામ : વિજયનગરના સર વિજયકુમાર સત્યાગ્રહ કરવાની પરવાનગી માગવા આવ્યા પણ ના પાડી—કુટુમ્બનો વિરોધ છે (જુઓ તા. ૧૪-૨-૪૧) અને સત્યાગ્રહીની પ્રતિજ્ઞાઓ પાળી નથી.

૨૭ જબલપુર : ભેડાઘાટ સ્ટેશને ઊતર્યા. ● ત્રણ કલાક રોકાયા દરમિયાન Marble Rocks જોયા અને નૌકાવિહાર માણ્યો. ⇕ અલાહાબાદ : ચોકી સ્ટેશને ઊતર્યા; ઉતારો આનંદ ભવનમાં.

૨૮ અલાહાબાદ : હરિજન આશ્રમની મુલાકાત. ● કમલા નહેરુ હૉસ્પિટલની ઉદ્‌ઘાટન વિધિ. ● બંગાળાના નેતાઓ સાથે ચર્ચા. ● સર તેજ બહાદુર સપ્રુ અને પંડિત મદન મોહન માલવિયાને મળવા ગયા.

માર્ચ

૧ અલાહાબાદ : નૈની જેલમાં મૌલાના અબુલ કલામ આઝાદની મુલાકાત.

૨ થી ૨૮[2] સેવાગ્રામ.

---

૧. આધાર નં. ૬૩ના સને ૧૯૪૧ના ભાગ ૧ના પાના ૪૦ ઉપર જણાવ્યું છે કે તા. ૧૫મીએ ગાંધીજી મુંબઈ હતા; પણ એ બંધબેસતું નથી.

૨. દરમિયાન—

(૧) તા. ૧૨મીએ, સરકારે, સુભાષ બાબુની સ્થાવર મિલકત ઉપર ટાંચ મૂકી.

(૨) તા. ૧૩, ૧૪ અને ૧૬ના રોજ સર તેજ બહાદુર સપ્રુના પ્રમુખપદે મુંબઈમાં બિન-પક્ષીય નેતાઓની પરિષદ મળી.

(૩) તા. ૨૩મીએ 'પાકિસ્તાન-દિન' ઉજવવામાં આવ્યો.

૧૯૪૧-માર્ચ થી મે

૨૯ સેવાગ્રામ : હરિજન પત્રો શરૂ કરવાનું વિચાર્યું હતું પરંતુ આજે, સરકાર તરફથી એવા પ્રકારનાં બંધનો મુકતો પત્ર આવ્યો કે જે જોતાં વિચાર માંડી વાળ્યો.

૩૦ થી ૩૧ સેવાગ્રામ.

એપ્રિલ

૧ થી ૧૮[1] સેવાગ્રામ.

૧૯ સેવાગ્રામ : નિવેદન—સવિનય ભંગની લડતની ભૂમિકા નૈતિક છે, એ કોઈની વિરોધી નથી; એટલે એ પાછી ખેંચી લેવાનો પ્રશ્ન જ નથી.

૨૦ થી ૩૦[2] સેવાગ્રામ.

મે

૧ સેવાગ્રામ.

૨ સેવાગ્રામ. વર્ધા : મિત્ર (પૂનાવાળા) જે પી. ત્રિવેદીની સ્મશાન યાત્રામાં હાજર.

---

૧. દરમિયાન—

(૧) તા. ૭મીએ સર તેજ બહાદુર સપ્રુ વાઈસરૉયને મળ્યા.

(૨) તા. ૧૨મીએ કોચીનના મહારાજા શ્રીરામ વર્માનું ચોવેરામાં અવસાન થયું.

(૩) તા. ૧૮મીએ અમદાવાદમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું.

૨. (૧) આધાર નં. ૬૩ના સને ૧૯૪૧ના ભાગ ૧ના પાના ૬૨ ઉપર જણાવ્યું છે કે તા. ૨૧મીએ ગાંધીજી મુંબઈ હતા; પરંતુ આ બંધબેસતું નથી.

(૨) તા. ૨૫મીથી ગાંધીજીએ ૭૨ કલાકનો ઉપવાસ કર્યો હતો. ઉપવાસનું કારણ માલૂમ પડ્યું નથી. એવું અનુમાન થઈ શકે કે તા. ૧૮-૪-૪૧ના રોજ અમદાવાદમાં થયેલા કોમી હુલ્લડને કારણે આ ઉપવાસ હશે.

૧૯૪૧—મે થી જુલાઈ

૩ થી ૧૪[1] સેવાગ્રામ.

૧૫ સેવાગ્રામ : મહારાષ્ટ્ર પ્રાંતિક સમિતિના પ્રમુખ ગોસાવી અને પૂનાના ડૉ. લાગુ સાથે ચર્ચા.

૧૬ થી ૩૧[2] સેવાગ્રામ.

જૂન

૧ થી ૧૨ સેવાગ્રામ.

૧૩ સેવાગ્રામ : વિઝાગાપટ્ટમ્ બંદરે, સિંધિયા કંપની તરફથી બંધાનારી ગોદીના તા. ૨૧મીએ થનારા ખાત મુહૂર્ત અંગે સંદેશો મોકલ્યો.

૧૪ થી ૨૮[3] સેવાગ્રામ.

૨૯ સેવાગ્રામ : હિંદુ-મુસ્લિમ ઐકય વચ્ચે સમાધાન.

૩૦ સેવાગ્રામ.

જુલાઈ

૧ થી ૧૧[4] સેવાગ્રામ.

૧૨[5] સેવાગ્રામ : ખાન અબ્દુલ ગફારખાન સાથે મંત્રણા.

---

૧. દરમિયાન—

તા. ૪થીએ ઝીણા બોલ્યા :-બિન-પક્ષીય નેતા પરિષદ (જુઓ તા. ૧૩, ૧૪ અને ૧૯ માર્ચ) કોંગ્રેસીઓએ ગોઠવી હતી.

૨. દરમિયાન તા. ૧૯મીએ, કોંગ્રેસના એક વખતના પ્રમુખ શ્રીનિવાસ આયંગરનું મદ્રાસમાં અવસાન થયું.

૩. દરમિયાન તા. ૨૫ના અરસામાં ક. મા. મુનશી કોંગ્રેસમાંથી છૂટા થયા

૪. દરમિયાન તા. ૧લીએ ‘લીડર’ના તંત્રી સી. વાય. ચિંતામણીનું અલાહાબાદમાં અવસાન થયું.

૫. વિનોબા છૂટયા.

૧૯૪૧-જુલાઈ-ઑગસ્ટ

૧૩ થી ૨૧[1] સેવાગ્રામ.

૨૨ સેવાગ્રામ : વાઈસરૉયની તા. ૨૧મીના જાહેરાત અંગે નિવેદન—આનાથી કૉંગ્રેસે જે માગ્યું છે તે મળતું નથી.

૨૩ થી ૩૧[2] સેવાગ્રામ.

ઑગસ્ટ

૧ સેવાગ્રામ. વર્ધા : ખાદી વિદ્યાલયનુ ઉદ્ઘાટન.[3]

૨ થી ૧૬[4] સેવાગ્રામ.

૧૭ સેવાગ્રામ : કવિવર ટાગોરના શ્રાદ્ધ દિનની ઉજવણીમાં ભાગ લીધો.

૧૮ થી ૨૫[5] સેવાગ્રામ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૪મીએ વિનોબાની ધરપકડ થઈ અને તા. ૧૬મીએ એમને એક વર્ષની સજા થઈ.

(૨) તા. ૨૧મીએ, પોતાની ઍક્ઝીક્યુટીવ કાઉન્સિલ વિસ્તારવા અંગે વાઇસરૉયે જાહેરાત કરી અને નવા સભ્યોનાં નામ બહાર પાડયાં.

૨. દરમિયાન—

(૧) તા. ૨૫મીથી 'ખાદી જગત' શરૂ થયું.

(૨) તા. ૨૬ અને ૨૭મીએ પૂનામાં, બિન-પક્ષીય નેતાઓની પરિષદ સર તેજ બહાદુર સપ્રુના પ્રમુખપદે મળી.

૩. આધાર નં. ૬૩ના ૧૯૪૧ના ભાગ ૨ના પાના ૧૦ ઉપર આની તારીખ ૩ જણાવી છે.

૪. દરમિયાન—

(૧) તા. ૭મીએ કવિવર ટાગોરનું કલકત્તામાં અવસાન થયું.

(૨) તા. ૧૨મીએ, એક વખતના વાઇસરૉય લૉર્ડ વિલીંગ્ડનનું લંડનમાં અવસાન થયું.

૫. દરમિયાન તા. ૨૦મીએ—

(૧) સરદાર વલ્લભભાઇને વૈદકીય કારણસર છોડયા.

(૨) ઝુરીચનાં મિસ એલી ઝોલીંગરે મદ્રાસમાં સત્યાગ્રહ કર્યો.

૧૯૪૧ ઑગસ્ટ થી ઑક્ટોબર

૨૯ સેવાગ્રામ : અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની બેઠક.

૩૦ થી ૩૧[1] સેવાગ્રામ.

સપ્ટેમ્બર

૧ થી ૧૩[2] સેવાગ્રામ.

૧૪ સેવાગ્રામ : સિંધના વડા પ્રધાન અલ્લાબક્ષ મંત્રણા માટે આવ્યા.

૧૫ થી ૧૭[3] સેવાગ્રામ.

૧૮ સેવાગ્રામ. વર્ધા : ગાંધી જયન્તી અંગેના કાંતણ કાર્યક્રમમાં ભાગ લીધો.

૧૯ થી ૨૬ સેવાગ્રામ.

૨૭ સેવાગ્રામ : હૃદયનાથ કુંઝરૂ તથા કોદંડરાવ મળવા આવ્યા.

૨૮ થી ૨૯ સેવાગ્રામ.

૩૦ સેવાગ્રામ ⇕ નલવાડી : ગોસેવા સંઘની બેઠકમાં હાજર.[4]

ઑક્ટોબર

૧ સેવાગ્રામ.

૨[5] સેવાગ્રામ : ગાંધી જયન્તી (અંગ્રેજી તારીખ) અંગે વર્ધા મહિલા આશ્રમની વિદ્યાર્થીનીઓએ પોતે વણેલી ધોતી ભેટ ધરી; એમની સમક્ષ પ્રવચન કર્યું તથા સમૂહ કાંતણમાં ભાગ લીધો.

૩ થી ૬[6] સેવાગ્રામ.

૭ સેવાગ્રામ. વર્ધા : ચરખા સંઘની બેઠકમાં પ્રમુખપદે; સંઘની આવક

---

૧. દરમિયાન તા. ૩૦મીએ, સૌરાષ્ટ્રના કાર્યકર્તા ફુલચંદભાઈનું વઢવાણમાં અવસાન થયું.

૨. દરમિયાન તા. ૧ના અરસામાં કવિવર ટાગોરની વિશ્વભારતીના પ્રમુખપદે ગાંધીજીનું નામ સૂચવાયું; એમણે ના પાડી.

૩. દરમિયાન તા. ૧૬મીએ ભૂલાભાઈ દેસાઈને વૈદકીય કારણસર છોડયા.

૪. આજથી નલવાડીના ઉત્તર ભાગનું નામ ગોપુરી રાખવામાં આવ્યું.

૫. અસફ અલી છૂટયા.

૬. દરમિયાન તા. ૬ઠ્ઠીએ રાજાજી છૂટયા.

૧૯૪૧—ઑક્ટોબર થી ડિસેમ્બર

ઉપર સરકારે ઈન્કમટેક્સ નાખ્યો હતો તેની સામે પ્રીવી કાઉન્સિલમાં અપીલ કરવાનો નિર્ણય લેવાયો.

૮ થી ૧૪ સેવાગ્રામ.

૧૫ સેવાગ્રામ : અસફ અલી અને રાજેન્દ્ર બાબુ મળવા આવ્યા.

૧૬ થી ૨૨ સેવાગ્રામ.

૨૩ સેવાગ્રામ : સિંધના વડા પ્રધાન અલ્લાબક્ષ સાથે મંત્રણા.

૨૪ થી ૩૧[1] સેવાગ્રામ.

નવેમ્બર

૧ થી ૧૨[2] સેવાગ્રામ.

૧૩ સેવાગ્રામ : દેશી રાજ્યોની પ્રજાપરિષદની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં પ્રવચન.

૧૪ થી ૨૬[3] સેવાગ્રામ.

૨૭ સેવાગ્રામ : અમદાવાદમાં તા. ૪-૧૨-૪૧ના રોજ ઉજવાનારા મજૂર-દિન અંગે સંદેશો મોકલ્યો.

૨૮ થી ૩૦ સેવાગ્રામ.

ડિસેમ્બર

૧ થી ૩[4] સેવાગ્રામ.

---

૧. દરમિયાન તા. ૨૯થી મુસ્લિમ લીગનું અઠવાડિક પત્ર Dawn દિલ્હીમાંથી શરૂ થયું.

૨. દરમિયાન—

(૧) તાલીમ સંઘની બેઠકો મળી.

(૨) તા. ૧૦મીના અરસામાં એવી અફવા ઊડી કે સુભાષ બાબુ રોમ અગર બર્લીનમાં છે. દુશ્મનો સાથે મળી ગયા છે અને હિંદ ઉપર ચઢાઈ લાવવા ઈરાદો સેવે છે.

૩. દરમિયાન તા. ૧૮મીએ દાદાસાહેબ માવળંકર છૂટયા.

૪. દરમિયાન તા. ૩જીએ સરકારે જાહેરાત કરી કે સત્યાગ્રહી કેદીઓને છોડવાની નીતિ સરકારે અપનાવી છે.

૧૯૪૧-ડિસેમ્બર; ૧૯૪૨-જાન્યુઆરી

૪[1] સેવાગ્રામ : નિવેદન—સરકારે જાહેર કરેલી નીતિના કોઈ ઇચ્છવાલાયક કે આનંદદાયક પ્રત્યાઘાત મારામાં પડયા નથી.

૫ થી ૯[2] સેવાગ્રામ.

૧૦ થી ૧૬[3] બારડોલી.

૧૭ થી ૧૯ બારડોલી : ચરખા સંઘની બેઠકોમાં હાજર.

૨૦ બારડોલી : મુંબઈ ભગિની સમાજના રજત મહોત્સવ અંગે સંદેશો મોકલ્યો.

૨૧ થી ૨૨ બારડોલી.

૨૩ થી ૨૯ બારડોલી : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર અને (૨૯મીએ તો મૌનવાર તોડીને પણ) બોલ્યા.

૩૦ બારડોલી : બેઠકમાં હાજર; ગાંધીજીને નેતાગીરીમાંથી મુકત કરવા ઠરાવ થયો. ● નિવેદન—હવે સમાધાનની ચાવી સરકારના હાથમાં છે.

૩૧ બારડોલી.

૧૯૪૨—જાન્યુઆરી

૧ થી ૩[4] બારડોલી.

૪ બારડોલી : પ્રાંતિક સમિતિના સભ્યોને અને કાર્યકર્તાઓને સંબોધન—મારો અભિપ્રાય ગમે એ હોય, તમારે તમારો અંતરાત્મા કહે તે કરવાનું છે.

---

૧. જવાહરલાલ, મૌલાના આઝાદ વગેરે છૂટયા.

૨. દરમિયાન તા. ૮મીએ—

(૧) જાપાને, અમેરિકા અને બ્રિટન સામે યુદ્ધ જાહેર કર્યું.

(૨) આશ્રમમાં રહેતા જાપાનીસ સાધુ જી. હેઈશાઓની ધરપકડ કરવામાં આવી; રોજ પ્રાર્થનામાં વગાડતા હતા તે વાજિંત્ર ગાંધીજીના ચરણે ધરી એમણે વિદાય લીધી.

૩. દરમિયાન તા. ૧૧મીએ જર્મનીએ અને ઇટાલીએ અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

૪. દરમિયાન તા. ૨૭એ ભિક્ષુ અખંડાનંદનું નડિયાદમાં અવસાન થયું.

૧૯૪૨—જાન્યુઆરી

૫ થી ૬ બારડોલી.

૭ બારડોલી : નિવેદન-વર્કીંગ કમિટીના નિર્ણયના પ્રત્યાઘાતો જોતાં એમ લાગે છે કે મારી જવાબદારી વધી છે; હું છૂટો થયો છું એનો અર્થ એ નથી કે કોંગ્રેસીઓ તરફ હું બેદરકાર છું.

૮[1] બારડોલી : ખાદી વિદ્યાલયની ગુજરાત શાખાનું ઉદ્ઘાટન કર્યું. ● મધ્ય અને પશ્ચિમ હિંદના હરિજન કાર્યકર્તાઓ સમક્ષ પ્રવચન.

૯ બારડોલી.

૧૦ થી ૧૨[2] સેવાગ્રામ.

૧૩ થી ૧૪ સેવાગ્રામ-વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૫ સેવાગ્રામ : બેઠક ચાલુ; બોલ્યા—મારા રાજકીય વારસ[3] રાજાજી અગર વલ્લભભાઈ નથી પણ જવાહરલાલ છે; અમારી વચ્ચે રાજકીય મતભેદો છે પણ તડ નથી.

૧૬[4] સેવાગ્રામ-વર્ધા : વર્કીંગ કમિટીની તથા ઓ. ઈ. કોં. ક. ની બેઠકમાં હાજર તથા બોલ્યા.

૧૭ સેવાગ્રામ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● એના સભ્યો તથા બીજા કાર્યકર્તાઓને સંબોધન—રચનાત્મક કાર્યમાં લાગી જાવ.

૧૮[5] સેવાગ્રામ : 'હરિજન બંધુ'મા લખ્યું—વ્યકિતગત સત્યાગ્રહના કારણે સરકારે પગલાં ભરવાં પડે (જુઓ તા. ૧૬ થી ૨૩-૧૦-૪૦ની પાદટીપ) એટલે મેં જ આ પત્રો બંધ કર્યા હતા (જુઓ તા. ૨૪-૧૦-૪૦). પણ હવે, લડાઈની ભીષણતાએ લોકોનાં રોજબરોજનાં જીવનને અસર કરી છે એ જોતાં, એના નિકાલ માટેના સરકારના પ્રયત્નોમાં માનતા છતાં, લોકોએ સ્વેચ્છાએ મદદ કરવી જોઇએ. એના માર્ગદર્શન માટે પત્રો શરૂ કરવામાં આવે છે.

૧૯ સેવાગ્રામ.

---

૧. સર અકબર હૈદરીનું દિલ્હીમાં અવસાન થયું.

૨. આધાર નંબર ૧૧૬ના ભાગ ૨ ના પાના ૪૯૪ ઉપર એમ જણાવ્યું છે કે ગાંધીજી તા. ૧૦ સુધી બારડોલી રહ્યા હતા; પણ એ ૯મીએ ત્યાંથી નીકળી ગયા હતા.

૩. Politcal successor.

૪. કચ્છના મહારાવ શ્રી. સવાઇ ખેંગારશ્રીનું ભૂજમાં અવસાન થયું.

૫. હરિજન પત્રો અમદાવાદમાંથી નીકળવા લાગ્યાં.

૧૯૪૨-જાન્યુઆરી-ફેબ્રુઆરી

૨૦ જબલપુર : માંદા શેઠ ગોવિન્દદાસને જોવા ગયા. ⇕ બનારસ : ઉતારો હિંદુ યુનિવર્સિટીમાં સર રાધાકૃષ્ણનને ત્યાં.

૨૧ બનારસ : સવારે માલવિયાજી સાથે વાતચીત; માંદા શિવપ્રસાદ ગુપ્તાને જોવા ગયા. હિંદુ યુનિવર્સિટીના પચ્ચીસમા રજત્ મહોત્સવ[1] પ્રસંગે પ્રવચન—ઉર્દૂનું પર્શિયનકરણ અને અને હિંદીનું સંસ્કૃતકરણ વખોડ્યું.[2]

૨૨ બનારસ ⇕ સારનાથ ⇕ બનારસ : સંયુક્ત પ્રાંતના કોંગ્રેસી કાર્યકરો સમક્ષ પ્રવચન. સ્થળ સેવાશ્રમ. ● ભારત માતા મંદિર તથા પુસ્તકાલયની મુલાકાત. ● આયુર્વેદિક કૉલેજ ભવનની શિલારોપણ વિધિ. ● યુનિવર્સિટીની મહિલા કૉલેજના મેદાનમાં પ્રાર્થના. ● વિદ્યાર્થીઓની સભાને ઉદ્દેશી ખાદી અને ગ્રામોદ્યોગની ચીજો અપનાવવા આગ્રહ કર્યો. ● રાત્રે માલવિયાજી જોડે ખાનગીમાં ચર્ચા.

૨૩ બનારસ : રજત્ જયન્તીની પૂર્ણાહુતિ વખતે હાજર.

૨૪ નાગપુર : ચોખામેળા હરિજન છાત્રાલયના રજત્ મહોત્સવ પ્રસંગે પ્રવચન; આંબેડકરવાદીઓનું તોફાન. ⇕ સેવાગ્રામ.

૨૫ થી ૨૮ : સેવાગ્રામ.

૨૯ સેવાગ્રામ : ખાદી વિદ્યાલયમાંથી અભ્યાસ પૂરો કરી જનારને સંબોધન.

૩૦ થી ૩૧ : સેવાગ્રામ.

ફેબ્રુઆરી

૧ સેવાગ્રામ : અખિલ ભારત ગોસેવા સંઘની પરિષદનું ઉદ્ઘાટન.

૨ થી ૧૦ સેવાગ્રામ.[3]

---

૧. 'હરિજન બંધુ'ના તા. ૧-૨-૪૨ના અંકના પાના ૧૭ ઉપર આની તા. ૨૧-૧-૪૧ જણાવી છે એ મુદ્રણદોષ છે.

૨. સતિશ કાલેલકરને ઘેર ગયા.

૩. દરમિયાન—(૧) તા. ૮મીએ, ખાન અબ્દુલ ગફાર ખાને વર્કીંગ કમિટીમાંથી રાજીનામું આપ્યું—અહિંસા વિશેના મારા વિચારો એમના વિચારો સાથે બંધબેસતા નથી.

(૨) તા. ૯મીએ, માર્શલ અને મૅડમ ચ્યાંગ-કાઈ-શેક દિલ્હી આવ્યાં અને વાઈસરોયના મહેમાન બન્યાં; અને તા. ૧૦મીએ જવાહરલાલ એમને મળ્યા. પછી તા. ૧૧મીએ જવાહરલાલ અને મૌલાના આઝાદ એમને મળ્યા; અને તા. ૧૨મીએ જવાહરલાલ ફરીથી એમને મળ્યા—બધી મુલાકાતો દિલ્હીમાં.

૧૯૪૨ ફેબ્રુઆરી-માર્ચ

૧૧ સેવાગ્રામ : વર્ધા–જમનાલાલ બજાજને જોવા ગયા. એમની આખર ઘડીઓ હતી.[1]

૧૨ થી ૧૭[2] સેવાગ્રામ.

૧૮[3] કલકત્તા : ઉતારો બિરલા પાર્કમાં. ● મૅડમ અને માર્શલ ચ્યાંગ–કાઈ–શેક મળવા આવ્યાં, સાડાચાર કલાક મુલાકાત, છૂટા પડતી વખતે ગાંધીજીએ પોતાના હાથે કાંતેલુ સૂતર પતિને અને ધનુષતકલી પત્નીને ભેટ આપ્યાં.[4]

૧૯ રસ્તામાં.

૨૦ સેવાગ્રામ વર્ધા : જમનાલાલ બજાજનું કામ ચાલુ રાખવા અંગેની મંત્રણામાં ભાગ લીધો, સ્થળ સકસેરિયા કૉલેજ.

૨૧ થી ૨૮[5] સેવાગ્રામ.

માર્ચ

૧ થી ૧૬[6] સેવાગ્રામ.

---

૧. જમનાલાલ બજાજનું વર્ધામાં અવસાન થયું. આધાર નં. ૨૩૨ના પાના ૩૫૫ ઉપર આની તા. ૭ છે પણ એ ભૂલ છે.

૨. દરમિયાન—

(૧) તા. ૧૫મીએ જાપાને સિંગાપુર જીત્યું.

(૨) તા. ૧૭મીએ માર્શલ અને મૅડમને, ઝીણા, કલકત્તામાં મળ્યા.

૩. સર સ્ટેફર્ડ ક્રિપ્સ બ્રિટિશ પ્રધાનમંડળમાં લેવાયા.

૪. એ લોકોની ઇચ્છા ગાંધીજીને મળવા વર્ધા જવાની હતી પણ વાઈસરૉયની એવી ઇચ્છા નહોતી એટલે ત્યાં ગયા નહોતા.

૫. દરમિયાન—

(૧) તા. ૨૧ અને ૨૨ના રોજ બિન-પક્ષીય નેતાઓની પરિષદ તેજ બહાદુર સપ્રુના પ્રમુખપદે ન્યુ દિલ્હીમાં મળી.

(૨) તા. ૨૬ના અરસામાં ગાંધીજીની સંમતિથી ઈંદિરા નહેરુ અને ફિરોઝ ગાંધીના વેવિશાળ થયા.

૬ દરમિયાન—

(૧) તા. ૧થી મરાઠી 'હરિજન' શરૂ થયું.

(૨) તા. ૧૦મીએ જાપાને રંગુન જીત્યું.

(૩) તા. ૧૧મીએ બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે હિંદુસ્તાનને આપવાના રાજકીય સુધારાનો ખરડો લઇ ક્રિપ્સ હિન્દુસ્તાન જશે.

૧૯૪૨—માર્ચ

૧૭ થી ૧૮ સેવાગ્રામ-વર્ધા :વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૧૯ થી ૨૪[1] સેવાગ્રામ.

૨૫[2] સેવાગ્રામ : ક્રિપ્સના તારના જવાબમાં-તમને મળવા દિલ્હી આવીશ.

૨૬[3] રસ્તામાં.

૨૭ દિલ્હી[4] : નિઝામુદ્દીન સ્ટેશને ઊતર્યા. ● ક્રિપ્સને મળ્યા; એમણે સુધારાની વિગતો આપી; એ વાંચીને કહ્યું—આ જ જો આપવાનું હતું તો તમે શા માટે આટલે લાંબે આવવાની તકલીફ લીધી? મારી તો તમને સલાહ છે કે તમે અબઘડીએ જતા વિમાનમાં પાછા જાવ. ● ક્રિપ્સની દરખાસ્ત અંગે કહ્યું— આ તો ભવિષ્યમાં સ્વીકારવાનો ચેક[5] છે.

૨૮ ન્યુ દિલ્હી.

૨૯ ન્યુ દિલ્હી[6] : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૩૦ ન્યુ દિલ્હી : સપ્રુ મળવા આવ્યાં અને ક્રિપ્સ સાથે તડજોડ કરવા સૂચવ્યું ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● અંગ્રેજોએ હિંદ છોડવું જોઇએ એવો વિચાર મનમાં ઊગ્યો.

૩૧ ન્યુ દિલ્હી : બેઠક ચાલુ.

---

૧. દરમિયાન તા. ૨૩મીએ ક્રિપ્સ, બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે દિલ્હી આવ્યા આધાર નં. ૧૭૨ અને ૨૩૨માં તા. ૨૫ છે; પણ એ ભૂલ છે.

૨. ક્રિપ્સને, મૌલાના આઝાદ તથા ઝીણા મળ્યા.

૩. ઇંદિરા તથા ફિરોઝ ગાંધીનાં લગ્ન, વૈદિક વિધિથી અલાહાબાદમાં થયા.

૪. આધાર નં ૧૧૬ના ભાગ ૨ના પાના ૫૦૩ ઉપર દિલ્હી આવ્યા તા. ૨૮ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૫. Post-dated cheque.

૬. ક્રિપ્સે પોતાની દરખાસ્તો જાહેર કરી, એમાં મહત્ત્વની વાત એ હતી કે બચાવ ખાતું કોઈ દિવસ હિંદીઓના હાથમાં રખાશે નહિ.

૧૯૪૨-એપ્રિલ

૧ થી ૪ ન્યુ દિલ્હી[1] : બેઠક ચાલુ.

૫[2] રસ્તામાં.

૬ થી ૧૮[3] સેવાગ્રામ.

૧૯ સેવાગ્રામ : 'હરિજન બંધુ'ના તા. ૨૬મીના અંકમાં છપાયેલો 'હિંદમાં પરદેશી સોલ્જરો' નામનો લેખ લખ્યો—અમારા ઉપર ગમે તે વીતક ભલે વીતે, પણ અમારી સાચી સલામતી—અને બ્રિટનની પણ—હિંદમાંથી અંગ્રેજો વ્યવસ્થિતપણે અને વેળાસર ચાલ્યા જાય એમાં રહેલી છે.

---

૧. દરમિયાન તા. ૨જીના રોજ—

(૧) ક્રિપ્સની દરખાસ્તો અસ્વીકાર્ય છે એવું વર્કીંગ કમિટીએ ઠરાવ્યું; ઠરાવ લઇ મૌલાના આઝાદ અને જવાહરલાલ ક્રિપ્સને રૂબરૂ મળ્યા. ક્રિપ્સે કહ્યું—હમણાં તમે આ બહાર પાડશો નહિ; હું બ્રિટીશ સરકારને પૂછું છું.

(૨) ગાંધીજી દિલ્હીથી નીકળ્યા એ મતલબનું આધાર નં. ૧૨૬ના ભાગ ૬ના પાના ૮૯ ઉપરનું લખાણ બંધબેસતું નથી.

૨. (૧) કોલંબો ઉપર જાપાને બોમ્બમારો કર્યો.
(૨) વર્કીંગ કમિટી દિલ્હીમાં મળી.

૩. દરમિયાન.

(૧) તા. ૬ થી ૧૧ વર્કીંગ કમિટી દિલ્હીમાં મળી.

(૨) તા. ૬ઠ્ઠીએ હિંદના પૂર્વ કિનારે જાપાને બોમ્બમારો કર્યો.

(૩) તા. ૭મીએ આનંદશંકર ધ્રુવનું અમદાવાદમાં અવસાન થયું.

(૪) તા. ૯મીએ ક્રિપ્સે જણાવ્યું કે બ્રિટીશ સરકાર વધુ કાંઇ આપવા સંમત નથી.

(૫) તા. ૧૦મીએ, વર્કીંગ કમિટી તરફથી જાહેરાત કરવામાં આવી કે ક્રિપ્સની દરખાસ્તો સ્વીકાર્ય નથી.

(૬) તા. ૧૧મીએ ક્રિપ્સે પોતાની દરખાસ્તો પાછી ખેંચી લીધી.

(૭) તા. ૧૩મીએ ક્રિપ્સે હિંદ છોડયું.

૧૯૪૨—એપ્રિલ—મે

૨૦ થી ૨૧ સેવાગ્રામ.

૨૨ સેવાગ્રામ : એક અંગ્રેજ મિત્રને લખ્યું—મારો દૃઢ મત છે કે હવે તો અંગ્રેજોએ હિંદુસ્તાનની વ્યવસ્થિત વિદાય લેવી જોઇએ; અને સીંગાપુર, મલાયા અને બર્મામાં જે જોખમ એમણે ખેડયું તેવું જોખમ ખેડવું જોઈએ નહિ. આવું પગલું ઊંચા પ્રકારની હિંમત બતાવનારું, માનવશક્તિની મર્યાદાનો સ્વીકાર કરનારું અને હિંદને ન્યાય આપનારું લેખાશે.

૨૩ થી ૩૦[1] સેવાગ્રામ—વર્ધા.

મે

૧ થી ૩[2] સેવાગ્રામ—વર્ધા.

૪ સેવાગ્રામ : 'હરિજન બંધુ'ના તા. ૧૦મીના અંકમાં છપાયેલો 'અનિવાર્ય પગલું'' નામનો લેખ લખ્યો—પૂરેપૂરી અને વ્યવસ્થિત રીતે અંગ્રેજો અહીંથી ચાલ્યા જાય એ અનિવાર્ય છે.

૫ થી ૯ સેવાગ્રામ.

૧૦ મુંબઈ : ઉતારો બિરલા હાઉસમાં.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ રાજાજીના નેતૃત્વ નીચે મદ્રાસમાં મળેલી કૉંગ્રેસ પક્ષની સભાએ એવી મતલબની ભલામણ કરતો ઠરાવ કર્યો કે હિંદનું બંધારણ ઘડવાનો સમય આવે ત્યારે મુસ્લિમ લીગ પાકિસ્તાનનો આગ્રહ રાખે તો એ કબૂલ રાખવો.

(૨) તા. ૨૭ થી ૩૦ સુધી વર્કીંગ કમિટીની અને ઓ. ઇ. કૉં. ક. ની બેઠકો અલાહાબાદમાં મળી.

(૩) તા. ૩૦મીએ રાજાજીએ વર્કીંગ કમિટીમાંથી રાજીનામું આપ્યું.

૨. દરમિયાન તા. ૧ અને ૨ વર્કીંગ કમિટીની અને ઑ. ઈ. કૉં. ક.ની બેઠકો મળી. મદ્રાસના કૉંગ્રેસ પક્ષે કરેલા ઠરાવ અનુસારની રાજાજીની દરખાસ્ત તા. ૨જીએ ઉડી ગઈ.

૧૯૪૨-મે-જૂન

૧૧ મુંબઈ : 'હરિજન બંધુ' ના તા. ૧૭મીના અંકમાં છપાયેલો 'પ્રત્યેક અંગ્રેજને' નામનો લેખ લખ્યો.[1]

૧૨ મુંબઈ : ત્રિકમદાસ દ્વારકાદાસ અને કાનજી દ્વારકાદાસ મળવા આવ્યા.

૧૩ થી ૧૭ મુંબઈ.

૧૮ થી ૨૫[2] સેવાગ્રામ.

૨૬ થી ૨૭ સેવાગ્રામ : જવાહરલાલ સાથે મંત્રણા.

૨૮ થી ૩૧[3] સેવાગ્રામ.

જૂન

૧ થી ૩[4] સેવાગ્રામ.

૪ થી ૫ સેવાગ્રામ : લુઈ ફિશર સાથે ચર્ચા.[5]

૬ સેવાગ્રામ : ચર્ચા ચાલુ. ● ઇન્ટરનૅશનલ ન્યુસ સર્વિસના પ્રતિનિધિ મિ. ચેપ્લીનને અને 'ટાઇમ' અને 'લાઈફ'ના પ્રતિનિધિ મિ. એલ્ડનને મુલાકાત આપી.

૭ થી ૯[6] સેવાગ્રામ : જવાહરલાલ તથા લુઈ ફિશર સાથે ચર્ચા.

---

૧. આધાર નં.૨૮૧ના પાના ૮૩માં એવી નોંધ છે કે આ લેખ મહાદેવભાઇએ લખીને જોઈ જવા માટે ગાંધીજીને આપેલો અને ભૂલમાં ને ભૂલમાં ગાંધીજીએ એની નીચે પોતાની સહી કરી દીધી એટલે એ એમના નામે ચડી ગયો.

૨. આધાર નં. ૫૧ના પાના ૩ ઉપરના લખાણ પરથી એમ જણાય છે કે ગાંધીજી મુંબઇથી તા. ૨૩મીએ નીકળ્યા હતા; પણ આ બંધ બેસતું નથી.

૩. દરમિયાન તા. ૨૯મીના અરસામાં પૃથ્વીસિંહે ગાંધીજીનો ત્યાગ કર્યો.

૪. દરમિયાન તા ૩જીએ અમેરિકન પત્રકાર લુઇ ફિશર વર્ધા આવ્યા.

૫. દરમિયાન તા. ૫મીએ જ્યારે લુઈ ફિશર ચર્ચા માટે આવ્યા ત્યારે,

(૧) ગાંધીજી આડા પડયા હતા. ફિશરને કહ્યું 'I will take your blows lying down.'

(૨) ગાંધીજીએ પેટે માટી મૂકી હતી. એમણે કહ્યું : 'This puts me in touch with the future.' ફિશરે કહ્યું 'You are too young to think about returning to the dust.'

૬. દરમિયાન તા. ૮મીએ, જવાહરલાલ સાથે વાતો થઈ શકે એ હેતુથી, તા. ૭મીએ બપોરથી મૌન લીધું.

૧૯૪૨—જૂન—જુલાઈ

૧૦[1] સેવાગ્રામ-વર્ધા : ચર્ચા-એસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિ સાથે અને લુઈ ફિશર સાથે.

૧૧ થી ૨૫[2] સેવાગ્રામ.

૨૬ સેવાગ્રામ-વર્ધા : ચરખા સંઘના કાર્યવાહકો સાથે મંત્રણા. ● ખાદી વિદ્યાલયમાંથી પાસ થનારને પ્રમાણપત્ર વિતરણ.

૨૭ થી ૨૮ સેવાગ્રામ.

૨૯ થી ૩૦ સેવાગ્રામ : રાજાજી સાથે ચર્ચા.

જુલાઈ

૧ સેવાગ્રામ : અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટને યુદ્ધ અંગે હિંદનું દૃષ્ટિબિન્દુ રજુ કરતાં લખ્યું-લડાઇ લોકશાસન માટે લડાય છે; તેથી ઈંગ્લાંડ હિંદને સ્વરાજ આપે; અને એની સંમતિથી, ઈંગ્લાંડને, દુશ્મનો સામે લડવા માટે હિંદમાં લશ્કર રાખવું હોય તો એ રાખે-અલબત્ ઈંગ્લાંડના ખરચે. ● આ પત્ર પહોંચાડવા માટે લુઈ ફિશરને મોકલ્યો.[3]

૨ સેવાગ્રામ.

૩ સેવાગ્રામ : રાજેન્દ્ર બાબુ અને ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષ સાથે મંત્રણા.

૪ સેવાગ્રામ : રાજેન્દ્ર બાબુ અને જવાહરલાલ સાથે મંત્રણા.

---

૧. લુઈ ફિશર ગયા.

૨. દરમિયાન—

(૧) તા. ૨૨મીએ, સુભાષ બાબુએ સ્થાપેલા ફોરવર્ડ બ્લૉકને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યો.

(૨) તા. ૨૩મીએ બેંગકોકમાં હિંદ સ્વાતંત્ર્ય સંઘ (Indian Independence League) સ્થપાયો.

(૩) તા. ૨૪મીએ હોરેસ ઍલેક્ઝાંડર અને એમના મિત્ર સીમન્સ ત્રણ દિવસ માટે સેવાગ્રામ આવ્યા.

૩. પત્ર રૂઝવેલ્ટને પહોંચ્યો હતો.

૧૯૪૨—જુલાઈ-ઑગસ્ટ

૫ સેવાગ્રામ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. ● રાજાજીને પત્ર–તમે કૉંગ્રેસ વિરુદ્ધ પ્રચાર કરો છો તેથી તમારે ધારાસભામાંથી રાજીનામું આપવું જોઈએ અને કૉંગ્રેસમાંથી પણ છૂટા થવું જોઈએ.

૬ થી ૧૪ સેવાગ્રામ : બેઠકોમાં હાજર; છેલ્લા દિવસે 'હિંદ છોડો' નો ઠરાવ થયો.

૧૫ થી ૧૭[1] સેવાગ્રામ-વર્ધા.

૧૮ સેવાગ્રામ : 'હરિજન બંધુ'ના તા. ૨૬મીના અંકમાં છપાયેલો; પ્રત્યેક જાપાનવાસીને' નામનો લેખ લખ્યો.[2]

૧૯ થી ૨૬[3] સેવાગ્રામ.

૨૯ સેવાગ્રામ : 'હરિજન બંધુ'ના તા. ૨-૮-૪૨નાં અંક માટે 'રાજાઓને' નામનો લેખ લખ્યો.

૨૮ થી ૩૧[4] સેવાગ્રામ-વર્ધા.

ઑગસ્ટ

૧ થી ૨[5] સેવાગ્રામ.

૩ મુંબઈ : ઉતારો બિરલા હાઉસમાં.

---

૧. દરમિયાન રાજાજીએ, કૉંગ્રેસમાંથી તા. ૧૫મીએ અને મદ્રાસ ધારાસભામાંથી તા. ૧૬મીએ રાજીનામું આપ્યું.

૨. આધાર નં. ૨૮૧ ના પાના ૮૩માંના લખાણ મુજબ આ લેખ અંગે પણ તા. ૧૧-૫-૪૨ના લેખ મુજબ બન્યું હશે.

૩. દરમિયાન—

(૧) તા. ૨૦મીએ આંબેડકરે, વાઈસરૉયની ઍક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં મજૂર ખાતાનો હોદ્દો સંભાળી લીધો.

(૨) ખાદી પ્રતિષ્ઠાનવાળા સતીશ બાબુને, નોઆખલી જિલ્લો છોડવા તા. ૧૯મીએ નોટિસ મળી, એ નહિ માનવાથી તા. ૨૩મીએ એમની ધરપકડ કરી તા. ૨૪મીએ બે વર્ષની સજા કરવામાં આવી.

૪. દરમિયાન તા. ૩૦મીએ, આમની સભામાં, હિંદી વજીર બોલ્યા—આવતી લડત દાબી દેવા તમામ પગલાં લેવામાં આવશે.

૫. દરમિયાન તા. ૨૭એ હરિજન પત્રોના છેલ્લા અંકો નીકળ્યા (જુઓ તા. ૧૮-૧-૪૨).

૧૯૪૨—ઑગસ્ટ

૪ થી ૬ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૭[1] મુંબઈ : વર્કીંગ કમિટીની તથા આ.ઇં.કૉં.ક.ની બેઠકોમાં બોલ્યા. ● ચીનની પ્રજાને ઉદ્દેશીને નિવેદન—ખાતરી રાખજો કે આવતી લડત એકલી અમારી સ્વતંત્રતા માટે જ નહિ પણ તમારા રક્ષણ માટે પણ છે; અમે સ્વતંત્ર હોઇશું તો જ તમને, રશિયાને અને ગ્રેટબ્રિટનને, અને અમેરિકાને પણ, અમે મદદ કરી શકીશું.

૮[2] મુંબઇ : ઑ. ઇં. કૉં. ક.ની બેઠકમાં બોલ્યા. પછી, 'હિંદ છોડો'નો ઠરાવ પસાર થયો.

૯[3] મુંબઈ : વહેલી સવારે ધરપકડ[4].● આગાખાન મહેલ-જેલ (યરોડા) લાવી રાખવામાં આવ્યા; કોઈ આરોપ મૂકયા વિના અચોક્કસ મુદ્દત સુધી નજરકેદ રાખ્યા.

૧૦ આગાખાન મહેલ-જેલ.

૧૧ આગખાન મહેલ-જેલ[5] : વાઈસરૉયને લખવાનો કાગળ ઘડવો શરૂ કર્યો.

---

૧. આ અરસામાં ચ્યાંગ-કાઇ-શેકને લખ્યું :—આપની પાસે સ્પષ્ટતા કરવા માગું છું કે 'હિંદ છોડો'ની માગણી, જાપાનને નોતરવા, કે તમને મુશ્કેલીમાં મૂકવા માટે નથી. તમારા દેશની સ્વતંત્રતાને હોમીને મારા દેશની સ્વતંત્રતા મેળવવા ઈચ્છું એટલો હીણ હું નથી.

૨. હિંદી સરકારે સઘળાં છાપાંઓને ફરમાવ્યું :—સરકારે મંજૂર રાખેલી સંસ્થાઓ તરફથી, લડત અંગેના જે સમાચાર મોકલવામાં આવે તે જ છાપવા—બીજા નહિ. પરિણામે અનેક છાપાં બંધ થઈ ગયાં.

૩. (૧) આખા દેશમાં ધરપકડો થઈ; બધી કૉંગ્રેસ કમિટીઓને ગેર-કાયદે જાહેર કરવામાં આવી.

(૨) કસ્તૂરબા, ગાંધીજીની અવેજીમાં, ભાષણ કરવા જતા હતા ત્યાં એમની ધરપકડ કરવામાં આવી.

(૩) અમદાવાદના મિલ-મજૂરો હડતાળ પર ઊતર્યા.

૪. (૧) હિંદુસ્તાનમાં આ એમની આઠમી ધરપકડ હતી.

(૨) આધાર નં. ૬૩ના સને ૧૯૪૨ના ભાગ બેના પાના ૧૭ ઉપર ધરપકડની તા. ૮ જણાવી છે; એ બંધબેસતું નથી.

(૩) મહાદેવભાઈની પણ ગાંધીજીની સાથે જ ધરપકડ થઈ.

૫. કસ્તૂરબાને લાવીને સાથે રાખ્યાં.

૧૯૪૨—ઑગસ્ટ

૧૨ થી ૧૩ આગાખાન મહેલ-જેલ.

૧૪ આગાખાન મહેલ-જેલ : વાઈસરૉયને પત્ર—અમને પકડી લઈ, વાતાવરણ ઉશ્કેરી મૂકવામાં સરકારે ભૂલ કરી છે ... કાંઈપણ નક્કર પગલું ભરતાં પહેલાં હું આપને લખીશ એ મેં પહેલેથી જ જાહેર કર્યું હતું. કૉંગ્રેસની માગણી, નિષ્પક્ષપાતપણે તપાસી જવા હું આપને વિનંતી કરવાનો જ હતો ..... ચીન અને રશિયાની સ્વતંત્રતા જળવાય એવું આપણે બંને ઇચ્છીએ છીએ. તફાવત એટલો જ છે કે સરકાર માને છે કે આના માટે હિંદ સ્વતંત્ર હોય એ જરૂરનું નથી : હું માનું છું કે એ જરૂરનું છે.[1]

૧૫ આગાખાન મહેલ-જેલ : મહાદેવભાઈનું અવસાન; એમના શબને અગ્નિસંસ્કાર દીધો.

૧૬ આગાખાન મહેલ-જેલ : મહાદેવભાઈની ભસ્મની ડબી ભરી લીધી; ભસ્મથી કપાળે તિલક કર્યું.[2]

૧૭ થી ૧૯[3] આગાખાન મહેલ-જેલ.

---

૧. આ પત્ર સરકારે તા. ૧૨-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૨. (૧) આ કાર્યક્રમ રોજ ચાલુ રહ્યો.

(૨) આજે, નેતાઓની ધરપકડ અંગે ચિમૂરમાં સરઘસ, એના ઉપર પોલીસનો હુમલો અને ગોળીબાર, લોકો તરફથી વળતો હુમલો, ચાર સરકારી માણસોનાં ખૂન.

૩. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ, સરકારે, ચિમૂરમાં હત્યાકાંડ આચર્યો; દેશી અને યુરોપિયન લશ્કરનો હુમલો; લૂંટ; પુરુષોને અલગ પાડી બાળકીથી માંડીને વૃદ્ધાઓ ઉપર અને સગર્ભા સ્ત્રીઓ ઉપર પણ અત્યાચાર; એક લાખ રૂપિયાનો સામુદાયિક દંડ વગેરે.

(૨) તા. ૧૯મીએ અડાસ સ્ટેશને ગોળીબાર.

૧૯૪૨-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૦ આગાખાન મહેલ–જેલ : રાત્રે અગિયાર વાગ્યે મૌન લીધું.[1]
૨૧ થી ૨૩[2] આગાખાન મહેલ–જેલ.
૨૪ આગાખાન મહેલ–જેલ : ૯૧ કલાક બાદ મૌન છોડયું.
૨૫ થી ૩૧[3] આગાખાન મહેલ–જેલ.

સપ્ટેમ્બર

૧ થી ૨૨[4] આગાખાન મહેલ–જેલ.

૨૩ આગાખાન મહેલ–જેલ : હિંદી સરકારને પત્ર—કૉંગ્રેસ સામે સરકારે હિંસક લડત આદરી છે પણ કૉંગ્રેસની નીતિ અહિંસાની છે... ..

---

૧. મૌન લેવાનું કારણ જણાયું નથી. મહાદેવભાઇને જે જગ્યાએ અગ્નિદાહ દીધો હતો તે જગ્યા સુધી જવા સામે સરકારે, આજે, પ્રતિબંધ મૂકયો હતો તે કારણે કદાચ હોય.

૨ દરમિયાન—

(૧) તા. ૨૧મીએ અમદાવાદમાં નવજીવન પ્રેસને સરકારે સીલ માર્યાં. (આધાર નં. ૯૩ના ૧૯૪૨ના ભાગ ૨ના પાના ૨૨ ઉપર સ્થળ 'અલાહાબાદ' જણાવ્યું છે એ મુદ્રણદોષ લાગે છે.)

(૨) તા. ૨૧મીએ અમદાવાદ મ્યુનિસિપાલિટીને બરતરફ કરવામાં આવી.

(૩) તા. ૨૨મીએ, વાઇસરૉયે, ગાંધીજીના તા. ૧૪મીના પત્રના જવાબમાં જણાવ્યું—અમારે કાંઈ કહેવાનું નથી. આ જવાબ સરકારે તા. ૧૨-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૩. દરમિયાન તા. ૨૬મીએ, છાપાં મંગાવવાની છૂટ આપી.

૪. દરમિયાન—

(૧) તા. ૪થીએ, અમદાવાદ મ્યુનિસિપાલિટીના નોકરોએ કામ કરવાની ના પાડી બેઠી હડતાળ શરૂ કરી.

(૨) તા. ૫મીએ, મહાદેવભાઈને જે જગ્યાએ અગ્નિદાહ દીધો હતો ત્યાં સુધી જવાની છૂટ મળી.

(૩) તા. ૧૧મીએ પ્યારેલાલને લાવીને ગાંધીજી સાથે રાખ્યા.

૧૯૪૨—સપ્ટેમ્બર થી નવેમ્બર

હિંસક તોફાનો માટે જો કોઇ જવાબદાર હોય તો તે, સરકાર છે, કોંગ્રેસ નહિ.[1]

૨૪ થી ૨૫ આગાખાન મહેલ-જેલ.

૨૬ આગાખાન મહેલ-જેલ : સાથી કેદી સરોજિની નાઇડુની વર્ષગાંઠ નિમિત્તે બનાવેલો બકરીના દૂધનો આઇસક્રીમ ખાધો.

૨૭ થી ૩૦ આગાખાન મહેલ-જેલ.

ઑક્ટોબર

૧ આગાખાન મહેલ-જેલ.

૨ આગાખાન મહેલ-જેલ : અંગ્રેજી તારીખ મુજબ ગાંધીજીની વર્ષગાંઠ;[2] ૭૪મું વર્ષ બેઠું; જેલ સુપરિન્ટેન્ડેન્ટ કટેલી તરફથી હાર અને રૂ. ૭૪ ભેટ મળ્યાં. થોડો આઇસક્રીમ ખાધો.[3]

૩ થી ૩૧ આગાખાન મહેલ-જેલ.

નવેમ્બર

૧ થી ૩૦[4] આગાખાન મહેલ-જેલ.

---

૧. સરકારે આ પત્રની પહોંચ સ્વીકારી પણ કાંઈ જવાબ આપ્યો નહિ. આ પત્ર સરકારે તા. ૧૨-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૨. કસ્તૂરબાએ માથામાં ફૂલ નાખ્યાં.

૩. આધાર નં. ૪૯ના પાના ૧૧૯ ઉપર જણાવ્યું છે 'બાપુએ આજે ત્રીસ વર્ષ પછી થોડો આઈસક્રીમ ખાધો.' તા. ૨૬-૯-૪૨ના રોજ ગાંધીજીએ આઈસક્રીમ ખાધો હતો એ માહિતી આ જ પુસ્તકના પાના ૧૦૫ ઉપરથી લીધી છે. એટલે ૨જીએ ખાધેલો આઇસક્રીમ 'ત્રીસ વર્ષ પછી ખાધો' એ લખાણ બંધબેસતું નથી.

૪. દરમિયાન—

(૧) ચિમૂર હત્યાકાંડ (જુઓ તા, ૧૭ થી ૧૯-૮-૪૨ની પાદટીપ ૩ (૧)) અંગે—

(ક) તા. ૧લીએ જયકૃષ્ણ ભણશાળી હિંદી સરકારના પ્રધાન-મંડળના સભ્ય અણેને મળ્યા અને તપાસ આદરવા વિનંતિ કરી; પણ અણેએ

૧૯૪૨—ડિસેમ્બર

૧ થી ૨૭[1] આગાખાન મહેલ-જેલ.

ના પાડી અને જવાબદારી ગાંધીજી ઉપર ઢોળી; ભણુશાળીને દિલ્હી છોડવાનો હુકમ મળ્યો, એમણે ન છોડયું, એમની ધરપકડ કરવામાં આવી, એ ઉપવાસ પર ઊતર્યા.

(ખ) તા. ૪થીએ એમને નાકવાટે ખવડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

(ગ) તા. ૬ઠ્ઠીએ એમને સેવાગ્રામ લાવી છોડી મૂકવામાં આવ્યા.

(ઘ) તા. ૧૧મીએ ચિમૂર આવ્યા; ઉપવાસ શરૂ કર્યા, ચિમૂર છોડવા સરકારે હુકમ ફરમાવ્યો; એમણે અનાદર કર્યો; ફરી ધરપકડ, ફરી સેવાગ્રામ લાવી છોડી મૂકયા, ઉપવાસ ચાલુ.

(ઙ) તા. ૨૨મીએ, અગિયાર દિવસના ઉપવાસી પગપાળા ચિમૂર આવ્યા, પોલીસે સ્ટ્રેચરમાં નાખ્યા અને રેલ મારફતે લાવી સેવાગ્રામ મૂકી ગઈ. ઉપવાસ ચાલુ.

(ચ) તા. ૨૬મીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા, ચિમૂર જવા સેવાગ્રામથી નીકળ્યા.

(૨) તા. ૯મીએ જયપ્રકાશ નારાયણ હઝારીબાગ જેલમાંથી અદૃશ્ય થયા.

(૩) તા. ૯ અને ૧૦મીએ રાજાજી અને ઝીણા વચ્ચે મસલત થઈ.

(૪) તા. ૧૨મીએ રાજાજી વાઈસરૉયને મળ્યા અને ગાંધીજીને મળવા દેવા પરવાનગી માગી; વાઈસરૉયે ના પાડી.

(૫) તા. ૧૩મીએ દક્ષિણ આફ્રિકામાં સ્મટ્સ બોલ્યા—હું હિંદ જવાનો નથી કે હિંદી પ્રજાના સમાધાનમાં ભાગ લેવાનો નથી. ગાંધીજીને પાંચમી કતારના માણસ તરીકે ઓળખાવવા એ તદ્દન વાહિયાત વાત છે. એ મહાન પુરુષ છે. દુનિયાભરના મહાન પુરુષોમાંના એ એક છે.

(૬) તા. ૨૦મીએ, બંગાળાના નાણાં પ્રધાન શ્યામ પ્રસાદ મુકરજીએ આપેલું રાજીનામું, ગવર્નરે સ્વીકાર્યું.

(૭) તા. ૨૩મીએ, અમદાવાદના મિલમજૂરો કામ પર ચઢે એવો આદેશ, મજૂર મહાજને આપ્યો. મિલો શરૂ થઇ. (જુઓ તા. ૯-૮-૪૨ ની પાદટીપ ૩(૨)) આની સામે કેટલીક બહેનોએ ઉપવાસ શરૂ કર્યા; તે ત્રણ દિવસ પછી છોડયા.

૧. દરમિયાન—

(૧) તા. ૬ઠ્ઠીએ ચિત્તાગોંગ ઉપર જાપાની વિમાની હુમલો થયો.

૧૯૪૨—ડિસેમ્બર; ૧૯૪૩—જાન્યુઆરી

૨૮ આગાખાન મહેલ જેલ : વાઇસરૉયને લખવાનો પત્ર ઘડવાનું શરૂ કર્યું.

૨૯ થી ૩૦ આગાખાન મહેલ–જેલ.

૩૧ આગાખાન મહેલ–જેલ : વાઇસરૉયને પત્ર–મારી ધરપકડ પછી બનેલા બનાવો અને સરકારે કરેલાં નિવેદનો પરથી એમ જ જણાય છે કે તમને મારા બોલવામાં વિશ્વાસ નથી. બધા જ બનાવોની જવાબદારી કૉંગ્રેસ પર ઓઢાડવામાં આવે છે. પણ આ નરાતર અસત્ય છે. હું તો એટલો હલકટ ગણાયો છું કે મરતા મિત્ર ભણશાળી સાથે પત્રવ્યવહાર કરવા દેવાની પણ મને ના પાડવામાં આવી છે. છ મહિના સુધી આ બધું સહન કરવા મેં ધાર્યું છે. એ સમય પૂરો થવા આવે છે. સત્યાગ્રહીનો ધર્મ છે કે આવા સંયોગોમાં ઉપવાસ કરીને એણે પોતાના શરીરનું બલિદાન દેવું જોઈએ. બની શકે તો મારે આ ટાળવું છે. મારી ભૂલ થઈ હતી એની પ્રતીતિ આપ કરાવો; અને તો, એ જરૂર ટળશે.[1]

૧૯૪૩-જાન્યુઆરી

૧ થી ૧૮[2] આગાખાન મહેલ–જેલ.

---

(૨) તા. ૧૫મીએ સરકારે ફરમાવ્યું કે ભણશાળીના ઉપવાસ વિશે છાપાંઓએ કાંઈપણ છાપવું નહીં.

(૩) તા. ૨૦મીએ કલકત્તા ઉપર જાપાની વિમાની હુમલો થયો.

(૪) તા. ૨૬મીએ, પંજાબના વડા પ્રધાન સર સિકંદર હયાતખાનનું લાહોરમાં અવસાન થયું.

૧. આ પત્ર સરકારે તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૨. દરમિયાન—

(૧) તા. ૧૨મીએ—

(ક) મધ્યપ્રાંતની સરકાર સાથે સમાધાન થવાથી ભણશાળીએ ઉપવાસ છોડયા. (જુઓ તા. ૨૬-૧૧-૪૨ ની પાદટીપ).

(ખ) સરકારે, આ ઉપવાસ વિશેના સમાચાર છાપવા ઉપર મૂકેલો પ્રતિબંધ (જુઓ તા. ૧૫-૧૨-૪૨ની પાદટીપ) ઉઠાવી લીધો.

૧૯૪૩—જાન્યુઆરી

૧૯ આગાખાન મહેલ-જેલ : વાઈસરૉયના તા. ૧૩મીના પત્રના જવાબમાં લખ્યું—મારા પત્રમાંથી તમે જે અર્થ તારવ્યો છે તે સાચો નથી. વળી દેશમાં પ્રવર્તતી ભીષણ મોંઘવારી અને ભૂખમરો હું સહન કરી શકતો નથી. મારા તરફથી કોઈ સૂચનાની અપેક્ષા તમે રાખતા હો તો વર્કીંગ કમિટીના સભ્યો સાથે ચર્ચા કરવા તમારે મને તક આપવી જોઈએ. મારી ભૂલ હશે તો હું જરૂર સ્વીકારીશ. અમારી ધરપકડો પછી થયેલાં હિંસક તોફાનોને હું વખોડું છું, પણ એ માટે જવાબદાર તો સરકાર જ છે. વધુમાં, એને લગતા હેવાલોની સચ્ચાઈ વિશે પણ ખાતરી કરવાની જરૂર છે...... ખાતરી રાખજો, હું, અહિંસાને વરેલો છું.[1]

૨૦ થી ૨૮[2] આગાખાન મહેલ-જેલ.

---

(૨) તા. ૧૩મીએ, ગાંધીજીના તા. ૩૧-૧૨-૪૨ના પત્રનો જવાબ વાઈસરૉયે, આપ્યો—તમારી ધરપકડ બાદ થયેલાં હિંસક કૃત્યો વિશે તમે કાંઈ બોલ્યા નથી; આ કૃત્યો વિશે જવાબદારી હિંદના નેતાઓની જ છે. તમારા પત્રમાંથી જો એવો અર્થ નીકળતો હોય કે આ બધું જોતાં તમે આ ચળવળ પાછી ખેંચી લેવા માગો છો તો હું આગળ વિચાર કરીશ. (આ પત્ર સરકારે તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.)

(૩) તા ૧૫મીએ કલકત્તા ઉપર ફરીથી બૉંબમારો થયો.

૧. સરકારે આ પત્ર તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૨. દરમિયાન—

(૧) તા. ૨૪મીએ ઝીણા બોલ્યા-હાલની મડાગાંઠ ગાંધી અને કૉંગ્રેસને આભારી છે. જો એ લોકો ખરેખર ઇંતેજાર હોય તો એ ઉકેલવી શક્ય છે.

(૨) તા. ૨૫મીએ વાઈસરૉયે, ગાંધીજીના તા, ૧૯મીના પત્રના જવાબમાં લખ્યું-મારા અભિપ્રાયે, તોફાનો માટે તમે અને કૉંગ્રેસ જવાબદાર છો. તમે અહિંસાના પૂજારી છો; પણ કૉંગ્રેસ નથી. . . . 'હિંદ છોડો'નો ઠરાવ ખોટો હતો એ સ્વીકારો; અને એ પાછો ખેંચી લેવાની બાંયધરી આપો તો જ હું આગળ પગલાં ભરી શકું. (આ પત્ર સરકારે તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.)

૧૯૪૩—જાન્યુઆરી—ફેબ્રુઆરી

૨૯ આગાખાન મહેલ-જેલ : વાઇસરૉયના તા. ૨૫મીના પત્રના જવાબમાં લખ્યું —તમે માનો ગમે તે, પણ મને એ બતાવી તો આપો કે અમારી ધરપકડો પછીની સ્થિતિ સરકારનાં પગલાંને કારણે નહોતી ? 'હિંદ છોડો'ના ઠરાવમાં ખોટું શું છે એ તો તમે બતાવી જ શક્યા નથી. ખરી રીતે તો સરકારની દમનનીતિએ જ લોકોને હિંસા તરફ વાળ્યા છે .. જો મને સરકાર તરફથી વાજબી જવાબ નહિ મળે તો મારા કકળતા જીવને શાંત પાડવા માટે ઉપવાસ સિવાય મારા માટે બીજો કોઈ આરો નથી. મારા ૨૧ દિવસના ઉપવાસ તા. ૮-૨-૪૩ના રોજ સવારના નાસ્તા પછી શરૂ થશે.[૧]

૩૦ થી ૩૧ આગાખાન મહેલ-જેલ.

ફેબ્રુઆરી

૧ આગાખાન મહેલ-જેલ.

૨[૨] આગાખાન મહેલ-જેલ : જેલમાં બેડમિંટન કોર્ટનું ઉદ્ઘાટન કર્યું.

૩ થી ૬[૩] આગાખાન મહેલ-જેલ.

---

૧. આ પત્ર સરકારે તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.

૨. બિકાનેરના મહારાજાનું મુંબઇમાં અવસાન થયું.

૩. દરમિયાન તા. ૫મીએ, વાઈસરૉયે, ગાંધીજીના તા. ૨૯-૧-૪૩ના પત્રના જવાબમાં જણાવ્યું —મારા અભિપ્રાયમાં ફેર પડયો નથી. 'હિંદ છોડો' જેવો ઠરાવ કરનાર સંસ્થા અને વ્યક્તિ પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહિ. કોંગ્રેસીઓએ જ બધાં હિંસક કૃત્યો કરાવ્યાં છે એની મને ખાતરી છે.. ઉપવાસ કરીને, આમાંથી છટકી જવાનું તમારું પગલું તમને જ નામોશી દેશે... અને ઉપવાસ કરીને, તમે રાજકીય હિંસા જ આદરો છો એમ હું માનું છું (આ પત્ર સરકારે તા. ૧૦-૨-૪૩ના રોજ પ્રસિદ્ધ કર્યો.)

૧૯૪૩-ફેબ્રુઆરી

૭[1] આગાખાન મહેલ-જેલ : વાઇસરૉયના તા. પાંચમીના પત્રના જવાબમાં લખ્યું—ઉપવાસ કરીને જવાબદારીમાંથી છટકી જવાનો મારો લેશમાત્ર ઈરાદો નથી. તમે કહો છો ઉપવાસ કરી હું રાજકીય હિંસા આદરું છું આવા મલિન ઈરાદાનું આરોપણ તમે મારા ઉપર કેવી રીતે કરી શકો તે હું સમજી શકતો નથી... સરકાર કહે તે જ ખરું એમ કહેવું એ તો, કોઇ કેસમાં, તહોમત મૂકનાર કહે તે જ ખરું એના જેવું થયું... ન્યાય શાસ્ત્રના સિદ્ધાંતો આમ કહેતા નથી...આ દુન્યવી સત્તા પાસેથી ન્યાય મેળવવાનો કોઈ માર્ગ હવે રહ્યો નથી એટલે મારે ઇશ્વર પાસે જ ન્યાય માગવો રહ્યો.[2]

૮ આગાખાન મહેલ-જેલ : હિંદી સરકારના તા. ૭મીના પત્રના જવાબમાં લખ્યું—ઉપવાસ તો કરીશ જ; પણ મારે કામચલાઉ છૂટવું નથી. ઉપવાસ, મારે, કેદી તરીકે કરવો છે—છૂટા માણસ તરીકે નહિ. એટલે; મને છોડવામાં આવશે તો મારે ઉપવાસ કરવાપણું રહેશે નહિ. પણ ખોટાં બાનાં હેઠળ મારે છૂટવું નથી. નિર્ણય લેવા માટે તમને સમય મળે માટે જરૂર હશે તો ઉપવાસ મોકૂફ રાખી તા. ૧૦મીથી શરૂ કરીશ.[3]

૯[4] આગાખાન મહેલ-જેલ.

---

૧. હિંદી સરકારે ગાંધીજીને લખ્યું—તમે ઉપવાસ કરશો જ તો તમને એ માટે અને એટલા સમય માટે છોડવામાં આવશે. (સરકારે આ પત્ર તા. ૧૧મીએ પ્રસિદ્ધ કર્યો.)

૨. સરકારે આ પત્ર તા. ૧૦મીએ પ્રસિદ્ધ કર્યો.

૩. સરકારે આ પત્ર તા. ૧૧મીએ પ્રસિદ્ધ કર્યો.

૪. તા. ૮મીના પત્રના જવાબમાં હિંદી સરકારે લખ્યું—ઉપવાસ માટે સરકાર તો તમને છોડવા તૈયાર છે પણ તમે જ ના પાડો છો તો તમે જાણો. ઉપવાસ તમારા હિસાબે અને જોખમે છે. આ સંયોગોમાં તમારા ડૉક્ટરોને તમારી પાસે રહેવા દેવામાં આવશે અને સગાંસંબંધીઓને, સરકારની પરવાનગી મેળવ્યા પછી તમારી મુલાકાત લેવા દેવામાં આવશે. (સરકારે આ પત્ર તા. ૧૧મીએ પ્રસિદ્ધ કર્યો.)

૧૯૪૩—ફેબ્રુઆરી

૧૦[1] આગાખાન મહેલ–જેલ : ઉપવાસ શરૂ; શક્તિ અનુસાર ત્રણ અઠવાડિયાનો.

૧૧ થી ૨૨[2] આગાખાન મહેલ–જેલ : ઉપવાસ ચાલુ.

૨૩ આગાખાન મહેલ–જેલ : ઉપવાસ ચાલુ. ● હૉરેસ ઍલેક્ઝાન્ડર મળવા આવ્યા.

૨૪ આગાખાન મહેલ–જેલ : ઉપવાસ ચાલુ. ● ગોકીબહેન (ગાંધીજીનાં બહેન) મળવા આવ્યાં.

૨૫ થી ૨૬[3] આગાખાન મહેલ-જેલ : ઉપવાસ ચાલુ.

---

૧. સરકારે હુકમ બહાર પાડયો—ઉપવાસને લગતી માહિતી, ગાંધીજીનાં નિવેદનો, એમની મુલાકાત લેનારાનાં નિવેદનો વગેરે, સરકારી અધિકારીની મંજૂરી મેળવ્યા વિના છાપવાં નહિ.

૨. દરમિયાન—

(૧) તા. ૧૧મીએ ડૉ. ગિલ્ડરને યરોડા જેલમાંથી લાવી ગાંધીજી પાસે રાખ્યા.

(૨) તા. ૧૨મીએ, સરકારે, ગાંધીજી સાથેનો કેટલોક પત્રવ્યવહાર બહાર પાડયો.

(૩) તા. ૧૭મીએ, હિંદી સરકારની ઍક્ઝીક્યુટીવ કાઉન્સિલમાંથી એચ. પી. મોદી, એન. આર. સરકાર અને અણેએ રાજીનામાં આપ્યાં.

(૪) તા. ૧૯મીએ, ગાંધીજીના ઉપવાસના કારણે ઊભી થયેલી પરિસ્થિતિની વિચારણા કરવા દિલ્હીમાં બોલાવવામાં આવેલી સર્વકોમ પરિષદે ઠરાવ્યું કે ગાંધીજી ઉપવાસ છોડે એવી સ્થિતિ પેદા થવી જોઈએ; સરકારે એમને છોડવા જોઈએ. આ પરિષદમાં સામેલ થવા ઝીણાએ તા. ૧૫મીએ ના પાડી હતી.

(૫) તા. ૨૨મીએ, સરકારે 'તોફાનો અંગે કૉંગ્રેસની જવાબદારી' નામની ૮૬ પાનાની પુસ્તિકા બહાર પાડી.

૩. દરમિયાન તા. ૨૫મીએ, આમની સભામાં, હિંદી વજીર બોલ્યા—પોતાનો બિનશરતી છુટકારો મેળવવાના ગાંધીના પ્રયત્નોને દાદ નહિ દેવાના હિંદી સરકારના નિર્ણય સાથે બ્રિટિશ સરકાર સંમત છે.

૧૯૪૩-ફેબ્રુઆરી-માર્ચ

૨૭ આગાખાન મહેલ-જેલ : ઉપવાસ ચાલુ. ● અણે મળવા આવ્યા.
૨૮ આગાખાન મહેલ-જેલ : ઉપવાસ ચાલુ.

માર્ચ

૧ થી ૨ આગાખાન મહેલ-જેલ : ઉપવાસ ચાલુ.
૩ આગાખાન મહેલ-જેલ : ઉપવાસ છૂટયા.[1] ● તા. ૧૨-૨-૪૩ના રોજ જે કેટલોક પત્રવ્યવહાર સરકારે બહાર પાડયો હતો તે અંગે કહ્યું–ઉપવાસ દરમિયાન મારું મૃત્યુ ચોક્કસ થશે એવો વૈદ્યકીય અભિપ્રાય સરકારને મળ્યો હશે અને એમ ધારીને જ સરકારે આ પત્રવ્યવહાર ઉપવાસ દરમિયાન બહાર પાડયો હશે.
૪ થી ૩૧[2] આગાખાન મહેલ-જેલ.

---

૧. (૧) ડૉકટરો અને સગાસંબંધીઓને મળવા દેવાની છૂટ સરકારે પાછી ખેંચી લીધી.

(૨) આધાર નં. ૧૦૧ના પાના બસોબાવન ઉપર એ મતલબનું લખાણ છે કે ગાંધીજી આ ઉપવાસમાં નહિ જીવે એમ માની સરકારે ચંદન-કાષ્ટ અને બીજાં લાકડાં એકઠાં કરી રાખ્યાં હતાં; અને એમની સ્મશાનયાત્રા કયા માર્ગે થઈ જવા દેવી એ પણ નક્કી કરી રાખ્યું હતું.

(૩) ચર્ચીલે એમના એક પુસ્તકમાં, એવી નોંધ કરી કે (૧) આ ઉપવાસમાં શરૂથીજ ગાંધીને પાણી સાથે ગ્લુકોઝ આપવામાં આવતું હતું, અને (૨) સરકારના મક્કમ વલણની ખાત્રી થતાં ગાંધીએ ઉપવાસ છોડી દીધા હતા. આ જુઠાણાનો રદિયો એમની સારવારમાંના દાક્તરોએ, આ સમયના સર્જન જનરલ કેન્ડીએ અને આગાખાન મહેલ-જેલ સુપરિન્ટેન્ડેન્ટ કટેલીએ આપ્યો હતો.

૨. દરમિયાન—

(૧) તા. ૭મીએ પૂર્વ એશિયાના હિંદી યુવક સંઘ (Indian Youth Movement in East Asia) નું મુખપત્ર 'Young India' અઠવાડિક શરૂ થયું. પાછળથી આનું નામ બદલી 'Azad Hind' રાખ્યું. આ બંને સિંગાપુરથી પ્રસિદ્ધ થતાં હતાં

(૨) તા. ૧૭મીએ કસ્તૂરબાને હૃદયમાં દુઃખાવો ઊપડયો; એટલે એમની સારવાર માટે મનુબહેન ગાંધીને, નાગપુર જેલમાંથી લાવીને તા.૨૦મીએ એમની પાસે રાખવામાં આવ્યાં.

(૩) તા. ૨૧મીએ, સરોજિની નાઈડુને તબિયતના કારણે છોડયાં.

(૪) તા. ૨૮મીએ, એસ. સત્યમૂર્તિનું મદ્રાસમાં અવસાન થયું.

૧૯૪૩—એપ્રિલ—મે

૧ થી ૧૩[1] આગાખાન મહેલ-જેલ.

૧૪ આગાખાન મહેલ-જેલ : તા. ૨૨-૨-૪૩ના રોજ સરકારે બહાર પાડેલી પુસ્તિકા મળી.[2]

૧૫ થી ૩૦[3] આગાખાન મહેલ-જેલ.

મે

૧ થી ૩ આગાખાન મહેલ-જેલ.

૪ આગાખાન મહેલ-જેલ : ઝીણાને લખ્યું—હિંદુ-મુસ્લિમ ઐક્ય અંગે સર્વસંમત ઉકેલ શોધવા માટે અને લાગતાવળગતા સૌને સંતોષ થાય એ પ્રમાણે એનો અમલ કરવા માટે આપણે બંને શા માટે સાથે ન બેસી શકીએ ?[4]

---

૧. દરમિયાન—

(૧) તા. ૧લીએ, વાઇસરૉયે, રાજાજી અને બીજાઓએ ગાંધીજીને મળવા કરેલી માગણી નકારી.

(૨) તા. ૯મીએ, મૌલાના આઝાદનાં પત્નીનું કલકત્તામાં અવસાન થયું.

૨. આગાખાન મહેલ-જેલમાં બધાં આને 'સરકારી બાઈબલ' કહેતાં.

૩. દરમિયાન—

(૧) તા. ૨૨મીએ, વરિષ્ટ અદાલતે ચુકાદો આપ્યો કે હિંદ સંરક્ષણ ધારો નં. ૨૬ મધ્યસ્થ સરકારની સત્તાની બહાર છે અને તેથી એ ગેરકાયદે છે. (ગાંધીજીને આ ધારા મુજબ ગિરફતાર કરવામાં આવ્યા હતા.) એટલે એ ધારાને કાયદેસર બનાવતો ઑર્ડિનન્સ સરકારે તા. ૨૮મીએ બહાર પાડયો.

(૨) તા. ૨૪મીએ ઝીણા બોલ્યા—ગાંધી **મને** શા માટે લખતા નથી ? અને વાઈસરૉયને લખ્યા કરે છે ? સરકારની હેન નથી કે મને લખેલો પત્ર એ રોકે.

૪. આ પત્ર તા. ૧૮-૫-૪૪ના રોજ પ્રસિદ્ધ થયો.

૧૯૪૩-મે

૫ થી ૧૪[1] આગાખાન મહેલ-જેલ.

૧૫ આગાખાન મહેલ-જેલ : હાઉસ ઑફ લૉર્ડઝમાં, તા. ૬-૪-૪૩ના રોજ લૉર્ડ સેમ્યુઅલે કરેલા ભાષણમાંની ક્ષતિઓ તરફ એમનું ધ્યાન દોરતો પત્ર લખ્યો.

૧૬ થી ૨૦ આગાખાન મહેલ-જેલ.

૨૧ આગાખાન મહેલ-જેલ : હિંદી સરકારના ગૃહ-સભ્ય રેજીનલ્ડ મૅકસવેલે તા. ૧૫-૨-૪૩ના રોજ, કૉંગ્રેસ અને ગાંધીજી ઉપર, ધારાસભામાં કરેલા આક્ષેપાત્મક ભાષણનો રદિયો આપતો પત્ર એમને લખ્યો.[2]

૨૨ થી ૨૫[3] આગાખાન મહેલ-જેલ.

૨૬ આગાખાન મહેલ-જેલ : સરકાર તરફથી ખબર આવી કે તા. ૪થીએ ઝીણાને લખેલો પત્ર અને તા. ૧૫મીએ લૉર્ડ સેમ્યુઅલને લખેલો પત્ર—બંને મોકલી શકાશે નહિ.

૨૭ આગાખાન મહેલ-જેલ : ઝીણાને લખેલો પત્ર સરકારે મોકલવા ના પાડી તે અંગે સરકારને લખ્યું :-એમના તા. ૨૪-૪-૪૩ના જાહેર નિમંત્રણના જવાબમાં મેં એમને તા. ૪થીએ લખ્યું હતું. અમને મળવા દેવામાં કોઈને કશું ખોવાપણું નહોતું.

---

૧. દરમિયાન તા. ૧૪મીએ, સિંધના એક વખતના વડા પ્રધાન અને અખિલ હિંદ આઝાદ મુસ્લિમ પરિષદના પ્રમુખ અલ્લાબક્ષનું શિકારપુરમાં ખૂન થયું.

૨. આક્ષેપ એ મતલબનો હતો કે ગાંધીએ ફેબ્રુઆરીમાં ઉપવાસ કર્યા હતા તે, આડકતરી રીતે પોતાનો છુટકારો મેળવવા માટે હતા અને કૉંગ્રેસ, સરકાર સામે યુદ્ધે ચડી છે.

૩. દરમિયાન—

તા. ૨૫માએ બર્નાડ શૉ બોલ્યા—ગાંધીને કેદમાં પૂરી રાખવા એ, બ્રિટિશ સરકારનું અતિમૂર્ખ પગલું છે. . . હવે આપણે હિટલરના દોષ કાઢી શકીએ નહિ. . . . .બ્રિટનના રાજાએ ગાંધીને બિનશરતે મુક્ત કરવા જોઈએ, અને પોતાના પ્રધાનોના નબળી મનોદશા માટે ગાંધીની માફી માગવી જોઈએ

૧૯૪૩-મે-જૂન

૨૮ થી ૩૧[1] આગાખાન મહેલ-જેલ.

જૂન

૧ આગાખાન મહેલ–જેલ : લૉર્ડ સૅમ્યુઅલને લખેલો પત્ર, સરકારે મોકલવા ના પાડી તે અંગે સરકારને લખ્યું :–મારો પત્ર રાજદ્વારી નથી; પણ હાઉસ ઑફ લૉર્ડ્ઝના એક સભ્યે પોતાના ભાષણમાં ભૂલો કરી હતી તે બતાવવા માટે છે. આવા પત્ર ઉપર પ્રતિબંધ મૂકી, એક સામાન્ય તહોમતદારને પણ અપાતો, પોતાનો બચાવ કરવાનો હક, સરકાર મારી પાસેથી ખૂંચવી લે છે.

૨ થી ૨૨[2] આગાખાન મહેલ–જેલ.

---

૧. દરમિયાન તા. ૨૮મીએ, ફેરવી તોળતાં, ઝીણાએ કહ્યુ—એમ જ કહી શકાય કે મુસ્લિમ લીગને, બ્રિટિશ સરકાર સાથે અથડાવી, જેલમાંથી પોતાનો છુટકારો મેળવવા, અને પછી પોતાને મનફાવતું કરવાની અનુકૂળતા મેળવવા માટે જ ગાંધીએ આ કાગળ (જુઓ તા. ૪–૫–૪૩) લખ્યો હશે.

૨. દરમિયાન—

(૧) તા. ૪થીએ, કલકત્તા હાઇકોર્ટે, હિંદી સરકારના તા. ૨૮–૪–૪૩ના ઑર્ડિનન્સને પણ ગેરકાયદે ઠરાવ્યો.

(૨) તા. ૫મીએ, હિંદી સરકારે ફરમાવ્યું કે, લુઈ ફિશરનું, હિંદ વિશેનું કોઈ પણ લખાણ સરકારની પરવાનગી વિના છાપવું નહિ.

(૩) તા. ૭મીએ, નરહરિ પરીખને પોણા બે વર્ષની સજા થઈ.

(૪) તા. ૭મીએ, તા. ૧લીના પત્રનો જવાબ આપતાં સરકારે જણાવ્યું—અમારો નિર્ણય અફર છે.

(૫) તા. ૧૨મીએ, નલવાડી અને પવનાર આશ્રમો ગેરકાયદે જાહેર કરવામાં આવ્યા.

(૬) તા. ૧૭મીએ, મૅક્સવેલે, ગાંધીજીના તા. ૨૧–૫–૪૩ના પત્રના જવાબમાં જણાવ્યું—તમે છૂટ તમારું વલણ બદલ્યું નથી એટલે મતભેદો ઊભા રહે છે.

(૭) તા. ૧૮મીએ, લૉર્ડ વેવલ હિંદના વાઇસરૉય પદે નિમાયા.

૧૯૪૩—જૂન થી ઑગસ્ટ

૨૩ આગાખાન મહેલ—જેલ : રેજીનલ્ડ મૅકસવેલના તા. ૧૭મીના પત્રના જવાબમાં લખ્યું—આપણા મતભેદો ભલે ઊભા રહે, પણ એટલા જ કારણે તમારા ભાષણમાંની ભૂલો સુધારવાનું અશકય ન હોવું જોઇએ.

૨૪ થી ૩૦[1] આગાખાન મહેલ—જેલ.

જુલાઈ

૧ થી ૧૪[2] આગાખાન મહેલ—જેલ.

૧૫ આગાખાન મહેલ—જેલ : તા. ૨૨–૨–૪૩ના રોજ સરકારે બહાર પાડેલા પુસ્તિકાનો (જે ગાંધીજીને તા. ૧૪–૪–૪૩ના રોજ મળી હતી તેનો) બહુ જ વિગતવાર જવાબ એમને મોકલ્યો. અંતમાં જણાવ્યું—તમારી પુસ્તિકાને તમે જે પ્રસિદ્ધિ આપી છે તે મારા આ જવાબને પણ આપશો અને તમે મૂકેલાં તહોમત પાછાં ખેંચશો.

૧૬ થી ૩૧[3] આગાખાન મહેલ—જેલ.

ઑગસ્ટ

૧ થી ૩૧[4] આગાખાન મહેલ—જેલ.

---

૧. દરમિયાન તા. ૩૦મીએ નલવાડી અને પવનાર ગાંધી સેવા સંઘને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યા.

૨. દરમિયાન તા. ૨જીએ સુભાષ બાબુ રંગૂન આવ્યા, તા. ૪થીએ હિંદ સ્વાતંત્ર્ય સંઘના પ્રમુખ બન્યા અને તા. ૫મીએ આઝાદ હિંદ ફોજ અસ્તિત્વમાં આવી. આ ફોજમાં હિંદુ, મુસ્લિમ સૌ કોમના માણસો હતા; તથા હિંદુસ્તાનના લશ્કરમાંથી છૂટા પડી ગયેલા માણસો પણ હતા.

૩. દરમિયાન તા. ૨૬મીએ ઝીણા ઉપર, મુંબઈમાં, રફીક સાબીર ગઝનવી નામના એક માણસે છરી વડે હુમલો કર્યો.

૪. દરમિયાન—

(૧) તા. ૬ઠ્ઠીએ મુંબઈના ‘જન્મભૂમિ’માં સમાચાર આવ્યા કે ગાંધીજી અને વર્કીંગ કમિટીના સભ્યો વચ્ચે, સરકારે, આગાખાન મહેલ—જેલમાં

૧૯૪૩-સપ્ટેમ્બર

૧ થી ૨૫[1] આગાખાન મહેલ-જેલ.

૨૬ આગાખાન મહેલ-જેલ : ગાંધીજીની વર્ષગાંઠ (ભાદરવા વદ ૧૨) નિમિત્તે, જેલર કટેલીએ રૂ. ૭૫ ભેટ ધર્યા.[2]

૨૭ આગાખાન મહેલ-જેલ : નિવૃત્ત થતા વાઈસરૉય લૉર્ડ લિનલિથગોને પત્ર :–બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ પૈકી કોઈનથી, મને, તમારા લીધે જેટલી દિલગીરી થઈ છે તેટલી થઈ નથી. તમે અસત્યને ટેકો આપ્યો છે તેથી મારું હૃદય ચીરાઈ ગયું છે. આશા રાખું છું, ભવિષ્યમાં કોઈ દિવસ તમને સત્ય લાધશે.[3]

૨૮ થી ૩૦[4] આગાખાન મહેલ-જેલ.

મંત્રણા થવા દીધી છે. (જુઓ તા. ૧૯–૧–૪૩). આધાર નં. ૪૯માં તા. ૪–૮–૪૩ થી તા. ૯–૮–૪૩ના દિવસો માટે કાંઈપણ નોંધ નથી.

(૨) તા. ૨૪મીએ, હરિજન નેતા દિવાન બહાદુર એમ. સી. રાજાનું મદ્રાસમાં અવસાન થયું.

૧. દરમિયાન.

(૧) તા. ૧લીએ Indian Reciprocity Act અમલમાં આવ્યો. આ કાયદો દક્ષિણ આફ્રિકા સામે વાપરવાના હેતુથી પસાર કરવામાં આવ્યો હતો.

(૨) તા. ૨૩મીએ, સરકારે, એમની મંજૂરી વિના ગાંધીજીનાં નિવેદનો વગેરે નહિ છાપવાનો કરેલો હુકમ (જુઓ તા. ૧૦-૨-૪૩) પાછો ખેંચી લીધો.

૨. કસ્તૂરબાએ, ગાંધીજીએ કાંતેલા સૂતરમાંથી વણાવેલી લાલ કોરની સાડી પહેરી.

૩. જવાબ આવ્યો :— તમારા અભિપ્રાય માટે દિલગીર છું.

૪. દરમિયાન તા. ૩૦મીએ 'મૉડર્ન રિવ્યુ' અને 'પ્રવાસી'ના તંત્રી રામાનંદ ચેટરજીનું કલકત્તામાં અવસાન થયું.

૧૯૪૩—ઑક્ટોબર

૧ થી ૨૫[1] આગાખાન મહેલ-જેલ.

૨૬ આગાખાન મહેલ—જેલ : સરકારના તા. ૧૪મીના પત્રના જવાબમાં લખ્યું :– મારા કૃત્યો માટે મને પશ્ચાતાપ થતો નથી. 'હિંદ છોડો'ના ઠરાવમાં કશું અજુગતું નથી. છતાં, એ ફેરવવાનો મને એકલાને કોઈ અધિકાર નથી. વર્કીંગ કમિટીના સભ્યોને મળવા મેં માગણી કરેલી એ નકારવામાં આવી છે; છતાં એ માગણી આજે ફરીથી કરું છું. તોફાનો માટે તો, ઊલટું સરકાર ઉપર તહોમત છે. કોઈપણ નિષ્પક્ષ વ્યક્તિને તમે આખો કેસ સોંપી શકો છો.

૨૭ થી ૩૧ આગાખાન મહેલ-જેલ.

---

૧. હરિજન.

(૧) તા. ૬ઠ્ઠીએ, જયપ્રકાશ નારાયણ લાહોરમાંથી પકડાયા (જુઓ તા. ૯-૧૧-૪૨ની પાદટીપ).

(૨) તા. ૧૪મીએ, સરકારે ગાંધીજીના તા. ૧૫-૭-૪૩ના પત્રના જવાબમાં જણાવ્યું :— એ પુસ્તિકા લોકો માટે હતી; તમને ખાત્રી કરાવી આપવા કે તમારો બચાવ કઢાવવા માટે નહોતી. 'હિંદ છોડો'ના ઠરાવમાં હેતુ, જાપાન સાથે સુલેહ કરવામાં તમારો હાથ છૂટો રહે એ હતો. તમારો બચાવ લૂલો છે. તોફાન અંગેની તમારી જવાબદારીમાંથી તમે છટકી શકો નહિ..આ તમારો પત્ર જાહેર પ્રજા સમક્ષ મૂકવા સરકાર ઈચ્છતી નથી. યાદ રાખો, તમે તો કેદી છો.

આ જવાબ ગાંધીજીને તા. ૧૮મીએ મળ્યો.

(૩) તા. ૧૭મીએ નવા વાઈસરૉય લૉર્ડ વેવલ દિલ્હી આવ્યા અને તા. ૨૦મીએ એમનો સોગંદવિધિ થયો.

(૪) તા. ૨૧મીએ સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે આઝાદ હિંદ સરકારની સ્થાપના, સિંગાપુરમાં થઈ.

(૫) તા. ૨૫મીએ આઝાદ હિંદ સરકારે બ્રિટન અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

૧૯૪૩—નવેમ્બર—ડિસેમ્બર

૧ થી ૨ આગાખાન મહેલ-જેલ.

૩ આગાખાન મહેલ-જેલ : મહાદેવભાઈ વિશે સંસ્મરણો લખવાં શરૂ કર્યું.[૧]

૪ થી ૩૦[૨] આગાખાન મહેલ-જેલ.

ડિસેમ્બર

૧ થી ૨૮[૩] આગાખાન મહેલ-જેલ.

૨૯ આગાખાન મહેલ-જેલ : એક જણને લખ્યું-બા, જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાય છે.

૩૦ થી ૩૧ આગાખાન મહેલ-જેલ.

---

૧. આ કામ પૂરું થયું હોય એવી માહિતી મળી નથી.

૨. દરમિયાન—

(૧) તા. ૪થીએ રફીક સાબીર ગઝનવીને પાંચ વર્ષની સજા થઈ. (જુઓ તા. ૨૬-૭-૪૩ની પાદટીપ).

(૨) તા. ૧૮મીએ ગાંધીજીના તા. ૨૯-૧૦-૪૩ના પત્રના જવાબમાં સરકારે લખ્યું—૧૯૪૨ના ૮મી ઑગસ્ટના ઠરાવ અંગે તમે મત બદલ્યો નથી; કોંગ્રેસની વર્કિંગ કમિટીએ પણ બદલ્યો નથી. એટલે એઓ અને તમારી વચ્ચેની મુલાકાતનો કાંઈ અર્થ નથી.

આ જવાબ ગાંધીજીને તા. ૨૪મીએ મળ્યો.

(૩) તા. ૨૮મીથી કસ્તૂરબાની તબિયત બહુ બગડી.

૩. દરમિયાન તા. ૫મીએ કસ્તૂરબાની માંદગી અંગે સરકારે તાર કરી રામદાસને અને દેવદાસને બોલાવ્યા; પણ કસ્તૂરબાને છોડવાની કોઈ તૈયારી બતાવી નહિ સગાંવહાલાં આવી પહોંચ્યાં. માંદગી ગંભીર હોવાના કારણે છોડવાની, લોકો તરફથી થતી માગણીના જવાબમાં તા. ૨૪મીએ સરકારે કહ્યું :— છોડીએ તો એમને એમના પતિથી વિખૂટા પડવું પડે ને ? !

૧૯૪૪—જાન્યુઆરી

૧ થી ૧૭[1] આગાખાન મહેલ-જેલ.

૧૮ આગાખાન મહેલ-જેલ : તબિયત નરમ; સર્પગંધા દવા લીધી એટલે એને પણ ખોરાક ગણી, ખાવામાં લેવાની પાંચ ચીજોમાંથી એક ચીજ ઓછી ખાધી.

૧૯ થી ૨૩ આગાખાન મહેલ-જેલ.

૨૪ આગાખાન મહેલ-જેલ : સરકારને પત્ર:—મને જેલમાં કેમ ન પૂરી રાખવો જોઈએ એ વિશે મારે જે લખવું હોય તે લખી મોકલવા સરકારે જણાવ્યું છે. એના જવાબમાં લખું છું. 'હિંદ છોડો'ના ઠરાવ માટે હું જવાબદાર છું છતાં અમે અહિંસા કલ્પી નહોતી, આદરી નહોતી અને વાઈસરૉયને મળવા તૈયારી બતાવી હતી. પણ સરકારે એ ન સ્વીકાર્યું; અમને પકડયા, દમનનીતિ આદરી અને તોફાનો વહોરી લીધાં. આના માટે જવાબદાર સરકાર છે—અમે નહિ. કોઈપણ નિષ્પક્ષ પંચ પાસે તપાસ કરાવો અગર અમને છોડો.

૨૫ થી ૨૬[2] આગાખાન મહેલ-જેલ.

૨૭ આગાખાન મહેલ-જેલ : કસ્તૂરબાની માંદગી અંગે હિંદી સરકારને લખ્યું :—દર્દીની સારવાર માટે સગવડમાં ઊણપ છે, અને મુલાકાતીઓને મળવા દેવામાં ભારે કનડગત છે.

૨૮ થી ૩૦ આગાખાન મહેલ-જેલ.

૩૧ આગાખાન મહેલ-જેલ : તા. ૨૭ના પત્રનો જવાબ નહિ આવવાથી લખ્યું :—ઈચ્છું છું કે એમ કહેવાનો વખત ન આવે કે રાહત ઘણી મોડી મળી.

---

૧. દરમિયાન—

(૧) તા. ચોથીથી કસ્તૂરબાની તબિયત વધુ બગડી.

(૨) તા. ૧૪મીએ રણજિત પંડિતનું (વિજયાલક્ષ્મી પંડિતના પતિનું) લખનૌમાં અવસાન થયું.

૨. કસ્તૂરબાની તબિયત નરમ; પુત્રો અને સગાંવહાલાંને પરવાનગી મેળવ્યા પછી મળવા દીધાં.

૧૯૪૪-ફેબ્રુઆરી

૧ આગાખાન મહેલ-જેલ.

૨ આગાખાન મહેલ-જેલ : વૈદ્યને બોલાવવા કસ્તૂરબાના આગ્રહનો જવાબ દેતાં કહ્યું :-હું પ્રયત્ન કરી રહ્યો છું પણ આપણે તો કેદી છીએ.

૩ થી ૧૫[1] આગાખાન મહેલ-જેલ.

૧૬ આગાખાન મહેલ-જેલ : સરકારને પત્ર :-કાં તો વૈદ્યને કસ્તૂરબા પાસે રહેવા દો અગર કસ્તૂરબાને પેરોલ પર છોડો; અને એ પણ ન કરી શકો તો મને બીજે ખસેડો. હાજર છતાં હું કાંઈ ન કરી શકું એવી નિઃસહાયતાનો સાક્ષી મને ન બનાવો.

૧૭[2] આગાખાન મહેલ-જેલ : નવા વાઇસરૉય લૉર્ડ વેવલને પત્ર :-બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ મને બ્રિટનનો દુશ્મન માને છે...મને અહીં નજરકેદ રાખવાનાં કારણો, બીજાઓની સાથે મને પણ સરકાર તરફથી જણાવવામાં આવ્યાં છે, અને કહેવામાં આવ્યું છે કે મારે આ વિશે કાંઈ કહેવું હોય તો હું કહી શકું છું મેં એનો જવાબ આપ્યો છે...તમારા પુરોગામીને મેં જે કહ્યું છે તે આજે પણ સાચું છે. સરકારે કરેલા આક્ષેપો એ પુરવાર કરે એ જરૂરનું છે અમારે મન, મિત્ર રાજ્યો ખરેખર જીત્યા એમ ત્યારે જ કહેવાય, જ્યારે, એ, સૌને સ્વતંત્રતા આપે. અમે, બ્રિટનની કે જાપાનની, કોઈનીય ધૂંસરી ઇચ્છતા નથી. 'હિંદ

---

૧. દરમિયાન તા. ૧૧મીએ, વૈદને બોલાવવાની પરવાનગી સરકારે આપી પણ ફરમાવ્યું કે વૈદ કસ્તૂરબા સાથે રહી શકશે નહિ. વૈદ શિવશર્મા તા. ૧૨મીએ આવ્યા; પરંતુ કસ્તૂરબા સાથે રહેવાની પરવાનગી નહિ હોવાથી, અને જ્યારે જરૂર પડે ત્યારે એમને બોલાવી શકાય એ માટે ત્રણ રાત સુધી એ, જેલ દરવાજા બહાર મોટર ગાડીમાં સૂઈ ગયા.

૨. (૧) કસ્તૂરબાની માંદગી ચાલુ; હરિલાલ મળવા આવ્યા.

(૨) વાઇસરૉય બોલ્યા :-બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને પોતાનું ભાવિ નક્કી કરવાનો હિંદને સંપૂર્ણ હક્ક છે એવું અમારું વચન છે...અટકાયતી કેદીઓ તરફથી સરકારનો, કોઈ પણ જાતનો ઈશારો મળ્યા વિના, એમને અમે છોડીએ એવી માગણી કરવી એ વાહિયાત વાત છે.

૧૯૪૪-ફેબ્રુઆરી

છોડો'ની હાકલનો અર્થ સરકારે ઊંધો જ કર્યો છે...જીવનની જરૂરિયાતોની, દેશમાં પ્રવર્તતી અછત જોતાં, અહીં મળતાં સુખસગવડો મને ખટકે છે.

૧૮ થી ૨૨[1] આગાખાન મહેલ-જેલ.

૨૩[2] આગાખાન મહેલ-જેલ : વાઈસરૉય, મુંબઈના ગવર્નર વગેરે અનેક વ્યક્તિઓ તરફથી સહાનુભૂતિના સંદેશા આવ્યા.[3]

૨૪[4] આગાખાન મહેલ-જેલ : હરિલાલ, રામદાસ અને દેવદાસ સાથે ભોજન લીધું.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ હરિલાલ, કસ્તૂરબાને જોવા આવ્યા.

(૨) તા. ૨૦મીએ, કસ્તૂરબાની માંદગી ગંભીર હોવા વિશે સરકારે જાહેર કર્યું. (આધાર નં. ૬૩ના સને ૧૯૪૪ના ભાગ ૧ના પાના ૩૫ ઉપર ગાંધીજીની માંદગીનો ઉલ્લેખ છે પણ એ મુદ્રણદોષ છે.)

(૩) તા. ૨૧મીએ—

(ક) કસ્તૂરબાની આખરી ઘડીઓ; હરિલાલ આવ્યા દારૂ પીધેલી હાલતમાં.

(ખ) કસ્તૂરબાને નહિ છોડવાનું કારણ સમજાવતાં સરકારી અધિકારીએ દેવદાસને કહ્યું :-એમને છોડીએ; પછી એમનું અવસાન થાય અને અમે ગાંધીજીને ન છોડીએ તો અમે નિષ્ઠુર ગણાઇએ !

(૪) તા. ૨૨મીએ સાંજે ૭-૩૫ વાગ્યે કસ્તૂરબાનું અવસાન થયું; હરિલાલ અને દેવદાસ હાજર; ગાંધીજીએ કાંતેલા સૂતરમાંથી વણેલી સાડી કસ્તૂરબાને પહેરાવવામાં આવી. (જુઓ તા. ૨૬-૯-૪૩).

૨. સવારે ૧૦-૩૦ વાગ્યે કસ્તૂરબાના મૃતદેહને દેવદાસે, મહાદેવભાઈના ચિતા-સ્થાનની બાજુમાં અગ્નિસંસ્કાર દીધો.

૩. ન આવ્યા, ઝીણા તરફથી અને માજી વાઈસરૉય લૉર્ડ લિન્લિથગો તરફથી ! (જુઓ તા. ૨૭-૯-૧૯૪૩).

૪. કસ્તૂરબાની રાખમાંથી કાચની બંગડીઓ અણિશુદ્ધ મળી આવી !

૧૯૪૪-ફેબ્રુઆરી—માર્ચ

૨૫ ની ૨૯[1] આગાખાન મહેલ-જેલ.

માર્ચ

૧ થી ૮[2] આગાખાન મહેલ—જેલ.

૯. આગાખાન મહેલ-જેલ : વાઇસરૉયના તા. ૨૫-૨-૪૪ના પત્રનો જવાબ :-તમારા ભાષણમાં તમે કહ્યું છે કે સૈનિકો, દેશી રાજાઓ, લઘુમતીઓ વગેરે જે બધાએ તમને મદદ કરી છે તેમનું રક્ષણ તમે કરશો જ. તમારા આવા વલણથી જ 'હિંદ છોડો'નો નાદ ઊઠ્યો છે. આ ઠરાવ પાછો ખેંચવાનું તમે કહો છો, પણ હજારો માણસોએ કરેલો ઠરાવ અમુક માણસો જ કેવી રીતે પાછો ખેંચી શકે ? તમે નિઃશસ્ત્ર આદમીઓથી શા માટે ગભરાવ છો ? જેઓ તમને સાથ આપી રહ્યા છે તે બધાને તમે હિંદી કહો છો પણ તેઓ કેવળ જન્મે જ હિંદી છે—તેઓ લોકોના પ્રતિનિધિઓ નથી. વળી પેટિયું મેળવવા ખાતર સૈનિક બનનાર, મરજિયાત સૈનિક છે એમ કહેવાય નહિ.

૧૦ થી ૩૧[3] આગાખાન મહેલ-જેલ.

---

૧. દરમિયાન તા. ૨૫મીએ, વાઇસરૉયે, ગાંધીજીના તા. ૧૭-૨-૪૪ના પત્રનો જવાબ આપતાં, પોતાનું એ દિવસનું ભાષણ વાંચી જવા જણાવ્યું.

૨. દરમિયાન તા. ૭મીથી કસ્તૂરબા સ્મારક નિધિ શરૂ થયો.

૩. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ આઝાદ હિંદ ફોજ હિંદની સરહદમાં દાખલ થઈ.

(૨) તા. ૨૮મીએ, વાઇસરૉયે, ગાંધીજીના તા. ૯મીના પત્રના જવાબમાં જણાવ્યું :-દલીલોમાં ઊતર્યા વિના હું એટલું જણાવું કે ક્રિપ્સની દરખાસ્તો જ વ્યવહારુ છે. વળી આર્થિક અને બીજી ઉન્નતિ વિના રાજકીય ઉન્નતિ નિરર્થક છે. તેથી, નેતાઓએ સહકાર કરવો જોઈએ. પણ કૉંગ્રેસની હાલની નીતિ નડતરરૂપ છે. . . .ખરેખરી કટોકટી વખતે એણે પ્રધાનપદાં છોડી દીધાં. . અને 'હિંદ છોડો' નો ઠરાવ કર્યો. તમે સૌ જાપાન તરફી છો એમ હું

૧૯૪૪-એપ્રિલ

૧ થી ૮ આગાખાન મહેલ-જેલ.

૯ આગાખાન મહેલ-જેલ : વાઈસરૉયના તા. ૨૮-૩-૪૪ ના પત્રના જવાબમાં લખ્યું :-તમે માગો છો એવા સહકાર માટે બંને પક્ષે વિશ્વાસની જરૂર છે. પણ તમને તો કૉંગ્રેસમાં વિશ્વાસ જ નથી. 'હિંદ છોડો'ના ઠરાવનો ભાવાર્થ, તમારા પુરોગામી માફક તમે પણ સમજ્યા નથી. એ ઠરાવ પછીનાં તોફાનોની જવાબદારી, કૉંગ્રેસ ઉપર કોઈ રીતે ઓઢાડી શકાય નહિ. કટોકટી સરકારે જ નોતરી હતી તેથી જવાબદારી એની છે.....અમે તમારી મુશ્કેલીમાં લાભ ઉઠાવવા માગતા હતા એવો તમે કરેલો આક્ષેપ તમે પાછો ખેંચો અગર પુરવાર કરો.

૧૦ થી ૧૩ આગાખાન મહેલ-જેલ.

૧૪ થી ૩૦[1] આગાખાન મહેલ-જેલ : તબિયત બગડી.

કહેતો નથી; પણ આવા ઠરાવની શું અસર થાય એ તમે બધા ન સમજો એમ હું માનતો નથી .. તમને અમારા બળમાં વિશ્વાસ નહોતો; અને અમારી મુશ્કેલીના સમયે રાજકીય લાભ ઉઠાવવાની તમારી ઉમેદ હતી. ત્યાર પછીનાં તોફાનોની જવાબદારીમાંથી કૉંગ્રેસ છટકી શકે નહિ....ટૂંકમાં, હું સામાન્ય સહકાર વાંચ્છું છું. ઈચ્છું છું કે તમે શાણી સલાહ આપો, અસહકાર પાછો ખેંચો અને આર્થિક અને રાજકીય ધ્યેય તરફ આગળ ધપવા સાથ આપો.... હું હિંદનો મિત્ર છું.

૧. દરમિયાન—

(૧) તા. ૧૪મીએ મુંબઇની ગોદીમાં ભયંકર ધડાકા સાથે આગ લાગી.

(૨) તા. ૧૯મીએ, કૉંગ્રેસના માજી પ્રમુખ સી. વિજયરાઘવાચારીઆરનું સાલેમમાં અવસાન થયું.

(૩) તા. ૨૮મીએ સરકારે નિવેદન કર્યું—સામાન્ય તબિયત નરમ અને ચિંતાજનક છે.

(૪) તા. ૨૯મીએ સરકારે સામાન્ય પ્રકારનું નિવેદન કર્યું.

(૫) તા. ૩૦મીએ સરકારે નિવેદન કર્યું—તબિયત સુધરી ગઈ છે; અને હવે નિવેદન બહાર પાડવામાં આવશે નહિ.

૧૯૪૪–મે

૧ આગાખાન મહેલ જેલ : માંદગી ચાલુ. ડૉ. બિધન ચન્દ્ર રૉયે તપાસ્યા.

૨ થી ૪[1] આગાખાન મહેલ-જેલ : માંદગી ચાલુ.

૫ આગાખાન મહેલ–જેલ : માંદગી ચાલુ. ● ખબર મળી કે આવતી કાલે છોડવાના છે.

૬ આગાખાન મહેલ–જેલ : જેલ સુપરિન્ટેન્ડેન્ટ તરફથી રૂા. ૭૫ ભેટ મળ્યા. ● મહાદેવભાઇ અને કસ્તૂરબાની સમાધિઓ ઉપર ફૂલ ચડાવ્યાં. ● સવારે ૮ વાગ્યે છુટકારો.[2] ⇕ પૂના : 'પર્ણકુટિ'માં રહેવા આવ્યા.

૭ થી ૯[3] પૂના.

૧૦ પૂના : કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ થવા સ્વીકાર્યું.

૧૧ પૂના. ⇕ મુંબઈ : માટુંગા પાસે ઊતરી ગયા. ● ઉતારો જુહુમાં ગાંધીગ્રામમાં શેઠ નરોત્તમ મોરારજીના કંપાઉન્ડમાં જહાંગીરજી પટેલે બાંધેલા શેડમાં.

૧૨ થી ૧૩ મુંબઈ.

૧૪ મુંબઈ : પંદર દિવસનું મૌન લીધું—સમ્પૂર્ણ આરામ મળે એ માટે.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨જીએ, જેલ સુપરિન્ટેન્ડેન્ટે સાથી કેદી ડૉ. ગિલ્ડરને પૂછ્યું.— ગાંધીજી સો માઈલની મોટર-મુસાફરી કરી શકે ખરા ?

(૨) તા. ૩જીએ સરકારે નિવેદન કર્યું—સ્થિતિ નબળી અને ચિંતાજનક છે.

૨. (૧) S P A N ના ઑક્ટોબર '૬૪ના અંકના પાના ૩૭–૪૦ ઉપરના India's Great Dissenter નામના લેખમાં છુટકારાની તારીખ ૮ જણાવી છે; પણ એ ભૂલ છે.

(૨) આધાર નં. ૨૩૨ના પા. ૪૦૯ ઉપર જણાવ્યું છે કે સરોજિની નાઈડુને પણ ગાંધીજી સાથે છોડયાં. પણ આ ભૂલ છે. જુઓ તા. ૨૧-૩-૪૩.

૩. દરમિયાન તા. ૯મીએ, ખાકસાર નેતા અલ્લામા મશરકીએ ઝીણાને લખ્યું :-લીગ અને કોંગ્રેસ વચ્ચે સમાધાનની શકયતા વિચારવા ગાંધીજીને મળો. આ મતલબનો તાર ગાંધીજીને પણ કર્યો.

૧૯૪૪—મે

૧૫ મુંબઈ : અલ્લામા મશરકીના તા. ૯મીના તારના જવાબમાં તાર કર્યો:– તબિયત ઠીક થાય એટલે હું મળવા તૈયાર છું.

૧૬ મુંબઈ.

૧૭ મુંબઈ : કાનજી દ્વારકાદાસ મળવા આવ્યા.

૧૮ મુંબઈ.

૧૯[1] મુંબઈ : ધડાકાથી (જુઓ તા. ૧૪–૪–૪૪ની પાદટીપ) ગોદી-વિસ્તારમાં થયેલુ નુકસાન જોયું. ● માંદા મંગળદાસ પકવાસાની ખબર કાઢવા ગયા.

૨૦ મુંબઈ : જયકરને લખ્યું :–મારા છુટકારાથી મને મુદ્દલ આનંદ થતો નથી...માંદા ન પડવા મેં બહુ કાળજી રાખી પણ હું નિષ્ફળ નિવડયો...તબિયત સુધરશે એટલે સરકાર મને જરૂર પકડશે...ન પકડે તો હું શું કરી શકું ? 'હિંદ છોડો' નો ઠરાવ હું પાછો ખેંચી શકું એમ નથી જ.

૨૧ મુંબઈ : Mission To Moscow[2] નામની ફિલ્મ જોઈ—પોતાના નિવાસસ્થાને.

૨૨ મુંબઈ.

૨૩ મુંબઈ : ગગનવિહારીનાં પુત્રી ઉમાબહેનના ખબર કાઢવા ગયા.

૨૪ થી ૨૮[3] મુંબઈ.

૨૯ મુંબઈ : પંદર દિવસનું મૌન પૂરું થયું. હવે, થોડા દિવસ સુધી દિવસના ૪ થી ૮ જ બોલવાનું અને બાકીના ૨૦ કલાક મૌન પાળવા નક્કી કર્યું.

---

૧. સાંજની પ્રાર્થનામાં વાંકાનેરના મહારાજા હાજર હતા.

૨. 'ગુજરાત સમાચાર'ના તા. ૨૨–૫–૪૪ના અંકના પાના ૧ ઉપર નામ, 'લીસન ટુ મૉસ્કો' છે પણ એ ભૂલ લાગે છે.

૩. દરમિયાન તા. ૨૭મીએ સરકારે, નવજીવન પ્રેસનો કબજો સોંપવા માંડયો પરંતુ એમાં ટાઈપ, સરંજામ વગેરે કાંઇ નહોતું એટલે મકાનના ખાલી ખોખાનો કબજો લેવા, એના મૅનેજરે ના પાડી (જુઓ તા. ૨૧–૮–૪૨ની પાદટીપ).

૧૯૪૪-મે-જૂન

૩૦[1] મુંબઈ : માંદા યુસુફ મહેર અલીની ખબર કાઢવા ગયા. ● હિંદી ખ્રિસ્તીઓના નેતા પ્રેટર મળવા આવ્યા.

૩૧ મુંબઈ.

જૂન

૧ મુંબઈ.

૨ મુંબઈ : 'રામરાજ્ય' નામની ફિલ્મ જોઈ-પોતાના નિવાસસ્થાને.

૩ થી ૮ મુંબઈ.

૯ મુંબઈ : એચ. પી. મોદી અને જમનાદાસ દ્વારકાદાસ મળવા આવ્યા.

૧૦ મુંબઈ : કાનજી દ્વારકાદાસ મળવા આવ્યા. ● તોફાનો અંગે સરકારે બહાર પાડેલી પુસ્તિકા (જુઓ તા. ૨૨-૨-૪૩ની પાદટીપ અને ગાંધીજીએ આપેલો એનો જવાબ (જુઓ તા. ૧૫-૭-૪૩ બંનેની સાઈકલોસ્ટાઇલ નકલો કેટલાક મિત્રોને મોકલી.

૧૧ મુંબઈ : એચ. પી. મોદી સાથે ચર્ચા.

૧૨ થી ૧૩ મુંબઈ

૧૪ મુંબઈ : જયકર સાથે ચર્ચા. ● 'બે ઘડી મોજ'ના તંત્રી શયદાએ ગાયેલી ગઝલો સાંભળી.

૧૫ મુંબઈ. ⇕ પૂના : ખડકી સ્ટેશને ઊતર્યા. ● ઉતારો ડૉ. મહેતાની નિસર્ગોપચાર સંસ્થામાં.

૧૬[2] પૂના.

૧૭ પૂના : વાઇસરૉયને પત્ર :- બધા મારી સાથે ચર્ચા કરવા અને સલાહ લેવા માટે આવે છે, પરંતુ વર્કીંગ કમિટીના સભ્યો સાથે ચર્ચા કર્યા વિના હું શી સલાહ આપું ? આવી ચર્ચા કરવા દેવા, કેદી

---

૧. તા. ૧૫મીથી આજ સુધીમાં જુદાજુદા સંગીતકારોએ ભજનો સંભળાવ્યાં. આ હતાં—માસ્તર મનહર બર્વે, હીરાબાઇ બરોડેકર, લાલા ઘોરપડે, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન, ચીમનલાલ શાસ્ત્રી, પદ્માવતી શાલીગ્રામ, વિષ્ણુ પંત પાગનીસ વગેરે.

૨. આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયનું કલકત્તામાં અવસાન થયું.

તરીકે મેં વિનંતી કરી હતી એ તમે નકારી હતી. હવે મુક્ત વ્યક્તિ તરીકે ફરીથી એ જ વિનંતી કરું છું. આનો તમે નિર્ણય લો એ પહેલાં તમે કહો તો તમને મળી જાઉં.

૧૮ થી ૨૦ પૂના.

૨૧[1] પૂના : વડોદરાનાં મહારાણી ચિમનાબાઇ મળવા આવ્યાં.

૨૨ થી ૩૦[2] પૂના.

જુલાઈ

૧ પૂના : કસ્તૂરબા સ્મારક ફાળાના ટ્રસ્ટીઓની બેઠકમાં હાજર.

૨ પૂના ⇕ પંચગીની.

૩ પંચગીની.

૪ પંચગીની : 'ન્યુઝ ક્રોનિકલ'ના પ્રતિનિધિ સ્ટુઅર્ટ જેલ્ડરે મુલાકાત લીધી.[3] કાનજી દ્વારકાદાસ હાજર હતા.

૫ પંચગીની : મુલાકાત ચાલુ. ● રાધાકૃષ્ણન્ મળવા આવ્યા.

---

૧. સરકારની પુસ્તિકાનો ગાંધીજીએ આપેલો જવાબ (જુઓ તા. ૧૫-૭-૪૩) તથા ઑગસ્ટ ૧૯૪૨થી એપ્રિલ ૧૯૪૪ સુધીના સમયમાં ગાંધીજી અને વાઈસરૉયે તથા સરકારી અમલદારો વચ્ચે થયેલો પત્રવ્યવહાર સરકારે બહાર પાડયો.

૨. દરમિયાન તારીખ બાવીસમીએ, વાઈસરૉયે, ગાંધીજીના તા. ૧૭મીના પત્રના જવાબમાં લખ્યું :–મળવાનો કાંઈ અર્થ નથી.

૩. (૧) આધાર નં. ૬૩ના સને ૧૯૪૪ના ભાગ બેના પાના ૧૬૧ ઉપર આની તા. ૧૧ જણાવી છે અને પાના ૧૬૩ ઉપર ૪ જણાવી છે. ખરી તા. ૪ છે.

(૨) આ પત્રકાર સાથે ચર્ચા શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ સ્પષ્ટતા કરી હતી કે હું જે કહું છું તે તમે પત્રકાર છો એ તરીકે નહિ પણ અંગત કહું છું; અને મને બતાવ્યા વિના કાંઈ છાપશો નહિ. પણ આ ભાઇએ તો ગાંધીજીના શબ્દોને મારીમચડીને અને ભેળસેળ કરીને છાપ્યું !

૧૯૪૪—જુલાઈ

૬ થી ૧૨[1] પંચગીની.

૧૩ પંચગીની : નિવેદન :–વ્યક્તિગત સત્યાગ્રહનો હક મોકૂફ રખાયો નથી; ખરું પૂછતાં સામુદાયિક સત્યાગ્રહ તો શરૂ થયો જ નહોતો.

૧૪ પંચગીની.

૧૫ પંચગીની : નિવેદન :—મારી યોજનામાં અખંડ હિંદ માટે તાત્કાલિક સંપૂર્ણ સ્વતંત્રતા માગી હતી, અને લડાઈના સમય પૂરતી કેટલીક મર્યાદાઓ સ્વીકારી હતી, જ્યારે, ક્રિપ્સની યોજનામાં એથી ઊલટું હતું. ● વાઈસરૉયને પત્ર લખી મુલાકાત માગી.[2]

૧૬ પંચગીની.

૧૭ પંચગીની : ઝીણાને પત્ર ગુજરાતી ભાષામાં:—તમે કહો ત્યાં આપણે મળીએ. હું ખાતરી આપું છું કે હું મુસલમાનોનો મિત્ર છું. ચર્ચીલને પત્ર—તમે મને 'નગ્ન ફકીર' કહ્યો છે, અને મને કચડી નાખવા ઇચ્છો છો. ફકીર થવા મારો પ્રયત્ન છે પણ નગ્ન થવું મુશ્કેલ છે ... તમે એવું ઇચ્છયું નહિ હોય પણ હું તો તમારા આ શબ્દોથી, મને માન મળ્યું છે એમ જ સમજું છું.[3]

---

૧. દરમિયાન તા. ૬ઠ્ઠીએ ગાંધીજીને ઉદ્દેશીને સુભાષચંદ્ર બોઝ રેડિયોમાં બોલ્યા—'હિંદ છોડો'ની તમારી ઘોષણાએ સૌ હિંદીઓના દિલમાં જોમ પ્રગટાવ્યો છે,...બ્રિટનવાસીઓ, ત્યાંની સરકારથી જુદા છે એમ તમે માનો છો, પણ તેમ નથી...હિંદ બહારના પ્રયત્ન વિના સ્વરાજ મળશે એવી મને લેશમાત્ર આશા હોત તો હું હિંદ છોડત નહિ...જાપાને જ્યાં સુધી બ્રિટન સામે યુદ્ધ જાહેર નહોતું કર્યું ત્યાં સુધી જાપાન આવ્યો નહિ... એ લોકો મને છેતરી જાય એમ માનશો નહિ... આઝાદ હિંદ સરકારની એક જ તમન્ના છે–હિંદને બ્રિટિશ ધૂંસરીમાંથી છોડાવવાની. એ થશે કે તુરત અમે રાજકારણમાંથી નિવૃત્ત થઈશું... અમારા પ્રયત્નોને આશીર્વાદ આપો.

૨. આ પત્ર તા. ૧૭–૮–૪૪ના રોજ બહાર પડયો.

૩. જુઓ તા. ૧૭–૨–૩૧ની પાદટીપ. આ પત્ર તા. ૧૮–૬–૪૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

૧૯૪૪ જુલાઈ

૧૮ થી ૨૧ પંચગીની.

૨૨[1] પંચગીની : તોફાન મચાવવા આવેલા ઝનૂની હિંદુઓને સમજાવી શાંત પાડયા.

૨૩ થી ૨૬[2] પંચગીની.

૨૭ પંચગીની : વાઈસરૉયના તા. ૨૨મીના પત્રના જવાબમાં લખ્યું :– વર્કીંગ કમિટીને હું એવી સલાહ આપવા તૈયાર છું કે (૧) સંયોગો બદલાયા હોવાથી, ૧૯૪૨માં સામુદાયિક ચળવળ ઉપાડવાની જે કલ્પના હતી તે અત્યારે અમલમાં મૂકી શકાય એમ નથી, (૨) હિંદને સંપૂર્ણ સ્વાયત્તતા આપવા બ્રિટિશ સરકાર સંમત થાય તો, અને ધારાસભાને જવાબદાર હોય એવું મંત્રીમંડળ મધ્યસ્થ સરકારમાં રચવામાં આવે તો, અને લડાઈ અંગેનું ખરચ હિંદના માથે નાખવામાં ન આવે તો, લડાઈ જીતવાના પ્રયત્નમાં સંપૂર્ણ સાથ આપવો.[3]

૨૮ પંચગીની : નિવેદન :–ભૂગર્ભ પ્રવૃત્તિ ગમે એટલી નિર્દોષ હોય છતાં એ હિંસક ગણાય; અને તેથી, એમાં પડેલાએ જાતે છતા થઈ જવું જોઈએ.

૨૯ થી ૩૧ પંચગીની.

---

૧. ગાંધીજીના તા. ૧૫મીના પત્રના જવાબમાં વાઈસરૉયે લખ્યું :– તમારે જે કહેવું હોય તે હમણાં તો લખીને મોકલો. (આ પત્ર તા. ૧૭-૮-૪૪ના રોજ બહાર પડયો.)

૨. દરમિયાન—

(૧) તા. ૨૪મીએ, ઝીણાએ, ગાંધીજીના તા. ૧૭મીના પત્રના જવાબમાં લખ્યું :–ઑગસ્ટની અધવચમાં મુંબઈ મારા ઘેર મળવા આવજો. (પણ તા. ૯–૯–૪૪ પહેલાં આ બન્યું નહિ.)

(૨) તા. ૨૫મીએ, જીવણજી દેસાઈએ, નવજીવન પ્રેસના ખાલી મકાનનો કબજો લીધો. (જુઓ તા. ૨૭–૫–૪૪ની પાદટીપ).

૩. આ પત્ર તા. ૧૭–૮–૪૪ના રોજ બહાર પડયો.

૧૯૪૪—ઑગસ્ટ

૧ પંચગીની. ♦ પૂના.

૨ મુંબઈ.

૩ થી ૮ સેવાગ્રામ.

૯ સેવાગ્રામ : ધ્વજવંદનમાં હાજર.

૧૦ થી ૧૧ સેવાગ્રામ.

૧૨ સેવાગ્રામ : એક પત્રમાં લખ્યું :–'મારી ધરપકડ હવે થશે'.[1]

૧૩ થી ૧૭[2] સેવાગ્રામ.

---

૧. આ માહિતી આધાર નં. ૮૩ના પાના ૨૬૬–૨૬૭ ઉપર છાપેલા એક પત્રમાંથી લીધી છે. આના પાના ૨૬૫-૨૬૭નો સાર નીચે પ્રમાણે છે :—

ગાંધીજી છૂટયા ત્યારે અનેક સહકાર્યકર્તાઓએ એમને કહ્યું કે 'તમે બિરલાને ત્યાં ઉતરશો નહિ.' ગાંધીજીએ આ સલાહ માનવા ના પાડી. એટલે આ ભાઈઓએ દલીલ કરી—'તમે એમને ત્યાંથી પકડાયા હતા અને ફરી પાછા પકડાશો (કારણ, બીજા બધા જેલમાં હતા, તેથી ગાંધીજી વ્યગ્ર હતા અને પોતે જેલમાં પાછા જાય એવો સંભવ હતો) ત્યારે પણ તમે ત્યાં જ હશો. એટલે, બિરલા કુટુમ્બની સલામતી ભયમાં મુકાય'. ત્યાર પછી, ગાંધીજીએ આ પત્ર લખ્યો. એમાં, આ ડરનો નિર્દેશ કરી પૂછયું 'તમને આવો ડર છે ? અને સાથેસાથે, પોતે પકડાય એવો પણ સંભવ છે એમ જણાવ્યું.

૨. દરમિયાન તા. ૧૫મીએ, વાઈસરૉયે ગાંધીજીના તા. ૨૭–૭–૪૪ના પત્રના જબાબમાં લખ્યું :-તમારી કલ્પનાનું મંત્રીમંડળ, જુદીજુદી કોમો, દેશી રાજ્યો વગેરેને સ્વીકાર્ય હોય એવું બંધારણ ઘડયા વિના, અમલમાં આવી શકે નહિ; અને લડાઈ ચાલુ હોય ત્યારે આ બની શકે નહિ છતાં, હાલના બંધારણમાં રહીને પણ આવું મંત્રીમંડળ બની શકે કે નહિ એ. જુદીજુદી કોમોના નેતાઓ નક્કી કરી શકે. લડાઈના ખરચની ફાળવણીનો પ્રશ્ન અત્યારે ઉખેળી શકાય નહિ. (આ પત્ર તા. ૧૭-૮-૪૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.)

૧૯૪૪-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૧૮ સેવાગ્રામ : નિવેદન :–સરકાર ચાલીસ કરોડ માનવી ઉપરનો કાબૂ છોડવા માગતી નથી.

૧૯ થી ૨૯ સેવાગ્રામ.

૩૦ સેવાગ્રામ. : ઝીણાનો તાર મળ્યો :–સપ્ટેમ્બરની ૭મી અગર તે પછી મને મળવા આવી શકો છો.

૩૧[1] સેવાગ્રામ.

સપ્ટેમ્બર

૧ સેવાગ્રામ : ચરખા સંઘની બેઠકમાં પ્રમુખપદે.

૨ થી ૪ સેવાગ્રામ.

૫ સેવાગ્રામ : અખિલ હિંદ ગ્રામોદ્યોગ મંડળની બેઠકમાં પ્રમુખપદે.

૬ થી ૮[2] સેવાગ્રામ.

૯ થી ૨૩ મુંબઈ : હિંદુ–મુસ્લિમ ઐક્ય માટે ઝીણા સાથે ચર્ચાઓ અને પત્રોની આપલે.

૨૪ મુંબઈ : ચર્ચા ચાલુ. ● સેવાગ્રામ આશ્રમનાં માણસોની નિષ્ક્રિયતાથી કંટાળીને, ગાંધીજી, આશ્રમ વિખેરી નાખવાના છે એવી અફવાનો રદિયો આપતાં જણાવ્યું :—નિષ્ક્રિયતા નહોતી; ઊલટું સરસ કામ થયું છે. જે કાંઈપણ થશે તે માત્ર પુનર્રચના હશે—વિખેરવાની તો વાત જ નથી.

---

૧. ગાંધીજીની ઝુંપડી આગળ ઝનૂની હિંદુઓએ પિકેટિંગ શરૂ કર્યું. એમની એવી માગણી હતી કે ગાંધીજીએ ઝીણા સાથે મસલત કરવી જોઈએ નહિ. આ પિકેટિંગ છેક તા. ૮–૯–૪૪ સુધી ચાલ્યું.

૨. દરમિયાન—

(૧) તા. ૭મીએ હિંદી સરકારે ફરમાવ્યું કે નવજીવન છાપખાનાના સંચાઓ એમને પાછા સોંપવા. (જુઓ તા. ૨૫–૭–૪૪ની પાદટીપ).

(૨) તા. ૮મીએ, ગાંધીજી ઝીણાને મળવા જાય એનો વિરોધ કરનાર કેટલાક ઝનૂની હિંદુઓને પોલીસે પકડયા. એમના નેતા પાસેથી એક મોટું ખંજર મળી આવ્યું.

૧૯૪૪–સપ્ટેમ્બર થી નવેમ્બર

૨૫ થી ૨૭[1] મુંબઈ : ઝીણા સાથેની ચર્ચાઓ અને પત્રવ્યવહાર પૂરા થયાં.[2] ચર્ચાઓ નિષ્ફળ નીવડી.

૨૮ મુંબઈ : નિવેદન :– અત્યંત દિલગીરીની વાત છે કે અમે એકમત થઈ શક્યા નથી. આમાં ત્રીજી સત્તા જ વિઘ્નરૂપ છે એવો મારો અભિપ્રાય દૃઢ થયો છે.

૨૯ થી ૩૦ મુંબઈ.

ઑક્ટોબર

૧ સેવાગ્રામ.

૨ સેવાગ્રામ : જન્મતિથિ અંગે મુબારકબાદીના અનેક સંદેશાઓ આવ્યા; આમાં એક, જ્યૉર્જ બર્નાર્ડ શૉનો પણ હતો. ● કસ્તૂરબા સ્મારક નિધિની થેલી ગાંધીજીને અર્પણ થઈ.

૩ થી ૨૫ સેવાગ્રામ–વર્ધા.

૨૬ સેવાગ્રામ : આશ્રમની પુનર્રચના અંગે આશ્રમવાસીઓ સાથે ચર્ચા.

૨૭ થી ૩૧ સેવાગ્રામ.

નવેમ્બર

૧ થી ૩ સેવાગ્રામ.

૪ સેવાગ્રામ : કસ્તૂરબા ટ્રસ્ટ અંગે ચર્ચા.

૫ થી ૬ સેવાગ્રામ.

૭ સેવાગ્રામ : આભા અને કનુ ગાંધીના લગ્નમાં હાજર.[3]

૮ થી ૯ સેવાગ્રામ.

૧૦ સેવાગ્રામ : હિંદુસ્તાની તાલીમી સંઘના સભ્યો સમક્ષ પ્રવચન.

---

૧. દરમિયાન તા. ૨૯મીએ એવી વાત બહાર આવી કે તા.૧–૭–૪૨ના રોજ, ગાંધીજીએ જે પત્ર રૂઝવેલ્ટને મોકલ્યો હતો તેનો જવાબ ખાનગી દૂત દ્વારા ગાંધીજીને મળી ગયો છે.

૨. તા. ૨૭મીએ બધો પત્ર વ્યવહાર પ્રસિદ્ધ થયો.

૩. આભા, બંગાળી ગૃહસ્થ અમૃતલાલ ચેટરજીનાં પુત્રી હતાં. આ લગ્ન તા. ૬ઠ્ઠીએ સિવિલ મૅરેજ ઍક્ટ મુજબ નોંધાયું હતું અને આજે વૈદિક વિધિ મુજબ થયું. વિધિ રવિશંકર મહારાજે કરાવી અને કન્યાદાન શાંતિકુમાર મોરારજી તથા એમનાં પત્ની સુમતિએ દીધું.

૧૯૪૪-નવેમ્બર—ડિસેમ્બર

૧૧ થી ૧૬ સેવાગ્રામ.

૧૭ સેવાગ્રામ : અમદાવાદમાં તા. ૪-૧૨-૪૪ના રોજ ઉજવાનારા મજૂરદિન અંગે સંદેશો મોકલ્યો.

૧૮ થી ૨૫[1] સેવાગ્રામ.

૨૬ સેવાગ્રામ : કસ્તૂરબા સ્મારક નિધિના ટ્રસ્ટ-ખતમાં સહી કરી.

૨૭ થી ૩૦[2] સેવાગ્રામ.

ડિસેમ્બર

૧ સેવાગ્રામ : નિવેદન :– તા. ૪ થી ૩૧ સુધી કોઈ જાહેર પ્રવૃત્તિ કરીશ નહિ, કોઈને મુલાકાત આપીશ નહિ અને કાંઈ પત્રવ્યવહાર કરીશ નહી—બધું, માનસિક થાક દૂર કરવા માટે. ● અખિલ ભારત ચરખા સંઘના ટ્રસ્ટીઓની સભામાં પ્રમુખપદે.

૨ થી ૩ સેવાગ્રામ : ટ્રસ્ટીઓની સભા ચાલુ.

૪ થી ૧૦ સેવાગ્રામ.

૧૧ સેવાગ્રામ : જમનાલાલ બજાજની સમાધિની મુલાકાત લીધી.

૧૨ સેવાગ્રામ-વર્ધા : રક્તપિત્તિયાના અનાથાશ્રમની મુલાકાત લીધી.

૧૩ વર્ધા.

૧૪ વર્ધા. ⇕ પીપળી : ડેરીની મુલાકાત લીધી.

૧૫ થી ૩૧[3] સેવાગ્રામ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ નવજીવન છાપખાનાના સંચા વગેરે પાછું સોંપવામાં આવ્યું. (જુઓ તા. ૭-૯-૪૪ની પાદટીપ).

(૨) તા. ૨૦મીએ નરહરિ પરીખ છૂટયા.

૨. એમ જણાય છે કે આ અરસામાં ગાંધીજીએ એક અગર વધુ ઉપવાસ કરવા ધાર્યા હશે અગર ખરેખર કર્યા હશે. એ, દસેક મિનિટ મૂર્છિત થઇ ગયા હતા એવો હેવાલ મળે છે; બીજી કોઈ માહિતી મળી નથી.

૩. દરમિયાન—

(૧) તા. ૧૮મીએ ખાકસાર નેતા અલ્લા મશરકીએ ઝીણા અને ગાંધીજીને તાર કરી, હિંદુ-મુસ્લિમ પ્રશ્ન ફરીથી ચર્ચવા વિનંતી કરી.

(૨) તા. ૩૦મીએ રોમાં રોલાનું વેઝેલે (સ્વિટ્ઝરલેન્ડ)માં અવસાન થયું.

૧૯૪૫ – જાન્યુઆરી—ફેબ્રુઆરી

૧ થી ૪[1] સેવાગ્રામ.
૫ સેવાગ્રામ : ભૂલાભાઈ દેસાઈ મળવા આવ્યા.
૬ થી ૧૦ સેવાગ્રામ.
૧૧ સેવાગ્રામ : પાયાની કેળવણીની પરિષદમાં હાજર; એમનું લિખિત ભાષણ ડૉ. ઝાકીર હુસેને વાંચ્યું; સ્થળ ખાદી વિદ્યાલય.
૧૨ થી ૩૧[2] સેવાગ્રામ.

ફેબ્રુઆરી

૧ થી ૯ સેવાગ્રામ.
૧૦ સેવાગ્રામ : કસ્તૂરબા સંવત્સરી નિમિત્તના સમૂહ કાંતણમાં ભાગ લીધો અને પ્રવચન કર્યું.
૧૧ થી ૧૭ સેવાગ્રામ.
૧૮ સેવાગ્રામ : કસ્તૂરબા ટ્રસ્ટની પ્રાંતિક સમિતિઓના મંત્રીઓ સમક્ષ પ્રવચન.
૧૯ થી ૨૨ સેવાગ્રામ.
૨૩ થી ૨૫ વર્ધા.
૨૬ વર્ધા : અખિલ ભારત હિંદુસ્તાની પ્રચાર સભાની બેઠકમાં હાજર; એમનું લખેલું પ્રવચન વાંચવામાં આવ્યું.
૨૭[3] વર્ધા : બેઠક ચાલુ; પ્રવચન.
૨૮ વર્ધા.

---

૧. (૧) તા. ૩જીએ, મદ્રાસ સરકારે, ગાંધીજીની આત્મકથા, મેટ્રિકના અભ્યાસક્રમ માટે પાઠયપુસ્તક તરીકે અપનાવી.

(૨) તા. ૪થીએ અનસૂયા અને મોહનભાઈ પરીખની સગાઈ નક્કી થઈ.

૨. દરમિયાન તા. ૧૨ થી ૧૬ સુધી, ઝીણા, મુસ્લિમ કેળવણી પરિષદ અંગે અમદાવાદમાં હતા ત્યારે એમના તા. ૧૫મીના ભાષણોમાં એ બોલ્યા–બ્રિટનને ઠેકાણે લાવવાનો એક જ રસ્તો છે—પાકિસ્તાનની માગણી . . . . મુસ્લિમ લીગની નીતિરીતિ હિંદુઓની વિરુદ્ધ નથી . . . . મુસ્લિમ લીગની માંગણી સ્વીકારવામાં આવે અને કાંગ્રેસ 'હિંદ છોડો'નો ઠરાવ ફેરવે તો દેશને મુક્તિ ઝડપથી મળી શકે.

૩. આધાર નંબર પાંચમાંનો પત્ર નં. ૧૫૦ આજે મહાબળેશ્વરથી લખાયો હતો એમ છપાયું છે; પણ આ બંધબેસતું નથી.

૧૯૪૫-માર્ચ-એપ્રિલ

૧ વર્ધા.

૨ થી ૧૬[1] સેવાગ્રામ.

૧૭[2] સેવાગ્રામ : એક પત્રમાં નિર્દેશ કર્યો :—આશ્રમ અંગે મારું સ્થાન વિનોબાજી અને કિશોરલાલ લેશે.

૧૮ થી ૧૯ સેવાગ્રામ.

૨૦ સેવાગ્રામ : નિવેદન :—કારોબારીના સભ્યો જેલમાં હોય ત્યાં સુધી હાલની મડાગાંઠનો અંત લાવવાની વાતો અર્થહીન છે.[3]

૨૧ થી ૨૭[4] સેવાગ્રામ.

૨૮ સેવાગ્રામ : અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની કાર્યવાહક સમિતિમાં પ્રમુખપદે.

૨૯ થી ૩૦ સેવાગ્રામ.

૩૧ મુંબઇ : માટુંગા લેવલ ક્રોસીંગે ઊતર્યા. ● ઉતારો બિરલા હાઉસમાં. ● માંદા સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને જોવા ગયા.

એપ્રિલ

૧ થી ૩[5] મુંબઇ.

---

૧. દરમિયાન તા. ૧૬મીએ, વાયવ્ય સરહદ પ્રાંતમાં ડૉ. ખાનસાહેબે કૉંગ્રેસી પ્રધાનમંડળ રચ્યું.

૨. ખાન અબ્દુલ ગફાર ખાન છૂટયા.

૩. આધાર નં. ૬૩ના સને ૧૯૪૫ના ભાગ ૧ના પાના બાવન ઉપર જણાવ્યું છે કે આ નિવેદન મુંબઈમાં કર્યું હતું, પરંતુ એ બંધબેસતું નથી.

૪. દરમિયાન—

(૧) તા. ૨૧મીના અરસામાં, બ્રિટિશ સરકાર સાથે ચર્ચા કરવા, વાઈસરૉય લૉર્ડ વેવલ વિલાયત જવા ઉપડયા. તા. ૨૩મીએ એ ત્યાં પહોંચ્યા.

(૨) તા. ૨૫મીએ, હરમૅન કૅલનબૅકનું, જોહાનિસબર્ગમાં અવસાન થયું.

૫. દરમિયાન—

(૧) તા. ૨જીએ, સપ્રુ સમાધાન સમિતિ વિશે, ન્યુ દિલ્હીમાં

૧૯૪૫—એપ્રિલ

૪ મુંબઈ : કસ્તૂરબા સ્મારક નિધિના ટ્રસ્ટી મંડળની બેઠક

૫ થી ૮ મુંબઈ.

૯ મુંબઈ : કાનજી દ્વારકાદાસ મળવા આવ્યા.

૧૦ મુંબઈ : ટ્રામ-બસના કામદારો મળવા આવ્યા.

૧૧ મુંબઈ : કસ્તૂરબા સ્મારક નિધિ સંચાલિત, બોરીવલીમાં આવેલી, કાર્યકરોની, તાલીમ છાવણીની મુલાકાત અને પ્રવચન.

૧૨[1] મુંબઈ : કસ્તૂરબા સ્મારક નિધિની બેઠક.

૧૩ મુંબઈ : કસ્તૂરબા સ્મારક નિધિની કચેરીની મુલાકાત.

૧૪ મુંબઈ : મણિલાલ ગાંધી મળવા આવ્યા–દક્ષિણ આફ્રિકાથી.

૧૫ થી ૧૬ મુંબઈ.

૧૭ મુંબઈ : નિવેદન :- યુદ્ધ પૂરું થવા આવ્યું છે; મિત્ર રાજ્યો જીત્યા છે: પણ એમણે જર્મની અને જાપાનને માનભંગ કરવાં જોઈએ નહિ; અને સુલેહના લાભોની વહેંચણી સરખા ભાગે કરવી જોઈએ.

૧૮ થી ૧૯ મુંબઈ.

૨૦ મુંબઈ. ⇕ પૂના : ઉતારો દિનશા મહેતાની નિસર્ગોપચાર સંસ્થામાં.

૨૧ પૂના ⇕ મહાબળેશ્વર : ઉતારો રતનસી ધરમસીની માલિકીના 'મોરારજી કિલ્લા'માં.

ઝીણાએ નિવેદન કર્યું :–એ તો કોંગ્રેસની નોકરડી (Handmaid) છે, અને ગાંધી નચવે એમ નાચે છે.

(૨) આષ્ટી-ચિમૂરના આરોપીઓને ફાંસી દેવાના ચુકાદાની વિરુદ્ધમાં તા. ૩જીએ હડતાલ પાડવામાં આવી.

૧. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટનું અવસાન થયું. એમનાં પત્નીને ગાંધીજીએ દિલાસાનો સંદેશો મોકલ્યો. સંદેશાની ચોક્કસ તારીખ મળી શકી નથી; પણ એ તા. ૧૯ પહેલાં મોકલ્યો હતો.

૧૯૪૫ એપ્રિલ-મે

૨૨ થી ૩૦[1] મહાબળેશ્વર.

મે

૧ થી ૧૨[2] મહાબળેશ્વર.

૧૩ મહાબળેશ્વર : પોતાની ભૂલ સ્વીકારતો પત્ર લાલા દુનિચંદને લખ્યો.[3]

૧૪ થી ૧૭ મહાબળેશ્વર.

૧૮ થી ૧૯[4] મહાબળેશ્વર : કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટની કારોબારીની બેઠક.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ જાપાને રંગૂન છોડયું.

(૨) તા. ૨૪મીએ આઝાદ હિંદ સરકારે રંગૂન છોડયું. એ પહેલાં એણે પાઇએ પાઈનું દેવું ચૂકવ્યું; અને શહેરમાં કાંઈ અંધાધૂંધી ન ફેલાય એ હેતુથી, અને બ્રિટિશ સૈન્ય ગિરફતાર કરશે એ જાણવા છતાં, ૬,૦૦૦ સૈનિકોને મૂકતી ગઈ.

(૩) તા. ૨૯મીએ મુસોલિનીનું ખૂન થયું.

૨. દરમિયાન—

(૧) તા. ૧લીએ હિટલરનું અવસાન થયું.

(૨) તા. ૩જીએ બ્રિટિશ લશ્કરે રંગૂનનો કબજો લીધો. ત્યાર સુધી આઝાદ હિંદ સરકારે મૂકેલા માણસોએ બંદોબસ્ત જાળવ્યો.

(૩) તા. ૫મીએ, રંગૂનમાંના બ્રિટિશ સેનાપતિએ, આઝાદ સરકારે મૂકેલા માણસોને, બિન-રાજકીય પ્રવૃત્તિઓ (દવાખાનાં, બૅન્ક વગેરે) ચાલુ રાખવા સૂચવ્યું.

(૪) તા. ૭મીએ જર્મની બિન-શરતે શરણે આવ્યું; યુરોપમાંના બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

૩. દુનિચંદ નામના એક માણસના અવસાનના સમાચાર મળતાં, એ પંજાબના નેતા લાલા દુનિચંદ હશે એમ માની એમનાં પત્નીને ખરખરાનો કાગળ લખ્યો હતો; પરંતુ પાછળથી ભૂલ માલૂમ પડી હતી.

૪. દરમિયાન તા. ૧૯મીએ, રંગૂનમાંના બ્રિટિશ સેનાપતિએ, આઝાદ હિંદ સરકારની બૅન્કનો કબજો લીધો અને નાણાં જપ્ત કર્યાં.

૧૯૪૫—મે—જૂન

૨૦ મહાબળેશ્વર.

૨૧ મહાબળેશ્વર : બેઠક ચાલુ.

૨૨ મહાબળેશ્વર : તાલીમ લેતા હિંદુસ્તાન સ્કાઉટો સમક્ષ પ્રવચન.

૨૩ થી ૩૦[1] મહાબળેશ્વર.

૩૧ મહાબળેશ્વર. ⇕ પંચગીની : ઉતારો નાનજી કાળીદાસના 'દિલખુશ'માં.

જૂન

૧ થી ૯[2] પંચગીની.

૧૦ પંચગીની : રાષ્ટ્ર સેવાદળ સમક્ષ પ્રવચનઃ— મિત્ર રાજ્યોની જીતથી મને બહુ આનંદ થતો નથી કારણ કે, જીત અસત્ય ઉપર સત્યની નથી. પરંતુ હું એ સ્પષ્ટ કરવા માગું છું કે ધરીરાજ્યો જો જીત્યા હોત તો સ્થિતિ વધુ વિષમ બનત.

૧૧ થી ૧૩ પંચગીની.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ બ્રિટિશ રાષ્ટ્રીય સરકારનું પતન થયું. ચર્ચીલે રાજીનામું આપ્યું અને નવી સરકાર રચી. આમાં મુખ્ય કારણ હિંદ તરફની નીતિ સામે મજૂર પક્ષનો વિરોધ હતો એ હતું.

(૨) તા. ૨૮મીથી આઝાદ હિંદ ફોજના માણસોની, રંગૂનમાં ધરપકડ શરૂ થઈ.

૨. દરમિયાન—

(૧) તા. ૩ અને ૪ના રોજ, આધાર નં. ૫૧માના પત્રો નં. ૨૩૦ અને ૨૩૧, મહાબળેશ્વરથી લખવામાં આવ્યા હતા એમ એમાં જણાવ્યું છે, પણ આ બંધબેસતું નથી.

(૨) તા. ૪થીએ વાઇસરોય હિંદ પાછા ફર્યા. (જુઓ તા. ૨૧ અને ૨૩-૩-૪૫).

૧૯૪૫-જૂન

૧૪[1] પંચગીની : વાઇસરૉયને તાર—નિમંત્રિતોમાં હું છું એમ આપે જાહેર કર્યું છે; પણ હું કોઈનું પ્રતિનિધિત્વ ધરાવતો નથી. વળી રાજકીય દૃષ્ટિએ, સવર્ણ હિંદુ જેવું કાંઇ છે જ નહિ.

૧૫[2] પંચગીની : નિવેદન :—વાઇસરૉયની જાહેરાત અંગે વર્કીંગ કમિટી જ નિર્ણય લઈ શકે. ● વાઇસરૉયને તાર તથા પત્ર મોકલી કેટલાક ખુલાસા માગ્યા.

૧૬[3] પંચગીની : વાઇસરૉયને પત્ર :— સ્પષ્ટ કરું છું કે કોઇ સંસ્થાનું પ્રતિનિધિત્વ ધરાવતો નથી; અંગત રીતે તમે કહેશો તો મળીશ પણ પરિષદમાં મને હાજર રાખશો નહિ. ● નેતાઓ સાથે મંત્રણા.

---

૧. (૧) વાઈસરૉયની જાહેરાત :—હાલની રાજકીય મડાગાંઠનો અંત લાવવાના હેતુથી, અને હિંદના સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેય તરફ આગેકૂચ કરવાની અનૂકુળતા પેદા કરવાના હેતુથી, નવી કારોબારી—જેમાં સવર્ણ હિંદુઓ અને મુસ્લિમોનું પ્રતિનિધિત્વ સરખુ હશે તેવી—રચવાની દૃષ્ટિએ હિંદના નેતાઓ સમક્ષ કેટલીક દરખસ્તો મૂકવા બ્રિટિશ સરકારે મને સત્તા આપી છે...નેતાઓને તાકીદે છોડવામાં આવશે. .ચર્ચા માટે પરિષદ તા. ૨૫મીએ બોલાવવામાં આવશે...વગેરે. વગેરે.

(૨) વાઇસરૉયે ગાંધીજીને તાર કર્યો :- આ પરિષદમાં આવવા મારું નિમંત્રણ છે. બને તો એક દિવસ વહેલા આવશો. રૂબરૂ ચર્ચા થઇ શકશે. તમારા માટે એક બંગલો તૈયાર રાખ્યો છે.

૨ (૧) જવાહરલાલ, સરદાર વલ્લભભાઇ, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે, વર્કીંગ કમિટીના સભ્યોને છોડવામાં આવ્યા.

(૨) વર્કીંગ કમિટી પરના પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવ્યા.

(૩) ગાંધીજીના તા. ૧૪મીના તારના જવાબમાં વાઈસરૉયે તાર કર્યો :- અંગત રીતે જરૂર આવો અને મને મદદ કરો.

૩. ગાંધીજીના તા. ૧૫મીના તારના જવાબમાં વાઇસરૉયે તાર કર્યો :- શબ્દોને વળગી ન રહેશો. રૂબરૂ ખુલાસા થઇ શકશે.

૧૯૪૫—જૂન

૧૭ થી ૧૮[1] પંચગીની.

૧૯ પંચગીની. ⇕ પૂના : મહાદેવભાઈ તથા કસ્તૂરબાની સમાધિઓની મુલાકાત.

૨૦ મુંબઈ : ઉતારો બિરલા હાઉસમાં

૨૧ મુંબઈ : વર્કીંગ કમિટીના બેઠકમાં હાજર; ઠરાવ્યું — કોંગ્રેસી આમંત્રિતોએ વાઇસરૉયે બોલાવેલી પરિષદમાં ભાગ લેવો.

૨૨ મુંબઈ : બેઠક ચાલુ નિવેદન કર્યું :—અમે હમણાં જ છૂટયા છીએ; બહારની પરિસ્થિતિથી અણજાણ છીએ; છતાં વાઈસરૉયે બોલાવેલી પરિષદમાં જે કોંગ્રેસીઓને બોલાવ્યા છે તેમને, જવાની, અને અમુક બાબતોની ચોખવટો માગવાની સલાહ આપવામાં આવી છે. ● થી નીકળ્યા.[2]

૨૩ દિલ્હી : માંદા સત્યવતી[3]ને જોવા ગયા.

૨૪ સિમલા : ઉતારો અમૃત કુંવરના 'મનોરવિલા'માં. ● વાઈસરૉય સાથે ચર્ચા.[4]

૨૫ થી ૨૮[5] સિમલા.

---

૧. દરમિયાન ગાંધીજીના તા. ૧૬મીના પત્રના જવાબમાં તા. ૧૭મીએ વાઈસરૉયે તાર કર્યો-ચર્ચા માટે તમે જરૂર આવો; કાંગ્રેસના પ્રમુખને નિમંત્રણ મોકલું છું.

૨. આધાર નં. ૫૧ના પાના ૨૩૧ ઉપર આની તા. ૧૨-૬-૪૫ જણાવી છે પણ એ મુદ્રણદોષ લાગે છે.

૩. સ્વામી શ્રદ્ધાનંદનાં પૌત્રી.

૪. વાઈસરૉયે, ગાંધીજી, ઝીણા, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે સાથે અલગઅલગ મંત્રણાઓ કરી.

૫. દરમિયાન તા. ૨૫મીથી પરિષદ શરૂ થઈ. ગાંધીજી પરિષદમાં હાજર રહ્યા નહિં. આધાર નં. ૧૦૧ના પાના ૨૬૨-૨૬૩ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી 'agreed to attend the conference as an observer' પણ આ વિધાન બંધબેસતું નથી.

૧૯૪૫–જૂન–જુલાઈ

૨૯ સિમલા : નિવેદન :– મારી આશા અને પ્રાર્થના છે કે આ ચર્ચાઓ-
માંથી રાષ્ટ્રીય સરકાર રચવાનું શક્ય બને.

૩૦ સિમલા.

જુલાઈ

૧ થી ૨ સિમલા.

૩ થી ૪ સિમલા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૫ થી ૯[૧] સિમલા.

૧૦ સિમલા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૧ સિમલા : વાઈસરૉય સાથે ચર્ચા દરમિયાન વાઈસરૉયે કહ્યું :- પરિષદ નિષ્ફળ જશે એ ચોક્કસ છે, પણ હું સમાધાન માટે પ્રયત્નો ચાલુ રાખીશ. વિલાયતમાં થનારી ચૂંટણી પૂરી થાય એટલે તુરત આ દિશામાં ઘટતું કરીશ. અને તમે, હાલ જે કાંઈ સમાધાનકારી સંબંધો સ્થપાયા છે તે ચાલુ રાખો એવી મારી વિનંતિ છે.

૧૨ થી ૧૬[૨] સિમલા.

---

૧. દરમિયાન–

(૧) તા. ૭મીએ, કોંગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદે નવી વચગાળાની કારોબારી માટે ગાંધીજી સાથે ચર્ચા કર્યા બાદ પંદર નામોની યાદી વાઇસરૉયને મોકલી. આમાં હતા.—સવર્ણ હિંદુઓ ૫, મુસલમાન ૫, હરિજન ૨, હિંદી ખ્રિસ્તી ૧, પારસી ૧ અને શીખ ૧.

(૨) તા. ૯મીએ પોતાની યાદી મોકલવા ઝીણાએ ના પાડી; કારણ– મુસલમાનોનું પ્રતિનિધિત્વ એકલી લીગ જ ધરાવે છે, એમનાં નામો એ જ સૂચવે અને એ જ સ્વીકારાય, એવી બાંયધરી મળી નથી.

૨. (૧) દરમિયાન—

(ક) તા. ૧૪મીએ વાઈસરૉયે, પરિષદની નિષ્ફળતા જાહેર કરી.

(ખ) એ જ દિવસે આ અંગે ઝીણા બોલ્યા :–વેવલ યોજના તો જાળ હતી; એમાં અમને ફસાવનાર હતા ગાંધીની હિંદુ કોંગ્રેસ, અખંડ

૧૯૪૫-જુલાઈ

૧૭ દિલ્હી : માંદાં સત્યવતીને જોવા ગયા ● હરિજન નિવાસની મુલાકાત લીધી.

૧૮ થી ૨૪ સેવાગ્રામ.

૨૫[1] : સેવાગ્રામ : રાષ્ટ્રભાષા કેવળ પર્શિયન કે સંસ્કૃતમય ન હોવી જોઈએ, અને એમાં બાળબોધ અને ઉર્દૂ બંને લિપીને સ્થાન હોવું જોઇએ એવા પ્રકારની નીતિ હિંદી સાહિત્ય સંમેલનની નહિ રહી હોવાથી એ સંસ્થામાંથી રાજીનામું આપ્યું.[2]

૨૬ થી ૩૧[3] સેવાગ્રામ.

હિંદની કલ્પાનાવાળા વાઈસરૉય વેવલ અને કેટલાક મુસલમાનો. અમે એ યોજના સ્વીકારી હોત તો અમે તો મુઆ જ પડયા હોત.

(ગ) પરિષદની નિષ્ફળતા અંગે આમ બીજાઓએ પોતાને યોગ્ય લાગે તે કહ્યુ પરંતુ વાઇસરૉયની વિનંતિને માન આપીને (જુઓ તા. ૧૧) ગાંધીજી એક અક્ષર પણ બોલ્યા નહિ.

(૨) આધાર નં. ૧૮ના પાના ૧૯૬-૧૯૭ ઉપર છાપવામાં આવેલા એક પત્રનાં સ્થળ/તારીખ ‘સેવાગ્રામ, તા. ૧૫-૭-૪૫’ છે; પણ આ બંધબેસતું નથી. ખરી તા. કદાચ ૨૫-૭-૪૫ હશે.

૧. પ્રવેશબંધીના હુકમના ભંગ માટે ખાન અબ્દુલ ગફાર ખાનને પેશાવરમાં પકડયા, પણ બીજે જ દિવસે છોડી દીધા.

૨. (૧) કેટલાક પત્રવ્યવહાર પછી આ રાજીનામું તા. ૨૫-૧૧-૪૫ના રોજ સખેદ સ્વીકારવામાં આવ્યું.

(૨) ‘ગુજરાત સમાચાર’ના તા. ૧૫-૮-૪૫ના અંકના પાના ૧ ઉપર રાજીનામાની તા. ૧૪-૮-૪૫ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૩. દરમિયાન તા. ૨૬મીએ બ્રિટનમાં મજૂર પક્ષ સત્તા પર આવ્યો અને તા. ૨૭મીએ એટલી વડા પ્રધાન બન્યા.

૧૯૪૫—ઑગસ્ટ

૧ થી ૧૮[1] સેવાગ્રામ

૧૯ સેવાગ્રામ : કસ્તૂરબા સ્મારક નિધિના ટ્રસ્ટની સભામાં હાજર.

૨૦[2] મુંબઈ.

૨૧ પૂના : ઉતારો ડૉ. દિનશા મહેતાના નિસર્ગોપચાર કેન્દ્રમાં.

૨૨ થી ૩૧[3] પૂના.

---

૧. દરમિયાન—

(૧) તા. ૩જીએ પેથિક લૉરેન્સ હિંદી વજીર બન્યા.

(૨) તા. ૬ઠ્ઠીએ હીરોશીમા ઉપર અને તા. ૯મીએ નાગાસાકી ઉપર અમેરિકાએ અટમ બૉમ્બ નાખ્યા; અને તા. ૧૦મીએ જાપાન શરણે આવ્યું.

(૩) તા. ૭મીએ, પંજાબ સરકારે, ખાન અબ્દુલ ગફાર ખાનને પકડવામાં આવ્યા હતા (જુઓ તા. ૨૫-૭-૪૫ની પાદટીપ) એ વિશે ઘસીને ના પાડી.

(૪) તા. ૧૨મીએ રાજાજી કૉંગ્રેસમાં ફરીથી જોડાયા. (જુઓ તા. ૧૫-૭-૪૨ની પાદટીપ).

(૫) તા. ૧૬મીએ ચિમુર-આષ્ટીના ફાંસી પામેલાની સજા ઘટાડીને જન્મટીપમાં ફેરવવામાં આવી (જુઓ તા ૩-૪-૪૫ ની પાદટીપ.)

(૬) તા. ૧૮મીએ સરલાદેવી ચૌધરાણીનું કલકત્તામાં અવસાન થયું.

૨. (૧) બ્રિટિશ સરકારે, ચર્ચા માટે, વેવલને વિલાયત બોલાવ્યા.

(૨) હિંદી સરકારનું નિવેદન :—જે હિંદીઓ દુશ્મનને મળી ગયા હતા તેમનું શું કરવું એ વિશે અમે વિચાર કરીએ છીએ (જુઓ તા. ૨૮-૫-૪૫ ની પાદટીપ.)

૩. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ સમાચાર આવ્યા કે, સુભાષચંદ્ર બોઝ વિમાની અકસ્માતમાં ઘવાયા હતા અને જાપાનીસ હૉસ્પિટલમાં એમનું અવસાન થયું છે.

(૨) તા. ૨૪મીએ, વાઇસરૉય ઉપડયા અને તા. ૨૬મીએ લંડન પહોંચ્યા.

(૩) તા. ૨૭મીએ, આઝાદ હિંદ ફોજના માણસો અંગે સરકારે કહ્યું :- સૈનિક ઉપર દયા બતાવવામાં આવશે પણ આગેવાનો ઉપર લશ્કરી અદાલતમાં કામ ચલાવવામાં આવશે.

૧ થી ૬[૧] પૂના.

૭[૨] પૂના : માંદા ડૉ. ભાંડારકરને જોવા ગયા. ● ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટની મુલાકાત લીધી.

૮ થી ૧૧ પૂના

૧૨ થી ૨૦[૩] પૂના : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૨૧ મુંબઈ : તબિયત સારી નહોતી છતાં વર્કીંગ કમિટીમાં અને ઑ. ઈ. કોં. ક. ની બેઠકોમાં હાજર રહ્યા.

---

૧ દરમિયાન—

(૧) તા. ૧લીએ અમદાવાદના કોંગ્રેસ ભવનનો, સરકારે કબજો સોંપ્યો.

(૨) તા. ૩જીના અરસામાં સુભાષ બાબુના ભાઇ શૈલેષ બાબુ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે સ્વયંસેવકોને તેમજ છૂપી પોલીસના માણસોને ભ્રાન્તિ થઈ કે સુભાષ બાબુ જ આવ્યા છે. પાછળથી ભ્રમ ભાગ્યો.

(૩) તા. ૫મીએ પરચુરે શાસ્ત્રીનું સેવાગ્રામમાં અવસાન થયું.

૨. જર્મનીના રશિયાના કબજા હેઠળના પ્રદેશમાં જુદી જર્મન સરકાર રચાઈ.

૩. દરમિયાન—

(૧) તા. ૧૩મીએ વાઇસરૉય વેવલ લંડનથી નીકળ્યા, ૧૫મીએ હિંદ આવ્યા અને ૧૯મીએ નિવેદન કર્યું :- હિંદુસ્તાનને સંપૂર્ણ સ્વાયત્તતા મળે એ માટે નેતાઓની સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવાનો બ્રિટિશ સરકારનો મક્કમ અભિપ્રાય છે. એ અંગે હિંદમાં, ચૂંટણીઓ બાદ ચર્ચાઓ થશે અને હિંદી પક્ષોનો જેને ટેકો હોય તેવાની એક કારોબારી સમિતિ રચાશે. (આધાર નં. ૨૩૨માં નિવેદનની તા. ૧૮ છે; પણ એ ભૂલ છે.)

(૨) તા. ૧૪મીએ શરદ્ચંદ્ર બોઝ છૂટયા.

૧૯૪૫—સપ્ટેમ્બર થી નવેમ્બર

૨૨ મુંબઈ : વર્કીંગ કમિટી બેઠકમાં હાજર. ઠરાવ્યું—આઝાદ હિંદ ફોજના માણસો પર કામ ચાલે ત્યારે એમનો બચાવ કરવા માટે પગલાં ભરવાં.[1]

૨૩[2] મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૪ મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમા હાજર. ⇕ પૂના.

૨૫ થી ૨૭ પૂના.

૨૮ પૂના : શરદ્‌ચંદ્ર બોઝ મળવા આવ્યા.

૨૯ થી ૩૦ પૂના.

ઑક્ટોબર

૧ થી ૩૧[3] પૂના.

નવેમ્બર

૧ થી ૭[4] પૂના.

---

૧. જુઓ તા. ૨૮-૪-૪૫ની પાદટીપ. આ ફોજમાં હિંદુ, મુસ્લિમ, સૌ કોમના માણસો હતા (જુઓ તા. ૫-૭-૪૩ની પાદટીપ). પણ મુસ્લિમ લીગે આવો કોઇ ઠરાવ કર્યો નહિ; અને ઝીણા જેવા કાયદાશાસ્ત્રીએ કે લીગે મદદ કરવાની પણ કોઈ ઈચ્છા દર્શાવી નહિ.

૨. તા. ૨૨ તથા ૨૩મીના રોજ પણ ઑ. ઇ. કોં. ક.ની બેઠકો મળી હતી પણ ગાંધીજી એમાં હાજર રહી શક્યા નહોતા.

૩. (૧) દરમિયાન તા. ૪થીએ, ચંદુલાલ ત્રિવેદી, ઓરિસ્સાના ગવર્નર-પદે નિમાયા. આ સ્થાને નિમાનાર એ પહેલા હિંદી હતા.

(૨) તા. ૨૪મીએ U. N. O. ની સ્થાપના થઇ.

૪. દરમિયાન—

(૧) તા. ૫મીએ આઝાદ હિંદ ફોજના અધિકારીઓ-કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન સહગલ અને લેફ્ટનન્ટ ગુરુબક્ષસિંગ ધિલન—ઉપરના ખટલો દિલ્હીમાં શરૂ થયો. બચાવ પક્ષ તરફથી જવાહરલાલ નહેરુ (છેલ્લાં ૨૨ વર્ષમાં પહેલી વખત બૅરિસ્ટરના ઝભ્ભામાં!). કુંવર સર દિલીપ સિંગ, તેજ બહાદુર સપ્રુ, ભૂલાભાઈ દેસાઈ. અફસરઅલી, કૈલાસ નાથ કત્જુ વગેરે હાજર હતા. (જુઓ તા. ૨૨-૯-૪૫).

(૨) તા. ૭મીએ આમની સભામાં ચર્ચીલ બોલ્યા—અણુ બૉમ્બનું રહસ્ય રશિયાને જણાવશો નહિ.

૧૯૪૫–નવેમ્બર–ડિસેમ્બર

૮ પૂના : હિંદુસ્તાની પ્રચાર સભાની કારોબારીની બેઠકમાં હાજર.
૯ થી ૧૩ પૂના.
૧૪ પૂના : જવાહરલાલની જન્મતિથિની ઉજવણી મુંબઈમાં થવાની હતી તે અંગે તારથી સંદેશો મોકલ્યો.
૧૫ થી ૧૭ પૂના.
૧૮ પૂના : થી નીકળ્યા. ● રસ્તામાં સર રૂસ્તમ મસાણી સાથે ચર્ચા.
૧૯ થી ૨૦ મુંબઈ.
૨૧ થી ૨૨ સેવાગ્રામ.
૨૩ થી ૨૫ સેવાગ્રામ : કસ્તૂરબા સ્મારક નિધિના ટ્રસ્ટીઓની બેઠકમાં હાજર.
૨૬ સેવાગ્રામ.
૨૭ થી ૨૮[1] સેવાગ્રામ : ચરખા સંઘની બેઠકમાં પ્રમુખપદે.
૨૯ સેવાગ્રામ.
૩૦ સેવાગ્રામ વર્ધા : મહિલા આશ્રમની મુલાકાત લીધી.

ડિસેમ્બર

૧ કલકત્તા : ઉતારો સોડપુર ખાદી પ્રતિષ્ઠાન આશ્રમમાં ● ગવર્નર સાથે ચર્ચા.
૨ કલકત્તા : ચર્ચા ચાલુ. ● આઝાદ હિંદ ફોજના કેટલાક માણસો મળવા આવ્યા.
૩ થી ૪[2] કલકત્તા : ગવર્નર સાથે ચર્ચા ચાલુ.
૫ થી ૭ કલકત્તા.
૮ કલકત્તા : આજે થનારા, બંગાળાના ગવર્નરના વાયુ પ્રવચનની એક નકલ ગાંધીજીને અગાઉથી મોકલવામાં આવી હતી, તે વાંચી ટીકા

---

૧. આધાર નં. ૫માંનો પત્ર નં. ૧૫૬ તા. ૨૭મીએ પૂનાથી લખવામાં આવ્યો હતો એમ જણાવ્યું છે; પરંતુ આ બંધબેસતું નથી.

૨. દરમિયાન—

(૧) તા. ૩જીએ 'હરિજન' પત્રો ઉપર મૂકેલો પ્રતિબંધ ઉઠાવી લેવા અરજી કરવામાં આવી. (જુઓ તા. ૧૮–૧૦–૪૦ની પાદટીપ.)

(૨) તા. ૪થીએ બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે પાર્લમેન્ટરી ડેલીગેશન હિંદ જશે.

૧૯૪૫-ડિસેમ્બર

કરતાં જણાવ્યું :— ગરીબાઈ મટાડવાનો તાત્કાલિક અજમાવી શકાય એવો એક જ ઉપાય છે–લોકોના ફાજલ સમયનો ઉપયોગ કરવાનું સાધન પૂરું પાડવું તે–અને નહિ કે મોટીમોટી યોજનાઓ.

૯[1] કલકત્તા : શરદ્ ચંદ્ર બોઝનાં પુત્રી ગીતાના લગ્ન પ્રસંગે આશીર્વાદ મોકલ્યા.

૧૦ કલકત્તા : વાઈસરૉય સાથે ચર્ચા.

૧૧[2] કલકત્તા.

૧૨ કલકત્તા : ડૉ. ખરે મળવા આવ્યા.

૧૩ કલકત્તા.

૧૪ કલકત્તા : સોદપુર બગીચામાં ફરતા હતા ત્યાં નાગનો ભેટો થયો.

૧૫ થી ૧૭ કલકત્તા.

૧૮ કલકત્તા. ⇕ શાંતિનિકેતન.

૧૯ શાંતિનિકેતન : ઍન્ડ્રૂઝ સ્મારક હૉસ્પિટલનો પાયો નાખ્યો. ● નંદલાલ બોઝના કલાભવનની મુલાકાત.

૨૦ શાંતિનિકેતન. ⇕ રામપુરહટ.

૨૧ કલકત્તા.

૨૨ કલકત્તા : ગવર્નરની મુલાકાત લીધી[3].

૨૩ કલકત્તા.

૨૪ કલકત્તા : રાત્રે જઈને હોડીમાં સૂઈ રહ્યા.

૨૫ કલકત્તા. ⇕ મહીષાદલ.

૨૬ થી ૨૯ મહીષાદલ.

૩૦ મહીષાદલ. ⇕ એરીંચી. ⇕ કાકરા. ⇕ કૉન્ટાઈ.

૩૧ કૉન્ટાઈ.

---

૧. (૧) વાઈસરૉય લૉર્ડ વેવલ કલકત્તા આવ્યા.
(૨) કાલીનાથ રૉયનું કલકત્તામાં અવસાન થયું.

૨. તા. ૭ થી ૧૧ સુધી વર્કીંગ કમિટીની બેઠકો કલકત્તામાં મળી; એમાં કેટલીકમાં ગાંધીજી હાજર હતા. તા. ૧૧મીની બેઠકમાં, સામ્યવાદીઓને કાંગ્રેસમાંથી બરતરફ કરવા ઠરાવવામાં આવ્યું.

૩. આધાર નં. ૧૨૬ના ભાગ ૭ના પાના ૩૨ પછીના એક ચિત્ર નીચેની નોંધમાં આની તા. ૨૦ જણાવી છે પણ એ બંધબેસતું નથી.

૧૯૪૬—જાન્યુઆરી

૧ કોન્ટાઈ.

૨[1] કોન્ટાઈ : સ્વયંસેવકો સમક્ષ પ્રવચન.

૩ થી ૬[2] કલકત્તા—સોડપુર.

૭ કલકત્તા : ગવર્નર સાથે મુલાકાત.

૮ કલકત્તા.

૯[3] ગોહાટી : ઉતારો સરાણિયા આશ્રમમાં.

૧૦ થી ૧૨[4] ગોહાટી.

૧૩ રસ્તામાં.

૧૪ કલકત્તા.

૧૫ કલકત્તા : અલીપુર જેલમાંના અટકાયતી કેદીઓની મુલાકાત લીધી.

૧૬ કલકત્તા.

૧૭ કલકત્તા : ડમડમ જેલમાંના અટકાયતી કેદીઓની મુલાકાત લીધી.[5]

૧૮ કલકત્તા : ગવર્નરની મુલાકાત લીધી.

---

૧. બ્રિટિશ પાર્લમેન્ટનું શુભનિષ્ઠા પ્રતિનિધિમંડળ નીકળ્યું. (જુઓ તા. ૪-૧૨-૪૫ની પાદટીપ.)

૨. દરમિયાન—

(૧) તા. ૩જીએ, આઝાદ હિંદ ફોજના ત્રણ અફસરોને જન્મદેશનિકાલની, એમને બરતરફ કરવાની અને એમનો ચઢેલો પગાર જપ્ત કરવાની સજા ફરમાવવામાં આવી. (જુઓ તા. ૫-૧૧-૪૫ની પાદટીપ); પણ લશ્કરના વડાએ પહેલી સજા માફ કરી અને બાકીની કાયમ રાખી.

(૨) તા. ૪થીએ એમનું દિલ્હીમાં જાહેર સન્માન કરવામાં આવ્યું.

(૩) તા. ૫મીએ પ્રતિનિધિમંડળ હિંદ આવ્યું.

૩. કવિ નાનાલાલનું અમદાવાદમાં અવસાન થયું.

૪. દરમિયાન તા. ૧૦મીએ, હરિજન પત્રો ઉપર મૂકવામાં આવેલા પ્રતિબંધો રદ કરવામાં આવ્યા. (જુઓ તા. ૩-૧૨-૪૫ની પાદટીપ.)

૫. 'ગુજરાત સમાચાર'ના તા. ૧૯-૧-૪૬ના અંકમાં તા. ૧૮ જણાવી છે; પણ ખરી તા. ૧૭ છે.

૧૯૪૬—જાન્યુઆરી

૧૯ કલકત્તા

૨૦ રસ્તામાં.[1]

૨૧ મદ્રાસ.

૨૨ મદ્રાસ : માંદા શ્રીનિવાસ શાસ્ત્રીને જોવા ગયા.

૨૩ મદ્રાસ : બ્રિટિશ પાર્લમેન્ટનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું.

૨૪[2] મદ્રાસ : રચનાત્મક કાર્યકરો સમક્ષ પ્રવચન. ● દક્ષિણ ભારત હિંદુસ્તાની પ્રચાર સભાની રજત્ જયન્તીની ઉજવણીમાં હાજર. ● પ્રતિનિધિમંડળ ફરીથી મળવા આવ્યું ● નિવેદન :—સ્વરાજ અમારા પોતાના જ બળથી આવે. અમને બીજાઓની મદદ મળે પણ ખરી, અને એ આવકારદાયક છે; પણ એ, કોઈએ દીધેલો દાનરૂપે કદી આવશે નહિ.

૨૫ મદ્રાસ : રજત્ જયન્તીની ઉજવણીમાં પ્રવચન. ● પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા ચાલુ: ● ગવર્નરની મુલાકાત લીધી.

૨૬ મદ્રાસ : રજત્ જયન્તી અંગે યોજેલા પદવીદાન સમારંભમાં પ્રમુખપદે. ● સ્વાતંત્ર્યદિન નિમિત્તે યોજેલી જાહેર સભામાં પ્રવચન. ● કેરલના મુસ્લિમ પ્રતિનિધિઓ મળવા આવ્યા.

૨૭ મદ્રાસ : રચનાત્મક કાર્યકરોની પરિષદમાં પ્રવચન. ● રજત્ જયન્તી અંગે પ્રવચન.

૨૮[3] મદ્રાસ : સેવાગ્રામ રચનાત્મક કાર્યક્રમના (ખાસ ગોઠવેલા) પ્રદર્શનની મુલાકાત. ● રજત્ જયન્તી અંગે પ્રવચન. ● કસ્તૂરબા મફત વાચનાલયના મકાનના શીલારોપણ વિધિ વખતે શુભકામના પ્રગટ કરવા ના પાડી કારણ તકતી અંગ્રેજીમાં હતી, પછી તેલુગુમાં બનાવી એટલે શુભકામના પ્રગટ કરી.[4]

૨૯[5] મદ્રાસ : રચનાત્મક કાર્યકરોની પરિષદમાં પ્રવચન.

---

૧. એગથા હેરિસન સાથે હતાં.

૨. દાદાસાહેબ માવળંકર મધ્યસ્થ ધારાસભાના પ્રમુખસ્થાને ચુંટાયા.

૩. મદ્રાસમાંના અત્યાર સુધીના વસવાટ દરમિયાન ગાંધીજીએ પોતાની પેન ગુમાવી; એટલે ભવિષ્યમાં ફક્ત કલમ જ વાપરવાનો નિશ્ચય કર્યો.

૪. એકાદ દિવસનો ફરક હોવાનો સંભવ છે.

૫. અરુણા અસફઅલી સામેનું વારન્ટ રદ થતાં એ ૪૧ માસ બાદ ભૂગર્ભમાંથી બહાર આવ્યાં.

૩૦ મદ્રાસ : માંદા શ્રીનિવાસ શાસ્ત્રીને ફરીથી જોવા ગયા. ● હિંદુસ્તાની પ્રચારકો સમક્ષ પ્રવચન. ● લેખકો અને કલાકારોની પરિષદમાં બોલ્યા :-સ્વરાજ પ્રાપ્ત કરવાની કલા, સૌથી ઉત્તમ કલા છે. અહીં ભેટ મળેલા પોતાના જ ચિત્રનું લિલામ કર્યું.

૩૧[૧] મદ્રાસ : હિંદી પ્રચાર સભામાં પ્રવચન.

ફેબ્રુઆરી

૧ મદ્રાસ ⇕ કત્તુપકમ્

૨ કત્તુપકમ્ ⇕ વિલ્લુપુરમ્, ⇕ મદુરા : જાહેર સભા.

૩ મદુરા : મીનાક્ષી માતાના મંદિરની મુલાકાત લીધી. ● સૌરાષ્ટ્ર અભિરુમતનું માનપત્ર.

૪ મદુરા. ⇕ ખાલીની (=પળણી). ⇕ ગોલ્ડન રૉક : રેલવે કામદારોની સભા. ⇕ મદ્રાસ : માંદા શ્રીનિવાસ શાસ્ત્રીની ખબર કાઢવા ગયા.

૫ એઝવાડા : જાહેર સભા. ⇕ વર્ધા : આવ્યા રાત્રે ૧૨-૪૦ વાગ્યે; રેલવે ગાડી (ડબો) સાઇડીંગમાં લઈ જવામાં આવી; ગાંધીજીએ રાત તેમાં જ ગાળી.

૬ થી ૧૦[૨] સેવાગ્રામ.

૧૧ સેવાગ્રામ : અનાજની અછતનો પ્રશ્ન ચર્ચવા માટે વાઇસરૉયના ખાનગી મંત્રી આવ્યા: મૌનવાર હોવાથી ગાંધીજીએ લખીને કહ્યું :-કૉંગ્રેસની નીતિ જાણવી હોય તો મૌલાના આઝાદને પૂછો; મારો મત એ છે કે

---

૧. (૧) કોચીનના મહારાજાનું અવસાન થયું.

(૨) પાર્લમેન્ટના પ્રતિનિધિમંડળ અને જવાહરલાલ વચ્ચે અલાહાબાદમાં ચર્ચા થઈ.

(૩) સને ૧૯૪૨-૪૩ના બનાવો અંગેની જવાબદારી, કૉંગ્રેસ ઉપર ઢોળતી સરકારની તા. ૨૨-૩-૪૩ની પત્રિકા અત્યાર અગાઉ સરકારે પાછી ખેંચી લીધી.

૨. દરમિયાન—

(૧) તા. ૧૦થી હરિજન પત્રો શરૂ થયાં.

(૨) તા. ૧૦મીના અરસામાં પાર્લમેન્ટનું પ્રતિનિધિમંડળ હિંદમાંથી ગયું.

હાલનું બેજવાબદાર તંત્ર બદલી, ધારાસભાને જવાબદાર હોય એવું તંત્ર રચો.[1] ● અરુણા અસફઅલી મળવા આવ્યાં.

૧૨ થી ૧૪ સેવાગ્રામ.

૧૫ થી ૧૬ વર્ધા : હિંદુસ્તાની પ્રચાર સભાની બેઠકો.

૧૭ સેવાગ્રામ : પૂર્વ બુનિયાદી કેળવણી વિશે શિક્ષકો સમક્ષ પ્રવચન.

૧૮ મુંબઈ : રસ્તામાં દેવલાલી નજીક, રેલવે એંજિનનો કોઈક ભાગ તૂટયો, ડ્રાયવરે સમયસૂચકતા વાપરી ગાડી આંચકા સાથે થોભાવી; જોડે ઊભેલી લશ્કરી ગાડીનું એંજિન જોડયું. ● કુરલા લેવલ ક્રોસીંગે ઊતર્યાં. ● ઉતારો બિરલા હાઉસમાં.

૧૯[2] મુંબઈ.

૨૦ પૂના.

૨૧ પૂના : નિસર્ગોપચાર મંડળના ટ્રસ્ટીઓની સભામાં પ્રમુખપદે. ● તા. ૧૧મીએ કરેલાં સૂચનો ઉપરાંત વધારાના સૂચનો વાઇસરૉયને લખી મોકલ્યાં. ● ચાર અફઘાન અટકાયતીઓ જેમને અહીં રાખવામાં આવ્યા હતા તે મળવા આવ્યા.

૨૨ પૂના.

૨૩ પૂના : સર રૂસ્તમ મસાણી સાથે તા. ૧૯મીની જાહેરાત અંગે ચર્ચા.

૨૪[3] પૂના.

---

૧. આ પ્રશ્ન ચર્ચવા માટે વાઈસરૉયે ગાંધીજીને બોલાવ્યા હતા, પરંતુ તબિયત ઠીક નહિ હોવાથી એ જઈ શકયા નહિ; એટલે આ ગૃહસ્થને વાઇસરૉયે મોકલ્યા હતા.

૨. (૧) બ્રિટિશ સરકારે જાહેર કર્યું :-હિંદનું ભાવિ બંધારણ નક્કી કરવા નેતાઓ સાથે ચર્ચા કરવા ત્રણ પ્રધાનો (પૅથિક લૉરેન્સ, સ્ટૅફર્ડ ક્રિપ્સ અને ઍલેક્ઝાન્ડર) હિંદ જશે. આધાર નં. ૧૦૧ના પાના ૨૬૫ ઉપર આની તા. ૧૫-૩-૪૬ જણાવી છે પણ ખરી તારીખ આજની છે.

(૨) ક. મા. મુનશી કૉંગ્રેસમાં ફરી જોડાયા. (જુઓ તા. ૨૫-૬-૪૧ ની પાદટીપ.)

૩. આધાર નં. ૩માંના પત્ર નં. ૨૩૮નાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૨૩-૨-૪૬ જણાવવામાં આવ્યાં છે, પણ આ બંધબેસતું નથી.

૧૯૪૬—ફેબ્રુઆરી-માર્ચ

૨૫ પૂના : આગાખાન તથા ભોપાળના નવાબ (નરેન્દ્ર મંડળના પ્રમુખ) મંત્રણા માટે આવ્યા.

૨૬ પૂના : ભોપાળના નવાબ ફરીથી મંત્રણા માટે આવ્યા.

૨૭ થી ૨૮ પૂના.

માર્ચ

૧ થી ૨ પૂના.

૨ પૂના : દક્ષિણ આફ્રિકાથી આવેલું પ્રતિનિધિ મંડળ ચર્ચા કરવા આવ્યું.

૪ થી ૬ પૂના.

૭ પૂના : યહૂદી આગેવાનો મુલાકાતે આવ્યા.

૮ થી ૧૦ પૂના.

૧૧ પૂના. ⇕ મુંબઈ : ઉતારો બિરલા ભુવનમાં.

૧૨[1] મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૩ મુંબઈ : બેઠક ચાલુ. ● વાઇસરૉયના ખાનગી મંત્રી મળવા આવ્યા. ● આઝાદ હિંદ ફોજવાળા શાહનવાઝ અને સહગલ મળવા આવ્યા.

૧૪ મુંબઈ : બેઠક ચાલુ. ● જાહેર સભા; સ્થળ શિવાજી પાર્ક.

૧૫[2] મુંબઈ : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૬[3] મુંબઈ : બેઠક ચાલુ. ⇕ પૂના : ઉતારો નિસર્ગોપચાર કેન્દ્રમાં.

---

૧. હિંદી સરકારે જાહેર કર્યું કે દક્ષિણ આફ્રિકાની સરકારે રજૂ કરેલા હિંદ વિરોધી ખરડા સામે વિરોધ દર્શાવવા, એ દેશ સાથેના વેપારી કરારનો અંત લાવવામાં આવશે. (જુઓ તા. ૧–૯–૪૩ની પાદટીપ).

૨. બ્રિટિશ પાર્લમેન્ટમાં વડાપ્રધાન એટલી બોલ્યા :–બહુમતીની પ્રગતિમાં અંતરાય નાખવાની છૂટ લઘુમતીને આપવામાં આવશે નહિ.

૩. ઍટલીના શબ્દોને ઝીણાએ વખોડયા.

૧૯૪૬—માર્ચ—એપ્રિલ

૧૭ થી ૨૧[૧] પૂના.

૨૨ પૂના. ⇕ ઉરૂળી-કાંચન.

૨૩ થી ૨૭[૨] ઉરૂળી-કાંચન.

૨૮ થી ૩૦ ઉરૂળી-કાંચન: કસ્તૂરબા સ્મારક નિધિની સભાની બેઠકોમાં હાજર.

૩૧ મુંબઈ[૩] : ઉતારો વર્લીના હરિજન વાસમાં.[૪]

એપ્રિલ

૧[૫] દિલ્હી : ઉતારો વાલ્મીકિ મંદિરમાં. ● પૅથિક લૉરેન્સ અને સ્ટૅફર્ડ ક્રિપ્સ સાથે ચર્ચા.

૨ દિલ્હી.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧૭મીએ ઝીણા બોલ્યા :–ગાંધી અને કૉંગ્રેસ, બ્રિટનથી આવનારા પ્રધાનો સાથે કરવાની મંત્રણાઓના વાતાવરણને ડહોળી રહ્યા છે.

(૨) તા. ૧૯મીએ પ્રધાનો લંડનથી નીકળ્યા.

(૩) આ અરસામાં અંગ્રેજ પત્રકાર બ્રેઈલ્સફર્ડ અને સોરાબજી રૂસ્તમજી ગાંધીજીને મળવા આવ્યા.

૨. દરમિયાન તા. ૨૩મીએ પ્રધાનો હિંદ આવી પહોંચ્યાં.

૩. દક્ષિણ આફ્રિકાની સરકારની, ત્યાંના હિંદીઓ વિરોધી નીતિનો વિરોધ કરવા ગાંધીજીના પ્રમુખપદે આજે એક જાહેર સભા મળવાની હતી પણ લીગના વલણને કારણે (એણે, પહેલાં સાથ આપવા હા પાડી હતી અને પછી, સમય અનુકૂળ નથી એમ કહી છેલ્લી ઘડીએ એ ખસી ગઈ હતી, એટલે) સભા બંધ રાખવામાં આવી.

૪. આંબેડકરવાદીઓએ ગાંધીજીની ઝૂંપડી બાળવા પ્રયાસ કર્યો.

૫. ચંદુલાલ ત્રિવેદીનો, ઓરિસ્સાના ગવર્નર તરીકે સોગંદવિધિ થયો. (જુઓ તા. ૪–૧૦–૪૫ની પાદટીપ.)

૧૯૪૬—એપ્રિલ

૩[1] દિલ્હી : કૅબિનેટ મિશન સાથે ચર્ચા. ગાંધીજીએ સ્પષ્ટતાથી કહ્યું કે પાકિસ્તાનની માગણીના મૂળમાં હિંદના ભાગલા પાડવાની વાત છે; આ એક પાપ છે; અને ઝીણા, જે, એ પ્રજાની વાત કહે છે તે અર્થહીન છે. ● પ્રાર્થનામાં બોલ્યા—આ પ્રધાનોમાં શ્રદ્ધા ન રાખવા એમાં માણસાઇ નથી.

૪ દિલ્હી : પતિયાળાના મહારાજા મળવા આવ્યા. ● આઝાદ હિંદ ફોજના અટકાયતી અફસરોની અને સૈનિકોની મુલાકાત લીધી.

૫ દિલ્હી : નિવેદન :— આઝાદ હિંદ ફોજ ગૌરવ લેવા જેવી વાત છે.

૬ થી ૮ દિલ્હી.

૯ દિલ્હી : વાઇસરૉય અને સરસેનાપતિને મળ્યા.

૧૦[2] દિલ્હી : રાજસ્થાન પ્રજા પરિષદની સ્થાયી સમિતિની બેઠકમાં હાજર. ● છતારીના નવાબ મળવા આવ્યા.

૧૧[3] દિલ્હી : ક્રિપ્સ સાથે ચર્ચા. ● આઝાદ હિંદ ફોજના અટકાયતીઓની મુલાકાત લીધી.

૧૨ દિલ્હી.

૧૩ દિલ્હી : નિવેદન :—બ્રિટિશ પ્રધાનોની સચ્ચાઇમાં મને સહેજે શંકા નથી.

૧૪ દિલ્હી : પૅથિક લૉરેન્સને મળવા ગયા.

૧૫ થી ૧૭[4] દિલ્હી.

૧૮[5] દિલ્હી : ક્રિપ્સ મળવા આવ્યા. ● માંદા માલવિયાજીને જોવા ગયા. ● પૅથિક લૉરેન્સને મળવા ગયા.

---

૧. (૧) મુંબઇમાં કૉંગ્રેસી પ્રધાનમંડળનો સોગંદવિધિ થયો.

(૨) આ દિવસોમાં હૅરિસ ઍલેક્ઝાંડર અને ઍગથા હૅરિસન, ગાંધીજીને રોજ મળતા.

૨. રાત્રે ઉપડેલા રેતીના વાવાઝોડામાં ગાંધીજીની ઝૂંપડીને પણ નુકસાન થયું.

૩. જયપ્રકાશ નારાયણ છૂટયા.

૪. દરમિયાન તા. ૧૭મીએ શ્રીનિવાસ શાસ્ત્રીનું મદ્રાસમાં અવસાન થયું.

૫. તા. ૧૨ થી ૧૮ વર્કીંગ કમિટીની બેઠકો મળી; ગાંધીજી આમાં સામાન્યપણે હાજર રહેતા.

૧૯૪૬-એપ્રિલ-મે

૧૯ દિલ્હી : કસ્તૂરબા બાલિકાશ્રમની મુલાકાત લીધી.[1] ● જામિયા મિલિયાની મુલાકાત લીધી. ● ડૉ અનસારીની કબરની મુલાકાત લીધી.

૨૦ થી ૨૩ દિલ્હી.

૨૪ દિલ્હી : અમેરિકાની; દુષ્કાળ સમિતિના ચૅરમૅન હર્બર્ટ હૂવર સાથે મુલાકાત. ● હિંદી સરકારના નાણા મંત્રી સર આર્કીબાલ્ડ હૉલેન્ડ્સ ચર્ચા કરવા આવ્યા.

૨૫ દિલ્હી.

૨૬ દિલ્હી : ક્રિપ્સ મળવા આવ્યા.

૨૭ દિલ્હી : હરિજનવાસની મુલાકાત લીધી. ● જયપ્રકાશ નારાયણ મળવા આવ્યા.

૨૮ દિલ્હી.

૨૯ દિલ્હી : માલવિયાજીને મળવા ગયા.[2]

૩૦[3] દિલ્હી : ક્રિપ્સ મળવા આવ્યા. ● બીજા હરિજનવાસની મુલાકાત લીધી.

મે

૧ દિલ્હી.

૨ થી ૩ સિમલા : ઉતારો 'ચાંદ રિજ' માં.

૪ સિમલા : આઝાદ હિંદ ફોજના કર્નલ ભોંસલે મળવા આવ્યા.

---

૧. આધાર નં. ૩૬ના પાના ૨૯૧ ઉપર આની તારીખ ૨૨મી જણાવી છે પણ એ ખરું લાગતું નથી.

૨. 'હરિજન બંધુ'ના તા. ૧૨-૫-૪૬ના અંકના પાના ૧૩૪ ઉપર જણાવ્યું છે કે આ મુલાકાત સિમલામાં થઇ હતી, પણ એ બંધબેસતું નથી.

૩. (૧) તા. ૨૫ થી ૩૦ વર્કીંગ કમિટીની બેઠકો મળી; ગાંધીજી એમાં સામાન્યપણે હાજર રહેતા.

(૨) મધ્ય પ્રાંતના કૉંગ્રેસી પ્રધાન મંડળે ચિમૂર—આષ્ટીના કેદીઓને છોડયા. (જુઓ તા. ૧૬-૮-૪૫ની પાદટીપ).

૧૯૪૬—મે

૫[1] સિમલા.
૬[2] સિમલા : વાઈસરૉય અને મિશનના સભ્યોને મળવા ગયા.
૭[3] સિમલા : ક્રિપ્સ સાથે ચર્ચા.
૮ સિમલા.
૯[4] સિમલા : ક્રિપ્સ સાથે ચર્ચા.
૧૦ સિમલા.
૧૧[5] સિમલા : વાઇસરૉયને મળ્યા.
૧૨ સિમલા : નિવેદન :–મંત્રણાઓ પડી ભાંગી તેથી નિરાશ થવાની જરૂર નથી; મિશન આપણને છેતરવા આવ્યું છે એવું માનવાનું કાંઈ કારણ નથી.
૧૩ સિમલા : મિશનના સભ્યોને મળવા ગયા.
૧૪ સિમલા : અનસૂયા તથા સુશીલા[6]નાં લગ્ન અંગે આશીર્વાદ લખી મોકલ્યા.
૧૫ થી ૨૭ દિલ્હી.[7]

---

૧. કૅબિનેટ મિશન, લીગ અને કૉંગ્રેસ વચ્ચે વાટાઘાટો શરૂ થઇ.

૨. ભૂલાભાઇ દેસાઇનું મુંબઈમાં અવસાન થયું.

૩. વાઇસરૉય અને ઝીણા વચ્ચે ચર્ચા થઇ.

૪. (૧) જવાહરલાલ, કૉંગ્રેસના આગામી અધિવેશનના પ્રમુખપદે ચૂંટાયા.

(૨) મિશને અને વાઇસરૉયે કરવા ધારેલી નવી ગોઠવણોને અનુકૂળ થવા લશ્કરના સરસેનાપતિએ અને વાઇસરૉયની કારોબારીના સભ્યોએ રાજીનામાં રજૂ કર્યાં.

૫. મિશન, લીગ અને કૉંગ્રેસ વચ્ચેની મંત્રણાઓ પડી ભાંગી.

૬. અનસૂયાનું લગ્ન મોહનભાઇ પરીખ સાથે અને સુશીલાનું લગ્ન નવનીતભાઈ દેસાઇ સાથે તા. ૪–૫–૪૬ના રોજ સાબરમતી આશ્રમમાં થયાં હતાં.

૭. દરમિયાન—

(૧) તા. ૧૬મીએ મિશને અને વાઇસરૉયે ભાવિ બંધારણ વિશે જાહેરાત કરી :- દેશી રાજ્યો સાથેનું યુનિયન રચાશે; પાકિસ્તાનની માગણી સ્વિકારી શકાય નહિ; મધ્યસ્થ સરકારમાં બે અઠવાડિયામાં જવાબદાર સરકાર

૨૮ દિલ્હી ⇕ મસૂરી[1] : ઉતારો બિરલા 'હરમિટેજ'માં.

૨૯ થી ૩૧ મસૂરી.

જૂન

૧ મસૂરી.

૨ મસૂરી : આઝાદ હિંદ ફોજના કેટલાક સૈનિકો મળવા આવ્યા.

૩ મસૂરી[2] — ગરીબો માટે એક ધર્મશાળા હોવી જોઈએ એવી સૂચના કરી. જવાબ આવ્યો એક લાખ રૂપિયાનું દાનનું વચન મળ્યું છે.

૪ થી ૮[3] મસૂરી.

રચાશે; વગેરે. ('Harijan' ના તા. ૨૬-૫-૪૬ના અને 'હરિજન બંધુ'ના એ જ તારીખના અંકમાં આની તા. ૧૮ ને બુધવાર જણાવ્યાં છે પણ એ બંધબેસતું નથી.)

(૨) તા. ૧૭મીએ વાઈસરૉયે એ જ મતલબનું વાયુ પ્રવચન કર્યું.

(૩) તા. ૧૭ થી ૨૪ વર્કીંગ કમિટીની બેઠકો મળી. ગાંધીજી આમાં સામાન્યપણે હાજર હતા. તા. ૨૪મીએ ઠરાવ કર્યો કે સંપૂર્ણ આઝાદીને લગભગ પહોંચે એવો કોઈ તાત્કાલિક ફેરફાર આ દરખાસ્તોમાં છે જ નહિ.

(૪) આધાર નં. ૬ના પાના ૨૮૩ ઉપર છાપેલા પત્ર નં. ૧૨૫નાં સ્થળ અને તારીખ સેવાગ્રામ અને ૧૬-૫-૪૬ જણાવ્યાં છે; પણ આ બંધબેસતું નથી.

(૫) ફિનીક્સ ટ્રસ્ટ અંગે સોરાબજી (પારસી રુસ્તમજીના પુત્ર) મળવા આવ્યા. ચોક્કસ તારીખ મળી શકી નથી.

૧. આધાર નં. ૭૧ના પાના ૬૫ ઉપર જણાવ્યું છે કે ગાંધીજી, મસૂરી તા. ૨૭મીએ ગયા હતા, પણ આ બંધબેસતું નથી.

૨. આજે કાલસી નજીક આવેલા અશોક આશ્રમની મુલાકાત લેવાના હતા, લીધી હતી કે નહિ એ માહિતી મળી શકી નથી.

૩. દરમિયાન—

(૧) તા. ૪થીના અરસામાં, લંડનમાં, ગાંધીજી વિશે ખરાબ મશ્કરીનો ઉપયોગ કરવાના ગુના માટે ફ્રેડરિક એડાફ્લ્સ ગોલ્ડ નામના દિગ્દર્શકનો

૯ મસૂરી. ⇕ દિલ્હી.

૧૦ દિલ્હી.

૧૧[1] દિલ્હી : વાઇસરૉયની મુલાકાત લીધી.

૧૨ દિલ્હી : હિંદી વજીર લૉર્ડ પેથિક લૉરેન્સ સાથે ચર્ચા.

૧૩ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; ઠરાવ્યું—વચગાળાની સરકારમાં, કૉંગ્રેસ અને લીગ સરખા પ્રમાણમાં હોય એ સ્થિતિ અમે સ્વીકારી શકીએ નહિ. ● વાઇસરૉયને લખ્યું—તમે તો મોટા સૈનિક છો; બે ઘોડા ઉપર એકી સાથે સવાર ન થઈ શકાય; કૉંગ્રેસે અને લીગે સૂચવેલી યાદીઓમાંથી ગમે તે એકને પસંદ કરો, પણ બંનેનો શંભુમેળો ન કરશો.

૧૪ થી ૧૫ દિલ્હી.

૧૬[2] દિલ્હી : હિંદી વજીર સાથે ચર્ચા.

૧૭ થી ૧૮ દિલ્હી.

૧૯ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; અમુક શરતોએ, વચગાળાની સરકારમાં જોડાવા નિર્ણય લેવાયો. ● અમેરિકન મિશનરી ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ અને ડૉ. બિસ્બી મળવા આવ્યા.

૨૦ દિલ્હી : ક્રિપ્સ મળવા આવ્યા.

૨૧ થી ૨૩ દિલ્હી.

પૌંડ ૨૨૫, ઍક્ટર થૉમસ ડેઈલનો પૌંડ ૧૫ અને ઍક્ટર જૂન રિચમંડનો પૌંડ ૪ દંડ કરવામાં આવ્યો અને ખરચો દિગ્દર્શક ઉપર નાખવામાં આવ્યો.

(૨) તા. ૪થીએ પાલિત પુત્રી લક્ષ્મીના પતિ મારુતિદાસનું અવસાન થયું.

૧. (૧) દક્ષિણ આફ્રિકામાંના હિંદી કમિશનરને હિંદી સરકારે પાછા બોલાવી લીધા. (જુઓ તા. ૧-૯-૪૩ અને ૧૨-૩-૪૬ની પાદટીપો.)

(૨) સાંજની પ્રાર્થનામાં લેડી ક્રિપ્સ હાજર હતાં.

૨. વચગાળાની સરકારમાં જોડાવા વાઈસરૉયે ૧૪ જણને નિમંત્રણ મોકલ્યાં.

૧૯૪૬—જૂન—જુલાઈ

૨૪[1] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર; છેવટનો નિર્ણય લેવાયો :- લાંબા ગાળાની યોજના સ્વીકારવી. પણ વચગાળાની સરકારમાં જોડાવું નહિ. ● મિશનના સભ્યો સાથે ચર્ચા.

૨૫ થી ૨૬[2] દિલ્હી.

૨૭ દિલ્હી : હિંદી વજીર સાથે ચર્ચા.

૨૮[3] દિલ્હી.

૨૯[4] મુંબઈ.

૩૦ કરજત : નેરલ અને કરજત સ્ટેશનો વચ્ચે, પાટા ઉપર મૂકેલી પથ્થરની શિલાઓ સાથે ગાડી અથડાઈ; ગાડી ઉથલાવવાનો નિષ્ફળ પ્રયાસ;[5] સમારકામ—ખૂબ અવાજ છતાં ગાંધીજી ગાઢ નિદ્રામાં ⇕ પૂના : આવ્યા, ઉતારો ડૉ. દિનશાના નિસર્ગોપચાર કેન્દ્રમાં.

જુલાઈ

૧[6] પૂના : Harijanના તા. ૭-૭-૪૬ના અંકમાં પ્રસિદ્ધ થયેલો **Atom Bomb and Ahimsa** નામનો લેખ લખ્યો.

---

૧. લુઇ ફિશર હિંદ આવ્યા.

૨. દરમિયાન—

(૧) તા. ૯ થી ૨૬ વર્કીંગ કમિટીની બેઠકો મળી; ગાંધીજી સામાન્યપણે હાજર હતા.

(૨) તા. ૨૫મીએ લીગે ઠરાવ કર્યો કે અમુક બાંયધરીઓ મળે તો વચગાળાની સરકારમાં જોડાવું.

(૩) તા. ૨૬મીએ, સરકારે પોતાની કલ્પનાની વચગાળાની યોજના પડતી મૂકી

૩. મિસ એગથા હેરિસને હિંદ છોડયું.

૪. કેબિનેટ મિશન વિલાયત પાછા જવા નીકળ્યું.

૫. ગાંધીજીના કહેવા મુજબ એ સાતમી વખત બચી ગયા.

૬. અમદાવાદમાં થયેલું કોમી રમખાણ શાંત પાડવા જનાર વસંતરાવ હેગિષ્ટે અને રજબઅલી લાખાણીનાં કોમવાદીઓએ ખૂન કર્યાં.

૧૯૪૬–જુલાઈ

૨ થી ૩ પૂના.

૪ પૂના. ⇕ ઉરૂળી કાંચન. ⇕ પૂના.

૫ પૂના. ⇕ મુંબઈ : વર્કીંગ કમિટી તથા ઑ. ઇ. કૉં. ક.ની બેઠકોમાં હાજર.

૬ થી ૮ મુંબઈ : બંનેની બેઠકો ચાલુ.

૯ મુંબઈ. ⇕ પૂના : ઉતારો નિસર્ગોપચાર કેન્દ્રમાં.

૧૦ થી ૧૨ પૂના : કસ્તૂરબા સ્મારક નિધિના ટ્રસ્ટની કારોબારીની બેઠકોમાં હાજર.

૧૩ પૂના ⇕ પંચગીની : ઉતારો એમ. બી. બાથાને ત્યાં. ● પારસી કન્યા હાઈસ્કૂલમાં સાંજે પ્રાર્થના.

૧૪ થી ૧૫ પંચગીની.

૧૬ પંચગીની : લુઇ ફિશર મળવા આવ્યા.

૧૭ પંચગીની : જયપ્રકાશ નારાયણ મળવા આવ્યા.

૧૮ થી ૧૯[1] પંચગીની

૨૦ પંચગીની : હરિજન સેવક સંઘના સભ્યો સાથે ચર્ચા. ● પુર્વ આફ્રિકાની હિંદી કૉંગ્રેસના પ્રતિનિધિઓ મળવા આવ્યા. ● ઔંધ નરેશ, દક્ષિણનાં દેશી રાજ્યો અંગે મંત્રણા કરવા આવ્યા.

૨૧ પંચગીની : અમદાવાદના શેઠ શાંતિલાલ મ ગળદાસે બંધાવેલી, સર્વ કોમ માટે ખુલ્લી, ધર્મશાળા ખુલ્લી મૂકી. ● વાઇના નવાબ મળવા આવ્યા.

૨૨ થી ૨૭ પંચગીની.

૨૮[2] પચગીની. ⇕ પૂના : દક્ષિણનાં રજવાડાંઓની સભામા પ્રવચન; સ્થળ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીનું મકાન.

---

૧. દરમિયાન— તા. ૧૮મીએ, પાર્ચ્યુગીઝ હિંદના ગવર્નર જનરલે ગોવાથી ગાંધીજીને લખેલા એક પત્રમાં એવી મતલબનું જણાવ્યું કે ગોવામાં લોકોની સ્વતંત્રતા ઉપર તરાપ નથી; વગેરે. વગેરે.

૨. આ અરસામાં, ૩૧ વર્ષથી દેશવટો ભોગવતા રાજા મહેન્દ્ર પ્રતાપ સામેના પ્રતિબંધો પાછા ખેંચી લેવામાં આવ્યા.

૨૯ પૂના : એ જ સભામાં ફરી પ્રવચન. ● કૉંગ્રેસી પ્રધાન મંડળોના કેળવણી પ્રધાનોની પરિષદમાં પ્રવચન; સ્થળ કાઉન્સિલ હૉલ.[1]

૩૦ પૂના

૩૧ પૂના : કૉંગ્રેસી પ્રધાન મંડળોના ઉદ્યોગ પ્રધાનોની પરિષદમાં પ્રવચન; સ્થળ એ જ. ● ગવર્નરની મુલાકાત લીધી.

ઑગસ્ટ

૧ પૂના. ⇕ ઉરૂળી કાંચન.

૨ ઉરૂળી કાંચન : પોર્ચ્યુગીઝ હિંદના ગવર્નર જનરલના તા. ૧૮-૭-૪૬ના પત્રનો જવાબ :–તમારો વહીવટ માનવસેવા માટે છે એમ કહેવાય નહિ; ગોવા પણ મુક્તિ મેળવ્યા વિના રહી શકે નહિ; ડૉ. લોહીયા પારકા નથી, પણ તમે લોકો પારકા છો કારણ કે તમે લોકો બીજી પ્રજાનું શોષણ કરી રહ્યા છો.

૩ ઉરૂળી કાંચન.

૪ ઉરૂળી કાંચન ⇕ પૂના.

૫ પૂના.

૬ થી ૭ સેવાગ્રામ.

૮ વર્ધા : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૯[2] વર્ધા : બેઠક ચાલુ. ● કૉમર્સ કૉલેજમાં, માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાની યોજનાનું પ્રારંભિક પ્રવચન; બહુ અવ્યવસ્થાના કારણે પ્રવચન એ કલાક મોડું રાખવું પડયું.

૧૦ થી ૧૨[3] વર્ધા : બેઠકો ચાલુ.

૧૩[4] સેવાગ્રામ : રાજા મહેન્દ્ર પ્રતાપ મળવા આવ્યા.

---

૧. આ પરિષદ તા. ૩૦મીએ પણ ચાલુ હતી.

૨. રાજા મહેન્દ્ર પ્રતાપ (જાપાનથી) મદ્રાસ આવી પહોંચ્યા.

૩. દરમિયાન તા. ૧૨મીએ વચગાળાની સરકાર રચવા માટે વાઇસરોયે કૉંગ્રેસને—એટલે કે જવાહરલાલને—નિમંત્રણ આપ્યું.

૪. મંત્રીમંડળ રચવા સહકાર આપવા જવાહરલાલે ઝીણાને લખ્યું.

૧૯૪૬ ઑગસ્ટ

૧૪ સેવાગ્રામ.

૧૫[1] સેવાગ્રામ : મહાદેવભાઈની પુણ્યતિથિ અંગે પ્રવચન.

૧૬ થી ૨૦[2] સેવાગ્રામ.

૨૧ સેવાગ્રામ : હિંદુસ્તાની પ્રચાર સભાના મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.

૨૨ સેવાગ્રામ.

૨૩[3] સેવાગ્રામ : હિંદુસ્તાની તાલીમી સંઘના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન.[4]

૨૪[5] સેવાગ્રામ : સાંજે પ્રાર્થનામાં બોલ્યા :-કાલે હું દિલ્હી જાઉં છું ત્યાંથી ક્યારે પાછો આવીશ એની મને ખબર નથી.

૨૫ સેવાગ્રામ.

૨૬ દિલ્હી : ઉતારો વાલ્મીકિ મંદિરમાં.

---

૧. મુંબઈમાં ઝીણા અને જવાહરલાલ વચ્ચે મુલાકાત થઈ.

૨. દરમિયાન—

(૧) તા. ૧૬મીએ લીગે (એમણે સહકાર આપવા ના પાડી પછી) એમણે દેશભરમાં 'સીધાં પગલાં દિન' ઉજવ્યો; કલકત્તામાં અને પટણામાં તોફાનો શરૂ થયાં. આ અગાઉ, દેશમાં કોમી રમખાણો અવારનવાર થતાં હતાં પરંતુ આજ પછી એનાં પ્રમાણ, વિસ્તાર અને ઉગ્રતા વધતાં ગયાં. આવું, છેક, દેશના ભાગલાં પડયા ત્યાં સુધી અને પછી પણ કેટલોક વખત ચાલ્યું. ભાગલાં પડયા પછી કોમી સ્થળાંતર પણ ખૂબ થયું.

(૨) તા. ૧૭મીએ જવાહરલાલ, વાઈસરૉયને મળ્યા.

૩. વચગાળાની સરકાર રચવાની અનુકૂળતા કરી આપવાના હેતુથી વાઈસરૉયની કારોબારી સભ્યોએ રાજીનામાં આપ્યાં.

૪. આ અને તા. ૨૧મીમાં જણાવેલું પ્રવચન, કદાચ એક હશે.

૫. વચગાળાના પ્રધાનમંડળના સભ્યોનાં નામ વાઇસરૉયે જાહેર કર્યાં; લીગે ના પાડવાથી એમના કોઈ સભ્યનાં નામ આમાં નહોતાં, જાહેર થયેલાં નામોમાં સર શાફત અહમદ ખાનનું નામ હતું. એ, લીગના સભ્ય નહોતાં; એમના ઉપર સિમલામાં જીવલેણ હુમલો થયો.

૧૯૪૬-ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૭ દિલ્હી : વાઇસરૉયને મળ્યા; જવાહરલાલ સાથે હતા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.
૨૮ થી ૩૦ દિલ્હી : બેઠક ચાલુ.
૩૧ દિલ્હી.

સપ્ટેમ્બર

૧[1] દિલ્હી
૨[2] દિલ્હી : સોગંદવિધિ પહેલાં કૉંગ્રેસી પ્રધાનો આવ્યા; તેમને ઉદ્દેશી લખ્યું (મૌનવાર હતો) -મીઠાવેરો ખતમ કરો; દાંડીકૂચ ભૂલશો નહિ; કોમી એક્તા કાયમ કરો; અસ્પૃશ્યતાને દૂર કરો; ખાદીને સર્વવ્યાપ્ત બનાવો; વગેરે.
૩ થી ૧૦[3] દિલ્હી.
૧૧ દિલ્હી : કાંતણ વર્ગ શરૂ કરાવ્યો.
૧૨ થી ૨૩[4] દિલ્હી.
૨૪ દિલ્હી : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં હાજર; સ્થળ રામજસ કૉલેજ.
૨૫[5] દિલ્હી.

---

૧. (૧) વાઈસરૉયે પ્રધાનોના દફતરની વહેંચણી કરી.
(૨) મુંબઈમાં તોફાન શરૂ થયું.

૨. (૧) પ્રધાનોનો સોગંદવિધિ થયો.
(૨) મુંબઈમાં તોફાન ચાલુ.

૩. દરમિયાન તા. ૯મીએ સુભાષ ચંદ્ર બોઝ સામેના પ્રતિબંધો હિંદી સરકારે ઉઠાવી લીધા.

૪. દરમિયાન—
(૧) તા. ૧૪મીએ નાગપુર યુનિવર્સિટીએ, ગાંધીજીને, ડૉકટર ઑફ લૉઝની માનદ્ પદવી આપવાનું ઠરાવ્યું. (જુઓ તા. ૧-૧૨-૩૭).
(૨) તા. ૧૯મીએ વાઇસરૉય અને ઝીણા વચ્ચે મંત્રણા થઇ.

૫. વાઇસરૉય અને ઝીણા વચ્ચે મંત્રણા થઇ.

૧૯૪૬-સપ્ટેમ્બર-ઑક્ટોબર

૨૬ દિલ્હી : વાઈસરૉય સાથે ચર્ચા, જવાહરલાલ હાજર હતા.

૨૭ થી ૨૮[1] દિલ્હી.

૨૯[2] દિલ્હી : હૃદયનાથ કુંઝરૂ અને હિંદુસ્તાન બૉય સ્કાઉટ્સ ઍસોસિયેશનના સભ્યો સાથે ચર્ચા. ● ભોપાળના નવાબ ચર્ચા માટે આવ્યા.

૩૦ દિલ્હી.

ઑક્ટોબર

૧ દિલ્હી.

૨[3] દિલ્હી : ભોપાળના નવાબ ચર્ચા માટે આવ્યા.

૩ થી ૭[4] દિલ્હી.

૮ દિલ્હી : અખિલ ભારત ચરખા સંઘની બેઠકમાં હાજર. ● ભોપાળના નવાબ ચર્ચા માટે આવ્યા.

૯ થી ૧૦[5] દિલ્હી : ચરખા સંઘની બેઠક ચાલુ.

૧૧ દિલ્હી.

૧૨ દિલ્હી : ભોપાળના નવાબને મળવા એમને ઘેર ગયા.

૧૩ થી ૧૮[6] દિલ્હી.

---

૧. દરમિયાન તા. ૨૮મીએ વાઇસરૉય અને ઝીણા વચ્ચે મંત્રણા થઇ.

૨. કોલ્હાપુરના મહારાજાનું મુંબઈમાં અવસાન થયું.

૩. વાઈસરૉય અને ઝીણા વચ્ચે મંત્રણા થઈ.

૩. દરમિયાન તા. ૫ અને ૭ના રોજ ભોપાળના નવાબના નિવાસસ્થાને જવાહરલાલ અને ઝીણા વચ્ચે મસલતો થઈ.

૫. દરમિયાન તા. ૧૦મીથી બંગાળાના નોઆખલી જિલ્લામાં મુસલમાનોએ હિંદુઓ ઉપર અમાનુષી અત્યાચારો ગુજારવાનું અને એમની કતલ કરવાનું શરૂ કર્યું.

૬. દરમિયાન—

(૧) તા. ૧૪મીએ સર મનુભાઈ મહેતાનું મુંબઇમાં અવસાન થયું.

૧૯૪૬—ઑકટોબર

૧૯ દિલ્હી : એક પત્રમાં લખ્યું—બધાંને જણાવી દો કે હાલ તુરત હું સેવાગ્રામ આવું એવી આશા કોઈ ન રાખે.

૨૦[1] દિલ્હી.

૨૧ દિલ્હી : અમેરિકન પત્રકાર પ્રેસ્ટન ગ્રોવરે મુલાકાત લીધી.

૨૨ દિલ્હી.

૨૩ થી ૨૫ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકોમાં હાજર.

૨૬ થી ૨૭[2] દિલ્હી.

૨૮ દિલ્હી. ⇕ અલીગઢ : ગાંધીજીના ડબ્બા ઉપર પથ્થરમારો.

૨૯ કલકત્તા : ઉતારો સોડપુર આશ્રમમાં.

૩૦ કલકત્તા : બંગાળાના ગવર્નરને મળ્યા. ● વડાપ્રધાન સુહરાવર્દી મળવા આવ્યા.

૩૧ કલકત્તા.

---

(૨) તા. ૧૫મીએ, વચગાળાની સરકારમાં જોડાવાનો, લીગે નિર્ણય કર્યો; અને એ જ દિવસે એમનામાંથી પ્રધાનો નિમાયા.

(૩) તા. ૧૫મીએ, લીગના ચાર સભ્યો અને એક વધુ, પ્રધાન-મંડળમાં નિમાયા.

૧. આ અરસામાં એક એવી વાત બહાર આવી કે—લીગ સાથેની વાટાઘાટો દરમિયાન લખાયેલા એક પત્રમાં, લીગ, મુસલમાનોનું The most representative body છે અને બદલે The representative body છે એમ લખાઇ ગયું; પાકી નકલ ઉતારવામાં આ ભૂલ થઈ; આના પ્રાયશ્ચિતરૂપે ગાંધીજીએ ચાર દિવસના ઉપવાસ કર્યા હતા. આ વિશે ચોક્કસ માહિતી મળી શકી નથી, પણ તા. ૧૩-૧૦-૪૬ના રોજ ડૉક્ટરોએ ગાંધીજીને તપાસ્યા હતા, અને ગાંધીજી શ્રમિત અને નબળા છે એવો હેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

૨. તા. ૨૭ના અરસામાં બિહારમાં કોમી રમખાણ શરૂ થયું — નોઆખલીના પ્રત્યાઘાતરૂપે.

૧૯૪૬-નવેમ્બર

૧ થી ૪ કલકત્તા.

૫[1] કલકત્તા : વડા પ્રધાન સુહરાવર્દીને મળવા એમના ઘેર ગયા

૬ કલકત્તા : નિવેદન :-બિહારમાં થયેલાં રમખાણો અંગે આજથી એક-વીસ દિવસ સુધી કેવળ ફળના રસ ઉપર રહીશ અને દરમિયાન જો બિહારીઓમાં સાન નહિ આવે તો આમરણાંત ઉપવાસ ઉપર ઊતરીશ. ● થી નીકળ્યા રેલગાડીમાં.[2] ⇕ કુષ્ટિયા. ⇕ ગોઆલોન્દ. ⇕ ચાંદપુર : આગબોટ 'કીવી'માં આવ્યા; આખી રાત એમાં રહ્યા.

૭ ચાંદપુર. ⇕ ચામુહાની : ઉતારો જોગેન્દ્ર નાથ મજુમદારને ત્યાં.

૮ ચૌમુહાની. ⇕ ગોપાઇરબાગ. ⇕ દત્તપાડા.

૯ દત્તપાડા.

૧૦ દત્તપાડા. ⇕ ચૌમુહાની.

૧૧ દત્તપાડા. ⇕ નોઆખલી. ⇕ સોનાચક. ⇕ ખિલપાડા. ⇕ દત્તપાડા.

૧૨[3] દત્તપાડા : વિનાશનાં સ્થળોની મુલાકાત લીધી. ● નિર્ણય લીધો :- સૌ સાથીઓએ છૂટા પડી, નોઆખલી વિસ્તારમાં અલગઅલગ સ્થળે જઇને રહેવું અને કામ કરવું.

૧૩ દત્તપાડા : માલવિયાજીને અંજલિ આપી.

૧૪ દત્તપાડા. ⇕ કાઝીરખિલ.

૧૫ કાઝીરખિલ.

૧૬ કાઝીરખિલ : બંગાળા સરકારના મુલકી પુરવઠા પ્રધાનને (જેઓ મુસલમાન હતા તેમને) કહ્યું : લીગના સભ્ય હોય તેવા કોઈ મુસ્લિમ ગૃહસ્થ જો મને એમને ત્યાં રહેવા દે તો હવે મારે એમને ત્યાં જ ઊતરવું છે. તો જ બીનેલા હિંદુઓમાં વિશ્વાસ આવશે ⇕ કારપડા. ⇕ કાઝીરખિલ.

---

૧. રાજેન્દ્ર બાબુએ પટણામાં જાહેર કર્યું કે ગાંધીજી બિહારમાં થયેલા તોફાનોથી વ્યગ્ર થયા છે અને જો ૨૪ કલાકમાં એ શમે નહિ તો આમરણાંત ઉપવાસ ઉપર ઊતરવાનો એમણે નિર્ણય કર્યો છે.

૨. નોઆખલીની યાત્રા શરૂ થઈ.

૩. પંડિત મદન મોહન માલવિયાનું બનારસમાં અવસાન થયું.

૧૯૪૬–નવેમ્બર

૧૭ કાઝીરખિલ. ⇕ દશધરિયા. ⇕ કાઝીરખિલ.

૧૮ કાઝિરખિલ અને આજુબાજુનાં ગામડાં.

૧૯ માધુપુર : બિહારમાં શાંતિ પથરાતી જાય છે એવા સમાચાર આવવાથી રાબેતા મુજબનો ખોરાક લેવાનું શરૂ કર્યું.

૨૦ કાઝીરખિલ : તા. ૧૨મીએ લીધેલો નિર્ણય અમલમાં મૂક્યો; સૌ સાથીઓને જુદાજુદા સ્થળે મોકલ્યા; પોતાની સાથે બે જ જણને—પ્રોફેસર નિર્મલ કુમાર બોઝને દુભાષિયા તરીકે અને એક ટાઇપીસ્ટને—રાખ્યા; હરિજન પત્રોનું કામ વિનોબા, કાકા કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા અને નરહરિ પરીખને સોંપ્યું. ⇕ શ્રીરામપુર.

૨૧[1] શ્રીરામપુર.

૨૨ શ્રીરામપુર : બંને કોમોના આગેવાનોની બંધબારણે મળેલી સભામાં હાજર.

૨૩[2] શ્રીરામપુર. ⇕ ચંડીપુર. ⇕ શ્રીરામપુર.

૨૪ શ્રીરામપુર.

૨૫[3] શ્રીરામપુર. ⇕ રામગંજ. ⇕ શ્રીરામપુર.

૨૬ થી ૩૦ શ્રીરામપુર.

---

૧. મીરત નજીક પ્યારેલાલ શર્માનગરમાં મળેલી કોંગ્રેસની વિષય વિચારણી સમિતિમાં જવાહરલાલ બોલ્યા :—લીગ, પ્રધાનમંડળમાં જોડાઇ ત્યારથી સંબંધો એટલા વણસ્યા છે કે કોંગ્રેસી પ્રધાનોએ રાજીનામાં આપવા બે વખત ધમકી આપી હતી; અને આ સ્થિતિ આણવા માટે વાઈસરોય પણ જવાબદાર છે.

૨. આ કોંગ્રેસની ખુલ્લી બેઠકમાં વલ્લભભાઇ બોલ્યા :-વચગાળાની સરકારમાંથી કોંગ્રેસને કાઢવાની પેરવાઈઓ રચાઈ રહી છે; પણ અમે કોઈની જાળમાં ફસાવવાના નથી.

૩. મદ્રાસ પ્રાન્તમાંનાં બધાં મંદિરો હરિજનો માટે ખુલ્લાં કરવાનો કાયદો કરવા એ પ્રાન્તની સરકાર ઉપર દબાણ લાવવા પોટ્ટી શ્રીરામુલુ ચેટ્ટીએ ઉપવાસ શરૂ કર્યા.

૧૯૪૬—ડિસેમ્બર

૧ થી ૭[1] શ્રીરામપુર.
૮[2] શ્રીરામપુર : પોટ્ટી શ્રીરામુલુ ચેટ્ટીને, ઉપવાસ છોડવા કહેવરાવ્યું.
૯ થી ૧૩[3] શ્રીરામપુર.
૧૪ શ્રીરામપુર. ⇕ માધુપુર : હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું. ⇕ શ્રીરામપુર.
૧૫ થી ૧૬ શ્રીરામપુર.
૧૭ શ્રીરામપુર : અસફઅલી મળવા આવ્યાં.
૧૮ થી ૧૯[4] શ્રીરામપુર.
૨૦ શ્રીરામપુર : ફ્રેંચ પત્રકાર રેમંડ કાર્ટીઅર મુલાકાતે આવ્યાં.
૨૧ થી ૨૬[5] શ્રીરામપુર.

---

૧. દરમિયાન—

(૧) તા. ૧લીએ, વાઇસરૉય, જવાહરલાલ, ઝીણા વગેરે વિલાયતની સરકારના બોલાવ્યા ત્યાં જવા નીકળ્યા; તા. ૩જીએ ત્યાં પહોંચ્યા; પછી ચર્ચાઓ થઈ; તા. ૬ઠ્ઠીએ જાહેર કરવામાં આવ્યું કે ચર્ચાઓ નિષ્ફળ ગઈ છે; અને તા. ૭મીએ ત્યાંથી નીકળ્યા.

(૨) તા. છઠ્ઠીએ અસફઅલી અમેરિકામાં હિંદના એલચી નિમાયા.

૨. જવાહરલાલ વગેરે હિંદ આવ્યા.

૩. દરમિયાન તા. ૯મીથી લોક પ્રતિનિધિ સભાની (Constituent Assemblyની) બેઠક શરૂ થઈ; લીગે ભાગ ન લીધો; તા. ૧૧મીએ એના કાયમી પ્રમુખ તરીકે રાજેન્દ્ર બાબુ ચુંટાયા.

૪. આ અરસામાં મનુબહેન ગાંધી ગાંધીજી સાથે રહેવા આવ્યાં.

૫. દરમિયાન—

(૧) તા. ૨૫મીએ, નાતાલ અંગે ઘણી ભેટો આવી. આમાં સિગારેટ અને હજામતનો સામાન પણ હતો. સિગારેટ ફેંકી ન દેતાં જવાહરલાલ માટે રાખી અને હજામતનો સામાન પોતાને માટે રાખ્યો.

(૨) તા. ૨૬મીએ, શિરંડી મુકામે, એ વિસ્તારમાં થયેલા તોફાનોમાં એક હિંદુના ઘરમાંથી, યજ્ઞ અંગે રાખેલી તલવાર, મુસલમાનો લઇ ગયા હતા તે પાછી ન મળી એના વિરોધમાં, અમ્તુસ્સલામે ઉપવાસ શરૂ કર્યા.

૧૯૪૬—ડિસેમ્બર; ૧૯૪૭—જાન્યુઆરી

૨૭ શ્રીરામપુર : ઠક્કરબાપા મળવા આવ્યા.

૨૮ શ્રીરામપુર : જવાહરલાલ વગેરે મળવા આવ્યા. ● જવાહરલાલ તરફથી ફાઉન્ટન પૅન ભેટ મળી.

૨૯ થી ૩૧[1] શ્રીરામપુર.

૧૯૪૭—જાન્યુઆરી

૧ શ્રીરામપુર.

૨[2] શ્રીરામપુર. ⇕ ચંડીપુર : ઉતારો રમણી મજમુદારને ત્યાં. ⇕ ચાંગેરગાંવ. ⇕ ચંડીપુર.

૩ ચંડીપુર : સ્ત્રીઓની સભા.

૪ ચંડીપુર. ⇕ ચાંગેરગાંવ : શાળાનું ઉદ્‌ઘાટન. ⇕ ચંડીપુર.

૫ ચંડીપુર : કારીગરોની સભા. ⇕ હરિશ્વર. ⇕ ચંડીપુર.

૬ ચંડીપુર.

૭[3] ચંડીપુર. ⇕ ચંડીરગાંવ. ⇕ માસીમપુર : ગ્રામ સેવા સંઘની સભામાં પ્રવચન.

૮ માસીમપુર. ⇕ ફત્તેહપુર : ઉતારો સ્થાનિક પ્રાથમિક શાળામાં; યજમાન મૌલવી મહંમદ ઇબ્રાહીમ.

૯ ફતેહપુર. ⇕ દાસપાડા : ઉતારો વૈકુંઠ મજમુદારને ત્યાં. ● રાત્રે મૌલવી અનવરૂલ્લાને મળવા ગયા.

૧૦ દાસપાડા. ⇕ જગતપુર.

૧૧ જગતપુર. ⇕ લામચર.

---

૧. દરમિયાન—

(૧) 'મહાત્મા' છાપ બીડી વેચાવાનું શરૂ થયું !

(૨) તા. ૩૧મીએ હિંદી સરકારે જાહેર કર્યું :–માન–ચાંદ આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

૨. નોઆખલીની પદયાત્રા શરૂ થઈ.

૩. તા. ૪ થી ૭ સુધી દિલ્હીમાં વર્કીંગ કમિટી અને આ. ઈ. કાં. ક.ની બેઠકો મળી.

૧૨ લામચર. ⇕ કારપાડા : સભાઓ—સ્ત્રીઓની તથા કારીગરોની. ● આઝાદ હિંદ ફોજવાળા કર્નલ નિરંજન સિંહ ગીલ મળવા આવ્યા.

૧૩ કારપાડા. ⇕ શાહપુર.

૧૪ શાહપુર : રસ્તામાં, મુસલમાનોના આગ્રહથી એમના ઘેર ગયા અને સ્ત્રીવર્ગને મળ્યા. ⇕ ભાટિયાલપુર : ઉતારો ભરતચંદ્ર ભૌમિકને ત્યાં. ● એક હિંદુ મંદિરમાંથી મૂર્તિ ઉપાડી જવામાં આવી હતી ત્યાં નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

૧૫ ભાટિયાલપુર. ⇕ નારાયણપુર : ઉતારો બાદશાહ મિયાં અમાનને ત્યાં. ● પગ ઘસવાનો પથ્થર લાવવાનો રહી ગયો હતો તે શોધી લાવવા મનુબહેનને એકલા પાછાં મોકલ્યાં ! ● ગ્રામ સેવા સંઘની સભામાં પ્રવચન. ⇕ ગોપાઈરબાગ. ⇕ નારાયણપુર.

૧૬ નારાયણપુર. ⇕ રામદેવપુર. ⇕ દશઘરિયા. ⇕ રામદેવપુર.

૧૭ રામદેવપુર. ⇕ પારકોટ : ઉતારો ચંદ્રકુમાર શીલને ત્યાં. ● સ્ત્રીઓની સભા.

૧૮ પારકોટ. ⇕ બાદલકોટ : ચૂલો ચેતવવા કાકડી માટે વધુપડતું કપડું ફાડવા માટે મનુબહેનને ઠપકો આપ્યો; એ ન વાપરવા દીધું અને ધોવડાવ્યું.

૧૯ બાદલકોટ. ⇕ આતાકોરા : ઉતારો કામિની શર્માને ત્યાં. ● સો વર્ષના એક વૃદ્ધ હિંદુ અશક્તિના કારણે આવી શક્યા નહિ તેથી એમને મળવા એમના ઘેર ગયા. ● અઠવાડિક મૌન બહુ વહેલું લીધું.

૨૦ આતાકોરા. ⇕ શિરંડી : ઉપવાસ પર ઉતરેલાં અમ્તુસ્સલામની (જુઓ તા. ૨૬–૧૨–૪૬ની પાદટીપ) મુલાકાત લીધી ચોરાયેલી તલવાર ન જડી, પણ બંને કોમોએ શાંતિની પ્રતિજ્ઞા ગાંધીજી સમક્ષ લીધી એટલે ઉપવાસ છોડવા ગાંધીજીએ સલાહ આપી. અમ્તુસ્સલામે ગાંધીજીના હાથે મોસંબીનો રસ લઈ પારણાં કર્યાં. આ બનાવની વાત છાપામાં ન આવે એ માટે મુસલમાનોએ આગ્રહ કર્યો પણ ગાંધીજી એ સાથે સંમત થયા નહિ.

૧૯૪૭—જાન્યુઆરી—ફેબ્રુઆરી

૨૧ શિરંડી. ⇕ કેથૂરી.

૨૨ કેથૂરી. ⇕ પનિયાલા.

૨૩ પનિયાલા. ⇕ ડાલ્ટા : ઉતારો હરિજન રાયમોહન માલીને ત્યાં.

૨૪ ડાલ્ટા. ⇕ મુરિયમ : ઉતારો મૌલાના હબીબુલ્લા બતારીને ત્યાં.

૨૫ મુરિયમ. ⇕ હીરાપુર.

૨૬ હીરાપુર. ⇕ બાંસા : સ્વાતંત્ર્ય દિન છતાં ધ્વજ ફરકાવવા ન દીધો કહ્યું :—પરદેશી સરકાર હોત તો એનો વિરોધ વેઠી જરૂર ફરકાવવા દેત, પણ આજે અહીં તો વિરોધ મારા દેશબાંધવોનો—મુસલમાનોનો—છે, એટલે નમતું મૂકું છું.

૨૭ બાંસા. ⇕ પાલ્લા : ઉતારો જગત બંધુ નાથ નામના વણકરને ત્યાં.

૨૮ પાલ્લા. ⇕ પાંચગાંવ : ઉતારો ભરત ચંદ્ર ચક્રવર્તીને ત્યાં

૨૯ પાંચગાંવ. ⇕ જયાગ.

૩૦ જયાગ.[1] ⇕ આમકી : હૉરેસ ઍલેક્ઝાન્ડર મળવા આવ્યા અને સાથે રહ્યા.

૩૧ આમકી. ⇕ નવગ્રામ : સ્ત્રીઓની સભા.

ફેબ્રુઆરી

૧ નવગ્રામ. ⇕ આમિશપાડા : ઉતારો કૃષ્ણ મોહન ચેટરજીને ત્યાં.

૨ આમિશપાડા. ⇕ દશઘરિયા.[2]

૩ દશઘરિયા. ⇕ શાદુરખિલ : ઉતારો યશોદા પાલ કાયસ્થને ત્યાં.

---

૧. આધાર નં. ૫૨ના પાના ૧૨૬ ઉપરની તા. ૩૦મીની નોંધમાં લખ્યું છે, 'સાડા સાત વાગ્યે અમે પાંચગાંવ છોડયું' પણ પાંચગાંવ તો આગલા દિવસે છોડયું હતું (એ જ પાનું ૧૨૧); એટલે તા ૩૦મીએ 'જયાગ છોડયું' હશે એમ માન્યું છે.

૨. Harijanના તા. ૧૬-૨-૪૭ના અંકમાં અને 'હરિજન બંધુ'ના એ જ તારીખના અંકમાં નામ 'સાતઘરિયા' છે.

૧૯૪૭–ફેબ્રુઆરી

૪[1] શાદુરખિલ : માનપત્ર બંગાળીમાં.
૫ શાદુરખિલ. ⇕ શ્રીનગર : ઉતારો ચંદ્ર કુમાર વેપારીને ત્યાં.
૬ શ્રીનગર. ⇕ ધરમપુર.
૭ ધરમપુર. ⇕ પ્રસાદપુર (=પ્રતાપપુર) : ઉતારો ઉપેન્દ્ર મજમુદારને ત્યાં.
૮[2] પ્રસાદપુર. ⇕ નંદીગ્રામ.
૯ નંદીગ્રામ. ⇕ વિજયનગર.
૧૦ વિજયનગર.
૧૧ વિજયનગર. ⇕ હૈમચંડી.
૧૨ હૈમચંડી. ⇕ કાફિલાતલી.
૧૩ કાફિલાતલી. ⇕ કેરવા (પૂર્વ) : ઉતારો નકુલ સહાને ત્યાં.
૧૪[3] કેરવા (પૂર્વ). ⇕ કેરવા (પશ્ચિમ).
૧૫ કેરવા (પશ્ચિમ). ⇕ રાયપુરા : માનપત્ર.
૧૬ રાયપુરા.
૧૭ રાયપુરા. ⇕ દેવીપુર.
૧૮ દેવીપુર. ⇕ આલૂનિયા : એક વૃદ્ધ, ગાંધીજીને મળવા ઇચ્છતા હતા પણ આવી શક્યા નહિ એટલે ગાંધીજી, હોડીમાં નદી ઓળંગી સામે કાંઠે જઈ એમને મળી આવ્યા.
૧૯ આલૂનિયા. ⇕ ચરદુખિયા. ⇕ બીરામપુર.
૨૦[4] બીરામપુર. ⇕ બીશકાથલી.

---

૧. આધાર નં. ૩માંનો પત્ર નં. ૨૭૦ આજે આમિશાપાડાથી લખ્યો છે એમ જણાવ્યું છે, પણ આ બંધબેસતું નથી.

૨. અમેરિકા જવા અસફઅલી કરાંચીથી નીકળ્યા. (જુઓ તા. ૬–૧૨–૪૬ની પાદટીપ)

૩. આધાર નં. ૫૨માંની તા ૧૨ થી ૧૪ સુધીની નોંધો કાંઇક અસ્પષ્ટ હોય એમ લાગે છે.

૪. (૧) બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે સને ૧૯૪૮ના જૂન સુધીમાં હિંદીઓને સર્વ સત્તા સોંપી દેવાનો અમે નિર્ધાર કર્યો છે.
(૨) લૉર્ડ વેવલની વાઇસરૉય તરીકેની નિમણૂકનો અંત લાવી એ સ્થાને લૉર્ડ માઉન્ટબૅટનને નીમવામાં આવ્યા.

૧૯૪૭—ફેબ્રુઆરી-માર્ચ

૨૧ બીશકાચલી. ⇕ કમલાપુર : બિહારમાં કોમી રમખાણના સમાચાર મળ્યા.
૨૨ કમલાપુર. ⇕ ચરકૃષ્ણપુર : ઠક્કરબાપા મળવા આવ્યા.
૨૩ ચરકૃષ્ણપુર. ⇕ ચરશલાદી.
૨૪ ચરશલાદી : રસ્તામાં રામકૃષ્ણ મઠની મુલાકાત લીધી. ⇕ હૈમચર.
૨૫ હૈમચર.
૨૬ હૈમચર : જાહેર સભા.
૨૭ થી ૨૮[૧] હૈમચર.

માર્ચ

૧ હૈમચર.
૨ હૈમચર : થી નીકળ્યા[૨] જીપગાડીમાં. ⇕ ચાંદપુર : ઉતારો કુમાર નાગને ત્યાં. ● થી નીકળ્યા આગબોટમાં.
૩ ગોઆલોંદા : આવ્યા; થી નીકળ્યા રેલગાડીમાં. ⇕ કલકત્તા : ઉતારો સોડપુર આશ્રમમાં.
૪ કલકત્તા : બંગાળાના વડાપ્રધાન સુહરાવર્દી મળવા આવ્યા.
૫ પટણા : ફતવા સ્ટેશને ઊતરી ગયા. ● ઉતારો ડૉ. સૈયદ મહમૂદને ત્યાં. ● ખબર કાઢવા ગયા—માંદા (૧) અબ્દુલ અઝીજની અને (૨) મુસ્લિમ લીગના, ધારાસભાના નેતા સૈયદ મહંમદ ઇસ્માઈલની. ● હથવાનાં મહારાણી અને કુમાર મળવા આવ્યા. ● જાહેર સભા.
૬ પટણા : મુસ્લિમ રાહત ફાળો ઉઘરાવવો શરૂ કર્યો.
૭ પટણા.
૮[૩] પટણા : ખાન અબ્દુલ ગફાર ખાન આવ્યા અને સાથે રહ્યા.

---

૧. દરમિયાન તા. ૨૮મીએ, હિંદની ધારાસભામાં રજૂ થયેલા બજેટમાં મીઠાવેરાની આવક બતાવવામાં આવી નહિ; મતલબ કે એ વેરો નીકળી ગયો.

૨. નોઆખલીની પદયાત્રા પૂરી થઈ.

૩. (૧) તા. ૬ થી ૮ સુધી દિલ્હીમાં વર્કિંગ કમિટીની બેઠકો મળી.
(૨) ૩૯ વર્ષથી (જર્મનીમાં) દેશવટો ભોગવતા સરદાર અજીતસિંહ (ભગતસિંહના કાકા) હિંદ આવ્યાં.

૧૯૪૭—માર્ચ

૯ પટણા : પ્રાંતીય વર્કીંગ કમિટીની બેઠકમાં પ્રવચન.

૧૦ થી ૧૧[1] પટણા.

૧૨ પટણા : બોલ્યા :–પંજાબ અને બંગાળાના ભાગલા પાડવા હું સંમત નથી.

૧૩ પટણા. ⇕ પારસા. ⇕ સીપારા. ⇕ પટણા.

૧૪[2] પટણા : યજમાન ડૉ. સૈયદ મહમૂદના પુત્રનાં લગ્ન. વરવધૂને આશીર્વાદ અને સૂતરના હાર આપ્યા. ⇕ શાફીપુર. ⇕ ખુશરૂપુર. ⇕ પટણા.

૧૫ પટણા : ગવર્નરને મળ્યા.

૧૬ પટણા.

૧૭ પટણા. ⇕ મસૂડી. ⇕ રહેમતગંજ. ⇕ મકાના. ⇕ પુરાણી બજાર. ⇕ મસૂડી.

૧૮ મસૂડી. ⇕ બીર.

૧૯ બીર. ⇕ અંદારી. ⇕ ગોળીઆખારી. ⇕ બીર.

૨૦ બીર. ⇕ બહરામા. ⇕ હરલા. ⇕ મસૂડી : દક્ષિણ આફ્રિકાથી આવેલા ડૉ. દાદુ અને નાઈકર મળવા આવ્યા.

૨૧ મસૂડી. ⇕ મહીઉદ્દીનપુર. ⇕ ગૌરવ્હા. ⇕ થાલપુર. ⇕ હાંસોટી.

૨૨[3] હાંસોટી. ⇕ ખરાંટગામ. ⇕ પીપલાવા. ⇕ પટણા.

૨૩[4] પટણા : સ્ત્રીઓની સભા.

---

૧. દરમિયાન તા. ૧૦મીએ ઝવેરચંદ મેઘાણીનું બોટાદમાં અવસાન થયું.

૨. શાંતિ માટેના નોબેલ ઇનામ માટે ગાંધીજીના નામની ભલામણ થઈ છે એવા સમાચાર ઑસ્લોથી આવ્યા.

૩ વાઇસરૉય લૉર્ડ માઉન્ટબૅટન હિંદ આવ્યા.

૪ આંતર એશિયાઈ પરિષદ દિલ્હીમાં શરૂ થઈ. વચગાળાની સરકારના મુસ્લિમ લીગના સભ્યોએ આમાં ભાગ ન લીધો—યજમાન તરીકે હાજર પણ ન રહ્યા. લીગ કહે કે આ તો કૉંગ્રેસનો રાજકીય પ્રચાર છે; એને એશિયાના નેતા થવું છે. એશિયાના બીજા મુસ્લિમ દેશો હાજર રહ્યા હતા એ સામે લીગે નાપસંદગી દર્શાવી અને કહ્યું, એ લોકો હિંદના મુસલમાનોની કુસેવા કરી રહ્યા છે.

૧૯૪૭--માર્ચ-એપ્રિલ

૨૪ પટણા. ⇕ બહરામા. ⇕ પટણા.

૨૫ પટણા.

૨૬[1] પટણા. ⇕ જહાનાબાદ. ⇕ કાકો. ⇕ શાઇસ્તાબાદ. ⇕ જહાનાબાદ.

૨૭ જહાનાબાદ : ⇕ આમાથૂઆ. ⇕ એલાઈ. ⇕ ઘોસી. ⇕ અબદલ્લાચક. ⇕ ઝુલ્ફીપુર. ⇕ અબદલ્લાપુર. ⇕ ઓખરી. ⇕ જહાનાબાદ.

૨૮[2] જહાનાબાદ : મુસ્લિમ લીગના સભ્યો સાથે ચર્ચા. ● હિંદુ અને મુસ્લિમોની સભામાં પ્રવચન. ● કોંગ્રેસીઓ સાથે ચર્ચા. ● હિંદુ મહાસભાના સભ્યો સાથે ચર્ચા. ● હડતાળ પર ઊતરેલા પોલીસો સાથે ચર્ચા—બે વખત, ⇕ મલાડી. ⇕ ગંગાસાગર. ⇕ બેલા. ⇕ અલ્લાહગંજ. ⇕ પટણા.

૨૯ પટણા : પ્રોફેસર અબ્દુલ બારીની સ્મશાનયાત્રામાં હાજર. ● એમના ઘેર જઈ કુટુંબીજનોને આશ્વાસન આપ્યું.

૩૦ પટણા.

૩૧ દિલ્હી : ઉતારો ભંગી કૉલોનીમાં વાલ્મીકિ મંદિરમાં. ● સરોજિની નાયડુ અને જુગલ કિશોર બિરલા (બંને માંદાં)ની ખબર કાઢવા ગયા. ● વાઈસરૉય, એમનાં પત્ની અને પુત્રીને મળવા ગયા.

એપ્રિલ

૧ દિલ્હી : વાઇસરૉયને મળવા ગયા. ● આંતર એશિયાઇ પરિષદમાં હાજર; પૂછવામાં આવેલા સવાલોના જવાબ આપ્યા. ● વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨ દિલ્હી : કપુરથલાના મહારાજા મળવા આવ્યા. ● વાઇસરૉયને મળવા ગયા. ● આંતર એશિયાઈ પરિષદમાં પ્રવચન—સત્ય અને પ્રેમથી, પૂર્વે, પશ્ચિમને જીતી લેવું જોઇએ.

---

૧. વાઈસરૉયે ગાંધીજી અને ઝીણાને ચર્ચા માટે બોલાવ્યા.

૨. બિહાર પ્રાંતિક કોંગ્રેસના પ્રમુખ પ્રોફેસર અબ્દુલ બારીનું પોલીસના ગોળીબારથી મૃત્યુ થયું.

૧૯૪૭-એપ્રિલ

૩ દિલ્હી : તિબેટ, જાપાન, તથા બ્રહ્મદેશના પ્રતિનિધિઓ મળવા આવ્યા. ● દક્ષિણ આફ્રિકાના નેતાઓ ડૉ. દાદુ અને નાઈકર સાથે ચર્ચા. ● વાઈસરૉયને મળવા ગયા.

૪ દિલ્હી : મિસર અને પેલેસ્ટાઈનના પ્રતિનિધિઓ મળવા આવ્યા. ● વાઇસરૉયને મળવા ગયા.

૫ દિલ્હી : મલાયાના પ્રતિનિધિઓ અને હિંદેશિયા (ઇન્ડોનેશિયા)ના વડા પ્રધાન સુલતાન સહરર મળવા આવ્યા.

૬ દિલ્હી : બેગમ ગઝનફર અલી અને વિયેટનામના[૧] પ્રતિનિધિઓ મુલાકાતે આવ્યાં.

૭ દિલ્હી : બોલ્યા :— મારા ઉપર એવા આક્ષેપોવાળા કાગળો આવ્યા છે કે હું ઝીણાનો ગુલામ, અને હિંદુઓને દગો દેનારો પાંચમો કતારિયો બની ગયો છું.

૮ દિલ્હી.

૯ દિલ્હી : માલેર કોટલાના નવાબ મળવા આવ્યા.

૧૦[૨] દિલ્હી : જવાહરલાલ અને વર્કીંગ કમિટી સાથે ચર્ચા.

૧૧ દિલ્હી : માંદા રાજેન્દ્ર બાબુની ખબર કાઢવા ગયા. ● જાહેર કર્યું :— મારું કામ અહીં પુરું થયું છે એટલે આવતી કાલે બિહાર જઈશ.[૩]

૧૨ દિલ્હી : વાઈસરૉયને મળ્યા. ● માંદા સરોજિની નાયડુની ખબર કાઢવા ગયા.

૧૩ પટણા : ઉતારો ડૉ. સૈયદ મહમૂદને ત્યાં.

---

૧. આધાર નં. ૫૩ના પાના ૧૫૭ ઉપર 'વિયેનાના' જણાવ્યું છે પણ એ ભૂલ લાગે છે.

૨. તા. ૫ થી ૧૦, ઝીણા વાઈસરૉયને રોજ મળ્યા.

૩. ગાંધીજીનો આ નિર્ણય એકાએક લેવાયો હતો. છાપાંમાં હેવાલો આવ્યા કે હિંદના ભાગલા પાડવાની બાબતમાં વર્કીંગ કમિટી (નક્કટક) સંમત થઈ હશે પરંતુ ગાંધીજી સંમત નહોતા તેથી એમણે આમ એકાએક જવાનું નક્કી કર્યું હશે.

૧૯૪૭–એપ્રિલ

૧૪ થી ૧૬[1] પટણા.

૧૭ પટણા : દરભંગાના મહારાજા અને જમીનદારો મળવા આવ્યા.

૧૮ પટણા : જમીનદારો, ખેડૂતો અને મજૂરમંડળના આગેવાનો સાથે ચર્ચા.
● મુસલમાન વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ.

૧૯ પટણા : ચરખા સંઘની બેઠકમાં હાજર.

૨૦[2] પટણા.

૨૧ પટણા : ચરખા સંઘની અને હિંદુસ્તાની તાલીમી સંઘની બેઠકોમાં હાજર.

૨૨ પટણા : હિંદુસ્તાની તાલીમી સંઘની બેઠકમાં હાજર.

૨૩[3] પટણા : બંને સંઘોની બેઠકોમાં હાજર.

૨૪ પટણા : કાર્યકરોની સભા; સ્થળ સદાકત આશ્રમ.

૨૫ પટણા.

૨૬[4] પટણા : જમિયત ઇસ્લામિયા પરિષદમાં હાજર.

૨૭ થી ૨૮ પટણા.

---

૧. આ અરસામાં તા. ૧૫મીએ, ગાંધીજી અને ઝીણાની સહીવાળું એક સંયુક્ત નિવેદન દિલ્હીથી બહાર પાડવામાં આવ્યું. આમાં કોમી હિંસાને વખોડવામાં આવી અને સૌને ભાઈચારાથી રહેવા વિનંતિ કરવામાં આવી. આ નિવેદન વાઇસરૉયની વિનંતિથી બહાર પાડવામાં આવ્યું હતું. આમાં ગાંધીજીની સહી એ દિલ્હી હતા ત્યારે લેવામાં આવી હતી; અને ઝીણાની સહીની તારીખ ૧૫મી હતી.

૨. અમેરિકામાં રહેતા મહાદેવ અબાજી નાંદેડકર ઉપરનો હિંદમાં આવવા સામેનો ૩૮ વર્ષ જૂનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો.

૩. (૧) ઝીણા વાઈસરૉયને મળ્યા.

(૨) આધાર નં. ૨૭માંનો પત્ર નં. ૨૭૯ આજે રેલગાડીમાં લખ્યો છે એમ જણાવ્યું છે પણ આ બંધબેસતું નથી.

(૩) કલકત્તામાં કોમી રમખાણ ફાટી નીકળ્યું.

૪. ઝીણા વાઈસરૉયને મળ્યા.

૧૯૪૭–એપ્રિલ–મે

૨૯ પટણા : સુલેહ સમિતિ સ્થાપી.

૩૦ પટણા.

મે

૧[1] દિલ્હી.

૨[2] દિલ્હી : ઉપવાસ ન કરવા સાને ગુરુજીને તાર કર્યો.

૩[3] દિલ્હી : માંદા સુચેતા કૃપલાનીને મળવા ગયા.

૪[4] દિલ્હી : વાઈસરૉયને મળવા ગયા.

૫ દિલ્હી : દક્ષિણ આફ્રિકામાં ભરાવાની બિન-ગોરા પ્રજા પરિષદને ઉદ્દેશીને કહ્યું :–આડંબરી ભાષણો ન કરશો, બધું મોભાથી અને સંયમથી કરજો, સત્ય અને અહિંસાને છોડશો નહિ. વગેરે. વગેરે. ● 'રૂટર'ના પ્રતિનિધિ ડૂન કૅમ્પબેલને આપેલી મુલાકાતમાં કહ્યું :– બ્રિટન આજે જ હિંદમાંથી જાય તો જરાય વાંધો નથી.

૬ દિલ્હી : ઝીણાને મળવા એમના ઘેર ગયા.[5] ● નિવેદન :–ભાગલા પાડવા વિશે અમે પરસ્પર વિરુદ્ધ અભિપ્રાય ધરાવીએ છીએ; છતાં શાંતિ જાળવવા અમે બંને બનતું કરીશું.

---

૧. પંઢરપુરના વિઠોબાના મંદિરમાં હરિજનોને પ્રવેશ મળે એ માટે સાને ગુરુજીએ ઉપવાસ શરૂ કર્યા.

૨. ઝીણા વાઇસરૉયને મળ્યા.

૩. સાને ગુરુજીએ ગાંધીજીને તાર કર્યો :–મારી કસોટી થવા દો. ઉપવાસ ચાલુ રહેશે.

૪. (૧) ઝીણા વાઈસરૉયને મળ્યા.

(૨) તા. ૧, ૨ અને ૪થીએ દિલ્હીમાં, વર્કીંગ કમિટી મળી; ગાંધીજી એમાં હાજર હતા એવી નોંધ મળી નથી.

૫. આધાર નં. ૭૨ના પાના ૭૩ ઉપર આની તારીખ ૪ છે પણ બીજા આધારોમાં આજની તારીખ છે એટલે આ સ્વીકારી છે.

૧૯૪૭—મે

૭[1] દિલ્હી.

૮ રસ્તામાં.

૯ કલકત્તા : ઉતારો સોડપુર આશ્રમમાં.

૧૦[2] કલકત્તા : બંગાળા પ્રાંતિક મુસ્લિમ લીગના મંત્રી મળવા આવ્યા.

૧૧ કલકત્તા : બંગાળાના વડા પ્રધાન સુહરાવર્દી મળવા આવ્યા.

૧૨ કલકત્તા : સુહરાવર્દી અને શરદ્ ચંદ્ર બોઝ સાથે ચર્ચા.

૧૩[3] કલકત્તા.

૧૪ કલકત્તા : ખૂન અને લૂંટફાટવાળાં સ્થળોની મુલાકાત લીધી.

૧૫ પટણા : ઉતારો ડૉ. સૈયદ મહમૂદને ત્યાં. ● મનુબહેન ગાંધીને ઍપેન્ડીસાઈટીસનું ઑપરેશન કર્યું ત્યારે હાજર.

૧૬ પટણા.

૧૭ પટણા : દક્ષિણ આફ્રિકાના નેતા ડૉ. દાદુ અને નાઈકર મળવા આવ્યા. ⇕ દીનાપુર. ⇕ પટણું.

૧૮[4] પટણા : દક્ષિણ આફ્રિકાના નેતાઓ ફરીથી મળવા આવ્યા.

૧૯ પટણા. ⇕ બાઢગામ. ⇕ પટણા.

૨૦ પટણા. ⇕ હિલ્સા. ⇕ પટણા.

૨૧ પટણા. ⇕ વિક્રમ. ⇕ પટણા.

૨૨ પટણા. ⇕ ફતેહપુર. ⇕ પટણા.

૨૩ પટણા. ⇕ મનેરગામ. ⇕ પટણા.

૨૪ પટણા.

---

૧. વર્કીંગ કમિટી દિલ્હીમાં મળી; ગાંધીજી હાજર હોવાની માહિતી નથી.

૨. પંઢરપુરનું વિઠોબા મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું; સાને ગુરુજીએ પારણાં કર્યાં.

૩. ઢસાની ગાદી દરબાર ગોપાળદાસને સોંપવાનો હુકમ થયો. (જુઓ તા. ૧૭-૭-૨૨ ની પાદટીપ).

૪ વિલાયતના પ્રધાનમંડળ સાથે ચર્ચા કરવા માટે વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટન વિલાયત ગયા.

૧૯૪૭-મે-જૂન

૨૫[1] દિલ્હી : ઉતારો ભંગી કૉલોનીમાં. ● સમાજવાદી નેતાઓ મુલાકાતે આવ્યા.

૨૬ દિલ્હી.

૨૭ દિલ્હી : સમાજવાદીઓ સાથે ચર્ચા. ● કામચલાઉ વાઈસરૉય (જહૉન કૉલવિલ)ને મળવા આવ્યા

૨૮ થી ૩૧[2] દિલ્હી.

જૂન

૧ દિલ્હી.

૨[3] દિલ્હી : વાઈસરૉય સાથે ચર્ચા; માનવાર હતો એટલે ચિઠ્ઠીઓથી વ્યવહાર.

૩[4] દિલ્હી.

૪[5] દિલ્હી : નિવેદન :—કૉંગ્રેસે, દેશના ભાગલા નછૂટકે જ સ્વીકાર્યા છે.

૫[6] દિલ્હી : બોલ્યા —લોકો પૂછે છે કે હું ભાગલાની વિરુદ્ધ છું; તો હું

---

૧. રસ્તામાં કાનપૂર સ્ટેશને ઘડિયાળ ચોરાયું. આ ઘડિયાળ છેલ્લાં ૨૦–૨૫ વર્ષથી હતું. આ સમાચાર મળતાં ઘડિયાળ બનાવનાર વિલાયતની એક પેઢીએ નવું ઘડિયાળ ભેટ મોકલ્યું.

૨. (૧) દરમિયાન તા. ૩૦મીએ માઉન્ટબૅટન હિંદ પાછા આવ્યા.

(૨) આધાર નં. ૨૯માંના પત્ર નં. ૩૮૧નાં સ્થળ અને તારીખ, કલકત્તા અને ૧૯–૫–૪૭ છે. આ બંધબેસતું નથી.

૩. વાઈસરૉયે, કૉંગ્રેસના ત્રણ નેતાઓ, લીગના ત્રણ નેતાઓ અને શીખના એક નેતા સાથે સત્તાની સોંપણી અંગે ચર્ચા શરૂ કરી. એમ જાણવા મળ્યું કે ઑગષ્ટ સુધીમાં બે સાંસ્થાનિક સરકારો રચાઈ જશે. તમામ પક્ષોએ આ સ્થિતિ સ્વીકારી.

૪. દેશના ભાગલા સ્વીકારવાની જાહેરાત કરવામાં આવી.

૫. ધર્માનંદ કોસંબીનું સેવાગ્રામમાં અવસાન થયું.

૬. તા. ૩૧–૫–૪૭ થી તા. ૫–૬–૪૭ સુધી વર્કીંગ કમિટીની બેઠકો દિલ્હીમાં મળી; એમાંની ઘણીખરીમાં ગાંધીજી હાજર હતા.

આમરણાંત ઉપવાસ ઉપર કેમ ઊતરતો નથી ? મારો જવાબ છેઃ– કૉંગ્રેસ કાંઈ ગાંડુ કરે તેથી મારે મરી જવું ?

૬ દિલ્હી : વાઈસરૉયને મળ્યા.

૭ થી ૧૧ દિલ્હી.

૧૨[1] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૩ દિલ્હી : બેઠક ચાલુ. ● નિઝામ અને ત્રાવણકોર નરેશના નિર્ણયનો નિર્દેશ કરીને બોલ્યા : તમારો નિર્ણય બરાબર નથી; ગમે તે એક યુનિયનમાં તમારે જોડાઈ જવું જોઇએ.

૧૪ દિલ્હી : ઑ. ઈ. કૉં. ક. ની બેઠકમાં બોલ્યા :–વર્કીંગ કમિટીએ દેશના ભાગલાને અનિવાર્ય તરીકે સ્વીકાર્યા છે. તો તમે એને મંજૂર રાખો. બીજા બધાં પક્ષોએ મંજૂર રાખ્યા છે; અને એકલા તમે જ ના પાડો તો તમારી જવાબદારી ઘણી બધી વધી જશે. હા, એ વાત ખરી, કે અંગત રીતે હું ભાગલાની વિરુદ્ધ છું.

૧૫[2] દિલ્હી.

૧૬ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૧૭ દિલ્હી : વાઈસરૉયને મળવા ગયા; ત્યાં ઝીણા પણ અચાનક મળ્યા.

૧૮[3] દિલ્હી : ખાન અબ્દુલ ગફાર ખાન સાથે ઝીણાને મળ્યા. ● નિવેદનઃ હું જેટલો સાચો હિંદુ છું તેટલો જ સાચો મુસલમાન છું. મારે કોઈ સત્તા જોઈતી નથી. હું પ્રજાનો માત્ર, સેવક છું,

૧૯ થી ૨૦ દિલ્હી.

---

૧. નિઝામે અને ત્રાવણકોર નરેશે જાહેર કર્યું 'અમે કોઈપણ યુનિયનમાં જોડાઇશું નહિ, અને સ્વતંત્ર રહીશું.'

૨. ઑ. ઈ. કૉં. ક.એ ભાગલાની યોજના સ્વીકારી.

૩. સોવિયત સમાચાર સંસ્થા ટાસે જણાવ્યું :— હિંદની સરકારનું રાજદ્વારી ખાતું, દેશી રાજ્યોને લગતી બ્રિટીશ જાળના દસ્તાવેજો બાળી નાંખે છે.

૧૯૪૭-જૂન-જુલાઈ

૨૧ દિલ્હી. ⇕ હરદ્વાર : નિર્વાસિતોની છાવણીની મુલાકાત લીધી. ⇕ દિલ્હી

૨૨ દિલ્હી.

૨૩ દિલ્હી : ત્રાવણકોરના કાર્યકર્તાઓ તથા બાબુ પુરુષોત્તમ દાસ ટંડન મળવા આવ્યા.

૨૪ દિલ્હી : બોલ્યા —મારા અંતરમાં દાવાનળ સળગે છે; અંતર રડે છે; હું ક્યા જાઉં ?

૨૫[1] દિલ્હી.

૨૬ દિલ્હી : વાઈસરૉય સાથે ચર્ચા. ● બોલ્યા :– ભલે આખર સુધી માંહોમાંહે લડી મરજો, પણ બ્રિટનની ગુલામીમાંથી તાકીદે છુટકારો મેળવો.

૨૭ થી ૩૦ દિલ્હી.

જુલાઈ

૧ દિલ્હી : જવાહરલાલને મળવા ગયા, એ વાઈસરૉયને ઘેર હતા એટલે ત્યાં ગયા. ● શીખોનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું.

૨[2] દિલ્હી : જયપ્રકાશ નારાયણના પ્રમુખપદે મળેલી દિલ્હી પ્રાંતિક રાજકીય પરિષદમાં પ્રવચન.

૩ થી ૪[3] : દિલ્હી.

---

૧. વિજ્યાલક્ષ્મી પંડિત, રશિયામાં, હિંદના એલચી નિમાયાં.

૨. દેશના ભાગલા પાડવાનું નક્કી થયું હતું ત્યારે કૉંગ્રેસ અને લીગની સંમતિથી એવી સમજૂતી થઈ હતી કે બંને સંસ્થાઓના ગવર્નર જનરલ તરીકે લૉર્ડ માઉન્ટબૅટન ચાલુ રહે. પણ આજે ઝીણાએ કહ્યું કે-પાકિસ્તાનનો ગવર્નર જનરલ હું જ થાઉં; અને માઉન્ટબૅટન ભલે હિંદના ગવર્નર-જનરલ તરીકે ચાલુ રહે.

૩. દરમિયાન તા. ૪થીએ, પંજાબ તથા બંગાળાના, અને હિંદના ભાગલા પાડતો, અને દેશી રાજ્યો પરથી બ્રિટીશ વર્ચસ બંધ થતો ખરડો, બ્રિટીશ પાર્લામેન્ટમાં રજૂ થયો.

૧૯૪૭-જુલાઇ

૫ દિલ્હી : લેડી માઉન્ટબૅટન મળવા આવ્યાં.

૬ દિલ્હી.

૭ દિલ્હી : પેલુ ભેટ તરીકે મોકલેલું ઘડિયાળ (જુઓ તા. ૨૫-૫-૪૭ની પાદટીપ) મળ્યું.

૮ દિલ્હી.

૯ દિલ્હી : રાજકુમારી ઈલિઝાબેથના સગપણ અંગે આજકાલમાં આશીર્વાદનો કાગળ લખ્યો; ● વાઇસરૉયને મળવા ગયા.

૧૦ દિલ્હી : વાઈસરૉયનાં પુત્રી મળવા આવ્યાં.

૧૧[૧] દિલ્હી.

૧૨ દિલ્હી : બોલ્યા :–પાકિસ્તાનના ગવર્નર-જનરલ બનીને ઝીણાએ પોતાનું વચન પાળ્યું નથી.

૧૩ દિલ્હી : વાઈસરૉયને મળવા ગયા.

૧૪ દિલ્હી : તંત્રી-પરિષદની સ્થાયી સમિતિના સભ્યો મળવા આવ્યા.

૧૫ થી ૧૬ દિલ્હી.

૧૭ દિલ્હી : બિકાનેરના વડા પ્રધાન સરદાર કે. એમ. પાનિક્કર મળવા આવ્યા.

૧૮[૨] દિલ્હી : વાઈસરૉય લૉર્ડ માઉન્ટબૅટન અને એમનાં પત્નીના લગ્નની રજતજયંતી અંગે મુબારકબાદીનો પત્ર લખ્યો.

૧૯ થી ૨૧ દિલ્હી.

૨૨ દિલ્હી : 'હવે તો સ્વરાજ મળ્યું છે, તો સાબરમતી આવો'[૩] એ મતલબના એક પત્રના જવાબમાં લખ્યું :–પૂર્ણ સ્વરાજ હજી દૂર છે...મારે સારુ સાબરમતી દૂર છે : નોઆખલી નજીક છે.

---

૧. આધાર નં. ૬માંના પત્ર નં. ૧૦૦ (પાનું ૨૯૮) નાં સ્થળ અને તારીખ અનુક્રમે જગતપુર અને ૧૧-૭-૪૭ જણાવેલાં છે. પણ આ બંધ-બેસતું નથી.

૨. (૧) સર શાફત અહમદ ખાનનું સિમલામાં અવસાન થયું.

(૨) હિંદ સ્વાતંત્ર્ય બિલને રાજાની મંજૂરી મળી. બે સંસ્થાનોનો જન્મ થયો.

૩ જુઓ તા. ૧૨-૩-૩૦.

૧૯૪૭—જુલાઈ—ઑગસ્ટ

૨૩ થી ૨૭ દિલ્હી.

૨૮ દિલ્હી : બોલ્યા :–કૉંગ્રેસ કોમી સંસ્થા નથી; એટલે બે રાજ્યો બનતાં એની કામગીરી વધશે.

૨૯[1] દિલ્હી વાઈસરૉયની મુલાકાત લીધી.

૩૦ દિલ્હી.

૩૧[2] રસ્તામ : ગાંધીજીને લઈ જતી ગાડીને ફિલોર સ્ટેશને બૉમ્બથી ઉડાવી દેવાનો પ્રયત્ન થયો. ⇕ અમૃતસર : વિરોધી દેખાવો. ⇕ રાવળપિંડી : ઉતારો મ્યુનિસિપલ પ્રમુખ દેવરાજ આનંદને ત્યાં.

ઑગસ્ટ

૧ રાવળપિંડી. ⇕ કોહલા : કાશ્મીર રાજ્ય તરફથી સ્વાગત; બે મોટર ગાડીઓ અને બે મંત્રીઓ ગાંધીજીની તહેનાતમાં મૂક્યાં. ⇕ રામપુર ⇕ શ્રીનગર ઉતારો લાલા કિશોરીલાલને ત્યાં. ● મુસ્લિમ પરિષદના વિરોધી દેખાવો.

૨ શ્રીનગર : ચશ્મે શાહીની મુલાકાત લીધી.

૩ શ્રીનગર : કાશ્મીર મહારાજાને મળવા ગયા.

૪ શ્રીનગર. ⇕ વેરીનાગ. ⇕ અનંતનાગ. ⇕ બીજવારા. ⇕ જમ્મુ.

૫ જમ્મુ. ⇕ પંજાસાહેબ : શીખોની સભામાં પ્રવચન. ⇕ રાવળપિંડી નિર્વાસિતોની છાવણીની મુલાકાત.

૬ લાહોર : ઉતારો રામેશ્વરી નહેરુને ત્યાં.

૭ રસ્તામાં.

---

૧. સુભાષ ચંદ્ર બોઝ સામેના સઘળા ખટલાઓ બંગાળ સરકારે પાછા ખેંચ્યા.

૨. બાલ (સ્વિટ્ઝરલૅન્ડ)થી એક સંદેશો એવી મતલબનો આવ્યો કે ત્યાં મળતી શાંતિ પરિષદને મોકલેલા સંદેશામાં ગાંધીજીએ જણાવ્યું છે કે સને ૧૯૪૯માં મળતી પરિષદ માટે હું એક અઠવાડિયું ફાજલ પાડીશ.

૮ પટણા : ઉતારો ડૉ. સૈયદ મહમૂદને ત્યાં. • સાંજે યુનિવર્સિટીના મેદાનમાં પ્રાર્થનામાં બોલ્યા:–પંદરમી ઑગસ્ટ તો આપણી પરીક્ષાનો દિવસ છે; કોઈએ તોફાન કરવાનું નથી; આ, જે સ્વરાજ આવ્યું છે તે કાંઈ દીવાબત્તી કે રોશની કરી ઉજવવા જેવું નથી આવ્યું; આઝાદી, અનાજ, કપડાં, ઘી, તેલ વગેરેની તંગીમાં ઉત્સવ શો ઉજવવો! એ દિવસે તો ઉપવાસ, કાંતવાનું અને ઈશ્વરની પ્રાર્થના જ કરવાનાં.

૯ કલકત્તા : ઉતારો સોદપુર આશ્રમમાં. • ગવર્નરને મળવા ગયા.

૧૦[1] કલકત્તા.

૧૧ કલકત્તા : તોફાનગ્રસ્ત વિસ્તારોમાં ફર્યા.

૧૨ કલકત્તા.

૧૩ કલકત્તા ; તોફાનગ્રસ્ત વિસ્તારમાં આવેલા એક મુસલમાનના મકાનમાં (હૈદરી મૅન્શનમાં) જઈને રહ્યા.

૧૪ કલકત્તા : મારવાડી ક્લબની મુલાકાત લીધી. • બોલ્યા :–આવતી કાલે આપણે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થઈએ છીએ, પણ આજ રાતના બાર વાગ્યાથી હિંદુસ્તાનના ટુકડા થાય છે. એટલે કાલનો દિવસ ખુશીનો તેમજ ગમગીનીનો છે.

૧૫ કલકત્તા : સ્વરાજ મળ્યું પણ દેશના ભાગલા પડ્યા એના દુઃખે ઉપવાસ કર્યો. • શહેરમાં ફર્યા.

૧૬ કલકત્તા : પશ્ચિમ બંગાળના ગવર્નર રાજાજી મળવા આવ્યા.

૧૭ થી ૧૮ કલકત્તા.

૧૯ કલકત્તા. ⇕ કંચનપરા. ⇕ કલકત્તા.

---

૧. જયપ્રકાશ નારાયણે બરાબર પાંચ વર્ષ પહેલાં (તા. ૧૦–૮–૪૨ના રોજ) અમદાવાદમાં ગુજરાત કૉલેજના કંપાઉન્ડમાં, એ કૉલેજના વિદ્યાર્થી વિનોદ કિનારીવાળા જેમનું ગોળીબારથી ખૂન કરવામાં આવ્યું હતું, તેમની ખાંભીનું ઉદ્દઘાટન કર્યું.

૧૯૪૭–ઑગસ્ટ-સપ્ટેમ્બર

૨૦ કલકત્તા.

૨૧ કલકત્તા : સ્ત્રીઓની સભા; સ્થળ યુનિવર્સિટી.

૨૨[1] કલકત્તા : બેંગાલ કેમિકલ વર્કસના મજૂરોને હડતાળ ન પાડવા સમજાવ્યા. ● કસ્તૂરબા ટ્રસ્ટમાં કામ કરતી બહેનોની સભામાં વાર્તાલાપ; સ્થળ દેશબંધુ પાર્ક.

૨૩ કલકત્તા.

૨૪ કલકત્તા : પતિયાળાના મહારાજા મળવા આવ્યા. ● મ્યુનિસિપાલિટીનું માનપત્ર. ● ગાંધીજીને કોઈએ ગોળી મારી છે એવા સમાચાર મળતાં ગૃહપ્રધાન ગભરાતા ગભરાતા આવ્યા તો ગાંધીજી કહે :– 'એવાં ભાગ્ય મારાં ક્યાંથી કે મને કોઈ ગોળી મારે.'[2]

૨૫ કલકત્તા.

૨૬ કલકત્તા : જાદવપુર ક્ષય હૉસ્પિટલની મુલાકાત લીધી.

૨૭ થી ૩૦ કલકત્તા.

૩૧ કલકત્તા : મુસ્લિમો તરફથી માનપત્ર. ● હિંદુઓનો લાઠી અને ઈંટો વડે હુમલો, પણ ગાંધીજી બચી ગયા.

સપ્ટેમ્બર

૧ કલકત્તા : રમખાણોથી દુ:ખિત થઈ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. ● ગવર્નર રાજાજી મળવા આવ્યા.

૨ થી ૩ કલકત્તા : ઉપવાસ ચાલુ.

૪ કલકત્તા : ગુંડાઓ અને એમનો સરદાર આવ્યા, માફી માગી, હથિયારો સોંપી ગયા, ઉપવાસ છોડવા વિનંતિ કરી. ● બધી કોમના નેતાઓએ

---

૧. આ અરસામાં મુંબઈ પ્રાંતિક સમિતિના પ્રમુખે દરખાસ્ત કરી કે જો મ્યુનિસિપાલિટી સ્વીકારશે તો Gateway of India આગળ ગાંધીજીની પ્રતિમા મૂકવામાં આવશે.

૨. અમૃતસર જિલ્લામાં, સંરક્ષણ પ્રધાન સરદાર બલદેવસિંહ ઉપર આજે ભૂલથી ગોળીબાર થયો હતો પરંતુ કોઇને વાગ્યું નહોતું. કદાચ આ બનાવ આની સાથે ભેળવી દેવામાં આવ્યો હોય.

તોફાનો અટકાવવા બાંયધરી આપી, અને ઉપવાસ છોડવા વિનંતી કરી. ● રાત્રે નવ વાગ્યે ઉપવાસ છૂટયા.[1]

૫[2] કલકત્તા : ગુંડાઓ વધુ હથિયારો સોંપી ગયા.

૬ થી ૭ કલકત્તા.

૮ રસ્તામાં.

૯ દિલ્હી : તોફાનો ફાટી નીકળ્યાં હતાં અને ત્યાં નિર્વાસિતોને રાખવામાં આવ્યા હતા એટલે વાલ્મીકિ આશ્રમમાં જવું અશકય હતું તેથી બિરલા હાઉસમાં ઊતર્યા.

૧૦ દિલ્હી : નિર્વાસિતોની છાવણીની મુલાકાત લીધી. ● જામિયા મિલિયાની મુલાકાત લીધી. ● લેડી માઉન્ટબૅટન મળવા આવ્યાં.

૧૧ દિલ્હી : ઈરવિન હૉસ્પિટલમાં, હુલ્લડમાં ઘવાયેલાંની મુલાકાત લીધી. ● ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબૅટન અને હિંદી વજીર લૉર્ડ લિસ્ટોવેલને મળ્યા

૧૨ દિલ્હી : નિર્વાસિતોની છાવણીની મુલાકાત. ● લેડી માઉન્ટબૅટન મળવા આવ્યાં.

૧૩ દિલ્હી : નિર્વાસિતોની છાવણીની મુલાકાત ● પોતાનું બાવલું મૂકવા વિશેની દરખાસ્ત તરફ નાપસંદગી દર્શાવી.[3]

૧૪ દિલ્હી : એવી જ મુલાકાત. ● લૉર્ડ માઉન્ટબૅટનને મળ્યા.

૧૫[4] દિલ્હી.

---

૧. Bombay Chronicleમાં એક હેવાલ એ મતલબનો છપાયો કે બ્રિટનના રાજા જ્યોર્જે ગાંધીજીની તબિયત વિશે 'સ્ટેટ્સમૅન' મારફતે ખબર પુછાવી હતી.

૨. અસફઅલી અમેરિકાથી હિંદ આવ્યા.

૩. જુઓ તા. ૨૨-૮-૪૭ની પાદટીપ.

૪. (૧) અસફઅલી દિલ્હીથી ગયા.

(૨) પકિસ્તાનમાં જોડાવા માટે જૂનાગઢના નવાબે કરેલી વિનંતિ ત્યાંના ગવર્નર-જનરલ ઝીણાએ સ્વીકારી.

૧૬ દિલ્હી : વાલ્મીકિ મંદિર પાસેના મેદાનમાં, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે યોજેલા પ્રદર્શનની મુલાકાત લીધી, અને ત્યાં પ્રવચન કર્યું. ● લૉર્ડ માઉન્ટબૅટનને મળ્યા. ● નિવેદન :—જો પાકિસ્તાન અન્યાય કરવાનું ચાલુ જ રાખશે તો હિંદ અને એની વચ્ચે યુદ્ધ ફાટશે.

૧૭ દિલ્હી : લૉર્ડ અને લેડી માઉન્ટબૅટન મળવા આવ્યાં. ● મજૂરોની વસતીવાળા કિશનગંજની મુલાકાત લીધી. ● ગઈ કાલે આપેલી ચેતવણી ફરીથી ઉચ્ચારી.

૧૮ દિલ્હી : મુસ્લિમ નેતાઓ સાથે ચર્ચા; સ્થળ અસફઅલીનું મકાન.[1] ● જાહેર કર્યું :— દિલ્હીમાં કામ પૂરું થશે એટલે હું પાકિસ્તાન જઈશ. ● ચેતવણી ફરીથી ઉચ્ચારી.

૧૯ દિલ્હી : હિંદુ નેતાઓ સાથે ચર્ચા.

૨૦ થી ૨૨ દિલ્હી.

૨૩[2] દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૪ દિલ્હી : બેઠક ચાલુ. ● જામસાહેબ મળવા આવ્યા. ● તબિયત નરમ.

૨૫[3] દિલ્હી : બેઠક ચાલુ. ● લૉર્ડ માઉન્ટબૅટનને મળ્યા ● તબિયત નરમ.

૨૬ દિલ્હી : બોલ્યા :– હું યુદ્ધ–વિરોધી છું, પણ જો પાકિસ્તાન પાસેથી ન્યાય મેળવવો અશક્ય હોય અને પોતાની ભૂલો જોવા એ ના જ પાડતું હોય તો બંને દેશો વચ્ચે યુદ્ધ અનિવાર્ય છે. ● તબિયત નરમ

---

૧. 'હરિજન બંધુ'ના તા. ૨૮-૯-૪૭ના અંકના પાના ૨૯૫ ઉપર આની તા. ૧૯ જણાવી છે પણ બીજા આધારોમાં તા. ૧૮ છે તેથી એ સ્વીકારી છે.

૨. માણાવદર (જૂનાગઢ તાબાનું) પાકિસ્તાન સાથે જોડાયું છે એવી જાહેરાત કરવામાં આવી.

૩. (૧) શાંતિ માટેના નોબેલ ઇનામ માટે ગાંધીજીના નામની ભલામણ થઈ છે એવા સમાચાર ફરીથી આવ્યા.

(૨) મુંબઈમાં, જૂનાગઢની આરજી હકુમત સ્થપાઈ. (જુઓ તા. ૧૫ની પાદટીપ.)

૧૯૪૭—સપ્ટેમ્બર-ઑક્ટોબર

૨૭ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

૨૮ થી ૨૯ દિલ્હી.

૩૦ દિલ્હી : U.N.E.S.C.O.[1] ના ચીની પ્રતિનિધિઓ મળવા આવ્યા.

ઑક્ટોબર

૧ દિલ્હી : વર્કીંગ કમિટીના બેઠકમાં હાજર. ● આગેવાન શહેરીઓની સભામાં પ્રવચન.

૨ દિલ્હી : વર્ષગાંઠ અંગે લેડી માઉન્ટબૅટન તથા બીજા અનેક આવ્યા. ગાંધીજી બોલ્યા :— આને અભિનંદન નહિ પણ ખરખરો કહેવો વધુ યોગ્ય છે; લાંબું જીવવા હવે મને ઈચ્છા નથી

૩ દિલ્હી : બોલ્યા : મારા બોલવાનું હવે કશું વજન પડતું નથી.

૪ થી ૧૦[2] દિલ્હી.

૧૧ દિલ્હી : દેશી તારીખ મુજબ જન્મદિન; ઉજવવાને બદલે ઉપવાસ કર્યો. ● સ્થાનિક ગુજરાતીઓ તરફથી થેલી અર્પણ.

૧૨ દિલ્હી : રેવરન્ડ હોમ્સ મળવા આવ્યા.

૧૩ થી ૧૮[3] દિલ્હી.

૧૯ દિલ્હી : માઉન્ટબૅટનને મળવા ગયા. ● શાહી સરકારના કૉમનવેલ્થ ખાતાના મંત્રી લૉર્ડ ઍડિસન અને એમનાં પત્ની મળવા આવ્યાં.

---

૧. United Nations Educational Scientific and Cultural Organization.

૨. દરમિયાન તા. ૫મીએ, અમેરિકાના પાદરી, ગાંધીભક્ત ડૉ. જહૉન હેઇન્સ હોમ્સ હિંદ આવ્યા.

૩. દરમિયાન તા. ૧૪મીએ નૃસિંહ ચિંતામણ કેળકરનું પૂનામાં અવસાન થયું.

૨૦ થી ૨૪[1] દિલ્હી.

૨૫ દિલ્હી : જેલમાં પ્રાર્થના કરી અને આંબાનું ઝાડ રોપ્યું.

૨૬ થી ૨૮[2] દિલ્હી.

૨૯ દિલ્હી : દિલીપ કુમાર રૉય મળવા આવ્યા અને સંગીત સંભળાવ્યું.

૩૦ થી ૩૧ દિલ્હી.

નવેમ્બર

૧ દિલ્હી : હૉરેસ ઍલેક્ઝાન્ડર મળવા આવ્યા.

૨ દિલ્હી.

૩ દિલ્હી : અનાજ પરનો અંકુશ ઉઠાવી લેવા હિમાયત કરી.

૪ થી ૬ દિલ્હી.

૭ દિલ્હી ⇕ તિહાર (મુસલમાનોનું ગામ). ⇕ દિલ્હી.

૮ દિલ્હી : લેડી માઉન્ટબૅટન મળવા આવ્યા.

૯ દિલ્હી.

૧૦[3] દિલ્હી. ⇕ પાણીપત : નિર્વાસિતોની મુલાકાત લીધી. ⇕ દિલ્હી.

૧૧ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર. • જૂનાગઢ વગેરેના પાકિસ્તાન સાથેના જોડાણનો ઉલ્લેખ કરી બોલ્યા :–લોકોની સંમતિ વિના આ પ્રમાણે જોડાઈ શકાય જ નહિ.

---

૧. દરમિયાન—

(૧) તા. ૨૩મીએ પાકિસ્તાની સૈનિકોએ કાશ્મીર ઉપર આક્રમણ કર્યું.

(૨) તા. ૨૪મીએ જૂનાગઢના નવાબ રાજ છોડી પાકિસ્તાન જતા રહ્યા. (જુઓ તા. ૧૫-૯-૪૭ અને ૨૫-૯-૪૭ની પાદટીપો.)

૨. દરમિયાન તા. ૨૭મીએ કાશ્મીર હિંદમાં જોડાયું. હિંદના અને પાકિસ્તાનના સૈનિકો વચ્ચે કાશ્મીરમાં યુદ્ધ શરૂ થયું.

૩. ગવર્નર-જનરલ લૉર્ડ માઉન્ટબૅટન, એમનાં પત્ની વગેરે, રાજકુમારી ઇલિઝાબેથના લગ્ન અંગે વિલાયત ગયા. રાજાજી કામચલાઉ ગવર્નર-જનરલ બન્યા.

૧૯૪૭-નવેમ્બર

૧૨ દિલ્હી : રેડિયો ઉપર પ્રવચન કરી નિર્વાસિતોને સંદેશો આપ્યો.[1]
બેઠક ચાલુ.

૧૩ થી ૧૪[2] દિલ્હી.

૧૫[3] દિલ્હી : અ. ભા. કાં. ક.માં પ્રવચન.

૧૬ થી ૧૯[4] દિલ્હી.

૨૦[5] દિલ્હી ⇕ ઓખલા : નિર્વાસિતોની છાવણીની મુલાકાત લીધી.[6] ⇕
દિલ્હી : કામચલાઉ ગવર્નર-જનરલ રાજાજીની મુલાકાતે ગયા.[7]

---

૧. આધાર નં. ૭૨ના પાના ૯૦ ઉપર અને નં. ૮૪ના પાના ૨૨૮ ઉપર જણાવ્યું છે કે રેડિયો ઉપર ગાંધીજીનું આ પહેલું અને છેલ્લું પ્રવચન હતું. છેલ્લું ખરું, પણ પહેલું તો નહિ જ. (જુઓ તા. ૧૩-૯-૩૧).

૨. દરમિયાન તા. ૧૪મીએ, વર્કીંગ કમિટી અને પ્રધાનો વચ્ચે સહકારના અભાવના કારણે કૃપાલાનીએ કોંગ્રેસના પ્રમુખપદનું રાજીનામું આપ્યું.

૩. વર્કીંગ કમિટી મળી હતી. પરંતુ એમાં ગાંધીજી હાજર હતા એવી માહિતી મળી નથી.

૪. દરમિયાન—

(૧) તા. ૧૬મીએ, વર્કીંગ કમિટીની અને અ. ઇ. કો. ક. ની બેઠકો મળી હતી પરંતુ એમાં ગાંધીજી હાજર હતા એવી માહિતી મળી નથી.

(૨) તા. ૧૭મીએ કૃપાલાનીની જગ્યાએ રાજેન્દ્રબાબુ ચૂંટાયા; અને આઝાદ હિંદની વડી ધારાસભાના પ્રમુખપદે ગણેશ વાસુદેવ માવળંકર ચૂંટાયા.

૫. રાજકુમારી ઇલિઝાબેથના લગ્ન ફિલીપ માઉન્ટબેટન સાથે થયાં. એમને મળેલી ભેટોમાં સૌથી સોંઘી છતાં મોંઘી ભેટ, ગાંધીજીએ બે માસ સુધી હાથે કાંતેલા સૂતરનું રૂા. ૧૯ની કિંમતનું ટેબલ-ક્લોથ હતું.

૬. આધાર નં. ૮૪ના પાના ૨૩૦ ઉપર આની તારીખ ૨૭ જણાવી છે પણ એ મુદ્રણદોષ લાગે છે.

૭. એ જ.

૧૯૪૭—નવેમ્બર—ડિસેમ્બર

૨૧ થી ૨૪ દિલ્હી.

૨૫ દિલ્હી : લેડી માઉન્ટબૅટન મળવા આવ્યાં. ● કાનજી દ્વારકાદાસ મળવા આવ્યા.

૨૬[1] દિલ્હી

૨૭ દિલ્હી : હિંદ આવેલા, પાકિસ્તાનના વડા પ્રધાન લિયાકત અલી ખાનને મળવા ગયા. ● લૉર્ડ માઉન્ટબૅટનને મળવા ગયા. ● કાશ્મીરના શેખ અબ્દુલ્લા મળવા આવ્યા.

૨૮[2] દિલ્હી : ગુરુ નાનકના જન્મોત્સવ સમારંભમાં પ્રવચન.

૨૯ દિલ્હી : મજૂર-દિન અંગે અમદાવાદના મજૂર મહાજનને સંદેશો મોકલ્યો.

૩૦ દિલ્હી.

ડિસેમ્બર

૧ દિલ્હી.

૨ દિલ્હી. ⇕ પાણીપત. ⇕ દિલ્હી.

૩ દિલ્હી.

૪ દિલ્હી : બ્રહ્મદેશના વડા પ્રધાન થાકીન નુ મળવા આવ્યા.

૫ થી ૮[3] દિલ્હી.

૯ દિલ્હી : કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટની અને ચરખા સંઘની બેઠકોમાં હાજર.

૧૦[4] દિલ્હી : તાલીમી સંઘની બેઠકોમાં હાજર.

૧૧ દિલ્હી : અખિલ હિંદ ગ્રામોદ્યોગ મંડળની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં પ્રવચન.

૧૨ થી ૧૮ દિલ્હી.

---

૧ પંઢરપુરના વિઠોબાજીના મંદિરમાં હરિજનોએ પ્રવેશ કર્યો. (જુઓ તા. ૧૦-૫-૪૭ ની પાદટીપ).

૨. મુંબઈના ગર્વનર સર જહૉન કોલવિલે હરિજન આશ્રમ (સાબરમતી)ની મુલાકાત લીધી.

૩. તા. ૬ થી ૧૩ સુધીની મુલાકાતો રદ કરવામાં આવી—બીજાં કામો માટે સમય ફાજલ પાડવા માટે.

૪. ચીમનલાલ હરિલાલ સેતલવાડનું મુંબઈમાં અવસાન થયું

૧૯૪૭—ડિસેમ્બર; ૧૯૪૮—જાન્યુઆરી

૧૯ દિલ્હી. ⇕ જીસરાહ (=જેસરા).[1] ⇕ દિલ્હી.
૨૦ દિલ્હી.
૨૧ દિલ્હી : વેપારીઓની સભામાં પ્રવચન; સ્થળ હાર્ડિંજ લાયબ્રેરી.
૨૨ થી ૨૬ દિલ્હી.
૨૭ દિલ્હી. ⇕ સામલકા (=સંભાલ). ⇕ દિલ્હી.
૨૮ થી ૩૧ દિલ્હી.

૧૯૪૮—જાન્યુઆરી

૧ થી ૨[2] દિલ્હી.
૩ દિલ્હી : નિર્વાસિતોની છાવણી (વેવલ કેન્ટીન)ની મુલાકાત લીધી.
૪ થી ૧૧[3] દિલ્હી.
૧૨[4] દિલ્હી : હિંદુ–મુસ્લિમ રમખાણોથી દુ:ખિત થઈ, કોમી એકતા માટે, આવતી કાલથી અનિશ્ચિત મુદત સુધી ઉપવાસ કરવાનો નિર્ણય જાહેર કર્યો. ● ગવર્નર–જનરલ માઉન્ટબૅટનની મુલાકાત લીધી.

---

૧. Harijanના તા. ૨૮–૧૨–૪૭ના અંકના પાના ૪૮૧ ઉપર અને 'હરિજન બંધુ'ના એ જ તારીખના અંકના પાના ૪૩૯ ઉપર આ ગામની મુલાકાતની તારીખ ૯ છપાઇ છે; પણ એ મુદ્રણદોષ લાગે છે.

૨. દરમિયાન તા. ૧લીએ સમાચાર આવ્યા કે, હિંદ અને પાકિસ્તાન વચ્ચે થયેલી સમજૂતી મુજબ, હિંદે, પાકિસ્તાનને આપવાની રોકડ રકમ આપવા હિંદ આનાકાની કરે છે કારણ કે એ આપવામાં આવે તો એનો ઉપયોગ, એ, હિંદ સામે, કાશ્મીરમાં કરશે એવો ડર છે.

૩. દરમિયાન —

(૧) તા. ૪થીએ બ્રહ્મદેશ આઝાદ બન્યું.

(૨) તા. ૬ઠ્ઠીના અરસામાં, કરાંચીમાંના ગાંધીજીના કાંસાના બાવલાને નુકસાન પહોંચાડવામાં આવ્યું.

૪. ડાકોરમાંના રણછોડજીના મંદિરમાં, હરિજનો સાથે પ્રવેશ કરતાં રવિશંકર મહારાજ ઉપર હુમલો કરવામાં આવ્યો; મહારાજ ઉપવાસ પર ઊતર્યા.

૧૯૪૮—જાન્યુઆરી

૧૩[1] દિલ્હી : ઉપવાસ શરૂ. ● લૉર્ડ માઉન્ટબૅટને રાખેલી પાર્ટીમાં પોતે ન જઈ શકયા પરંતુ સાથીઓ જેમને નિમંત્રણ મળ્યાં હતાં તેમને આગ્રહ કરી મોકલ્યા.

૧૪[2] દિલ્હી : ઉપવાસ ચાલુ.

૧૫[3] દિલ્હી : ઉપવાસ ચાલુ. ● પ્રાર્થના પ્રવચન, પોતાના ઓરડામાંથી માઈક પર કર્યું.

૧૬ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● પ્રાર્થના પ્રવચનમાં બોલ્યા :–હિંદ અને પાકિસ્તાનમાં શાંતિ ન સ્થપાય તો હું જીવવા માગતો નથી.

૧૭ દિલ્હી : ઉપવાસ ચાલુ. ● સ્થિતિ ચિન્તાજનક.

૧૮ દિલ્હી : શાંતિ સ્થાપવા બધી કોમોની બાંયધરી મળતાં બપોરે, મૌલાના અબુલ કલામ આઝાદના હાથે અપાયેલો મોસંબીનો રસ પી ઉપવાસ છોડયો.[4]

૧૯ દિલ્હી.

૨૦ દિલ્હી : પ્રાર્થનામાં બોમ્બનો ધડાકો થયો.

૨૧ દિલ્હી : કહ્યું :— બોમ્બ ફેંકનાર ઉપર દયા રાખજો.

૨૨ થી ૨૫ દિલ્હી.

૨૬ દિલ્હી : વર્કીંગ કમિટીની બેઠકમાં હાજર.

---

૧ ડાકોરમાંનું રણછોડજીનું મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું; મહારાજના ઉપવાસ છૂટયા.

૨. 'ગાંધીને મરવા દો', 'ખૂનનો બદલો ખૂનથી લઈશું'. એ પ્રકારના પોકારો સાંભળી જવાહરલાલ :—'કોણ કહે છે ગાંધીને મરવા દો. આવો. પહેલાં મને મારો.'

૩. પોતાની શુભેચ્છા અને શુભ દાનત પુરવાર કરી આપવા માટે પાકિસ્તાનને આપવાના પંચાવન કરોડ રૂપિયા એને આપવાની જાહેરાત હિંદી સરકારે કરી.

૪. આધાર નં. ૧૦૧ના પાના ૨૯૧ ઉપર આની તારીખ ૧૯ છે; પણ એ બંધબેસતું નથી.

૧૯૪૮-જાન્યુઆરી

૨૭ દિલ્હી : કૉંગ્રેસે હવે એક રાજકીય સંસ્થા મટી જઈને પ્રજાની સેવક અને કાર્યકરોની સંસ્થા બનવું જોઈએ એ મતલબનો 'કૉંગ્રેસનું સ્થાન અને કામ' નામનો લેખ લખ્યો.[1] ⇕ મહેરઉલી : ખ્વાજા કુતુબુદ્દીન બખ્તિયાર દરગાહના વાર્ષિક મેળાની મુલાકાત લીધી.[2] ⇕ દિલ્હી.

૨૮ દિલ્હી.

૨૯ દિલ્હી : કૉંગ્રેસ સેવક-દળ માટેનું બંધારણ ઘડયું.[3]

૩૦ દિલ્હી : સોરાબજી (રૂસ્તમજીના પુત્ર) સહકુટુંબ મળવા આવ્યા. ● સાંજે પ્રાર્થના-સ્થળે જતા હતા ત્યારે ૩૬ વર્ષના મરાઠા હિંદુ યુવક નથુરામ વિનાયક ગોડસેએ ગોળીઓ મારી. સાંજે ૫-૩૫ વાગ્યે અવસાન થયું.

---

૧. આ લેખ 'હરિજન બંધુ'ના તા. ૧-૨-૪૮ના અંકમાં છપાયો.

૨. આધાર નં. ૧૩૪ના પાના ૧૧૮ ઉપર આની તારીખ ૨૮ જણાવી છે; પણ ખરી તારીખ ૨૭ છે.

૩. તા. ૧૫-૨-૪૮ના 'હરિજન બંધુ'માં 'ગાંધીજીનું છેલ્લું વસિયાતનામું' તરીકે આ પ્રસિદ્ધ થયું (જુઓ તા. ૨૭-૧-૪૮). વર્કિંગ કમિટીએ એ વિશે કાંઈ નોંધ લીધી હોય એમ જણાતું નથી.

હે રામ !

સૂચિ–સ્થળવાર

નોંધ :—ગામના નામ પછી કૌંસમાં જે પહેલું નામ છે તે, જે પ્રાંતમાં એ ગામ આવેલું છે તેનું છે; અને જે બીજું નામ છે તે, જે જિલ્લામાં એ ગામ આવેલું છે તેનું છે. જ્યાં ગામનું નામ એ જ જિલ્લાનું નામ છે ત્યાં જિલ્લાનું નામ નથી આપ્યું. જ્યાં એક જ પ્રાંતમાં અને તેના એક જ જિલ્લામાં એક જ નામનાં બે ગામ છે ત્યાં તાલુકાનું નામ પણ આપ્યું છે. વધુ સ્પષ્ટતા માટે સંજ્ઞાની સમજૂતી અને પ્રસ્તાવના જોવા વિનંતિ છે.

અ

અકબરપુર (સં. પ્રાં.; જિ. ફૈઝાબાદ.) ૧૯૨૯ ઑક્ટો.–૬.
અક્કલકોટ (મુંબઈ; જિ. સોલાપુર.) ૧૯૨૭ ફેબ્રુ.–૧૯.
અકાલગઢ (પંજાબ; જિ. ગુજરાનવાલા) ૧૯ ૯ નવે.–૨૯ થી ૩૦.
અકીકાવ (મદ્રાસ; જિ. મલબાર.) ૧૯૩૪ જાન્યુ–૧૧.
અકીવીદુ (મદ્રાસ; જિ. પશ્ચિમ ગોદાવરી.) ૧૯૨૯ એપ્રિલ–૨૫.
અકુનુરુ (મદ્રાસ; જિ કૃષ્ણા.) ૧૯૨૯ એપ્રિલ–૧૧.
અકોટ (મ. પ્રાં.; જિ. અકોલા.) ૧૯૩૩ નવે.–૧૯.
અકોટી (ગુજરાત; જિ. સુરત.) ૧૯૩૧ એપ્રિલ–૨૬.
અકોલા (મ. પ્રાં.) ૧૯૨૭ ફેબ્રુ.–૬ થી ૮. માર્ચ–૬. ● ૧૯૩૩ નવે.–૧૮.
અચનેરા (સં. પ્રાં ; જિ. આગ્રા.) ૧૯૨૯ સપ્ટે.–૧૫.
અચંતવેમાવરમ્ (મદ્રાસ; જિ. પશ્ચિમ ગોદાવરી.) ૧૯૨૯ એપ્રિલ–૨૭.
